4. Koopman, T. — Linear Regression Analysis of Economic Time Series.
5. Mills — Statistical Methods applied to Economics and Business.
6. Schultz, H. — The Theory of Measurement of Demand.
7. Subramaniam — Guide to Official Statistics.
8. Tintner, G. — Econometrics.
9. Wold; H. — Demand Analysis.

Paper VI – Industrial Statistics.

Usefulness of Quality Control, Control Charts, Shewhart Control Charts for Variables, Fraction defective and Number of defectives per unit, Theory of runs, Sampling Inspection Plan, Single Sampling, Double Sampling, Sequential Sampling. Acceptance Sampling, OC and ASN Curves, Sampling Inspection for Continuous

production, Organisation of Statistical Quality Control in practice. Market Research, Linear programming and Operational Research.

Books recommended

1. Bowker, A. G. and Goode, H.P. — Sampling Inspection by Variables.
2. Charnes and Cooper — An Introduction to Linear Programming.
3. Columbia University Statistical Research Group — Sampling Inspection.
4. Dodge, H. F. and Roming, H.G. — Sampling Inspection
5. Ferber, R. — Statistical Teachniques in Market Research.
6. Grant, E.L. — Quality Control.
7. Lorie J.H. & Roberts, H.V. — Basic Methods of Marketing Research.
8. Morse and Kimball — Methods of Operational Research
9. Tippett L.H.C. — Technological Applications of Statistics.

Papers VII and VIII

Practicals on the topics covered in Papers I to VI.

Note: (i) Mathematics relating to Matrices, Determinants, Numerical Analysis, Interpolation, Finite Differences, Theory of Groups, Combinatorial Analysis, N–dimensional Geometry etc. will be taught as and when required for Statistical Theory.

(ii) Each theory paper may be of 3 hours' duration carrying 100 marks.

For practical papers, there may be four sittings ebch of 3 hours' duration carrying 40 marks. 40 marks are reserved for Journals and viva voce.

APPENDIX 2.

Syllabus for the two special papers in Statistics in M.A./M.Sc. Mathematics (Groups A & B.)

Paper VII – Elements of probability Theory. Law of Large Numbers. Mathematical Expectation. Central Limit Theorems (Statement only) with applications. Standard Distributions. Graduation Correlation and Regression. Large and Small Sample Theory. Analysis of Variance & Covariance.

Paper VIII – Elements of Sampling Techniques. Simple and Stratified Random Sampling. Ratio and Regression Estimates. Sub–sampling. Statistical Inference.

Design of Experiments: Randomised Block, Latin Square, Factorial Experiments, Simple Confounded Designs.

No book is recommended as a text. The following books give an indication of the scope of the syllabus :–

1. Cochran, W.G, Sampling Techniques.
2. Cramer, H. Mathematical Methods of Statistics.
3. Feller, W. An Introduction to Probability Theory and its Applications. Volume I.
4. Wilks, S.S. Mathematical Statistics.

પરિશિષ્ટ "ડ"

ઠરાવઠાણ નં. ૭૩

Amendment of R. 202-D (First Year of Diploma in Pharmacy).

In line 4 after the words" "two Terms" add "and of having satisfactorily gone through the courses of * Physical Training prescribed by the Syndicate, from time to time, unless exempted on the ground that the student is medically unfit to undergo such excercise, or that he is a member of the National Cadet Corps or that he has been regularly taking part as a member of the college Team in the recognised fixtures of the major games."

(*In order to go through a course of Physical Training satisfactorily, the student shall have attended the Physical Training Class of his college for at least three fourths of the pcssible number of periods).

The Regulation as amended will read as under:-

R. 202 D. Only such students as produce certificate from the Head of Institutions concerned in proof of their having regularly and satisfactorily followed the First Year courses of study by attending classes both lectures and Practicals separately of each subject for two terms, and of having satisfacterily gone through the course of *Physical Training prescribed by the Syndicate, from time to time, unless exempted on the ground that the student is medically unfit to undergo such exercise or that he is a member of the National Cadet Corps on that he has been regularly taking part as a member of the College Team in the recognised fixtures of the Major games, shall be eligible for appearing at the First Year Examination in Pharmacy conducted in accordance with the scheme given in the following table:

(* In order to go through a course of Physical Training satisfactorily, the student shall have attended the Physical Training class of his College, for at least three fourths of the possible number of periods.)

Scheme of the Examination

Subjects of Examination		Total marks for theory including Sessional:	Total marks for practical examination including sessional:
Inorganic and Physical Chemistry		100	100
Physics		100	100
Botany	Biology	100	100
Zoology	Biology		
English		75	
Hindi		75	
Anatomy, Physiology & Hygiene		100	100
		550	400

N.B:- All written examinations shall be of three hours' duration.

Amendment of Ordinance 302-E. (Intermediate Examination in Pharmacy–Diploma).

After the words "First Year Examination in Pharmacy" add the words "and of having satisfactorily gone through the course of Physical Training *prescribed by the Syndicate, from time to time, unless exempted on the ground that the student is medically unfit to under go such exercise, or that he is a member of the National Cadet Corps or that he has been regularly taking part as a member of the College Team in the recognised fixtures of the major games."

(* In order to go through a course of Physical Training satisfactorily, the student shall have attended the Physical Training Class of his college for at least three fourths of the possible number of periods.

The Ordinance as amended will read as under :-

O. 302 E. Only such students as produce certificates from the Head of the Institutions concerned in proof of their having regularly and satisfactorily followed the Intermediate Course of study in Pharmacy by attending two terms–both lectures and practicals separetely of each subject for the two terms and having successfully passed the First Year Examination in Pharmacy and of having satisfactorily gone through the course of *Physical Training prescribed by the Syndicate, from time to time unless exempted on the ground that the student is medically unfit to undergo such exercise, or that he is a member of the National Cadet Corps or that he has been regularly taking part as a member of the College Team in the recognised fixtures of the major games, shall be eligible for appearing at the Intermediate examination in Pharmacy as given in Table below.**

---

*In order to go through a course of Physical Training satisfactorily, the student shall have attended the Physical Training Class of his College, for at least three fourths of the possible number of periods.

* Subjects of Examination :	Total marks for Theory including Sessional ;	Total marks for Practical Examination :
General Pharmacy	100	100
Dispensing Pharmacy	100	100
Forensic Pharmacy	100	—
Pharmaceutical Chemistry including General Organic Chemistry	100	100
Pharmacognosy	100	100
Pharmacology	100	—
	600	400

N. B:– All examinations shall be of three hours' duration.

પરિશિષ્ટ "૬"

કામકાજ નં. ૮૮

ગુજરાત યુનિવર્સિટીની પબ્લિકેશન બૉર્ડની છઠ્ઠી બેઠક ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં શુક્રવાર તા. ૧૭-૨-૧૯૫૬ ના રોજ સાંજના ૪-૩૦ કલાકે ઉપકુલપતિ શ્રી. હરસિદ્ધભાઈ દીવેટીઆના પ્રમુખપદે મળી હતી જેમાં તે વખતે હાજરી નીચે પ્રમાણે હતી:

૧.	શ્રી. વાઇસ-ચાન્સેલર,	હાજર,
૨.	શ્રી. આર. સી. પરીખ	હાજર,
૩.	શ્રી. એમ. ડી. અવસારે	હાજર,
૪.	પ્રિન્સિ. એ. ડિ સોઝા	હાજર,
૫.	ડૉ. મોતીભાઇ ડી. પટેલ	હાજર,
૬.	પ્રિન્સિ. ડૉ. મગનભાઈ ડી. પટેલ	હાજર,
૭.	શ્રી. એચ. પી. શુકલ	હાજર,
૮.	પ્રિન્સિ. એસ. વી. દેસાઇ	ગેરહાજર,
૯.	શ્રી. વલ્લભરામ વૈદ્ય	ગેરહાજર,
૧૦.	પ્રિન્સિ. એલ. આર. દેસાઈ	હાજર,
૧૧.	પ્રિન્સિ. ડૉ. આર. પી. પટેલ	હાજર,
૧૨.	શ્રી. મગનભાઇ પ્ર. દેસાઇ	ગેરહાજર,
૧૩.	ડૉ. કે. આર. રામનાથન	ગેરહાજર,
૧૪.	ડૉ. એમ. ડી. દેસાઇ	ગેરહાજર,
૧૫.	પ્રિન્સિ. જે. બી. સાણ્ડિલ	હાજર,
૧૬.	પ્રોફેસર આર. એચ. ચોખાવટીયા	ગેરહાજર.

૧. તા. ૫-૯-૧૯૫૫ ના રોજ મળેલી પબ્લિકેશન બૉર્ડની પાંચમી બેઠકની મિનિટ્સ મંજૂર કરવા બાબત.

કામકાજની નોંધ મંજૂર કરવામાં આવી અને તેના ઉપર શ્રી. વાઇસ-ચાન્સેલરે સહી કરી.

૨. પબ્લિકેશન બૉર્ડની તા. ૫-૯-૫૫ ના રોજ મળેલ સભામાં "Grammar of Politics by Harold Laski" એ પુસ્તકના ભાષાંતરને બદલે શ્રી. ડી. એન. પાઠકે તેમના પત્રમાં દર્શાવ્યા પ્રમાણે તેઓ તેમનું પુસ્તક યુનિવર્સિટી દ્વારા પ્રકાશિત કરવા માગે છે કે પોતાના પક્ષથી કરવા માગે છે તે પૂછાવવા અને યુનિવર્સિટી મારફત પ્રકાશિત કરવા માગતા હોય તો તેમની શરતો શું છે એને તેઓ તે કેટલા સમયમાં પ્રસિદ્ધ (publish)

કરી શકશે વગેરે વિગતો શ્રી. પાઠક પાસેથી મંગાવવા ઠરાવ્યા પ્રમાણે શ્રી. ડી. એન. પાઠક તરફથી આવેલ વિગતો પર વિચારણા કરવા બાબત.

શ્રી. પાઠકનો પ્રત્યુત્તર નીચે પ્રમાણે છે :–

"with reference to your letter dated 13th October 1955, I am to state that I shall be writing the proposed book on Politics on my own and would try to get it published b. June 1957."

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. ડી. એન. પાઠકના પત્રની નોંધ લેવી.

૩. ગુજરાત રિસર્ચ સોસાયટી, મુંબઇના પ્રેસિડેન્ટ શ્રી. પી. જી. શાહ એમની એમના નવજીવન પ્રેસ દ્વારા સન ૧૯૪૬ માં પ્રસિદ્ધ થયેલ **"English – Gujarati Glossory of Scientific Terms"** એ પુસ્તકના રીવીઝન અને પ્રકાશનના અર્થ માટે મજકૂર સોસાયટીને યોગ્ય થાન્ક આપવા બાબત આવેલ માગણી અંગે પબ્લિકેશન બૉર્ડની તા. ૫–૯–૫૫ ના રોજ મળેલ બેઠકમા શ્રી. પી. જી. શાહને તેમના પુસ્તકની હસ્તપ્રત પ્રસિદ્ધ કરતાં પહેલાં અત્રે મોકલવા જણાવવા તેમજ તે આવ્યા બાદ તે પ્રસિદ્ધ કરવા યોગ્ય છે કે કેમ તે બાબતમાં સાયન્સ અને કૉમર્સ ફૅકલ્ટીઓના ડીનોનાં સૂચન મંગાવવાં ઠરાવ્યા પ્રમાણે તે અંગે શ્રી. પી. જી. શાહ તરફથી આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે પુસ્તકમાં યુનિવર્સિટીએ આપેલ મદદનો ઉલ્લેખ કરે અને છપાયા બાદ બે પ્રતો અત્રે મોકલી આપે એ શરતે ગુજરાત રિસર્ચ સોસાયટી, મુંબઇને તેના અધ્યક્ષની વિનંતિ ધ્યાનમાં લઇ રૂા. ૧,૦૦૦ એક હજાર રૂપિયાની પ્રકાશન માટેની મદદ (ગ્રાન્ટ આપવાનું મંજૂર કરવું.

૪. પબ્લિકેશન બૉર્ડની ભલામણ પ્રમાણે તેમજ ગુજરાતી બૉર્ડના અભિપ્રાય સહિત શ્રી. પ્રબોધ બી. પંડિતે સૂચવેલા **"Language – a Linguistic Introduction to History – by J. Vendreys published by Kegal Pau – London"** એ પુસ્તકનો અનુવાદ કરવો કે કેમ તે બાબત વિચારણા કરતાં પબ્લિકેશન બૉર્ડે તેની તા. ૫–૯–૧૯૫૫ ના રોજ મળેલ બેઠકમાં શ્રી. પંડિત જે પુસ્તકનો અનુવાદ કરવાનું સૂચન કરે છે તે બાબતમાં તે પુસ્તકનાં પાનાં લગભગ કેટલાં થશે તેમજ તે કામ કેટલા વખતમાં અને કયારે તેઓ પૂરું કરી શકશે તે અંગે તેમની પાસેથી વિગતો મંગાવવા ઠરાવ્યા પ્રમાણે તે મંગાવતાં હજુ સુધી તેમનો પ્રત્યુત્તર આવેલ નથી. દરમ્યાન શ્રી. પંડિત હાલ પરદેશમાં છે એમ જાણવા મળે છે તો આ અંગે શું કરવું તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ પ્રશ્નની વિચારણા હાલ મુલતવી રાખવી.

૫. પબ્લિકેશન બૉર્ડની તા. ૩–૨–૫૫ ના રોજ મળેલ સભામાં " **"Caste in India by Hutton"** એ પુસ્તકનો ગુજરાતી ભાષામાં અનુવાદ **(Adaptation)**

શ્રી. પાંડુરંગ દેશપાંડે કેરઓફ નવજીવન બ્લોક્સ એમની પાસે કરાવવા ઠરાવેલું છે. સદર પુસ્તકના પ્રકાશકોની સંમતિ તેમજ શરતો મંગાવવા ઠર્યા પ્રમાણે તેના પ્રકાશકો મેસર્સ. Oxford University Press, Bombay તરફથી તેમની શરતો અંગે આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે પ્રકાશકોની શરતોનો સ્વીકાર કરવો અને તે પ્રમાણેનું કરાર-નામું (Agreement form) તેમની પાસેથી મંગાવવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે પુસ્તકના અનુવાદનો આરંભ કરવા શ્રી પાંડુરંગ દેશપાંડેને જણાવવું અને તેઓ આગામી જૂન માસ સુધીમાં પુસ્તકની હસ્તપ્રત (Script) તૈયાર કરી શકશે કે કેમ તે બાબત તેમને પૂછાવવું.

૬. પબ્લિકેશન બૉર્ડની તા. ૩-૨-૧૯૫૫ના રોજ મળેલ સભામાં "Ground Work of Educational Psychology by Ross" એ પુસ્તકનો ગુજરાતી ભાષામાં અનુવાદ એ જી. ટીચર્સ કૉલેજના પ્રિન્સિપાલ શ્રી. એલ. આર. દેસાઇની દેખરેખ નીચે તેમની કૉલેજના સ્ટાફ મારફત કરાવવા ઠરાવેલું છે. સદર પુસ્તકના પ્રકાશકોની સંમતિ તેમજ શરતો મંગાવવા ઠર્યા પ્રમાણે તેના પ્રકાશકો મેસર્સ George G. Harrap & Co. Ltd London. એમના તરફથી શરતો વગેરે અંગે આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર પુસ્તકના પ્રકાશકોને એમ જણાવવું કે શિક્ષકોની તાલીમ અંગેના મહાવિદ્યાલયમાં સરેરાશ ૧૫૦ વિદ્યાર્થીઓ દાખલ થવાથી વણીજ ઓછી પ્રતોનો ઉપાડ થવા સંભવ છે અને તેથી પ્રથમ ૧૦૦૦ એક હજાર નકલો માટે ૨૦ પાઉન્ડ આપવામાં આવશે. તેમજ જો આ શરત તેમને (પ્રકાશકોને) માન્ય હોય તો તેમનું કરારનામું (Agreement Form) મંગાવવું.

૭. યુનિવર્સિટી જર્નલની ૧. સાયન્સ ફૅકલ્ટી, ૨. ટેકનોલૉજી ઇન્કલ્યુડીંગ ઍન્જિ-નિયરીંગ ફૅકલ્ટી અને ૩. એગ્રિકલ્ચર ફૅકલ્ટીની સલાહકાર સમિતિઓ (એડવાઇઝરી કમિટીઓ) ઉપર અનુક્રમે ૧. પ્રિન્સિ. એન. એમ. શાહ, ૨. પ્રિન્સિ. એસ. બી. જુન્નારકર અને ૩. ડૉ. સી. સી. શાહનાં નામો છે. પરંતુ તેઓ હવે યુનિવર્સિટીમાં ન હોવાથી તેમની જગ્યાએ કોને નીમવા તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી જર્નલની સલાહકાર સમિતિઓ ઉપર ખાલી જગા ઉપર નીચે પ્રમાણે નિમણૂંકો કરવી:

૧.	ડૉ. એ. એમ. ત્રિવેદી	– સાયન્સ ફૅકલ્ટી ઉપર
૨.	પ્રિન્સિ. એ. ડિ સોઝા	– ટેકનોલૉજી ઇન્કલ્યુડીંગ ઍન્જિનિયરીંગ ફૅકલ્ટી ઉપર
૩.	પ્રો. આર. એમ. પટેલ	– એગ્રિકલ્ચર ફૅકલ્ટી ઉપર

૮. તા. ૪-૨-૫૪ તેમજ ૩-૨-૫૫ ના રોજ મળેલ પબ્લિકેશન બૉર્ડની બેઠકમાં ઠરાવ્યા પ્રમાણે "**Gujarati Language and its Literature Vol. II by N. B. Divatia**" એ પુસ્તકનો શ્રી. રામપ્રસાદ પી. બક્ષી એમના દ્વારા ગુજરાતી ભાષામાં અનુવાદ કરાવવા ઠરાવેલું અને જેના પ્રકાશન માટે મુંબઈ યુનિવર્સિટીની સંમતિ પણ આવી ગયેલ છે તે કાર્ય પૂરું થયેલ હોવાથી તેની હસ્તપ્રત (Manuscript) શ્રી. બક્ષીએ તા. ૧૫-૨-૫૬ના રોજ રજુ કરી તે અંગે આગળ શાં પગલાં લેવાં તે બાબત વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. રામપ્રસાદ બક્ષી તરફથી તૈયાર થઈને આવેલ પુસ્તકની હસ્તપ્રત (Manuscript) છપાવવાની તજવીજ કરવી અને તે બાબતમાં અંદાજી ખર્ચ અંગે નીચે દર્શાવ્યા પ્રમાણે વ્યવસ્થા કરવી:

રૂા. ૧, ૨૦૦ સુધી અંદાજી ખર્ચ પુસ્તક છપાવવા અંગે ચાલુ સાલે એટલે કે નાણાંકીય વર્ષ પૂરું થતાં પહેલાં કરવો.

રૂા. ૬૦૦ સુધી ખર્ચ શ્રી. બક્ષીને આવતા વર્ષે (પાના દીઠ રૂા. ૩-૦-૦ મહેનતાણું આપવાનું સિન્ડિકેટે ઠરાવેલું છે તે અનુસાર) મહેનતાણાની રકમ (remuneration) આપવા પેટે કરવો.

વધુમાં ઠરાવવામાં આવે છે કે પ્રકાશન અંગેની મદદ (ગ્રાન્ટ) માટે અંદાજપત્રકમાં સમાવિષ્ટ કરેલ અપૂરતી લાગે છે અને તેથી આગામી અંદાજપત્રકમાં પ્રકાશન અંગેની મદદ રૂા. ૩,૦૦૦ ને બદલે વધારી રૂા. ૫,૦૦૦ નો સમાવેશ કરવા આ બૉર્ડ સિન્ડિકેટને ભલામણ કરે છે.

ત્યારબાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

નં. જન. ૨૦૫૮૦-૬૫-૧૯૫૬.
અમદાવાદ-૯, તા. ૨૨-૨-૧૯૫૬.

ક. ચ. પરીખ
રજિસ્ટ્રાર

પરિશિષ્ટ "ણ"

કામકાજ નં. ૮૯

ગુજરાત યુનિવર્સિટીના ફોરેન યુનિવર્સિટીઝ ઇન્ફરમેશન બ્યૂરોના સભ્યોની ચોથી બેઠક, ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં, તા. ૧૭-૨-૧૯૫૬ ને શુક્રવારના રોજ સાંજના ૪-૦૦ કલાકે ઉપકુલપતિ શ્રી. હરસિદ્ધભાઈ દ્વિવેટીઆના પ્રમુખપદે મળી હતી તેમાં હાજરી નીચે મુજબ હતી:

૧.	શ્રી. વાઇસ-ચાન્સેલર	હાજર,
૨.	પ્રિન્સિ. કે. એલ. દેસાઇ	ગેરહાજર,
૩.	ડૉ. કે. જી. નાયક	હાજર,
૪.	પ્રિન્સિ. એ. ડિ સોઝા	હાજર,
૫.	પ્રિન્સિ. ડૉ. મગનભાઇ ડી. પટેલ	હાજર,
૬.	શ્રી. હિંમતલાલ પી. શુકલ	હાજર,
૭.	પ્રિન્સિ. ડૉ. આર. પી. પટેલ	હાજર,
૮.	પ્રિન્સિ. એસ. વી. દેસાઇ	ગેરહાજર,
૯.	શ્રી. વલ્લભરામ વી. વૈદ્ય	ગેરહાજર.

૧. તા. ૨૨-૯-૧૯૫૪ ના રોજ મળેલી ત્રીજી બેઠકના કામકાજની નોંધને બહાલી આપવા બાબત.

બ્યૂરોની તા. ૨૨-૯-૧૯૫૪ ની બેઠકના કામકાજની નોંધને મંજૂર કરવામાં આવી અને તેના ઉપર શ્રી. વાઇસ-ચાન્સેલરે સહી કરી.

૨. બ્યૂરોના કામકાજનો વાર્ષિક અહેવાલ મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે બ્યૂરોના કામકાજનો વાર્ષિક અહેવાલ મંજૂર કરવો.
ત્યારબાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

નં. એફ. યુ. બી. ૫૦૨-૫૧૦-૫૬,
ગુજરાત યુનિવર્સિટી ઑફિસ,
અમદાવાદ-૯, તા. ૨૩-૨-૧૯૫૬.

કં. ચં. પરીખ
રજિસ્ટ્રાર અને સેક્રેટરી
ફોરેન યુનિવર્સિટીઝ ઇન્ફરમેશન બ્યૂરો.

GUJARAT UNIVERSITY

FOREIGN UNIVERSITIES INFORMATION BUREAU

Annual Report for 1954–1955.

The number of inquiries calling on the services of the Bureau continues to rise and for this year shows a considerable increase. With a view to helping the prospective students Bureau's Library has collected about 2'00 books, calenders, Hand Books, Bulletins, etc. mostly from various Universities, Colleges and other educational institutions overseas. The Bureau has prepared cyclostyled materials regarding overseas studies mostly in the U.K. and U.S.A. and supplies information to candidates in form of Pamphlets and leaflets.

Particular care is being taken to see that as many of the queries as can be answered from the material avaialable in the Bureau Library are replied to. The rest are referred to the Ministry of Education, (Scholarship and Information Division) Government of India, New Delhi; the U.S. Information Service, Bombay; Vocational Guidance Bureau, Bombay; British Council, Bombay; Office of the High Commission of India, (Education Department) London or other appropriate agencies.

During the year under report as many as 1403 queries were received. 453 students visited the Bureau while the 937 queries were replied by post. As stated above the leaflets and pamphlets supplied to students give them a fairly good idea about the courses of studies such as Engineering in the U.K. and the U.S.A., Medicine in the U.K. and the U.S.A., Technology, Law, Economics, Accountancy, Business Administration, Public Administration, Library Courses, Journalism, Pharmacy, Agriculture, Fine Arts, etc.. From the queries received it seems that the general trend of the students is towards taking up courses of studies abroad in Technoloy including Textile Technology, Engineering–Mechanical, Structural, Electrical and Automobile.

The Bureau supplies blank application forms for admission to the Educational Institutions in the U.K. and the U.S.A. and forwards these applications through proper channels and carries on necessary correspondance with a view to securing admission for applicants to suitable courses of studies in institutions of their choice as far as possible. More than 200 forms were supplied for the admission to the Institutions in the U.K. and about 300 for admissions to the Institutions in the U.S.A. 43 applications for admissions were forwarded by this University through High Commissioner of India, London to the various educational institutions in the U.K. while 103 applications for admissions were sent to the American Institutions. During the year under report it has been observed that a number of students applied directly to the institutions in the U.S.A.,

A large majority of students applied for the following courses of study :

1. Engineering including Civil, Mechanical, Electrical, Textile, Chemical, Automobile, etc..
2. Medicine and Pharmacy.
3. Economics, Commerce, Business Administration, etc.,
4. Law, B.Sc. Tech., Home Science, Agriculture, etc.,

A large number of students sought information about fellowships, Scholarships, etc. available in foreign countries and the relevant information was supplied to them from "Study Abroad Volume V" and a "Note for Indian students on Scholarships for study Abroad". Due publicity was given to various fellowships, scholarships, etc. offered by Foreign Agencies or Government of India by circulating the material for information to affiliated colleges and recognised institutions.

The Bureau has also been entrusted with the conduct of training classes for U.P.S.C. Examinations. During the year under report more than 300 letters concerning queries vis-a-vis U.P.S.C. Examinations were sent. The work of the Bureau has been increasing day by day and every effort is made to cope with it. Also a number of students and outsiders seek general information and guidance and efforts are made to satisfy their queries also.

The following tabulated information will give an idea of the Bureau's work at a glance.

	1954-55	1953-54
No. of letters received	2030	1705
No. of letters despatched (including circulars)	3718	3613
No. of queries attended	1400	1150
No. of documents issued to students	860	696
No. of applications forward	146	188
No. of admissions secured	31	57

It is gratifying to report that M.B B.S. Degree of this University has now been given complete recognition by the General Medical Council of Great Britain retrospectively as from 1st April 1952, under authorization No. F. 51/G-2-55/121 dated 9th April 1955 signed by Shri P. C. Rakshit on behalf of the Indian Medical Council.

The Council of the Senate of the University of Cambridge have also agreed that members of our University should be granted exemption from the previous examination on the same basis as members of the University of Bombay as from their letter dated 16th February 1955 signed by Mr. P. C. Melville, on behalf of the University of Cambridge.

સિન્ડિકેટ ઓગણચાળીસમી
૭–૪–૧૯૫૬

બાનગી:

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની સિન્ડિકેટની ઓગણચાળીસમી સામાન્ય સભા, ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં, શનિવાર તા. ૭–૪–૧૯૫૬ ના રોજ બપોરના ૧૨–૩૦ કલાકે ઉપકુલપતિશ્રીની કામગીરી બજાવતા સિન્ડિકેટના એક સિનિયર સભ્ય શ્રી. બટુભાઇ હ. દેસાઇના પ્રમુખપદે મળી હતી, જે વખતે હાજરી નીચે પ્રમાણે હતી:

૧.	શ્રી. હરસિદ્ધભાઇ વ. દ્વિવેદિયા, વાઇસ–ચાન્સેલર	ગેરહાજર
૨.	શ્રી. બટુભાઇ હ. દેસાઇ	હાજર
૩.	શ્રી. એસ. એસ. ભાંડારકર ડાયરેકટર ઑફ એજ્યુકેશન, મુંબઈ	ગેરહાજર
૪.	ડૉ. મોતીભાઇ ડી. પટેલ	હાજર
૫.	ડૉ. ભાસ્કર આર. પટેલ	ગેરહાજર
૬.	શ્રી. મગનભાઇ પ્ર. દેસાઇ	ગેરહાજર
૭.	શ્રી. રતિલાલ મો. ત્રિવેદી	હાજર
૮.	શ્રી. નવનીતલાલ એસ. શે[illegible]	હાજર

૯.	ડૉ. નાનુભાઇ ૨. દેસાઈ	હાજર
૧૦.	શ્રી. હિંમતલાલ પી. શુકલ	હાજર
૧૧.	શ્રી. એસ. એમ. શાહ	હાજર
૧૨.	પ્રિન્સિપલ ડૉ. કે. જી. નાયક	હાજર
૧૩.	પ્રિન્સિપલ અ. ક. ત્રિવેદી	હાજર
૧૪.	પ્રિન્સિપલ ડૉ. આર. પી. પટેલ	હાજર
૧૫.	પ્રોફેસર બી. આર. શેનોય	હાજર
૧૬.	પ્રિન્સિપલ ડૉ. એમ. ડી. પટેલ	ગેરહાજર
૧૭.	પ્રિન્સિપલ જી. એસ. દેસાઇ	હાજર.

૧. સિન્ડિકેટની તા. ૩–૩–૧૯૫૬ ના રોજ મળેલી સામાન્ય સભાના કામકાજની નોંધને બહાલી આપવા બાબત.

સિન્ડિકેટની તા. ૩–૩–૧૯૫૬ ના રોજ મળેલી સભાના કામકાજની નોંધને મંજૂર કરવામાં આવી તથા પ્રમુખશ્રીએ તેના ઉપર સહી કરી.

૨. યુનિવર્સિટી ડિપાર્ટમેન્ટના ટીચીંગ સ્ટાફના પગારના ગ્રેડ વધારવા અંગેની યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની ભલામણ મુજબના પગારના ગ્રેડ યુનિવર્સિટી ડિપાર્ટમેન્ટોમાં નિમાયેલા રીડરોને માટે અપનાવવા અને આ ઠરાવ અનુસાર યુનિવર્સિટી ડિપાર્ટમેન્ટોના રીડરોને રૂા. ૫૦૦–૨૫–૮૦૦ નો પગારનો સ્કેલ આપવો તથા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી આ પગારવધારાને કારણે થતા ખર્ચ વધારાના ૮૦ ટકા જેટલી મદદ આપવાની કબૂલાત કરતો પત્ર આવે કે તરત જ અમલી બનાવવો.

૩. બી.એ. અને એમ.એ. ની પરીક્ષામાં શીખવવામાં આવતા વિષય "એન્શ્યન્ટ ઇન્ડિયન કલ્ચર" માં અને "મેજર રિલિજિયન્સ ઑફ ધી વર્લ્ડ" ના વિષયમાં યોગ્ય લાયકાત ધરાવતા શિક્ષકો જ આ વિષયો શીખવે એ બાબત અંગેનો એસ. બી. ગાર્ડી કૉલેજ અને બી. પી. બારિયા સાયન્સ ઈન્સ્ટીટ્યૂટના પ્રિન્સિપલનો પત્ર તથા તે ઉપરનો ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ.

સિન્ડિકેટનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે પ્રિન્સિપલ એ. કે. ત્રિવેદીના પત્ર સહિત આ બાબત ઍકેડેમિક કાઉન્સિલ તરફ વિચા[illegible]કલવી."

ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ

"આથી વધુ મતે ઠરાવવામાં આવે છે કે બી.એ. અને એમ.એ. ની પરીક્ષાઓમાં શીખવવામાં આવતા વિષયો "એન્શ્યન્ટ ઇન્ડિયન કલ્ચર" અને "મેજર રિલિજિયન્સ ઑફ ધી વર્લ્ડ" અંગેના પ્રિન્સિપલ, એસ. બી. ગાર્ડા કૉલેજ અને બી. પી. બારિયા સાયન્સ ઇન્સ્ટીટ્યૂટ, નવસારીના સૂચનની તરફેણમાં ઍકેડેમિક કાઉન્સિલ નથી તેમ સિન્ડિકેટને રિપોર્ટ કરવો."

આથી ઠરાવવામાં આવે છે કે અકેડેમિક કાઉન્સિલના ઠરાવની નોંધ લેવી.

૪. સ્ટેટ્યૂટ ૨૦૯ પ્રમાણે ઍન્જિનિયરીંગ કૉલેજોમાં જૂન ૧૯૫૬ થી પ્રથમ એફ.ઈ. વર્ગમાંથી શરૂઆત થઇ ઍન્જિનિયરીંગ અભ્યાસક્રમોમાં ગુજરાતી શિક્ષણનું માધ્યમ થવાનું છે, પરંતુ ૧૯૫૬ થી એલ. ડી. ઍન્જિનિયરીંગ કૉલેજ, અમદાવાદને ગુજરાતીમાં શિક્ષણ નહિ આપવા અંગે છૂટછાટ આપવા બાબત તેમજ થોડોક વધારે સમય અંગ્રેજીમાં શિક્ષણ ચાલુ રાખવા બાબતનો એલ ડી. કૉલેજ ઑફ ઍન્જિનિયરીંગ, અમદાવાદના પ્રિન્સિપલનો પત્ર.

(નોંધ:–પત્રમાં નીચે જણાવેલી બાબત પર ભાર મૂકયો હતો:

"As the majority of the staff of the L. D. College of Engineering, Ahmedabad who teach the degree classes do not know the Gujarati language, the University may be pleased to exclude the L. D. College of Engineering, Ahmedabad, from the operation of the circular in question and to permit the English language to continue as the medium of instruction for some more time at least. I am to add that in the event of the University not acceding to this request, Government may regretfully be compelled to close down the College.")

આથી ઠરાવવામાં આવે છે કે ટેકનોલૉજી ઇન્કલ્યુડીંગ ઍન્જિનિયરીંગની ફૅકલ્ટીમાં શિક્ષણ તથા પરીક્ષાનું માધ્યમ હજી થોડોક વખત અંગ્રેજી જ ચાલુ રાખવાની સિન્ડિકેટ તરફેણ કરે છે.

આ પ્રશ્નના સંદર્ભમાં ફૅકલ્ટી ઑફ મેડિસીનમાં પણ હજી થોડોક વખત શિક્ષણ અને પરીક્ષાનું માધ્યમ અંગ્રેજી જ ચાલુ રાખવાનો પ્રશ્ન ચર્ચાયો હતો અને ઠરાવવામાં આવ્યું હતું કે સિન્ડિકેટ એની પણ તરફેણમાં છે, પરંતુ આ બાબત પર સેનેટના નિર્ણયની જરૂર હોવાથી સિન્ડિકેટ હાલને તબકકે કશું કરી શકે તેમ નથી.

૫. અલીગઢ ખાતે ભરાયેલી ઇન્ટર-યુનિવર્સિટી બૉર્ડ ઑફ ઇન્ડિયા, મદ્રાસે જુદી જુદી પરીક્ષાઓમાં સફળ થતા ઉમેદવારોનું વર્ગીકરણ કઇ રીતે થવું જોઇએ તે અંગે પસાર કરેલા ઠરાવમાં કરેલા સૂચન ઉપર વિચારણા કરવા બાબત તેમજ તેને સ્વીકારવા અંગે મજકૂર બૉર્ડના સેક્રટરી તરફથી આવેલ પત્ર.

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબત ઍકેડેમિક કાઉન્સિલ તરફ વિચારણા માટે મોકલવી.

૬. યુનિવર્સિટીઓમાં "હોબી વર્કશોપ્સ" (Hobby Workshops) શરૂ કરવા અંગે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન, ઓલ્ડ મિલ રોડ, ન્યૂ દિલ્હીના સેક્રેટરી તરફથી આવેલ પત્ર.

(નોંધ:- સેક્રેટરી તરફથી આવેલ પત્ર આ યુનિવર્સિટી સાથે સંકળાયેલી કૉલેજોમાં પરિપત્રિત કરવામાં આવ્યો હતો અને યોજના ઉપર સૂચનો અને અભિપ્રાયો મોકલવા વિનંતી કરવામાં આવી હતી. જેમાંથી લગભગ ચૌદ જેટલી કૉલેજોએ આ બાબતમાં કાંઈપણ સૂચનો હાલમાં કરવાનાં નથી તેવી મતલબના જવાબો મોકલ્યા છે, જ્યારે લગભગ પંદર જેટલી કૉલેજોએ સ્થાનિક પરિસ્થિતિ અને કાચો માલ કેટલા પ્રમાણમાં મળી શકે છે તે વસ્તુઓ ધ્યાનમાં રાખીને જુદી જુદી "હોબીઓ" શરૂ કરવાનું સૂચન કર્યું છે. આ બાબતમાં એ. જી. ટીચર્સ કૉલેજના પ્રિન્સિપલે જુદી જુદી કૉલેજોના વિદ્યાર્થીઓની પ્રિય "હોબીઓ" જાણી તેની માપણી (Survey) કરીને અમદાવાદમાં આવેલી જુદી જુદી કૉલેજોના સ્ટાફના સભ્યોમાંથી પાંચ સભ્યોની સમિતિની નિમણૂક કરવાનું સૂચન કર્યું છે અને તે સમિતિનો હેવાલ સરકારને મોકલવાનું સૂચન કર્યું છે. ગુજરાત કૉલેજના પ્રિન્સિપલે પણ આ પ્રશ્નને બધી બાજુએ વિચારવા માટે શ્રી. વાઈસ-ચાન્સેલરને ઍન્જિનિયરીંગ કૉલેજોના પ્રિન્સિપલો સહિત સમિતિની નિમણૂક કરવાનું સૂચન કર્યું છે. શ્રેયસ કૉલેજના પ્રિન્સિપલે ગવર્મેન્ટ ગ્રાન્ટની મદદ વડે દરેક કૉલેજમાં વર્કશોપ્સ શરૂ કરવાની છે કે કેમ તે અંગે જણાવવા લખ્યું છે.)

આથી ઠરાવવામાં આવે છે કે "હોબી વર્કશોપ્સ" અંગે સરકાર તરફથી આવેલો તા. ૭મી જાન્યુઆરી ૧૯૫૬નો પત્ર નં. એફ. એ. ૬/૫૫ (જી) યુનિવર્સિટી સાથે જોડાયેલી તમામ કૉલેજો તથા માન્ય સંસ્થાઓને પરિપત્રિત કરવો અને તેમને તદનુસાર પોતાની યોજના રજૂ કરવા જણાવવું અને યોજનાઓ રજૂ થયેથી આગળ પગલાં લેવાં.

૭. ૧૯૫૩-૫૪ના વાર્ષિક હિસાબ ઉપરની ઑડિટ નોટની આઇટેમ નં. ૪, ૫-એ અને ૭ સિવાયની બીજી બધી આઇટેમોના જવાબ ઑફિસે તૈયાર કરી તા. ૪-૨-૧૯૫૬ની સિન્ડિકેટની સભા સમક્ષ મૂકેલા જે સિન્ડિકેટે મંજૂર કર્યા છે. ઑડિટ નોટની આઇટેમ નં. ૭ જુદી વિચારણા માટે મૂકેલી, જેના ઉપર સિન્ડિકેટે ઠરાવ કર્યો છે, પરંતુ આઇટેમ નં. ૪ અને ૫-એ જે ઑફિસ નોટ પ્રમાણે સિન્ડિકેટ સમક્ષ સીધી રીતે વિચારણા માટે મૂકેલી, તે ઉપર સિન્ડિકેટે કાંઈ નિર્ણય લીધો ન હોવાથી તે બાબત અંગે વિચારણા કરવા બાબત.

આઇટેમ નં. ૪:

આથી ઠરાવવામાં આવે છે કે ડૉ. કે. એ. શાહને નિયમ કરતાં વધારે અપાયેલું મકાન ભાડાભથ્થું તેઓની પાસેથી વસુલ કરવું. પરંતુ તેમને માસિક રૂા. ૩૦-૦-૦ નું સ્પેશિયલ પર્સનલ એલાવન્સ તા. ૧-૬-૧૯૫૩થી ગણીને આપવું તથા હવે પછી પણ આપવાનું ચાલુ રાખવું.

આઇટેમ નં. ૫:

આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટે પહેલાં રૂા. ૧૦૦-૦-૦ સ્કોલરશિપ આપવાનું નક્કી કર્યું હતું, પરંતુ દિલ્હી રહેવાનું ખર્ચ તથા શ્રી. દેસાઇ યુનિવર્સિટીને પાંચ વર્ષ સુધી સેવા આપવાના હતા તે જોતાં ફરી વિચારણા કરતાં તેઓને ચાલુ પગાર તથા રૂા. ૫૦-૦-૦ સ્કોલરશિપ આપવી તેમ ઠરાવેલું હતું તેથી તે માટેનું પેમેન્ટ જરૂરી ગણવામાં આવ્યું હતું.

૮. અમદાવાદ બહારની કૉલેજોમાં જ્યાં આગળ યુનિવર્સિટી સપ્તાહ ઉજવાય છે ત્યાં દર વર્ષની માફક આ વર્ષે પણ રૂા. ૫૦-૦-૦ની ગ્રાન્ટ પ્રોત્સાહન રૂપે આપવા વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી સપ્તાહ અંગે જે સ્થળે એકજ કૉલેજ હોય ત્યાં રૂા. ૫૦-૦-૦ તથા જે સ્થળે એકથી વધારે કૉલેજો હોય ત્યાં બધી કૉલેજોને સંયુક્ત રીતે રૂા. ૧૦૦-૦-૦ની ગ્રાન્ટ જે તે કૉલેજની માગણી આવ્યેથી આપવી.

૯. ગ્રાન્ટ-ઈન-એઇડ તથા ઘસારા ફંડ બાબતનો સેક્રેટરી ટુ ધી ગવર્મેન્ટ ઑફ બૉમ્બે, એજ્યુકેશન ડિપાર્ટમેન્ટ તરફથી આવેલ પત્ર.

આથી ઠરાવવામાં આવે છે કે ગ્રાન્ટ-ઈન-એઈડ તથા ઘસારા ફંડ બાબતના સેક્રેટરી ટુ ધી ગવર્મેન્ટ ઑફ બૉમ્બે, એજ્યુકેશન ડિપાર્ટમેન્ટ તરફથી આવેલા પત્રની નોંધ લેવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે આ બાબત પર વધુ વિચારણા કરીને પોતાનો હેવાલ સુપ્રત કરવા માટે નીચે જણાવેલા સભ્યોની ઉપસમિતિ રચવા:

૧. શ્રી. નવનીતલાલ એસ. શોધન
૨. પ્રોફેસર બી. આર. શેનોય
૩. શ્રી. એસ. એમ. શાહ

૧૦. સ્કૂલ ઑફ સોશિયલ સાયન્સીઝના ફાઇનલ પ્લાન મંજૂર કરવા માટે તથા તેનું બાંધકામ શરૂ કરવા માટેનાં પગલાં લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સ્કૂલ ઑફ સોશિયલ સાયન્સીઝના મકાન માટેનો ફાઇનલ પ્લાન તથા તે અંગેનો અંદાજી ખર્ચ રૂપિયા ચાર લાખ એક હજાર મંજૂર કરવો.

૧૧. ગુજરાત યુનિવર્સિટી ઍક્ટની કલમ (vii) મુજબ સિન્ડિકેટે બહારની સંસ્થાઓ વગેરે (Outside Agencies) પાસેથી સ્વીકારેલાં દાન માટે ઘડેલા નિયમોને મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપર જણાવેલી સંસ્થાઓની પાસેથી સ્વીકારેલાં દાન માટે ઘડવામાં આવેલા નિયમો મંજૂર કરવા (નિયમો આ સાથે પરિશિષ્ટ "ક" તરીકે આપવામાં આવ્યા છે.)

૧૨. શ્રો. જયંતિલાલ ડી. પટેલ અને શ્રી. એમ. બી. દરજી કે જેમણે ૧૯૪૮માં મુંબઇ યુનિવર્સિટીની બી.એસસી. ની પરીક્ષા પસાર કરી છે તેમને ઑર્ડિનન્સ ૧૭૨ મુજબ સત્રો રાખ્યા સિવાય ઇન્ટર આર્ટ્સની પરીક્ષામાં બેસવા દેવા પરવાનગી આપવા બાબત સર એલ. એ. શાહ લૉ કૉલેજ, અમદાવાદના પ્રિન્સિપલ મારફતે આવેલી અરજી.

(નોંધ:–મજકૂર વિદ્યાર્થીઓએ ગુજરાત યુનિવર્સિટી સાથે સંકળાયેલી સર એલ. એ. શાહ લૉ કૉલેજમાંથી બીજી એલએલ બી. ની પરીક્ષા ૧૯૫૪માં પાસ કરી છે મુંબઇ યુનિવર્સિટીની બી એસસી. ની પરીક્ષા પાસ કરનારને આપણી યુનિવર્સિટીની બી એ. ની પરીક્ષામાં બેસવા માટે છૂટછાટ (કન્સેશન્સ) આપવામાં નહિ આવે તેવો પરિપત્ર સિન્ડિકેટના ઠરાવ અનુસાર તા. ૧૫–૧૦–૧૯૫૨ના રોજ પરિપત્રિત કરવામાં આવેલો છે.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. જયંતિલાલ ડી. પટેલ તથા શ્રો. એમ. બી. દરજીની અરજી મંજૂર કરવી નહિ.

૧૩. ઇન્ટર યુનિવર્સિટી બૉર્ડ ઑફ ઇન્ડિયા, મદ્રાસના સેક્રેટરી તરફથી કૉમર્સમાં ત્રણ વર્ષના ડિગ્રો કોર્સની યોજના અંગે વિચારણા કરી બૉર્ડને રિપોર્ટ કરવા માટેની સમિતિ ઉપર આ યુનિવર્સિટીના એક પ્રતિનિધિની નિમણૂક કરવા આવેલ પત્ર ઉપરથી શ્રી. વાઇસ–ચાન્સેલરે પ્રિન્સિપલ એસ. વી. દેસાઈની નિમણૂક કરેલી છે તેને મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપકુલપતિશ્રીના કાર્યને બહાલી આપવી.

૧૪. બીજી એમ.બી.બી.એસ.ના ગ્રાન્ટ મેડિકલ કૉલેજ, મુંબઇના વિદ્યાર્થી શ્રી. બિપીન મૂળજીભાઇ કોઠારીને બીજા સત્રના અધવચમાં બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદમાં દાખલ થવા માટે પ્રોવિઝનલ ઍલિજિબિલિટી સર્ટિફિકેટ આપવા માટે વિચારણા કરવા બાબત.

(નોંધ:– મજકૂર વિદ્યાર્થીએ બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદના શ્રી. જોગની સાથે અરસપરસ કૉલેજ બદલેલી છે. શ્રો. જોગને મુંબઇ યુનિવર્સિટીએ કઇ શરતોએ સત્રની અધવચમાં ઍલિજિબિલિટી સર્ટિફિકેટ આપેલ છે તે અંગે પૂછાવતાં મુંબઇ યુનિવર્સિટીના રજિસ્ટ્રાર જણાવે છે કે શ્રો. જોગને ચાલુ સત્રની બી જે. મેડિકલ કૉલેજમાં રાખેલી હાજરી માન્ય કરવામાં નહિ આવે એ શરતે પ્રોવિઝનલ એડમિશન આપવામાં આવ્યું છે.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. બિપીન મૂળજીભાઇ કોઠારીને ગુજરાત યુનિવર્સિટીમાં દાખલ થવા માટે ફાઇનલ ઍલિજિબિલિટી સર્ટિફિકેટ આપવું, પણ તેમનુ ચાલુ સત્ર માન્ય કરવું નહિ.

૧૫. વિનયન વિભાગની પરિભાષા સમિતિની નીચે મુજબની ભલામણ:

"આથી આ સમિતિ ઠરાવે છે કે ટાઇપિંગના વર્ક માટે યુનિવર્સિટી ઑફિસ અથવા ખાનગી રીતે જે કોઇએ પરિભાષા અંગેનું ટાઇપિંગનું કામ કર્યું કરાવ્યું હોય તેમને નીચેના ધોરણે મહેનતાણું આપવું:

એક પાના દીઠ એક કોલમ અંગ્રેજી અને ગુજરાતી... ... ...રૂા. ૧-૦-૦ હિસાબે

એક પાના દીઠ બે કોલમ અંગ્રેજી અને બે કોલમ ગુજરાતી... ...રૂા. ૧-૮-૦ હિસાબે

વધુમાં ઠરાવવામાં આવ્યું હતું કે જે કોઇ વ્યક્તિએ પરિભાષાના કામને અંગે કાગળ, શાહી, સ્ટેન્સીલ, વગેરેનો ખર્ચ કર્યો હોય તો તેના ખર્ચના વાઉચરો રજૂ કરે તો તે મંજૂર કરવો."

આથી ઠરાવવામાં આવે છે કે પરિભાષા અંગે ટાઇપિંગના કામકાજ માટે કાર્યાલયના સભ્યોને નીચે પ્રમાણે ઓવરટાઇમ એલાવન્સ આપવું:

૧. એક પાના દીઠ એક કોલમ અંગ્રેજી અને એક કોલમ ગુજરાતી ..... રૂા. ૦—૮—૦

૨. એક પાના દીઠ બે કોલમ અંગ્રેજી અને બે કોલમ ગુજરાતી ..... રૂા. ૦—૧૨—૦

૧૬. વિનયન વિભાગની પરિભાષા સમિતિએ નીમેલી ઉપસમિતિઓએ કરેલું કામ યુનિવર્સિટીને તા. ૧-૩-૧૯૫૬ સુધીમાં સોંપી દેવા ઠરાવવામાં આવ્યું હતું તથા થયેલા કામને સિન્ડિકેટ સમક્ષ જાણ માટે મૂકવું એમ વધુમાં નક્કી કરવામાં આવ્યું હતું તે અનુસાર ઉપસમિતિઓમાં થયેલું કામ (જાણ સારૂ).

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર બાબતની નોંધ લેવી.

૧૭. વિનયન વિભાગની પરિભાષા સમિતિની નીચે મુજબની ભલામણ:

"જે જે વિષયની શબ્દયાદી તૈયાર ન થઇ શકી હોય તેને માટે સમય મુદત લંબાવવા માટે વિચારણા કરવામાં આવી હતી અને વધુ મતે ઠરાવવામાં આવ્યું હતું કે છેવટમાં છેવટ ૩૦ જૂન ૧૯૫૬ સુધીમાં જે તે સમિતિઓએ પોતાનું કામ પૂરૂં કરવું અને તેને માટે સિન્ડિકેટને સમયમર્યાદા વધારી આપવા વિનંતી કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે વિનયન વિભાગની પરિભાષાસમિતિની ભલામણ મંજૂર કરવી.

૧૮. સર કે. પી. કૉલેજ ઑફ કૉમર્સ, સૂરતના સિનિયર બી.કૉમ. ના વર્ગમાં ભણતા નીચે મુજબના વિદ્યાર્થીની હાજરી નીચે જણાવેલા કારણસર નિયમ કરતાં ઓછી હોવાથી ખૂટતી હાજરી માફ (કોન્ડોન) કરવા બાબતની મજકૂર કૉલેજના પ્રિન્સિપલ મારફતે આવેલી અરજી.

(નોંધ:–વિદ્યાર્થીની હાજરી નીચે પ્રમાણે છે :

શ્રી. ટી. એ. મામા

વર્ષ	સત્ર	ભરવાં જોઇતી હાજરી	ભરેલી હાજરી	ખૂટતી હાજરી	વધારે હાજરી
૧૯૫૪–૫૫	પહેલું	૬૫	૪૬	૧૯	—
	બીજું	૬૫	૫૯	૬	—
૧૯૫૫–૫૬	ત્રીજું	૬૫	૭૪	—	૯
	ચોથું	૬૫	૫૪	૧૧	—

કુલ ખૂટતી હાજરી : ૨૭

પોતાની ભત્રીજીની માંદગી અંગે બહારગામ જવાથી હાજરી ખૂટે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. ટી. એ. મામાની ખૂટતી હાજરી માફ કરવી.

૧૯. વિનયન વિભાગની પરિભાષા સમિતિના ચેરમેન પ્રિન્સિપલ અ. કે. ત્રિવેદીએ નીચેની ઉપસમિતિઓને તા. ૩૧-૩-૧૯૫૬ સુધી તેમનું કામ યુનિવર્સિટીને મોકલી આપવા સંમતિ આપી છે (જાણ સારૂ).

૧. પ્રાચીન સંસ્કૃતિ, ઇતિહાસ અને પુરાતત્ત્વની ઉપસમિતિ

૨. રાજ્યશાસ્ત્ર અને વૃત્તિવિવેચનની ઉપસમિતિ

૩. અર્થશાસ્ત્રની ઉપસમિતિ

૪. વાણિજ્યની ઉપસમિતિ

૫. સમાજશાસ્ત્રની ઉપસમિતિ.

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર બાબતની નોંધ લેવી.

૨૦. આ યુનિવર્સિટીના ગુજરાતી ભાષા–સાહિત્ય ભવનના પ્રથમ ફેલો તરીકે નિમાયેલા શ્રી. એન. એમ. વાલંદને ખાસ સંજોગોને ધ્યાનમાં લઈને ટ્યૂશન ફીમાંથી માફી આપવા બાબતનો મજકૂર ભવનના અધ્યક્ષનો પત્ર.

(નોંધ:–સિન્ડિકેટની તા. ૪–૨–૧૯૫૬ ની સભામાં દક્ષિણા ફેલોને ટ્યૂશન ફીમાંથી માફી આપવી નહિ તેવો ઠરાવ થયેલો હતો.)

આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટીના ગુજરાતી ભાષા–સાહિત્ય ભવનમાં ફેલો તરીકે નિમાયેલા શ્રી. એન. એમ. વાલંદના ખાસ સંજોગો ધ્યાનમાં લઇને ટ્યૂશન ફીમાંથી અપવાદ તરીકે માફી આપવી તથા ભવિષ્યમાં આ ઠરાવને શિરસ્તા તરીકે ગણવો નહિ.

૨૧. એમ. એન. કૉલેજ, વીસનગરમાં એફ.વાય. સાયન્સના વર્ગમાં અભ્યાસ કરતા શ્રી. એમ. એસ. ત્રિવેદીની એનરોલમેન્ટ માટેની અરજી તા. ૨-૩-૧૯૫૬ ના રોજ મજકૂર કૉલેજના પ્રિન્સિપલ મારફતે આવેલ છે તો તે સ્વીકારવી કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ:–એનરોલમેન્ટ માટેની અરજી મોડી મોકલવાના કારણમાં વિદ્યાર્થી પોતાની બેદરકારી જણાવે છે. આ બાબતમાં મજકૂર કૉલેજના પ્રિન્સિપલે વારંવાર નોટિસો મૂકી હતી. સિન્ડિકેટના ઠરાવ અનુસાર એનરોલમેન્ટની અરજીઓ શૈક્ષણિક વર્ષના પ્રથમ સત્રના અંતે મોકલવી જોઇએ.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. એમ. એસ. ત્રિવેદીની એનરોલમેન્ટ માટેની અરજી ખાસ કેસ તરીકે માન્ય કરવી પરંતુ આ બાબત અંગે તેમને લેખિત ચેતવણી આપવા પ્રિન્સિપલને જણાવવું.

૨૨. વિનયન વિભાગની પરિભાષા સમિતિના ચેરમેન શ્રી. અ. ક. ત્રિવેદીની નીચેની વિગત ઉપર વિચારણા કરવા બાબત.

" પરિભાષાના કામને અંગે યુનિવર્સિટીના કલાર્કોની સંગીન મદદ લેવામાં આવી છે તે હું ચેરમેન તરીકે જાણું છું અને તેથી હું ચેરમેન તરીકે રજૂ કરું છું કે આ કામને માટે યુનિવર્સિટીના કારકૂનોને મહેનતાણું ઓવરટાઇમને ધોરણે એટલે કે આસરે રૂા. ૧-૮-૦ થી ૨-૦-૦ લેખે આપવા વ્યાજબી લાગે છે. યુનિવર્સિટી ઑફિસના કારકૂનોએ આને લગતું ઘણું કામ કર્યું છે તે ચેરમેન તરીકે હું જાણું છું અને તેથી ઉપરના સૂચના હું ચેરમેન તરીકે કરું છું.

વધુમાં મારું માનવું છે કે ઓવરટાઇમના ધોરણે આ કામને અંગે જો ઓછું મહેનતાણું આપવામાં આવે તો તે યોગ્ય નહિ ગણાય એમ મારું માનવું છે કારણ કે જે ખંત અને ઉલ્લાસ અને ખૂબ ઝડપથી મને યુનિવર્સિટી સ્ટાફ મદદગાર થયો છે અને જેને પરિણામે ૧લી માર્ચે સંગીન શબ્દસંગ્રહ હું સિન્ડિકેટ સમક્ષ રજૂ કરી શકું છું તેનો આધાર પણ તે સાથ ઉપર રહ્યો હતો."

આથી ઠરાવવામા આવે છે કે પરિભાષાના કામકાજ અંગે યુનિવર્સિટી કાર્યાલયના કારકૂનો તથા પટાવાળાઓને નીચેના ધોરણે ઓવરટાઇમ એલાવન્સ આપવું :

કારકૂનો	પ્રત્યેક કલાકનો રૂા. ૧-૦-૦
પટાવાળા, હમાલ, વગેરે	પ્રત્યેક કલાકના રૂા. ૦-૬-૦

૨૩. સારી ચાલનું સર્ટિફીકેટ જેનો બી.એસસી. (સબ્સીડિયરી) ના પરીક્ષાના ફૉર્મમાં ઉલ્લેખ થયો છે તેવો ઉલ્લેખ ઇન્ટર સાયન્સ, બી.એ., બી.એસસી. (પ્રિન્સિપલ) ની પરીક્ષાઓના ફૉર્મમાં નથી તો તેવો ઉલ્લેખ યુનિવર્સિટીની દરેક પરીક્ષાના ફૉર્મમાં હોવો

22

જોઇએ તેમ લાગે છે તો તે ૧૯૫૭ની પરીક્ષાઓના ફૉર્મમાં દાખલ કરવા બાબતનો એસ. બી. ગાર્ડા કૉલેજ, નવસારીના પ્રિન્સિપલનો પત્ર.

આથી ઠરાવવામાં આવે છે કે બી એસસી. (સબ્સીડિયરી) ની પરીક્ષાના ફૉર્મમાં છે તેવો સારી ચાલના સર્ટિફીકેટનો ઉલ્લેખ બીજી બધી પરીક્ષાઓમાં પણ હવેથી દાખલ કરવો.

૨૪. અનુસ્નાતક શિક્ષકોની માન્યતા અંગેના ઑર્ડિનન્સ ૬૫ માં કેટલાક સુધારા વધારા કરવા જે. એન્ડ જે. કૉલેજ ઑફ સાયન્સ, નડિયાદના પ્રિન્સિપલ ડૉ. કે. જી નાયક તરફથી આવેલા પત્રો તથા તેમને ઑફિસે આપેલા જવાબો વગેરે પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબત બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચીંગની વિચારણા માટે મોકલી આપવી.

૨૫. ગુજરાત કૉલેજ, અમદાવાદના વિદ્યાર્થી શ્રી. બી ડી. ગવઇ એમની સન ૧૯૫૪–૫૫ ના પ્રથમ સત્રમાં જુનિયર બી.એ. માં હિસ્ટરી ગ્રુપ "જી" માટેની તેમની બાંહેધરીના કારણથી તેમજ કોઑર્ડિનેશનની યોજના આગળ અમલમાં આવવાને કારણે નીચે દર્શાવ્યા પ્રમાણે હાજરી ખૂટે છે તે માફ કરવા બાબત.

(નોંધ:– શ્રી. ગવઇ માંદગી અંગે ડૉકટરનું પ્રમાણપત્ર રજૂ કરેલ છે તેમની પ્રથમ સત્રની હિસ્ટરી ગ્રુપ "જી" ની હાજરી નીચે પ્રમાણે ખૂટે છે:

નામ	કુલ વ્યાખ્યાનો	ભરવાં જોઇતાં વ્યાખ્યાનો	ભરેલાં વ્યાખ્યાનો	ખૂટતી હાજરી વ્યાખ્યાનો
શ્રી. સી. ડી. રાવલ	૨૧	૧૪	૯	૫

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. સી. ડી. રાવલની ખૂટતી હાજરી માફ કરવી.

૨૬. ઑફિસ માટે જરૂરી કાગળ ખરીદવા મંગાવેલ ભાવતાલ ઉપર વિચારણા કરવા બાબત.

અને

૨૭ યુનિવર્સિટીના પટાવાળાઓ માટે યુનિફૉર્મ તૈયાર કરાવવા માટે આવેલા ભાવતાલ ઉપર વિચારણા કરવા બાબત.

આ બંને બાબતો વિચારણા માટે આવી ત્યારે શ્રી. રજિસ્ટ્રારે ખુલાસો કર્યો કે આ બંને બાબતો પર સિન્ડિકેટની તા. ૩–૩–૧૯૫૬ના રોજ મળેલી સભામાં સમયના અભાવે વિચારણા થઈ શકી ન હોવાથી વીતેલા સમય દરમિયાન ઉપકુલપતિશ્રીએ સિન્ડિકેટની મંજૂરીની અપેક્ષાએ ટેન્ડર મંજૂર કર્યાં હતાં.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપકુલપતિશ્રીના કાર્યને બહાલી આપવી.

૨૮. સેનેટે સિન્ડિકેટને રિફર બેક કરેલા નીચે જણાવેલા ઑ. ૬૫-એલ. ઉપર વિચારણા કરવા બાબત.

"O. 65 L : Full-time Professors and Readers in the University Departments shall be deemed to have been recognised as teachers of the University, for giving instruction and guiding research for a Master's Degree and for Ph D. Degree in their respective subjects; and full-time Lecturers in the University Departments, as Assistants to the recognised Postgraduate teachers in their respective subjects, provided that Lecturers might be recognised as Post-graduate teachers after five years' standing as Assistants in their subjects."

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબત બૉર્ડ ઑફ યુનિવર્સિટી ટીચીંગની વિચારણા માટે મોકલી આપવી.

૨૯. ગુજરાત યુનિવર્સિટીના ગુજરાતી ભાષા-સાહિત્ય ભવન માટે લિન્ગ્વીસ્ટીકસ ઇન ગુજરાતી માટેની રીડરની નિમણૂક કરવા માટે નિમાયેલી વરણી સમિતિની તા. ૧૩-૩-૧૯૫૬ના રોજ મળેલી સભાની નોંધને મંજૂર કરવા બાબત

આથી ઠરાવવામાં આવે છે કે વરણી સમિતિની ભલામણ અનુસાર ડૉ. પી. બી. પંડિતને રૂા. ૪૦૦-૩૦-૭૦૦ના ગ્રેડમાં રીડર ઇન ગુજરાતી ઇન લિન્ગ્વીસ્ટીકસ તરીકે નીમવા.

(નોંધ:- ૧. આ નિમણૂક માટે પ્રોબેશનનો સમય શિરસ્તા મુજબ બે વર્ષનો રહેશે.

નોંધ:- ૨. આ બાબત વિચારણા માટે રજૂ કરવામાં આવી ત્યારે શ્રી. રજિસ્ટ્રારે જણાવ્યું હતું કે ડૉ. એચ. સી. ભાયાણીએ પ્રારંભિક પગાર તરીકે રૂા. ૬૦૦-૦-૦ની માગણી કરી છે, જેની નોંધ લેવામાં આવી હતી.

નોંધ:- ૩. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની ભલામણ અનુસાર આગળ આવી ગયેલી બાબત ૨ પ્રમાણે રીડર્સના પગાર સ્કેલ મંજૂર થશે એટલે ડૉ. પી. બી. પંડિતને પણ રૂા. ૫૦૦-૨૫-૮૦૦ના પગાર સ્કેલ આપવાનો રહેશે.

નોંધ:- ૪. ડૉ. પી. બી. પંડિત અને ડૉ. એચ. સી. ભાયાણીને ઑર્ડિનન્સ નં. ૬૫ની પેટા કલમ "આઇ" અન્વયે "Persons of eminence" ગણવા કે નહિ તે બાબત બૉર્ડ ઑફ યુનિવર્સિટી ટીચીંગની વિચારણા માટે મોકલી આપવી.)

૩૦. ગુજરાત યુનિવર્સિટીની હકૂમત તળે આવેલી કૉલેજોમાં વિદ્યાર્થીઓની સંખ્યાનું નિયમન કરવા બાબતમાં શ્રી. રજિસ્ટ્રારે રજૂ કરેલા ડ્રાફ્ટ ઑર્ડિનન્સ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. રજિસ્ટ્રારે ઘડેલો ઑર્ડિનન્સ નીચેના ફેરફાર સહિત મંજૂર કરવો:

૧. પેટા કલમ ૧ માં "from 15th June 1956" ને બદલે "from 20th June 1958" એમ સુધારો કરવો.

૨. પેટા કલમ ૪માં "This sub-clause shall come into effect from 15-6 1956 so far as the new Colleges are concerned and from 15-6-1958 so far as the existing Colleges are concerned" ને બદલે "This sub-clause shall come into effect from 20-6-1958" એમ વાંચવું.

૩. પેટા કલમ ૪ની નીચે લખવામાં આવેલી નોંધ રદ કરવી.

૪. પેટા કલમ ૫ માં નીચેના શબ્દો ઉમેરવા.

"This sub-clause shall come into effect from June 1958 and shall be progressively implemented by all the Colleges."

(સુધારેલા ઑર્ડિનન્સની નકલ આ સાથે પરિશિષ્ટ "ખ" તરીકે આપવામાં આવેલી છે.)

૩૧. પ્રકાશ ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી તરફથી આર્ટ્સ કૉલેજ ફૉર ગર્લ્સને બી.એ. ના અભ્યાસક્રમો માટે જૂન ૧૯૫૬ થી જોડાણ આપવા બાબતનો પત્ર.

આથી ઠરાવવામાં આવે છે કે પ્રકાશ ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી તરફથી આર્ટ્સ કૉલેજ ફૉર ગર્લ્સને બી.એ. ના અભ્યાસક્રમો માટે જોડાણ આપવા માટે જે અરજી આવી છે તે અરજી પર સિન્ડિકેટ વિચારણા કરી શકે નહિ કારણ કે પ્રથમ આવેલી અરજી પ્રકાશ એજ્યુકેશન ટ્રસ્ટ તરફથી હતી જ્યારે મજકૂર અરજી પ્રકાશ ટ્રસ્ટ તરફથી છે. આ સંજોગોમાં પ્રકાશ ટ્રસ્ટની અરજીને જૂની અરજીના અનુસંધાનરૂપે ગણી શકાય નહિ એટલે પ્રકાશ ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટીને નવેસરથી અરજી કરવા જણાવવું.

૩૨. નીચે જણાવેલા સ્ટેટ્યૂટ ૨૦૭ ના ક્લૉઝ (3) અનુસાર નોન-ગુજરાતી વિદ્યાર્થીઓ તથા નોન-ગુજરાતી શિક્ષકોને અનુક્રમે પરીક્ષા માટે તેમજ શિક્ષણના કામ અંગે જો તેઓ ઇચ્છા ધરાવતા હોય તો ઐચ્છિક રીતે હિંદીને માધ્યમ તરીકે ઉપયોગ કરવાની છૂટ આપવામાં આવશે તો તેમાં જણાવ્યા અનુસાર તેઓને માટે ઑર્ડિનન્સ બનાવવા બાબત.

"(3) Notwithstanding anything in Cl. 1 above, it is hereby provided that non-Gujarati students and teachers will have the option, the former for their examination work and the latter for their teaching work, to use Hindi as the medium, if they so desire. The Syndicate will regulate this by making suitable Ordinances in this behalf, if, as and when necessary."

આથી ઠરાવવામાં આવે છે કે આ અંગે હાલ તબકકે ઑર્ડિનન્સ કરવાની સિન્ડિકેટને કશી જરૂર લાગતી નથી.

૩૩. નીચે જણાવેલા સ્ટેટ્યૂટ ૨૦૮ ની પેટા કલમ (૧) અનુસાર જે વિદ્યાર્થી અથવા શિક્ષકની માતૃભાષા ગુજરાતી અથવા હિંદી ન હોય તેમને જૂન ૧૯૫૭ સુધી અંગ્રેજી વાપરવાની છૂટ આપવામાં આવી છે, પરંતુ જૂન ૧૯૫૭ પછી તેમને તે અંગે છૂટ આપવી કે કેમ અને આપવી હોય તો કેટલાં વર્ષ સુધી છૂટ આપવી તે અંગે વિચારણા કરવા બાબત.

"(2) Notwithstanding anything in Cl. (I) above,

(i) A student or a teacher whose mother-tongue is not Gujarati or Hindi will be permitted to use English upto June 1957, in one or more subjects."

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબત સ્ટેટ્યૂટથી નક્કી થયેલી હોવાથી તેમાં કશો ફેરફાર થઈ શકે નહિ.

૩૪. શ્રી સરદાર વલ્લભભાઇ વિદ્યાપીઠ ઍકટ, ૧૯૫૫ નું શેડયૂલ I ૧૫ મી ડિસેમ્બર ૧૯૫૫ થી અમલમાં આવેલ છે, તો ગુજરાત યુનિવર્સિટી ઍકટના શેડયૂલની આઇટેમ નં. ૨ નીચે મુજબ સુધારવા બાબત.

" Kaira District excluding the area of Vallabh Vidyanagar and territories within a radius of five miles from the office of the Sardar Vallabhbhai Vidyapeeth, Vallabh Vidyanagar."

આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટી ઍકટના શેડયૂલની આઇટેમ ૨ માં સૂચવ્યા પ્રમાણે સુધારો કરવા માટે ઘટતાં પગલાં લેવાં.

૩૫. ડિગ્રીઝ અને ડિપ્લોમા વગેરેની માન્યતા અંગે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને પસાર કરેલો નીચે મુજબનો ઠરાવ નં. ૬ મોકલ્યો છે તે અંગે વિચારણા કરવા બાબત.

"The Commission was of the view that the degrees of the statutory Universities of India should be reciprocally recognised by them but that in the actual admission of students of one University at another University for any course of study or research, the admitting University has the discretion to assess actual merit by such measures as they may deem proper."

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને પસાર કરેલા ઠરાવ નં. ૬ને મંજૂર કરવો.

૩૬. રજિસ્ટ્રાર શ્રી. કે. સી પરીખને "એક્ઝામિનેશન એલાવન્સ" આપવાનું ચાલુ રાખવા બાબત.

(નોંધ:-સિન્ડિકેટે તેની તા. ૨૧/૨૨-૧૧-૧૯૫૨ ની સભામાં આ બાબતમાં નીચે મુજબનો ઠરાવ કર્યો છે:

(1) All the members of the office staf: including Peons, except the Registrar and the Assistant Registrar and the staff of the Library Department, the Department of Director of Physical Education and the Department of the Chief Medical Officer, be paid one month's basic salary as an Examination Allowance per year.

(2) The Registrar and the Assistant Registrar be paid on a monthly basis at the rate of Rs. 100/- p.m. and Rs. 30/- p.m. respectively all the year round as an Examination Allowance.

અને સિન્ડિકેટે તેની તા. ૩-૪-૧૯૫૪ ની સભામાં ફરીથી આ બાબતમાં નીચે મુજબનો ઠરાવ કર્યો છે:

"યુનિવર્સિટી સ્ટાફને પરીક્ષાઓના કામને અંગે મહેનતાણું આપવા બાબતમાં અત્યાર સુધી સ્ટાફના સભ્યોને જે પ્રમાણે એક્ઝામિનેશન અને ઓવરટાઇમ એલાવન્સ આપવામાં આવતું હતું તે પ્રમાણે આપવાનું ચાલુ રાખવું, પરંતુ આસિસ્ટન્ટ રજિસ્ટ્રારને માસિક રૂા. ૩૦-૦-૦ને બદલે રૂા. ૫૦-૦-૦ મહેનતાણું આપવું."

આથી ઠરાવવામાં આવે છે કે રજિસ્ટ્રાર શ્રી. કે. સી. પરીખને માસિક રૂા. ૧૦૦-૦-૦નું એક્ઝામિનેશન એલાવન્સ આપવું તથા આ એલાવન્સ તા. ૧-૧-૧૯૫૬ થી આપવું.

૩૭. એફ.વાય. આર્ટ્સ એક્સ્ટર્નલ પરીક્ષામાં વિદ્યાર્થીએ મેળવેલ એક્ઝમ્પશન અંગે બાસ નિયમો ન હોવાથી, એક્સ્ટર્નલ ડિગ્રી પ્રોસપેક્ટસના પાન ૧૭ ઉપર આપેલ ઍા. ૧૭૪-સી માં નીચે મુજબનો સુધારો કરવા અંગે કાર્યાલયે કરેલા સૂચન ઉપર વિચારણા કરવા બાબત.

(1) Exemptions earned by a candidate at an External Examination shall be valid only at the external examinations. Exemptions earned at an Examination as a regular student shall not hold good for the purpose of appearing as an External Student.

(2) Exemption in a subject or subjects earned by an External candidate at the F.Y. Arts External Examination from a College shall be valid only for the purpose of appearing the eat from the same College. A candidate desiring to appear at the F.Y. Arts External Examination at a College other than the college at which he

appeared last, may be allowed to do so provided he does not claim the exemption or exemptions earned by him in any of the previous examinations.

આથી ઠરાવવામાં આવે છે કે ઑર્ડિનાન્સ નં. ૧૭૪-સી. માં કાર્યાલયની સૂચના પ્રમાણે સુધારો કરવો.

૩૮. આ યુનિવર્સિટીમાં ડેપ્યુટી રજિસ્ટ્રારની વધારાની જગા કાઢવા અંગે સિન્ડિકેટના ઠરાવ અનુસાર મુંબઇ સરકારને લખતાં તેમના તરફથી આવેલ નીચે મુજબનો પત્ર.

"I am directed to state that Government has no objection to the creation of a post of Deputy Registrar in the scale of Rs. 350–25–650–E.B.–30–750. No special grant from Government would be admissible on this account."

(આના સંદર્ભમાં ઑફિસ સુપ્રિન્ટેન્ડન્ટ શ્રી. એસ. પી. મેઢના પત્રની નકલ વિચારણા માટે સામેલ કરી હતી)

આથી ઠરાવવામાં આવે છે કે ડેપ્યુટી રજિસ્ટ્રારની નવી જગ્યા પર હાલમાં આસિસ્ટન્ટ રજિસ્ટ્રાર તરીકે કામ કરતા શ્રી. જે. એમ. મહેતાની રૂા. ૩૫૦ ના પગારથી રૂા. ૩૫૦–૨૫–૬૫૦–ઇ.બી.–૩૦–૭૫૦ ના પગાર સ્કેલમાં નિમણૂક કરવી તથા શ્રી. મહેતાને બૉર્ડ ઑફ એકસ્ટ્રા મ્યુરલ સ્ટડીઝના સેક્રેટરી તરીકે રૂા. ૧૦૦ નું એલાવન્સ આપવાનું ચાલુ રાખવું. ઉપરાંત ડેપ્યુટી રજિસ્ટ્રારને માસિક રૂા. ૬૦ નું એકઝામિનેશન એલાવન્સ આપવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે આસિસ્ટન્ટ રજિસ્ટ્રારની ખાલી પડેલી જગ્યા પર હાલમાં ઑફિસ સુપ્રિન્ટેન્ડન્ટ તરીકે કામ કરતા શ્રી. એસ. પી. મેઢની નિમણૂક માસિક રૂા ૨૬૫–૦–૦ના પગારથી રૂા. ૨૫૦–૧૫–૪૦૦–ઇ.બી.–૨૦–૫૦૦ ના પગાર સ્કેલમાં કરવી તથા આસિસ્ટન્ટ રજિસ્ટ્રારને માસિક રૂા. ૫૦–૦–૦ નું જે એકઝામિનેશન એલાવન્સ આપવામાં આવતું હતું તે નવા આસિ. રજિસ્ટ્રાર શ્રી. એસ. પી. મેઢને આપવાનું પણ ચાલુ રાખવું.

આ બન્ને નિમણૂકોને તા. ૭–૪–૧૯૫૬ થી અમલી ગણવી.

(નોંધ:–શિરસ્તા મુજબ આ બન્ને નિમણૂકો માટે પ્રોબેશનનો સમય એક વર્ષનો રહેશે.)

૩૯. એમ.એ. માં એ. (હિસ્ટરી) અને સી. (ઇકોનોમિકસ) ગ્રુપ્સ લઇને સેકન્ડ કલાસમાં પસાર થયેલો ઉમેદવાર જો તે જરૂરી અનુભવ ધરાવતો હોય તો તે જે કૉલેજમાં હિસ્ટરી સ્પેશ્યલ અને ઇકોનોમિકસ સ્પેશ્યલ શિખવાડવામાં આવતા હોય તે કૉલેજમાં તેને હિસ્ટરીના પ્રોફેસર કે ઇકોનોમિકસના પ્રોફેસર તરીકે નીમી શકાય કે કેમ તે બાબત અંગે સ્પષ્ટતા કરવા બાબતનો એમ. ટી. બી. કૉલેજ, સૂરતના પ્રિન્સિપાલનો પત્ર.

આથી ઠરાવવામાં આવે છે કે એમ.એ. માં એ. (હિસ્ટરી) અને સી. (ઇકોનોમિકસ) ગ્રુપ્સ લઇને સેકન્ડ કલાસમાં પસાર થયેલો ઉમેદવાર જો તે જરૂરી અનુભવ ધરાવતો હોય અને તે

કૉલેજમાં હિસ્ટરી સ્પેશિયલ અને ઇકૉનોમિકસ સ્પેશિયલ શિખવાડવામાં આવતાં હોય તો તે કૉલેજમાં તેની પસંદગી અનુસાર હિસ્ટરી અથવા તો ઇકૉનોમિકસના પ્રાધ્યાપક તરીકે વિકલ્પે નીમી શકાય.

૪૦. પીએચ.ડી. સંશોધન માટેની માસિક રૂા. ૧૮૦ ની દશ શિષ્યવૃત્તિઓ પૈકી એક શિષ્યવૃત્તિ એસ. બી. ગાર્ડા કૉલેજ, નવસારીમાં પીએચ.ડી માટે અભ્યાસ કરતાં શ્રીમતિ પ્રમીલા આર. ભટ્ટને ચાલુ વર્ષે આપેલ છે. તેમને માસિક રૂા. ૧૨૫ ની ગવર્મેન્ટ રિસર્ચ સ્કૉલરશિપ ઓગસ્ટ ૧૯૫૫ થી મળેલ છે. તો તે સ્કૉલરશિપ સ્વીકારવા માટેના તેમના તરફથી પ્રિન્સિપલ મારફત આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ:–સંશોધન શિષ્યવૃત્તિની શરત (૧) પ્રમાણે તેઓ પીએચ.ડી. ઉપરાંત બીજી કોઇ પણ પરીક્ષા માટે અભ્યાસ કરતાં ન હોવાં જોઇએ તેમજ નોકરી પણ ન કરતાં હોવાં જોઇએ. શ્રીમતિ ભટ્ટ તા. ૨–૩–૫૬ થી કૉલેજમાં રિસર્ચ ફેલો-કમ-લેકચરર ઇન ફીલોસોફી (ઓનરરી) તરીકે નીમાયેલ છે. ઓનરરી જગ્યાને "નોકરી" ગણવી કે કેમ તથા તેઓ ગવર્મેન્ટે આપેલી શિષ્યવૃત્તિ લઈ શકે કે કેમ તે વિચારવાનું છે.)

આથી ઠરાવવામાં આવે છે કે એસ. બી. ગાર્ડા કૉલેજ, નવસારીમાં પીએચ.ડી. માટે અભ્યાસ કરતાં શ્રીમતિ પ્રમીલા આર. ભટ્ટને તેઓ કૉલેજમાં કોઇ પણ રીતે કામ કરતાં હોવાથી યુનિવર્સિટી રિસર્ચ સ્કૉલરશિપ આપી શકાય નહિ.

૪૧. શ્રીમતિ તારા આર. દેસાઇને જૂન ૧૯૫૫ થી અમલમાં આવતી એક વર્ષ માટેની દક્ષિણા ફેલોશીપ આપવામાં આવે છે એવું તેમને એલ. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદના આચાર્ય મારફતે તા. ૬-૧૨-૧૯૫૫ ના રોજ જણાવવામાં આવ્યું હતું પરંતુ તેઓ તા. ૮-૬-૧૯૫૫ થી ૩૧-૧૨-૧૯૫૫ સુધી મજકૂર કૉલેજમાં પાર્ટ ટાઇમ ડેમોન્સ્ટ્રેટર તરીકે કામ કરતાં હતાં તે સમય દરમ્યાનનું તેમને મળેલું "રેમ્યુનરેશન" કૉલેજને પાછું ન આપવા બાબતનો તેમના તરફથી આવેલ પત્ર.

(નોંધ:–દક્ષિણા ફેલોશિપ લેનાર ઉમેદવાર કોઇપણ સંસ્થામાં નોકરી કરતો ન હોવો જોઇએ તેમજ બીજું કોઇ રેમ્યુનરેટીવ કામ કરતો ન હોવો જોઇએ. આ બાબતમાં તેમની લેખિત બાંહેધરી તા. ૧૩–૧૨–૧૯૫૫ ના રોજ કૉલેજના આચાર્ય મારફતે મોકલવામાં આવી હતી.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રીમતિ તારા આર. દેસાઇને તેમના બાસ સંજોગો ધ્યાનમાં લઇને યુનિવર્સિટીની દક્ષિણા ફેલોશિપ સ્વીકારવા પરવાનગી આપવી.

(નોંધ:–એલ. ડી. આર્ટ્સ કૉલેજ અને એમ. જી. સાયન્સ ઈન્સ્ટીટ્યૂટમાં ડેમોન્સ્ટ્રેટર તરીકે તેમણે બજાવેલી કામગીરી માટે તેમને પગાર આપવો કે નહિ તે બાબત કૉલેજના સત્તાવાળાઓએ વિચારવાની છે.)

૪૨ એજ્યુકેશન ઑફ ધી બ્લાઇન્ડ અંગેની બ્લાઇન્ડનેસ ઉપરની ધી બૉમ્બે સ્ટેટ કાઉન્સિલ, મુંબઈના નીચેના અભિપ્રાય ઉપર વિચારણા કરીને બીજી સગવડો ઉપરાંત નીચેની સગવડો આપવા અંગે મજકૂર કાઉન્સિલના માનદ્ મંત્રી તરફથી આવેલ પત્ર.

" 1) The Blind be exempted from payment of examination fees.

(2) At the examinations arrangements for the Blind be made by providing for them separate accommodation and a reader and a writer so that they can answer questions set at the examination."

આથી ઠરાવવામાં આવે છે કે 'એજ્યુકેશન ઑફ ધ બ્લાઇન્ડ" અંગેના ધી બૉમ્બે સ્ટેટ કાઉન્સિલ, મુંબઈના માનદ્ મંત્રી તરફથી આવેલ પત્રમાં જણાવ્યા પ્રમાણેની બન્ને સૂચનાઓ મંજૂર કરવી.

ઉપરની સૂચના નં. ૨ ના સંદર્ભમાં ઠરાવવામાં આવ્યું કે અંધ સિવાયના બીજા વિદ્યાર્થીઓને પણ ખાસ સંજોગોમાં પરીક્ષા માટે બેસવાની જુદી વ્યવસ્થા કરવામાં આવે છે તો તે માટે નીમવામાં આવતા સુપરવાઇઝરનું મહેનતાણું પણ આ વિદ્યાર્થીઓ પાસેથી વસુલ કરવું, પરંતુ અંધ વિદ્યાર્થીઓ માટે નીમવામાં આવતા સુપરવાઇઝરનું મહેનતાણું તો યુનિવર્સિટીએ જ આપવું.

૪૩. સર કે. પી. કૉલેજ ઑફ કૉમર્સ, સૂરતના વિદ્યાર્થી શ્રી. ટી. એ. વઝીરી એમની સને ૧૯૫૫–૫૬ના પ્રથમ સત્રમાં જુનિયર એમ.કૉમ. પરીક્ષા માટેની તેમની માંદગીને કારણે ખૂટતાં હાજરી માફ કરવા બાબતની તેમની કૉલેજના પ્રિન્સિપલ મારફત આવેલી અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધઃ–વિદ્યાર્થીએ માંદગીનું પ્રમાણપત્ર રજૂ કરેલ છે. તેમની હાજરી નીચે પ્રમાણે છેઃ

નામ	કુલ વ્યાખ્યાનો	ભરવાં જોઇતાં વ્યાખ્યાનો	ભરેલાં વ્યાખ્યાનો	ખૂટતી હાજરી
શ્રી. ટી. એ. વઝીરી	૪૧	૨૭	૧૪	૧૩)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. ટી. એ. વઝીરીની ખૂટતી હાજરી માફ કરવી નહિ.

૪૪. અમદાવાદ લોકલ સ્પોર્ટ્સ કમિટીની તા. ૧૨–૩–૫૬ને સોમવારના રોજ મળેલી આઠમી સભામાં થયેલા નીચે મુજબના ઠરાવ નં. ૪ પર વિચારણા કરવા બાબત.

૪. "અમદાવાદ લોકલ સ્પોર્ટ્સ કમિટીની આ સભા ઠરાવે છે કે ક્લાર્ક શ્રી. મનુભાઈ જોષી, ટાઇપિસ્ટ શ્રી. વી. એમ. વ્યાસ અને પટાવાળા શ્રી. ગુલાબસિંહની અરજીને ધ્યાનમાં લઇને તેમણે કરેલા અમદાવાદ લોકલ સ્પોર્ટ્સ કમિટીના વધારાના કામ કરવા બદલ તેઓને દર વર્ષે તેમના એક માસના બેઝીક પગાર જેટલી રકમ અમદાવાદ લોકલ સ્પોર્ટ્સના

ફંડમાંથી એલાવન્સ તરીકે આપવી. બેઝીક પગાર ગણવામાં તેઓને ૧લી જાન્યુઆરીએ મળતી પગારની રકમને ગણત્રીમાં લેવી. વધુમાં તેઓને આ એલાવન્સની રકમ લેવાની મંજૂરી આપવા માટે આ સભા શ્રી. વાઈસ-ચાન્સેલર સાહેબને વિનંતી કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે લોકલ સ્પોર્ટ્સ કમિટીની ભલામણ મંજૂર કરવી અને તે અનુસાર કલાર્ક શ્રી. મનુભાઇ એમી, ટાઇપિસ્ટ શ્રી. વી. એમ. વ્યાસ તથા પટાવાળા શ્રી. ગુલાબસિંહને ઉપર વર્ષે તેમના એક માસના બેઝિક પગાર જેટલી રકમ અનઢાવાઢ લોકલ સ્પોર્ટ્સના ફંડમાંથી એલાવન્સ તરીકે આપવી તથા બેઝિક પગાર ગણવામાં તેઓને ૧લી જાન્યુઆરીએ મળતા પગારની રકમ ગણત્રીમાં લેવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે ઉપર જણાવેલા ત્રણે સભ્યોને એલાવન્સની આ રકમ લેવાની પરવાનગી આપવી.

૪૫. બૉર્ડ ઑફ સ્ટુડન્ટસ વેલફેર ઉપર ઑર્ડિનન્સ ૫૧(૬) પ્રમાણે સિન્ડિકેટ તરફથી નિયુક્ત થયેલા સભ્યોમાં શ્રીમતી જ્યોત્સ્ના બહેન શુકલ અને શ્રી. ભાઇલાલભાઈ ઘાભાઇ પટેલ છે. પરંતુ આ વર્ષે ચૂંટાઈ આવેલી નવી સેનેટમાં શ્રીમતી જ્યોત્સ્ના બહેન નિયુક્ત થયાં નથી.

અને

શ્રી. ભાઇલાલભાઇ પટેલ સેનેટના એક્ષ-ઓફિસીઓ સભ્ય છે તો શ્રીમતી જ્યોત્સ્ના બહેનની જગ્યાએ બીજા કોઇ સેનેટ સભ્યને નિયુક્ત કરવા બાબત.

અને

શ્રી. ભાઇલાલભાઇ પટેલને સભ્ય તરીકે ચાલુ રાખવા નક્કી કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રીમતી જ્યોત્સ્નાબહેન શુકલની જગ્યાએ ડૉ. નાનુભાઇ ૨. દેસાઇની નિમણૂંક કરવી.

૪૬. બૉર્ડ ઑફ સ્પોર્ટસની તા. ૧૬-૩-૧૯૫૬ના રોજ મળેલી ૨૦મી સભાના કામકાજની નોંધના નીચેની આઇટેમો ઉપરના નીચે જણાવેલા ઠરાવોને મંજૂર કરવા બાબત.

ઇન્ટર યુનિવર્સિટીની રમતો માટે બજેટમાં રૂા. ૧૩,૦૦૦ની રકમ મંજૂર કરવામાં આવેલી પરંતુ કમ્બાઈન્ડ યુનિવર્સિટીની ટીમ પસંદ કરવાનું કામ વચ્ચે ઉપસ્થિત થતાં તથા ઓરિસામાં તોફાનો થતાં ક્રિકેટના હરિફોને કટક મુકામે વધારે વખત રોકાવું પડયું તેથી તથા ક્રિકેટ અને હુતુતુની ટુકડીઓ ફાઇનલ સુધી પહોંચી તેને લઇને રૂા. ૨૯૭૦નો વધારાનો ખર્ચ થયેલ છે તો તે વધારાના ખર્ચને મંજૂર કરવા બાબત

'આથી ઇન્ટર યુનિવર્સિટીની રમતોમાં થયેલ રૂા. ૨૭૦૦ ના વધારાના ખર્ચને મંજૂર કરવા માટે આ બૉર્ડ સિન્ડિકેટને વિનંતી કરે છે."

૧૨. સને ૧૯૫૬-૫૭ના વર્ષ માટે બૉર્ડ ઑફ સ્પોર્ટ્સનું બજેટ નક્કી કરવા બાબત.

"આથી સને ૧૯૫૬-૫૭ના વર્ષ માટેના બૉર્ડ ઑફ સ્પોર્ટ્સના નીચે પ્રમાણેના બજેટને મંજૂર કરવા માટે આ બૉર્ડ સિન્ડિકેટને ભલામણ કરે છે:

ઇન્ટર કૉલેજીએટ સ્પોર્ટ્સ	...	...	રૂા. ૧૦,૦૦૦
ઇન્ટર ગ્રુપ સ્પોર્ટ્સ	...	...	રૂા. ૪,૦૦૦
ઇન્ટર યુનિવર્સિટી સ્પોર્ટ્સ	...	...	રૂા. ૧૫,૦૦૦
કોચીંગ કેમ્પ્સ યોજવા માટે	...	...	રૂા. ૩,૦૦૦
			રૂા. ૩૨,૦૦૦

૧૬. યુનિવર્સિટી ઑર્ડિનન્સ ૨૦(૪) પ્રમાણે દરેક વિભાગીય કમિટીએ ચાલુ સાલના હિસાબો અંગે આવતી સાલનું બજેટ તૈયાર કરીને બૉર્ડ ઑફ સ્પોર્ટ્સની વિચારણા માટે દરેક વર્ષની ૧૫મી જાન્યુઆરી સુધીમાં શ્રી. રજિસ્ટ્રારને મોકલાવી આપવાનું ઠરાવેલું છે. પરંતુ કેટલીક વ્યવહારિક મુશ્કેલીઓને કારણે તે અની શકતું નથી. તો તે તારીખમાં જરૂરી સુધારો કરીને તે ઑર્ડિનન્સમાં સુધારો સૂચવવા બાબત.

અમદાવાદ લોકલ સ્પોર્ટ્સ કમિટીની ભલામણ

"વધુમાં બજેટ બાબતમાં આ સભા બૉર્ડ ઑફ સ્પોર્ટ્સને એમ ભલામણ કરે છે કે ઑર્ડિનન્સ ૨૦(૪)માં બજેટ તૈયાર કરીને મોકલવા માટે ૧૫મી જાન્યુઆરી ઠરાવેલી છે તેને બદલીને દરેક વર્ષની ૧લી માર્ચ રાખવી."

બૉર્ડ ઑફ સ્પોર્ટ્સનો ઠરાવ

"આથી આ બૉર્ડ સિન્ડિકેટને એમ ભલામણ કરે છે કે ઑર્ડિનન્સ ૨૦(૪)માં બૉર્ડ ઑફ સ્પોર્ટ્સની વિચારણા માટે દરેક ઝોનની સ્પોર્ટ્સ કમિટીઓએ બજેટ તૈયાર કરીને શ્રી. રજિસ્ટ્રાર ઉપર તા. ૧૫મી જાન્યુઆરી પહેલાં મોકલી આપવાનું ઠરાવેલું બદલીને તે દરેક વર્ષના ફેબ્રુઆરીના અંત પહેલાં મોકલી આપવાનું ઠરાવવું અને તેટલો જરૂરી સુધારો કરવો."

(નોંધ:- આ પ્રમાણે સુધારેલો ઑર્ડિનન્સ ૨૦(૪) નીચે પ્રમાણે વંચાશે:

(iv) to prepare the accounts of the current year and the budget of the succeeding year and submit them to the Registrar so as to reach him not later than the last date of February for the consideration of the Board of Sports)

૧૮. મધ્યસ્થ સરકારના તા. ૧૬-૨-૫૬ના પત્રાંક ડી. ઓ. નં. એફ. ૧૯-૧ ૫૬ ડી. ૩ એસ. ઍન્ડ પી.ઇ. માં જણાવ્યા પ્રમાણે સ્વીમીંગ, લોન ટેનીસ, બાસ્કેટ બોલ, વોલી

બોલ, બેડમિન્ટન, અને ટેબલ ટેનીસના સરકાર તરફથી યોજાના કેમ્પ માટે મોકલવાના આ યુનિવર્સિટીના પ્રતિનિધિઓ નક્કી કરવા બાબત.

"આથી ઠરાવવામાં આવે છે કે જે કૉલેજો તરફથી જે પ્રતિનિધિઓનાં નામ આવ્યાં છે તેમની તે રમત અંગેની લાયકાત તથા તે રમતોમાં તેઓએ કયાર કયારે ભાગ લીધો છે તે વિગતો મંગાવીને ત્યારબાદ તેમાંથી નામો પસંદ કરવા ની સત્તા સાથે નીચેના સભ્યો ની બનેલી કમિટી નીમવી:

૧. પ્રિ. આર. પી. પટેલ. ચેરમેન
૨. શ્રી. રતિલાલ કે. પટેલ
૩. શ્રી. છગનભાઇ પી. પટેલ
૪. શ્રી. પી. પી. મહેતા

વધુમાં ઉપર્યુક્ત સબ-કમિટીએ પસંદ કરેલાં નામો મધ્યસ્થ સરકારને મોકલવા માટે તથા તેઓનાં ટી. એ. વગેરેનાં ખર્ચ મંજૂર કરવા માટે આ બૉર્ડ સિન્ડિકેટને વિનંતિ કરે છે."

૧૯. મધ્યસ્થ સરકાર તરફથી યોજવામાં આવેલ ક્રિકેટ ફુટબોલ, એથ્લેટીકસ અને કુસ્તીના તાલીમ શિબિરોમાંથી તાલીમ લઇ આવેલ આ યુનિવર્સિટીના પ્રતિનિધિઓના જ્ઞાનનો લાભ તમામ કૉલેજોને મળે એ હેતુથી યુનિવર્સિટી મારફત તે તે રમતોના યોજનાર કેમ્પમાં જોડાવા માટે કૉલેજોમાંથી પ્રોફેસરો તથા વિદ્યાર્થીઓનાં નામ મંગાવતાં ક્રિકેટ માટે ૧૮, એથ્લેટીકસ ૨૨, ફુટબોલ ૧૬ તથા કુસ્તી ૧૮ સભ્યો તરફથી સંમતિ આવેલી છે તો તે કેમ્પો યોજવા માટે તેના ખર્ચ માટે આપણા બજેટમાં જોગવાઇ કરવા અંગે વિચારણા કરવા બાબત.

"આથી ઠરાવવામાં આવે છે કે ચારે કેમ્પો અમદાવાદમાં જ યોજવા અને તે માટેનાં ગ્રાઉન્ડઝ આપવા માટે કેમ્પસ વિસ્તારમાંની કૉલેજોને વિનંતિ કરવી.

વધુમાં એમ ઠરાવવામાં આવે છે કે ખર્ચ અને વ્યવસ્થાની અનુકૂળતા માટે ફુટબોલ અને ક્રિકેટ, કુસ્તી અને અથ્લેટીકસ એમ બબ્બે કેમ્પ સાથે યોજવા."

૨૧. "ત્યારબાદ સર્વાનુમતે એમ ઠરાવવામાં આવ્યું હતું કે સને ૧૯૫૫-૫૬ની સાલના ઇન્ટર યુનિવર્સિટીની હરિફાઇઓમાં મેનેજર તરીકે જઇ આવેલ સભ્યોને આવતે વર્ષે બૉર્ડ ઑફ સ્પોર્ટ્સની મિટીંગ વખતે હરિફાઇઓનું ધોરણ સુધારવા માટે ચર્ચા કરવા માટે તથા સૂચનો માટે હાજર રહેવા આમંત્રણ આપવું અને તેઓને તે અંગેના નિયમો મુજબના ટી. એ. વગેરે આપવાનું મંજૂર કરવા માટે આ બૉર્ડ સિન્ડિકેટને વિનંતી કરે છે."

૨૨. અમદાવાદ લોકલ સ્પોર્ટ્સ કમિટીની ભલામણ

"અમદાવાદ લોકલ સ્પોર્ટ્સ કમિટીની આ સભા બૉર્ડ ઑફ સ્પોર્ટ્સને ભલામણ કરે છે કે સિન્ડિકેટને વિનંતી કરવી કે અમદાવાદની સ્થાનિક કૉલેજો પાસેથી ઉઘરાવવામાં

આવતા ફાળા માટે અત્યારે ઓછામાં ઓછા રૂા. ૫૦ અને વધારેમાં વધારે રૂા. ૭૦૦ ની જે મર્યાદા આંકવામાં આવી છે તેને બદલે દરેક કૉલેજ પાસેથી વિદ્યાર્થી દીઠ રૂા. ૦-૮-૦ ના ધોરણે ફાળો ઉઘરાવવાનું ધોરણ ઠરાવવું કે જેથી કરીને અમદાવાદ વિસ્તારની રમતગમતો સારી રીતે ખીલવી શકાય."

બૉર્ડ ઑફ સ્પોર્ટ્સનો ઠરાવ

"આથી આ બૉર્ડ સિન્ડિકેટને વિનંતી કરે છે કે હાલમાં કૉલેજો પાસેથી ફાળો ઉઘરાવવામાં જે ઓછામા રૂા. ૫૦ અને વધારેમા વધારે રૂા ૭૦૦ ની જે મર્યાદા આંકવામાં આવી છે તેને દૂર કરવી અને તેને બદલે યુનિવર્સિટીની દરેક કૉલેજ પાસેથી વિદ્યાર્થી રૂા. ૮-૦-૦ના ધોરણે ફાળો ઉઘરાવવાનું ધોરણ ઠરાવવું કે જેથી કરીને રમતગમતો સારી રીતે ખીલવા માટેનાં જરૂરી નાણું મળી રહે."

આથી ઠરાવવામાં આવે છે કે—

૧૧. ઇન્ટર યુનિવર્સિટીની રમતો માટે ચાલુ વર્ષે થયેલો રૂા. ૨,૭૦૦નો વધારાનો ખર્ચ મંજૂર કરવો.

૧૨. બૉર્ડ ઑફ સ્પોર્ટ્સનું ઉપર જણાવેલું અંદાજપત્રક મંજૂર કરવું.

૧૬. "The last date of February" એ શબ્દોને બદલે "20th February" એ શબ્દો મૂકીને બૉર્ડ ઑફ સ્પોર્ટ્સની ભલામણ મંજૂર કરવી.

૧૮. બૉર્ડ ઑફ સ્પોર્ટ્સની ભલામણ મંજૂર કરવા.

૧૯. બૉર્ડ ઑફ સ્પોર્ટ્સની ભલામણ મંજૂર કરવી.

૨૧. બૉર્ડ ઑફ સ્પોર્ટ્સની ભલામણ મંજૂર કરવી.

૨૨. બૉર્ડ ઑફ સ્પોર્ટ્સની ભલામણ મંજૂર કરવા.

૪૭. ૧૯૫૪-૫૫ના વર્ષનો વાર્ષિક અહેવાલ તૈયાર કરવા માટે નીચે મુજબની સમિતિ નીમ્યા બાબતના ઉપકુલપતિશ્રીના કાર્યને બહાલી આપવા બાબત.

૧. શ્રી. વાઇસ-ચાન્સેલર

૨. શ્રી. હિંમતલાલ પ્રભાશંકર શુકલ

૩. શ્રી. બી. આર. શેનોય
ડાયરેક્ટર, યુનિ. સ્કૂલ ઑફ સોશિયલ સાયન્સીઝ.

આથી ઠરાવવામાં આવે છે ઉપકુલપતિશ્રીના કાર્યને બહાલી આપવી.

૪૮. એલ. ડી. આર્ટ્સ કૉલેજ અને એમ.જી. સાયન્સ ઇન્સ્ટીટ્યુટ, અમદાવાદના વિદ્યાર્થી શ્રી. ગોવિંદલાલ ઝવેરભાઇ શાહની પી.એચ.ડી. ની ડિગ્રી માટેની થિસિસ રેફરીઝે મજકૂર ડિગ્રી માટે સ્વીકાર્યા બાબતની ભલામણ ઉપરથી તેમને તે ડિગ્રીમાં પાસ થયેલા

જાહેર કરવા શ્રી. વાઇસ-ચાન્સેલરે શ્રી. રજિસ્ટ્રારને આપેલી પરવાનગીને બહાલી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપકુલપતિશ્રીના કાર્યને બહાલી આપવી.

૪૯. નીચે જણાવેલા સદ્‌ગૃહસ્થોને નીચે જણાવેલ કારણોસર પોતાના પ્રોવિડન્ટના ફાળામાંથી નીચે જણાવેલી રકમો તેઓની અરજીઓ ઉપરથી સિન્ડિકેટની મંજૂરીની અપેક્ષાએ મંજૂર કર્યા બાબતના ઉપકુલપતિશ્રીના કાર્યને બહાલી આપવા બાબત.

નામ	રકમ	કારણ
શ્રી. કનૈયાલાલ જે. શાહ	રૂા. ૨૦૦	માતુશ્રીની માંદગી અંગેના ડૉક્ટરનાં બીલો વગેરે ચૂકવવાના હોવાથી.
શ્રી. વી. પી. શાહ	રૂા. ૨૦૦	પોતાની તેમજ કુટુંબના સભ્યોની માંદગીને લીધે.
શ્રી. અરવિંદ સી. ભાવસાર	રૂા. ૧૦૦	માતુશ્રીની માંદગી અંગે.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપકુલપતિશ્રીના કાર્યને બહાલી આપવી.

૫૦. રામભા ગ્રેજ્યુએટ ટીચર્સ કૉલેજ, પોરબંદરના બી.એડ. વર્ગના વિદ્યાર્થીઓ ૧. શ્રી ડી. આર. મોઢા અને ૨. શ્રી. સી. જે. દવેને ખૂટતી હાજરી માફ કરવા અંગે સદર કૉલેજના પ્રિન્સિપલ મારફતે આવેલી તેમની અરજીઓ ઉપરથી સિન્ડિકેટની મંજૂરીની અપેક્ષાએ ઉપકુલપતિશ્રીના ખૂટતી હાજરી માફ કર્યા બાબતના કાર્યને બહાલી આપવા બાબત.

(નોંધ:-શ્રી. ડી. આર. મોઢાની બી.એડ. ના વર્ગમાં ભરેલી હાજરી નીચે પ્રમાણે છે:-

પહેલી ટર્મ ૪૯ દિવસ
બીજી ટર્મ ૭૬ દિવસ

૧૨૫ દિવસ કુલ હાજરી.

પહેલા ટર્મમાં ૧૬ દિવસની હાજરી ખૂટે છે. તેના કારણમાં પ્રિન્સિપલ જણાવે છે કે તેને ગવર્મેન્ટ વડોદરા ખાતે હેડ માસ્તરોની એન ઈ.એસ. સેમિનારમાં તા. ૨૨-૬-૫૫ થી તા. ૧૪-૧૦-૫૫ સુધી ડેપ્યુટ કરેલા હતા.

શ્રી. સી. જે. દવેની બી.એડ. કલાસમાં હાજરી નીચે મુજબ છે:

પહેલી ટર્મ ..... ૫૮ દિવસ
બીજી ટર્મ ..... ૯૦ દિવસ

૧૪૮ દિવસની કુલ હાજરી.

પહેલી ટર્મમાં ૭ દિવસની હાજરી ખૂટે છે. ખૂટતી હાજરીના કારણમાં તેઓ જણાવે છે કે તેને બી.એડ. માટે સૌરાષ્ટ્ર સરકારે ડેપ્યુટ કરેલા છે, પરંતુ અનિવાર્ય એડમિનિસ્ટ્રેટીવ મુશ્કેલીઓને અંગે મોડા ડેપ્યુટ કર્યા હતા.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપકુલપતિશ્રીના કાર્યને બહાલી આપવી.

૫૧. લાયબ્રેરી માટેના ફર્નીચર માટે આવેલા ટેન્ડરોમાંથી મેસર્સ. ન્યુ ફરનીચર માર્ટનું ટેન્ડર ઓછા ભાવનું હોવાથી ફાઇનાન્સ કમિટી તેમજ સિન્ડિકેટની મંજૂરીની અપેક્ષાએ તે મંજૂર કર્યા બાબતના શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપકુલપતિશ્રીના કાર્યને બહાલી આપવા.

૫૨. સિન્ડિકેટની મંજૂરીની અપેક્ષાએ ૧૯૫૪-૫૫ ના વાર્ષિક રિપોર્ટ તૈયાર કરવા શ્રી. વાઇસ-ચાન્સેલરે નીમેલી સમિતિએ તૈયાર કરેલો વાર્ષિક હેવાલના ખરડો.

આથી ઠરાવવામાં આવે છે કે સમિતિએ તૈયાર કરેલો સને ૧૯૫૪-૫૫ નો વાર્ષિક હેવાલ મંજૂર કરવો. (હેવાલની નકલ અલાયદી છાપવામાં આવશે.)

૫૩. અંદાજ સમિતિએ તૈયાર કરેલા ગુજરાત યુનિવર્સિટીના સને ૧૯૫૬-૫૭ ના અંદાજપત્રના ખરડા ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે અંદાજપત્ર સમિતિએ તૈયાર કરેલું સને ૧૯૫૬-૫૭ નું અંદાજપત્ર મંજૂર કરવું. (અંદાજપત્રનો નકલ અલાયદી છાપવામાં આવશે.)

૫૪. અનુસ્નાતક શિક્ષણ માટેનાં કેન્દ્રોમાં દરેક ફૅકલ્ટી અંગે વિદ્યાર્થીઓની ટ્યૂશન ફીનું ધોરણ નક્કી કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી વિસ્તારના ત્રણે ઝોનમાં ટ્યૂશન ફીનું ધોરણ એકસરખું રાખવું તથા નીચે પ્રમાણે ફી લેવી:

૧. ફૅકલ્ટી ઑફ આર્ટ્સ ઇન્કલુડીંગ એજ્યુકેશન, ફૅકલ્ટી ઑફ કૉમર્સ અને ફૅકલ્ટી ઑફ લૉમાં સત્રદીઠ રૂા. ૭૫-૦-૦.

૨. ઉપર જણાવેલી ત્રણે ફૅકલ્ટીઓ સિવાયની બીજી ફૅકલ્ટીઓમાં સત્રદીઠ રૂા. ૧૦૦-૦-૦.

૫૫. અનુસ્નાતક શિક્ષણ અંગે પ્રવાસી શિક્ષકોને ઑ. ૬૫-યુ. અન્વયે આપવામાં આવતાં ભથ્થાં નિયત કરવા બાબત.

ઑ. ૬૫-યુ. નીચે મુજબ છે

"In case of post-graduate teacher of a particular place requiring to go to a recognised centre for collaboration in its teaching work, the inviting post-graduate

centre will bear the expenses of lodging of the visiting teachers. The actual travelling expenses of the teacher shall be borne by the University as per rules to be made in that behalf by the Syndicate."

આ બાબત પર વિચારણા થઈ ન હતી.

૫૬. ઇન્ટરમિડિયેટ આર્ટ્સ, સાયન્સ અને કૉમર્સમાં જૂન ૧૯૫૬ થી ગુજરાતી માધ્યમ રહેતાં તા. ૧૯૫૬ ની મજકૂર પરીક્ષામાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓ માટે ૧૯૫૭ ની પરીક્ષામાં માધ્યમ અંગે શીગોઠવણ કરવી તે નક્કી કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઇન્ટરમિડિયેટ આર્ટ્સ, સાયન્સ અને કૉમર્સમાં ચાલુ વર્ષે નાપાસ થયેલા વિદ્યાર્થીઓ માટે જૂના કોર્સ પ્રમાણે ૧૯૫૮ સુધી પરીક્ષાઓ લેવી તથા આ પરીક્ષાઓ નવા કોર્સની પરીક્ષાઓની સાથોસાથ જ લેવી.

૫૭. આ યુનિવર્સિટીમાં લેબર વેલ્ફેરના અભ્યાસક્રમ માટે વર્ગો ચાલુ કરવા બાબત.

(નોંધ:—લેબર વેલ્ફેરના અભ્યાસક્રમો આ યુનિવર્સિટીમાં ચાલુ કરવા માટે ગ્રાન્ટ મંજૂર કરવા હિંદ સરકારના લેબર ડિપાર્ટમેન્ટને પત્ર લખ્યો છે તેનો હજી કશો જવાબ આવ્યો નથી.)

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીમાં લેબર વેલ્ફેરનો અભ્યાસક્રમ જૂન ૧૯૫૭ થી શરૂ કરવો.

૫૮. લેક્ચરર ઇન સોશિયોલૉજીની જગ્યા માટે અરજીઓ આવી છે તે તપાસી ઇન્ટરવ્યુ લેવા શું કરવું તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે લેક્ચરર ઇન સોશિયોલૉજીની જગ્યા માટે આવેલી અરજીઓની રૂપરેખા (સિનોપ્સિસ) તૈયાર કરીને યુનિવર્સિટી સ્કૂલ ઑફ સોશિયલ સાયન્સીઝના ડાયરેક્ટર પ્રોફેસર બી. આર. શેનોયને બતાવીને સિન્ડિકેટના તમામ સભ્યોને પરિપત્રિત કરવી તથા સિન્ડિકેટના સભ્યોના સૂચન પ્રમાણે ઉમેદવારોને ઇન્ટરવ્યુ માટે સિન્ડિકેટની જૂનની સભા સમક્ષ બોલાવવા.

૫૯. માધ્યમ અંગેના સ્ટેચ્યુટ પ્રમાણે જે વિદ્યાર્થીઓની માતૃભાષા ગુજરાતી ન હોય તેમને અંગ્રેજી વા હિંદીમાં પ્રશ્નપત્રો લખવાની છૂટ આપવામાં આવી છે. તો કોઇ વિદ્યાર્થી દાવો કરે કે મારી માતૃભાષા ગુજરાતી નથી તો તે દાવો સ્વીકારવો કે કેમ અને કયા નિયમ પ્રમાણે તે નક્કી કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે જો કોઈ વિદ્યાર્થી પોતાની માતૃભાષા ગુજરાતી ન હોવાનું જણાવે તો તે કૉલેજના પ્રિન્સિપલ પાસેથી તે પ્રમાણેનું પ્રમાણપત્ર રજૂ કર્યેથી તેની માગણી મંજૂર કરવી.

૬૦. ફૅકલ્ટી ઑફ આયુર્વેદિક મેડિસિનનો ઉમેરો થવાથી "precedence" અંગેના સ્ટેટ્યૂટ ૧૭૪ માં નીચે મુજબનો સુધારો કરવા બાબત.

"In line seven of the Statute after the word "Medicine" delete the word "and", after the words "Commerce" add the words "and Ayurvedic Medicine and Deans of such other additional Faculties as may be constituted from time to time and in the order in which they are so constituted."

સુધારેલો સ્ટેટ્યૂટ નં. ૧૭૪ નીચે પ્રમાણે વંચારો

S. 174: The Chancellor, the Vice-Chancellor, the Ex-Vice-Chancellors in order of their first appointments, the Chief Justice of Bombay, or any other Judge of the High Court nominated by him, the Minister of Education, if he is a member of the Senate, the Rector, if any, the Director of Education, if he is a member of the Senate, Deans of the Faculties of Arts including Education, Science, Technology including Engineering, Agriculture, Law, Medicine, Commerce and Ayurvedic Medicine and Deans of such other additional Faculties as may be constituted from time to time and in the order in which they are so constituted, members of the Syndicate in order of their Seniority, but in alphabetical order when they are of the same date, the Vice-Chancellors of other Statutory Universities established by Law in Bombay State in the order in which these Universities are incorporated, the Registrar, the ex-officio and other members of the Senate according to sequence or their original appointments and election according to alphabetical order of their surnames in case of those members who are appointed or elected on the same date"

આથી કરાવવામાં આવે છે કે સ્ટેટ્યૂટ ૧૭૪ માં સૂચવ્યા પ્રમાણે સુધારો કરવા માટે સેનેટને ભલામણ કરવી.

૬૧. રજિસ્ટ્રારે ઘડેલા બી.ફાર્મ. પરીક્ષા અંગેના ડ્રાફ્ટ ઑર્ડિનન્સીઝ ૧૨૯ અને ૩૦૨ તથા રેગ્યુલેશન્સ ૨૦૦ અને ૨૦૧ ને મંજૂર કરવા બાબત

આથી કરાવવામાં આવે છે કે શ્રી. રજિસ્ટ્રારે ઘડેલા બી.ફાર્મ ની પરીક્ષા અંગેના ઑર્ડિનન્સ નં. ૧૨૯ અને ૩૦૨ તથા રેગ્યુલેશન નં. ૨૦૦ અને ૨૦૧ મંજૂર કરવા. (મંજૂર થયેલા ઑર્ડિનન્સ તથા રેગ્યુલેશન આ સાથે પરિશિષ્ટ "ગ" તરીકે આપવામાં આવ્યા છે.)

૬૨ રજિસ્ટ્રારે ઘડેલા બી.ઇ. પરીક્ષા અંગે ડ્રાફ્ટ રેગ્યુલેશન ૧૦૧-એ અને ૧૦૯-એ. ને મંજૂર કરવા બાબત.

આથી કરાવવામાં આવે છે કે બી.ઇ. ની પરીક્ષા અંગે ઘડવામાં આવેલા રેગ્યુલેશન નં. ૧૦૧ એ. અને ૧૦૯-એ ને મંજૂર કરવા (મંજૂર થયેલા રેગ્યુલેશનો આ સાથે પરિશિષ્ટ "ઘ" તરીકે આપવામાં આવ્યા છે.)

૬૩. સિન્ડિકેટના ઠરાવ અન્વયે એમ.ફાર્મ. પરીક્ષા અંગે નીચે જણાવ્યા પ્રમાણે રિવાઈઝ કરેલા ઑર્ડિનાન્સ ૩૮૩-ડી. ને મંજૂર કરવા બાબત.

(નોંધ:-પહેલાંના ઑર્ડિનન્સ ૩૦૮ ની લાઇન ૩ માં આવતા "four" શબ્દને બદલે "three" શબ્દ મૂકવામાં આવ્યો છે)

383-D : "Every candidate presenting himself for M.Pharm. Degree Examination for the first time will be required to submit one month before the commencement of the examination three type-written copies of a thesis containing the results of his own study or investigations carried out under the direction and guidance of a recognised University Teacher in a pharmaceutical subject. The thesis should be referred to the examiners appointed to conduct the examination and may form the basis of viva-voce examination at the practical test"

આથી ઠરાવવામાં આવે છે કે ઑર્ડિનન્સ નં. ૩૮૩-ડી. માં ઉપર જણાવ્યા પ્રમાણે સુધારો કરવો.

૬૪. બી.એસસી. ની પરીક્ષામાં ૨૦ ટકા ગુણ ક્રેડિટ પદ્ધતિથી આપવાનું નક્કી થયા મુજબ શ્રી. રજિસ્ટ્રારે ઘડેલો નીચે જણાવ્યા મુજબનો રેગ્યુલેશન ૭૮-એ. ને મંજૂર કરવા બાબત.

R 78-A : "At the B.Sc. Examination 20 per cent of the marks in practical shall be reserved for the credit to be given to the candidates by the respective colleges for their day to day work and test examination, in practicals, conducted by the college in the Principal subject. The remaining 80 per cent of the marks for practicals shall be assigned to the candidates' performance at the practical examination held by the University.

In order to pass the examination the candidate must obtain 33 per cent of the marks in credit as well as in the University Practical Examination"

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. રજિસ્ટ્રારે ઘડેલો રેગ્યુલેશન નં. ૭૮-એ. મંજૂર કરવો.

૬૫. કૉલેજોમાં નિમાતા લેકચરરો તથા પ્રોફેસરોના ઓછામાં ઓછા પિરિયડ વગેરે અંગે સિન્ડિકેટે કરેલા ઠરાવ મુજબ શ્રી. રજિસ્ટ્રારે ઘડેલો ઑર્ડિનન્સ નં. ૧૨૦-એ. નો ખરડો.

આથી ઠરાવવામાં આવે છે કે રજિસ્ટ્રારે ઘડેલ ઑર્ડિનન્સ નં. ૧૨૦-એ તેની પેટા કલમ 1 (ii) માં "M.A or M.Sc. students" ને બદલે "Students for the Master's Degree" એ શબ્દો મૂકીને મંજૂર કરવો. (મંજૂર થયેલો ઑર્ડિનન્સ આ સાથે પરિશિષ્ટ "ચ" તરીકે આપવામાં આવ્યો છે.)

૬૬. યુનિવર્સિટી સાથે જોડાયેલી કૉલેજોમાં અને માન્ય સંસ્થાઓમાં નિમાતા શિક્ષકો માટેની ઓછામાં ઓછી લાયકાત અંગેનો શ્રી. રજિસ્ટ્રારે રજૂ કરેલ સ્ટેટ્યૂટ ૧૩૫-એ. નો અરજો.

આથી ઠરાવવામાં આવે છે કે રજિસ્ટ્રારે વરેલો સ્ટે ૧૩૫-એ. નીચે પ્રમાણે સુધારા સાથે મંજૂર કરવો:

૧. "ઍન્જિનિયરીંગ" એ મથાળા હેઠળ પેટા કલમ (૧) માં "Five years' teaching or professional experience" ને બદલે "Three years' teaching or professional experience" એમ સુધારવું તથા 'total period of 7 years" ને બદલે "total period of 5 years" એમ વાંચવું.

૨. "મેડિસિન" એ મથાળા હેઠળના પેરા ૨ ને બદલે નીચે પ્રમાણે વાંચવું:

"Assistant Professor or Lecturer :-

(1) Postgraduate qualification in the subject

AND

(2) Research work published in a recognised Journal in the subject or at least two years' experience as a Demonstrator or Registrar or House Officer or Casualty Officer etc.

Professors :-

(1) Postgraduate qualification in the subject

AND

(2) Research work published in a recognised Journal or four years' teaching experience as an Assistant Professor or Lecturer."

(સુધારેલા સ્ટેટ્યૂટની નકલ આ સાથે પરિશિષ્ટ '૬" તરીકે સામેલ છે.)

૬૭. ફર્સ્ટ ઇયરની એકસ્ટર્નલ પરીક્ષાઓના વિદ્યાર્થીઓને માર્કસ તથા પાસીંગ સર્ટિફીકેટો આપવા અંગે જુદી જુદી કૉલેજોમાં જુદી જુદી પદ્ધતિ પ્રવર્તે છે તેથી દરેક જગ્યાએ એક જ પદ્ધતિ રાખવા વિચારણા કરવા બાબત.

(નોંધ:-પાસીંગ સર્ટિફીકેટ તથા માર્કસ, પરીક્ષાના પરિણામ જાહેર થયાની તારીખથી એક વર્ષની અંદર જો માગવામાં આવે તો કોઇ પણ જાતની ફી લીધા વગર આપવાં અને ત્યાર પછી માગે તો રૂા. ૨-૦-૦ ફી કૉલેજે રાખવી એવું કાર્યાલયનું સૂચન છે.)

આથી ઠરાવવામાં આવે છે કે એકસ્ટર્નલ પરીક્ષાઓના વિદ્યાર્થીઓનાં પાસીંગ સર્ટિફીકેટ તથા માર્કસ સર્ટિફીકેટ અંગે કાર્યાલયનું સૂચન મંજૂર કરવું.

૬૮. અ. સને ૧૯૫૬ ના પ્રથમ છ માસ દરમિયાન લેવાનારી પરીક્ષાઓમાં પ્રાશ્નિકો, પરીક્ષકો, સુપરવાઇઝરો, ફ્લેકટોટમ, વગેરે જે ભૂલો કરે તેમના કેસો તપાસી વિચારણા કરી સિન્ડિકેટને હેવાલ સુપ્રત કરવા માટે સમિતિની નિમણૂક કરવા બાબત.

બ. સને ૧૯૫૬ ના પ્રથમ છ માસ દરમિયાન લેવાનારી પરીક્ષાઓમાં જે વિદ્યાર્થીઓ ગેરવ્યાજબી દલાજો (Unfair means) નો ઉપયોગ કરે તેમના કેસો તપાસી વિચારણા કરી સિન્ડિકેટને હેવાલ સુપ્રત કરવા માટે સમિતિની નિમણૂક કરવા બાબત.

(નોંધ:–ગઇ સાલ ઉપર જણાવેલી બન્ને સમિતિઓ ઉપર નીચે જણાવેલ સભ્યોની નિમણૂક કરવામાં આવી હતી:

૧. શ્રી. વાઇસ-ચાન્સેલર
૨. શ્રી. બદુભાઇ એચ. દેસાઇ
૩. શ્રી. રતિલાલ મો. ત્રિવેદી
૪. પ્રિન્સિ. આર. પી. પટેલ.)

આથી ઠરાવવામાં આવે છે કે ગઇ સાલ ઉપર જણાવેલી બન્ને સમિતિઓ ઉપર જે સભ્યો હતા તેમને આ વર્ષે પણ ચાલુ રાખવા.

૬૯. એ. જી. ટીચર્સ કૉલેજ, અમદાવાદને બી.એડ. ના વર્ગમાં ૨૦ વધારે વિદ્યાર્થીઓ દાખલ કરવા પરવાનગી આપવા બાબતનો મજકૂર કૉલેજના પ્રિન્સિપલ તરફથી આવેલો પત્ર.

(નોંધ:–હાલમાં આ કૉલેજને ૧૦૦ વિદ્યાર્થીઓ લેવાની છૂટ આપેલી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે એ. જી ટીચર્સ કૉલેજ, અમદાવાદને બી.એડ. ના વર્ગમાં ૨૦ વધુ વિદ્યાર્થીઓ દાખલ કરવાની પરવાનગી આપવી.

૭૦. એમ. જે. કૉલેજ ઑફ કૉમર્સ, ભાવનગરમાં ઈન્ટરમિડિયેટ કૉમર્સનો બીજો વર્ગ ખોલવા પરવાનગી આપવા બાબતનો મજકૂર કૉલેજના પ્રિન્સિપલનો પત્ર.

આથી ઠરાવવામાં આવે છે કે એમ. જે. કૉલેજ ઑફ કૉમર્સ, ભાવનગરમાં ઈન્ટરમિડિયેટ કૉમર્સનો બીજો વર્ગ ખોલવાની પરવાનગી આપવી.

૭૧. બી.એ. માં એક ઉપરાંત વધુ વિશિષ્ટ અભ્યાસના વિષયો શીખવતી હોય તે કૉલેજોમાં તે વિષયો માટે અલગ પ્રોફેસરો ન હોય તો તે વિશિષ્ટ વિષયો કયા છે અને તેમાં અલગ અલગ પ્રોફેસરો શા માટે નથી તે અંગે કારણો મંગાવવા બાબત તેમજ અલગ અલગ વિષયો માટે અલગ અલગ પ્રોફેસરો હોવા જોઇએ અને એક પ્રોફેસર બે

મુખ્ય વિષય લઈ ન શકે એવી સિન્ડિકેટે કૉલેજોને આજ્ઞા કરવા બાબતના પ્રિન્સિપલ અ. ક. ત્રિવેદી તરફથી આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે બી.એ. માં એક ઉપરાંત વધારે વિશિષ્ટ અભ્યાસના વિષયો શીખવતી હોય તે કૉલેજમાં તે વિષયો માટે અલગ અલગ પ્રોફેસર ન હોય તો ને વિશિષ્ટ વિષયો કયા છે અને તેમાં અલગ અલગ પ્રોફેસર શા માટે નથી તે અંગે કારણો મંગાવવાં અને અલગ અલગ વિષયો માટે અલગ અલગ પ્રોફેસરો હોવા જોઇએ તથા એક પ્રોફેસર બે મુખ્ય વિષય ન લઈ શકે તેમ કૉલેજોને જણાવવું.

૭૨. ઍફિલિએટેડ કૉલેજોના શિક્ષકોએ લેવા જોઇતા બોજામાં બે છ પિરિયડ અંગે સિન્ડિકેટે કરેલા સુધારા અંગે એચ. એલ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદના સ્ટાફ તરફથી થયેલા ઠરાવ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબતની નોંધ લેવી.

૭૩. કૉલેજોમાં વિદ્યાર્થીઓની વધારેમાં વધારે સંખ્યા દાખલ કરવા અંગે સિન્ડિકેટે કરેલા ઠરાવો બાબતમાં સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી, સૂરતની એક્ઝીકયુટિવ અને મેનેજિંગ કમિટીના ચેરમેન તરફથી આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબતની નોંધ લેવી.

૭૪. ભારતીય વિદ્યાભવન તરફથી સૂરત ખાતે જૂન ૧૯૫૬થી શરૂ કરાનાર આર્ટ્સ કૉલેજને જોડાણ આપવા બાબતની અરજી.

(નોંધ:– કૉલેજ શરૂ કરવી હોય તેની પહેલાંના વર્ષની જુલાઈની પહેલી તારીખ પહેલાં અરજી કરવાની જરૂરિઆતમાં સિન્ડિકેટ છૂટછાટ આપી શકે છે. કૉલેજ માન્ય કરવા માટે કરવી પડતી વિધિ આટલા ટૂંકા સમયમાં પૂરી કરવાનું શકય નથી.)

આ પ્રશ્ન વિચારણા માટે રજૂ થયો ત્યારે ઉપકુલપતિશ્રીએ ખુલાસો કર્યો કે ભારતીય વિદ્યાભવન તરફથી પોતાની અરજી પર વિચારણા કરવાનું મુલતવી રાખવાની વિનંતી કરવામાં આવી છે એટલે આ બાબતમાં કશી વિચારણા કરવાની જરૂર જણાઇ ન હતી.

૭૫. ઍન્જિનિયરીંગની પરીક્ષાઓ બીજું સત્ર પૂરું થયા બાદ એક મહિના પછી અથવા તે અરસામાં શરૂ કરવી અને એ પ્રમાણે સુધારો કરવા બાબત ટેકનોલૉજી ઇન્કલ્યુડીંગ ઍન્જિનિયરીંગની ફૅકલ્ટીના ડીનની સૂચના ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ટેકનોલૉજી ઇન્કલ્યુડીંગ ઍન્જિનિયરીંગની ફૅકલ્ટીના ડીનની સૂચના માન્ય કરવી તથા તે પ્રમાણે ઑર્ડિનન્સમાં જરૂરી ફેરફાર કરવો.

૭૬. કુલપતિશ્રીએ સેનેટ ઉપર નીમેલા ડૉ. એચ. ડી. સાંકળીયાને ફૅકલ્ટી એસાઇન કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ડૉ. એચ. ડી. સાંકળીયાને આર્ટ્સ ઇન્કલ્યુડીંગ એજ્યુકેશનની ફૅકલ્ટી એસાઇન કરવી.

૭૭. સિન્ડિકેટે તેની તા. 3-૩–૧૯૫૬ના રોજ મળેલ સભામાં આઇટેમ ૨૪ અને ૯૨ અંગે એનેટોમી અને ફિઝિયોલૉજી વિષય માટે ગુજરાતી ભાષામાં પુસ્તકો લખવા અંગે ઍકેડેમિક કાઉન્સિલના ઠરાવો અને મેડિકલ ફૅકલ્ટીએ આ અંગે નિમેલ સમિતિનો રિપોર્ટ વગેરે મંજૂર કર્યા છે. પબ્લિકેશન બૉર્ડનો મૂળ ઠરાવ છે કે જેને સિન્ડિકેટે બહાલી આપેલી છે તેમાં અમુક પુસ્તકોનો ગુજરાતી ભાષામાં અનુવાદ (Adoption) એમ ઉલ્લેખ કરવામાં આવેલ છે જ્યારે આ અંગે મેડિકલ ફૅકલ્ટીએ નીમેલ સમિતિના રિપોર્ટમાં સદર વિષયો અંગે પુસ્તકો લખવા (Writing) નો ઉલ્લેખ છે તો તે અંગે સ્પષ્ટીકરણ થવા બાબત તેમજ જો તે અંગે આગળ પગલાં લેવાનાં હોય તો તેનો ખર્ચ કયાં પાડવો તે અંગે પણ નિર્ણય કરવા બાબત.

(નોંધ:– સાધારણ રીતે પબ્લિકેશન બૉર્ડ અંગ્રેજી પુસ્તકોનો ગુજરાતી ભાષામાં અનુવાદ કરાવે છે. આ ખર્ચ તેમજ પ્રકાશન માટેની મદદ વગેરે માટેના ખર્ચ માટે પબ્લિકેશન બૉર્ડના બજેટમાં ફક્ત રૂા. ૫,૦૦૦ નીજ સવડ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે ઉપર જણાવેલાં પુસ્તકોનો અનુવાદ કરવો નહિ, પરંતુ તે નવેસરથી લખાવવાં અને તેનો ખર્ચ ટેકસ્ટ બૂકસ અંગેના ખાતામાં પાડવો.

૭૮. શ્રી. વાઇસ-ચાન્સેલર તથા શ્રી. રજિસ્ટ્રારનાં મકાનો આવતા જૂન સુધીનાં તૈયાર થવાની અપેક્ષા છે તેથી તે મકાનોની દેખરેખ રાખવા એક ચોકીદાર, એક સફાઇ કારીગર તથા બે માળીની જગ્યાઓ ઉભી કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. વાઇસ–ચાન્સેલર તથા શ્રી. રજિસ્ટ્રારનાં મકાનોની દેખરેખ રાખવા માટે એક ચોકીદાર, એક સફાઇ કામદાર તથા બે માળીની કાયમી જગ્યાઓ મંજૂર કરવી.

૭૯. અનુસ્નાતક શિક્ષણ અંગેનું કામકાજ યુનિવર્સિટીએ કરવાનું હોવાથી તે અંગેનું કામકાજ ઘણું જ વધશે તેથી એક જુનિયર ક્લાર્ક તથા એક સિનિયર ક્લાર્ક તથા એક ટાઇપિસ્ટની એમ નવી ત્રણ જગ્યાઓ મંજૂર કરવા બાબત તથા હુમણાં પરિભાષાનું કામકાજ ચાલુ હોવાથી આ માટે પણ એક જુનિયર ક્લાર્ક અને એક ટાઇપિસ્ટની એક વર્ષ માટેની નવી જગાઓ મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કાર્યાલયની સૂચના પ્રમાણે એક જુનિયર ક્લાર્ક, એક સિનિયર ક્લાર્ક તથા એક ટાઇપિસ્ટની એમ ત્રણ કાયમી જગાઓ મંજૂર કરવી તથા એક જુનિયર ક્લાર્ક તથા એક ટાઇપિસ્ટની નવી જગાઓ એક વર્ષ માટે મંજૂર કરવી.

૮૦. ગુજરાતીને આપણે શિક્ષણ અને પરીક્ષણનું માધ્યમ આવશ્યક બનાવ્યું હોવાથી આપણી યુનિવર્સિટીનું વાતાવરણ ગુજરાતી ભાષામય બનાવવું જોઇએ એવા સૂચન અંગે સિન્ડિકેટમાં નીચેનો ઠરાવ મૂકવા બાબતનો એસ. બી. ગાર્ડા કૉલેજ, નવસારીના પ્રિન્સિપલનો પત્ર.

"આવતા વિદ્યાવર્ષથી ગુજરાત યુનિવર્સિટીનું તમામ વહીવટી કામ ગુજરાતીમાં જ કરવું એટલે કે—

૧. તમામ પ્રવેશપત્રકો, તમામ પરીક્ષાઓનાં ગુણપત્રકો, તમામ નોટિસો, તમામ આજ્ઞાપનાઓ (ઑર્ડિનન્સીસ), તમામ બિલો, તમામ રસીદો, અનુસ્નાતક માન્યતાની અરજીનાં પત્રકો વગેરે વહીવટી લખાણો ગુજરાતીમાં જ લખાય.

૨. સેનેટ – એ. સી. વગેરેની સભાઓમાં જે જે ઠરાવો આવે ને મૂકાય તે ગુજરાતીમાં જ મૂકાય તે જોવું.

૩. તમામ અભ્યાસસમિતિઓને સિન્ડિકેટે આજ્ઞા કરવી ઘટે છે કે અભ્યાસક્રમો ગુજરાતીમાં રજૂ કરો. હવે જ્યારે નવા વિદ્યાવર્ષમાં અભ્યાસસમિતિઓ પ્રથમ વાર મળે ત્યારે તે પોતપોતાના વિષયોના અભ્યાસો ગુજરાતીમાં અનુવાદિત કરીને રજૂ કરે તેમ કરાવવું ઘટે છે. અંગ્રેજીમાં રજૂ થયેલા અભ્યાસક્રમો સ્વીકારવા નહિ.

આખું વાતાવરણ જ્યાં સુધી ગુજરાતીમય ન થાય ત્યાં સુધી ગુજરાતીનું પ્રભુત્વ ન સ્થપાય, અને આપણે લીધેલું પગલું તે તરફ પૂર્ણ વફાદારીથી આપણે આગળ ધપાવવું ઘટે છે એમ હું માનું છું.

સિન્ડિકેટે ઉપર મુજબ પગલાં લેવાં તેમજ હેન્ડબુકસ યાને યુનિવર્સિટીનાં સંદર્ભ પુસ્તકો તમામ ગુજરાતીમાં તરત છાપવાં ઘટે છે. ભલે અંગ્રેજીમાં પણ હોય તેનો વાંધો નથી પણ ગુજરાતીમાં તો તે તરતજ હોવાંજ જોઈએ, ને તરત તેમ કરાવવા એમ હું સૂચના રજૂ કરું છું."

આથી ઠરાવવામાં આવે છે કે એસ. બી. ગાર્ડા કૉલેજ, નવસારીના પ્રિન્સિપલ અ. ક. ત્રિવેદીના પત્રમાં જણાવેલી બાબતોનો સૈદ્ધાંતિક રીતે સ્વીકાર કરવો.

૮૧. યુથ ફેસ્ટીવલમાં રેડિયો પ્લેની રજૂઆત માટે ગુજરાત યુનિવર્સિટી તરફથી રેડિયો પ્લેની રજૂઆત કરનાર ગુજરાત કૉલેજનું જૂથ મેસર્સ આર. તોલાટ એન્ડ કંપની પાસેથી ઇફેક્ટ્સનો બે રેકર્ડો લાવ્યું હતું તે રેકર્ડો દિલ્હીથી પાછા આવતી વખતે પરત લાવવાની રહી ગઈ છે તો આ અંગેનો ખર્ચ કોણે ભોગવવો તે નક્કી કરવા બાબત.

(નોંધ:–જે વિદ્યાર્થીઓ રેકર્ડો લઇ ગયા હતા તે વિદ્યાર્થીઓ ખુલાસામાં જણાવે છે કે રેકર્ડો શ્રી. એસ. આર. ભટ્ટને સોંપી હતી. શ્રી. એસ. આર. ભટ્ટ જણાવે છે કે તેમને કોઈ પણ

રેકર્ડ સોંપવામાં આવી નથી. આ બન્ને રેકર્ડ્સની કુલ કિંમતનું રૂા. ૪૩-૮-૦નું મેસર્સ આર. તોલાટનું બિલ ગુજરાત કૉલેજના આચાર્યે યુનિવર્સિટીને મોકલી આપ્યું છે.)

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર બાબત અંગે પ્રોફેસર એસ. આર. ભટ્ટનો અભિપ્રાય મેળવવો તથા તેમને યોગ્ય લાગે તો જ તે પ્રમાણે રૂા. ૪૩-૮-૦નું મેસર્સ આર. તોલાટનું બિલ ગુજરાત યુનિવર્સિટીએ ચૂકવવું.

૮૨. સમાજાવેષ્ઠા ભવનના સ્ટેટિસ્ટીક્સના લેક્ચરર શ્રી. ટી. એન. ભાર્ગવની તા. ૨૦ મી ફેબ્રુઆરી ૧૯૫૬ થી તા. ૨૮ મી ફેબ્રુઆરી ૧૯૫૬ સુધીની અને તા. ૪ માર્ચથી તા. ૬ માર્ચ સુધીની વગર પગારે રજા (extra-ordinary leave) મંજૂર કરવા બાબત.

(નોંધ:-શ્રી. ટી. એન. ભાર્ગવની તા. ૨૦-૨-૫૬ થી તા. ૨૮-૨-૫૬ સુધીની કેઝ્યુઅલ રજા મંજૂર થઈ હતી. તા. ૨૯-૨-૫૬ થી તા. ૬-૩-૫૬ સુધીની માંદગીની રજા બાબતનો રિપોર્ટ આવ્યો હતો, પરંતુ રજાના નિયમ અનુસાર કેઝ્યુઅલ રજા સાથે માંદગીની રજા જોડી શકાય નહિ તેથી તેમ જ તેમને માટે ફક્ત ચાર દિવસની માંદગી રજા જમા હોવાથી ઉપર જણાવ્યા પ્રમાણે વગર પગારે રજા મંજૂર કરવા બાબત.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. ટી. એન. ભાર્ગવની તા. ૨૦ મી ફેબ્રુઆરી ૧૯૫૬ થી તા. ૨૮ મી ફેબ્રુઆરી ૧૯૫૬ સુધીની અને તા. ૪ થી માર્ચથી તા. ૬ માર્ચ ૧૯૫૬ સુધીની એક્સ્ટ્રા-ઑર્ડિનરી લીવ વગર પગારની રજા મંજૂર કરવી.

૮૩. એમ. એન. કૉલેજ, વીસનગરમાં શ્રી. એન. કે. પટેલે ૧૯૫૪-૫૫ના બીજા સત્ર દરમિયાન જુનિયર બી.એસસી. માટે રાખેલા સત્રને મંજૂર કરવા બાબત

(નોંધ:-મજકૂર વિદ્યાર્થીએ કૉલેજમાં હાજરી આપી છે અને તે ઉપરાંત શારદા વિદ્યાલય, ભૂણાવમાં પણ સત્ર દરમિયાન તા. ૧૭-૧૧-૧૯૫૪ થી તા. ૨૦-૧૨-૫૪ સુધી નોકરી કરી છે. તા. ૨૦-૧૨-૫૪ થી તા. ૨૦-૨-૫૫ સુધી નોકરીમાંથી વગર પગારે રજા લઇ કૉલેજમાં થિયરી અને પ્રેકટીકલ્સ બન્નેમાં હાજરી આપી છે. તા. ૧૭-૧૧-૫૪ થી તા. ૨૦-૧૨-૫૪ સુધીમાં એક પણ પ્રેકટીકલ કર્યો નથી તેથી તા. ૨૦-૧૨-૫૪ થી તા. ૨૦-૨-૫૫ દરમિયાન કુલ જોઈતાં બધાં જ પ્રેકટીકલ્સ કરેલાં છે. મજકૂર વિદ્યાલયના આચાર્ય તરફથી તેમ જ મજકૂર કૉલેજના પ્રિન્સિપલ તરફથી ખુલાસા આવ્યા હતા.)

આથી ઠરાવવામાં આવે છે કે એમ. એન. કૉલેજ, વીસનગરમાં જુનિયર બી એસસી. ના વર્ગમાં શ્રી. એન. કે. પટેલે ૧૯૫૪-૫૫ માં ભરેલું સત્ર આ બાબતના ખાસ સંજોગો લક્ષમાં લઇને મંજૂર કરવું.

૮૪. નીચે જણાવેલા વિદ્યાર્થીઓની હાજરી નિયમ કરતાં ઓછી હોવાથી તેમના નામ સામે જણાવેલ કારણોસર માફ કરવા બાબતની તેમની કૉલેજના પ્રિન્સિપલો મારફત આવેલી અરજીઓ.

	નામ	સત્ર	કુલ જરૂરી હાજરીના દિન	ભરેલી હાજરીના દિન	નોંધ
૧	શ્રી. એચ. એ. પઠાણ ઈન્ટર આર્ટ્સ, એમ. એન. કૉલેજ, વિસનગર.	પહેલું બીજું	૬૫ ૬૫	૭૦ ૫૧	૫ વધારે હાજરી ૧૪ ખૂટતી હાજરી
			કુલ ખૂટતી હાજરી...		૯
	કારણ: પિતાજીનું અવસાન થવાથી				
૨.	શ્રી. એ. બી. નાયક એફ.વાય. સાયન્સ, એમ. એન. કૉલેજ, વિસનગર.	પહેલું બીજું	૬૫ ૬૫	૫૨ ૪૪	૧૩ ખૂટતી હાજરી ૨૧ ,, ,,
			કુલ ખૂટતી હાજરી...		૩૪
	કારણ: બંને સત્રમાં પોતાની માંદગી. તબીબી પ્રમાણપત્ર રજૂ કર્યું છે.				
૩.	શ્રી. એન. જે. પટેલ એસ.ઇ. (એમ. ઍન્ડ ઇ.) બી. વી. મહાવિદ્યાલય, વલ્લભવિદ્યાનગર, વાયા આણંદ.	પહેલું બીજું	૬૦ ૬૦	૪૫ ૪૩	૧૫ ખૂટતી હાજરી ૧૭ ,, ,,
			કુલ ખૂટતી હાજરી...		૩૨
	કારણ: પોતાની માંદગી. તબીબી પ્રમાણપત્ર રજૂ કર્યું છે.				
૪.	શ્રી. વલીઅહમદ મુનશી, જયેન્દ્રપુરી આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, ભરૂચ.	પહેલું બીજું	૬૫ ૬૫	૧૬ ૭૨	૪૯ ખૂટતી હાજરી ૭ વધારે હાજરી
			કુલ ખૂટતી હાજરી...		૪૨
	કારણ: પોતાની માંદગી. તબીબી પ્રમાણપત્ર રજૂ કર્યું છે.				

	નામ	સત્ર	કુલ જરૂરી હાજરીના દિન	ભરેલી હાજરીના દિન	નોંધ
૫.	શ્રી. અહમદ ઇસ્માઇલ પટેલ, જયેન્દ્રપુરી આર્ટ્સ ઍન્ડ	પહેલું	૬૫	૪૬	૧૯ ખૂટતી હાજરી
	સાયન્સ કૉલેજ, ભરૂચ.	બીજું	૬૫	૭૧	૬ વધારે ,,
				કુલ ખૂટતી હાજરી...	૧૩

કારણ: પોતાની માંદગી. ઘરની સારવાર લે છે તેથી તબીબી પ્રમાણપત્ર મોકલવા અશક્ત છે.

૬.	શ્રી. અબદુલ્લા મુસા પટેલ, જયેન્દ્રપુરી આર્ટ્સ ઍન્ડ	પહેલું	૬૫	૪૦	૨૫ ખૂટતી હાજરી
	સાયન્સ કૉલેજ, ભરૂચ.	બીજું	૬૫	૭૦	૫ વધારે હાજરી
				કુલ ખૂટતી હાજરી...	૨૦

કારણ: પોતાની માંદગી. ખુબ ગરીબ હોવાથી તબીબી સારવાર લઇ શકે એમ નથી.

	નામ	સત્ર	કુલ વ્યાખ્યાનો	ભરવાં જોઇતાં વ્યાખ્યાનો	ભરેલાં વ્યાખ્યાનો	ખૂટતી હાજરી
૭.	શ્રી. બી. એમ. મેકવાન, એમ.એ.,	પહેલું ૧૯૫૩–૫૪	૯	૬	૩	૩
	ગુજરાત કૉલેજ, અમદાવાદ.	બીજું ૧૯૫૩–૫૪	૧૨	૯	૯	—
					કુલ ખૂટતી હાજરી...	૩

કારણ: પોતાની માંદગી. તબીબી પ્રમાણપત્ર રજૂ કર્યું છે.

આથી ઠરાવવામાં આવે છે કે:

૧. શ્રી. એચ. એ. પઠાણની ખૂટતી હાજરી માફ કરવી.
૨. શ્રી. એ. બી. નાયકની ખૂટતી હાજરી માફ કરવી નહિ.
૩. શ્રી. એન. જે. પટેલની ખૂટતી હાજરી માફ કરવી નહિ.
૪. શ્રી. વલી અહમદ મુન્શીની ખૂટતી હાજરી માફ કરવી નહિ.

૫. શ્રી. અહમદ ઈસ્માઇલની ખૂટતી હાજરી માફ કરવી.

૬. શ્રી. અબદુલ્લા મુસા પટેલની ખૂટતી હાજરી માફ કરવી.

૭. શ્રી. બી. એમ. મેકવાનની ખૂટતી હાજરી માફ કરવી.

૮૫. બૉર્ડ ઑફ સ્ટુડન્ટ્સ વેલ્ફેરની તા. ૨૩-૩-૫૬ના રોજ મળેલી આઠમી બેઠકમાં થયેલા ઠરાવ નં. ૨, ૫ અને ૬ને મંજૂર કરવા બાબત.

૨. સને ૧૯૫૬-૫૭ના વર્ષ માટે કૉલેજોના વિદ્યાર્થીઓની દાક્તરી તપાસ માટે ચીફ મેડિકલ ઑફિસરે રજૂ કરેલી યોજના ઉપર વિચારણા કરવા બાબત.

"આથી ઠરાવવામાં આવે છે કે હાલ ચાલે છે તેમ ફક્ત યુનિવર્સિટીમાં દાખલ થતા નવા વિદ્યાર્થીઓની જ દાક્તરી તપાસ કરવી. પરંતુ ગઈ સાલની તપાસમાં જે વિદ્યાર્થીઓનાં આરોગ્ય બરાબર ન જણાયા હોય અને જેઓને તે માટે સલાહ-સૂચનો મોકલાવ્યાં હોય તે વિદ્યાર્થીઓમાંના બની શકે તેટલાને શ્રી. ચીફ મેડિકલ ઑફિસરે જે તે કૉલેજની મુલાકાતે જાય ત્યારે તેમની મુલાકાત લેવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે અત્યાર સુધીમાં થઇ ગયેલી વિદ્યાર્થીઓની તપાસના આધારે નોમ્સ કાઢવા"

૫. સને ૧૯૫૬-૫૭ના વર્ષ માટે બૉર્ડ ઑફ સ્ટુડન્ટ્સ વેલ્ફેરનું બજેટ નક્કી કરવા બાબત.

"આથી પરિશિષ્ટ "અ" માં આપેલું બજેટ મંજૂર કરવા આ બૉર્ડ સિન્ડિકેટને વિનંતી કરે છે."

૬. યુનિવર્સિટી કેમ્પસ વિસ્તારમાં વિદ્યાર્થીઓ માટે રીક્રીએશન સેન્ટર ખોલવા અંગેનાં જરૂરી પગલાં લેવા બાબત.

"આથી ઠરાવવામાં આવે છે કે વિદ્યાર્થીઓના માટે રીક્રીએશન સેન્ટર ખોલવા માટે યુનિવર્સિટી કેમ્પસ વિસ્તારમાં એક સ્વીમીંગ પુલ તથા એક ક્લબ હાઉસ કે જેમાં ઈન્ડોરગેઇમ્સ, રીડીંગ રૂમ, તથા જીમનેશીયમની વ્યવસ્થાનો સમાવેશ કરવામાં આવ્યો હોય તેવો બંધાવવા અને તે માટે મુંબઈ સરકાર પાસે તથા મધ્યસ્થ સરકાર પાસે જરૂરી રકમની ગ્રાન્ટ મેળવવા માટે જરૂરી પગલાં લેવા આ બૉર્ડ સિન્ડિકેટને વિનંતી કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે બૉર્ડ ઑફ સ્ટુડન્ટ્સ વેલ્ફેરના ઠરાવ નં. ૨, ૫, અને ૬માં કરવામાં આવેલી ભલામણો મંજૂર કરવી.

(બજેટની નકલ આ સાથે પરિશિષ્ટ "જ" તરીકે સામેલ છે.)

૮૬. ગુજરાત યુનિવર્સિટીના આસિસ્ટન્ટ લાયબ્રેરીયન શ્રી. એ. આર. દેસાઇને કાયદાની ડિગ્રીનો અભ્યાસ કરવા દેવા પરવાનગી આપવા બાબતની લાયબ્રેરીયન મારફત આવેલી અરજી.

(નોંધઃ–લાયબ્રેરીયને તેમની ભલામણમાં નીચે પ્રમાણે જણાવ્યું છે:

"લાયબ્રેરીના કામના કલાકોની તથા લૉ કૉલેજના કામના કલાકોની વ્યવસ્થા જોતાં શ્રી. દેસાઇને કાયદાનો અભ્યાસ કરવાની રજા આપવાથી લાયબ્રેરીના એમના કામમાં કાંઇપણ વાંધો આવશે નહિ. વળી મુંબઇ તથા પૂના યુનિવર્સિટીના લાયબ્રેરી સ્ટાફને પણ આવી આગળ અભ્યાસની સગવડ અપાય છે તે ધ્યાનમાં લઇને એમને આ પરવાનગી આપવામાં આવે એવી મારી ભલામણ છે. તે પરથી શ્રી. રજિસ્ટ્રારનો શેરો નીચે પ્રમાણે છેઃ

"Normally, the Uuiversity does not grant permission to its members of the staff to study and appear in our own examinations. In view, however. of the recommendation of the Librarian, V.C. may kindly consider the case."

આથી ઠરાવવામાં આવે છે કે આસિ. લાયબ્રેરીયન શ્રી. એ. આર. દેસાઇને કાયદાની ડિગ્રીનો અભ્યાસ કરવા દેવા પરવાનગી આપવા બાબતની અરજી નામંજૂર કરવી.

૮૭. રિસર્ચ સ્ટુડન્ટશીપ્સ અંગેના નિયમો પૈકી નિયમ નં. 3 માં છેવટે (Ayurvedic Medicine) શબ્દો ઉમેરી સુધારો કરવા બાબત

સુધારેલો નિયમ નીચે મુજબ વંચાશેઃ

(3) The object of the Research Studentships is to enable research students to undertake research in any subject in the Faculties of Arts including Education, Science, Technology including Engineering, Agriculture, Law, Medicine, Commerce or Ayurvedic Medicine."

આથી ઠરાવવામાં આવે છે કે રિસર્ચ સ્ટુડન્ટશીપ્સ અંગેના નિયમો પૈકી નિયમ ૩ માં કાર્યાલયની સૂચના પ્રમાણે ફેરફાર કરવો.

૮૮. ગુજરાતી ભાષા સાહિત્ય ભવનના અધ્યક્ષ શ્રી. ઉમાશંકર જોષીને મધ્યસ્થ સરકારે "સામાન્ય જ્ઞાન" ની તપાસ કરવા માટેની સમિતિમાં નીમ્યા છે અને તેઓ તે અંગેના કામકાજ માટે તારીખ ૨૭–૩–૧૯૫૬ના રોજ પરદેશ ગયા છે તો આ બાબતમાં સિન્ડિકેટની મંજૂરી મળવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાતી ભાષા સાહિત્ય ભવનના અધ્યક્ષ શ્રી. ઉમાશંકર જોષીને સામાન્ય જ્ઞાનની તપાસ કરવા માટેની સમિતિ પર નીમેલા હોવાથી તેમના પરદેશના પ્રવાસને મંજૂરી આપવી.

૮૯. શ્રી. આર. સી. માસ્ટરની લાયબ્રેરીનાં પુસ્તકો ગુજરાત યુનિવર્સિટીને ભેટ તરીકે આપવાની દરખાસ્ત અંગે તેમજ શ્રી. માસ્ટરની મિલકતના એકઝીકયુટર્સ ને સ્ટેટ બેંક ઑફ ઇન્ડિયાને શ્રી. માસ્ટરના વસિયતનામાની પ્રોબેટ મેળવવા માટે રૂા. ૨૦૦ ખર્ચ થયો છે તે યુનિવર્સિટી તરફથી આપવા બાબતના શ્રી. માસ્ટરના મિત્ર શ્રી. પી. જે પંડયા તરફથી આવેલો પત્ર.

આથી ઠરાવવામાં આવે છે કે પ્રોબેટને અંગેનો ખર્ચ આપવો નહિ અને શ્રી. માસ્ટરના મિત્ર પ્રોફેસર પી. જે. પંડયા પાસેથી પુસ્તકોની વિગતો મેળવીને એ પુસ્તકો યોગ્ય હોય તો જ સ્વીકારવાં.

૯૦. લાયબ્રેરી કમિટીના ઠરાવ નં. ૨૪૧ ને મંજૂરી આપવા બાબત.
ઠરાવ નં. ૨૪૧

"સને ૧૯૫૫–૫૬ નું રિવાઇઝડ અંદાજપત્રક તથા ૧૯૫૬–૫૭ નું અંદાજપત્રક જે ઑફિસ તરફથી તૈયાર કરવામાં આવ્યું હતું તે મીટીંગ વખતે થયેલા સુધારા સાથે મંજૂર કરવામાં આવે છે. આ બજેટ મંજૂર કરવાની સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે. લાયબ્રેરી સ્ટાફમાં દરવાજા આગળના કાઉન્ટર પરની ફરજ માટે એક પટાવાળાની નિમણૂક કરવાની જરૂર છે. તો એ જગ્યા ઉભી કરવા માટે પણ સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે. આનો સમાવેશ આ સાથેના ૧૯૫૬–૫૭ ના અંદાજપત્રકમાં કરવામાં આવેલો છે."

(નોંધ:–ગુજરાત યુનિવર્સિટીની અંદાજ સમિતિની ભલામણોમાં આ રકમનો સમાવેશ થઇ જાય છે. ફક્ત વધારાની નિમણૂક માટે સિન્ડિકેટની મંજૂરીની જરૂર છે.)

આથી ઠરાવવામાં આવે છે કે લાયબ્રેરી કમિટીનો ઠરાવ નં. ૨૪૧ મંજૂર કરવો.

૯૧. નીચે મુજબના ગૃહસ્થોની નિમણૂકને તેમના નામ સામે જણાવેલ તારીખના રોજ એક વર્ષ પૂરું થતું હોવાથી તેઓને તે તારીખથી તેમની જગ્યાએ કાયમ કરવા બાબત.

	નામ	હોદ્દો	વર્ષ પુરું થવાની તારીખ
૧.	શ્રી. ડી. કે. ભટ્ટ	જુનિયર કલાર્ક	૧૮–૪–૫૬
૨.	શ્રી. એન. કે. વ્યાસ	,,	૧૮–૪–૫૬
૩.	શ્રી. એન. જે. પટેલ	,,	૧૯–૪–૫૬
૪.	શ્રી. આર. કે. યાજ્ઞિક	,,	૨૨–૪–૫૬
૫.	શ્રી. એચ. એમ. શાહ	,,	૨૨–૪–૫૬

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. ડી. કે. ભટ્ટ, શ્રી. એન. કે. વ્યાસ, શ્રી. એન. જે. પટેલ, શ્રી. આર. કે. યાજ્ઞિક તથા શ્રી. એચ. એમ. શાહને તેમની સામે જણાવેલ તારીખથી જુનિયર કલાર્ક તરીકે કાયમ કરવા.

૯૨. અનુસ્નાતક શિક્ષકોને માન્યતા આપવા બાબતમાં સેનેટે મંજૂર કરેલા ઑર્ડિનન્સ ૬૫-એફ અને ૬૫-એમ. માં થોડો ફેરફાર કરી ઑર્ડિનન્સ સુધારવા બાબતના પ્રિન્સિપલ આર. કે. અમીનના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબત બૉર્ડ ઑફ યુનિવર્સિટી ટીચીંગની વિચારણા માટે મોકલવી.

૯૩. પોતાના કુટુંબમાં લગ્ન હોવાથી પૈસાની જરૂર છે તેથી યુનિવર્સિટીમાંના પોતાના પ્રાવિડંટ ફંડના ફાળામાંથી રૂા. ૭૦૦ ની લોન આપવા બાબતની સ્ટેનોગ્રાફર શ્રી. બી. એમ. વૈશ્યની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. વૈશ્યની અરજી મંજૂર કરવી.

૯૪. પત્નીની દવા અંગે પૈસાની તુરત જરૂર હોવાથી પોતાના પ્રોવિડંટ ફંડની રકમમાંથી રૂા. ૩૦. અંકે રૂપીઆ ત્રીસની લોન આપવા બાબતની શ્રો. પૃથ્વીસિંહ જી. ઝાલાની અરજી ઉપરથી તે મંજૂર કર્યા બાબતના ઉપકુલપતિશ્રીના કાર્યને બહાલી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપકુલપતિશ્રીના કાર્યને બહાલી આપવી.

૯૫. બહાઉદ્દી કૉલેજ, જુનાગઢના વિદ્યાર્થી શ્રી. આર. એસ. બેટાઇના પીએચ.ડી. ડિગ્રી માટેના મહાનિબંધ અંગે સિન્ડિકેટે નીમેલા રેફરી મહામહોપાધ્યાય શ્રી. પી વી. કાનેએ કામ કરવા અશક્તિ દર્શાવી હોવાથી તેમની જગ્યાએ સિન્ડિકેટની મંજૂરીની અપેક્ષાએ સંસ્કૃત અને પ્રાકૃતની અભ્યાસ સમિતિએ સૂચવેલા નામો પ્રમાણે નીચે મુજબના ક્રમમાં જણાવ્યા પ્રમાણે નિમણૂક કર્યા બાબતના ઉપકુલપતિશ્રીના કાર્યને બહાલી આપવા બાબત.

૧. પ્રો. જી. સી. ઝાલા
સેંટ ઝેવિયર્સ કૉલેજ, ૧૩-૧૫-એ પાર્વતી મેન્સન,
મુંબઇ-૭.

અથવા

૨. પ્રો. એચ. ડી. વેલણુકર,
૧૦-૨ શાસ્ત્રી હૉલ,
મુંબઇ-૭.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપકુલપતિશ્રીના કાર્યને બહાલી આપવી

૯૬ એમ ટી. બી. કૉલેજ, સુરતના ડૉ. સી. એમ. દેસાઇ કે જેમણે ડી.એસસી. ડિગ્રી માટેનો મહાનિબંધ રજૂ કરેલો છે તે તપાસવાને માટે ઍકેડેમિક કાઉન્સિલના ભલામણો પ્રમાણે સિન્ડિકેટે બે એક્સ્ટર્નલ રેફરી નીચે પ્રમાણે નીમેલા હતા:

૧. ડૉ. સી. સી. એડીસન,
રીડર ઈન ઇનઓર્ગેનિક કેમિસ્ટ્રી, યુનિ. ઑફ નોટિંગહામ, નોટિંગહામ.

૨. ડૉ આર. પી. લીનસ્ટેડ,
હેડ ઑફ કેમિસ્ટ્રી ડિપાર્ટમેન્ટ, ઇમ્પીરીઅલ કૉલેજ ઑફ સાયન્સ ઍન્ડ ટેકનોલૉજી, લંડન–૭.

સદર પૈકી ડૉ. સી. સી. એડીસનની સ્વીકૃતિ આવી ગઇ છે અને ડૉ. લીનસ્ટેડ એમણે મહાનિબંધ તપાસવા અશક્તિ દર્શાવી છે તો તેમને બદલે કેમિસ્ટ્રી અભ્યાસ સમિતિએ સૂચવ્યા મુજબ સિન્ડિકેટની મંજૂરીની અપેક્ષાએ નીચે મુજબના રેફરીઝ નીમ્યા બાબતના ઉપકુલપતિશ્રીના કાર્યને બહાલી આપવા બાબત.

૧. ડૉ. વીલીયમ ઇ. ગારનર,
૧૬૮, વેસ્ટ બરી રોડ,
બ્રીસ્ટોલ.

૨. ડૉ. એન. કે. એબ્રાહમ્સ,
૯૫, હાઇ ફીલ્ડ લેન, સાઉધામ્પટન,
પ્રોફેસર ઑફ કેમિસ્ટ્રી,
યુનિવર્સિટી ઑફ સાઉધામ્પટન.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપકુલપતિશ્રીના કાર્યને બહાલી આપવી.

૯૭. એલ. ડી. આર્ટ્સ કૉલેજ અને એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યુટ, અમદાવાદના વિદ્યાર્થીઓ ૧ શ્રી. બુચ કૃષ્ણકાંત મગનલાલ અને ૨. શ્રી. ગેન્ગે દીલીપ કીર્તિકરના એમ.એસસી. માટેના મહાનિબંધો રેફરીઝે મજકૂર ડિગ્રીઓ માટે સ્વીકાર્યા બાબતની ભલામણ ઉપરથી તેમને તે ડિગ્રીઓ માટે પસાર થયેલા જાહેર કરવા શ્રી. વાઇસ-ચાન્સેલરે શ્રી. રજિસ્ટ્રારને આપેલી પરવાનગીને બહાલી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપકુલપતિશ્રીના કાર્યને બહાલી આપવી.

૯૮. બૉર્ડ ઑફ એકાઉન્ટ્સ ઉપર સિન્ડિકેટે નોમીનેટ કરેલા સભ્ય શ્રી. એસ. એમ. શાહ હવે સિન્ડિકેટના સભ્ય તરીકે ચૂંટાયા હોવાથી તેમની જગ્યાએ સિન્ડિકેટની મંજુરીની અપેક્ષાએ શ્રી. બિહારીલાલ પી. શાહને નોમીનેટ કર્યા બાબતના શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપકુલપતિશ્રીના કાર્યને બહાલી આપવી.

૯૯. બિલ્ડીંગ કમિટીની નીચે મુજબની ભલામણો મંજૂર કરવા બાબત.

૧. વાઇસ-ચાન્સેલર તથા રજિસ્ટ્રારના બંગલાઓને અડીને જ દરેકમાં બે સરવન્ટસ ક્વાર્ટર્સ બંધાવવા અંગેના પ્લાન્સ તથા અંદાજ રૂા. ૧૬,૦૦૦. મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી તથા આ કામ વધારાના કામ તરીકે હાલના કોન્ટ્રાક્ટર્સ મે. રસિકલાલ ઍન્ડ કું. પાસે કરાવી લેવું.

૨. વાઇસ-ચાન્સેલર તથા રજિસ્ટ્રારના બંગલાઓ પાસેના કુવા ઉપર એક પાણીની રૂમ ૧૦ x ૧૦ ની તથા કુવામાં મોટર પંપ વિ. મૂકવા માટેના પ્લેટફૉર્મ પ્લાન તથા અંદાજ અનુક્રમે રૂા. ૧,૫૦૦ તથા રૂા. ૫૫૦. મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી અને તે કામ હાલના કોન્ટ્રાક્ટર પાસે વધારાના કામ તરીકે કરાવી લેવું.

૩. વાઇસ-ચાન્સેલર તથા રજિસ્ટ્રારના બંગલાના ફરનિશીંગ માટે અનુક્રમે રૂા. ૫,૦૦૦ તથા રૂા. ૩,૦૦૦. મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

આથી ઠરાવવામાં આવે છે કે બિલ્ડીંગ કમિટીની ભલામણ નં. ૧ તથા ૨ મંજૂર કરવી તથા નં. ૩ માં નીચે પ્રમાણે સુધારો કરીને મંજૂર કરવી:

શ્રી. વાઇસ-ચાન્સેલર તથા શ્રી. રજિસ્ટ્રારના બંગલાઓના ફરનિશીંગ માટે અનુક્રમે રૂા. પાંચ હજાર તથા રૂા. પંદરસો મંજૂર કરવા.

૧૦૦. ટાઇપીસ્ટ શ્રી. વી. પી. શાહની તેઓને બી.એ. ડિગ્રી માટે આગળ અભ્યાસ કરવા દેવા પરવાનગી આપવા બાબતની અરજી.

(**નોંધ:**–શ્રી. શાહે અજમેર બૉર્ડની ઈન્ટર આર્ટ્સની પરીક્ષા હાયર સેકન્ડ ક્લાસથી પસાર કરી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. વી. પી. શાહની અરજી નામંજૂર કરવી.

૧૦૧. ફાર્મસીના ડિપ્લોમા માટેની પરીક્ષાઓ અંગે પરીક્ષકોને આપવાનું મહેનતાણું અને તે અંગે એક્સ્પર્ટ આસિસ્ટન્ટ્સ કેટલા રાખવા વિગેરે માટે પ્રોવીઝન નથી તો એલ. એમ. કૉલેજ ફાર્મસીના પ્રિન્સિપલના સૂચન પ્રમાણે હાલમાં ઇન્ટર સાયન્સની પરીક્ષા માટે જે નિયમો છે તે જ નિયમો લાગુ પાડવા નિર્ણય લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ફાર્મસીના ડિપ્લોમા માટેની પરીક્ષાઓ અંગે પરીક્ષકોને આપવાના મહેનતાણા તથા તે અંગે એક્સ્પર્ટ એસિસ્ટન્ટ રાખવા બાબત એલ. એમ. કૉલેજ ઑફ ફાર્મસીના પ્રિન્સિપલનું સૂચન મંજૂર કરવું.

૧૦૨. નીચેના વિદ્યાર્થીઓની તેમના નામ સામે જણાવેલ વર્ગમાં ભરેલી હાજરી નિયમ કરતાં ઓછી હોવાથી તે માફ કરવા બાબતની જે તે કૉલેજના પ્રિન્સિપલ મારફત આવેલી અરજીઓ.

નામ	વર્ગ	સત્ર	ભરવી જોઇતી હાજરી	ભરેલી હાજરી	ખૂટતી હાજરી
૧. શ્રી. જી. વી. ત્રિવેદી	એફ.વાય. સાયન્સ	પહેલું	૬૫	૪૯	૧૬
		બીજું	૬૫	૯૭	૨૮ વધારે હાજરી

કારણઃ– એસ.એસ.સી. પાસ થયા બાદ મુંબઈ ભવાન કૉલેજમાં દાખલ થયેલા પરંતુ મુંબઈ યુનિ. ના નિયમ પ્રમાણે ત્યાં દાખલ થવા માટે લાયક ન હોવાથી આપણી કૉલેજમાં મોડા દાખલ થયેલા.

૨. શ્રી. કે. વી. શાહ એસ. બી. ગાર્ડા કૉલેજ, નવસારી.	જુ બી એ.	પહેલું	૬૫	૫૧	૧૪
		બીજું	૬૫	૬૫	—
				કુલ ખૂટતી હાજરી...	૧૪

કારણ– પોતાની માંદગી મજકૂર વિદ્યાર્થીના તબીબી પ્રમાણપત્રમાં જણાવ્યા મુજબ તે જૂન ૧૯૫૫ માં માંદો હતો. પ્રિન્સિપલને પૂછાવતાં જણાવે છે કે તે મજકૂર કૉલેજમાં જુલાઈની ૨૫ મી તારીખે દાખલ થયો છે. વધુમાં પ્રિન્સિપલ જણાવે છે કે "આ વિદ્યાર્થી ઘણુંખરૂં મંદવાડીઓ હતો" મુદ્દો એ છે કે મોડા દાખલ થયેલા વિદ્યાર્થીની ખૂટતી હાજરી માફ કરવી કે કેમ ?

નામ	સત્ર	કુલ વ્યાખ્યાનો	ભરવા જોઇતાં વ્યાખ્યાનો	ભરેલાં વ્યાખ્યાનો	ખૂટતી હાજરી
૩. શ્રી. યુ. એમ. દેસાઈ	ત્રીજું	૪૮	૩૨	૨૫	૭

કારણઃ– અનુસ્નાતક નોંધણીની છેલ્લી તારીખ ૨૦ મી જુલાઇ હતી તેથી સત્રનાં વ્યાખ્યાનો પણ તે તારીખથી શરૂ થયેલાં ગણવામાં આવશે એવી માન્યતા હતી તેથી હાજરી ખૂટે છે.

આથી ઠરાવવામાં આવે છે કેઃ–

૧. શ્રી. જી. વી. ત્રિવેદીની ખૂટતી હાજરી માફ કરવી.

૨. શ્રી. કે. વી. શાહની ખૂટતી હાજરી માફ કરવી પરંતુ એસ. બી. ગાર્ડા કૉલેજ, નવસારીના

પ્રિન્સિપલને આ બાબત અંગે પત્ર લખીને તેમનું ધ્યાન દોરવું કે સત્રમાં ખૂટતી હાજરી પૂરી થઇ શકે તેમ ન હોય તેવા સંજોગોમાં કોઈપણ વિદ્યાર્થીને કૉલેજમાં દાખલ કરવો નહિ.

૬. શ્રી. યુ. એમ. દેસાઇની ખૂટતી હાજરી માફ કરવી.

૧૦૩. પબ્લીકેશન બૉર્ડે ઠરાવ્યા પ્રમાણે "**English-Gujarati Glossary of Scientific terms**" એ પુસ્તકના રીવીઝન અને પ્રકાશન અર્થે માટે ગુજરાત રિસર્ચ સોસાયટીને રૂા. ૧,૦૦૦ ની ગ્રાન્ટ આપવાનું ઠરાવેલું તે પ્રમાણે મજકૂર સોસાયટીના અધ્યક્ષને જણાવતાં તેમના તરફથી આવેલો પત્ર.

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબત પબ્લીકેશન બૉર્ડ સમક્ષ વિચારણા માટે રજૂ કરવી.

૧૦૪. ફિઝિકલ રિસર્ચ લૅબોરેટરી, અમદાવાદના વિદ્યાર્થી શ્રી. એસ. એસ. દેગાંવકરનો એમ.એસસી. ડિગ્રી માટેનો મહાનિબંધ રેફરીઝે સ્વીકાર્યો હોવાથી તેમને તે ડિગ્રીમાં પાસ થયેલા જાહેર કરવા ઉપકુલપતિશ્રીએ શ્રી. રજિસ્ટ્રારને આપેલ પરવાનગીને બહાલી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપકુલપતિશ્રીના કાર્યને બહાલી આપવી.

૧૦૫. શ્રી. વી. એન. મહેતાને શૈક્ષણિક વર્ષ ૧૯૫૩-૫૪માં જુનિયર એમ.એ. માં દાખલ થવા પ્રોવિઝિનલ ઍલિજિબિલિટી સર્ટિફીકેટ આપેલું, પરંતુ જરૂરી સર્ટિફીકેટો રજૂ કરી ફાઇનલ કઢાવેલું નહિ હોવાથી સિન્ડિકેટે તેમનાં સત્રો રદ કરેલાં તે અંગે ફરી વિચારણા કરવા બાબતની મજકૂર વિદ્યાર્થીની અરજી.

(નોંધ: મજકૂર વિદ્યાર્થીનાં ૧૯૫૪-૫૫ નાં સત્રો મંજૂર કરેલાં છે. ૧૯૫૩-૫૪ નાં રદ કરેલાં સત્રો હવે મંજૂર કરી શકાય કે કેમ તે પ્રશ્ન છે.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. વી. એન. મહેતાની અરજી નામંજૂર કરવી.

૧૦૬. આ વર્ષથી એગ્રિકલ્ચરના નવા અભ્યાસક્રમ પ્રમાણે ઇન્ટર સાયન્સ (એગ્રિ.) પ્રથમ અને દ્વિતીય વર્ષની પરીક્ષાઓ લેવાની છે, પરંતુ તે અંગેના પરીક્ષકોને આપવાના મહેનતાણા અંગે અને મજકૂર પરીક્ષા માટે એક્ષપર્ટ આસીસ્ટન્ટ વગેરે માટે જોગવાઇ નથી તો આ માટે ફર્સ્ટ ઇયર સાયન્સ (એગ્રિ.) માટે જે નિયમો છે તે જ આ પરીક્ષાને લાગુ પાડવા બી.એ. એગ્રિકલ્ચર કૉલેજના આચાર્યના સૂચન પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે પ્રથમ અને દ્વિતીય વર્ષની પરીક્ષાઓ માટે પરીક્ષકોને આપવાના મહેનતાણા અંગે તથા મજકૂર પરીક્ષાઓ માટે એક્સપર્ટ એસિસ્ટન્ટ વગેરે માટે હાલમાં ફર્સ્ટ ઇયર સાયન્સ (એગ્રિ.) ને માટે જે નિયમો પ્રવર્તે છે તે જ નિયમો લાગુ પાડવા.

૧૦૭. ડૉ. એમ. એસ. કાનવિન્દે અને ડૉ. સી. આર. મહેતાને ૧૯૫૪-૫૫ના વર્ષ માટે મંજૂર કરેલી રિસર્ચ ગ્રાન્ટ અનુક્રમે રૂા. ૫૦૦ અને ૨૫૦ ના પહેલો હપ્તો ૧૯૫૪-૫૫ના વર્ષમાં અપાયો હતો. પરંતુ તે ગ્રાન્ટની રકમના બીજા હપ્તાની માંગણી ચાલુ વર્ષમાં આવી છે તો મજકૂર ગ્રાન્ટ ચાલુ વર્ષમાં રીન્યુ કરવા બાબત.

(ડૉ. કાનવિન્દેને ગવર્મેન્ટ ઑફ ઇન્ડિયાની એક વર્ષ માટેની Central Overseas Scholarship 1956-57 હેઠળ સ્કૉલરશીપ મળેલી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે ડૉ. એમ. એસ. કાનવિન્દે આવતા વર્ષ ૧૯૫૬-૫૭માં પરદેશ જવાના ન હોય તો જ તેમને રિસર્ચ ગ્રાન્ટનો બાકી રહેલો હપ્તો આપવો.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. સી. આર. મહેતાને રિસર્ચ ગ્રાન્ટનો બાકી રહેલો હપ્તો આપવો.

૧૦૮. યુનિવર્સિટીના વાર્ષિક હિસાબો હાલ આવક જાવકના રૂપમાં તૈયાર કરવામાં આવે છે, પરંતુ હવેથી આવક અને ખર્ચ તથા સરવૈયું તૈયાર કરાવવા કાર્યાલયનું સૂચન મંજૂર કરવા બાબત.

(નોંધ:-હાલના હિસાબો ચાલુ વર્ષની સ્થિતિ બતાવે છે. સૂચવેલી પદ્ધતિ મુજબ યુનિ. મિલકત તથા જવાબદારીઓ પણ સેનેટના સભ્યો જાણી શકે.)

આથી ઠરાવવામાં આવે છે કે કાર્યાલયની સૂચના મંજૂર કરવી.

૧૦૯. વાઇસ-ચાન્સેલર તથા રજિસ્ટ્રારના બંગલાઓના સેનીટરી ફીટીંગ માટે મે. ગેનન ડંકરલી ઍન્ડ કું.નું રૂા. ૧૧,૭૪૩નું ટેન્ડર મંજૂર કરવા બાબત.

(નોંધ:-નીચેના ચાર વેપારીઓ પાસેથી તે માટે ભાવો મંગાવ્યા હતા:

૧. મે. માધવલાલ ઍન્ડ કું.
૨. મે. રસિકલાલ ઍન્ડ કું.
૩. મે. ગેનન ડંકરલી ઍન્ડ કું.
૪. મે. ફડીયા બ્રધર્સ

તેમાંથી ફક્ત મે. માધવલાલ ઍન્ડ કું. ના જ ભાવો આવ્યા છે આ બાબતમાં મે. ફડીયા બ્રધર્સ તથા રસિકલાલ ઍન્ડ કું. ને જણાવતાં તેઓ કહે છે કે તેઓ ભાવ આપવા તૈયાર નથી. મે. ગેનન ડંકરલી ઍન્ડ કું. એ યુનિવર્સિટી બિલ્ડીંગનું સેનીટરી ફીટીંગનું કામ કરેલું છે અને તેઓ જણાવે છે કે તેઓએ જે ભાવે યુનિવર્સિટીનું કામ કરેલું છે તે જ ભાવે બંગલાઓનું

પણ કામ કરશે. ઉપરના ભાવ સામે માધવલાલ ઍન્ડ કું. ના ભાવથી સરખામણી નીચે પ્રમાણે થાય છે :—

મે. માધવલાલ ઍન્ડ કું. કુલ. રૂા. ૧૪,૬૨૫—૬—૦.

ભાઢ :—

આ માટેના ટેન્ડરમાં જે આઇટેમનું કામકાજ મે. ગેનન ડંકરલી ઍન્ડ કું. એ કરેલું ન હોવાથી તેમના ભાવ આપણી પાસે નથી તથા લેટ્રીન વ. ના સ્પેશ્યલ ટાઇપના ફીટીંગ્ઝના સ્પેશીફીકેશન બરાબર ન હોવાથી રૂા. ૩,૪૪૬—૦—૦

રૂા. ૧૧,૧૭૯—૬—૦

આ જ બાબતો માટે મે. ગેનન ડંકરલી ઍન્ડ કું. ના ભાવ પ્રમાણે કુલ ખર્ચ સાથેના સ્ટેટમેન્ટ પ્રમાણે રૂા. ૧૧,૭૪૩ થાય છે. જેથી કરીને બન્ને વચ્ચે તફાવત રૂા. ૫૬૪ નો છે. મે. માધવલાલ ઍન્ડ કું એ આપણું કોઇ કામ કરેલું નથી.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. વાઇસ—ચાન્સેલર તથા શ્રી. રજિસ્ટ્રારના બંગલાઓના સેનિટરી ફીટીંગ્ઝ માટે મેસર્સ ગેનન ડંકરલી ઍન્ડ કું. ને યુનિવર્સિટી એડમિનિસ્ટ્રેટીવ મકાનમાં જે ઢરે આ કામ કર્યું છે તે ઢરે આ કામ કરવાનું સોંપવું.

૧૧૦. પરીક્ષા સંબંધી એક બાનગી બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટના સભ્ય શ્રી. ગિરિશચંદ્ર દેસાઈને પરીક્ષક તરીકે ચાલુ રાખવા.

વધુમાં ઠરાવવામાં આવે છે કે તેમને યુનિવર્સિટીના નિયમ પ્રમાણે પરીક્ષક તરીકેનું મહેનતાણું આપવું નહિ પરંતુ પરીક્ષાના કામકાજ અંગે તેમને જે પ્રવાસ કરવો પડે તે અંગેનું ભાડું તથા ભથ્થું યુનિવર્સિટીના નિયમો પ્રમાણે આપવું.

૧૧૧. ઇન્ડિયા વ્હીટ લોન એજ્યુકેશનલ એકસચેન્જ પ્રોગ્રામ હેઠળ અમેરિકામાં પાંચ માસની ટ્રેનીંગ માટે હિંદની યુનિવર્સિટીઓમાંથી સાત લાયબ્રેરીયનો મોકલવાના હોવાથી આ યુનિવર્સિટી તરફથી નામ મોકલવા બાબતના યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી આવેલ પત્ર.

(**નોંધ**:—ગયે વર્ષે લાયબ્રેરીયન અને આસીસ્ટન્ટ લાયબ્રેરીયન બંનેને હિંદ સરકારે પસંદ કર્યા હતા. પરંતુ આપણે લાયબ્રેરીયનને જ મોકલી શકયા હતા. આ વર્ષે મોકલવા માટે આસિસ્ટન્ટ લાયબ્રેરીયન શ્રી. એ. આર. દેસાઈનું નામ શ્રી. લાયબ્રેરીયને સૂચવ્યું છે.)

આથી ઠરાવવામાં આવે છે કે ઇન્ડિયા વ્હીટ લોન એજ્યુકેશનલ પ્રોગ્રામ હેઠળ અમેરિકામાં પાંચ માસની તાલીમ માટે આ યુનિવર્સિટી તરફથી આસિ. લાયબ્રેરીયન શ્રી. એ. આર. દેસાઇનું નામ સૂચવવું.

૧૧૨. સિન્ડિકેટે પસાર કરેલા સુધારેલા સ્ટેટ્યૂટ ૧૭૩ ના કલૉઝ ૬ માં આવતા વિષયોમાં "ફિઝિયોલૉજી-હાઇજીન" ઉમેરી સ્ટેટ્યૂટમાં સુધારો કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સ્ટે. ૧૭૩ ના કલૉઝ ૬ માં આવતા વિષયોમાં "ફિઝિયોલૉજી-હાઇજીન" એ વિષય ઉમેરીને સુધારેલો સ્ટેટ્યૂટ સેનેટ સમક્ષ રજૂ કરવો.

૧૧૩. એ. જી. ટીચર્સ કૉલેજ, અમદાવાદના એમ.કૉમ. ના વર્ગમાં શ્રીમતિ વી. આર. પારેખે ભરેલી હાજરી નિયમ કરતાં ઓછી હોવાથી તે માફ કરવા બાબતનો મજકૂર કૉલેજના પ્રિન્સિપલ તરફથી આવેલો પત્ર.

નામ	સત્ર	કુલ વ્યાખ્યાનો	ભરવાં જોઇતાં વ્યાખ્યાનો	ભરેલાં વ્યાખ્યાનો	ખૂટતી હાજરી
શ્રીમતિ વી. આર. પારેખ	પહેલું	૨૦	૧૬	૧૯	૩ વધારે હાજરી
	બીજું	૨૫	૧૭	૧૬	૧ ખૂટતી હાજરી

કારણ:- તબીયત બરાબર નહિ હોવાથી સમયસર જતાં નહિ તેથી ગેરહાજરી પૂરાતી હતી.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રીમતિ વી. આર. પારેખની ખૂટતી હાજરી માફ કરવી.

૧૧૪. નીચે મુજબના સ્ટાફના સભ્યોની નિમણૂકને એક વર્ષ તેમના નામ સામે જણાવેલ તારીખના રોજ પૂરૂં થતું હોવાથી તેમને તે જગ્યાએ તે તારીખથી કાયમ કરવા બાબત.

નામ	હોદ્દો	વર્ષ પૂરૂં થવાની તારીખ
શ્રી. આર. બી. ભાવસાર	હેડ કલાર્ક	૧૬-૪-૫૬
શ્રી. એસ. એસ. વોરા	સિનિયર કલાર્ક	૧૬-૪-૫૬
શ્રી. જે. સી. પટેલ	,,	૧૬-૪-૫૬
શ્રી. જે. એચ. અધ્વર્યુ	,,	૧૬-૪-૫૬
શ્રી. કે. આર. જોષી	,,	૧૬-૪-૫૬

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. આર. બી. ભાવસારને હેડ કલાર્ક તરીકે તા. ૧૬-૪-૫૬ થી કાયમ કરવા તથા શ્રી. એસ. એસ. વોરા, શ્રી. જે. સી. પટેલ, શ્રી જે. એચ. અધ્વર્યુ તથા શ્રી. કે. આર. જોષીને તા. ૧૬-૪-૫૬ થી સિનિયર કલાર્ક તરીકે કાયમ કરવા.

૧૧૫. પીએચ.ડી. માટે અભ્યાસ કરવા દેવા પરવાનગી આપવા બાબતની હેડ કલાર્ક શ્રી. વી. એમ. દેસાઇની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. વી. એમ. દેસાઇની અરજી નામંજૂર કરવી.

૧૧૬. નીચે મુજબના સ્ટાફ સભ્યો તરફથી તેઓના પ્રોવિડન્ડ ફંડની રકમમાંથી લોન આપવા બાબતની અરજી ઉપરથી તે મંજૂર કર્યાના ઉપકુલપતિશ્રીના કાર્યને બહાલી આપવા બાબત.

નામ	હોદ્દો	રકમ	કારણ
શ્રી. એન. ડી. માંકુ	ટાઇપીસ્ટ (લાયબ્રેરી)	રૂા. ૨૦૦	માતુશ્રીની માંદગી
શ્રી. ખીમજી વિશ્રામ ગોડીલ	પટાવાળા (લાયબ્રેરી)	રૂા. ૫૦	પોતાની માંદગી

આથી ઠરાવવામાં આવે છે કે ઉપકુલપતિશ્રીના કાર્યને બહાલી આપવી.

૧૧૭. નીચે જણાવેલા વિદ્યાર્થીઓના તેમના નામ સામે જણાવેલ ડિગ્રી માટેના મહાનિબંધો રેફરીઝે તે તે ડિગ્રી માટે સ્વીકાર્યા હોવાથી તેમને તે ડિગ્રીમાં પાસ થએલા જાહેર કરવા ઉપકુલપતિશ્રીએ શ્રી. રજિસ્ટ્રારને આપેલી પરવાનગીને બહાલી આપવા બાબત.

	નામ		ડિગ્રી
૧.	શ્રી. ગેંગે રજનીકાંત કિર્તિકર, એમ. જી. સાયન્સ ઇન્સ્ટીટ્યૂટ. અમદાવાદ.	એમ એસસી.	કેમિસ્ટ્રી
૨.	શ્રી. મહેતા વસંતકુમાર મનસુખલાલ બી. એ. કૉલેજ ઑફ એગ્રિ. આણંદ.	,,	એગ્રિ.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપકુલપતિશ્રીના કાર્યને બહાલી આપવી.

૧૧૮. મે ૧૯૫૬ ના બીજા અઠવાડિયા દરમ્યાન ન્યુ દિલ્હી ખાતે ડાયરેક્ટર્સ ઑફ પબ્લીક ઇન્સ્ટિટ્યૂટ્સ, યુનિવર્સિટી ડિપાર્ટમેન્ટ અથવા ફૅકલ્ટીના અધ્યક્ષો તથા પબ્લીક એડમિનિસ્ટ્રેશન શીખવતા શિક્ષકોની એક સેમિનાર ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ પબ્લીક એડમિનિસ્ટ્રેશન, ન્યુ દિલ્હી તરફથી બોલાવવાનાર છે તો તે માટે આ યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા બાબતનો મજકૂર એસોસિએશનના ડાયરેક્ટર તરફથી આવેલો પત્ર.

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર સેમિનારમાં યુનિવર્સિટી તરફથી પ્રતિનિધિ મોકલવાની સત્તા ઉપકુલપતિશ્રીને આપવી.

૧૧૯. બી.એસસી. (સબ્સિડિયરી) ઝૂલૉજીની પરીક્ષામાં પ્રેકટીકલ્સ પરીક્ષાના મટીરીઅલ્સ માટે યુનિવર્સિટીએ વિદ્યાર્થી દીઠ રૂપિયા છ લેખે કૉલેજને આપવા એવું ઠરાવેલું છતાં ૧૯૫૬ ની મજકૂર પરીક્ષા માટે નીમાયેલા પરીક્ષક શ્રી. વી. બી. વિચારે તરફથી ખાસ કેસ તરીકે એકચ્યુઅલ ખર્ચ મંજૂર કરવા, (આસરે રૂા. ૧૧-૧૨-૦ વિદ્યાર્થી દીઠ) પત્ર.

આવ્યા ઉપરથી તે ખાસ કેસ તરીકે મંજૂર કર્યા બાબતના શ્રી. ઉપકુલપતિશ્રીનાં કાર્યને બહાલી આપવા બાબત, તથા હવેથી આ પરીક્ષામાં કયા દરથી ખર્ચ આપવું તે નક્કી કરવા બાબત.

(નોંધ:-સિન્ડિકેટે તાજેતરમાં જ મજકૂર ઠરામાં ફેરફાર કરીને રૂા. ૬ નું ધોરણ રાખ્યું છે તે પહેલાં એકચ્યુઅલ ખર્ચ આપવામાં આવતો હતો.)

આથી ઠરાવવામાં આવે છે કે ઉપકુલપતિશ્રીના કાર્યને બહાલી આપવી.

૧૨૦. એચ. એલ કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદમાં જુનિયર બી.કૉમ. ના વર્ગમાં ભરેલી હાજરી નિયમ કરતાં ઓછી હોવાથી તે બાંહેધરીને કારણે કોન્ડોન કરવા બાબતની શ્રી. અરવિંદ જે. ત્રિવેદીની મજકૂર કૉલેજના પ્રિન્સિપલ તરફથી આવેલી અરજી.

(નોંધ:-વિદ્યાર્થીએ તબીબી પ્રમાણપત્ર રજૂ કર્યું છે. હાજરી નીચે મુજબ છે:

સત્ર	કુલ હાજરી	ભરવી જોઇતી હાજરી	ભરેલી હાજરી	ખૂટતી હાજરી
પહેલું	૮૯	૬૭	૫૦	૧૭
બીજું	૮૪	૬૩	૪૨	૨૧
			કુલ ખૂટતી હાજરી...	૩૮

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. અરવિંદ જે. ત્રિવેદીની ખૂટતી હાજરી માફ કરવી.

૧૨૧. ફિઝિકલ રિસર્ચ લૅબોરેટરીની બે સ્કોલરશીપો જે ૧૯૫૪-૫૫ ના વર્ષ માટે શ્રી. હરજિતસિંઘ અહલુવાલીઆ તથા શ્રી. કે. રામનાથનને આપવામાં આવેલી તેને ૧૯૫૫-૫૬ ના વર્ષ માટે રિન્યુ કરવા બાબતનો મજકૂર લૅબોરેટરી તરફથી આવેલો પત્ર.

"મુદ્દો: The practice that Teachers holding degree qualifications in one subject only teaching another full subject recognised as an independent subject by the University should be remedied."

(નોંધ : અધ્યક્ષ તેમના પત્રમાં નીચે મુજબ જણાવે છે :

"I have to say that the professors recognised by the Gujarat University as post-graduate teachers and as Assistant recognised post-graduate teachers teach their respective subjects to the students. This will be seen from the time tables submitted by us"

(તેઓના ટાઈમ ટેબલમાં જણાવ્યા મુજબ પ્રો. બાંભણીયા એનશ્યન્ટ ઇન્ડિયન કલ્ચરના પેપરો ૩, ૫, અને ૬ શીખવે છે. પત્ર આવ્યા તે સમયે તેઓ આ વિષયમાં માન્ય શિક્ષક ન હતા. હવે થયા છે.)

આથી ઠરાવવામાં આવે છે કે અનુસ્નાતક શિક્ષણના સંયોજન અંગે નવી યોજના અમલી બનતી હોવાથી આ બાબતમાં કશું કરવાપણું રહેતું નથી.

૨૫. જે કૉલેજોમાં બી.એ. માંસ્પેશ્યલ વિષયો માટે અલગ અલગ પ્રોફેસરો ન હોય તેવી કૉલેજોને તે પ્રમાણે નિમણુકો કરવા જણાવવા બાબત તથા કૉલેજોમાં અધ્યાપકોના પિરિયડો અંગે થતી અયોગ્ય વહેંચણી ધ્યાનમાં લેતાં, કૉલેજોમાંથી આવતાં ટાઇમ ટેબલોની ચકાસણી કરવા સમિતિ નીમવા બાબત તેમજ કૉલેજોને અત્યારથી એ બાબત સૂચના મોકલવા બાબતના પ્રો. ચીમન પટેલના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ:-કૉલેજોમાં દરેક સ્પેશ્યલ વિષય માટે અલગ અલગ પ્રોફેસર હોવો જોઇએ એ બાબત કૉલેજોને જણાવતાં શામળદાસ કૉલેજ તરફથી આવેલા પત્રની નકલ મોકલવામાં આવી હતી. મજકૂર પત્ર પ્રો. ચીમન પટેલના પત્રમાં જણાવેલા વિષય પરત્વેનો છે)

આથી ઠરાવવામાં આવે છે કે પ્રોફેસર ચીમન પટેલના પત્રની નોંધ લેવી તથા તેમણે સૂચવ્યા અનુસાર સમિતિ નીમવાની સિન્ડિકેટને જરૂર જણાતી નથી તેમ તેમને જણાવવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે માન્ય થયેલી કૉલેજોમાં દરેક સ્પેશ્યલ વિષય માટે અલગ અલગ પ્રોફેસર હોવા જોઇએ એમ શામળદાસ કૉલજ, ભાવનગરના પ્રિન્સિપલને જણાવવું.

૨૬. એમ.જે. કૉલેજ ઑફ કૉમર્સ, ભાવનગરના વધારાના ૧૦ ટકાની માર્જીન સહિત જૂનિયર બી.કોમ. ના વર્ગમાં ૧૫૦ વિદ્યાર્થીઓને દાખલ કરવા પરવાનગી આપવા બાબતનો મજકૂર કૉલેજના પ્રિન્સિપલનો પત્ર.

(નોંધ:-આ અંગે યુનિવર્સિટીએ જૂનિયર બી.કૉમ. ના વર્ગમાં ૭૫ વિદ્યાર્થીઓને દાખલ કરવા પરવાનગી આપેલી છે, વધારાના વિદ્યાર્થીઓને દાખલ કરવા અંગે શું વ્યવસ્થા કરી છે તેવી મતલબનો કાર્યાલય તરફથી પત્ર લખતાં મજકૂર કૉલેજના પ્રિન્સિપલનો જવાબ નીચે મુજબ છે:

"Regarding the facilities, I may point out that each class of Jr. as well as Sr. B.Com. can accommodate 150 students and we have sufficiet number of benches for the students. As such, I trust all the facilities are in the college and the Syndicate will have no objection to allowing us to admit 150 students per class.)

આથી ઠરાવવામાં આવે છે કે એમ. જે. કૉલેજ ઑફ કૉમર્સ, ભાવનગરને તેમણે માગેલી ૧૦ ટકાના માર્જિન સહિત જૂનિયર બી.કૉમ. ના વર્ગમાં ૧૫૦ વિદ્યાર્થીઓને દાખલ કરવા માટે મજકૂર કૉલેજમાં જરૂરી જગા તથા સાધનો હોય તો માગેલી પરવાનગી આપવી.

૨૭. અમુક જાતના સંજોગો ધ્યાનમાં લઇને અઠવાડિયામાં ફક્ત એક જ પી. ટી. પિરિયડ હવેથી રાખવા બાબતનો મહિલા મહાવિદ્યાલય, ધારંધરના પ્રિન્સિપલનો પત્ર.

(નોંધ: મજકૂર પત્ર અંગે શ્રી. રજિસ્ટ્રારની નીચે મુજબ રીમાર્કસ છે:

"So far as Physical training is concerned there may be a difference between men students & women students in the choice of exercises. There may be no difference, however, in the number of periods."

આ અંગે ઑર્ડિનન્સીઝમાં જેટલા શક્ય પિરિયડો લેવાય તેના લગભગ ૬૦ પિરિયડોમાં હાજરી આપવી જરૂરી છે એવી મતલબનો પ્રબંધ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે મહિલા મહાવિદ્યાલય, પોરબંદરના પ્રિન્સિપલનું સૂચન સ્વીકારવું નહિ.

૨૮. એલ.ડી. આર્ટ્સ કૉલેજ અને એમ.જી. સાયન્સ ઇન્સ્ટીટ્યૂટ, અમદાવાદ ખાતે ૧૯૫૬ થી પોલિટિકસને ખાસ વિષય તરીકે દાખલ કરવા માગે છે જેના જોડાણની શરત પ્રમાણે યુનિવર્સિટીના ધારાધોરણ પ્રમાણે એક પ્રોફેસર નીમવો પડે છે તો તે જગ્યા ઉપર શ્રી. પી. જી. માવળંકરને નીમવા બાબતનો મજકૂર કૉલેજના પ્રિન્સિપલનો પત્ર.

(નોંધ : શ્રી. પી. જી. માવળંકર મજકૂર કૉલેજમાં પોલિટિકસ સબ્સીડિયરી વિષય તરીકે હાલ શીખવે છે. આ અગાઉ ચેન્જીઝ ઇન કૉલેજ સ્ટાફની સ્ટેન્ડીંગ કમિટીની ભલામણ ઉપરથી શ્રી. માવળંકરને સિન્ડિકેટે પ્રોફેસર તરીકે માન્ય કર્યા નથી. શ્રી. માવળંકરની શૈક્ષણિક લાયકાત તેમજ અનુભવ નીચે મુજબ છે.

Shri Mavalankar is B.A. (Hons.) 1949 B.U. II Class & M.A. 1951 B.U. II Class. He has kept terms for M.Sc. (Econ.) London in 1951-53. He has got 4 years' teaching experience

પ્રોફેસરની નિમણૂક અંગે યુનિવર્સિટીનો નિયમ નીચે મુજબ છે :

"2nd Class M.A. (by Papers) and Second Class B.A. with 5 years' teaching experience in the Post-Intermediate Classes of an affiliated college."

પ્રિન્સિપલે તેમના પત્રમાં જણાવ્યું છે કે મજકૂર જગ્યા માટે તેમણે જાહેરખબર આપી હતી પરંતુ એક પણ અરજી આ જગ્યા માટે આવી નથી.)

આથી ઠરાવવામાં આવે છે કે એલ. ડી. આર્ટ્સ કૉલેજ અને એમ. જી. સાયન્સ ઇન્સ્ટીટ્યૂટ, અમદાવાદે શ્રી. પી. જી. માવળંકરને પોલિટિકસના ખાસ વિષય માટે પ્રોફેસર તરીકે નીમવા માટે માગેલી પરવાનગી આપવી નહિ.

૩૦. શ્રી. વાઇસ-ચાન્સેલર તથા શ્રી રજિસ્ટ્રારના બંગલાઓના સર્વન્ટસ ક્વાર્ટર્સ તથા પમ્પ રૂમનું બાંધકામ મેસર્સ રસિકલાલ એન્ડ કંપનીને સોંપવું એમ સિન્ડિકેટે ઠરાવ્યું હતું, પરંતુ મેસર્સ રસિકલાલ એન્ડ કંપની ચાલુ ભાવે કરવા ખુશી નથી અને ૧૫ ટકા વધારે આપવામાં આવે તો કરશે એમ જણાવ્યાથી મજકૂર કામ મેસર્સ રસિકલાલ એન્ડ કંપનીના ચાલુ ભાવથી મેસર્સ ગેનન ડંકરલીની કંપનીને આ કામ સિન્ડિકેટની મંજૂરીની અપેક્ષાએ શ્રી. વાઇસ-ચાન્સેલરની મંજૂરીથી સોંપવામાં આવેલ છે. મેસર્સ ગેનન ડંકરલીએ માલ

સામાનના વધેલા ભાવને કારણે સવા છ ટકાની વધારાની માગણી કરી છે તે પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. વાઇસ-ચાન્સેલર તથા રજિસ્ટ્રારના બંગલાઓના સર્વન્ટસ ક્વાર્ટર્સ તથા પમ્પરૂમનું બાંધકામ મેસર્સ ગેનન ડંકરલીની કંપનીને સોંપવા માટે શ્રી. વાઇસ-ચાન્સેલરે આપેલી મંજૂરીને બહાલી આપવી તથા તેમને માલસામાનના વધેલા ભાવને ધ્યાનમાં લઇને તેમની માગણી પ્રમાણે બાંધકામ માટે નીચે પ્રમાણે ભાવ આપવા :

મેસર્સ રસિકલાલ એન્ડ કંપનીને સોંપવામાં આવેલા કામના ચાલુ ૬૨ ઉપરાંત તે ૬૨ના સવા છ ટકા.

(**નોંધ:** મેસર્સ રસિકલાલ એન્ડ કંપનીએ ચાલુ ભાવ ઉપરાંત ૧૫ ટકાના વધારાની માગણી કરી હતી.)

૩૧. યુનિવર્સિટી પ્રેસ અંગેના અંદાજી ખર્ચ નક્કી કરવા બાબત.

(**નોંધ:** મજકૂર આઇટેમ તા. ૨૬-૧૧-૧૯૫૫ ના રોજ મળેલી સિન્ડિકેટ સમક્ષ મુકવામાં આવી હતી જેમાં આ બાબત અચાક્કસ મુદ્દત માટે મુલતવી રાખવી એમ ઠરાવવામાં આવ્યું હતું.)

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબતની વિચારણા મુલતવી રાખવી.

કામકાજ નં. ૩૨ અને ૩૩ ની વિચારણા એક સાથે કરવામાં આવી હતી.

૩૨. વિદ્યાર્થીઓમાં શિસ્ત જાળવવા અંગે કઇ જાતનાં પગલાં લેવા તે અંગે વિચારણા કરવા મુંબઇ રાજ્યની યુનિવર્સિટીઓના પ્રતિનિધિઓ અને કેળવણીકારોની સમિતિ નીમવા બાબતના શ્રી. બી. એન. ગોખલેના પત્ર અંગે જોઇન્ટ બૉર્ડ ઑફ વાઇસ-ચાન્સેલર્સે કરેલા ઠરાવ અનુસાર આ કામ યુનિવર્સિટિઓ ઉપર ઘટતાં પગલાં માટે મોકલ્યું હોવાથી તે અંગે વિચારણા કરવા બાબત.

(**નોંધ:** મજકૂર આઇટેમ તા. ૨૬-૧૧-૧૯૫૫ ના રોજ મળેલી સિન્ડિકેટ સમક્ષ મૂકવામાં આવી હતી જેમાં આ બાબત અચોક્કસ મુદ્દત માટે મુલતવી રાખવી એમ ઠરાવવામાં આવ્યું હતું.)

અને

૩૩. વિદ્યાર્થીઓની શિસ્ત અંગે કેટલાંક સૂચનો દર્શાવતા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી આવેલા પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે વિદ્યાર્થીઓની શિસ્ત અંગે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને કરેલા સૂચનોનો સૈદ્ધાંતિક સ્વીકાર કરવો.

૩૪. એમ.એસસી. પરીક્ષાના પ્રેકટીકલ પરીક્ષાઓ માટે પેપર સેટીંગ અંગે મહેનતાણું નક્કી કરવા બાબત.

(નોંધ: ઈન્ટર સાયન્સ અને બી. એસસી. ની પ્રેકટીકલ પરીક્ષાઓ માટે પેપર સેટીંગ બૉર્ડના દરેક સભ્યને અનુક્રમે રૂા. ૫૦. અને ૧૦૦. આપવામાં આવે છે તે જ જાતનું કામ એમ.એસસી. પરીક્ષાના પરીક્ષકોને કરવાનું હોય છે, જ્યારે તેમને પૈસા આપવામાં આવતા નથી. બે વિદ્યાર્થીઓની બેચીસ માટે લગભગ દસ પ્રેકટીકલ પેપરો સેટ કરવાના હોય છે. માટે એમ.એસસી. પરીક્ષાની ઑર્ગેનિક કેમિસ્ટ્રીની બૉર્ડના દરેક સભ્યને રૂા. ૧૦૦. તે ક્રાપ અંગે આપવા જોઈએ તેવી મતલબનો પત્ર ડૉ. આર. ડી દેસાઈ, ડૉ. એમ. એસ. શાહ, શ્રી જી. વી. જાધવ અને બી. જી. આર. ગુપ્તા તરફથી આવેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે એમ. એસસી. ની પરીક્ષાની પ્રેકટીકલ પરીક્ષાઓ માટે પેપર સેટીંગ માટે જુદું મહેનતાણું આપવું નહિ.

૩૬. ઑફિસ માટે એક નવુ જેસ્ટેટનરનું લેટેસ્ટ ઑટોમેટિક મશીન ખરીદવા મંજૂરી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઑફિસ માટે એક નવું જેસ્ટેટનરનું લેટેસ્ટ ઑટોમેટિક મશીન ખરીદવાને માટે મંજૂરી આપવી.

૩૯. યુનિવર્સિટીના આર્કિટેક્ટ શ્રી. આત્મારામ ગજ્જરને યુનિવર્સિટી સ્કૂલ ઑફ સોશિયલ સાયન્સીઝના પ્લાનની ટેકનીકલ મંજૂરી મેળવવા માટે મુંબઇ મોકલ્યા હતા તો તેમનું ચાર દિવસનુ હોલ્ટીંગ એલાવન્સ રૂા. ૨૦૦ મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૪૦. ઑફિસ સુપ્રીન્ટેન્ડન્ટ શ્રી. એસ. પી. મેઢની આસીસ્ટંટ રજિસ્ટ્રાર તરીકે નિમણૂક કરેલી હોવાથી તેમની ખાલી પડેલી જગા ઉપર નિમણૂક કરવા બાબત.

(નોંધ: આ અંગે ઑફિસએટીંગ સુપ્રીન્ટેન્ડન્ટ શ્રી. વી. એમ. દેસાઈ તથા સ્ટેનોગ્રાફર શ્રી. બી. એમ. વૈશ્યની અરજીઓની નકલો મોકલવામાં આવી હતી.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. વી. એમ. દેસાઈની ઑફિસ સુપ્રીન્ટેન્ડન્ટ તરીકે તા. ૨૫-૬-૫૬ થી નિમણૂક કરવી.

૪૩. ધર્મેન્દ્રસિંહજી કૉલેજ, રાજકોટમાં બી.કૉમ. બી.એસ.સી. બી.એ.ની પરીક્ષામાં બેઠેલા વિદ્યાર્થી શ્રી. આર. ડી. ભટ્ટે કેટલાક પ્રશ્નોના ઉત્તર હિન્દીમાં અને કેટલાક ગુજરાતીમાં આપ્યા છે.

તો આ વિદ્યાર્થીનું પરિણામ જાહેર કરવું કે કેમ તે બાબત સૂચના આપવા બાબતના મજકૂર કૉલેજના પ્રિન્સિપલ તરફથી આવેલો પત્ર.

(નોંધ: સ્ટે. ૨૦૭ અનુસાર જેઓની માતૃભાષા ગુજરાતી ન હોય તેઓને હિંદીમાં જવાબો લખવાની છૂટ છે. આ વિદ્યાર્થીએ પરીક્ષાના ફૉર્મમાં પોતાની માતૃભાષા હિંદી જણાવી છે તે છતાં કેટલાંક પ્રશ્નપત્રોના ઉત્તરો ગુજરાતીમાં લખ્યા છે)

આથી ઠરાવવામાં આવે છે કે ફર્સ્ટ ઇયર આર્ટ્સની પરીક્ષા એ કૉલેજોની આંતરિક વહીવટને લગતી બાબત હોઇ તે અંગે નિર્ણય લેવા માટે પ્રિન્સિપલ પોતે મુખત્યાર છે એમ ધર્મેન્દ્રસિંહજી કૉલેજ, રાજકોટના પ્રિન્સિપલને જણાવવું.

૪૪. બી.એસસી. પરીક્ષામાં પહેલી ટ્રાયલે કેમિસ્ટ્રીના મુખ્ય વિષયમાં વધારેમાં વધારે ગુણ લાવી પસાર થનાર વિદ્યાર્થીને સુવર્ણચંદ્રક આપવા માટે રૂપિયા પાંચ હજારની સખાવત યુનિવર્સિટીએ સ્વીકારવા બાબતનો શ્રી. કે કે. દેસાઇનો પ્રો. એમ એસ. દેસાઇ મારફત આવેલો પત્ર.

(નોંધ: ૧૯૫૬ ની પરીક્ષા માટે રૂપિયા ૧૫૦) આપવા દાતાએ જણાવ્યું છે)

આથી ઠરાવવામાં આવે છે કે બી.એસસી. ની પરીક્ષામાં પહેલા ટ્રાયલે કેમિસ્ટ્રીના મુખ્ય વિષયમાં વધારેમાં વધારે ગુણ લાવી પાસ થનાર વિદ્યાર્થીને સુવર્ણચંદ્રક આપવા માટે રૂા. ૫,૦૦૦. ૦. ૦. ની શ્રી. કે. કે. દેસાઇએ આપવા ધારેલી સખાવત સ્વીકારવી તથા ૧૯૫૬ ની પરીક્ષા માટે પણ દાતાએ રૂા. ૧૫૦-૦-૦ આપવા માટે જે માગણી કરી છે તે પણ સ્વીકારવી. (પત્રોની નકલ આ સાથે પરિશિષ્ટ "ચ" તરીકે સામેલ છે.)

૪૫. બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલયના એસ.ઇ. (મિકેનિકલ) ના વિદ્યાર્થી શ્રી. એન. જે. પટેલનાં સત્રોમાં ખૂટતી હાજરી સિન્ડિકેટે માફ કરી નથી. અને તેથી તેમનાં સત્રો માન્ય થતાં નથી. પરંતુ આ બાબત ફરીથી વિચારણા કરવા બાબતની મજકૂર વિદ્યાર્થીની અરજી તથા તે ઉપરના વલ્લભ વિદ્યાનગરના ટેન્થ એન્જિનિયરીંગ પ્લેટૂન એન સી.સી. ના કમાન્ડન્ટ તથા મજકૂર કૉલેજના પ્રિન્સિપલના શેરા ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. એન. જે. પટેલનાં સત્રોમાં ખૂટતી હાજરી અંગે સિન્ડિકેટે કરેલા નિર્ણયને ફેરવવા માટે સિન્ડિકેટને કશું કારણ જણાતું નથી.

૪૬. તા. ૭-૪-૧૯૫૬ ના રોજ મળેલી સિન્ડિકેટની સભામાં સને ૧૯૫૬ ના પ્રથમ છ માસ દરમ્યાનની પરીક્ષાઓમાં પ્રાશ્નિકો, પરીક્ષકો, સુપરવાઇઝરો, ફેકલ્ટીઝ, વગેરે જે ભુલો કરે તેમના કેસો તપાસી સિન્ડિકેટને રિપોર્ટ કરવા માટે તેમજ તે પરીક્ષાઓ દરમ્યાન જે વિદ્યાર્થીઓ ગેરવ્યાજબી ઇલાજોના ઉપયોગ કરે તો તેમના કેસો તપાસી સિન્ડિકેટને

રિપોર્ટ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ રચી છે, પરંતુ તે સભ્યો પૈકી શ્રી. રતિલાલ મો. ત્રિવેદીનું અવસાન થયું હોવાથી બીજા સભ્ય નીમવા બાબત.

(નોંધ : નીચેના સભ્યોની સમિતિ નીમવામાં આવી છે:

૧. શ્રી. વાઇસ-ચાન્સેલર,
૨. શ્રી. બટુભાઇ એચ. દેસાઇ,
૩. પ્રિન્સિપલ આર. પી. પટેલ,
૪. શ્રી. રતિલાલ મો. ત્રિવેદી.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. રતિલાલ મો. ત્રિવેદીના અવસાનથી મજકૂર સમિતિમાં ખાલી પડેલી જગા પર શ્રી. હિંમતલાલ પી. શુકલની નિમણૂક કરવી.

૪૭. સ્વ. શ્રી. આર. એમ. ત્રિવેદીને યુનિવર્સિટીના ચેકસ ઉપર સહીઓ કરવાની સત્તા હતી તો હવે તેમની જગ્યાએ સિન્ડિકેટના બીજા કોઇ સભ્યને આ સત્તા આપવા બાબત તથા તેઓ ફાઇનાન્સ કમિટીના સભ્ય હતા તો તે જગા ઉપર પણ બીજા સભ્યને નીમવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. એસ. એમ. શાહને ફાઇનેન્સ કમિટીના સભ્ય તરીકે નીમવા તથા તેમને યુનિવર્સિટીના ચેકો પર સહી કરવાની સત્તા આપવી.

૪૮. શ્રી બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલય, વલ્લભવિદ્યાનગર માટેની ત્રિવાર્ષિક તપાસણી સમિતિમાં શ્રી. એ. ડિ. ડિસોઝાને સિન્ડિકેટે નીમ્યા હતા, પરંતુ તેઓ એલ. ડી. એન્જિ-નીયરીંગ કૉલેજના પ્રિન્સિપલ મટી જવાથી તેમની જગાએ બીજા સભ્ય નીમવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ સવાલની વિચારણા મોકૂફ રાખવી.

૫૧. બી.એ. ની પરીક્ષામાં તત્વજ્ઞાન (ફિલોસોફી) ના વિષય લઇને પ્રથમ આવનાર વિદ્યાર્થીને શ્રી. વિદ્યાબેન નીલકંઠના નામનો સુવર્ણચંદ્રક આપવા માટે રૂપિયા પાંચ હજારની સંખાવત આપવા બાબતના શ્રીમતી જ્યોત્સનાબેન મહેતા તરફથી આવેલા પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ : ૧૯૫૬ ની પરીક્ષા માટેનો સુવર્ણચંદ્રક તેઓ તૈયાર કરાવી આપવા તૈયાર છે અથવા યુનિવર્સિટી તૈયાર કરાવે તો તે માટેની રકમ આપવા પણ તૈયાર છે.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રીમતી વિદ્યાબેન નીલકંઠના નામનો સુવર્ણચંદ્રક આપવા માટે રૂા. ૫,૦૦૦-૦-૦ ની સંખાવતનો નીચેની શરતોએ સ્વીકાર કરવો:

૧. બી.એ. ની પરીક્ષામાં તત્વજ્ઞાનનો વિષય લઇને પ્રથમ આવનાર વિદ્યાર્થીનીને ઓછામાં ઓછી તે પ્રથમ વર્ગમાં અથવા તો બીજા વર્ગમાં આવતી હોય તો જ તે સુવર્ણચંદ્રક આપવો.

૨. આ સુવર્ણચંદ્રકને પાત્ર નીવડવાને વિદ્યાર્થીનીએ બી.એ. માં "એન્ટાયર ફીલોસોફી" નો વિષય લીધેલો હોવો જોઈએ.

વધુમાં ઠરાવવામાં આવે છે કે ૧૯૫૬ ની પરીક્ષા માટેનો સુવર્ણચંદ્રક આપવા માટે જરૂરી રકમ આપવાની દાતાએ તૈયારી બતાવી છે તો તે રકમ પણ સ્વીકારવી. (પત્રની નકલ આ સાથે પરિશિષ્ટ "છ" તરીકે આપવામાં આવી છે.)

૫૨. એમ.એ. ડિગ્રી માટેની પરીક્ષા માટેના ઇનામ માટે પત્રમાં દર્શાવેલી શરતો અનુસાર ૩ ટકાની ગવર્મેન્ટ પ્રોમીસરી નોટોમાં રૂા. ૬,૭૦૦. નું દાન (ડોનેશન) આપવા અંગે શ્રી. અંબરીષલાલ આઇ. હઝરત તરફથી આવેલા પત્ર અંગે સિન્ડિકેટના નીચેના ઠરાવ મુજબ પુછાવતાં તેમના તરફથી આવેલો જવાબ:

ઠ રા વ :

"આથી ઠરાવવામાં આવે છે શ્રી. અંબરીષ આઈ. હઝરત તરફથી ૩ ટકાની ગવર્મેન્ટ પ્રોમીસરી નોટોમાં આપવામાં આવેલું રૂા. ૬૭૦૦. નું દાન (ડોનેશન) સ્વીકારવું તથા શરત નં. ૩ માં નીચે પ્રમાણે સુધારવા સ્વીકારવા શ્રી હઝરતને વિનંતી કરવી :

Out of the net amount of the annual income after deducting University charges Rs. 100/- should be given in cash, Rs. 75/- in books.

શરત નં. ૬ માં પણ શરત નં. ૩ અનુસાર ફેરફાર કરવો તથા આ ઇનામ આપતાં જે રકમ વધે તે ઇનામના ભંડોળમાં પ્રતિવર્ષ ઉમેરતાં જવુ."

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. અંબરીષ આઇ. હઝરત તરફથી આપવામાં આવેલી સખાવત સ્વીકારવી (પત્રની નકલ આ સાથે પરિશિષ્ટ "જ" તરીકે સામેલ છે.)

૫૬. નીચે જણાવેલા વિદ્યાર્થીઓએ તેઓના વર્ગમાં ભરેલી હાજરી નિયમ કરતાં ઓછી હોવાથી તેમનાં નામ સામે જણાવેલા કારણોસર તેમની ખૂટતી હાજરી માફ કરવા બાબતની તેઓની કૉલેજોના પ્રિન્સિપલો મારફત આવેલી અરજીઓ.

નામ:	કૉલેજ	વર્ગ	હાજરી પ્રથમ સત્ર	હાજરી બીજું સત્ર	ખૂટતી હાજરી	કારણ
૧. શ્રી. સી. એમ. ડીત્રોજા	બહાઉદ્દીન કૉલેજ,	જુ. બી.એસસી. જૂનાગઢ.	૫૧	૬૫	૧૪	કૉલેજમાં મોડા દાખલ થયા અને પહેલા સત્રની અંતે કાકાની માંદગી હોવાથી વતનમાં જવું પડેલ.

નામ	કૉલેજ	વર્ગ	હાજરી પ્રથમ સત્ર	હાજરી બીજું સત્ર	ખૂટતી હાજરી	કારણ
૨. શ્રીમતી ડી. જી. ચૂડાસમા	,,	–	૭૧	૫૯	૬	પિતા સરકારી અમલદાર તેમની બદલી થવાના કારણે કૉલેજમાં મોડા દાખલ થયેલાં
૩. શ્રીમતી નિર્મળા વી. દી.	,,	–	૫૬	૫૯	૧૫	મેન્સ્ટ્રુઅલ ડ્રબલને કારણે લાંબા સમય માટે કૉલેજથી દૂર જવું પડેલ અને શરમાળ સ્વભાવને કારણે દવા ડૉકટરની લીધેલ નહિ તેથી માંદગીનું પ્રમાણ પત્ર રજૂ કરેલ નથી.
૪. શ્રી. સી. કે. ચીતલીઆ	,,	એફ.વાય. આર્ટ્સ	૬૨	૬૭	૩	છાતીમાં દુખાવો થતો હોવાથી માંદગીનું પ્રમાણ પત્ર મોકલેલ નથી.
૫. શ્રી. એન. એમ. રાવળ	,,	ઇન્ટર આર્ટ્સ	૩૩	૬૫	૩૨	ફર્સ્ટ ઇયરની પરીક્ષા જુલાઇમાં પાસ કરી તેથી કૉલેજમાં મોડા દાખલ થયેલા. પછીથી તેમના પિતાની ગંભીર માંદગી અને પછીથી મૃત્યુ થવાથી મૃત્યુ પછીની ક્રિયાઓ કરવાની હોવાથી લાંબા સમય માટે ઘેર જવું પડેલ.
૬. શ્રી. એમ. બહાઉદ્દીન એમ. પંડ્યા. કૉલેજ,		ઇન્ટર આર્ટ્સ	૫૧	૭૦	૧૪	પહેલા સત્રના અંતના મહિનામાં ઠંડ મેલેરિયા તેમજ છાતીતો દુખાવો થવાથી, નિયમિત કૉલેજમાં હાજરી આપી શકેલ નથી. માંદગીનું પ્રમાણપત્ર સામેલ કરેલ નથી.

નામ	કૉલેજ	વર્ગ	હાજરી પ્રથમ સત્ર	હાજરી બીજું સત્ર	ખૂટતી હાજરી	કારણ
૭. શ્રી. વી. એમ. સીસાંગીઆ	,,	ઈન્ટર આર્ટ્સ	૬૨	૬૫	૩	ફર્સ્ટ ઇયરની પરીક્ષા યુનિવર્સિટીની પરવાનગી મુજબ જુલાઇમા ફરીથી લેવાયેલી અને તે કારણે કૉલેજમાં મોડા દાખલ થયેલ હોવાથી.
૮. શ્રી. ડી. એ. ભુવા	શામળદાસ કૉલેજ, ભાવનગર.	ફર્સ્ટ ઇયર સાયન્સ	૬૭	૫૨	૧૫	આર્થિક ચિંતાને લીધે અસ્વસ્થ રહેતા અને માથું દુઃખતું અને કેટલીક વખત ચક્કર આવતાં તેથી નિયમિત હાજરી ભરી શકયા નથી.

નામ	કૉલેજ	વર્ગ	કુલ વ્યાખ્યાનો	ભરવા જોઇતાં વ્યાખ્યાનો	ભરેલા વ્યાખ્યા નો	ખૂટતી હાજરી
૯. શ્રી. હરિવદન એન. જોષી	એચ.એલ. એમ.કોમ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ	પ્રથમ સત્ર	૧૭	૧૨	૧૧	૧
		બીજું સત્ર.	૨૬	૧૮	૧૬	૨

કારણ:–માંદગી તા. ૨૫–૧૧–૫૫ તથા તા. ૧૦–૧૨–૫૫ એ બે દિવસનું માંદગીનું પ્રમાણપત્ર રજૂ કરેલ છે.

૧૦. શ્રી. એ. બી. વ્યાસ	એચ.એલ. એમ.કોમ. કૉલેજ ઑફ કૉમર્સ અમદાવાદ.	પ્રથમ સત્ર	૧૭	૧૨	૧૫	૩ વધારે હાજરી
		બીજુ સત્ર	૨૬	૧૮	૧૨	૬ ખૂટતી હાજરી

કારણ:–માંદગી. માંદગીનું પ્રમાણપત્ર રજૂ કરેલ છે.

નામ	કૉલેજ	વર્ગ	ગ્રુપ	કુલ વ્યાખ્યાનો.	ભરવા જાહતાં વ્યાખ્યાનો	ભરેલા વ્યાખ્યાનો	ખૂટતી હાજરી	કારણ
૧૧. શ્રી. એક યુનિ સ્કુલ સી. એચ ઑફ સોશિ. એ.	જુ.એમ.	સી.		૪૪	૨૯	૩૩	૪ વધારે હાજરી	થોડે થોડે અંતરે એકાએક તાવ
૧૯૫૫-૫૬ યલ સાય- પ્રથમ સત્ર ન્સીઝ		ઈ.		૪૮	૩૨	૩૧	૧ ખૂટતી હાજરી	આવવાથી મેડિકલ સર્ટિફિકેટ રજૂ કર્યું નથી.
૧૨. શ્રી. ડી. આર.ખજાજ	,,	,,	,,	૪૪	૨૯	૩૫	૬ વધારે હાજરી	થોડે થોડે અંતરે ગેસ્ટ્રીક ફ્લ્યુલનો
૧૯૫૫–૫૬ પ્રથમ સત્ર.				૪૮	૩૨	૩૦	૨ ખૂટતી હાજરી	કડક હુમલો થવાથી મેડિકલ સર્ટિફીકેટ રજૂ કરેલ છે.
૧૩. શ્રી. પંડિત જી. એ. ૧૯૫૫–૫૬ પ્રથમ સત્ર.	,,	,,	,,	૪૪	૨૯	૨૯	૬ ખૂટતી હાજરી	કોલીટીકસના અનિયમિત હુમલા ઓ લઇને તેમજ પેટનું દર્દ થવાથી મેડિકલ સર્ટિ- ફીકેટ રજૂ કરેલ છે.
				૫૩	૩૫	૨૯		
૧૪. શ્રી મોરે જી એમ. ૧૯૫૫–૫૬ પ્રથમ સત્ર.	,,	,,	જી.	૪૮	૩૨	૨૭	૫ ખૂટતી હાજરી	કોનીક મેલેરિયા ને લઇને મેડિકલ
			એચ.	૩૮	૨૫	૨૪	૧ ,,	સર્ટિફીકેટ રજૂ કરેલ છે.
૧૫. શ્રી. પટેલ ટી. કે. ૧૯૫૫–૫૬ પથમ સત્ર.	,,	,,	જી.	૪૮	૩૨	૨૯	૩ ખૂટતી હાજરી	સ્કુલમાં રજી ઓગષ્ટ ૧૯૫૫માં
			એચ.	૩૮	૨૫	૨૬	૧ વધારે હાજરી.	ખોડાયા તેથી સત્ર શરૂ થયું તે તારી- ખથી નહિ પરંતુ એડમીશન તારી- ખથી ગણવાની વિનંતીકરી છે.

નામ	કૉલેજ	વર્ગ	ગ્રુપ	કુલ વ્યાખ્યા-નો	ભરવા જોઈતાં વ્યા-ખ્યાનો	ભરેલા વ્યા-ખ્યાનો	ખૂટતી હાજરી	કારણ
૧૬. શ્રી. શાહ સી. એમ. ૧૯૫૫-૫૬ પ્રથમ સત્ર.	,,	,,	ડી.	૪૧	૨૭	૨૫	૨ ખૂટતી હાજરી	એકયુટ જોડીસથી પીડાતા હોવાથી
			એફ.	૩૩	૨૨	૧૮	૪ ,,	મેડિકલ સર્ટિફીકેટ રજૂ કરેલ છે.
૧૭. મીસીસ સુશીલા એ. શેઠ ૧૯૫૫-૫૬ પ્રથમ સત્ર.	,,	,,	,,	૪૧	૨૭	૩૧	૪ વધારે હાજરી	જુલાઇ ૧૯૫૫ દરમ્યાન ઇન્ફલુ-એન્ઝાથી પીડાંતા
				૩૩	૨૨	૨૦	૨ ખૂટતી હાજરી	હોવાથી મેડિકલ સર્ટિફીકેટ રજૂ કરેલ છે.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપર જણાવેલા ૧૭ વિદ્યાર્થીઓની ખૂટતી હાજરી માફ કરવી.

૬૨. ૧૯૫૬-૫૮ના વર્ષ માટેની મેડીકાઇડ ઓવરસીઝ સ્કોલરશીપો અંગેના ભારત સરકારના કેળવણી ખાતાના મંત્રી તરફથી આવેલો પત્ર.

(નોંધ:- મજકૂર પત્ર કૉલેજોને પરિપત્રિત કરવામાં આવ્યો છે અને અરજીઓ તા. ૧૫-૭-૫૬ સુધીમાં મંગાવી છે. ગયે વર્ષે ઠરાવ્યું હતું કે જે કૉલેજ તરફથી વિદ્યાર્થી જતો હોય તે કૉલેજ સત્તાવાળાઓએ કુલ ખર્ચના ૨૫ ટકા આપવા. ૨૫ ટકા યુનિવર્સિટી આપશે. ૫૦ ટકા ખર્ચ સરકાર તરફથી અપાય છે. આ વખતના સરકારના પત્રમાં, રિસર્ચ અંગે જતા વિદ્યાર્થીઓએ બે કે ત્રણ વર્ષ રોકાવું પડે તો તે માટે યુનિવર્સિટીએ તેટલો વખત ખર્ચ આપવો પડશે તેમ જણાવ્યું છે.)

આથી ઠરાવવામાં આવે છે કે "સ્પોન્સરીંગ ઓથોરિટી" તરીકે યુનિવર્સિટી રહેશે નહિ.

૬૪. ઍકેડેમિક કાઉન્સિલના ઠરાવ અનુસાર રજિસ્ટ્રારે રજૂ કરેલા રેગ્યુલેશન્સ ૮, ૯, ૧૦, ૧૧, ૧૮, ૨૩, ૨૬, ૫૧, ૭૪, ૭૮, ૯૦ અને ૨૦૫ના સુધારા તેમજ નવા ઘડેલા રેગ્યુ. ૧૦૧-એ. અને ૧૦૭-એ. ના ખરડા મંજૂર કરવા બાબત.

ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે રજિસ્ટ્રારે ઘડેલા રેગ્યુલેશન નં. ૮, ૯, ૧૦, ૧૧, ૧૮, ૨૬, ૫૧, ૭૪, ૯૦ અને ૨૦૫ના સુધારા તેમજ નવા ઘડેલા રેગ્યુલેશન નં. ૧૦૧-એ. અને ૧૦૭-એ. ને

મંજૂર કરવા તથા રેગ્યુલેશન નં. ૨૩માં (૩) ની નીચેની નોંધ કાઢી નાખીને તથા રેગ્યુલેશન નં. ૭૮માં ડિસ્ટીંકશન સાથે પાસ થવા માટેના ટકા ૬૦ ને બદલે ૬૬ કરીને મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.''

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. રજિસ્ટ્રારે રજૂ કરેલા રેગ્યુલેશન્સ ૮, ૯, ૧૦, ૧૧, ૧૮, ૨૩, ૨૬, ૫૧, ૭૪, ૭૮, ૯૦, અને ૨૦૫ ના સુધારા તેમજ નવા ઘડેલા રેગ્યુલેશન્સ ૧૦૧-એ. અને ૧૦૭-એ. મંજૂર કરવા.

(મંજૂર કરેલા રેગ્યુલેશનો આ સાથે પરિશિષ્ટ ''ઝ'' તરીકે આપવામાં આવ્યા છે.)

૬૫. ઍકેડેમિક કાઉન્સિલના ઠરાવ અનુસાર રજિસ્ટ્રારે રજૂ કરેલો ઑર્ડિનન્સ નં. ૨૭૨નો સુધારો તેમજ નવા ઘડેલા ઑ. ૨૪૯-એ., ૨૫૭-એ., ૨૭૨-એ., ૨૮૫-એ., ૨૯૮-એ., ૩૦૨-એમ. અને ૩૨૧-એ. ના ખરડા મંજૂર કરવા બાબત.

ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ

''આથી ઠરાવવામાં આવે છે કે ઑર્ડિનન્સ ૨૭૨નો સુધારો તથા ઑર્ડિનન્સ ૨૪૯-એ., ૨૫૭-એ, ૨૭૨-એ., ૨૮૫-એ., ૨૯૮-એ., ૩૦૨-એમ. અને ૩૨૧-એ. મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.''

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. રજિસ્ટ્રારે રજૂ કરેલો ઑર્ડિનન્સ ૨૭૨નો સુધારો તેમજ નવા ઘડેલા ઑર્ડિનન્સ ૨૪૯-એ., ૨૫૭-એ., ૨૭૨-એ., ૨૮૫-એ., ૨૯૮-એ., ૩૦૨-એમ. અને ૩૨૧-એ. ના ખરડા મંજૂર કરવા.

(મંજૂર થયેલા ઑર્ડિનન્સો આ સાથે પરિશિષ્ટ ''ટ'' તરીકે આપવામાં આવ્યા છે.)

૬૬. અ. જુનિયર ક્લાર્ક શ્રી. બિપિન ત્રિવેદીને સાંસ્કૃતિક કાર્યક્રમોમાં ભાગ લેવા પરવાનગી આપવા બાબતની તેમના તરફથી આવેલ અરજી.

બ. ઑલ ઇન્ડિયા રેડિયોના કાર્યક્રમોમાં ભાગ લેવા શ્રી. બિપિન ત્રિવેદીને તેમની અરજી ઉપરથી સિન્ડિકેટની મંજૂરીની અપેક્ષાએ ઉપકુલપતિશ્રીએ આપેલી પરવાનગીને બહાલી આપવા બાબત.

અ. માં જણાવેલી બાબતની વિચારણા કરવામાં આવી ન હતી.

બ. આથી ઠરાવવામાં આવે છે કે ઉપકુલપતિશ્રીના કાર્યને બહાલી આપવી.

૬૭. ઑલ ઇન્ડિયા રેડિયો પર શ્રી. રજિસ્ટ્રારને બે વાર્તાલાપો બ્રોડકાસ્ટ કરવા માટે પરવાનગી આપવા બાબતની તેઓની અરજી ઉપરથી સિન્ડિકેટની મંજૂરીની અપેક્ષાએ તે પરવાનગી આપ્યા બાબતના ઉપકુલપતિશ્રીના કાર્યને બહાલી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપકુલપતિશ્રીના કાર્યને બહાલી આપવી.

3(11)

૬૮. યુનિવર્સિટી હૉસ્ટેલોને ધોળાવવા તથા રંગાવવા માટે સિન્ડિકેટની મંજૂરીની અપેક્ષાએ રૂપિયા બે હજાર મંજૂર કર્યા બાબતના ઉપકુલપતિશ્રીના કાર્યને બહાલી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપકુલપતિશ્રીના કાર્યને બહાલી આપવી.

૬૯. ફીઝીકલ રિસર્ચ લૅબોરેટરી, અમદાવાદના વિદ્યાર્થી શ્રી. કૃષ્ણા રામનાથનની એમ.એસસી. ની ડિગ્રી માટેની થિસિસ રેફરીઝે મજકૂર ડિગ્રી માટે સ્વીકાર્યા બાબતની ભલામણ ઉપરથી તેમને તે ડિગ્રીમાં પાસ થયેલા જાહેર કરવા શ્રી. વાઇસ-ચાન્સેલરે રજિ-દ્વારને આપેલી પરવાનગીને બહાલી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપકુલપતિશ્રીના કાર્યને બહાલી આપવી.

૭૦. યુનિવર્સિટી કાર્યાલયના નીચે જણાવેલા સભ્યોને તેમની સામે જણાવેલ કારણો-સર પોતાના પ્રોવિડન્ટના ફાળામાંથી લોન આપવા બાબતની તેઓની અરજીઓ ઉપરથી સિન્ડિકેટના મંજૂરીની અપેક્ષાએ રકમો મંજૂર કર્યા બાબતના ઉપકુલપતિશ્રીના કાર્યને બહાલી આપવા બાબત.

નામ	રકમ	કારણ
શ્રી. વી. એ. ચોકસી	રૂા. ૨૦૦	પત્નીની માંદગી અંગે
શ્રી. એન. સી. ત્રવાડી	રૂા. ૧૦૦	પત્ની બિમાર હોવાથી
શ્રી. ડી. સી. વાઘેલા (પટાવાળા)	રૂા. ૨૫	પત્નીની તબિયત ખરાબ હોવાથી દવાઓ માટે.
શ્રી. મહેન્દ્ર એમ. બ્રહ્મભટ્ટ (પટાવાળા)	રૂા. ૫૦	પત્નીની બિમારી અંગે દવાઓ માટે.
શ્રી. પી. કે. કડીઆ (પટાવાળા)	રૂા. ૧૦૦	નાના ભાઈનું લગ્ન હોવાને કારણે.
શ્રી. નટવરસિંહ લાખાજી (હમાલ)	રૂા. ૫૦	બહેનનું લગ્ન હોવાથી.
શ્રી. બાબુલાલ નારણદાસ (હમાલ)	રૂા. ૩૫	ભાઈનું લગ્ન હોવાને કારણે.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપકુલપતિશ્રીના કાર્યને બહાલી આપવી.

૭૧. યુનિવર્સિટી ઑફિસમાંથી જૂનિયર કલાર્કની જગા ઉપરથી છૂટા થયેલા શ્રી. એ. સી. ભાવસારને પ્રોવિડન્ટના ફાળામાંની રકમની તાત્કાલિક જરૂરત હોવાથી તેમની તે આપવા બાબતની અરજી ઉપરથી સિન્ડિકેટની મંજૂરીની અપેક્ષાએ તેમના ફાળા જેટલા પ્રોવિડન્ટની રકમ મંજૂર કર્યા બાબતના ઉપકુલપતિશ્રીના કાર્યને બહાલી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપકુલપતિશ્રીના કાર્યને બહાલી આપવી.

૭૨. શ્રી. વાઇસ-ચાન્સેલરના બંગલાનું ઇલેકટ્રીકલ ઇન્સ્ટોલેશનનું કામ મેસર્સ ગુજરાત ઇલેકટ્રીક કંપની લિમિટેડ, અમદાવાદને તેઓએ લાયબ્રેરી વીંગમાં જે ભાવે કામ કર્યું તે ભાવે સિન્ડિકેટની મંજૂરીની અપેક્ષાએ આપવા શ્રી. વાઇસ-ચાન્સેલરે કરેલા હુકમને બહાલી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપકુલપતિશ્રીના કાર્યને બહાલી આપવી.

૭૩. શ્રી. વાઇસ-ચાન્સેલરના બંગલા સુધીનું ફેન્સલ કામ મેસર્સ ગુજરાત ઇલેકટ્રીક કંપની લિમિટેડ, અમદાવાદને તેઓએ લાયબ્રેરી વીંગમાં જે ભાવે કામ કર્યું તે ભાવે સિન્ડિકેટની મંજૂરીની અપેક્ષાએ આપવા શ્રી. વાઇસ-ચાન્સેલરે કરેલા હુકમને બહાલી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપકુલપતિશ્રીના કાર્યને બહાલી આપવી.

૭૪. દ્વારકા ખાતે તા. ૧૩મી મે, ૧૯૫૬ ના રોજ મળેલા ગુર્જર પ્રાંતિક સંસ્કૃત સંમેલન માટે આ યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા બાબત મજકૂર સંમેલનના મંત્રી તરફથી આવેલા પત્ર અનુસાર સિન્ડિકેટની મંજૂરીની અપેક્ષાએ પ્રિન્સિપલ ડોલરરાય રં. માંકડને આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે નીમ્યા બાબતના શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપકુલપતિશ્રીના કાર્યને બહાલી આપવી.

૭૫. યુથ ફેસ્ટીવલમાં દિલ્હી ખાતે ગયેલા યુનિવર્સિટીના એકમના કેટલાક વિદ્યાર્થીઓની ગેરશિસ્ત અંગે પ્રો. એસ. આર. ભટ્ટના રિપોર્ટ ઉપરથી શ્રી. વાઇસ-ચાન્સેલરે તપાસ કરીને રજૂ કરેલો અહેવાલ.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપકુલપતિશ્રીએ રજૂ કરેલા હેવાલને તથા તેમણે લીધેલાં પગલાંને મંજૂર કરવાં.

૭૭. ૧૯૫૬ ના વર્ષની પરીક્ષાઓ માટે પરીક્ષકોની નિમણૂકો માટે ભલામણ કરવા નિમાયેલી સમિતિઓના સભ્યો પૈકી નીચેના સભ્યો હવે સિન્ડિકેટના સભ્યો ન હોવાથી તેમની જગ્યાએ બીજા સભ્યો નીમવા બાબત.

આર્ટ્સ ફૅકલ્ટી કમિટી

૧. સ્વ. શ્રી. આર. એમ. ત્રિવેદી

ઍન્જિનિયરીંગ ફૅકલ્ટી કમિટી

૧. પ્રિન્સિપલ એસ. બી. જુન્નારકર,

૨. શ્રી. ભાઇલાલભાઇ ડી. પટેલ.

એગ્રિકલ્ચર ફૅકલ્ટી કમિટી

૧. શ્રી. ભાઈલાલભાઇ ડી. પટેલ.

કૉમર્સ ફૅકલ્ટી કમિટી

૧. શ્રી. બી. કે. મુઝૂમદાર.

આથી ઠરાવવમાં આવે છે કે નીચે પ્રમાણે સભ્યો નીમવા:

આર્ટ્સ ફૅકલ્ટી:	શ્રી. એસ. એમ. શાહ
ફૅકલ્ટી ઑફ ટેકનોલૉજી ઇન્કલુડીંગ ઍન્જિનિયરીંગ ફૅકલ્ટી કમિટી:	પ્રિન્સિપલ જી. એસ. દેસાઈ.
એગ્રિકલ્ચર ફૅકલ્ટી કમિટી:	—
કૉમર્સ ફૅકલ્ટી:	—

૭૮-અ. અને ૭૮-બ. ની સાથે વિચારણા કરવામાં આવી હતી:

૭૮-અ. ગુજરાત લૉ સોસાયટી તરફથી ૧૯૫૬ના જૂનથી શરૂ કરાનાર કૉમર્સ કૉલેજના જોડાણ અંગે સેનેટે મૂકેલી શરતો પૈકી એક શરતમાં હિન્દી તથા ગુજરાતીના લેક્ચરરો નીમવા અંગેની છે. પરંતુ કૉલેજ સત્તાવાળાઓ તરફથી હાલના આર્ટ્સ વિભાગમાં કામ કરતા શ્રી. એ. એન. શુકલ તથા શ્રી. રવીન્દ્ર ઠાકોરને કૉમર્સ કૉલેજમાં પણ પિરિયડો લેવા દેવા પરવાનગી આપવા બાબતનો પત્ર આવ્યો છે તે ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ:- પત્રમાં જણાવે છે કે આર્ટ્સ વિભાગ તથા કૉમર્સ વિભાગ બંનેના મળીને યુનિવર્સિટીએ મુકરર કરેલા નિયમથી વધારે પિરિયડો નહિ થાય. આ બાબતમાં સ્થાનિક તપાસ સમિતિના સિનિયર સભ્યનો અભિપ્રાય પૂછાવતાં તે નીચે મુજબ જણાવે છે:

"The Law Society in the abovementioned letter has also sought permission to make the present lecturers in Gujarati and Hindi in the Arts Section teach the respective languages to the Commerce classes. Such permission may be given only if the additional lectures do not mean an excessive increase in the lecturing work of these lecturers and if the Arts and Commerce Classes are being help during the same period of the day. To make sure of this the University should demand the existing time-tables and the proposed additional time-tables of the persons concerned."

(નોંધ:- મજકૂર કૉલેજના જોડાણ અંગેની બીજી શરતો બાબત કૉલેજ સત્તાવાળા તરફથી આવેલા પત્રોની નકલ મોકલવામાં આવી હતી.)

અને

૬૮.-અ. ગુજરાત લૉ સોસાયટી તરફથી ૧૯૫૬ના જૂનથી શરૂ કરાનાર કૉમર્સ કૉલેજના જોડાણ માટે સેનેટે નક્કી કરેલી શરતોનું પાલન કર્યા બાબતના મજકૂર સોસાયટી તરફથી આવેલા પત્રમાં મજકૂર કૉલેજ સવારની રાખવા બાબત સગવડ છે એમ જણાવેલું છે અને આ માટે પરવાનગી માગી છે તો તે અંગે વિચારણા કરી નિર્ણય લેવા બાબત.

ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત લૉ સોસાયટી, અમદાવાદને ફક્ત એકજ વર્ષ માટે ખાસ કેસ તરીકે કૉમર્સ કૉલેજનો સમય સવારનો રાખવા માટે પરવાનગી આપવા સિન્ડિકેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. એ. એન. શુકલ તથા શ્રી. રવિન્દ્ર ઠાકોરને કૉમર્સ કૉલેજમાં પણ પિરિયડો લેવા દેવાની પરવાનગી આપવી તથા ગુજરાત લૉ સોસાયટી તરફથી ૧૯૫૬ના જૂનથી શરૂ કરવામાં આવેલા કૉમર્સ કૉલેજના જોડાણ અંગે સેનેટે રજૂ કરેલી શરતોનું યથાર્થ પાલન થયું છે કે કેમ તથા મજકૂર કૉલેજના વર્ગો સવારના રાખવા બાબત તથા જરૂરી સગવડો છે કે કેમ તે પરત્વે રિપોર્ટ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સ્થાનિક તપાસ સમિતિ નીમવી:

૧. પ્રિન્સિપલ અ. ક. ત્રિવેદી,

૨. પ્રોફેસર બી. આર. શેનોય.

૬૯. એલ. ડી. આર્ટ્સ કૉલેજ અને એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યુટ, અમદાવાદના બી.એ. સ્પેશ્યલમાં પોલિટિક્સ, સાયકૉલૉજી અને ઍન્શ્યન્ટ ઇન્ડિયન કલ્ચરના વર્ગોના જોડાણ માટે સેનેટે નીચે મુજબની શરત નં. ૧ મુકરર કરેલ તે જગા માટે શ્રી. બી. કે. આંબડિયાની પ્રોફેસર આફ ઇકોનોમિક્સ તરીકે નિમણૂક કરેલ છે તે મંજૂર કરવી કે કેમ તે ઉપર વિચારણા કરવા બાબત.

શરત :

A Professor (with specialisation in Politics at M.A. Examination) is appointed according to the terms and conditions prescribed by the University.

(નોંધ:–શ્રી. બી. કે. આંબડિયાની શૈક્ષણિક લાયકાતો નીચે મુજબ છે:

Shri B. K. Abadian,

B.A. (IInd) Class History with Econ.

M.A. (IInd) Class Economics and Politics & Ph.D. Economics

He has experience of one year as a tutor-cum Lecturer in Economics at the Ruparel College.)

આથી ઠરાવવામાં આવે છે કે એલ. ડી. આર્ટ્સ કૉલેજ અને એમ. જી. સાયન્સ ઇન્સ્ટીટ્યૂટ, અમદાવાદમાં શ્રી. બી. કે. આંબડિયાની પ્રોફેસર ઑફ ઇકોનોમિક્સ તરીકે કરવામાં આવેલી નિમણૂકને મંજૂર કરવી.

૮૦. દરબાર ગોપાળદાસ મહાવિદ્યાલય, અલિયાબાડામાં બી.એ. ના વર્ગોના જોડાણ માટે સેનેટે નક્કી કરેલી શરતોનું પાલન કરવા પ્રિન્સિપલને લખતાં તેમના તરફથી આવેલો જવાબ.

(નોંધ:–શરત ૧ મુજબ પ્રોફેસર ઑફ ઇકોનોમિક્સની નિમણૂક કરવી જોઇએ. પરંતુ તે અંગે કૉલેજે કરેલી બીજી વ્યવસ્થાને મંજૂરી આપવા બાબત મજકૂર પત્રમાં જણાવે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે દરબાર ગોપાળદાસ મહાવિદ્યાલય, અલિયાબાડાના પ્રિન્સિપલે પ્રોફેસર ઑફ ઇકોનોમિક્સની નિમણૂક કરવા અંગે ધારેલી વ્યવસ્થા મંજૂર કરવી નહિ.

૮૧–અ. સર્વોદય કેળવણી મંડળ, મણિનગર તરફથી શરૂ કરાનાર આર્ટ્સ કૉલેજને જોડાણ આપવા માટેની અરજી અંગે સેનેટે મૂકેલી શરતોનું પાલન કરવા મજકૂર મંડળને લખતાં તેમના તરફથી આવેલા જવાબો.

(નોંધ:–શરત નં. ૫ મુજબ કૉલેજે પોતાનું કાયમી મકાન ૩૧–૫–૫૭ સુધીમાં તૈયાર કરવું જોઇએ, પરંતુ તે બાબતમાં ૩૧–૫–૫૮ સુધીની મુદત લંબાવવા કૉલેજની વિનંતી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સર્વોદય કેળવણી મંડળ, મણિનગર તરફથી શરૂ કરવામાં આવેલી આર્ટ્સ કૉલેજના જોડાણ અંગે મજકૂર મંડળ જૂન ૧૯૫૭ પહેલાં કૉલેજના મકાન માટે જરૂરી જમીન ખરીદવાની બાંહેધરી આપે તો, શરત નં. ૫ પૂર્ણ થઈ છે એમ ગણવું તથા જોડાણ આપવા માટે સરકારને ભલામણ કરવી.

૮૨–અ. સર્વોદય કેળવણી મંડળ તરફથી જૂન ૧૯૫૬થી શરૂ કરાનાર આર્ટ્સ કૉલેજને જોડાણ આપવા બાબત મૂકેલી શરતોમાં ભૂગોળ તથા હિન્દીના વિષયોમાં યુનિવર્સિટીએ નક્કી કરેલી લાયકાતવાળી વ્યક્તિઓ મળતી ન હોવાથી નીચે મુજબની નિમણૂકોને, તેઓ લાયક માણસ મેળવી શકે ત્યાં સુધી, મંજૂર કરવા બાબત.

૧. આર. એ. પટેલ, બી.એ. ઓનર્સ (ઇકોનોમિકસ અને જોગ્રોફી) બી.ઇડી. સેકન્ડ કલાસ, ડિપ્લોમા ઇન ફિઝિકલ એજ્યુકેશન (કાંદીવલી)

અનુભવ – શાળાના શિક્ષણનો પાંચ વરસનો,
નિમણૂક – ટ્યૂટર ઇન જોગ્રોફી અને ફિઝિકલ ઇન્સ્ટ્રકટર.

(નોંધ– શ્રી. પટેલને ફિઝિકલ ઇન્સ્ટ્રકટર તરીકે તથા ભૂગોળના ટયૂટર તરીકે એમ બે કામ સોંપાયા છે. વળી યુનિવર્સિટીની શરત પ્રમાણે તેઓએ ભૂગોળમાં લેકચરર નીમવો જોઇએ. લાયક માણસ ન મળવાથી તેઓએ ટયૂટર નીમ્યો છે અને ટયૂટરને માત્ર ફર્સ્ટ ઈયર આર્ટ્સના ભૂગોળના ત્રણ પિરિયડ આપવા દેવા પરવાનગી માગે છે. ઇન્ટર આર્ટ્સમાં ભૂગોળ શિખવવાના નથી. આ પ્રમાણે પરવાનગી આપવી કે કેમ તે પ્રશ્ન છે)

૨. શ્રી. આર. કે. ધારૈયાની હિન્દી તેમજ સિવિકસના લેકચરર તરીકે નિમણૂક કરી છે. તેઓ એમ.એ. એન્શ્યન્ટ ઇંન્ડિયન કલ્ચર સાથે બીજા વર્ગમાં પાસ થયેલા છે અને સાહિત્ય રત્નની પરીક્ષા બીજા વર્ગમાં પાસ કરી છે. કૉલેજ સત્તાવાળાની વિનંતી છે કે જ્યાં સુધી તેઓ હિન્દીના લાયક માણસ ન મેળવી શકે ત્યાં સુધી શ્રી. ધારૈયાને હિન્દી શિખવવા દેવા માટે પરવાનગી આપવી.

ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. આર. એ. પટેલની ખાસ અપવાદ તરીકે જોગ્રોફીના ટયૂટર તરીકે નિમણૂક મંજૂર કરવા તથા એક વર્ષ પૂરતી જ લેકચરરની શરતને હળવી બનાવવા તથા તેમને સાથોસાથ ફિઝિકલ ઇન્સ્ટ્રકટર તરીકે કામ કરવા માટે પણ એક વર્ષ સુધી પરવાનગી આપવા સિન્ડિકેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. ધારૈયાને ખાસ અપવાદ તરીકે હિંદી શિખવવા દેવા માટે પરવાનગી આપવા સિન્ડિકેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે સર્વોદય કેળવણી મંડળ, મણિનગરની વિનંતી સ્વીકારવી નહિ અને તેમને જણાવવું કે ઈતિહાસના પ્રાધ્યાપક કે લેકચરર ઇન્ટર આર્ટ્સમાં જોગ્રોફીનો વિષય શીખવી શકશે.

૮૩. સામળદાસ કૉલેજ, ભાવનગરને બી.એ. (સ્પેશ્યલ) માં પોલિટિકસ માટે વધારાનું જોડાણ આપવા બાબતની અરજી અંગે સેનેટે મૂકેલી શરતોનું પાલન કરવા માટે કૉલેજને લખતાં તેમના તરફથી આવેલો જવાબ.

(નોંધઃ– ભાવનગરમાં સૌરાષ્ટ્ર સરકાર તરફથી નવી આર્ટ્સ કૉલેજ ખુલતી હોવાથી સામળદાસ કૉલેજના હાલના ફર્સ્ટ ઇયર અને ઇન્ટર આર્ટ્સના વર્ગો નવી કૉલેજમાં લઇ જવાના છે તેથી પ્રિન્સિપલ બી. એ. સ્પેશ્યલના પોલિટિકસ માટે આ કૉલેજમાંના શિક્ષકોથી જ વ્યવસ્થા થઇ શકશે તો તે મંજૂર કરવા બાબતનો આ પત્ર છે.)

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર અરજી મંજૂર કરવી નહિ અને સેનેટે મૂકેલી શરતોનું પાલન કરવા જણાવવું.

૮૪. સેન્ટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદને બી.એ. જનરલ અને સ્પેશ્યલમાં કેટલાક વિષયો માટે જોડાણ આપવા બાબતની અરજી અંગે સેનેટે મૂકેલી શરતોનું પાલન કરવા કૉલેજને લખતાં તેમના તરફથી આવેલો જવાબ.

આથી ઠરાવવામાં આવે છે કે સેન્ટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદને બી. એ. જનરલ અને સ્પેશ્યલ માટે જોડાણ આપવા માટે સરકારને ભલામણ કરવી.

૮૫. બાલાભાઇ દામોદરદાસ આર્ટ્સ કૉલેજને બી.એ. સુધીના અભ્યાસક્રમો માટે જોડાણ આપવા બાબતની અરજી અંગે સેનેટે મૂકેલી શરતોનું પાલન કરવા કૉલેજના સત્તાવાળાઓને લખતાં તેમના તરફથી આવેલા જવાબો.

(નોંધ:– મજકૂર પત્રો અંગે સ્થાનિક તપાસ સમિતિના સિનિયર સભ્યની રિમાર્કસ જોતાં સિન્ડિકેટની મંજૂરીની અપેક્ષાએ, મજકૂર કૉલેજે સેનેટે મૂકેલી શરતોનું પાલન કર્યું છે એમ મુંબઇ સરકારને જણાવ્યું છે અને જોડાણ અંગેનું નોટિફિકેશન આવી ગયું છે.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. બાલાભાઇ દામોદરદાસ આર્ટ્સ કૉલેજ, અમદાવાદના જોડાણ અંગે મુંબઇ સરકારને કાર્યાલયે કરેલી ભલામણને મંજૂર કરવી.

૮૬. અમદાવાદ ટેક્સ્ટાઇલ ઇન્ડસ્ટ્રીઝ રિસર્ચ એસોસિએશન, અમદાવાદને પીએચ.ડી. માં ફિઝિકલ કેમિસ્ટ્રી તથા ફિઝિક્સના વિષયો માટે દોરવણી આપવા માન્ય સંસ્થા તરીકે ચાલુ રાખવા તેમજ પીએચ.ડી. માં કેમિસ્ટ્રી, સાયકૉલૉજી અને સ્ટેટિસ્ટીક્સના વિષયો માટે વધારાની માન્યતા આપવા બાબતની મજકૂર સંસ્થા તરફથી આવેલી અરજી, તે ઉપરનો સ્થાનિક તપાસ સમિતિનો હેવાલ તથા ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"Resolved that it be recommended to the Syndicate that the Ahmedabad Textile Industry's Research Association, Ahmedabad, be granted continuation of recognition for guiding students for Ph.D Degree in (i) Physical Chemistry and (ii) Physics and extension of recognition for guiding students for Ph.D. degree in the subjects of Chemistry, Psychology and Statistics both for a period of three years i.e. from 20th June 1956 to 19th June 1959, provided that their teachers are recognised by the University as Post-graduate teachers for guiding Ph.D. students."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી.

૮૭. રામાનંદ મહાવિદ્યાલય, અમદાવાદનું ઇન્ટર આર્ટ્સ તથા બી.એ. માં કેટલાક વિષયોનું જોડાણ ચાલુ રાખવા બાબતની તેમના તરફથી આવેલી અરજી, તે ઉપરનો સ્થાનિક તપાસ સમિતિનો હેવાલ તથા ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"Resolved that it be Recommended to the Syndicate and the Senate that Shri Ramanand Mahavidyalaya, Ahmedabad, be granted continuation of affiliation for teaching

courses of studies leading to the Inter Arts Examination in Gujarati, Sanskrit, Prakrit, English, Hindi, Persian, Ancient Indian History and Culture, World History, World Religion, Civics, Administration, Economics, Logic, Psychology and Mathematics for a period of two years, i.e. from 20th June, 1957 to 19th June, 1959 and for teaching courses of study leading to the B.A. Degree Examination in Gujarati (Special and General), Sanskrit (Special and General), English (Special and General), Ancient Indian Culture (Special and General), History (Special and General), Economics (Special and General), Hindi (General) and Psychology (General) for a period of two years, i.e. from 20th June, 1957 to 19th June, 1959."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી અને તે પ્રમાણે સેનેટને રિપોર્ટ કરવો.

૮૮. રામાનંદ મહાવિદ્યાલયને ઇન્ટર આર્ટ્સમાં ભૂગોળના વિષય માટે વધારાનું જોડાણ આપ્યું છે તે અંગે તેઓએ ભૂગોળમાં પાર્ટ-ટાઇમ લેક્ચરર નીમવો એવી શરત છે, પરંતુ તેઓને આ વિષયમાં લાયક માણસ મળતો ન હોવાથી તેઓએ બી.એ. (સેકન્ડ ક્લાસ) ઇતિહાસ અને ભૂગોળ વિષય સાથે પાસ થયેલા શ્રી. વાય. આઇ. દીક્ષિતને નીમ્યા છે તેને મંજૂરી આપવા બાબતનો મજકૂર કૉલેજના પ્રિન્સિપલ તરફથી આવેલો પત્ર.

ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. રામાનંદ મહાવિદ્યાલય, અમદાવાદને ઇન્ટર આર્ટ્સમાં ભૂગોળના લેક્ચરરને બદલે ભૂગોળના ટ્યૂટરથી એક વરસ માટે ખાસ અપવાદ તરીકે ચલાવવા દેવા માટે પરવાનગી આપવા સિન્ડિકેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે રામાનંદ મહાવિદ્યાલય, અમદાવાદની માગણી સ્વીકારવી નહિ પણ તેમને જણાવવું કે ઇતિહાસના પ્રોફેસર કે લેક્ચરર ઇન્ટર આર્ટ્સમાં ભૂગોળ શીખવી શકશે.

૯૨. ફિઝિકલ રિસર્ચ લૅબોરેટરી, અમદાવાદના શ્રી. કે. રામનાથનને આપવામાં આવતી સ્કૉલરશિપ તેઓ ૧૯૫૬-૫૭ માં પરદેશ જવાના ન હોય તો ચાલુ રાખવી એમ સિન્ડિકેટે ઠરાવ્યા પ્રમાણે તે મુજબ લખાણ મંગાવતાં, શ્રી. રામનાથનની સ્કૉલરશિપ ફેબ્રુઆરી, ૧૯૫૬ સુધી જ ચાલુ રાખવા બાબતની વિનંતી હોવાથી આ શરત માટે ફરીથી વિચારણા કરવા બાબત.

(નોંધ:- ફિઝિકલ રિસર્ચ લૅબોરેટરીના રજિસ્ટ્રાર જણાવે છે કે શ્રી. રામનાથનની સ્કૉલરશિપ ફેબ્રુઆરી, ૧૯૫૬ સુધી જ ચાલુ રાખવાની વિનંતી છે. તેથી સિન્ડિકેટે મૂકેલી શરત પ્રમાણેનું undertaking આપવાનું શ્રી. રામનાથનને કહી શકાય નહી.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. કે. રામનાથનને આપવામાં આવતી સ્કૉલરશિપ ચાલુ રાખવી.

3'14

૯૩. એગ્રિકલ્ચરનો નવો અભ્યાસક્રમ જૂન, ૧૯૫૫થી અમલમાં આવ્યો હોવાથી ફર્સ્ટ ઇયર (એગ્રિ.) ના જુના કોર્સ મુજબની પરીક્ષામાં ૧૯૫૬માં નાપાસ થયેલા વિદ્યાર્થીઓને તેમનો અભ્યાસ આગળ ચાલુ રાખવા દેવા પરવાનગી આપવા બાબત અને ફર્સ્ટ ઇયર (એગ્રિ.) ની જુના કોર્સની પરીક્ષાઓ ઑક્ટોબર, ૧૯૫૬ તેમજ માર્ચ ૧૯૫૭માં લેવા બાબતના બી. એ. કૉલેજ ઑફ એગ્રિકલ્ચરના પ્રિન્સિપલ તરફથી આવેલો પત્ર.

આથી ઠરાવવામાં આવે છે કે ફર્સ્ટ ઇયર એગ્રિકલ્ચરની જૂના કોર્સ પ્રમાણેની પરીક્ષા ૧૯૫૬માં નાપાસ થયેલા વિદ્યાર્થીઓ માટે જૂના કોર્સ પ્રમાણે ૧૯૫૭માં લેવી તથા આ પરીક્ષા નવા કોર્સ પ્રમાણેની પરીક્ષાની સાથોસાથ જ લેવા.

૯૪. ચાલુ સાલથી ઇન્ટર આર્ટ્સ, સાયન્સ અને કૉમર્સમાં શિક્ષણ તથા પરીક્ષાનું માધ્યમ ગુજરાતી થવાથી તેમજ જેની માતૃભાષા ગુજરાતી અગર હિન્દી ન હોય તેવા વિદ્યાર્થીઓને જુન ૧૯૫૭ સુધી અંગ્રેજી વાપરવાની છૂટ આપી હોવાથી પ્રશ્નપત્રો ગુજરાતીમાં કાઢવા કે અંગ્રેજીમાં અથવા તો બંને ભાષામાં કાઢવા તે અંગે વિચારણા કરવા બાબત.

ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે ચાલુ સાલે ઇન્ટર આર્ટ્સ, સાયન્સ અને કૉમર્સમાં પ્રશ્નપત્રો ગુજરાતીમાં કાઢવા તથા તેની સાથે તેના પ્રશ્નોનું અંગ્રેજી version પણ આપવું"

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી.

૯૭. સિવિલ ઍન્જિનિયરીંગની અભ્યાસ સમિતિની નીચે મુજબની ભલામણ તથા તે ઉપરનો ફૅકલ્ટી ઑફ ટેકનોલૉજી ઇન્કલુડીંગ ઍન્જિનિયરીંગનો ઠરાવ અને ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ.

ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે ઉપ-સમિતિએ તૈયાર કરેલો બી.ઈ. (સિવિલ)નો અભ્યાસક્રમ બેઠકમાં કરવામાં આવેલા સુધારા સહિત મંજૂર કરવો અને તે સ્વીકારવા ફૅકલ્ટી ઑફ ટેકનોલૉજી ઇન્કલુડિંગ ઍન્જિનિયરીંગ, ઍકેડેમિક કાઉન્સિલ અને સિન્ડિકેટને ભલામણ કરવા."

ફૅકલ્ટીનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે બી.ઈ. (સિવિલ) નો સિવિલ ઍન્જિનિયરીંગના બૉર્ડે તૈયાર કરેલો અભ્યાસક્રમ મંજૂર કરવો અને તે સ્વીકારવા ઍકેડેમિક કાઉન્સિલ તથા સિન્ડિકેટને ભલામણ કરવી."

ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે ફૅકલ્ટી ઑફ ટેકનોલાજી ઇન્કલુડીંગ ઍન્જિનિયરીંગની ભલામણ નીચેના ફેરફાર સાથે મંજૂર રાખવી:

રેગ્યુલેશન નં. ૯૨ ની પેટા કલમ ૨૧માંથી M અને E કાઢી નાંખવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે આ અભ્યાસક્રમો ૧૯૫૬થી ઍન્જિનિયરીંગના બધા વર્ષોમાં એક સાથે અમલમાં મૂકવા."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ સ્વીકારવી, પરંતુ આ અભ્યાસક્રમો ૧૯૫૬ને બદલે ૧૯૫૭થી અમલમાં મૂકવા.

(અભ્યાસક્રમની નકલ આ સાથે પરિશિષ્ટ "ઠ" તરીકે સામેલ છે.)

૯૮. આયુર્વેદિક મેડિસિનની અભ્યાસ સમિતિની નીચે મુજબની ભલામણો:

ભલામણો

"આથી આ અભ્યાસ સમિતિ ઍકેડેમિક કાઉન્સિલને ભલામણ કરે છે કે એમ.બી.,બી.એસ. (આયુર્વેદ) નો આ સાથે આપેલો અભ્યાસક્રમ સ્વીકારવો."

વધુમાં ઠરાવવામાં આવે છે કે ઉપર્યુક્ત અભ્યાસક્રમમાં દાખલ થવા માટે ૧૭ વર્ષની ઓછામાં ઓછી ઉંમર આવશ્યક ગણાશે.

વધુમાં ઠરાવવામાં આવે છે કે એમ.બી.,બી.એસ. આયુર્વેદની પદવી મેળવવા માટે દરેક વિદ્યાર્થીએ ત્રીજી એમ.બી.,બી.એસ. આયુર્વેદની પરીક્ષા પસાર કર્યા બાદ એક વર્ષ પર્યંત કોઈપણ વૈદકીય અધિકારી અગર તો યુનિવર્સિટીએ માન્ય કરેલ શિક્ષક નીચે યુનિવર્સિટીએ માન્ય કરેલ સંસ્થામાં ઇન્ટર્નશીપ માટે તાલીમ લેવી પડશે.

આ શિક્ષણ સમય દરમ્યાન ઓછામાં ઓછા ત્રણ માસ માટે તે વિદ્યાર્થીએ ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારમાં સાર્વજનિક આરોગ્ય વિષયક કામ કરવું પડશે. આ હેતુ માટે માન્ય કરેલ સંસ્થાઓ અને વૈદકીય અધિકારીઓનાં નામો યુનિવર્સિટી વારંવાર જાહેર કરશે.

ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે આયુર્વેદિક મેડિસીનની અભ્યાસ સમિતિની ભલામણો નીચેના ફેરફારો સાથે સ્વીકારવી:

૧. આ અભ્યાસક્રમમાં "M.B.,B.S. (Ayurveda)" એ શબ્દ પ્રયોગ જ્યાં જ્યાં વપરાયો છે ત્યાં ત્યાં "B.M.S.A. (Bachelor of Medicine and Surgery in Ayurveda)" એ પ્રમાણે ફેરફાર કરવો.

320

૨. ઑર્ડિનન્સ નં. ૩૪૧ ઉપરની નોંધ મંજૂર કરવા તથા તે પ્રમાણે સ્ટેટ્યુટમાં ફેરફાર કરવા જરૂરી પગલાં લેવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી.

૩. ઑર્ડિનન્સ નં. ૩૪૧ ની બીજી કંડિકામાં "At the time of admission the age of the student shall not be less than 17 years" ને બદલે "At the time of admission the students shall have attained the age of 17 years or shall attain that age on or before the 10th of November of the year of his joining the College or on the day of the commencement of the second term, whichever is later" એ પ્રમાણે ફેર-ફાર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

વધુમાં ઑર્ડિનન્સ નં. ૩૪૧-એ. માં "બી" ગ્રુપને બદલે "બાયોલૉજી" એ શબ્દ વાપરવો તથા ઑર્ડિનન્સ નં. ૩૪૧-બી. નીચે પ્રમાણે સુધારીને મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી:

"A student who has passed the Inter Science (Biology) Examination but has not passed the S.S.C. Examination with Sanskrit but has passed Sanskrit Prathama of Banaras or an equivalent examination or an examination in Sanskrit to the satisfaction of the Principal of the college he proposes to join, may be allowed admission to the Ayurvedic Medicine (B.M.S.A.) Course."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી.

(અભ્યાસક્રમની નકલ આ સાથે પરિશિષ્ટ "ડ" તરીકે સામેલ છે.)

૯૯. ફૅકલ્ટી ઑફ આયુર્વેદિક મેડિસિનની નીચે મુજની ભલામણો:

ભલામણો

"આયુર્વેદિક મેડિસિનની કૉલેજમાં પ્રિન્સિપલ, પ્રોફેસર, વિ. સ્ટાફ માટેની ઓછામાં ઓછી લાયકાત તથા પગારના ધોરણ અંગે વિચારણા કરવામાં આવી હતી અને ઠરાવવામાં આવ્યું હતું કે પરિશિષ્ટ "અ" માં જણાવ્યા મુજબની પ્રિન્સિપલ, પ્રોફેસર, વિ. માટે ઓછામાં ઓછી લાયકાત તથા પગારનું ધોરણ સ્વીકારવું.

આયુર્વેદિક મેડિસિનની કૉલેજમાં જુદા જુદા વિષયો શિખવવા માટે કેટલો સ્ટાફ રાખવો તે અંગે વિચારણા કરવામાં આવી હતી અને ઠરાવવામાં આવ્યું હતું કે આ સાથે આપેલ પરિશિષ્ટ "બ" માં જણાવ્યા મુજબનો સ્ટાફ આયુર્વેદિક મેડિકલ કૉલેજ માટે આવશ્યક ગણવો.

ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે ફૅકલ્ટી ઑફ આયુર્વેદિક મેડિસિનની ભલામણ નીચેના ફેરફાર સાથે મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી:"

"સૂચિત પગારના ધોરણને બદલે પગારનું ધોરણ યુનિવર્સિટીના નિયમ મુજબ રાખવું."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી.

(નિયમોની નકલ આ સાથે પરિશિષ્ટ "ઢ" તરીકે સામેલ છે.)

૧૦૦. સ્ટેન્ડીંગ કમિટી ઓન ઇકવીવેલેન્સ ઑફ એકઝામિનેશન્સની તા. ૧૭-૨-૫૬ના રોજ મળેલી સભાના કામકાજની નોંધને મંજૂર કરવા બાબત.

ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે સ્ટેન્ડીંગ કમિટી ઓન ઇકવીવેલેન્સ ઑફ એકઝામિનેશન્સની તા. ૧૭-૨-૧૯૫૬ના રોજ મળેલી સભાના કામકાજની નોંધને મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે સ્ટેન્ડીંગ કમિટી ઓન ઇકવીવેલન્સ ઑફ એકઝામિનેશન્સની તા. ૧૭-૨-૧૯૫૬ના રોજ મળેલી સભાના કામકાજની નોંધને મંજૂર કરવી.

(કામકાજની નોંધ આ સાથે પરિશિષ્ટ "ણ" તરીકે આપવામાં આવી છે.)

૧૦૧. પોલિટિકલ સાયન્સની અભ્યાસ સમિતિની નીચે મુજબની ભલામણ:

ભલામણ

"આથી આ અભ્યાસ સમિતિ ઍકેડેમિક કાઉન્સિલને ભલામણ કરે છે કે બી.એ. જનરલ અને સ્પેશ્યલ ગ્રુપ-સી viii પોલિટિકલ સાયન્સના પ્રથમ બે પ્રશ્નપત્રોના તથા ઇકોનોમિકસ ગ્રુપ-ડી iii પોલિટિકલ સાયન્સના બે પ્રશ્નપત્રોના આ સાથે પરિશિષ્ટ "અ" માં આપ્યા મુજબનો અભ્યાસક્રમ સ્વીકારવો અને તેને જૂન ૧૯૫૬થી અમલમાં લાવવો અને તદનુસાર પ્રથમ પરીક્ષા ૧૯૫૭માં લેવી."

ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે પોલિટિકલ સાયન્સની અભ્યાસ સમિતિની ભલામણ અને તે અંગેના રેગ્યુલેશન નં. ૧૮ ના સુધારા મંજૂર કરવા પરંતુ મજકૂર અભ્યાસક્રમ અને સુધારેલા રેગ્યુલેશન ૧૯૫૭ના જૂનથી અમલમાં લાવવા અને તે મુજબ પ્રથમ પરીક્ષા ૧૯૫૯માં લેવા."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ નીચેના ફેરફાર સહિત મંજૂર કરવી:

છેલ્લુ વાકય "જૂન ૧૯૫૬ થી અમલમાં લાવવો અને તદનુસાર પ્રથમ પરીક્ષા ૧૯૫૯માં લેવી" તેને બદલે "જૂન ૧૯૫૬ થી અમલમાં લાવવો અને તદનુસાર પ્રથમ પરીક્ષા ૧૯૫૮માં લેવી" એમ વાંચવું.

(રે. ૧૮ નો સુધારો આ સાથે પરિશિષ્ટ "ત" તરીકે સામેલ છે.)

૧૦૨. પોલિટિકલ સાયન્સની અભ્યાસ સમિતિની નીચે મુજબની ભલામણઃ

ભલામણ

"આથી આ અભ્યાસ સમિતિ ઍકેડેમિક કાઉન્સિલને ભલામણ કરે છે કે ૧૯૫૬ના જૂનથી બી.એ. ના અભ્યાસક્રમમાં દાખલ કરવામાં આવેલા પોલિટિકલ સાયન્સના સ્વતંત્ર ગ્રુપના અભ્યાસક્રમમાં આ અભ્યાસ સમિતિએ કેટલોક ફેરફાર કરેલો છે તેને સુધારવામાં આવેલ છે જે પરિશિષ્ટ "બ" તરીકે આ સાથે આપવામાં આવેલ છે તે સ્વીકારવો."

ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે પોલિટિકલ સાયન્સની અભ્યાસ સમિતિની ભલામણ અને તે અંગેના રેગ્યુલેશન નં. ૧૬ અને ૧૮ ના સુધારા મંજૂર કરવા પરંતુ મજકૂર અભ્યાસક્રમ અને સુધારેલા રેગ્યુલેશન ૧૯૫૭ના જૂનથી અમલમાં લાવવા અને તે મુજબ પ્રથમ પરીક્ષા ૧૯૫૯માં લેવી."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી.

(રે. ૧૬ અને ૧૮ના સુધારા આ સાથે પરિશિષ્ટ "થ" તરીકે સામેલ છે.

૧૦૩. પોલિટિકલ સાયન્સની અભ્યાસ સમિતિની નીચે મુજબની ભલામણઃ

ભલામણ

"આથી આ અભ્યાસ સમિતિ ઍકેડેમિક કાઉન્સિલને ભલામણ કરે છે કે એમ.એ. પોલિટિકલ ગ્રુપ્સ "જી" અને એચ. નો સુધારેલો અભ્યાસક્રમ જે આ સાથે પરિશિષ્ટ "ડ" તરીકે આપવામાં આવેલ છે તેને સ્વીકારવો તથા ઉપર્યુક્ત સુધારેલા અભ્યાસક્રમને અનુલક્ષીને ભલામણ કરેલા પુસ્તકો મંજૂર કરવા."

ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે પોલિટિકલ સાયન્સની અભ્યાસ સમિતિની ભલામણ અને તે અંગેનો રેગ્યુલેશન નં. ૨૪ નો સુધારો મંજૂર કરવા પરંતુ મજકૂર અભ્યાસક્રમ અને સુધારેલો રેગ્યુલેશન ૧૯૫૭ના જૂનથી અમલમાં લાવવો અને તે મુજબ પ્રથમ પરીક્ષા ૧૯૫૯માં લેવી."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી.

(રે. ૨૪ નો સુધારો આ સાથે પરિશિષ્ટ "દ" તરીકે સામેલ છે)

૧૦૪ ઍકેડેમિક કાઉન્સિલે નીચે મુજબનો ઠરાવ પસાર કર્યો હોવાથી તે અંગે રેગ્યુ. ૬૨ તથા રેગ્યુ. ૯૭ના સુધારેલા ખરડાઓ મંજૂર કરવા બાબત.

ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર અભ્યાસ સમિતિની સંયુક્ત બેઠકનો ઠરાવ મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી."

સિવિલ, મિકેનિકલ તથા ઇલેક્ટ્રીકલ ઍન્જિનીયરીંગની અભ્યાસ સમિતિઓની સંયુક્ત બેઠકનો ઠરાવ

"That the seminar should be introduced in the B.E. (Civil) class as one of the subjects but that students may be permitted to work in Group of not more than six in collecting and presenting a discussion.

નોંધ:- આ ઠરાવ ઉપરનો સિવિલ ઍન્જિનિયરીંગની અભ્યાસ સમિતિનો ઠરાવ નીચે મુજબ છે:

Resolved that the resolution of the Joint Meeting of the Board of Studies in Civil, Mechanical and Electrical Engineering be adopted subject to the details for the same being approved by Principal A. de Souza and Shri G. S. Desai.

ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે રે. નં. ૯૨ તથા ૯૭ના મુસદ્દા મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી.

(રે. ૯૨ તથા ૯૭ ના સુધારા આ સાથે પરિલિષ્ટ 'ધ" તરીકે સામેલ છે.)

૧૦૫. ફાર્મસી અભ્યાસ સમિતિની નીચે મુજબની ભલામણ:

ભલામણ

"The Board of Studies in Pharmacy discussed the three year degree course for the B.Pharm. Degree as prepared by the sub-Committee appointed by the Board.

The Board resolves to recommend to the Academic Council that the three years degree course for the B.Pharm. Degree as per Appendix "A" be accepted.

Further the Board resolves to recommend to the Academic Council that the above courses be brought into force from June 1956."

ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે ફાર્મસીની અભ્યાસ સમિતિની ભલામણ મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી.

(અભ્યાસક્રમની નકલ આ સાથે પરિશિષ્ટ "ન" તરીકે સામેલ છે.)

૧૦૬. ફાર્મસીની અભ્યાસ સમિતિની નીચે મુજબની ભલામણ:

ભલામણ

This Board considered the letter received from the students studying in the First Year Pharm and resolves to recommend to the Academic Council that the following new regulations 202F(a) and 202F(b) and the revised O.302-D be accepted.

R.202-F(a):- A student who passes in all subjects but one at the first year examination in Pharmacy, as mentioned in R.202-D, will be allowed to keep terms at the Intermediate Pharmacy and appear for the Intermediate Pharmacy examination after keeping two terms but will not be declared to have passed the Intermediate Pharmacy Examination unless he has passed in the subject in which he failed at the First Year Pharmacy Examination, held either in previous or in the same examination season.

R.202F(b):- A candidate who has secured 50% of the total marks in any subject at the First Year Pharmacy or the Intermediate Pharmacy Examination may, at his option be exempted from appearing in the subject at the subsequent examination provided he has passed in all the heads of passing in that subject and will be declared to have passed the whole examination when he has passed in all the remaining subjects and has obtained the total marks in those subject as required under R. 202 F.

Candidates passing the examination in this manner by compartments will not be eligible for prize, or a scholarship to be awarded at the examination.

O.302-D:- Every candidate for the admission to the Intermediate Examination in Pharmacy shall be required to have passed the First Year Examination in Pharmacy of this University or of any other University recognised as equivalent to the examination of this University.

Candidate eligible for keeping terms at the Intermediate Pharmacy course according to R.202F(a) will also be admitted to the above course."

ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે ફાર્મસીની અભ્યાસસમિતિની ભલામણ મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ નીચેના ફેરફાર સહિત મંજૂર કરવી.

"ભલામણમાં જ્યાં "R. 202-F" શબ્દ આવે છે ત્યાં "R. 202-G" વાંચવું."

૧૦૭. ફાર્મસીની અભ્યાસસમિતિની નીચે મુજબની ભલામણ:

ભલામણ

"That the O. No. 302 I for the M.Pharm. be amended as under.-

O.302-I:- A candidate who fails to pass the examination for the M.Pharm. degree though his thesis has been accepted, may take the whole examination at any subsequent entry without thesis, on submission of a new application and payment of a fresh fee through the head of the Institution, from which he previously appeared.

However, a candidate who has secured 50% of the total marks in any subject at the M.Pharm. examination, may at his option be exempted from appearing in that subject at a subsequent examination provided he has passed in all the heads of passing in that subject and will be declared to have passed in the remaining other subject and has obtained the total marks in that subject as required under R. 202-I.

A candidate passing the examination in this manner by compartments will not be eligible for a class or a prize or a scholarship to be awarded at the Examination.

The above resolution was moved by Dr. C. R. Mehta and seconded by Shri B. V. Patel.

The above resolution was passed unanimously. In view of the above resolution passed unanimously by the Board, the Board resolves to recommend to the Academic Council to accept the above revised ordinance 302-I and to amend R. 202-U as under:

R. 202-U "Successful candidates shall be awarded classes as under:-

Those obtaining 70% and above marks	Distinction
Those obtaining 60% and above but below 70% of the total marks	First Class
Those obtaining 50% and above but below 60% of the total marks	Second Class.

326

Candidates passing by compartments will be declared to have passed the examination in pass class."

ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે ફાર્મસીની અભ્યાસસમિતિની ભલામણ મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી.

૧૦૮. બી.એ. માં હોમ સાયન્સનો વિષય દાખલ કર્યો હોવાથી તે વિષય સ્ટેટ્યૂટ નં. ૯૯ તથા ૧૦૮ માં ઉમેરી નીચે મુજબનો સુધારો કરવા બાબત:

"In Statute 99 insert the following below the subjects under

(7) Faculty of Commerce.

(7) (a) **Faculties of Arts Science & Commerce.**

"In Statute 108, under the heading "Faculties of Arts, Science & Commerce" add "26(a) Home Science."

ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે સૂચવાયેલ ફેરફાર મંજૂર કરવા માટે તથા તે પ્રમાણે સ્ટેટયૂટ્સમાં જરૂરી સુધારા કરવા માટે સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી.

૧૧૮. યુનેસ્કો પ્રોગ્રામ હેઠળ ૧૯૫૭ ના વર્ષ માટે યુનાઇટેડ નેશન્સ તરફથી અપાનારી ટેકનીકલ મદદ અંગે આ યુનિવર્સિટીની માગણીઓ મોકલવા બાબતના હિંદ સરકારના કેળવણી ખાતાના સેક્રેટરી તરફથી આવેલો પત્ર.

(**નોંધ**:-કૉલેજોમાં આ પત્ર પરિપત્રિત કરવામાં આવ્યો છે. હજી સુધી કોઈ પણ કૉલેજ તરફથી માગણી આવી નથી.)

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી તરફથી મજકૂર બાબત અંગે માગણીઓ કરવાના પ્રશ્ન અંગે ઘટતાં પગલાં લેવા માટે ઉપકુલપતિશ્રીને સત્તા આપવી.

૧૧૯. અનુસ્નાતક શિક્ષકોને માન્યતા આપવા અંગેના ઑર્ડિનન્સ ૬૫-એફ. ની નોટ ૧ જે નીચે મુજબ છે તેવું જ પ્રોવિઝન કૉલેજોમાં નીમાતા શિક્ષકોની લાયકાત અંગેના નિયમોમાં નથી તો તે ઉમેરવું કે કેમ?

O. 65-F: **Note-1**: Where no class is awarded, a Master's Degree obtained by thesis or partly by thesis and partly by papers in a subject will be considered equivalent to a Master's degree by papers in Second Class.

ઍકેડેમિક કાઉન્સિલનેા ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે ઑર્ડિનન્સ નં. ૬૫-એફ. ની નોંધ ૧ માં જે પ્રોવિઝન અમલમાં છે તેવું જ પ્રોવિઝન કૉલેજેમાં નીમાતા શિક્ષકેાની લાયકાત અંગેના નિયમેામાં પણ ઉમેરવું."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી.

૧૨૦. નીચેના વિદ્યાર્થી તરફથી તેમના નામ સામે જણાવેલ ડીગ્રી તથા વિષય સંબંધી આવેલ મહાનિબંધ અંગે રેફરીની નિમણૂક કરવા બાબતની બેાર્ડની અભ્યાસ-સમિતિની ભલામણ અને તે ઉપરની ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ.

અભ્યાસ સમિતિની ભલામણ

"આથી આ બેાર્ડ ઍકેડેમિક કાઉન્સિલને ભલામણ કરે છે કે નીચેના વિદ્યાર્થી તરફથી તેમના નામ સામે જણાવેલ વિષય તથા ડિગ્રી સંબંધી નીચેના રેફરીની નિમણૂક કરવીઃ

નામ	ડિગ્રી	વિષય	રેફરીનું નામ
શ્રી. એ. કે. માંકડ એલ. ડી. આર્ટ્સ કૉલેજ અને એમ. જી. સાયન્સ ઇન્સ્ટીટ્યૂટ, અમદાવાદ.	એમ.એસસી.	The Morphological and the embriyological studies in the family papilionaceae with reference to Cyamopsis psoralioides D. C. and Gliricidia Maculatasteud.	1. Dr. A. C. Joshi, D.Sc., F.N.I., Deputy Director of public Instruction, Chandigarh, (East Punjab) Or 2. Dr. B. G. Swami D.Sc. Prof. of Botany Presidency College, Madras.

ઍકેડેમિક કાઉન્સિલનેા ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે બેાર્ડે સૂચવેલા ઉપર મુજબના બે રેફરીને ક્રમવાર નીમવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી.

૧૨૧. ઍકેડેમિક કાઉન્સિલે તેની તા. ૩૧-૧-૫૬ તથા તા. ૧-૨-૫૬ ના રોજ મળેલી સભામાં કેમિસ્ટ્રીની અભ્યાસસમિતિની નીચેની ભલામણ ઉપર કરેલા સુધારા અંગે ફરી વિચારણા કરી ઍકેડેમિક કાઉન્સિલે કરેલો ઠરાવ.

બૉર્ડની ભલામણ

"Resolved that in the Intermediate Science Chemistry Paper I and II each paper shall bave two sections as under:

Paper I: Section I. General and Theoretical Chemistry.
Section II. Inorganic Chemistry.

Poper II: Section I. General I. General and Theoretical Chemistry.
Section II. Organic Chemistry.

N.B.: Section I of each paper will carry 15 marks & Section II of each paper will carry 45 marks."

The above resolution was passed unanimously.

ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે કૉલમ નં. ૩ માં "N. B. Section I" એ શબ્દો પછી "of each paper will carry 15 marks." ને બદલે "of each paper will carry 55 marks" એમ સુધારીને વાંચવું તથા અભ્યાસસમિતિની ભલામણ મંજૂર કરવી."

ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે કેમિસ્ટ્રીની અભ્યાસસમિતિની ભલામણ મંજૂર કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી.

૧૨૨. ડિપ્લોમા ઇન જર્નાલિઝમ તથા ફિઝિકલ એજ્યુકેશનના ડિપ્લોમા અને ડીગ્રીના અભ્યાસક્રમો થયા છે તો તે વિષયોને કઇ ફૅકલ્ટી નીચે મૂકવા તે નક્કી કરવા બાબત.

ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે ડિપ્લોમા ઇન જર્નાલિઝમ તથા ફિઝિકલ એજ્યુકેશનના ડિપ્લોમા અને ડીગ્રીના અભ્યાસક્રમોને ફૅકલ્ટી ઑફ આર્ટ્સ ઇન્કલૂડીંગ એજ્યુકેશનમાં મૂકવા માટે ઘટતાં પગલાં લેવા સિન્ડિકેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી.

૧૨૩. એગ્રિકલ્ચરના નવા અભ્યાસક્રમ અંગેનો ઑર્ડિનન્સ ૨૦૪-બી. પસાર થતાં ઑર્ડિનન્સ ૧૫૮ સાથે સુસંગતતા જળવાતી નથી તો ઑર્ડિનન્સ ૧૫૮ માં તે પ્રમાણે સુધારો કરવા બાબતની પ્રિન્સિ. ડૉ. એમ. ડી. પટેલની સૂચના ઉપર વિચારણા કરવા બાબત.

ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે ઑર્ડિનન્સ નં. ૧૫૮ માં સુધારો કરવા માટેની પ્રિન્સિપલ ડૉ. એમ. ડી. પટેલની સૂચના સ્વીકારવી તથા ઑર્ડિનન્સમાં જરૂરી ફેરફાર કરવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી.

૧૨૫. ઇન્ટર યુનિવર્સિટી બૉર્ડની તા. ૫-૧-૫૫ની બેઠકમાં થયેલા નીચે જણાવેલા ઠરાવ નં. III (1) અને (2) ઉપર વિચારણા કરવા બાબત.

III (1)- The provision of facilities for part-time study and training in technical and scientific courses for persons in employment.

III (2)- Considered the minutes of the meeting of the special Committee (appointed by the Board in the resolution No. IV (i) of Waltair Meeting in January 1953) held at Madras University on 21st October 1953 on the subject of facilities for persons in employment to acquire University qualifications. (The above two items No. II (1 & 2) in the Mysore Board proceedings December 1953 were referred for further consideration).

ઉપરના કામ અંગેનો ઇન્ટર યુનિ. બૉર્ડનો ઠરાવ:

"Resolved that facilities on as large a scale as possible may be made available for part-time study & training of a Professional level as recommended by the Ministry of Labour and that suitable certificates or Diplomas be given after satisfactory conclusion of these courses."

ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલ ઇન્ટર યુનિવર્સિટી બૉર્ડના ઉપરના ઠરાવનો સ્વીકાર કરવાની તરફેણમાં નથી."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી.

330

૧૨૬. હેન્ડબુક ભાગ-૨ ના ઑર્ડિનન્સ નં. ૧૬૮ જે ઇન્ટરમિડિયેટ આર્ટ્સના જૂના અભ્યાસક્રમને લગતો છે તે હવે જરૂરી ન હોવાથી રદ કરવા બાબત.

ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે આર્ડિનન્સ નં. ૧૬૮ રદ કરવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી.

૧૨૭. રેગ્યુલેશન ૨૦૬ની હવે જરૂર ન હોવાથી તે રદ કરવા બાબતની ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે રે. નં. ૨૦૬ રદ કરવા સિન્ડિકેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી.

૧૨૮. સર એલ. એ. શાહ લૉ કૉલેજ, અમદાવાદમાં ઇંગ્લીશના લેક્ચરર તરીકે યુનિવર્સિટીના નિયમો પ્રમાણેની લાયકાતવાળી વ્યક્તિ નહિ મળતી હોવાથી એમ.એ. પાસ ક્લાસ તથા બી.એ. સેકન્ડ ક્લાસ થયેલા શ્રી. વિનોદ પી. ત્રિવેદીને નીમવા મંજૂરી આપવા બાબતના મજકૂર કૉલેજના પ્રિન્સિપલ તરફથી આવેલો પત્ર.

(નોંધ:-શ્રી. ત્રિવેદીએ એમ.એ. માં ૪૯.૨૫ ટકા ગુણ મેળવેલા છે.)

ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. વિનોદ પી. ત્રિવેદીની નિમણૂક ટ્યૂટર તરીકે કરવા માટે કૉલેજના સત્તાવાળાઓને જણાવવું તથા ખાસ અપવાદ તરીકે લેકચરર ઇન ઇંગ્લીશને બદલે ટ્યૂટરથી એક વર્ષ ચલાવવા દેવા માટે પરવાનગી આપવા સિન્ડિકેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી નહિ તથા સર એલ. એ. શાહ લૉ કૉલેજને જણાવવું કે શ્રી. વિનોદ પી. ત્રિવેદીને ઇંગ્લીશના લેક્ચરર તરીકે નીમવા માટેની તેમની માગણી મંજૂર થઇ શકશે નહિ.

૧૩૦. એલ. ડી. આર્ટ્સ કૉલેજ અને એમ. જી. સાયન્સ ઇન્સ્ટીટ્યૂટ, અમદાવાદને બી.એ. સ્પેશ્યલમાં પૉલિટિક્સ, સાયકૉલૉજી તથા એન્શ્યન્ટ ઇન્ડિયન કલ્ચર માટે વંચારાનું જોડાણ આપવા બાબતમાં સેનેટે મૂકેલી શરતોનું પાલન કરવા કૉલેજને જણાવતાં તેમના તરફથી સાયકૉલૉજી અને એન્શ્યન્ટ ઇન્ડિયન કલ્ચરના લેક્ચરર નીમવા અંગે પૂરેપૂરી

માહિતી આવી નથી તેમજ ત્રીજી શરત અંગે પણ પૂરેપૂરી માહિતી નથી તો તે બાબત પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબત અંગે એલ. ડી. આર્ટ્સ કૉલેજ અને એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યુટ, અમદાવાદ તરફથી જરૂરી માહિતી પૂરી પાડવામાં આવેલી હોવાથી મજકૂર કૉલેજને બી.એ. સ્પેશ્યલમાં પોલિટિકસ, સાયકોલૉજી તથા એન્શ્યન્ટ ઇન્ડિયન કલ્ચર માટે વધારાનું જોડાણ આપવા માટે સરકારને ભલામણ કરવી.

૧૩૩. રામાનંદ મહાવિદ્યાલય, અમદાવાદના બી.એ. જનરલ તથા સ્પેશ્યલમાં કેટલાક વિષયોના અભ્યાસક્રમોના વધારાના જોડાણ અંગે સેનેટે મુકરર કરેલી શરત નં. ૧માં જણાવેલ "One part-Time Lecturer in Sociology" ની નિમણૂક કરવા બાબતમાં તથા શરત નં. ૨ લાયબ્રેરીના પુસ્તકો અંગેની મૂકી છે તે અંગે કૉલેજના સત્તાવાળાઓ તરફથી આવેલો જવાબ.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. રામાનંદ મહાવિદ્યાલય, અમદાવાદને બી.એ. સ્પેશ્યલ તથા જનરલ માટે તેમણે માગ્યા મુજબના અભ્યાસક્રમોનું વધારાનું જોડાણ આપવા માટે સરકારને ભલામણ કરવી.

૧૩૨. આર. આર. લાલન ઇન્ટરમિડિએટ કૉલેજ, ભૂજને ઇન્ટર આર્ટ્સ, ઇન્ટર સાયન્સ તથા બી.એ. ના અભ્યાસક્રમો માટેના ચાલુ જોડાણ આપવા બાબતમાં સેનેટે મૂકેલી શરતોનું પાલન કરવા કૉલેજોને જણાવતાં તેમના તરફથી આવેલો પત્ર.

આથી ઠરાવવામાં આવે છે કે આર. આર. લાલન ઇન્ટરમિડિયેટ કૉલેજ, ભૂજને યુનિવર્સિટીએ મૂકેલી શરતોનું યથાર્થ પાલન કરવા માટે જણાવવું.

૧૩૪. સર લલ્લુભાઇ શાહ લૉ કૉલેજ, આર્ટ્સ સેકશન, અમદાવાદને બી.એ. સ્પેશ્યલમાં ફીલોસોફી અને બી.એ. જનરલ અને સ્પેશ્યલમાં હિન્દી માટે વધારાનું જોડાણ આપવા બાબતમાં સેનેટે મૂકેલી શરતોનું પાલન કરવા કૉલેજને જણાવતાં તેમના તરફથી આવેલ જવાબ.

આથી ઠરાવવામાં આવે છે કે સર લલ્લુભાઈ શાહ લૉ કાલેજ, આર્ટ્સ સેકશન, અમદાવાદને બી.એ. સ્પેશ્યલમાં ફિલોસોફી અને બી.એ. જનરલ અને સ્પેશ્યલમાં હિંદી માટે વધારાનું જોડાણ આપવા સરકારને ભલામણ કરવી.

૧૩૫. સૌરાષ્ટ્ર સરકાર તરફથી ભાવનગર ખાતે શરૂ કરાનાર શ્રી. બી. એમ. શાહ ઇન્ટરમિડિએટ આર્ટ્સ કૉલેજને ઇન્ટર આર્ટ્સ સુધીના અભ્યાસક્રમ માટે જોડાણ આપવા

બાબતમાં સેનેટે મૂકેલી શરતોનું પાલન કરવા કૉલેજ સત્તાવાળાઓને જણાવતાં તેમના તરફથી આવેલ પત્ર.

(નોંધ:- યુનિવર્સિટી ઑફિસે આ અંગે કૉલેજ સત્તાવાળાઓને પત્ર લખેલ છે તે બાબતમાં કશો જવાબ આવ્યો નથી.)

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર કૉલેજ માટે સેનેટે મૂકેલી શરતોનું યથાર્થ પાલન કરવા માટે સૌરાષ્ટ્ર સરકારને જણાવવું.

૧૩૬. સેંટ ઝેવીયર્સ કૉલેજ, અમદાવાદને ફર્સ્ટ ઇયર સાયન્સ અને ઇન્ટર સાયન્સના અભ્યાસક્રમો માટે વધારાનું જોડાણ આપવા બાબતમાં સેનેટે મૂકેલી શરતોનું પાલન કરવા કૉલેજને જણાવતાં તેમના તરફથી આવેલ જવાબ.

(નોંધ:- શરત નં. ૫ નીચે મુજબ છે:

The number of students to be admitted to the college be restricted as under :

First Year Science	300
Inter Science	100

કૉલેજના પ્રિન્સિપલનો જવાબ નીચે મુજબ છે:

"With reference to condition No. 5 and the fulfilment thereof, may I presume to remark that this particular conditions 1 to 4, has not been included in the report as mandatory, but recommendatory. At the last meeting of the Senate, and on subsequent occassions, I have been given to understand that no difficulty will be made if and when we should apply for permission to have more than 300 students for F. Y. Science.

With regard to Inter Science, the question of number does not arise just now, simply because we are not availing ourselves of the permission to start an Inter Science division this year. At the time this college sought University recognition for a Science Faculty, we had little reason to believe that such recognition would be for one year only, and we hoped that such recognition extending over a period of two years, an Inter Science Division would naturally come into existence within a year of the Faculty's inception.")

આથી ઠરાવવામાં આવે છે કે સેન્ટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદને ફર્સ્ટ ઇયર સાયન્સ અને ઇન્ટર સાયન્સના અભ્યાસક્રમો માટે વધારાનું જોડાણ આપવા માટે સરકારને ભલામણ કરવી.

૧૩૭. મહિલા મહાવિદ્યાલય, પોરબંદરને બી.એ. સ્પેશ્યલ અને જનરલમાં કેટલાક વિષયો માટે વધારાનું જોડાણ આપવા બાબતમાં સેનેટે મૂકેલી શરતોનું પાલન કરવા કૉલેજને જણાવતાં તેમના તરફથી આવેલો જવાબ.

(નોંધ: શરત નં. ૧-૧. અંગ્રેજીના પ્રોફેસર બાબતમાં પૂરેપૂરી માહિતી આવેલી નથી.

૨. ગુજરાતીના પ્રોફેસર-લાયક માણસ મળતો ન હોવાથી હાલમાં નીમેલાં મીસ ગીતા રાયજીની નિમણૂંકને મંજૂરી આપવા પ્રિન્સિપલની વિનતિ છે.

શરત નં. ૨- આ બાબતમાં પૂરેપૂરી માહિતી આવેલ નથી)

આથી ઠરાવવામાં આવે છે કે મહિલા મહાવિદ્યાલય, પોરબંદરને બી.એ. સ્પેશ્યલ અને જનરલમાં કેટલાક વિષયો માટે વધારાનું જોડાણ આપવા બાબતમાં સેનેટે મૂકેલી શરતોનું યથાર્થ પાલન કરવા માટે જણાવવું તથા મીસ રાયજીની નિમણૂક માન્ય કરવી નહિ.

૧૩૮. શ્રી. જયેન્દ્રપુરી આર્ટ્સ અને સાયન્સ કૉલેજ, ભરૂચનું ઇન્ટર આર્ટ્સ સુધીનું જોડાણ ચાલુ રાખવા અંગે અને બી.એ.માં કેટલાક વિષયો માટે વધારાનું જોડાણ આપવા બાબતમાં સેનેટે મૂકેલી શરતોનું પાલન કરવા કૉલેજને જણાવતાં તેમના તરફથી આવેલો જવાબ.

(નોંધ:- શરત નં. ૧. અ. ઇકોનોમિકસના પ્રોફેસર બાબતમાં પૂરેપૂરી માહિતી આવેલી નથી.

બ. ગુજરાતીના પ્રોફેસર બાબતમાં પૂરેપૂરી માહિતી આવેલી નથી.

શરત નં. ૨. રૂા. ૫,૦૦૦ ની વધારાની ચોપડીઓ ખરીદવા બાબતની શરત છે, પરંતુ ૧૧૨૫ રૂપિયાનાં પુસ્તકો આવેલાં છે. બીજાને માટે લખ્યું છે. હજી જવાબ નથી.

શરત નં. ૬. બાબતમાં રૂા. પાંચ લાખ જૂન ૧૯૫૬ સુધીમાં ભેગા કરવાની બાંહેધરી મંડળ તરફથી આવેલી નથી.)

(ઉપરની શરતો અંગે ફરીથી પત્રો આવ્યા હતા.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. જયેન્દ્રપુરી આર્ટ્સ અને સાયન્સ કૉલેજ, ભરૂચને ઇન્ટર આર્ટ્સ સુધી જોડાણ ચાલુ રાખવા અને બી.એ. માં કેટલાક વિષયો માટે વધારાનું જોડાણ આપવા માટે સરકારને ભલામણ કરવી.

૧૩૯. જામનગર ખાતે સૌરાષ્ટ્ર સરકાર તરફથી જુન ૧૯૫૬ થી શરૂ કરાનાર શ્રી. ડી. કે. વી. આર્ટસ અને સાયન્સ કૉલેજને ઇન્ટર આર્ટસ અને ઇન્ટર સાયન્સ સુધીના અભ્યાસક્રમ માટે જોડાણ આપવા બાબતમાં સેનેટે મૂકેલી શરતોનું પાલન કરવા કૉલેજ સત્તાવાળાઓને જણાવતાં તેમના તરફથી આવેલ પત્ર.

(નોંધ:– યુનિવર્સિટી ઑફિસે આ અંગે કૉલેજ સત્તાવાળાઓને પત્ર લખેલ છે તે બાબતમાં આપેલ જવાબ સંતોષકારક નથી. ફરીથી પત્ર લખ્યો છે.)

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર કૉલેજ માટે સેનેટે મૂકેલી શરતોનું યથાર્થ પાલન કરવા માટે સૌરાષ્ટ્ર સરકારને જણાવવું.

૧૪૦. સુરેન્દ્રનગર ખાતે સૌરાષ્ટ્ર સરકાર તરફથી જુન ૧૯૫૬ થી શરૂ કરાનાર શ્રી. એમ. પી. શાહ આર્ટસ અને સાયન્સ કૉલેજને ઇન્ટર આર્ટસ અને ઇન્ટર સાયન્સ સુધીના અભ્યાસક્રમ માટે જોડાણ આપવા બાબતમાં સેનેટે મૂકેલી શરતોનું પાલન કરવા કૉલેજ સત્તાવાળાઓને જણાવતાં તેમના તરફથી આવેલ પત્ર.

(નોંધ:– યુનિવર્સિટી ઑફિસે આ અંગે કૉલેજ સત્તાવાળાઓને પત્ર લખેલ છે તે બાબતમાં આવેલ જવાબ સંતોષકારક નથી. ફરીથી પત્ર લખ્યો છે)

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર કૉલેજ માટે સેનેટે મૂકેલી શરતોનું યથાર્થ પાલન કરવા માટે સૌરાષ્ટ્ર સરકારને જણાવવું.

કામકાજ નં. ૧૪૨, ૧૪૩, ૧૪૪, ૧૪૫, ૧૬૨, ૧૭૫ અને ૧૭૬ ની એક સાથે વિચારણા કરવામાં આવી હતી.

૧૪૨. વિદ્યાર્થીઓનો એડમીશન માટે પુષ્કળ ધસારો હોવાથી ફર્સ્ટ યર સાયન્સ તેમજ ઇન્ટર સાયન્સનો દરેકમાં બીજો ડિવિઝન ખોલવા પરવાનગી આપવા બાબતનો જે. એન્ડ જે. કૉલેજના પ્રિન્સપલ તરફથી આવેલ પત્ર.

(નોંધ:– પ્રિન્સિપલ નીચે મુજબ જણાવે છે:

"I propose to engage the necessary staff for the purpose this very year, so that I can meet the requirements of the University of admitting not more than 00 students in each division in near future. We have sufficient accomodation, laboratories, apparatus etc. for nearly 300 students in each of the two divisions of each of the First Year Science and Inter Science Classes & so on that account, there need be no anxiety.")

અને

૧૪૩. ફર્સ્ટ યર સાયન્સનો ત્રીજો ડિવીઝન ખોલવા પરવાનગી આપવા બાબતનો સેંટ ઝેવિયર્સ કૉલેજના પ્રિન્સિપલનો પત્ર.

(નોંધ:– આ અંગે શ્રી. વાઇસ-ચાન્સેલરે નીમેલી સ્થાનિક તપાસ સમિતિનો હેવાલ મોકલવામાં આવ્યો હતો.)

અને

૧૪૫. જુનિયર બી.એ. અને સીનીયર બી.એ.માં ફરજિયાત અંગ્રેજી માટે ત્રણ ડિવિઝન રાખવા પરવાનગી આપવા બાબતનો ધર્મેન્દ્રસિંહજી કૉલેજ, રાજકોટના પ્રિન્સિપલ તરફથી આવેલો પત્ર.

(નોંધ:- પ્રિન્સિપલ નીચે મુજબ જણાવે છે:

"This would mean an addition of only 4 periods per week in English and we have already sufficient staff to meet with this additional work.")

અને

૧૬૧. એડમીશન માટે વિદ્યાર્થીઓનો પુષ્કળ ધસારો હોવાથી ફર્સ્ટ યર કોમર્સનો ત્રીજો ડિવિઝન ખોલવા પરવાનગી આપવા બાબતનો ગુજરાત લૉ સોસાયટીના માનદ મંત્રી તરફથી આવેલ પત્ર.

અને

૧૭૫. ફર્સ્ટ યર સાયન્સનો ચોથો ડિવિઝન ખોલવા પરવાનગી આપવા બાબતનો વી. પી. મહાવિદ્યાલય, વલ્લભ વિદ્યાનગરના પ્રિન્સિપલ તરફથી આવેલો પત્ર.

અને

૧૭૬. ધર્મેન્દ્રસિંહજી કૉલેજ, રાજકોટમાં ઇન્ટર સામાન્ય "એ" અને "બી" ગ્રુપના વર્ગમાં ૬૦ વધારે વિદ્યાર્થીઓ દાખલ કરવા પરવાનગી આપવા બાબતના મજકૂર કૉલેજના પ્રિન્સિપલ તરફથી આવેલો પત્ર.

(નોંધ:- ૧૮૦ વિદ્યાર્થીઓ દાખલ કરવાની પરવાનગી આપેલી છે. તે ઉપરાંત બીજા ૬૦ વધારે દાખલ કરવા પરવાનગી આપવા બાબતની અરજી છે.

આથી ઠરાવવામાં આવે છે કે લાગતી વળગતી કૉલેજોમાં જરૂરી જગ્યા, સ્ટાફ તથા સાધનો હોય તો વધારાના વર્ગ કે વર્ગો ખોલવા માટે પરવાનગી આપવા ઉપકુલપતિશ્રીને સત્તા આપવી.

૧૪૮. યુ. પી. એસ. સી. વર્ગો માટે દર વર્ષની જેમ યોજના ચાલુ રાખવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુ. પી. એસ. સી. ના વર્ગો દર વર્ષની જેમ આ વર્ષે પણ ચાલુ રાખવા.

૧૪૯. ઍલિજિબિલિટી સર્ટિફીકેટની ફીને લગતા કામચલાઉ ઑ. ૭૨ની મુદત પૂરી થતી હોવાથી તે લંબાવવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઍલિજિબિલિટી સર્ટિફીકેટ ફીને લગતા કામચલાઉ ઑર્ડિનન્સ ૭૨ની મુદત જૂન ૧૯૫૮ સુધી લંબાવવી.
ઑર્ડિનન્સ નં. ૭૨ નીચે મુજબ છે:

O. 72 Notwithstanding anything contained in O. 70 upto June 1958 students migrating from the Bombay, Poona, Karnatak, and Baroda Universities to this University shall be required to pay only such fees for eligibility certificate as may be fixed by the respective Universities on a reciprocal basis.

૧૫૦. બહાઉદ્દીન કૉલેજ, જુનાગઢના જુનિયર બી.એ. ના વિદ્યાર્થી શ્રી. જે. એન. પ્રજાપતિની ખૂટતી હાજરી માફ કરવા બાબતની મજકૂર કૉલેજના પ્રિન્સિપલ મારફત આવેલી અરજી,

(નોંધ:- વિદ્યાર્થીની હાજરી નીચે મુજબ:

પ્રથમ સત્ર.....૮૭

બીજું સત્ર.....૨૭ એમ. એન. કૉલેજ, વીસનગર

,, ...૩૨ બહાઉદ્દીન કૉલેજ, જૂનાગઢ.

બીજા સત્રમાં વેસ્ટર્ન રેલ્વેમાં નોકરી મળવાથી જૂનાગઢ ગયો અને ત્યાં ૩૨ દિવસની હાજરી રાખી. બીજા સત્રની શરૂઆતમાં ૨૭ દિવસની હાજરી એમ. એન. કૉલેજ, વીસનગરમાં રાખી. પરંતુ બીજા સત્રની ફી ભરેલી નહિ હોવાથી પ્રિન્સિપલે તે માન્ય રાખી નથી. વિદ્યાર્થી જણાવે છે કે પહેલા સત્રમાં રૂપિયા ૧૦૦ ફીના ભરેલા તે જો તેની બીજા સત્રમાં માફી ચાલુ ન રહે તો ફી તરીકે ગણવાના હતા. પરંતુ બીજા સત્રની માફીઓ ડીકલેર થાય તે પહેલાં તેઓએ કૉલેજ છોડી અને ૧૦૦ રૂપિયા પરત લીધા નથી. એટલે ફી તરીકે ગણી શકાય. પોતાના ઘરમાં કમાતો માણસ પોતેજ હોવાથી તેને જૂનાગઢ જવાની ફરજ પડી હતી તેથી સંજોગો જોતાં ખૂટતી હાજરી માફ કરવા વિનંતી કરે છે. જૂનાગઢના કૉલેજના પ્રિન્સિપલ આ કેસ Sympathetically વિચારણા કરવા જણાવે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે બહાઉદ્દીન કૉલેજ, જૂનાગઢના જુનિયર બી.એ. ના વિદ્યાર્થી શ્રી. જે. એન. પ્રજાપતિની ખૂટતી હાજરી ખાસ અપવાદ તરીકે માફ કરવી.

૧૫૧. યુનિવર્સિટી સ્કૂલ ઑફ સોશિયલ સાયન્સીઝમાં એમ.એ. ના વર્ગોમાં પ્રથમ સત્રોમાં ભરેલી હાજરી નિયમ કરતાં ઓછી હોવાથી તે માંદગીને કારણે માફ કરવા બાબતની કુમારી ઉષા વિ. શાહની સ્કૂલના અધ્યક્ષ મારફત આવેલી અરજી.

(નોંધઃ- વિદ્યાર્થીની હાજરી નીચે મુજબ છે:

સત્ર	ગ્રુપ	કુલ વ્યાખ્યાનો	ભરવાં જોઈતાં વ્યાખ્યાનો	ભરેલાં વ્યાખ્યાનો	ખૂટતી હાજરી
પ્રથમ	ડી	૪૧	૨૭	૧૯	૮
	એફ	૩૩	૨૨	૧૪	૮)

(નોંધઃ- સિન્ડિકેટે તેની તા. ૩-૩-૫૬ની બેઠકમાં મજકૂર ખૂટતી હાજરી માફ નહિ કરવા ઠરાવ્યું હતું. આ બાબત ફરીથી વિચારણા કરવા સ્કૂલના અધ્યક્ષની વિનંતી છે)

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી સ્કૂલ ઑફ સોશિયલ સાયન્સીઝની વિદ્યાર્થીની કુ. ઉષા વી. શાહની ખૂટતી હાજરી માફ કરવી.

૬૫૪. જુનિયર ક્લાર્ક શ્રી. જી. એન પટેલને વધુ અભ્યાસ માટે નવ માસની વગર પગારે રજા આપવા બાબતની તેમની અરજી.

(નોંધઃ- જો રજા આપી શકાય તેમ ન હોય તો રાજીનામું મંજૂર કરવા અને તા. ૨૫મી જૂનથી છૂટો કરવા શ્રી. પટેલની વિનંતી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. જી. એન. પટેલની વધુ અભ્યાસ માટે વગર પગારે રજા આપવાની અરજી મંજૂર કરવી નહિ પરંતુ તેમની ઇચ્છા મુજબ તેમનું રાજીનામું સ્વીકારવું.

૬૫૫. લાયબ્રેરીના ઇરચુ ક્લાર્ક શ્રી. ડી. એન. શુકલની મુંબઇ યુનિવર્સિટીમાં લાયબ્રેરી ડિપ્લોમાનો અભ્યાસ કરવા માટે તા. ૨૦-૬-૫૬ થી તા. ૧૯-૫-૫૭ સુધીના અગિયાર માસની વગર પગારે રજા આપવા બાબતની અરજી.

(નોંધઃ-શ્રી. ડી. એન. શુકલને એડમીશન મળી ગયું છે.)

આથી ઠરાવવામાં આવે છે કે લાયબ્રેરીના ઇરચુ ક્લાર્ક શ્રી. ડી. એન. શુકલને તેઓ પોતે લાયબ્રેરીમાં કામ કરે છે તે વસ્તુ લક્ષમાં લઇને મુંબઇ યુનિવર્સિટીમાં લાયબ્રેરી ડિપ્લોમાનો અભ્યાસ કરવા માટે તા. ૨૦-૬-૫૬ થી તા. ૧૯-૫-૫૭ સુધીની ૧૧ માસની વગર પગારની રજા આપવી.

૬૫૬. ઇન્ટરમિડિયેટ વર્ગોમાં માધ્યમ બદલાતુ હોવાથી, આ વર્ષે ઇન્ટરમિડિયેટ નાપાસ થયેલા વિદ્યાર્થીઓની નીચે મુજબની વિનંતી:

૧. ઑક્ટોબર ૧૯૫૬ માં એક વધારાની પરીક્ષા લેવી.

૨. કૉલેજના ત્રીજા વર્ષની એટલે કે જુનિયરની પહેલી ટર્મમાંથી માફી આપવી.

૩. ૧૯૫૬-૫૭ ના બીજા સત્રમાં અંગ્રેજી માધ્યમ દ્વારા શીખવવાની સગવડ કરવી.

આથી ઠરાવવામાં આવે છે કે આ સવાલની વિચારણા મોકૂફ રાખવી.

334

૬૫૭. સિન્ડિકેટની તા. ૭-૪-૫૬ની સભાના ઠરાવ નં. ૨ મુજબ યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી યુનિવર્સિટીના ટિચીંગ સ્ટાફના પગાર વધારાના કારણે થતાં ખર્ચના વધારાના ૮૦ ટકા જેટલી મદદ યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન આપશે તેવી કબુલાત આપતો પત્ર આવી ગયો હોવાથી, યુનિવર્સિટી ડિપાર્ટમેન્ટના ટિચીંગ સ્ટાફના પગારના સ્કેલ બાબત અંગેના સ્ટેટ્યુટ નં. S. ૨૦૪ માં નીચે મુજબ સુધારો કરવા બાબત.

In line five of the Statute the scale of salary for the Reader should be read as Rs. 500/-25-800 in place of Rs. 400-30-700. The Statute as amended will read as under:-

S. 204. The scales of monthly salaries in the Department, in addition to the usual allowances that may be fixed by the Syndicate, from time to time, will be as under:

Professor:	Rs. 800-50-1250
Reader:	Rs. 500-25-800
Lecturer:	Rs. 250-25-500
Research Fellow:	Rs. 75-15-150

Provided it shall be open to the Syndicate to start him on a salary above the minimum of the grade.

(નોંધ:-બાકીના ૨૦ ટકાનો વધારાનો ખર્ચ રાજ્ય સરકાર આપશે કે કેમ તે અંગે રાજ્ય સરકારને પૂછાવ્યું છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સ્ટે. ૨૦૪ માં ઉપર પ્રમાણે સુધારો કરવા સેનેટને ભલામણ કરવી. સુધારેલો સ્ટે. નં. ૨૦૪ ઉપર મુજબ વંચાશે.

૬૫૮. ચાલુ વર્ષે ગુજરાત યુનિવર્સિટીના ભાષા-સાહિત્ય ભવનને ભાષાશાસ્ત્ર (Linguistics)ને લગતાં પુસ્તકો વગેરેની ખરીદી માટે વિશ્વવિખ્યાત ધી રોક ફેલર ફાઉન્ડેશન, ન્યૂયોર્ક તરફથી ૧૦૦૦ ડોલરની રકમ આપવાનું નક્કી થયું છે તે સ્વીકારવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટીના ભાષા-સાહિત્ય ભવનને ભાષાશાસ્ત્રને લગતાં પુસ્તકો વગેરેની ખરીદી માટે રોકફેલર ફાઉન્ડેશન, ન્યૂયોર્ક તરફથી ૧૦૦૦ ડોલરની રકમ આપવામાં આવી છે તે સ્વીકારવી.

૬૬૧. "Study of the water requirements of important crops of Gujarat" એ વિષય અંગેનાં સંશોધન માટે ડૉ. આર. એમ. પટેલ તથા શ્રી. એચ. એ. જોષીને સંયુક્ત રીતે કામ કરવા રૂપિયા ૮૦૦ની ગ્રાન્ટ સિન્ડિકેટે મંજૂર

કરી છે તેમાં ડૉ. આર. એમ. પટેલની જગ્યાએ ડૉ. પી. એલ. પટેલનું નામ મૂકી ફેરફાર કરવા બાબતનો બી.એ. કૉલેજ ઑફ એગ્રિકલ્ચરના પ્રિન્સિપલનો પત્ર.

આથી ઠરાવવામાં આવે છે કે ડૉ. આર. એમ. પટેલની જગ્યાએ ડૉ. પી. એલ. પટેલનું નામ મૂકવા માટેની બી. એ. કૉલેજ ઑફ એગ્રિકલ્ચર, આણંદના પ્રિન્સિપલની વિનંતી માન્ય કરવી.

૧૬૩ શ્રી. જેઠાલાલ જી. શાહની લેક્ચરર ઇન સોશિયોલૉજી તરીકે સર એલ. એ. શાહ લૉ કૉલેજના આર્ટ્સ વિભાગમાં કરી છે તે મંજૂર રાખવા બાબતનો મજકૂર કૉલેજના પ્રિન્સિપલ તરફથી આવેલો પત્ર.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. જેઠાલાલ જી. શાહની સર એલ. એ. શાહ લૉ કૉલેજમાં લેક્ચરર ઇન સોશિયોલૉજી તરીકેની નિમણૂકને માન્ય કરવી નહિ.

૧૬૪. રામાનંદ કૉલેજ, અમદાવાદમાં દાખલ થઈ બી.એ. માં પર્શિયન અને ઉર્દુનો વિષય લઈ મજકૂર વિષયો માટે ખાનગી અભ્યાસ કરવા દેવા પરવાનગી આપવા બાબતની મીસ કાદરી એચ. ઝેડ. ની મજકૂર કૉલેજના પ્રિન્સિપલ મારફત આવેલી અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે રામાનંદ મહાવિદ્યાલય, અમદાવાદમાં બી.એ. માં પર્શિયન અને ઉર્દુનો વિષય લઈ ખાનગી અભ્યાસ કરવા દેવા માટેની મિસ કાદરી એચ. ઝેડ. ની વિનંતી માન્ય કરવી નહિ.

૧૬૫. રામાનંદ મહાવિદ્યાલય, અમદાવાદને ઇન્ટર આર્ટ્સમાં ૪૦૦ (ત્રણ વર્ગ) અને બી.એ. માં ૨૫૦ (બે વર્ગ) વિદ્યાર્થીઓ દાખલ કરવા તથા તે ઉપરાંત દરેક ડિવિઝનમાં દસ ટકા વધારે વિદ્યાર્થીઓ દાખલ કરવા પરવાનગી આપવા બાબતની મજકૂર વિદ્યાલયના પ્રિન્સિપલ તરફથી આવેલી અરજી ઉપરથી તે આપ્યા બાબતના ઉપકુલપતિશ્રીના કાર્યને બહાલી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપકુલપતિશ્રીના કાર્યને બહાલી આપવી.

૧૬૬. સ્ટાફના નીચે જણાવેલા સભ્યોને તેઓના નામ સામે જણાવેલ કારણોસર તેમના પ્રોવિડંટ ફંડના ફાળામાંથી લોન આપવા બાબતની અરજીઓ ઉપરથી તે મંજૂર કર્યાના ઉપકુલપતિશ્રીના કાર્યને બહાલી આપવા બાબત.

નામ	હોદ્દો	રકમ	કારણોસર
શ્રી. એન. જે. પાઠક	કેશિયર	રૂા. ૨૫૦-૦-૦	ભાભીના અવસાન પછી થયેલા ખર્ચ અંગે.
શ્રી. એન. કે. વ્યાસ	જુ. કલાર્ક	રૂા. ૮૦-૦-૦	પત્નીની માંદગી અંગે દવા, ડૉક્ટરના બીલો વગેરેના ખર્ચ માટે.

345

નામ	હોદ્દો	રકમ	કારણોસર
શ્રી. આર. સી. દેસાઇ	જુ. ક્લાર્ક	રૂા. ૧૦૦-૦-૦	પોતાની માંદગી.
શ્રી. પરસોતમ ડી. ખત્રી	પટાવાળા	રૂા. ૫૦-૦-૦	પત્નીની માંદગી.
શ્રી. છગન દેવજી ભોપે	,,	રૂા. ૫૦-૦-૦	પોતાની માંદગી.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપકુલપતિશ્રીના કાર્યને બહાલી આપવી.

૧૬૭. એલ. ડી. આર્ટ્સ કૉલેજ અને એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યુટના એમ.એસસી. ના વિદ્યાર્થી શ્રી. એન. એન. નાયકનો મહાનિબંધ રેફરીઝે સ્વીકાર્યો હોવાથી તેમને તે ડિગ્રીમાં પાસ થયેલા જાહેર કરવા ઉપકુલપતિશ્રીએ શ્રી. રજિસ્ટ્રારને આપેલી પરવાનગીને બહાલી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપકુલપતિશ્રીના કાર્યને બહાલી આપવી.

૧૬૮. સેંટ ઝેવિયર્સ કૉલેજને ફર્સ્ટ ઇયર સાયન્સનો ત્રીજો ડિવિઝન ખોલવા પરવાનગી આપવા બાબતના મજકૂર કૉલેજના પ્રિન્સિપલના પત્ર અંગે તપાસ કરી હેવાલ રજૂ કરવા પ્રિન્સિપલ ડૉ. આર. ડી. દેસાઇ, ડૉ. વાય. જી. નાયક તથા પ્રોફેસર જે. ડી. ઓઝાની સ્થાનિક તપાસ સમિતિ નીમ્યા બાબતના ઉપકુલપતિશ્રીના કાર્યને બહાલી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપકુલપતિશ્રીના કાર્યને બહાલી આપવી.

૧૬૯. ૧૯૫૬ માં લેવાયેલી બી.એ. ની ઓનર્શ્યન્ટ ઇન્ડિયન કલ્ચરની પરીક્ષા ૧૯૫૬ના વર્ષ માટે નિયત કરેલા કોર્સ મુજબ લેવાની હતી અને તે પ્રમાણે પરીક્ષકોએ પ્રશ્નપત્રો કાઢેલા, પરંતુ રાજકોટની ધર્મેન્દ્રસિંહજી કૉલેજમાં આ પરીક્ષા માટે આ વિષયમાં જુના એટલે કે ૧૯૫૫ના કોર્સ મુજબ શિખવાડેલું હોવાથી તે કૉલેજના વિદ્યાર્થીઓ નવા કોર્સ મુજબના પ્રશ્નપત્રો હોવાથી જવાબો આપી શકે તેમ ન હોવાથી જવાબપત્રો કોરાં આપેલાં અને ત્યારબાદ વિદ્યાર્થીઓ તથા તે કૉલેજના પ્રિન્સિપલની વિનંતીથી તે કૉલેજના વિદ્યાર્થીઓને સહન કરવું ન પડે તે હેતુથી ત્યાં શિખવાડેલા જુના કોર્સ મુજબની ફકત આ વિષયની ફરી પરીક્ષા શ્રી. વાઇસ-ચાન્સેલરના હુકમ અનુસાર તે કૉલેજના વિદ્યાર્થીઓ માટે રાજકોટ સેન્ટરે લીધી તેને બહાલી આપવા તથા કૉલેજ સામે શું પગલાં લેવાં તે નક્કી કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. વાઇસ-ચાન્સેલરે લીધેલાં પગલાં મંજૂર કરવા તથા આ માટે જવાબદાર પ્રાધ્યાપક સામે યોગ્ય પગલાં લેવા માટે કૉલેજના પ્રિન્સિપલને જણાવવું.

૧૭૦. એલ. એલ. એમ. ની પરીક્ષામાં મુંબઇ યુનિવર્સિટીમાં જેમ ક્લાસ અપાય છે તેવી રીતે આપણી યુનિવર્સિટીમાં ક્લાસ આપવા બાબત અને તે અંગે ઍા. ૧૩૬માં નીચે મુજબ સુધારો કરવા બાબત.

"Delete the words "and Pass" against Master ot Laws which will then read as under :

"Master of Laws.....In two classes."

(નોંધઃ- આ અંગે મુંબઇ યુનિવર્સિટીમાં પૂછાવતાં નીચે મુજબનો જવાબ આવ્યો છેઃ

"Candidates who obtain 50 per cent of the marks but below 66 per cent of the marks at the LL.M. Examination are declared to have passed the examination in Second Class and the class is mentioned in the degree certificate awarded to them.")

આથી ઠરાવવામાં આવે છે ઑર્ડિનન્સ ૧૩૬માં સૂચવ્યા મુજબનો સુધારો કરવો તથા સિન્ડિકેટે સુધારેલા ઑર્ડિનન્સને તાત્કાલિક અમલી બનાવવો.

૧૭૩. એસ.ઇ. (સિવિલ) ના નવા અભ્યાસક્રમમાંથી **Heat Engines and Electrical Engineering** નો પેપર રદ કર્યો છે તેથી આ વર્ષે જુના અભ્યાસક્રમ પ્રમાણે મજકૂર વિષયમાં નાપાસ થતા શ્રી. આર. એમ. ચોક્સીની તેઓને એસ.ઇ. (સિવિલ)માં પાસ થએલા ગણવા બાબત અથવા તો બી.ઇ. ના સત્રો ભરવાની છૂટ આપવા બાબતની મિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલયના પ્રિન્સિપલ મારફતે આવેલી અરજી.

(નોંધઃ—પ્રિન્સિપલનો શેરો નીચે મુજબ છે.

"This case and similar others require to be considered by the University authorities on account of the change in the Civil Engineering Syllabus from the year 1956-57. A very peculiar situation arises for the students who have failed in S. E. (Civil) this year only in Heat Engines and Electrical Technology which is proposed to be eliminated from the syllabus.")

આથી ઠરાવવામાં આવે છે કે ઍન્જિનીયરીંગનો સુધારેલો અભ્યાસક્રમ આવતા સાલે નહિ પરંતુ આવતા સાલે અમલમાં મૂકવાનો હોવાથી આ પ્રશ્ન પરત્વે વિચારણા કરવાનો રહેતી નથી.

૧૭૪. અંગ્રેજીના લેક્ચરરો તરીકે નીચે મુજબની લાયકાતવાળા નીચેના બે ગૃહસ્થોની નિમણૂકો કરવા મંજૂરી આપવા બાબતનો સર એલ. એ. શાહ લો કૉલેજના પ્રિન્સિપલ તરફથી આવેલો પત્ર.

1. Shri Jayantilal A. Shukla,
   B.A. (II Class) with English & Politics,
   M.A. (Pass Class) with English & Gujarati.

2. Miss I. N. Shelat,
   B.A. (II Class) with English Special of Poona University,
   M.A. (pass class with Entire English of Gujarat University.

342

(નોંધઃ—પ્રિન્સિપલ તેમના પક્ષમાં નીચે મુજબ જણાવે છેઃ—

At present it is very difficult to get the services of applicants with M.A. (English) II Clase. I have therefore to request you to please approve of these proposed appointed appointments.)

આથી ઠરાવવામાં આવે છે કે પ્રિન્સિપલની વિનંતી નામંજૂર કરવી.

૧૭૯. વી. પી. મહાવિદ્યાલય, વલ્લભ વિદ્યાનગરના વિદ્યાર્થી શ્રી. કે. સી. પટેલનો એમ. એસ. સી. નો મહાનિબંધ રેફરીઝે સ્વીકાર્યો હોવાથી તેમને તે ડીગ્રીમાં પાસ થયેલા જાહેર કરવા શ્રી. વાઇસ-ચાન્સેલરે શ્રી. રજીસ્ટ્રારને આપેલી પરવાનગીને બહાલી આપવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. વાઈસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવી.

૧૮૦. એલ. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદના વિદ્યાર્થી શ્રી. એન. ડી. શાહે બી એ. (સ્પેશ્યલ) ની ૧૯૫૬ ની પરીક્ષાના ફૉર્મમાં અંગ્રેજીમાં ભૂલથી એક્ઝમ્પશન કલેઇમ કર્યું નથી તો તે Waive કરી તેનું પરિણામ સુધારવા બાબત.

(નોંધઃ—કૉલેજમાં એ ફૉર્મ ભરાવે છે તેમાંના કૉલેજમાં રહેલા ફૉર્મમાં એક્ઝેમ્પશન કલેઇમ કરેલું છે એમ વિદ્યાર્થી પોતાની અરજીમાં જણાવે છે. યુનિવર્સિટીને મોકલેલા ફૉર્મમાં ભૂલથી રહી ગયું છે.)

આથી ઠરાવવામાં આવે છે કે મજકુર વિદ્યાર્થીને પાસ થએલો જાહેર કરવો.

૧૮૧. એમ. એ. માં ૪૮ ટકા માર્કસ મેળવ્યા હોય અને બી. એડ. માં ફર્સ્ટ કલાસ મેળવ્યો હોય એવા ગૃહસ્થને બી. ટી. કૉલેજમાં લેકચરર માટે લાયક ગણવા બાબતના રામબા ગ્રેજ્યુએટ ટીચર્સ કૉલેજના પ્રિન્સિપલ તરફથી આવેલો પત્ર.

આથી ઠરાવવામાં આવે છે કે પ્રિન્સિપલની વિનંતી નામંજૂર કરવી.

૧૮૨. ફાઇનાન્સ કમીટીની નીચે મુજબની ભલામણો :

૧. આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે ૧૯૫૬-૫૭ ના વર્ષ માટે મેસર્સ કલ્પના પ્રિન્ટરી, અમદાવાદને નીચેના ભાવે છાપકામ આપવું :

કમ્પોઝીંગ તથા પ્રિન્ટીંગના દર :

	*૧૦ પોઇન્ટ ટાઇપ			*૧૨ પોઇન્ટ ટાઇપ.		
	પહેલી ૫૦૦ પ્રતના	૫૦૧ થી ૧૦૦૦ પ્રતના	વધારાની ૧૦૦૦ પ્રતના	પહેલી ૫૦૦ પ્રતના	૫૦૧ થી ૧૦૦૦ પ્રતના	વધારાની ૧૦૦૦ પ્રતના
½ ફુલસ્કેપ રૂા. ૫-૦-૦ એક હજાર સુધીના ૧-પેઇજના			૨-૦-૦	૫-૦-૦	૫-૦-૦	૨-૦-૦

	*૧૦ પોઇન્ટ ટાઇપ			*૧૨ પોઇન્ટ ટાઇપ.		
	પહેલી ૫૦૦ પ્રતના	૫૦૧ થી ૧૦૦૦ પ્રતના	વધારાની ૧૦૦૧ પ્રતના	પહેલી ૫૦૦ પ્રતના	૫૦૧ થી ૧૦૦૦ પ્રતના	વધારાની ૧૦૩૦ પ્રતના
½ ,,	૩-૦-૦	૧ પેજના	૨-૮-૦	૩-૦-૦	૩-૦-૦	૨-૦-૦
½ ક્રાઉન સાઇઝના પાનાના ભાવ.	૩-૦-૦	૧ પેજના	૨-૦-૦	૩-૮-૦	૩-૮-૦	૨-૦-૦
½ ડેમી સાઇઝ પાનાના ભાવ.	૩-૮-૦	પેજ-૧ ના	૨-૦-૦	૩-૮-૦	૩-૮-૦	૨-૦-૦
½ રોયલ સાઇઝ પાનાના ભાવ.	૩-૮-૦	પેજ-૧ ના	૨-૦-૦	૩-૮-૦	૩-૮-૦	૨-૦-૦

* ટાઇપની પસંદગી યુનિવર્સિટી હસ્તક રહેશે.

૨. બાઇન્ડીંગ ચાર્જ

	બાઇન્ડીંગ ચાર્જ
½ ક્રાઉન સાઇઝ સાદી ૩૦૦ ચોપડીઓનું પાના ૧૦ નીચે	રૂા. કાંઈપણ આપવામાં આવશે નહિ.
ડબલ સ્ટીચીંગ, કટીંગ, ગોઠવણી વગેરેનું રનીંગ પાના ૧૧થી ૩૦	રૂા. ૨-૧૨-૦
,, ,, ૩૧થી૫૦	રૂા. દરેક ૨૦ પાને ૧ રૂપિયો.
,, ,, ૫૧થી૭૦	રૂા.
,, ,, ૭૦ ઉપર	

ચોપડીઓના નંગ વધારે થશે તો ચાર્જ તે પ્રમાણે વધારે ગણાશે.

સાઇઝ	પેડીંગ ચાર્જ	લુઝ બોર્ડ બાઇન્ડીંગ	કટ બોર્ડ	ડબલ કટ બોર્ડ	રિમાર્ક
ફુલ્સકેપ	૦-૩-૦	૦-૬-૦	૦-૮-૦	૦-૧૨-૦	
½ ફુલ્સકેપ	૦-૩-૦	૦-૪-૦	૦-૬-૦	૦-૧૦-૦	
¼ ,,	૦-૨-૦	૦-૩-૦	૦-૪-૦	૦—૪-૦	

૪.

નંબરીંગ ચાર્જ રૂા. ૦-૮-૦ હજાર

ફ્રેમીંગ ચાર્જ સ્ટોપ ફ્રેમીંગ રૂા. ૫-૦-૦ ફુલસ્કેપ સાઈઝ ૭-૦-૦ ક્રાઉન સાઇઝ

ચાલુ ફ્રેમીંગ રૂા. ૦-૮-૦ હજાર

૫. **ખાસ આઇટેમ્સ માટેના ભાવ.**

૧. કમ્પોઝ કરેલ મેટર અમુક સુધારા વધારા સાથે તેજ સાઇઝમાં રિપ્રિન્ટ કરાવવાનું હોય તો તેના પાનાના ભાવ...રૂા. ૨-૦-૦ પેજ

૨. વિદ્યાર્થીઓની નામાવલિ છાપવા માટેના ફુલ્સકેપ ભાવ...રૂા. ૫-૦-૦ અડધા ફુલ્સકેપ

-:યુનિવર્સિટીના નમુના પ્રમાણે:-

૩. ૧. પરીક્ષાનાં રીઝલ્ટશીટ માટેના અડધા ફુલ્સકેપના ભાવ...રૂા. ૫-૦-૦ પેજના

૨. પરીક્ષાનાં રીઝલ્ટશીટ માટેના ફુલ્સકેપ માટેના ભાવ...રૂા. ૭-૦-૦ પેજના

-:યુનિવર્સિટીના નમુના પ્રમાણે -

આ ઉપરાંત જ્યારે ભાવ વધારે હોય ત્યારે જો સુભાષ પ્રિન્ટરી ઉપરના ભાવે કામ કરવા તૈયાર હોય તો તેઓને જરૂર જણાય ત્યારે કામ આપવું.

૨. આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે લાયબ્રેરી માટે નીચે દર્શાવેલ ગોદરેજ બનાવટનું સ્ટીલ ફરનીચર મેસર્સ જહાંગીર પ્રાઇસર્સ, અમદાવાદના ભાવ સૌથી ઓછા હોવાથી તેમની પાસેથી ખરીદવું:

ફરનીચરના ભાવ	નંગ	ભાવ
૧. ડબલ ફેસેડ સ્ટીલ કપ બોર્ડઝ-એક બાજુ ત્રણ એ પ્રમાણે બંને બાજુ થઈ છ કબાટવાળો એક બ્લોક.	૭ બ્લોક	રૂા. ૧,૬૪૦-૦-૦ એક બ્લોકના
૨. ડબલ ફેસેડ સ્ટીલ કપ બોર્ડઝ- એક બાજુ ચાર એ પ્રમાણે બંને બાજુ થઇ આઠ કબાટવાળો એક બ્લોક.	૪ બ્લોક	રૂા. ૨,૧૬૫-૦-૦ એક બ્લોકના

૩. સ્વ. શ્રી. નરસિંહરાવ ભોળાનાથ દિવેટિયાના ગુજરાતી ભાષા અને સાહિત્ય ઉપરના પુસ્તકોનો ગુજરાતી અનુવાદ છાપવા તથા બાંધવા માટે આવેલા ભાવો સંબંધી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે ભાવો મોકલેલ બંને વેપારીઓના ભાવ સરખા હોવાથી મેસર્સ સુભાષ પ્રિન્ટરીને જો તેઓ મેસર્સ કલ્પના પ્રિન્ટરીએ આપેલા છીંટના

નમુના મુજબ પુસ્તકનું બાંધકામ કરવા તૈયાર હોય તો નીચેના ભાવ મુજબ તેઓને તે કામ સોંપવું નહીં તો મેસર્સ કલ્પના પ્રિન્ટરીને તે કામ સોંપવું:

૧. ક્રાઉન સાઇઝ ૮ પેજી પાના એકના, કંપોઝ, છપાઈ તથા ૨૪ રતલી પ્રિન્ટીંગ કાગળ સહિત એક પાનાનો ભાવ ૧૦૦૦ નકલ સુધીનો (સેલ્સટેકસ તથા વેસ્ટેજ જુદો ગણાશે.) રૂા. ૬-૧૪-૦ પાના દીઠ

૨. ક્રાઉન ૮ પેજી, ૧૦૦૦ નકલ પાના ૩૦૦, જૂથ સીલાઈ છીંટના કવર સાથેનું બાંધકામ. રૂા. ૭૫૦-૦-૦ એક હજારના

આથી ઠરાવવામાં આવે છે ફાઇનાન્સ કમિટીની ભલામણો મંજૂર કરવી. આ તબકકે સમયના અભાવે બાકી રહેલાં કામોની વિચારણા મોકૂફ રાખવામાં આવી હતી.

નં. સિં./૪૨૬૮૬-૭૦૧
અમદાવાદ-૯.
તા. ૯-૭-૧૯૫૬.

કં. ચં. પરીખ
રજિસ્ટ્રાર

પરિશિષ્ટ "ફ"

કામકાજ નં. ૨

ગુજરાત યુનિવર્સિની બૅાર્ડ ઑફ યુનિવર્સિટી ટીચીંગની તેરમી બેઠક ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં, બુધવાર તારીખ ૧૮-૪-૫૬ના રોજ બપોરના ૩-૩૦ કલાકે ઉપકુલપતિશ્રીની કામગીરી બજાવતાં શ્રી. બટુભાઇ હ. દેસાઇના પ્રમુખપદે મળી હતી જે વખતે હાજરી નીચે પ્રમાણે હતી:

૧.	શ્રી. વાઇસ-ચાન્સેલર	હાજર,
૨.	શ્રી. આર. સી. પરીખ	હાજર,
૩.	શ્રી. એમ. ડી. અવસારે	હાજર,
૪.	પ્રિન્સિપલ એ. ડિ સોઝા	ગેરહાજર,
૫.	પ્રિન્સિપલ મગનભાઇ ડી. પટેલ	ગેરહાજર,
૬.	શ્રી. એચ પી. શુકલ	હાજર,
૭.	ડૉ. મોતીભાઈ ડી. પટેલ	હાજર,
૮.	પ્રિન્સિપલ એસ. વી. દેસાઇ	હાજર,
૯.	શ્રી. વલ્લભરામ વૈદ્ય	હાજર,
૧૦.	શ્રી. બી. કે. મુઝૂમદાર	ગેરહાજર,
૧૧.	શ્રી. મગનભાઇ પ્ર. દેસાઇ	ગેરહાજર,
૧૨.	પ્રો. બી. આર. શેનોય	હાજર,
૧૩.	શ્રી. ઉમાશંકર જોષી	ગેરહાજર,
૧૪.	પ્રિન્સિપલ એલ. આર. દેસાઈ	હાજર,
૧૫.	પ્રિન્સિપલ જે. બી. સાંન્ડિલ	હાજર,
૧૬.	પ્રિન્સિપલ એમ. એમ. ઠાકોર	હાજર,
૧૭.	ડૉ. એમ. ડી. દેસાઇ	હાજર,
૧૮.	પ્રિન્સિપલ ડી. આર. સામન્ત	હાજર,

૧. તા. ૨૫-૧-૧૯૫૧ના રોજ મળેલી બૉર્ડ ઑફ યુનિવર્સિટી ટીચીંગની બારમી બેઠકની મિનિટ્સ મંજૂર કરવા બાબત.

બૉર્ડ ઑફ યુનિવર્સિટી ટીચીંગની તારીખ ૨૫-૧-૧૯૫૧ના રોજ મળેલી સભાના કામકાજની નોંધને મંજૂર કરવામાં આવી તથા પ્રમુખશ્રીએ તેના ઉપર સહી કરી.

(નોંધઃ- બાબત નં. ૨ પર વધુ સમય જાય તેમ હોવાથી સભાગૃહની સંમતિથી બાબત નં. ૨ છેલ્લી હાથ પર લેવાઈ હતી.)

૨. અનુસ્નાતક શિક્ષકોની માન્યતા અંગેનો ઑર્ડિનન્સ સેનેટે નવેસર પસાર કર્યા મુજબ અનુસ્નાતક શિક્ષક તરીકે માન્ય કરવા માટે જુદી જુદી કૉલેજો અને માન્ય સંસ્થાઓના અધ્યાપકો તરફથી આવેલી અરજીઓ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ સાથે પરિશિષ્ટ "અ" માં જણાવ્યા પ્રમાણેના શિક્ષકોને ૨૦મી જૂન ૧૯૬૨ સુધી માન્ય રાખવા.

પરિશિષ્ટ "બ" માં જણાવ્યા પ્રમાણેના શિક્ષકોને ખાસ કેસ તરીકે અનુસ્નાતક શિક્ષક તરીકે માન્ય કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

પરિશિષ્ટ "ક" માં જણાવેલ શિક્ષકોને અનુસ્નાતક શિક્ષકોના મદદનીશ (Assistant) તરીકે માન્ય કરવા.

પરિશિષ્ટ "ડ" માં જણાવેલા શિક્ષકોની બાબતમાં તેમના નામ સામે દર્શાવ્યા પ્રમાણે વિગતો મંગાવવી.

પરિશિષ્ટ "ઈ" માં જણાવેલા શિક્ષકોને માન્ય રાખવા નહિ.

વધુમાં ઠરાવવામાં આવે છે કે પીએચ.ડી ડિગ્રી માટે અનુસ્નાતક માન્યતા મેળવવા માટે અરજીઓની વિચારણા હાલ મુલતવી રાખવી તેમજ અનુસ્નાક શિક્ષકોના મદદનીશ (Assistant) માટેની માન્યતા માટેની અરજીઓની વિગતો શ્રા. રજિસ્ટ્રારે તપાસી તે અંગે માન્યતા બાબતનો નિર્ણય કરવા ઉપકુલપતિશ્રીએ સત્તા આપવી.

૩. કેમિસ્ટ્રી વિષયમાં એમ.એસસી. ડીગ્રી પરીક્ષા માટે શિક્ષણ અને સંશોધન માટે અનુસ્નાતક શિક્ષક તરીકે માન્ય થયેલ ડૉ. જી. સી. અમીન એમની એમ. એન. કૉલેજ, વિસનગરમાંથી ગુજરાત કૉલેજ, અમદાવાદમાં બદલી થવાથી તેમની અનુસ્નાતક માન્યતા ગુજરાત કૉલેજમાં બદલવા ગુજરાત કૉલેજના આચાર્યની આવેલ માગણી પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ડૉ. જી. સી. અમીનની કેમિસ્ટ્રી વિષયમાં એમ.એસસી. ડિગ્રી પરીક્ષા માટેની અનુસ્નાતક માન્યતા એમ. એન. કૉલેજ, વિસનગરમાંથી ગુજરાત કૉલેજ, અમદાવાદમાં બદલવી.

૪. ધર્મેન્દ્રસિંહજી કૉલેજ, રાજકોટમાં કેમિસ્ટ્રી વિષયમાં સન ૧૯૫૫ના જુનથી ડેમોન્સ્ટ્રેટર તરીકે કામ કરતાં કુમારી એચ. એમ. ગાંધી કે જેમણે તેમની એમ.એસસી. ડીગ્રી પરીક્ષા પેપર દ્વારા બીજા વર્ગમાં સન ૧૯૫૪માં પસાર કરી છે તેમની પીએચ.ડી. ડીગ્રી માટે ઓર્ગેનિક કેમિસ્ટ્રી વિષયમાં રાજકોટ રહીને અત્રેના એલ. ડી. આર્ટ્સ કૉલેજ અને એમ. જી. સાયન્સ ઇન્સ્ટીટ્યુટના આચાર્ય અને કેમિસ્ટ્રીના માન્ય અનુસ્નાતક શિક્ષક પ્રિન્સિપલ આર ડી. દેસાઇના હાથ નીચે સંશોધન કાર્ય કરવા દેવા પ્રિંન્સપલ દેસાઇ મારફત આવેલ માગણી અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કુમારી એમ. એચ. ગાંધીની વિનંતી માન્ય કરવી નહિ.

૫. એ. જી. ટિચર્સ કૉલેજ, અમદાવાદના શ્રી. વી. એલ શાહ કે તેઓ ફેબ્રુઆરી ૧૯૫૫ માં પી. એચ. ડી. ડિગ્રી માટે એજ્યુકેશન વિષયમાં શ્રી. જે. કે. શુકલના હાથ નીચે રજિસ્ટર થયેલા અને જેમણે લગભગ તેમના હાથ નીચે બે સત્રો ભર્યા છે તેમની પ્રોફેસર શુકલ કૉલેજમાંથી છૂટા થયેલ હોવાથી બાકીનાં સત્રોનું કાર્ય સ્વતંત્ર રીતે કરવા દેવા કૉલેજના આચાર્ય મારફત આવેલ માગણી અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. વી. એલ. શાહની માગણી સ્વીકારવી નહિ તથા પ્રયોગાત્મક કામ (Experimental work) માટે સંશોધન કરનાર વિદ્યાર્થી તથા દોરવણી આપનાર માન્ય પ્રાધ્યાપકનો સીધો સંપર્ક આવશ્યક હોઇ તે વિષયો પૂરતી બહારગામ રહી સંશોધન કરવાની અરજીઓ સ્વીકારવી નહિ.

આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે આ પ્રકારની અરજીઓ કૉલેજના પ્રિન્સિપલ અગર તો સંસ્થાના વડા મારફતે આવે પછી જ તેના પર વિચારણા કરવી.

૬. એમ. એન. કૉલેજ, વિસનગરમાં હિન્દી વિષયમાં આસિસ્ટન્ટ લેકચરર તરીકે કામ કરતા શ્રી. એલ. કે હજારીની પી. એચ. ડી. ડીગ્રી માટે હિન્દી વિષયમાં સ્વતંત્ર રીતે કાર્ય કરવા પરવાનગી આપવા બાબત એમ. એન. કૉલેજના આચાર્ય મારફત આવેલ માગણી અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. એલ. કે. હજારીની વિનંતી ના મંજૂર કરવી.

૭. સેક્રેટરી, યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશન, ન્યુ દિલ્હી, તરફથી પી. એચ. ડી. ડીગ્રી અને તે ઉપરથી સંશોધન કાર્ય અંગેનો ડીગ્રીઓ બાબતમાં એક સત્રતા જળવાઇ રહે એ હેતુથી યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશને યુનિવર્સિટીઓની વિચારણા માટે કરેલી કેટલીક ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબતની વિચારણા હાલ મુલતવી રાખવી.

૮. તા. ૧૫-૧-૫૬ ના રોજ મળેલ બૉર્ડ ઑફ યુનિવર્સિટી ટિચીંગની બારમી બેઠકના એજન્ડાની આઇટેમ નં. ૧૯ પર મુલતવી રાખવામાં આવેલ ધી ઇન્ટર યુનિવર્સિટી બૉર્ડની પટણા મુકામે તા. ૨૫-૧૯૫૫ ના રોજ મળેલી ૩૦ મી વાર્ષિક સભાના નોન-યુનિવર્સિટી સંસ્થાઓ અને અભ્યાસક્રમોને માન્યતા અંગેના ઠરાવો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબતની વિચારણા હાલ મુલતવી રાખવી.

૯. ફિઝિકલ રિસર્ચ લેબોરેટરીના શ્રી. આર. જી. રાસ્ટોગી કે જેઓ પીએચ.ડી. ડિગ્રી માટે ડૉ. કે. આર. રામનાથનના હાથ નીચે તા. ૧૯-૧૧-૧૯૫૧ ના રોજ રજીસ્ટર થયેલ છે અને જેઓ તેમનો મહાનિબંધ નવેમ્બર ૧૯૫૩ માં રજુ કરવા પાત્ર થાય છે અને પોસ્ટ ગ્રેજ્યુએટ નિયમ ૧૮ પ્રમાણે જેઓએ તેમનો મહાનિબંધ મોડામાં મોડો નવેમ્બર ૧૯૫૫ સુધીમાં રજુ કરવો જોઇએ તેમને તેમના મહાનિબંધની રૂપરેખા સિનોપ્સીસ પરીક્ષા અરજી સાથે આવતા ઑફિસ તરફથી તે બાબત ધ્યાન ખેંચતા તેમણે શરતચૂકથી મહાનિબંધ રજૂ કરવા માટે સમય મર્યાદા વધારવા માટે માગણી કરેલ ન હોવાથી તે રજૂ કરવા નવેમ્બર ૧૯૫૬ સુધીની સમય મર્યાદા મંજૂર કરવા બાબત ફિઝિકલ રિસર્ચ લેબોરેટરીના ડીરેક્ટરની આવેલ માગણી અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. આર. જી. રાસ્ટોગીને તેમના પી. એચ. ડી. ડીગ્રી માટેના મહાનિબંધ રજુ કરવા માટે તેમની માગણી પ્રમાણે નવેમ્બર ૧૯૫૬ સુધીની મુદત વધારી આપવી.

૧૦. બી. એ. કૉલેજ ઑફ એગ્રીકલ્ચર, આણંદના શ્રી. યુ. આર. પટેલ કે જેઓ એમ.એસ.સી. એગ્રીકલ્ચર ડીગ્રી માટે એગ્રોનોમી વિષયમાં જુલાઇ ૧૯૫૧ માં રજિસ્ટર થયેલ છે અને જેઓ તેમનો મહાનિબંધ જુલાઇ ૧૯૫૩માં રજુ કરવા પાત્ર થાય છે અને પોસ્ટ-ગ્રેજ્યુએટ નિયમ ૧૮ પ્રમાણે જેઓએ તેમનો મહાનિબંધ મોડામાં મોડો જુલાઇ ૧૯૫૫ સુધીમાં રજુ કરવો જોઇતો હતો તેમની તેમને લેબોરેટરી વગેરે કાર્યના વિગતવાર અભ્યાસાર્થે વધુ સમય વ્યતીત થવાથી તેમજ તેમની નાદુરસ્ત તબીયતને અંગે સમયસર મહાનિબંધ રજુ કરી શકયા નથી તેમની તે રજુ કરવા માટે જુલાઇ ૧૯૫૬ સુધીનો સમય મર્યાદા મંજૂર કરવા બાબત તેમના માન્ય અનુસ્નાતક શિક્ષક તેમજ કૉલેજના આચાર્ય મારફત આવેલ માગણી અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. યુ. આર. પટેલને તેમનો એમ. એસસી. એગ્રિ. ડીગ્રી માટેનો મહાનિબંધ રજુ કરવા માટે તેમની માગણી પ્રમાણે જુલાઇ સુધીની મુદત વધારી આપવી.

૧૧. શ્રી. દેવેન્દ્ર હીરાલાલ સુતરીઆ કે જેઓ સન ૧૯૫૧ માં ડૉ. સાલેટોરના હાથ નીચે પી. એચ. ડી. ડીગ્રી માટે પોલિટિક્સ વિષયમાં રજીસ્ટર થયેલા તેઓને ડૉ. સાલેટોરની બદલી થવાથી સન ૧૯૫૧ માં બૉર્ડ ઑફ યુનિવર્સિટી ટીચીંગે પી. એચ. ડી. માટે સ્વતંત્ર

રીતે સંશોધન કરવા માટે પરવાનગી આપેલી તેઓ તેમનો મહાનિબંધ રજુ કરવા તા. ૨૪-૭-૫૩ માં પાત્ર હતા ત્યારબાદ તેઓએ મોડામાં મોડો અનુસ્નાતક નિયમ ૧૮ પ્રમાણે તા. ૨૪-૭-૫૫ સુધીમા રજુ કરવો જોઇએ પરંતુ તેમ ન કરી શકવાથી તેમને તે ઉપરાંત તે રજુ કરવા માટે વધુ એક વર્ષની મુદત એટલે કે તા. ૨૪-૭-૫૬ સુધીમાં રજુ કરવા માટે બૉર્ડ ઑફ યુનિવર્સિટી ટીચીંગે આપેલી. ફરીથી આ આપેલ મુદત ઉપરાંત વધુ એક વર્ષની મુદત મળવા માટે એટલે કે તા. ૨૪-૭-૫૭ સુધીની મળવા માટે તેઓએ માગણી કરેલી જે શ્રી વાઇસ-ચાન્સેલરે નામંજુર કરેલી હવે તેઓ એલ. ડી. આર્ટ્સ કૉલેજમાં હિસ્ટરી અને પૉલિટિકસનાના લેકચરર તરીકે કામ કરતાં હોવાથી મહાનિબંધ સમયસર તૈયાર થઈ શકે તેમ ન હોવાથી ઓછામાં ઓછા છ માસનો વધુ સમય તે રજુ કરવા માટે આપવા એટલે કે તા. ૨૪-૭-૫૭ સુધીનો સમય આપવા તેમનો એલ. ડી. આર્ટ્સ કૉલેજના આચાર્ય મારફત આવેલ માગણી અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. દેવેન્દ્ર હીરાલાલ સુતરીયાને તેમનો પીએચ.ડી ડીગ્રી માટેનો મહાનિબંધ રજૂ કરવા માટે તેમની માગણી પ્રમાણે ખાસ કેસ તરીકે છ માસનો સમય તારીખ ૨૪-૧-૧૯૫૭ સુધીનો વધારો આપવો.

૧૨. સિન્ડિકેટે તેની તા. ૯-૪-૧૯૫૬ના રોજ મળેલ સભામાં કામકાજની યાદીના આઇટેમ ૨૪ અનુસ્નાતક શિક્ષકોની માન્યતા અંગેના ઑર્ડિનન્સ ૬૫માં કેટલાક સુધારા વધારા કરવા જે. ઍન્ડ જે. કૉલેજ ઑફ સાયન્સના પ્રિન્સિપલ ડૉ. કે. જી. નાયક તરફથી આવેલ પત્રો તથા તેને ઑફિસે આપેલા જવાબ વગેરે અંગે આ બૉર્ડને મોકલી આપવા ઠરાવ્યું તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબત અંગેની વિચારણા હાલ મુલતવી રાખવી.

૧૩. સિન્ડિકેટે તેની તા. ૯-૪-૧૯૫૬ના રોજ મળેલ સભામાં કામકાજની યાદીના આઇટેમ ૬૨ અનુસ્નાતક શિક્ષકોને માન્યતા આપવા આપવા બાબતમાં સેનેટે મંજૂર કરેલા ઑ. ૬૫-એફ અને ૬૫-એમ માં થોડો ફેરફાર કરી ઑર્ડિનન્સ સુધારવા બાબતના પ્રિન્સિપલ આર. કે. અમીનના પત્ર વગેરે બાબત જે આ બૉર્ડને મોકલી આપવા ઠરાવ્યું તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબતની વિચારણા હાલ મુલતવી રાખવી.

૧૪. સિન્ડિકેટે તેની તા. ૯-૪-૧૯૫૬ના રોજ મળેલ સભામાં કામકાજની યાદીની આઇટેમ ૫, ૨૮ પ્રમાણે સેનેટે સિન્ડિકેટને રીફર એક કરેલા નીચે જણાવેલા ઑ. ૬૫-એલ બાબત આ બૉર્ડને મોકલી આપવા ઠરાવ્યું તે અંગે વિચારણા કરવા બાબત.

ઑ. ૬૫-એલ:- "Full-time professors and Readers in the University Departments shall be deemed to have been recognised as teachers of the University, for

giving instruction and guiding research for a Masters' degree and for Ph.D. Degree in their respective subjects; and full-time Lecturers in the University Departments as Assistants to the recognised Post-graduate teachers in their respective subjects, provided that Lecturers might be recognised as Post-graduate Teachers after five years' standing as Assistants in their subjects.

આથી વધુ મતે ઠરાવવામાં આવે છે કે નીચે પ્રમાણે ઑર્ડિનન્સ ૬૫-એલ માં સુધારા વધારા કરવા ઍકેડેમિક કાઉન્સિલ તથા સિન્ડિકેટને ભલામણ કરવી.

ઑર્ડિનન્સ ૬૫-એલ માં પહેલી લીટીમાં "And" "અને" "Readers" એ શબ્દોની વચ્ચે "Existing" એ શબ્દ મૂકવો.

સૂચિત સુધારા સાથેનો સુધારેલો ઑર્ડિનન્સ નં. ૬૫-એલ. નીચે પ્રમાણે વંચાશે:

ઑ. : ૬૫-એલ. "Full-time professors and **Existing** Readers in the University Departments shall be deemed to have been recognised as teachers of the University for giving instruction and guiding research for a Masters' Degree and for Ph.D. Degree in their respective subjects.

Full-time readers in the University Departments shall be deemed to have been recognised as teachers of the University, for giving instruction and guiding research for a Masters' Degree and full-time Lecturer in the University Departments as Assistants to the recognised post-graduates teachers in their respective subject, Provided that Lecturers might be recogaised as post graduate Teacher after five year standing as Assistants in their subjects."

(નોંધ:- પ્રિન્સિપલ એસ. વી. દેસાઇએ આ ઑર્ડિનન્સના અન્વયે "Full-time Professor" ને આપોઆપ મળી જતી માન્યતા અંગે પોતાની અસંમતિ દર્શાવી હતી.)

૧૫. ફિઝિકલ રિસર્ચ લેબોરેટરીના શ્રી. પી. ડી. ભાવસાર કે જેઓ પીએચ. ડી. ડીગ્રી માટે ડૉ. વિક્રમ સારાભાઇના હાથ નીચે માર્ચ ડિસેમ્બર ૧૯૫૨ માં રજિસ્ટર થયા છે અને જેઓ તેમનો મહાનિબંધ રજુ કરવા ૧૯૫૩ માં પાત્ર થતા હતા અને પોસ્ટ ગ્રેજ્યુએટ નિયમ ૧૮ પ્રમાણે જેઓએ મોડામાં મોડો ડિસેમ્બર ૧૯૫૫ સુધીમાં તે રજુ કરવો જોઇએ તેમની તેમનું કામ પૂર્ણ કરવાને માટે લાંબો સમય નિરીક્ષણ માટે જોઇએ તેથી તેમનો મહાનિબંધ રજુ કરવા માટે જુન ૧૯૫૭ સુધીનો સમય એટલે કે લગભગ દોઢ વર્ષનો સમય આપવા માન્ય અનુસ્નાતક શિક્ષક ડૉ. વિક્રમ સારાભાઇ મારફત આવેલ અરજી પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. પી. ડી. ભાવસારને તેમનો પીએચ ડી. ડિગ્રી માટેનો મહાનિબંધ રજૂ કરવા માટે તેમની માગણી પ્રમાણે જુન ૧૯૫૭ સુધી મુદત વધારી આપવી.

૧૬. એમ. ટી. બી. કૉલેજ, સુરતના સંસ્કૃત અને અર્ધમાગધી વિષયના લેક્ચરર શ્રી એમ. ડી. શાસ્ત્રીનો સંસ્કૃત વિષયમાં પીએચ.ડી. ડીગ્રી માટે સ્વતંત્ર રીતે સંશોધન કરવા દેવા પરવાનગી આપવા બાબત એમ. ટી. બી. કૉલેજના પ્રિન્સિપલની મારફત આવેલ માગણી પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબત અંગેની વિચારણા હાલ મુલતવી રાખવી.

૧૭. સર કે. પી. કૉલેજ ઑફ કૉમર્સ, સુરતના પ્રોફેસર એમ. એન. જકાતે કે જેઓ પીએચ.ડી. ડીગ્રી માટે તા. ૨૭-૪-૧૯૫૨માં રજિસ્ટર થયેલા છે અને જેઓ ૧૯૫૪માં તેમનો મહાનિબંધ રજૂ કરવા પાત્ર થતા હતા અને પોસ્ટ ગ્રેજ્યુએટ નિયમ ૧૮ પ્રમાણે જેઓએ મોડામાં મોડો જુલાઇ ૧૯૫૬ સુધીમાં તે રજૂ કરવો જોઇએ તેમની તેઓ સ્પોર્ટસ સમિતિ વગેરે કામને અંગે સમય ન મળવાથી તેમનું કામ સમયસર પૂર્ણ કરી શકે એમ ન હોવાથી તેમનો મહાનિબંધ રજૂ કરવા માટે વધુ આઠ માસનો એટલે કે જાન્યુઆરી ૧૯૫૭ સુધીનો સમય આપવા કૉલેજના પ્રિન્સિપલ મારફતે આવેલ માગણી પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે પ્રોફેસર એમ. એન. જકાતેને તેમનો પીએચ.ડી. ડીગ્રી માટેનો મહાનિબંધ રજૂ કરવા માટે તેમની માગણી પ્રમાણે આઠ માસની એટલે કે જાન્યુઆરી ૧૯૫૭ સુધી મુદત વધારી આપવી.

૧૮. એ. જી. ટીચર્સ કૉલેજ, અમદાવાદના પ્રિન્સિપલ એલ. આર. દેસાઇ તરફથી અનુસ્નાતક શિક્ષકોની માન્યતા અંગેના ઑર્ડિનન્સ ૬૫ "એ" ની નોટ ૨ માં થોડાક ફેરફાર કરવાનું સૂચવતા પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબત અંગેની વિચારણા હાલ મુલતવી રાખવી.

૧૯. ગુજરાત યુનિવર્સિટીના ગુજરાતી ભાષા-સાહિત્ય ભવન માટે સિનિયર્સ ફેકલ્ટ ઇન ગુજરાતી માટેની રીડરની નિમણૂંક કરવા અંગે સિન્ડિકેટે તેની તા. ૭-૪-૫૬ની સભામાં ઠરાવેલું છે કે વરણી સમિતિની ભલામણ અનુસાર ડૉ. પી. બી પંડિતને રૂા ૪૦૦-૩૦-૭૦૦ ના ગ્રેડમાં રીડર ઇન ગુજરાતી ઇન સિનિયર્સ તરીકે નીમવા તેમજ નીચેની નોંધ ૩ને બૉર્ડ ઑફ યુનિવર્સિટી ટિચીંગની વિચારણા માટે મોકલી આપવા ઠરાવેલું છે તે પર વિચારણા કરવા બાબત.

(નોંધ:- ૩ ડૉ. પી. બી. પંડિત અને ડૉ. એચ. સી. ભાયાણીને ઑર્ડિનન્સ નં. ૬૫ની પેટા કલમ "આઇ" અન્વયે "Persons of Eminence" ગણવા કે નહિ તે બાબત બૉર્ડ ઑફ યુનિવર્સિટી ટીચીંગની વિચારણા માટે મોકલી આપવી.

આથી ઠરાવવામાં આવે છે કે ડૉ. પી. બી. પંડિત તેમજ એચ. સી. ભાયાણીને ઑર્ડિનન્સ ૬૫ની પેટા કલમ "આઇ" અન્વયે "Persons of Eminence"ની કક્ષામાં મૂકી શકાય નહિ એમ આ બૉર્ડનો અભિપ્રાય છે.

૨૦. શામળદાસ કૉલેજ, ભાવનગરના ગુજરાતી વિષયના અધ્યાપક શ્રી. તખ્તસિંહ વહેરભાઇ પરમાર એમની ગુજરાતી વિષયમાં મહાનિબંધ લખી પીએચ.ડી. ડિગ્રી માટે સ્વતંત્ર રીતે કાર્ય કરવા દેવા પરવાનગી મળવા માટે આવેલ માગણી અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબત અંગેની વિચારણા હાલ મુલતવી રાખવી તેમજ શ્રી. તખ્તસિંહ પરમારની અરજી તેમજ પ્રકાશનો વગેરે એકંદર બાબતમાં શ્રી. ઉમાશંકર જોષીના અભિપ્રાય મેળવવો.

૨૧. વી. પી. મહાવિદ્યાલય વલ્લભ વિદ્યાનગરના પ્રોફેસર એ. આર. દેસાઇ તરફથી અનુસ્નાતક માન્યતા અંગેની તેમજ ઝોન વગેરે અંગેના ઑર્ડિનન્સ અંગે ફેર વિચારણા કરવા બાબત આવેલ નોંધ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે આ બાબત અંગેની વિચારણા હાલ મુલતવી રાખવી.

ત્યારબાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

કે. ચં. પરીખ
રજિસ્ટ્રાર

પરિશિષ્ટ-અ

નીચે જણાવેલા અધ્યાપકોને તેમના નામ સામે જણાવેલ પરીક્ષા, વિષયો અને શિક્ષણ (ટીચીંગ) અને અથવા સંશોધન (રિસર્ચ) માટે માન્ય રાખવા.

નામ	વિષય	ડિગ્રી	શિક્ષણ અને અથવા સંશોધન જેને માટે રાખવામાં આવ્યા હોય તે.	કૉલેજ અથવા સંસ્થા
૧	૨	૩	૪	૫
આર્ટ્સ				
૧. શ્રી. નાયક એમ. કે.	ઈંગ્લીશ	એમ.એ.	શિક્ષણ	ગુજરાત કૉલેજ, અમદાવાદ.
૨. શ્રી. ચાર્ડો વી. વી.	ઈંગ્લીશ	એમ.એ.	શિક્ષણ	,,
૩. શ્રી. દાવર એફ. સી.	ઈંગ્લીશ	એમ.એ.	શિક્ષણ	એલ. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ.
૪. શ્રી. ત્રિવેદી એચ. સી.	ઈંગ્લીશ	એમ.એ.	શિક્ષણ	,,
૫. શ્રી. ભટ્ટ એસ. આર.	ઈંગ્લીશ	એમ.એ.	શિક્ષણ	સર એલ. શાહ લૉ કૉલેજ, -આર્ટ્સ સેક્શન-
૬. શ્રી. ટેંગશે એલ. એચ.	ઈંગ્લીશ	એમ.એ.	શિક્ષણ	રામાનંદ મહાવિદ્યાલય, અમદાવાદ.
૭. શ્રી. શાહ. એમ. સી.	ઈંગ્લીશ	એમ.એ.	શિક્ષણ	જે. ઍન્ડ જે. કૉલેજ, નડિયાદ.

૧	૨	૩	૪	૫
૮. શ્રી કોટવાલ જી. આર.	ઇંગ્લીશ	એમ.એ.	શિક્ષણ	ધર્મેન્દ્રસિંહજી કૉલેજ, રાજકોટ.
૯. શ્રી. ખુચ એસ. ટી.	ઇંગ્લીશ	એમ.એ.	શિક્ષણ	,,
૧૦. શ્રી. મહેતા પી. પી.	ઇંગ્લીશ	એમ.એ.	શિક્ષણ	સામળદાસ કૉલેજ, ભાવનગર.
૧૧. શ્રી. ત્રિવેદી વી. જે.	ઇંગ્લીશ	એમ.એ.	શિક્ષણ	,,
૧૨. શ્રી. પ્રભુ દેસાઇ એ. એસ.	ઇંગ્લીશ	એમ.એ.	શિક્ષણ	બહાઉદ્દીન કૉલેજ. જૂનાગઢ.
૧૩. શ્રી. ભરૂચા એન. એન.	ઇંગ્લીશ	એમ.એ.	શિક્ષણ	,,
૧૪. શ્રી. જોષી આર. ડી.	ઇંગ્લીશ	એમ.એ.	શિક્ષણ	ડી. જી. મહાવિદ્યાલય, અલિયાબાડા.
૧૫. શ્રી. પટેલ આર. આઇ.	ઇંગ્લીશ	એમ.એ.	શિક્ષણ	એમ. ટી. બી. કૉલેજ, સૂરત.
૧૬. શ્રી. દેસાઇ વી. એમ.	ઇંગ્લીશ	એમ.એ.	શિક્ષણ	એમ. ટી. બી. કૉલેજ, સૂરત.
૧૭. શ્રી. દેસાઈ કે. એલ.	ઇંગ્લીશ	એમ.એ.	શિક્ષણ	,,
૧૮. શ્રી. પંડયા એમ. એન.	ઇંગ્લીશ	એમ.એ.	શિક્ષણ	એસ. બી. ગાર્ડા કૉલેજ, નવસારી.
૧૯. શ્રી. વાડિયા એસ. એમ.	ઇંગ્લીશ	એમ.એ.	શિક્ષણ	વી. પી. મહાવિદ્યાલય, વલ્લભ વિદ્યાનગર.

૧	૨	૩	૪	૫
૨૦. શ્રી. રાવલ એ. એમ.	ગુજરાતી	એમ.એ.	શિક્ષણ	ગુજરાત કૉલેજ, અમદાવાદ.
૨૧. શ્રી. ડાકર ડી. પી.	ગુજરાતી	એમ.એ.	શિક્ષણ	,,
૨૨. શ્રી. દવે આઇ. કે.	ગુજરાતી	એમ.એ.	શિક્ષણ	,,
૨૩. શ્રી. શુકલ આર. એમ.	ગુજરાતી	એમ.એ.	શિક્ષણ	એલ. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ.
૨૪. શ્રી. જોષી આર. એમ.	ગુજરાતી	એમ.એ.	શિક્ષણ	સર એલ. એ. શાહ લૉ કૉલેજ, (આર્ટ્સ સેકશન) અમદાવાદ.
૨૫. શ્રી. મોદી એમ. સી.	ગુજરાતી	એમ.એ.	શિક્ષણ	બી. જે. ઇન્સ્ટીટ્યુટ ઑફ લર્નિંગ ઍન્ડ રિસર્ચ, અમદાવાદ.
૨૬. શ્રી. શાસ્ત્રી કે. કે.	ગુજરાતી	એમ.એ.	શિક્ષણ	,,
૨૭. શ્રી. શુકલ વાય. પી.	ગુજરાતી	એમ.એ.	શિક્ષણ	રામાનંદ મહાવિદ્યાલય, અમદાવાદ.
૨૮. શ્રી. પારેખ એન. એન.	ગુજરાતી	એમ.એ.	શિક્ષણ	સદર
૨૯. શ્રી. ભુચ એચ. એચ.	ગુજરાતી	એમ.એ.	શિક્ષણ	એમ. એન. કૉલેજ, વિસનગર.
૩૦. શ્રી. દવે જે. એ.	ગુજરાતી	એમ.એ.	શિક્ષણ	"

૧	૨	૩	૪	૫
૩૧. શ્રી. પટેલ આર. એમ.	ગુજરાતી	એમ.એ.	શિક્ષણ	જે. ઍન્ડ જે. કૉલેજ, નડિયાદ.
૩૨. શ્રી. પંડ્યા આર. એન.	ગુજરાતી	એમ.એ.	શિક્ષણ	,,
૩૩. શ્રી. પંડ્યા યુ. સી.	ગુજરાતી	એમ.એ.	શિક્ષણ	ધર્મેન્દ્રસિંહજી કૉલેજ, રાજકોટ.
૩૪. શ્રી. જાની કે. સી.	ગુજરાતી	એમ એ.	શિક્ષણ	,,
૩૫. શ્રી. પરમાર ટી. વી.	ગુજરાતી	એમ.એ.	શિક્ષણ	સામળદાસ કૉલેજ, ભાવનગર.
૩૬. શ્રી. દવે આઈ. આર.	ગુજરાતી	એમ.એ.	શિક્ષણ	,,
૩૭. શ્રી. ઝવેરી બી. જે.	ગુજરાતી	એમ.એ.	શિક્ષણ	બહાઉદ્દીન કૉલેજ, જુનાગઢ.
૩૮. શ્રી. પટેલ એમ. એસ.	ગુજરાતી	એમ.એ.	શિક્ષણ	ડી. જી. મહાવિદ્યાલય, અલિયાબાડા.
૩૯. શ્રી. મહેતા કે. સી.	ગુજરાતી	એમ એ.	શિક્ષણ	એમ. ટી. બી. કૉલેજ, સુરત.
૪૦. શ્રી. ત્રિવેદી વી. આર.	ગુજરાતી	એમ.એ.	શિક્ષણ	,,
૪૧. શ્રી. જોષી જે. એસ.	ગુજરાતી	એમ.એ.	શિક્ષણ	એસ. બી. ગાર્ડા કૉલજ, નવસારી.
૪૨. શ્રી. પંડ્યા એન. કે.	ગુજરાતી	એમ.એ.	શિક્ષણ	,,

૧	૨	૩	૪	૫
૪૩. શ્રી. પટેલ જે. કે.	ગુજરાતી	એમ.એ.	શિક્ષણ	વી. પી. મહાવિદ્યાલય, વલ્લભ વિદ્યાનગર.
૪૪. શ્રી. કુલકર્ણી વી. એમ.	સંસ્કૃત	એમ.એ.	શિક્ષણ	ગુજરાત કૉલેજ, અમદાવાદ.
૪૫. શ્રી. કુલકર્ણી જી. જી	સંસ્કૃત	એમ.એ.	શિક્ષણ	,,
૪૬. શ્રી. સોલોમન ઇ. એ.	સંસ્કૃત	એમ.એ.	શિક્ષણ	એલ. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ.
૪૭. શ્રી. આડવલે આર. બી.	સંસ્કૃત	એમ.એ.	શિક્ષણ	,,
૪૮. શ્રી. ભટ્ટ એ. જી.	સંસ્કૃત	એમ.એ.	શિક્ષણ	,,
૪૯. શ્રી. બંભાણીયા એન. કે.	સંસ્કૃત	એમ.એ.	શિક્ષણ	બી. જે. ઇન્સ્ટીટ્યુટ, અમદાવાદ.
૫૦. શ્રી. પરીખ આર. સી.	સંસ્કૃત	એમ.એ.	શિક્ષણ	,,
૫૧. શ્રીમતી શાહ પીયળાળા જે.	સંસ્કૃત	એમ.એ.	શિક્ષણ	રામાનંદ મહાવિદ્યાલય, અમદાવાદ.
૫૨. શ્રી. જેટલી જે. એસ.	સંસ્કૃત	એમ.એ.	શિક્ષણ	,,
૫૩. શ્રી. ડીકે જી. એન.	સંસ્કૃત	એમ.એ.	શિક્ષણ	એમ. એન. કૉલેજ, વિસનગર.
૫૪. શ્રી. ગાંધી આર. એચ.	સંસ્કૃત	એમ.એ.	શિક્ષણ	જે એન્ડ જે. કૉલેજ, નડિયાદ.
૫૫. શ્રી. જોષી ડી. પી.	સંસ્કૃત	એમ.એ.	શિક્ષણ	ધર્મેન્દ્રસિંહજી કૉલેજ, રાજકોટ.

૧	૨	૩	૪	૫
૫૬. શ્રી. જાની આર. જે.	સંસ્કૃત	એમ.એ.	શિક્ષણ	સામળદાસ કૉલેજ, ભાવનગર.
૫૭. શ્રી. પંડ્યા જે. જે.	સંસ્કૃત	એમ.એ.	શિક્ષણ	,,
૫૮. શ્રી. ભેટાઇ આર. એસ.	સંસ્કૃત	એમ.એ.	શિક્ષણ	બહાઉદ્દીન કૉલેજ, જુનાગઢ.
૫૯. શ્રી. શાહ પી. સી.	સંસ્કૃત	એમ.એ.	શિક્ષણ	,,
૬૦. શ્રી. પરીખ જે. ટી.	સંસ્કૃત	એમ એ.	શિક્ષણ	એમ. ટી. બી. કૉલેજ, સુરત.
૬૧. શ્રી. આસ્તી આર. જી.	સંસ્કૃત	એમ.એ.	શિક્ષણ	,,
૬૨. શ્રી. ચંદ્રાત્રે પી. ડી.	સંસ્કૃત	એમ.એ.	શિક્ષણ	એસ. બી. ગાર્ડા કૉલેજ, નવસારી.
૬૩. શ્રી. કાપડીઆ બી. એ.ચ.	સંસ્કૃત	એમ.એ.	શિક્ષણ	વી. પી. મહાવિદ્યાલય, વલ્લભ વિદ્યાનગર.
૬૪. શ્રી. કુલકર્ણી વી. એમ.	અર્ધમાગ્ધી	એમ.એ.	શિક્ષણ	ગુજરાત કૉલેજ, અમદાવાદ
૬૫. શ્રી. શાહ વી. એમ.	અર્ધમાગ્ધી	એમ.એ.	શિક્ષણ	એલ. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ.
૬૬. શ્રી. આઠવલે આર. બી.	એન્શ્યન્ટ ઇન્ડિયન કલ્ચર	એમ.એ.	શિક્ષણ	એલ. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ.
૬૭. શ્રી. બંભાણીયા એન. કે.	એન્શ્યન્ટ ઇન્ડિયન કલ્ચર	એમ.એ.	શિક્ષણ	બી. જે. ઇન્સ્ટિટ્યુટ, અમદાવાદ.

૧	૨	૩	૪	૫
૬૮. શ્રી. સોલોમન ઇ. એ.	એન્શ્યન્ટ ઇન્ડિયન કલ્ચર	એમ.એ.	શિક્ષણ	એલ. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ.
૬૯. શ્રી. પરીખ આર. સી.	એન્શ્યન્ટ ઇન્ડિયન કલ્ચર	એમ.એ.	શિક્ષણ	બી. જે. ઇન્સ્ટીટ્યુટ, અમદાવાદ.
૭૦. શ્રીમતી શાહ પ્રીયબાળા જે.	એન્શ્યન્ટ ઇન્ડિયન કલ્ચર	એમ.એ.	શિક્ષણ	રામાનંદ મહાવિદ્યાલય, અમદાવાદ.
૭૧. શ્રી. શાસ્ત્રી એચ. જી.	એન્શ્યન્ટ ઇન્ડિયન કલ્ચર	એમ.એ.	શિક્ષણ	,,
૭૨. શ્રી. મનશા રામાણી ડી. કે.	પર્શીયન	એમ.એ.	શિક્ષણ	ગુજરાત કૉલેજ, અમદાવાદ.
૭૩. શ્રી. નાયક સી. આર.	પર્શીયન	એમ.એ.	શિક્ષણ	બી. જે. ઇન્સ્ટીટ્યુટ, અમદાવાદ.
૭૪. શ્રી મહેતા એસ. એમ.	પર્શીયન	એમ.એ.	શિક્ષણ	ધર્મેન્દ્રસિંહજી કૉલેજ, રાજકોટ.
૭૫. શ્રી મોલવી એ. એફ.	પર્શીયન	એમ.એ.	શિક્ષણ	બહાઉદ્દીન કૉલેજ, જુનાગઢ.
૭૬. શ્રી. ઠાકુર એમ. જે.	પર્શીયન	એમ.એ.	શિક્ષણ	એમ. ટી. બી કૉલેજ, સુરત.
૭૭. શ્રી. કુરેશી એમ. એફ.	પર્શીયન	એમ.એ.	શિક્ષણ	એસ. બી. ગાર્ડા કૉલેજ, નવસારી.
૭૮. શ્રી. શમ્સી ટી. એફ.	ઉર્દુ	એમ.એ.	શિક્ષણ	એમ. ટી. બી. કૉલેજ, સુરત.
૭૯. શ્રી. પારેખ પી. વી.	મેથેમેટીકસ ગ્રુપ "એ"	એમ.એ. અને એમ.એસસી.	શિક્ષણ	ગુજરાત કૉલેજ, અમદાવાદ.
૮૦. શ્રી. વૈદ્ય પી. સી.	મેથેમેટીકસ ગ્રુપ "એ" અને "બી"	એમ.એ. અને એમ.એસસી.	શિક્ષણ	,,

૧	૨	૩	૪	૫
૮૧. શ્રી. દવે કે. આર.	મેથેમેટિકસ ગ્રુપ "એ"	એમ.એ. અને એમ.એસસી.	શિક્ષણ	એલ ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ.
૮૨ શ્રી. મહેતા એન. કે	મેથેમેટીકસ ગ્રુપ "એ"	એમ.એ. અને એમ એસસી.	શિક્ષણ	,,
૮૩. શ્રી. શુકલ એચ. સી.	મેથેમેટીકસ ગ્રુપ "બી"	એમ.એ. અને એમ.એસસી.	શિક્ષણ	,,
૮૪. શ્રી. શાહ એસ. એમ.	મેથેમેટીકસ ગ્રુપ "એ"	એમ.એ. અને એમ.એસસી.	શિક્ષણ	,,
૮૫. શ્રી. કોરગાંવકર એમ. એન.	મેથેમેટીકસ ગ્રુપ "એ"	એમ.એ. અને એમ.એસસી.	શિક્ષણ	એમ. એન. કૉલેજ, વિસનગર.
૮૬. શ્રી. શાહ કે. એમ.	મેથેમેટીકસ ગ્રુપ "એ"	એમ.એ. અને એમ.એસસી.	શિક્ષણ	ધર્મેન્દ્રસિંહજી કૉલેજ, રાજકોટ.
૮૭. શ્રી. સાંડીલ જે. બી.	મેથેમેટીકસ ગ્રુપ "એ" અને "બી"	એમ એ. અને એમ.એસસી.	શિક્ષણ	સામળદાસ કૉલેજ, ભાવનગર.
૮૮. શ્રી. પંડયા ડી. એચ.	મેથેમેટીકસ ગ્રુપ "એ"	એમ.એ. અને એમ.એસસી.	શિક્ષણ	,,
૮૯. શ્રી. ત્રિવેદી એસ. જે.	મેથેમેટીકસ ગ્રુપ "એ" અને "બી"	એમ.એ. અને એમ.એસસી.	શિક્ષણ	,,
૯૦. શ્રી. દવે એસ. એસ	મેથેમેટીકસ ગ્રુપ "બી"	એમ.એ. અને એસ.એસસી.	શિક્ષણ	,,
૯૧. શ્રી. રાવ એ. આર.	મેથેમેટીકસ ગ્રુપ "એ" અને "બી"	એમ.એ. અને એમ.એસસી.	શિક્ષણ	મહાઉદ્દીન કૉલેજ, જુનાગઢ.

૧	૨	૩	૪	૫
આના સંદર્ભમાં એમ.એ. તથા એમ.એસસી માં મેથેમેટિક્સ લેનાર વિદ્યાર્થીઓની ટયૂશન ફીનો પ્રશ્ન પણ ચર્ચાયો હતો અને ચર્ચાને અંતે એમ નક્કી થયું હતું કે એમ.એસસી. મેથેમેટિક્સમાં દાખલ થનાર વિદ્યાર્થીએ પણ સાયન્સની ફૅકલ્ટી માટે જે ફી નિયત કરી છે તે જ ફી ભરવી.

૬. સિનિયર વર્ષના વિદ્યાર્થીઓ ચાલુ વર્ષે પોતાની જૂની કૉલેજ અગર સંસ્થાના સ્થળે જે તે વિષય માટેનું કેન્દ્ર ખોલવામાં આવ્યું ન હોય તો પોતાની જૂની કૉલેજ અગર સંસ્થામાં પોતાનું નામ નોંધાવી શકે અને તેમણે કૉલેજ અગર સંસ્થાના જૂના ધોરણો પ્રમાણે ફી આપવી, પણ વિદ્યાર્થી જે કૉલેજમાં કે સંસ્થામાં છે તે કૉલેજ કે સંસ્થા તે વિષયનું કેન્દ્ર ખોલવામાં આવ્યું હોય તો તે કેન્દ્રમાં તેણે જોડાવું આવશ્યક છે અને ત્યાં યુનિવર્સિટીના નવા નિયમો પ્રમાણે તેણે ફી આપવાની રહેશે.

કેન્દ્રમાં જોડાયેલ વિદ્યાર્થીઓની ફી કેન્દ્ર ખાતે જમા લેવી તથા કૉલેજ અગર સંસ્થામાં જોડાયેલ વિદ્યાર્થીઓની ફી કૉલેજ અગર સંસ્થા ખાતે જમા લેવી

૭. આ બાબતની ચર્ચા અંગે સ્પષ્ટતા કરવામાં આવી હતી કે જે વિષયોમાં નિયમ પ્રમાણે કેન્દ્રો ખોલી શકાયાં નથી તે વિષયો માટે યુનિવર્સિટી તરફથી ઑર્ડિનન્સ નં. 65-P(4) (ii) ની જરૂરિયાત પ્રમાણે આવશ્યક શિક્ષકોની મદદ લઈને કેન્દ્રો ખોલવાની સત્તા ઉપકુલપતિશ્રીને આપવી, તથા ઑર્ડિનન્સ નં. 65-P (4) (ii) પ્રમાણે જરૂરી શિક્ષકોની વ્યવસ્થા થઈ

શકે નહિ તો કેન્દ્ર ખોલી શકાય નહિ. આ સ્પષ્ટતાને અનુલક્ષીને અનુસ્નાતક શિક્ષણના સંયોજન અંગેની પુસ્તિકાના પાના નં. ૨૦ માં "As regards the subjects for which centres have not been created." થી શરૂ થતી કંડિકા સુધારીને નીચે પ્રમાણે વાંચવી:

"As regards the subjects for which centres have not been created it is decided that the Vice-Chancellor be authorised to take steps to institute a centre provided the requirements of the minimum staff for a centre can be satisfied by pooling recognised teachers and/or assistants from one or more College and/or Institutions."

કેન્દ્રોમાં કામ કરનાર શિક્ષકોને માન્ય કરવામાં આવેલ દરે વેતન તથા પ્રવાસ ભથ્થું યુનિવર્સિટીએ આપવાં.

૮. જુદાં જુદાં કેન્દ્રોમાં જિમખાના ઇત્યાદિની જે ફી તે તે કેન્દ્રો તરફથી નિયત કરવામાં આવે તે ફી બાબતનો હિસાબ કેન્દ્રમાં નહિ રાખતાં કૉલેજ અગર સંસ્થામાં રાખવો.

૯. પ્રત્યેક કેન્દ્રનો હિસાબ જુદો જુદો રાખવો અને તે માટે "Postgraduate Centre in....." ના નામે ખોલવો

(નોંધ:-પહેલી.....માં વિષય તથા બીજી .....માં સ્થળનું નામ લખવું અને આ હિસાબ પ્રોફેસર-ઇન-ચાર્જ અને પ્રિન્સિપલ એ બન્નેની સંયુક્ત સહીથી અને પ્રિન્સિપલ પોતેજ પ્રોફેસર-ઇન-ચાર્જ હોય તો પ્રોફેસર-ઇન-ચાર્જ તરીકે એકની સહીથી ઓપરેટ કરવો.)

૧૦. વિજ્ઞાનના વિષયો માટે અઠવાડિક ચાર પ્રાયોગિક કામને બદલે ઓછામાં ઓછા બે તથા વધુમાં વધુ ત્રણ ગોઠવી શકાશે.

(નોંધ:-સાયન્સ ફૅકલ્ટામાં જે વિષયો માટે પ્રાયોગિક કામ કરવાનું હોય નહિ તેને આ ઠરાવ લાગુ પડશે નહિ.)

૧૧. વિજ્ઞાનના વિદ્યાર્થીઓ માટે નીચેના ધોરણે આર્થિક સહાય આપવી:

કેમિસ્ટ્રી ... ...પ્રત્યેક વિદ્યાર્થી દીઠ વાર્ષિક રૂા. ૩૦૦

સાયન્સ ફૅકલ્ટીના કેમિસ્ટ્રી સિવાયના
અન્ય વિષયો ...પ્રત્યેક વિદ્યાર્થી દીઠ વાર્ષિક રૂા. ૧૫૦

આ આર્થિક સહાયનું ધોરણ પીએચ.ડી. તથા એમ.એસસી. ડિગ્રી બાય રિસર્ચના વિદ્યાર્થીઓને પણ લાગુ પડશે અને એમ.એસસી. માટે નોંધાયેલા વિદ્યાર્થીઓ માટેની આર્થિક સહાય કેન્દ્રોને આપવી તથા પીએચ.ડી. તથા એમ.એસસી. ડિગ્રી બાય રિસર્ચ

માટે નોંધાયેલા વિદ્યાર્થીઓ માટેની આર્થિક સહાય એ વિદ્યાર્થીઓ જે શિક્ષકના હાથ નીચે સંશોધન કરતા હોય તે શિક્ષક જે કૉલેજ અગર સંસ્થામાં કામ કરતા હોય તે કૉલેજ અગર સંસ્થાને આપવી.

૧૨. માફીનું ધોરણ વિદ્યાર્થીની લાયકાત તથા આર્થિક સ્થિતિ જોઈને નક્કી કરવા માટે તથા શિષ્યવૃત્તિનું ધોરણ વિદ્યાર્થીની લાયકાત જોઈને નક્કી કરવા માટે કેન્દ્રોને ભલામણ કરવી.

૧૩. આ બાબતનો ખર્ચ કેન્દ્રે કરવાનો રહેશે.

૧૪. અનુસ્નાતક શિક્ષણ અંગે અંદાજપત્રકમાં નિયમો પ્રમાણે આવી શકે તેટલા જ ખર્ચને માન્ય ગણવો.

૧૫. એક ઝોનમાં એકથી વધારે કેન્દ્રો ખોલવામાં આવે તો એક કેન્દ્ર પર બીજા કેન્દ્રના લોકલ સ્ટાફના શિક્ષકોને અનુસ્નાતક શિક્ષણની મિટીંગમાં આમંત્રણ આપવાની જરૂર નથી તથા એક શિક્ષકે એક કેન્દ્ર પર કામ કરવાનું સ્વીકાર્યું હોય તો પણ તે બીજા કેન્દ્ર પર કામ સ્વીકારી શકે પરંતુ તેનું કુલ વેતન એક સત્રમાં રૂા. ૧૫૦ થી વધારે આપવું નહિ.

૧૬. પીએચ.ડી. તથા માસ્ટર્સ ડિગ્રી બાય રિસર્ચ માટે જે વિદ્યાર્થીઓ ચાલુ સાલથી નવેસરથી નોંધાય તે બધા વિદ્યાર્થીઓની ફી યુનિવર્સિટીમાં જે તે કૉલેજ અગર સંસ્થામાં તેઓ જોડાય તે કૉલેજ અગર સંસ્થા મારફતે મોકલવાની રહેશે.

૧૭. એક અથવા વધારે કેન્દ્રોમાં અથવા એક અથવા વધારે વિષયોમાં શિક્ષણ આપનાર શિક્ષકોનું કુલ વેતન એક સત્રમાં રૂા. ૧૫૦ કરતાં વધશે નહિ અને જો આવું ખર્ચ બે કે તેથી વધારે કેન્દ્રોની વચ્ચે હોય તો કામના પ્રમાણમાં કેન્દ્રોના હિસાબમાં ફાળવવું.

૧૧૮. સંસ્કૃતના વિષય માટે અનુસ્નાતક શિક્ષકને આમંત્રણ આપી કૉલેજમાં એમ.એ. ના સંસ્કૃતના બે પેપરો શીખવવા પરવાનગી આપવા બાબત તેમજ ડૉ. કે. એન. ચોકસીને ઓર્ગેનિક કેમિસ્ટ્રીમાં પ્રોફેસર-ઇન ચાર્જ નીમવા બાબતના જે. એન્ડ જે. કૉલેજ ઑફ સાયન્સ અને સી. બી. પટેલ આર્ટ્સ ઇન્સ્ટિટ્યૂટ, નડિયાદના પ્રિન્સિપલ તરફથી આવેલ પત્ર.

૧. આથી ઠરાવવામાં આવે છે કે જે જે કેન્દ્રોને ભાષાનાં શિક્ષણ માટેનાં કેન્દ્રો તરીકે નિયત કરવામાં આવ્યા છે તે તે કેન્દ્રોમાં મુખ્ય ભાષા સાથે લેવાતા ગૌણ ભાષાના શિક્ષણ માટે પણ તે કેન્દ્રે પ્રબંધ કરવો અને તે અંગે નિયમો પ્રમાણે જરૂરી ખર્ચ તથા પ્રવાસ ભથ્થું આપવાં.

૨. આથી ઠરાવવામાં આવે છે કે ડૉ. કે. એન. ચોકસીને ઓર્ગેનિક કેમિસ્ટ્રીના વિષય માટે પ્રોફેસર-ઇન-ચાર્જ તરીકે નીમવા.

૧૪૩. શામળદાસ કૉલેજ, ભાવનગરને ગુજરાતી માટે અનુસ્નાતક શિક્ષણનું કેન્દ્ર આપવા બાબતનો મજકૂર કૉલેજના પ્રિન્સિપલ તરફથી આવેલો પત્ર.

આથી ઠરાવવામાં આવે છે કે શામળદાસ કૉલેજ, ભાવનગરને ઑર્ડિનન્સ નં. ૬૫-એસ. અનુસાર ગુજરાતી માટે વધારાનું કેન્દ્ર ખોલવા પરવાનગી આપવી.

૧૪૪. ધર્મેન્દ્રસિંહજી કૉલેજ, રાજકોટને હિસ્ટરી અને ઇકોનોમિક્સમાં ગ્રુપ્સ એ. અને સી. માં બીજું કેન્દ્ર આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ધર્મેન્દ્રસિંહજી કૉલેજ, રાજકોટને હિસ્ટરી અને ઇકોનોમિક્સ ગ્રુપ્સ "એ" અને "સી" માટે ઑર્ડિનન્સ નં. ૬૫-એસ. અનુસાર વધારાનું કેન્દ્ર ખોલવા પરવાનગી આપવી.

૧૪૫. એસ. બી. ગાર્ડા કૉલેજ, નવસારીને હિસ્ટરી ગ્રુપ બી. માટે કેન્દ્ર અપાયેલું છે તે બાબતમાં વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે એસ. બી. ગાર્ડા કૉલેજ, નવસારીમાં હિસ્ટરી ગ્રુપ "બી" માટે જરૂરી સ્ટાફ ન હોવાને કારણે તે કૉલેજને હિસ્ટરી ગ્રુપ "બી" માં આપવામાં આવેલું કેન્દ્ર રદ કરવું.

૧૪૬. એમ.ડી. અને એમ.એસ. ની જુદી જુદી શાખાઓ માટે અલગ અલગ પ્રોફેસર-ઇન-ચાર્જ નીમવા કે કેમ તે અંગે નિર્ણય લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે એમ.ડી. અને એમ.એસ. ની જુદી જુદી શાખાઓ માટે અલગ અલગ પ્રોફેસર-ઈન-ચાર્જ નીમવા માટે પરવાનગી આપવી તથા આ પહેલાં પ્રોફેસર-ઇન-ચાર્જને વાર્ષિક રૂ. ૨૦૦ નું વેતન આપવાનું ઠરાવેલું તે ઠરાવ રદ કરવો.

આ ઠરાવ બધાં કેન્દ્રોના પ્રોફેસર-ઈન-ચાર્જને લાગુ પડશે.

૧૪૭. દિલ્હી ખાતે મળેલ યુથ ફેસ્ટીવલમાં ગુજરાત યુનિવર્સિટી યુનિટના વિદ્યાર્થીઓમાંથી ગેરશિસ્ત માટે દોષપાત્ર વિદ્યાર્થીઓનાં નામ જાહેર કરવાં કે કેમ તે અંગે નિર્ણય લેવા બાબત.

દિલ્હી ખાતે મળેલ ફેસ્ટીવલમાં ગુજરાત યુનિવર્સિટીના વિદ્યાર્થીઓમાંથી ગેરશિસ્ત માટે દોષપાત્ર વિદ્યાર્થીઓનાં નામ સેનેટના સભ્યોને ખાનગી પરિપત્ર દ્વારા જણાવવાં.

૧૪૮. ફાઇનાન્સ કમિટીની તા. ૨૩–૬–૧૯૫૬ ના રોજ મળેલી બેઠકની ભલામણ:

"આથી ઠરાવવામાં આવે છે કે નીચે પ્રમાણેનું ફરનીચર ખરીદવા સિન્ડિકેટને ભલામણ કરવી:

અ. વાઇસ–ચાન્સેલર માટે

૧. સોફાસેટ નંબર ૧	ન્યુ ફરનીચર માટે	રૂા. ૪૬૭–૧૩–૬	
	અંબરીષ ફરનીચર માટેના સૌથી ઓછા હોવા છતાં તેઓની સ્પ્રીંગ બરાબર ન હોવાથી.		
૨. ડાઇનીંગ ટેબલ ૮'×૪' ગ્લાસ સાથે નં. ૧	ન્યુ ફરનીચર માટે	રૂા. ૫૭૧–૧૨–૦	ફક્ત તેઓનાજ ભાવ આવેલા હોવાથી.
૩. પલંગ નં. ૨	,,	રૂા. ૩૫૬—૭–૬	સૌથી ઓછા હોવાથી.
૪. સેન્ટરપીસ નં. ૧	,,	રૂા. ૬૬—૭–૬	,,
૫. ખુરસી ડાઇનીંગ ટેબલ માટે નં. ૧૦	,,	રૂા. ૪૩—૩–૫	,,
૬. બોર્ડરોબ નં. ૧૦	કાન્તીલાલ પરસોતમદાસ મિસ્ત્રી	રૂા. ૪૨૫—૦–૦	,,
૭. સાઇડ બોર્ડ નં. ૧	ન્યુ ફરનીચર માટે	રૂા. ૩૦૪–૧૨–૦	,,
૮. રીવોલ્વીંગ બુક કેઇસ નં. ૧	,,	રૂા. ૯૭—૩–૬	,,
૯. ઇઝી ચેર્સ નં. ૨	અંબરીષ ફરનીચર માટે	રૂા. ૪૪—૦–૦	સૌથી ઓછા હોવાથી
૧૦. કેઇન ટેબલ નં. ૧	ન્યુ ફરનીચર માટે	રૂા. ૫૯—૯–૩	ફકત તેઓનાજ ભાવ આવેલા હોવાથી
૧૧. કેઇન ખુરસી નં. ૪	,,	રૂા. ૩૧—૮–૬	,,

૧૨.	ટેબલ ૪''×૨''×૨½'' નં. ગ્લાસવાળું	કે. પી. મિસ્ત્રી	રૂા. ૧૪૫—૦-૦	સૌથી ઓછા હોવાથી
૧૩.	ખુરશી હેન્ડલવાળી નં. ૮	અંબરીષ ફરનીચર માર્ટ	રૂા. ૨૪—૦-૦	,,
૧૪.	ખુરશી હેન્ડલ વિનાની નં. ૨	ન્યુ ફરનીચર માર્ટ	રૂા. ૨૦—૧-૬	,,
૧૫.	સાઇડ ટેબલ નં. ૧	,,	રૂા. ૨૭—૨-૯	,,
૧૬.	ઑફિસ ટેબલ નં. ૧ ૫''×૩''×૨½'' ગ્લાસ સાથે	,,	રૂા. ૩૩૧—૨-૦	,,
૧૭.	રીવોલ્વીંગ ખુરશી નં. ૧	,,	રૂા. ૧૮૨—૭-૬	,,
૧૮.	લૉ સોફાચેર નં. ૫	,,	રૂા. ૬૬-૧૦-૦	સોફાનો ઓર્ડર ન્યુ ફરનીચરને આપ્યો તેથી તેની સાથેમાં જ હોવાથી
૧૯.	સાદી ટિપોઈ નં ૨ ગ્લાસવાળી	,,	રૂા. ૩૭-૧૦-૦	સૌથી ઓછા હોવાથી
૨૦.	સાદી ટિપોઈ નં. ૨ ગ્લાસ વિનાની	અંબરીષ ફર. માર્ટ	રૂા. ૨૯—૦-૦	,,
૨૧.	ટેબલ ૪''×૨''×૨½'' નં. ૨ ગ્લાસ વિના	,,	રૂા. ૮૯-૧૨-૦	,,
૨૨.	ડ્રેસીંગ ગ્લાસ નં. ૧	કે. પી. મિસ્ત્રી	રૂા. ૪૦—૦-૦	,,
૨૩.	ઓશીકા નં. ૪	ન્યુ ફરનીચર માર્ટ	રૂા. ૬—૪-૬	ફકત તેઓનાજ ભાવ આવેલા હોવાથી

બ રજીસ્ટ્રાર માટે

૧.	સોફાસેટ ડિઝાઇન-નં. ૨ પ્રમાણે નં. ૧	,,	રૂા. ૩૦૩-૧૨-૬	સાથી ઓછા હોવાથી
૨.	ડાઇનીંગ ટેબલ નં. ૧ ૫½''×૩½''	અંબરીષ ફરનીચર માર્ટ	રૂા. ૨૭૫—૮-૦	,,

૩. ખુરશી ડાઈનીંગ ટેબલ માટે નં. ૮	ન્યુ ફરનીચર માર્ટ	રૂા.	૩૭—૩—૫	સૌથી ઓછા હોવાથી
૪. સેન્ટર પીસ નં. ૧	,,	રૂા.	૬૯—૦—૯	,,
૫. સોફા ટાઈપ લૉ ચેર્સ નં. ૨	,,	રૂા.	૬૬—૧૦—૦	સોફા માટેના હોવાથી અને સોફાનો ઓર્ડર ન્યુ ફરનીચર માર્ટને આપેલો હોવાથી
૬. કેઇન ટેબલ નં. ૧	,,	રૂા.	૫૯ - ૯—૩	ફકત તેઓના ભાવ આવેલા હોવાથી
૭. કેઇન ખુરશીઓ નં. ૪	,,	રૂા	૩૧—૯—૬	,,

આથી ઠરાવવામાં આવે છે કે ફાઈનાન્સ કમિટીની ઉપર મુજબની ભલામણ મંજૂર કરવી.

૬. સ્ટેન્ડીંગ કમિટી ઑન ચેન્જીઝ ઇન સ્ટાફના સભ્યો પૈકી શ્રી. એન. એમ. શાહ ડૉ. સી. એસ. પટેલ અને શ્રી. ડિ સોઝા હવે આ યુનિવર્સિટીની સેનેટ અથવા કોઇ પણ બૉડ અથવા કમિટી ઉપર સભ્ય તરીકે નથી તો તેમની જગ્યાએ બીજા સભ્યોની નિમણૂંક કરવી કે કેમ?

(નોંધ:—આ કમિટી સિન્ડિકેટે નીમેલી છે. અને તેના સભ્યો વિષે કોઇપણ જાતનું બંધારણ નથી અને સભ્યોના સભ્યપદ માટે કોઇપણ જાતનો સમય નક્કી કરવામાં આવ્યો નથી)

આથી ઠરાવવામાં આવે છે કે નીચેના સભ્યોને સ્ટેન્ડીંગ કમિટી ઓન ચેન્જીસ ઇન સ્ટાફના સભ્યોની ત્રણ બાકી પડેલી બેઠક માટે નીમવા:

૧. પ્રિન્સિપલ કે. એલ. હેસાઈ

૨. ડૉ. નાનુભાઇ આર. હેસાઇ

૩. પ્રિન્સિપલ એસ. વી. ચંદ્રશેખર અથવા

૭. ૧૯૫૬ માં લેવાયેલી ઇન્ટરમિડિએટ આર્ટ્સ, સાયન્સ અને કૉમર્સની પરીક્ષામાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓને ૧૯૫૭ની પરીક્ષામાં અંગ્રેજી માધ્યમ રાખવા દેવા પરવાનગી આપવી એવું સિન્ડિકેટે ઠરાવ્યું છે પરંતુ ૧૯૫૬ પહેલાં મજકૂર પરીક્ષાઓમાં નાપાસ થયા હોય અને ૧૯૫૭ની પરીક્ષામાં બેસવા માગતા હોય તેવા વિદ્યાર્થીઓને અંગ્રેજી માધ્યમ રાખવા પરવાનગી આપવી કે કેમ તે વિષે ચોખવટ નથી તો તે નક્કી કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સને ૧૯૫૬ પહેલાં ઇન્ટર આર્ટ્સ, ઇન્ટર સાયન્સ તથા ઇન્ટર કૉમર્સની પરીક્ષાઓમાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓને પણ ૧૯૫૬ના ઑકટોબર અને/અથવા ૧૯૫૭ ના માર્ચમાં લેવાનાર પરીક્ષાઓ માટે અંગ્રેજી માધ્યમ રાખવાની પરવાનગી આપવી.

૮. શ્રેયસ ઇન્ટરમિડિએટ આર્ટ્સ અને સાયન્સ કૉલેજ, અમદાવાદને ફર્સ્ટ ઇયર અને ઇન્ટરમિડિએટ સાયન્સ એમ દરેકમાં કુલ ૫૦ વિદ્યાર્થીઓ દાખલ કરવા પરવાનગી આપવા બાબતનો શ્રેયસના મંત્રી તરફથી આવેલો પત્ર.

(નોંધ:- મજકૂર કૉલેજને મજકૂર વર્ગોમાં ૨૫ વિદ્યાર્થીઓ દાખલ કરવાની પરવાનગી આપેલી છે. વધુ ૨૫ માટેની આ અરજી છે. વધારાના વિદ્યાર્થીઓ માટે સ્ટાફ વગેરેની સગવડ છે એમ અરજીમાં જણાવે છે)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રેયસ ઈન્ટરમિડિએટ આર્ટ્સ અને સાયન્સ કૉલેજ, અમદાવાદને ફર્સ્ટ ઈયર અને ઈન્ટરમિડિએટ સાયન્સ એમ દરેકમાં કુલ ૫૦ વિદ્યાર્થીઓ દાખલ કરવાની પરવાનગી આપવી.

૯. ઍલિજિબિલિટી અને માઇગ્રેશનની પધ્ધતિમાં સરળતા આણવા માટે જોઇન્ટ બૉર્ડ ઑફ વાઇસ-ચાન્સેલર્સે ઠરાવ્યા મુજબ આ યુનિવર્સિટીએ ઑર્ડિનન્સમાં સુધારા કરી તેને લગતા બીજા નવા ઑર્ડિનન્સ ઘડી આ યોજના અમલમાં મુકવા બાબત.

(નોંધ:-જોઇન્ટ બૉર્ડ ઑફ વાઇસ-ચાન્સેલર્સની ઓગસ્ટ ૧૯૫૫ ની બેઠકમાં કરાવ્યા પ્રમાણે ઍલિજિબિલિટી અને માઇગ્રેશનની પધ્ધતીમાં સરળતા લાવવા માટે દરેક યુનિવર્સિટીએ ઑર્ડિનન્સ ઘડવા એવું જોઇન્ટ બૉર્ડ ઑર્ડ ઑફ વાઇસ-ચાન્સેલર્સે તેની એપ્રિલ ૧૯૫૬ માં મળેલી બેઠકમાં ઠરાવ્યું છે તેથી આ યુનિવર્સિટી સાથે જોડાયેલી કૉલેજોમાં આ સરળ પધ્ધતિ અપનાવવા પરિપત્ર કાઢયો હતો અને સિન્ડિકેટની તા. ૨૩-૬-૫૬ ના રોજ મળનાર બેઠકમાં આ અંગે ઓ. ૭૦ સુધારવા તેમજ નવા ઑર્ડિનન્સ ઘડવા વિચાર હતો પરંતુ ઑર્ડિનન્સને સુધાર્યા સિવાય આ પધ્ધતિ અમલમાં મૂકી શકાય નહિ એમ એચ. એલ. કૉલેજ ઑફ કોમર્સ, તરફથી પત્ર આવ્યો હતો. ઉપરાંત કેટલીક વ્યવહારિક મુશ્કેલીઓને કારણે ઉપરના વાઇસ-ચાન્સેલરના હૂકમ અનુસાર કૉલેજોને મોકલેલો પહેલો પરિપત્ર રદ કરવા જણાવ્યું છે તો હવે આ બાબત નક્કી કરવાની છે.)

આથી ઠરાવવામાં આવે છે કે ઍલિજિબિલિટી અને માઇગ્રેશન પધ્ધતિમાં સરળતા આણવા માટે શ્રી. રજિસ્ટ્રારે ઘડેલા ઑર્ડિનન્સ નં. ૭૦, ૭૦-એ, ૭૦-બી, ૭૦-સી, ૭૨, ૮૪, ૮૮-એ અને ૮૮-બી. ને મંજૂર કરવા અને આ બધા ઑર્ડિનન્સોને તાત્કાલીક અમલમાં આવેલા ગણવા.

(નકલ આ સાથે પરિશિષ્ટ "ક" તરીકે સામેલ છે.)

૧૦. સ્ટેટ્યુટ ૩૧ માં સુધારા કરવા વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સ્ટેટ્યુટ ૩૧ માં નીચે પ્રમાણે સુધારા વધારા કરવા માટે સેનેટને ભલામણ કરવી :

(1) The first 45 minutes at a meeting of the Senate shall be set apart for answering questions and of supplementary questions. Any question not answered during this

period shall lapse, but the questioner may revive it in the form of a fresh question at a subsequent meeting of the Senate by giving not less than 30 days' notice.

(2) A member may ask not more than two questions at any one meeting of the Senate.

૨. સ્ટે. ૩૧ (૫) ની પેટા કલમ (I) માં (c) ને નીચે પ્રમાણે બદલવી.

"(c) It must not ask for an expression of opinion or for the solution of a hypothetical proposition or the solution of an abstract legal question."

૩. કલમ ૫ ની (I) માં (d) પછી નીચેની પેટા કલમો ઉમેરવી.

"(e) It must not refer to a matter which is of a confidential nature.

(f) It must not contain any name or statement not strictly necessary to make the question intelligible.

(g) It must not involve the preparation of eleborate statements or statistics or expenditure of an excessive amount of time and labour.

(h) It must not be such as connot be answered consistently with the interests of the University.

(v) પછી નીચેની પેટા કલમો ઉમેરવી :

"(vi) The answers to the questions or supplementary questions may be given by the Vice-Chancellor or any member of the Syndicate nominated by the Vice-Chancellor for the purpose or by the Registrar.

(vii) No member shall ask more than two supplementary questions to a main question."

૧૬. ગુજરાત લૉ સોસાયટીની ૧૯૫૬ ના જૂનથી શરૂ થયેલ કોમર્સ કૉલેજને જોડાણ આપવા સેનેટે મૂકેલી શરતોનું પાલન થયું છે કે નહિ અને મજકૂર કૉલેજ સવારની રાખવા સગવડ છે કે કેમ તે અંગે સિન્ડિકેટે નીમેલી સમિતિનો હેવાલ.

(નોંધ:–મજકૂર કૉલેજને ફર્સ્ટ ઇયર કૉમર્સનો એક ત્રીજો ડિવિઝન ખોલવા પરવાનગી આપવાની ભલામણ પણ આ સમિતિએ કરી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટે નીમેલી સમિતિનો હેવાલ મંજૂર કરવો અને ગુજરાત લૉ સોસાયટીની કોમર્સ કૉલેજને જોડાણ આપવા માટે મુંબઈ સરકારને ભલામણ કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે મજકૂર કૉમર્સ કૉલેજને ફર્સ્ટ ઇયર કૉમર્સમાં ત્રીજો ડિવિઝન ખોલવાની પરવાનગી આપવી.

૩૩. શ્રી. વાઇસ-ચાન્સેલર તથા શ્રી. રજિસ્ટ્રારના બંગલા અંગે સિન્ડિકેટે મંજૂર કરેલા અંદાજ રૂા. ૧,૧૦,૦૦૦ ને બદલે હવે રિવાઇઝડ અંદાજ મુજબ રૂા. ૧,૩૬,૦૦૦ મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી વાઇસ-ચાન્સેલર તથા રજીસ્ટ્રારના બંગલાઓ અંગેના રૂા. ૧,૩૬,૦૦૦ ના રિવાઇઝડ અંદાજને મંજૂર કરવો.

૩૪. સેનેટ વગેરેના સભ્યોને અપાતા મુસાફરી ભથ્થાં અંગેના ઑર્ડિનન્સ ૧૫૨ની નકલ ૨ જોતાં જણાય છે કે જો કોઇ પણ સભ્ય બીજા વર્ગ કરતાં નીચેના વર્ગની મુસાફરી કરે તો તેઓને કયા દરે ભથ્થું આપવું તે સ્પષ્ટ નથી તેથી તે પેટા કલમ નીચે મુજબ સુધારવા બાબત.

"(2) If the member concerned travels by Second Class each way he will be paid 1½ Second Class Railway fare each way and he will not be required to sign a declaration. If he travels by 3rd class, he will be paid actual fare of the 3rd class, plus one single Second Class extra fare."

આથી ઠરાવવામાં આવે છે કે કાર્યાલયની સૂચના પ્રમાણે ઑ. નં. ૧૫૨ની પેટા કલમ ૨ માં સુધારો કરવો તથા સુધારેલા ઑર્ડિનન્સને તાત્કાલિક અમલમાં આવેલો ગણવો. સુધારેલો ઑર્ડિનન્સ નીચે પ્રમાણે વંચાશે:

O. 152: Whenever a member of the Senate or any other Authority or Committee of the University, other than Vice-Chancellor has to travel to attend a meeting or meetings called by the Registrar or as a delegate on behalf of the University, or otherwise for transaction of any business connected with the University, he will be paid in accordance with the following rules:-

(1) If the member concerned signs a declaration to the effect that he travelled First Class by rail, he will be paid 1½ First class fares each way.

(2) If the member concerned travels by Second Class each way he will be paid 1½ Second Class Railway fare each way and he will not be required to sign a declaration. If he travels by 3rd class, he will be paid actual fare of the 3rd class, plus one single second Class extra fare.

(3) When a member travels by air or part of the journey by steamer he will be paid the actual fare each way, provided the Vice-Chancellor gives his sanction for such payment.

(4) When a member has travelled different portions of the rail journey in different classes, or has performed different parts of the journey by rail, steamer, etc. fares will be calculated for each such part in accordance with the provisions of Rules 1, 2 & 3.

(5) If there is no steamer, rail or air communication for a part or for the whole of the journey and it has to be performed by road, the road journey will be paid for at annas eight per mile.

(6) If the railway station is at a distance exceeding 5 miles from the registered address of a member, he will be paid for the road journey from his registered address to the railway station and back in the manner prescribed in Rule 5.

(7) Whether the same person has to attend a meeting or meetings on consecutive days, only one travelling allowance is payable.

(8) When concession fares are available the actual cost of travelling will be paid at the connecession rates.

(9) Whenever a person travels by rail, the travelling allowance is to be calculated by the cheapest route.

(10) Whenever a person has claimed travelling allowance for any part of the journey from any public authority, this part shall be excluded from the total distance.

(11) In all cases, travelling allowance is to be calculated from the registered address of the person to the actual place of duty.

૫૧. એમ એ. ની પરીક્ષામાં પ્રથમ આવે તે વિદ્યાર્થીને "શેઠ ચીનુભાઇ લલ્લુભાઇ મહેતા સૂવર્ણ ચંદ્રક" આપવા માટે શેઠ વાડીલાલ લલ્લુભાઇ મહેતા તરફથી આવેલી રૂા. ૧૦,૦૦૦ની સખાવતનો સ્વીકાર કરવા બાબત.

(નોંધ:- મજકૂર સૂવર્ણ ચંદ્રક સિન્ડિકેટ નક્કી કરે તે મુજબ દરેક વિષયમાં વારાફરતી આપવો એમ પત્રમાં જણાવ્યું છે.)

આથી ઠરાવવામાં આવે છે કે "શેઠ ચિનુભાઇ લલ્લુભાઇ મહેતા સૂવર્ણ ચંદ્રક" આપવા માટે શેઠ વાડીલાલ લલ્લુભાઈ મહેતા તરફથી આવેલ રૂા. ૧૦,૦૦૦ ની સખાવતનો સાભાર સ્વીકાર કરવો.

(પત્રની નકલ આ સાથે પરિશિષ્ટ "ખ" તરીકે સામેલ છે.)

૫૪. રજિસ્ટ્રાર શ્રી. કે. સી. પરીખની માંદગીની રજા દરમ્યાન ડેપ્યુટી રજિસ્ટ્રાર શ્રી. જે. એમ. મહેતા (તે સમયે આસિસ્ટન્ટ રજિસ્ટ્રાર) એ રજિસ્ટ્રારની ફરજો બજાવેલી તે સમય દરમ્યાનનું ઑફિસિએટીંગ એલાવન્સ આપવા બાબતની શ્રી. જે. એમ. મહેતાની અરજી.

નિયમ નં. ૭ નીચે મુજબ છે:

A University Employee when appointed to hold an additional higher post as a temporary measure, shall entitled in additional to his own pay to an allowance. Such

allowance shall be at the rate of ten per cent of the minimum of the scale of pay of the higher post, if the period is upto three months, but at the rate of twenty-five per cent for the whole period if the period is more than three months.

આથી ઠરાવવામાં આવે છે કે રજિસ્ટ્રાર શ્રી. કે. સી. પરીખની માંદગી દરમિયાન ડેપ્યુટી રજિસ્ટ્રાર શ્રી. જે. એમ. મહેતાએ રજિસ્ટ્રારની ફરજો બજાવેલી તે માટે રજાઓના નિયમ નં. ૭ મુજબ શ્રી. મહેતાને ઑફિસિએટીંગ એલાવન્સ આપવું.

૫૬. વલ્લભ વિદ્યાનગરની કૉલેજો ઑર્ડિનન્સ ૧૫ પ્રમાણે રમતગમતની હરિફાઇ માટે ઉત્તર વિભાગમાં છે ત્યાં આ વર્ષે નવી યુનિવર્સિટી શરૂ થતાં તે કૉલેજોને હાલ ચાલુ છે તેમ ગણી, રમતગમત માટેની ઉત્તર વિભાગીય સ્થાનિક સમિતિની રચના માટેના પરિપત્ર મોકલવા કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ:– જો આ કૉલેજને ઉત્તર વિભાગમાં ન ગણવાની હોય તો ઑ. ૧૧ માં સુધારો કરવાની જરૂર રહેશે.)

આથી ઠરાવવામાં આવે છે કે વલ્લભવિદ્યાનગરની કૉલેજોને હાલ તે ગુજરાત યુનિવર્સિટી સાથે ચાલુ જોડાયેલી હોઇ ચાલુ શૈક્ષણિક વર્ષ માટે રમતગમતની બધી પ્રવૃતિઓ અંગેના હાલનાં ધારાધોરણો લાગુ પાડવાનું ચાલુ રાખવું.

૫૮. ફૅકલ્ટી ઑફ ટેકનોલૉજી ઇન્કલ્યુડીંગ ઍન્જિનીયરીંગનો નીચે મુજબનો ઠરાવ:

ઠરાવ

"આથી આ ફૅકલ્ટી હિંદ સરકારના કેળવણી ખાતા તરફથી આવેલા પત્રની વિગતોની સાભાર નોંધ લે છે અને વધુમાં આ યુનિવર્સિટી સાથે જોડાયેલી ઍન્જિનીયરીંગ કૉલેજોના પ્રિન્સિપલોને તેમની કૉલેજોમાં શિખવાતા Materials and Constructions its properties and uses. ઉપર ખાસ લક્ષ આપવા, જણાવા માટે આ ફૅકલ્ટી શ્રી. વાઇસ-ચાન્સેલરને વિનંતી કરે છે."

આ અંગે ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ નીચે મુજબ છે:

"આથી ઠરાવવામાં આવે છે કે ફૅકલ્ટી ઑફ ટેકનોલૉજી ઇન્કલ્યુડીંગ ઍન્જિનિયરીંગનો ઠરાવ મંજૂર કરવો."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ મંજૂર કરવો.

૫૯. બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદના ફાઇનલ એમ. બી. બી. એસ. ના અભ્યાસક્રમને માટેના કાયમના જોડાણ માટેની અરજી ઉપર સેનેટે મુકરર કરેલી શરતોનું પાલન કરવા કૉલેજને જણાવતાં તેમના તરફથી આવેલો જવાબ.

(નોંધ:-શરત નં. ૨ નીચે મુજબ છે:

"Starting the department of Preventive and Social Medicine with one whole time non-practising Professor and the requisite staff."

કૉલેજના પ્રિન્સિપલનો જવાબ નીચે મુજબ છે:

"In the case of Preventive and Social Medicine, no suitable candidates are available for being appointed to the post of Professor of Preventive and Social Medicine. A proposal to depute at least two officers for the B. J. Medical College, Ahmedabad and the Grant Medical College, Bombay from the Public Health Department for training abroad in Preventive and Social Medicine, is under consideration of the Government.

The question of filling up the post of Junior Lecturer in the above subject will be taken up as soon as the post of the Professor of Preventive and Social Medicine is filled up. It may however be mentioned for your information that equipment etc. for the department is being assembled and we are ready with preliminary arrangements to start the Department.

We hope that the permanent affiliation to this college for Final M.B.B S. degree courses, recommended by the University to the Government will be rectified soon.)

આથી ઠરાવવામાં આવે છે કે બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદને ફાઇનલ એમ.બી.બી.એસ. માટેના અભ્યાસક્રમ માટે કાયમનું જોડાણ આપવા મુંબઇ સરકારને ભલામણ કરવી.

૬૦. ઑ. ૧૬૦ પ્રમાણે જો વિદ્યાર્થી ફર્સ્ટ યર ગ્રુપ "એ" અથવા "બી" માંથી "બી" અથવા "એ" માં જવા માગતો હોય તો તે નવા ગ્રુપ માટે સ્ટે. ૧૭૩ માં જણાવેલી લાયકાત ધરાવતો હોવો જોઇએ એમ સિન્ડિકેટે તેની તા. ૨-૭-૫૫ની બેઠકમાં ઠરાવ્યું છે પરંતુ ઓ. ૧૬૧ પ્રમાણે કોઇ વિદ્યાર્થી ફર્સ્ટ યર કૉમર્સમાંથી ફર્સ્ટ યર ગ્રુપ "એ", "બી" અથવા "સી" માં જવા માગતો હોય તો તેવી લાયકાત ધરાવતો હોવો જોઇએ કે નહિ તે અંગે નિર્ણય કરેલો નથી તો ઓ. ૧૬૦ અને ઓ. ૧૬૧ માં નીચે મુજબનો પ્રોવિઝો ઉમેરી સુધારો કરવા બાબત.

"Provided that students seeking change to any of the Groups must satisfy the requirements of Statute 173 for admission to the group concerned."

આથી ઠરાવવામાં આવે છે કે ઑર્ડિનન્સ નં. ૧૬૦ અને ૧૬૧ માં ફેરફાર કરવા માટેનો કાર્યાલયનો પ્રસ્તાવ ઍકેડેમિક કાઉન્સિલ તરફ વિચારણા માટે મોકલી આપવો.

૬૩. એન્શ્યન્ટ ઇન્ડિયન કલ્ચર વિષય લઇને એમ.એ. માં બીજા વર્ગમાં પાસ થયેલ વિદ્યાર્થીને ઇતિહાસના લેક્ચરરની નિમણુક માટે લાયક ગણી શકાય કે કેમ તે અંગે શ્રીમતી સુશીલા પરીખ તરફથી આવેલા પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

ને –એન્શ્યન્ટ ઇન્ડિયન કલ્ચરના વિષયમાં ઇતિહાસના અભ્યાસક્રમના ઘણા વિષયો સમાયેલા છે માટે તેને ઇતિહાસ વિષય લઈને પાસ થયેલ એમ.એ. ના વિદ્યાર્થીની બરોબર ગણી ઇતિહાસના લેકચરરની નિમણુક માટે લાયક ગણવા એવી વિનંતી તેમના પત્રમાં કરવામાં આવી છે.)

ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે કોઇપણ વ્યક્તિ કૉલેજના ચલુ સ્ટાફ પર હોય તો ખાસ અપવાદ તરીકે ફર્સ્ટ ઇયર આર્ટ્સમાં ઇતિહાસ શીખવવાની પરવાનગી આપવા ઉપરાંત તેને બી.એ. માં પણ પ્રાચીન હિંદનો ઇતિહાસ શીખવવાની પરવાનગી આપવી."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ મંજૂર કરવો.

૬૮. હિંદની યુનિવર્સિટીઓમાં કેટલીક નક્કી કરેલી પ્રાદેશિક ભાષાઓના અભ્યાસના વિકાસ અંગેની યોજના બાબત યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી આવેલા પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર બાબત યુનિવર્સિટી સ્કુલ ઑફ ગુજરાતી લેન્ગ્વેજ ઍન્ડ લિટરેચરને વિચારણા માટે મોકલી આપવી.

૬૯. યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને નોકરી અપાવવા અંગે યુનિવર્સિટીઓને એમ્પ્લોયમેન્ટ ઑફિસરો નીમવા માટે ઉત્તેજન આપવા બાબતના અને તે અંગેની પ્રપોઝલ મોકલવા બાબતના યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ:–આપણે ત્યાં એમ્પ્લોયમેન્ટ બ્યુરો હતી પણ સંજોગોવશાત્ તેને બંધ કરી હતી યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનને સ્પેસીફીક પ્રપોઝલ જો આપણે મોકલીએ તો કાંઇક ગ્રાન્ટ મળે એમ કમિશનના પત્ર ઉપરથી જણાય છે.)

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબત અંગે શ્રી. રજિસ્ટ્રારને યોજના તૈયાર કરવા માટે જણાવવું.

૭૧. "Recognitions of Technical and professional Examinations for purposes of recruitment of posts and services under Govt." એ વિષયના હિંદ સરકાર તરફથી આવતા પત્રો અંગે આપણે શાં પગલાં લેવાં તે નક્કી કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે બિનશૈક્ષણિક નોકરીઓ માટે હિંદ સરકારે કરેલાં સૂચનોનો સૈદ્ધાંતિક સ્વીકાર કરવો.

૯૩. ડિસેમ્બર ૧૯૫૬માં ધારવાડ ખાતે કર્ણાટક યુનિવર્સિટીના આશ્રયે મળનારી ધી સેન્ડ એન્યુઅલ કોન્ફરન્સ ઑન્ડ સેમિનાર ઑફ ધી યુનિયન ફોર ધી સ્ટડી ઑફ ધી ગ્રેટ રિલિજીયન્સ માટે આ યુનિવર્સિટીના પ્રતિનિધિઓ મોકલવા બાબતના મજદૂર યુનિયનના પ્રાદેશિક મંત્રી તરફથી આવેલો પત્ર.

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર કોન્ફરન્સમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવાની જરૂર સિન્ડિકેટને જણાતી નથી.

૯૪. ૧લી થી ૯મી સપ્ટેમ્બર ૧૯૫૬ દરમ્યાન ફિલાડેલ્ફીઆ યુ.એસ.એ. ખાતે મળનાર ઇન્ટરનેશનલ કોંગ્રેસ ઑફ એન્થ્રોપોલૉજીકલ ઍન્ડ ઇથ્નોલૉજીકલ સાયન્સીઝના પાંચમા અધિવેશન માટે આ યુનિવર્સિટીના ડેલીગેટો મોકલવા બાબતના હિંદ સરકારના કેળવણી ખાતાના અન્ડર સેક્રેટરી તરફથી આવેલો પત્ર.

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર કોંગ્રેસના પાંચમા અધિવેશનમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવાની જરૂર સિન્ડિકેટને જણાતી નથી.

૯૫. મહાગુજરાત આયુર્વેદ સંમેલનની ઉંઝા ખાતે મળેલી ત્રીજી પરિષદમાં થએલા નીચે મુજબના ઠરાવ નં. ૬, ૧૦, અને ૧૮ ઉપર આ યુનિવર્સિટીએ ઘટતાં પગલાં લેવા બાબતના મહાગુજરાત આયુર્વેદ સ્નાતક મંડળના પ્રધાનમંત્રી તરફથી આવેલો પત્ર.

ઠરાવો

ઠરાવ નં. ૬:

ગુજરાતી યુનિવર્સિટીએ જેવી રીતે A.V.V. અને આયુર્વેદાલંકારને મતાધિકાર આપ્યો છે તેવી રીતે A.V.V. ના સમકક્ષ સ્નાતકો D.A.S.F., G.A.F.M., B.A.M.S., L.I.M. વગેરે શીડયુલ ક્વોલીફીકેશનવાળા સ્નાતકોને પણ મતાધિકાર આપવા આ સંમેલન ગુજરાત યુનિવર્સિટીના સંચાલકોને વિનંતી કરે છે.

ઠરાવ નં. ૧૦:

ગુજરાત યુનિવર્સિટીમાં ફૅકલ્ટીની સ્થાપના કરવા બદલ આ સંમેલન ગુજરાત યુનિવર્સિટીને અભિનંદન આપે છે. અને વિનંતી કરે છે ગુજરાત યુનિવર્સિટીના આયુર્વેદીક ફૅકલ્ટીના બૉર્ડમાં મહાગુજરાત આયુર્વેદ સ્નાતક મંડળના સ્નાતકોને પણ યોગ્ય પ્રતિનિધિત્વ આપવું.

ઠરાવ નં. ૧૮:

ગુજરાત યુનિવર્સિટી તરફથી ટુંક સમયમાં એમ.બી.બી.એસ. આયુર્વેદનો ડીગ્રી કોર્સ શરૂ કરવામાં આવનાર છે તે ડીગ્રી કોર્સમાં D.A.M., L.A.M., D.A.S.F. આયુર્વેદાલંકાર, A.V.V. તથા તેના જેવી અન્ય સમકક્ષ સરકાર માન્ય ઉપાધિ ધરાવનારાઓ માટે કન્ડેન્સ

કોર્સની ગોગવાઈ કરવા આ સંમેલન ગુજરાત યુનિવર્સિટીના સંચાલકોને તથા ગુજરાત યુનિવર્સિટીની આયુર્વેદીક ફૅકલ્ટીના ડીનને વિનંતી કરે છે.

આથી ઠરાવવામાં આવે છે કે ઠરાવ નં. ૬ અને ૧૮ને ફૅકલ્ટી ઑફ આયુર્વેદીક મેડિસિનની વિચારણા માટે મોકલી આપવા તથા ઠરાવ નં. ૧૦ ની નોંધ લેવી.

૭૬. નીચે મુજબની કૉલેજોને વધારાના ડિવિઝન ખોલવા આપેલી પરવાનગીના અનુસંધાનમાં તેઓએ ખોલેલા વધારાના ડિવિઝન માટે પુરતો સ્ટાફ વગેરેની સગવડ છે એમ આવેલા જવાબો.

	કૉલેજનું નામ	વધારાના ડિવિઝન	જવાબો
૧.	સેંટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદ.	ફર્સ્ટ ઇયર સાયન્સ	"Sufficient arrangements has been made for the staff, accommodation, equipment and apparatus etc."
૨.	જે. ઍન્ડ જે. કૉલેજ ઑફ સાયન્સ અને સી. બી. પટેલ આર્ટ્સ ઇન્સ્ટિટ્યૂટ, નડિયાદ.	ફર્સ્ટ ઇયર અને ઇન્ટરમિડિએટ સાયન્સનો બીજો ડિવિઝન	I herewith submit a complete copy of the Time-table both for Theoritical and Practicals for the F.Y.Sc. class only in as much as we have students over and above 150 (i.e. nearly 200 students) so far as Inter Science class is concerned, no such contigency is likely to arise. The accompanying time-table will convince that there is enough space and staff for carrying on the work...In addition, we have appointed four (4) more Demonstrators for the Physics as well as Chemistry Practicals work.

	કૉલેજનું નામ	વધારાના ડિવિઝન	જવાબો
૩.	રામાનંદ મહાવિદ્યાલય, અમદાવાદ.	ઇન્ટરમિડિએટ આર્ટ્સના ૩ ડિવિઝન અને બી.એ. ના બે ડિવિઝન	we have already provided for sufficient staff for the increased number of students and we have also made sufficient accommodation for our students.
૪.	વી. પી. મહાવિદ્યાલય, વલ્લભવિદ્યાનગર.	ફર્સ્ટ ઇયર સાયન્સનો ચોથો ડિવિઝન	The necessary accommodation, equipment, apparatus and staff are available as in the last year.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરની કૉલેજોને વધારાના ડિવિઝન ખોલવા માટે આપેલી પરવાનગીના અનુસંધાનમાં મજકૂર કૉલેજના આવેલા જવાબોની નોંધ લેવી.

૭૭. ફેડરેશન ઑફ યુનિવર્સિટી વીમેન ઇન ઇન્ડિયાની આ યુનિવર્સિટીના યુનિવર્સિટી ટાઉનમાં શાખા ખોલવા બાબત સહકાર આપવા બાબતનો મજકૂર ફેડરેશનના પ્રેસીડેન્ટ તરફથી આવેલો પત્ર.

આથી ઠરાવવામાં આવે છે કે ફેડરેશન ઑફ યુનિવર્સિટી વિમેન ઇન ઇન્ડિયાની આ યુનિવર્સિટીના વિસ્તારમાં શાખા ખોલવા અંગેની વિનંતી માન્ય કરવી નહી.

૭૮. ઑર્ડિનન્સ ૬૫-એસ. માં નોંધ ઉમેરી સુધારો કરવા બાબતનો પ્રિન્સિપલ અ. ફ. ત્રિવેદીનો પત્ર.

આથી ઠરાવવામાં આવે છે કે ઑર્ડિનન્સ નં. ૬૫-એસ.ની નીચે પ્રિન્સિપલ અ. ફ. ત્રિવેદીની સૂચના પ્રમાણે નોંધ ઉમેરવાની જરૂર સિન્ડિકેટને જણાતી નથી.

૭૯. યુનિવર્સિટીના જે નોકરીયાતો આગળ અભ્યાસ કરવાની ઇચ્છા રાખતા હોય તેઓને તે માટે પરવાનગી આપવા બાબતની ગુજરાત યુનિવર્સિટી એમ્પ્લોઇઝ યુનિયનના જનરલ સેક્રેટરી તરફથી આવેલી અરજી

આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટી એમ્પ્લોઇઝ યુનિયનના જનરલ સેક્રેટરી તરફથી આવેલી અરજી માન્ય કરવી નહિ.

૮૨. આગળ અભ્યાસ કરવા દેવા પરવાનગી આપવા બાબતની સ્ટાફના નીચે મુજબના સભ્યો તરફથી આવેલી અરજીઓ.

	નામ	કઇ પરીક્ષા માટે	નોંધ
૧.	શ્રી. બી. એમ. વૈશ્ય સ્ટેનોગ્રાફર	બી.એ. સુધીના અભ્યાસક્રમો માટે ભણવા રેગ્યુલર અથવા એકસ્ટર્નલ વિદ્યાર્થી તરીકે.	"I also with due appologies beg to submit that it appears that my application for the post of office Superintendent has not been considered favorably mainly on account of my not being a graduate. Under the circustances in order that I may not be similarly handicapped in future also, I beg to earnestly to beseech you to kindly accord a special consideration to my request and grant me permission sought for."
૨.	શ્રી. આર. ડી. ભગત સિનિયર કલાર્ક	ઇન્ટરમિડિએટ આર્ટ્સ એકસ્ટર્નલ	—
૩.	શ્રી. કે. આર. જોષી સિનિયર કલાર્ક	ફર્સ્ટ ઇયર આર્ટ્સ એકસ્ટર્નલ	—
૪.	શ્રી. વિનોદ એન. ચટેલ જુનિયર કલાર્ક	,,	—
૫.	શ્રી. વી. પી. શાહ ટાઇપીસ્ટ	બી.એ. ના અભ્યાસ-ક્રમ માટે રેગ્યુલર અથવા એકસ્ટર્નલ	સિન્ડિકેટે અજમેર બૉર્ડની ઇન્ટર આર્ટ્સની પરીક્ષામાં બેસવા પરવાનગી આપી હતી અને તેમાં તેઓ ૫૧ ટકા માર્કસ સાથે સેકન્ડ કલાસમાં પાસ થયા છે.
૬.	શ્રી. એમ. સી. શાહ જુનિયર કલાર્ક ટાઇપીસ્ટ લાયબ્રેરી.	એલ.એલ.બી.	—

અને

૧૨૩. અ. ફર્સ્ટ ક્લાસ આર્ટ્સ એક્સ્ટર્નલની પરીક્ષામાં બેસવા દેવા પરવાનગી આપવા બાબતની લાયબ્રેરીના સિનિયર ક્લાર્ક શ્રી. જે. એચ. અધ્વર્યુની અરજી.

બ. લૉના અભ્યાસક્રમ માટે અભ્યાસ કરવા પરવાનગી આપવા બાબતની આસિસ્ટન્ટ લાયબ્રેરીયન શ્રી. એ. આર. દેસાઇની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે આગળ અભ્યાસ કરવા દેવા માટે શ્રી. બી. એમ. વૈશ્ય, શ્રી. આર. ડી. ભગત, શ્રી. કે. આર જોષી, શ્રી. વિનોદ એન. પટેલ, શ્રી. વી. પી. શાહ, શ્રી. એમ. સી. શાહ, શ્રી. જે. એચ. અધ્વર્યુ તથા શ્રી. એ. આર. દેસાઈની વિનંતી માન્ય કરવી નહિ.

૮૫. જુનિયર ક્લાર્ક શ્રી. બિપિન ત્રિવેદીને સાંસ્કૃતિક કાર્યક્રમોમાં ભાગ લેવા પરવાનગી આપવા બાબતની તેમના તરફથી આવેલ અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે સાંસ્કૃતિક કાર્યક્રમોમાં ભાગ લેવા માટે સ્ટાફના સભ્યોની વ્યક્તિગત અરજી પર મંજૂરી આપવાની સત્તા ઉપકુલપતિશ્રીને આપવી

૮૬. લાયબ્રેરીના પટાવાળા શ્રી. એન. વી. ગોહિલ નોકરીમાંથી છુટા થયા હોવાથી તેમને પોતાના પ્રોવીડંટ ફંડનો ફાળો તથા તે ઉપરનું વ્યાજ અને યુનિવર્સિટીનો ફાળો તથા તે ઉપરનું વ્યાજ આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે લાયબ્રેરીના પટાવાળા શ્રી. એન. વી ગોહિલને નિયમ પ્રમાણે તેમના પ્રોવિડંટ ફંડનો ફાળો તથા તે પરનું વ્યાજ તથા યુનિવર્સિટીનો ફાળો તથા તે પરનું વ્યાજ આપવું.

૮૭. એસ. બી. ગાર્ડા કૉલેજ અને બી. પી. આરિયા સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, નવસારીમાં ઇન્ટર સાયન્સનો બીજો ડિવિઝન ખોલવા પરવાનગી આપવા બાબતના મજકૂર કૉલેજના પ્રિન્સિપલના પત્ર ઉપરથી, વધારાના ડિવિઝન માટે સ્ટાફ વગેરેની સગવડ કરવાની શરતે સિન્ડિકેટની મંજૂરીની અપેક્ષાએ મજકૂર પરવાનગી આપ્યા બાબતના શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવી.

૯૩. યુનિવર્સિટી સ્કૂલ ઑફ સોશિયલ સાયન્સીઝમાં લેકચરર ઇન પોલિટિક્સની જગા ક્રિએટ કરવા બાબતની ઍકેડેમિક કાઉન્સિલ તથા સિન્ડિકેટની નીચે મુજબની ભલામણો સેનેટે મંજૂર કરી હોવાથી આગળનાં ઘટતાં પગલાં લેવા બાબત.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી સ્કુલ ઑફ સોશિયલ સાયન્સીઝમાં લેકચરર ઇન પોલિટિક્સની જગા કાઢવા (ઇન્સ્ટિટ્યૂટ કરવા) સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી."

સિન્ડિકેટની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી અને તે પ્રમાણે સેનેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી સ્કુલ ઑફ સોશિયલ સાયન્સીઝમાં લેકચરર ઇન પોલિટિક્સની નિમણૂક માટે ઘટતાં પગલાં લેવાં.

૯૭. સેનેટની તા. ૯-૬-૫૬ ની બેઠકમાં સૂચવ્યા પ્રમાણે યુનિવર્સિટીના વાર્ષિક હેવાલની નકલ દરેક રજિસ્ટર્ડ ગ્રેજ્યુએટ્સને મોકલાવવા બાબતના પ્રિન્સિ. એસ. આર. ભટ્ટના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ:-હાલની નોંધણી મુજબ હાલ કૂલ ૮૬૬૮ રજિસ્ટર્ડ ગ્રેજ્યુએટ્સ છે અને ૭૦ ૫ નાના હેવાલ માટે છપામણી તથા કાગળનું ખર્ચ કુલ્લે લગભગ રૂા. ૩,૫૦૦ થશે.

આથી ઠરાવવામાં આવે છે કે ચાલુ વર્ષે યુનિવર્સિટીના વાર્ષિક હેવાલની નકલ રજિસ્ટર્ડ ગ્રેજ્યુએટોને મોકલવી નહિ.

૯૯. ૧૯૫૬ ના પ્રથમ છ માસ દરમ્યાન લેવાયેલી પરીક્ષાઓ વખતે જે વિદ્યાર્થીઓએ ગેરવ્યાજબી ધોરણો (Unfair means) લીધા હોય તેવા કેસો ઉપર વિચારણા કરી હેવાલ રજૂ કરવા નીમાયેલી સમિતિનો હેવાલ.

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર સમિતિનો હેવાલ મંજૂર કરવો.

(નકલ આ સાથે પરિશિષ્ટ "ગ" તરીકે સામેલ છે.)

૧૦૪. એમ. એન. કૉલેજ, વિસનગરના બી.એ.વાય. સાયન્સના વિદ્યાર્થી શ્રી. અ. બી. નાયકે ભરેલી હાજરી નિયમ કરતાં ઓછી હોવાથી ખૂટતી હાજરી માંદગીને કારણે માફ કરવા બાબતની મજકૂર વિદ્યાર્થીની મજકૂર કૉલેજના પ્રિન્સિપલ મારફત આવેલી અરજી ઉપરથી સિન્ડિકેટે માફ કરી નથી પરંતુ મજકૂર કેસ માટે ફરીથી વિચારણા કરવા બાબતની મજકૂર કૉલેજના પ્રિન્સિપલ મારફતે આવેલી અરજી.

(નોંધ:- વિદ્યાર્થીએ માંદગીનું પ્રમાણપત્ર રજૂ કરેલું છે. હાજરી નીચે મુજબ છે:

સત્ર	ભરવી જોઇતી હાજરી	ભરેલી હાજરી	ખૂટતી હાજરી
પહેલું	૬૫	૫૨	૧૩
બીજું	૬૫	૪૪	૨
		કુલ ખૂટતી હાજરી...	૩૪

અરજીમાં પ્રિન્સિપલ જણાવે છે કે મજકૂર વિદ્યાર્થીએ એસ.એસસી. માં ૭૦ ટકા ગુણ મેળવ્યા હતા અને ફ્રેકચર થવાને લીધે તે સત્રો ભરી શકયો નહતો. એનું ફર્સ્ટ ઇયર સાયન્સનું પરિણામ પણ ઘણું સારૂં આવે છે (જે જાહેર કર્યું નથી) એકવર્ડ કલાસનો હોંશિયાર વિદ્યાર્થી છે અને તેથી આ બાબત સહાનુભુતિપૂર્વક વિચારવા પ્રિન્સિપલે વિનંતી કરેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. એ. બી. નાયકની ખૂટતી હાજરી તેમના વિશિષ્ટ સંજોગો ધ્યાનમાં લઈને ખાસ અપવાદ તરીકે માફ કરવી.

૧૦૭. ફિઝિકલ રિસર્ચ લૅબોરેટરી, અમદાવાદના શ્રી. હરજિતસિંહ અહલુવાલીઆની રૂપિયા ૧૦૦ ની રિસર્ચ સ્કોલરશિપ ૧૯૫૬–૫૭ ના વર્ષ માટે ચાલુ રાખવા બાબતનો મજકૂર લૅબોરેટરીના રજિસ્ટ્રાર તરફથી આવેલો પત્ર.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. હરજિતસિંહ અહલુવાલિઆની રૂા. ૧૦૦ ની રિસર્ચ સ્કોલરશિપ ૧૯૫૬–૫૭ના વર્ષ માટે ચાલુ રાખવી.

૧૦૮. સૌરાષ્ટ્ર કેન્દ્રમાંથી એસ.એસ.સી. ની પરીક્ષા પસાર કરનાર અને આ યુનિવર્સિટીની કોઇપણ કૉલેજમાં જોડાનાર વિદ્યાર્થીઓ પૈકીમાં જેના વધારેમાં વધારે ગુણ હોય તેને ડૉ. આર. કે યાજ્ઞિક સ્કોલરશિપ અપાય છે તો તે માટે ડિપ્લોમા અને ડીગ્રી કોર્સ બન્ને માટે દાખલ થતા વિદ્યાર્થીઓને ગણવા કે એકલા ડીગ્રી કોર્સ માટે ગણવા એ બાબત નિયમોમાં સ્પષ્ટતા નથી તો તે અંગે નિર્ણય લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ડૉ. આર. કે. યાજ્ઞિક સ્કોલરશિપ માટે ડીગ્રી કોર્સમાં દાખલ થનાર વિદ્યાર્થીઓનેજ ગણવા.

૧૧૨. યુનિવર્સિટી સ્કુલ ઑફ ગુજરાતી લેન્ગ્વેજ એન્ડ લિટરેચરના અધ્યક્ષ શ્રી. ઉમાશંકરનો પ્રોબેશન સમય તા. ૨૧-૬-૧૯૫૬ ના રોજ પુરો થતો હોવાથી તેઓને તે તારીખથી તે જગ્યાએ કાયમ કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. ઉમાશંકર જોષીને ગુજરાતી ભાષા સાહિત્યભવનના અધ્યક્ષ તરીકે કાયમ કરવા.

૧૧૩. યુનિવર્સિટી સ્કુલ ઑફ સોશિયલ સાયન્સીઝના સ્ટેનોગ્રાફર શ્રી. પી. જે. જ્યોર્જનો પ્રોબેશન સમય તા. ૧-૬-૫૬ ના રોજ પુરો થતો હોવાથી તેમને તે તારીખથી તે જગ્યાએ કાયમ કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. પી. જે. જ્યોર્જને યુનિવર્સિટી સ્કુલ ઑફ સોશિયલ સાયન્સીઝના સ્ટેનોગ્રાફર તરીકે કાયમ કરવા.

૧૧૯. બાલાભાઇ દામોદરદાસ કૉલેજ, અમદાવાદ ફર્સ્ટ ઇયર આર્ટ્સમાં ભૂગોળનો મરજિયાત વિષય શીખવશે એમ જણાવતો મજકૂર કૉલેજના પ્રિન્સિપલનો પત્ર.

(નોંધ:– સિન્ડિકેટે કેટલીક કૉલેજોના ભૂગોળના વિષયના લેકચરર અંગે આવેલા પત્રો અંગે ઠરાવ્યું હતું કે ઇતિહાસના લેકચરર આ વિષય શીખવી શકશે. આ કૉલેજના મુંબઇ સરકારના નોટિફિકેશનમાં ફર્સ્ટ ઇયર અથવા ઇન્ટર આર્ટ્સના એક પણ વિષય જણાવ્યો નથી. વળી ફર્સ્ટ ઇયર તથા ઇન્ટરના વિષયો માટે યુનિવર્સિટીએ રેગ્યુલેટ કરવું. એમ આ અગાઉ મુંબઇ સરકારનો પત્ર આવેલો હતો.)

આથી ઠરાવવામાં આવે છે કે બાલાભાઇ દામોદરદાસ આર્ટ્સ કૉલેજને ફર્સ્ટ ઇયર આર્ટ્સમાં ભૂગોળનો વિષય મરજિયાત વિષય તરીકે શીખવવાની પરવાનગી આપવી.

૧૨૧. સૌરાષ્ટ્ર સરકાર તરફથી જામનગર ખાતે જૂન ૧૯૫૬ થી શરૂ કરાયેલી શ્રી. ડી. કે. વી. આર્ટ્સ અને સાયન્સ કૉલેજના જોડાણ અંગેની સેનેટે મૂકેલી શરતોનું યથાર્થ પાલન કરવા ડાયરેક્ટર ઑફ એજ્યુકેશનને ફરીથી લખતાં તેમના તરફથી આવેલો જવાબ.

(નોંધ:—લેકચરર ઇન લૉજીક, મેજર રિલિજીઅન્સ ઑફ ધી વર્લ્ડ અને સાયકૉલૉજી અંગે પુરેપુરી માહિતી નથી. હિસ્ટ્રીના વિષયમાં લાયક માણસને નીમ્યા નથી. બાયોલૉજીમાં પ્રોફેસર તરીકે નીમાયેલા શ્રી. આર. એન. દવેના અનુભવ અંગે માહિતિ મંગાવવામાં આવી છે. લેકચરર ઇન મેથેમેટિકસ અંગે અધૂરી માહિતી હોવાથી તે મંગાવી છે. કામચલાઉ ફિઝિકલ ઇન્સ્ટ્રકટર નીમ્યા છે. એ જગ્યા માટે જાહેરાત આપી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. ડી. કે. વી. આર્ટ્સ અને સાયન્સ કૉલેજના જોડાણ અંગે સેનેટે મૂકેલી શરતોનું યથાર્થ પાલન કરવા માટે સૌરાષ્ટ્ર સરકારના ડાયરેકટર ઑફ એજ્યુકેશનને જણાવવું અને ઉમેરવું કે વિદ્યાર્થીઓનાં એડમિશન માટેની જવાબદારી યુનિવર્સિટીને શિર રહેશે નહિ.

૧૨૨. સૌરાષ્ટ્ર સરકાર તરફથી સુરેન્દ્રનગર ખાતે જૂન ૧૯૫૬ થી શરૂ કરાયેલી એમ. પી. શાહ આર્ટ્સ અને સાયન્સ કૉલેજના જોડાણ અંગે સેનેટે મૂકેલી શરતોનું યથાર્થ પાલન કરવા ડાયરેક્ટર ઑફ એજ્યુકેશનને ફરીથી લખતાં તેમના તરફથી આવેલો જવાબ.

(નોંધ:—વર્લ્ડ હિસ્ટ્રી, ઇન્ડિયન એડમિનિસ્ટ્રેશન, એલિમેન્ટરી ઇકોનોમિકસ અને સિવિકસ માટે નીમાયેલા લેકચરર યુનિવર્સિટીએ નક્કી કરેલી લાયકાત ધરાવતા ન હોવાથી તેમની જગ્યાએ બીજી નિમણુંક તાત્કાલિક કરવા લખ્યું છે. ફિઝિકલ ઇન્સ્ટ્રકટરની હજી સુધી નિમણુંક કરવામાં આવી નથી.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. મેઘજીભાઇ પેથરાજ ઇન્ટરમિડિએટ આર્ટ્સ અને સાયન્સ કૉલેજ, સુરેન્દ્રનગરના જોડાણ અંગે સેનેટે મૂકેલી શરતોનું યથાર્થ પાલન કરવા માટે સૌરાષ્ટ્ર સરકારના ડાયરેકટર ઑફ એજ્યુકેશનને જણાવવું અને ઉમેરવું કે વિદ્યાર્થીઓનાં એડમિશન માટેની જવાબદારી યુનિવર્સિટીને શિરે રહેશે નહિ.

૧૨૪. યુનિવર્સિટી ઑફિસમાં નોકરી કરતા નોકરીયાતોનું જે યુનિયન રચાયું છે તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર બાબત દફ્તરે કરવી.

૧૨૫. ૧૯૫૬ના પ્રથમ છ માસ દરમ્યાન લેવાયેલી પરીક્ષાઓમાં નીચેના વિષયો માટે પરીક્ષકોની નિમણૂંકો થયેલી નહોતી તેથી તે વિષયો માટે તે સામે જણાવેલા ગૃહસ્થોની પરીક્ષકો તરીકે નિમણૂંક કર્યાના શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવા બાબત.

	પરીક્ષા	વિષય	નામ
૧.	એમ. એ.	પુરાણુશાસ્ત્ર	૧. શ્રી. એ. ડી પુસાલકર ૨. શ્રી. એમ. આર. કર્ણીક
૨.	એમ. એ.	જ્યોતિષ શાસ્ત્ર	૧. શ્રી. એચ. પી. ભટ ૨. શ્રી. કે. વી. અભ્યંકર
૩.	બી. ઈ.	ઈલેકટ્રીકલ પાવર જનરેશન વિ.	૧. શ્રી. એમ. એ. દાતે
	મિકે. ઇલે. જૂનો કોર્સ		૨. શ્રી. પી. ટી. કુલકર્ણી
૪.	,,	હાયડ્રોલીકસ	૧. શ્રી. વી. જે. જાની ૨. શ્રી. એમ. ડબલ્યુ લાલચંદાની
૫.	એમ. ઈ સિવિલ	ઍન્જિનીયરીંગ જીઓલૉજી	૧. શ્રી. આર. બી. ગુપ્તે ૨. શ્રી. આર. ડી. ગોડબોલે.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપકુલપતિશ્રીના કાર્યને બહાલી આપવી.

૧૨૬. ૧૯૫૬ના પ્રથમ છ માસ દરમ્યાન લેવાયેલા પરીક્ષાઓ માટે નીમાયેલા પરીક્ષકો પૈકીની જે જગા ખાલી પડી છે તે જગાએ બીજી નિમણૂકો કર્યાના શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપકુલપતિશ્રીના કાર્યને બહાલી આપવી.

૧૨૭. ૧૯૫૬ના પ્રથમ છ માસ દરમ્યાન લેવાયેલી પરીક્ષાઓ માટે નીમાયેલા સિનિયર સુપરવાઇઝરો પૈકી જે જગા ખાલી પડી તે જગાએ બીજી નિમણૂકો કર્યાના શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપકુલપતિશ્રીના કાર્યને બહાલી આપવી.

૧૨૮. ૧૯૫૬ના પ્રથમ છ માસ દરમ્યાન લેવાયેલી પરીક્ષાઓ પૈકી નીચેની પરીક્ષાઓ માટે સિનિયર સુપરવાઇઝરોની નિમણૂક થયેલી નહોતી તેથી તે પરીક્ષાઓ માટે તે સામે

જણાવેલા ગૃહસ્થોની સિનિયર સુપરવાઇઝરો તરીકે નિમણૂક કર્યાના શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવા બાબત.

	પરીક્ષા	સેન્ટર	તારીખ અને દિવસો	નામ
૧.	એલ.એલ.એમ.	અમદાવાદ	તા. ૬-૫-૫૬ થી ૯-૫-૫૬ ૩ દિવસો	૧. શ્રી. એમ. એસ. પંડિત ૨. શ્રી. ડી. પી. ઠાકર
૨.	એમ.એડ.	અમદાવાદ	તા. ૪-૬-૫૬ થી ૭-૬-૫૬ ૨ આખા દિવસો	૧. શ્રી. આર. એસ. ત્રિવેદી ૨. શ્રી. વી. એસ. વણીકર
૩.	એમ.એસસી. એગ્રિ.	આણંદ	તા. ૪-૬-૫૬ થી ૫-૬-૫૬ ૧ આખો દિવસ	૧. પ્રિ. એમ. ડી. પટેલ

આથી ઠરાવવામાં આવે છે કે ઉપકુલપતિશ્રીના કાર્યને બહાલી આપવી.

૧૨૯. રામાનંદ કૉલેજના પ્રોફેસર શ્રી. એમ. જે. પારેખને રાજકારણ પોલિટિકસના પ્રોફેસર તરીકે માન્ય કરી જો કૉલેજ ઇકોનોમિકસના પ્રોફેસરની નિમણૂક કરે તો તેઓને પોલિટિકસ તેમજ ઇકોનોમિકસ એમ બંને સ્પેશ્યલ વિષયો તરીકે બી.એ. માં શીખવવા પરવાનગી આપવા બાબતના મજકૂર કૉલેજના પ્રિન્સિપલના પત્ર ઉપરથી તે સિન્ડિકેટની મંજૂરીની અપેક્ષાએ મંજૂર કર્યાના શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપકુલપતિશ્રીના કાર્યને બહાલી આપવી.

૧૩૦. એલ. ડી. આર્ટ્સ કૉલેજ અને એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યુટ, અમદાવાદના વિદ્યાર્થી શ્રી. એસ. સી. દેસાઇનો એમ.એસસી. ડીગ્રી માટેનો મહાનિબંધ રેફરીઝે સ્વીકાર્યો હોવાથી તેમને તે ડીગ્રીમાં પાસ થયેલા જાહેર કરવા શ્રી. વાઇસ-ચાન્સેલરે શ્રી. રજિસ્ટ્રારને આપેલા પરવાનગીને બહાલી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપકુલપતિશ્રીના કાર્યને બહાલી આપવી.

૧૩૧. શ્રી. વલ્લભરામ વૈદ્ય જામનગર આયુર્વેદિક કૉલેજમાં પ્રિન્સિપલ તરીકે નીમાયા હોવાથી મજકૂર કૉલેજની સ્થાનિક તપાસ સમિતિમાં તેઓની જગ્યાએ સિન્ડિકેટની મંજૂરીની અપેક્ષાએ શ્રી. વાસુદેવ મૂળશંકર દ્વિવેદીને નીમ્યા બાબતના શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપકુલપતિશ્રીના કાર્યને બહાલી આપવી.

૧૩૨. સ્ટાફના નીચે જણાવેલા સભ્યોને તેઓના નામ સામે જણાવેલ કારણોસર તેમના પ્રોવિડંટ ફંડના ફાળામાંથી લોન આપવા બાબતની અરજીઓ ઉપરથી સિન્ડિકેટની મંજૂરીની અપેક્ષાએ મંજૂર કર્યાના ઉપકુલપતિશ્રીના કાર્યને બહાલી આપવા બાબત.

	નામ	હોદ્દો	રકમ	કારણોસર
૧.	શ્રી. ખેચર ચેલાજી પટાવાળા		રૂા. ૫૦–૦–૦	માતુશ્રીની તબિયત સારી ન હોવાથી દવાનો ખર્ચ વધી જવાથી.
૨.	શ્રી. ખેમાભાઇ હીરજીભાઇ રંગપુરી.	,,	રૂા. ૨૦–૦–૦	પુત્રીની બિમારી અંગે પેટન્ટ દવાઓ તેમજ ડૉકટરનું બીલ ચૂકવવા માટે.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપકુલપતિશ્રીના કાર્યને બહાલી આપવી.

૧૩૩. એલ. એમ. કૉલેજ ઑફ ફાર્મસીને ડિપ્લોમા ઇન ફાર્મસીના અભ્યાસક્રમ માટે કાયમનું જોડાણ આપવા બાબતની અરજી અંગે સિન્ડિકેટે નીમેલો સ્થાનિક તપાસ સમિતિના સભ્યો પૈકી ડૉ. એચ. આર. નાનજીએ કામ કરવા અશક્તિ બતાવી હોવાથી તેમની જગ્યાએ બીજા કોઇ સભ્યની નિમણૂક કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર બાબત માટે શ્રી. એસ. રંગાસ્વામી અને ડૉ. કે. એન. રેડની સ્થાનિક તપાસ સમિતિ નીમવી.

(નોંધઃ– ડૉ. એચ. આર. નાનજી ઉપરાંત તપાસ સમિતિના બીજા સભ્ય ડૉ. પી. એસ. રામચંદ્રનને આ સમિતિ પર કામ કરવા પોતાની અશક્તિ દર્શાવેલી.)

૧૩૪. બી. એમ. શાહ ઇન્ટરમિડિએટ આર્ટ્સ કૉલેજ, ભાવનગરના જોડાણ અંગે સેનેટે મૂકેલી શરતોનું પુરેપુરી રીતે પાલન કરવા ડાયરેકટર ઑફ એજ્યુકેશનને સિન્ડિકેટના ઠરાવ અનુસાર લખતાં તેમના તરફથી આવેલો જવાબ.

(નોંધઃ– વર્લ્ડ હિસ્ટરીને માટે લાયક માણસ નીમ્યો છે પરંતુ નામ મોકલ્યું નથી તો તે નામ લખી મોકલવા લખ્યું છે. ઇન્ડિયન એડમિનિસ્ટ્રેશન, એલિમેન્ટરી ઇકોનોમિકસ અને સિવિકસ માટેના લેકચરરની નિમણૂક કરી નથી. કરવા લખ્યું છે.)

આથી ઠરાવવામાં આવે છે કે બી. એમ. શાહ ઇન્ટરમિડિએટ આર્ટ્સ કૉલેજ, ભાવનગરના જોડાણ અંગે સેનેટે મૂકેલી શરતોનું યથાર્થ પાલન કરવા માટે સૌરાષ્ટ્ર સરકારના ડાયરેકટર ઑફ એજ્યુકેશનને જણાવવું અને ઉમેરવું કે વિદ્યાર્થીઓનાં એડમિશન માટેની જવાબદારી યુનિવર્સિટીને શિર રહેશે નહિ.

૧૩૫. ફાઇનલ એમ.બી.,બી એસ. ની માર્ચ–એપ્રિલમાં લેવાતી પરીક્ષામાં પ્રથમ ટ્રાયલેજ પસાર થતા વિદ્યાર્થીઓમાંથી સર્જરીના વિષયમાં સૌથી વધારે ગુણ લાવી પસાર થનાર વિદ્યાર્થીને સુવર્ણચંદ્રક આપવા માટે રૂા. ૫,૦૦૦ની સંખાવત યુનિવર્સિટીએ સ્વીકારવા બાબતનો ડૉ. મોતીભાઇ ડી. પટેલનો પત્ર.

(નોંધઃ– ૧૯૫૬ના માર્ચ–એપ્રિલમાં લેવાયેલી પરીક્ષા માટે રૂા. ૧૫૦ અલગ આપશે એમ પત્રમાં જણાવ્યું છે.)

આથી ઠરાવવામાં આવે છે કે ડૉ. મોતીભાઇ ડી. પટેલની રૂા. ૫,૦૦૦ ની સખાવત સાભાર સ્વીકારવી.

(પત્રની નકલ આ સાથે પરિશિષ્ટ "ઘ" તરીકે સામેલ છે.)

૧૩૬. ઍા. ૧૨૯ પ્રમાણેની ૧૯૫૬ના ઑકટોબર-નવેમ્બરમાં લેવાનારી નીચે મુજબની પરીક્ષાઓ શરૂ કરવાની તારીખો એસ.એસસી. ની પરીક્ષાની તારીખો (જે તારીખ ૧૫મી ઑકટોબરથી શરૂ થાય છે તે) તથા ફિવાણીની રજાઓ વિગેરે ધ્યાનમાં લઇ નીચે મુજબ સૂચવ્યા પ્રમાણે મુકરર કરવા બાબત.

	પરીક્ષા	ઍા. ૧૨૯ મુજબ	સૂચવેલી તારીખ
૧.	બી.એસસી. સપ્લીડીયરી	૧—૧૦—૫૬	૫—૧૦—૫૬
૨.	પી.એચડી. ફ્રાન્સ્લેશન	૮—૧૦—૫૬	૫—૧૦—૫૬
૩.	બી.ઇ.	૭૯—૧૦—૫૬	૫—૧૧—૫૬
૪.	એમ.ઇ. ઇલે. મશીન ડિઝાઇન	૧૯—૧૧—૫૬	
૫.	એમ.એસસી.	૧૯—૧૧—૫૬	૧૯—૧૧—૫૬
૬.	લૉ પ્રીલીમીનેરી	૮—૧૦—૫૬	૮—૧૦—૫૬
૭.	ફસ્ર્ટ એલ.એલ.બી.	૮—૧૦—૫૬	
૮.	સેકન્ડ એલ.એલ.બી.	૮—૧૦—૫૬	
૯.	બી.ફાર્મ	૮—૧૦—૫૬	
૧૦.	ફસ્ર્ટ એમ.બી.બી.એસ.	૧૨—૧૦—૫૬	૧૫—૧૦—૫૬
૧૧.	સેકન્ડ એમ.બી.બી.એસ.	૧૨—૧૦—૫૬	
૧૨.	થર્ડ એમ.બી.બી.એસ.	૧૨—૧૦—૫૬	
૧૩.	એમ.ડી. પાર્ટ-૧ ઑા. ૨	૧—૧૦—૫૬	
૧૪.	એમ.એસ. પાર્ટ-૧ ઑા. ૨	૧—૧૦—૫૬	
૧૫.	બી.એસસી. મેડિકલ	૧—૧૦—૫૬	
૧૬.	એમ.એસસી. મેડિકલ	૧—૧૦—૫૬	
૧૭.	બી. કૉમ.	૨૨—૧૦—૫૬	૮—૧૦—૫૬

(નોંધ:—ઇન્ટર આર્ટ્સ, સાયન્સ અને કૉમર્સની પરીક્ષાઓ ૧૯૫૬ના ઑકટોબરમાં લેવાનું ઠરાવવામાં આવે તો તે તા. ૮—૧૦—૫૬ ના રોજ શરૂ કરવાનું તથા તે પરીક્ષાઓ માત્ર અમદાવાદ, સુરત, તથા રાજકોટ એમ ત્રણ સેન્ટરોએ લેવાનું રાખવા સૂચન છે.)

આથી ઠરાવવામાં આવે છે કે ૧૯૫૬ ના ઑકટોબર-નવેમ્બરમાં લેવામાં આવનાર પરીક્ષાઓની તારીખો અંગે કાર્યાલયે કરેલી સૂચના સ્વીકારવી તથા ઇન્ટર આર્ટ્સ, ઇન્ટર સાયન્સ અને ઇન્ટર કૉમર્સની વધારાની પરીક્ષાઓ તા. ૮-૧૦-૫૬ થી શરૂ કરવી અને તે માટે અમદાવાદ, સૂરત તથા રાજકોટ કેન્દ્રો નિયત કરવાં. ઉપરાંત એફ.એસસી. (એગ્રિકલ્ચર)ની વધારાની પરીક્ષા પણ તા. ૮મી ઑકટોબર શરૂ કરવી અને તે માટે આણંદ કેન્દ્ર નિયત કરવું.

૧૩૭. એન.સી.સી યુનિટ્સની ૧૯૫૬-૫૭ના વર્ષની ગ્રાન્ટ આપવા બાબતના સિનિયર ડિવિઝન એડવાઇઝરી કમિટીના કેપ્ટન તરફથી આવેલો પત્ર.

(નોંધ:- ૧૯૫૬-૫૭ના અંદાજપત્રમાં રૂા. ૩૦૦૦ નું આ માટે પ્રોવીઝન છે.)

આથી ઠરાવવામાં આવે છે કે એન.સી.સી. યુનિટ્સને ૧૯૫૬-૫૭ ના વર્ષ માટે ગ્રાન્ટ આપવા બાબત સિનિયર ડિવિઝન એડવાઇઝરી કમિટીના કેપ્ટનની વિનંતી માન્ય કરવી.

૧૩૮. ઑફિસમાં કબાટો ખસેડતાં પટાવાળા ગણપતરામ જોષીનું જમણા હાથનું હાડકું ખસી જવાથી તેઓ તા. ૨૧-૬-૫૬ થી તા. ૨૯-૬-૫૬ સુધી ફરજ પર આવી શકયા નહતા તેમની માત્ર આઠજ રજા સિલકમાં છે તો એક દિવસની રજા તરીકે ગણવી તે નક્કી કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે પટાવાળા શ્રી. ગણપતરામ જોષીને એક દિવસની ચાલુ પગારે રજા આપવી.

૧૪૧. ૧૯૫૬ ના માર્ચ-એપ્રિલમાં લેવાયેલી પરીક્ષાઓમાં જે વિદ્યાર્થીઓએ ગેર-વ્યાજબી ઇલાજો (Unfair-means) લીધેલા તેમના કેસો બાબત વિચારણા કરવા માટે મળેલી કમિટીની મિટીંગમાં જેમની સામે કાંઈ પણ પગલાં ન લેવા બાબત નિર્ણય લેવાયો છે તેવા વિદ્યાર્થીઓનાં પરિણામ સિન્ડિકેટની મંજૂરીની અપેક્ષાએ જાહેર કરવા હૂકમ કર્યા બાબતના શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપકુલપતિશ્રીના કાર્યને બહાલી આપવી.

૧૪૨. પિતાશ્રીની માંદગી અંગે થયેલા ખર્ચના નાણાં આપવાનાં હોવાથી પોતાના પ્રોવીડંટ ફંડની રકમમાંથી રૂપિયા ૧૨૫ ની લોન આપવા બાબતની પટાવાળા ગોવિંદસીંગ જીવાજી પરમારની અરજી ઉપરથી તે મંજૂર કર્યાના શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપકુલપતિશ્રીના કાર્યને બહાલી આપવી.

આ તબકકે સમયના અભાવે બાકીનાં કામકાજ હાથ ધરી શકાયાં ન હતાં અને તેની વિચારણા મુલતવી રાખવામાં આવી હતી.

કં. ચં. પરીખ
રજિસ્ટ્રાર.

પરિશિષ્ટ "ક"

કોમકોજ નં. ૯

O. 70. A student migrating from the jurisdiction of another University or Statutory Examining Body excepting the Universities in the State of Bombay and seeking admission to this University shall apply to the Registrar of this University for a certificate of Eligibility and shall at the same time pay a fee of Rs. 20/-. Such fee shall not be returned if an Eligibility Cerificate is issued to the applicant. But if no such certificate can be issued by the University for any * reason, one half of the said fee shall be retained by the University and the other half shall be refunded. No student from the jurisdiction of another University or Statutory Examining Body excepting the Universities in the State of Bombay shall be admitted to any Institution maintained by or affiliated to the University, except on production of a certificate of Eligibility, signed by the Registrar of this University, in the following form :-

FORM OF CERTIFICATE OF ELIGIBILITY

"Certified that _____ having passed the Matriculation or School Leaving Certificate Examination of the _____ University/Board or having passed the _____ Examination of _____ University/Board in the year 195— after completing the prescribed courses of instruction at _____ College which is a College maintained by or affiliated to that University/Board, is eligible for admission to the _____ Class in this University".

---

* Failure to obtain a seat in a College or inability of the applicant to nontinue studies for whatever reason will not be deemed a sufficient reason to claim a refund.

The certificate fee is refundable only in the case of such applicants as are found not-eligible to a particular Class for want of the prescribed percentage of marks, omission to pass in the required subject, etc.

Admissions to Colleges are under the control of their Principals and the grant of an Eligibility Certificate by the University does not necessarily confer on the candidates the right to be admitted to a particular College. The certificate fee will not be refunded in the event of the student failing to obtain admission to a College in this University.

§ Provided, however, that the Registrar may issue a provisional Certificate of Eligibility if he is satisfied that the applicant is prima facie eligible for admission to this University, at the candidate's own risk and on condition that he obtains a final certificate of eligibility before the close of the academic term in which the student is provisionally admitted to the University.

"Provided, further, that if the Syndicate is satisfied that the delay, on the part of a student in applying for an Eligibility Certificate was not due to any fault of his own, it may when granting the Eligibility Certificate direct that it shall have retrospective effect from the date on which the student began to attend the institution to which he applied for admission so that the days on which he registered attendance before the issue of the final Eligibility Certificate can be taken into account for the purposes of Ordinances 78 and 79".

DRAFT ORDINANCE

O. 70. A. A student migrating from the jurisdiction of any University in the State of Bombay and seeking admission to this University shall produce three copies of Transference Certificate from the Principal of the College last attended.

A copy of such Transference Certificate shall be sent to the Registrar of the University from which the student is migrating and the remaining two copies of Transference Certificate shall be sent with the Eligibility fee of Rs. 2/- to the Principal of the College which the student intends to join. The Principal shall remit the said fee to the University Registrar immediately and forward therewith one of the two copies of the Transference Certificate submitted by the student.

If the student is found ineligible for admission, the Registrar will report the matter to the Principal of the College concerned for cancellation within a month of the receipt of the Transference Certificate in the University Office. The Principal thereupon shall take necessary steps for cancellation of the admission and intimate it to the Registrar.

---

§ A provisional certificate to join a college will be issued only on payment of the prescribed fee of Rs. 20/- and on production of documentary evidence such as a certificate of passing the Examination issued either by the Head of the Institution or the Registrar of the University, or the Secretary of H. & I. Education Board or a newspaper cutting wherein the names of successful candidates are published. When numbers only are published the Hall Ticket or Admission card must also be produced. The statement of Marks will also be accepted, Students passing the first year examination of the Bombay or Baroda Universities will have to produce S.S.C, Certificate also.

N.B.–Uptil now a fee of Rs. 2/– was charged to the students migrating from the Bombay, Baroda, Karnatak and Poona Universities for Eligibility Certificate and Rs. 20/– was charged from the students migrating from S.N.D.T. Women's University.

O. 70 B. The Transference Certificate as required by O. 70 A. shall be in the following form :

(1) Examination passed by the student previously together with the name of the University.

(2) Remarks by the Principal regarding the students' character.

(3) Number of days attended at the College which the student has left. (This information shall be shown separately in each of the terms during which he attended the college after passing his last University Examination.)

O. 70-C. Notwithstanding any thing contained in the O. 70-A, the University Office shall continue to issue Provisional Eligibility Certificate on application in the prescribed form and on payment of prescribed fees, to a student desiring to Migrate to this University on production of Markstatement or Passing Certificates and the Principal shall consider such a student eligible for admission to his College in the absence of Transference Certificate. The student after being admitted to the College on the basis of Provisional Eligibility Certificate shall be required to produce the Transference Certificate from the College last attended within a fortnight of his admission as required in the Ordinance, 70-A whereupon his admission will be confirmed.

O. 72. Notwithstanding anything contained in O. 70 students migrating from the University within the State of Bombay to this University shall be required to pay a fee of Rs. 2/– (Two only.)

O. 88 A. A student migrating from this University outside the State of Bombay will be issued a Migrating Certificate on applying on a prescribed form through the principal of the College last attended on paying a fee of Rs. 5/– which will in no case be refunded if the Migration Certificate applied for is issued in favour of the student concerned.

O. 88-B. A student migrating from this University to a College affiliated to the University within the State of Bombay will be issued two copies of the Transference Certificate by the Principal of the College last attended on payment of Rs. 5/–. The third copy thereof shall be sent to this office direct mentioning thereon the name of the University to which the student migrates along with the said fee of Rs. 5/–.

Note:– The fees mentioned in O. 88-B above shall be in addition to the fee if any chargeable by the Principal under O. 88.

(17) Transference Certificate.

(Under Section 30 (ix))

O. 84. No student shall at any time be admitted to another College unless he produces from the principal of the College he leaves :-

I a Certificate (called Transference Certificate) showing,

(a) the number of days attended at the College, which the student has left, in all the terms during which he attended the College, after passing his last University Examination;

(b) the number of College Examination he did and did not attend, with the result of each Examination, since the last University Examination that he passed;

(c) * that he has written exercises in English composition in class to the satisfaction of his teacher;

(d) that he has no books in his possession belonging to the College he has left;

(e) that nothing is owing by him for the College dues;

(f) that he bears a good moral character;

(g) his date of birth as entered in the college register;

(h) * the voluntary subject or group of subjects in which he has attended courses of instruction at the College;

(i) * his Honours or General Group if he is a student of the B.A. Class, or his Principal and subsidiary subjects, if he is a student of the B.Sc. Class.

II* In case of a First Year Science student his laboratory journal certified by the Head of the College he is leaving, as the record of work actually done by the student.

Notwithstanding anything contained above, a student who prosecutes study for one post-graduate and one under-graduate courses simul taneously in two different institutions, other than the original institution or College he leaves, shall produce a Transference Certificate in original to the institution or College he joins first and a copy attested by the Principal of the College or the Head of the Institutions he so joins, to the other.

---

* To be struck out where it is not applicable.

N.B.-This Ordinance shall apply to the students migrating from one college or institution to another within the Gujarat University Area as also the students of this University migrating to a Univetsity outside the State of Bombay.

પરિશિષ્ટ "ખ"

કામકાજ નં. ૫૧

Lallubhai Gordhandas Mehta Charitable Trust, Ahmedabad.

C/o C. Doctor & Co. Ltd.,
Khokhara Mehmedabad,
Ahmedabad-8.

Ahmedabad, 16th June 1955

Shri H. V. Divatia,
Vice-Chancellor, Gujarat University,
Ellis Bridge,
Ahmedabad-6.

Dear Sir,

I propose to donate a sum of Rs. 10,000/-/- for instituting the "Sheth Chinubhai Lallubhai Mehta Gold Medal for M.A, students", the medal to be awarded to an M.A. student of the Gujarat University who stands first in the subject for which the medal is intended for that particular year.

I am, therefore, enclosing a cheque for Rs. 10,000/- on the Central Bank of India Limited, receipt of which please acknowledge.

This Medal is to be given in the name of the late Shri Chinubhai Lallubhai, and in subjects at the M.A. examination by rotation as fixed by the Syndicate.

Any further details that may have to be settled, in this connection, we shall discuss when we meet.

Yours faithfully,
Sd/- **Vadilal Lallubhai**
Trustee.

પરિશિષ્ટ "ગ"

કામકાજ નં ૬૯

Confidential:

A meeting of the Committee appointed by the Syndicate to consider the cases of the candidates who have resorted to unfair means at the examinations held during the first half of the year 1956 was held in the University Office on Wednesday the 27th June, 1956 at 4-30 p.m. when the following members were present:

1. Shri Vice-Chancellor — Present
2. Shri Batubhai H. Desai — Present
3. Prin. R. P. Patel — Present
4. Shri Himatlal P. Shukla — Present

All the papers were placed before the Committee.

The Committee, after having carefully gone through all the papers of each such candidate and after considering their cases reports as under:

Candidate's No.	Examination:	Report:
104	Inter Arts	Debarred from appearing at the next two examinations.
1015	-do-	-do-
1069	-do-	Debarred from appearing at the next examination.
1130	-do-	-do-
2427	-do-	Declare as failed at this examination. No further punishment be given.
2569	-do-	Debarred from appearing at the next examination.
2611	-do-	-do-
2785	-do-	-do-
174	B.A.	Debarred upto 30-6-58
462	-do-	Kept pending for the next meeting
463	-do-	-do-
414	-do-	-do-
1228	-do-	Debarred upto 30-6-58

Candidate's No.	Examination :	Redort :
389	Inter Science	Debarred from appearing at the next examination.
517	-do-	Debarred from appearing at the next examination.
551	-do-	-do-
1122	-do-	-do-
1145	-do-	-do-
1303	-do-	-do-
500 } 507 }	B.Sc. } B.Sc. }	Benefit of doubt be given to both the candidates and their results be declared.
946	B.Sc.	Declare as failed at this examination. No additional punishment be given,
1013	B.Sc.	Debarred from appearing at the Examinations upto 30-6-1958.
1434	B.Sc.	Declare as failed at this examination. No additioual punishment be given.
263	F.E.	Debarred upto 30-6-57.
264	F.E.	No action and his result be declared as it is. He may be allowed to claim exemptions, if any.
242	S.E.	Declare his result.
290	S.E.	-do-
292	S.E.	Debarred upto 30-6.57
519	1st LL.B.	Debarred upto 31-12-1956
972	Int.Com.	Declared as failed this year.
975	Int.Com.	No punishment und his result be declared.
116	B.Com.	Debarred from appearing at the examinations upto 31-12-1956.

Abmedabad-9.
Dated : 10/7/56.

પરિશિષ્ટ "ઘ"

કામકાજ નં. ૧૩૫

Dr. Motibhai D. Patel,
"Motiganga"
Ambawadi, Ellis Bridge,
Ahmedabad–6.

Dt. 9th July 1956.

To

The Registrar
The Gujarat University,
Ahmedabad–9.

Sir,

I propose to donate a sum of Rs. 5,000/- for the purpose of awarding a gold medal to a candidate who gets the highest number of marks in Surgery in the Final M.B.B.S. Examination provided the candidate has passed the Final M.B.B.S. Examination in March or April of the year and further provided that he has passed it at the first trial i.e. at regular examination. I also desire to pay an additional sum of Rs. 150/– so as to enable the University to award a medal to a candidate who satisfies the conditions laid down above in the year 1956.

On hearing from you I shall arrange to remit the required sum and the name, etc.

Thanking you,

Yours faithfully,
Sd/- M. D. Patel

સિન્ડિકેટ ચાળીસમી
૪-૯-૧૯૫૬

આનગી:

ગુજરાત યુનિવર્સિટી



ગુજરાત યુનિવર્સિટીની સિન્ડિકેટની ચાળીસમી સામાન્ય સભા, ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં, શનિવાર તા. ૪-૯-૧૯૫૬ ના રોજ બપોરના ૧૨-૩૦ કલાકે મળી હતી, તે વખતે સભાસદોની હાજરી નીચે પ્રમાણે હતી:

૧.	શ્રી. હરસિદ્ધભાઇ વ. દિવેટિયા, વાઇસ-ચાન્સેલર	હાજર,
૨.	શ્રી. એસ. એસ. ભાંડારકર, ડાયરેકટર ઑફ એજ્યુકેશન, મુંબઇ	ગેરહાજર,
૩.	ડૉ. મોતીભાઇ ડી. પટેલ	હાજર,
૪.	શ્રી. બદુભાઇ હ. દેસાઇ	હાજર,
૫.	ડૉ. ભાસ્કર આર. પટેલ	ગેરહાજર,
૬.	શ્રી. મગનભાઇ પ્ર. દેસાઇ	હાજર,
૭.	શ્રી. નવનીતલાલ એસ. શેાધન	હાજર,
૮.	ડૉ. નાનુભાઈ આર. દેસાઇ	હાજર,

૯.	શ્રી. હિંમતલાલ પી. શુકલ	હાજર,
૧૦.	શ્રી. સાંકળચંદ મ. શાહ	હાજર,
૧૧.	પ્રિન્સિપલ ડૉ. કે. જી. નાયક	હાજર,
૧૨.	પ્રિન્સિપલ એ. કે. ત્રિવેદી	ગેરહાજર,
૧૩.	પ્રિન્સિપલ ડૉ. આર. પી. પટેલ	હાજર,
૧૪.	પ્રોફેસર બી. આર. શેનોય	હાજર,
૧૫.	પ્રિન્સિપલ ડૉ. એમ. ડી. પટેલ	હાજર,
૧૬.	પ્રિન્સિપલ જી. એસ. ફ્રેસાઇ	ગેરહાજર.

૧. તા. ૧૪-૭-૫૬ ના રોજ મળેલી સિન્ડિકેટની ખાસ સભાના કામકાજની નોંધને બહાલી આપવા બાબત.

સિન્ડિકેટની ખાસ સભાની કામકાજની નોંધમાં બાબત નં. ૮૮ માં institutions શબ્દ પછી "are eligible and" શબ્દો અને "lectures" શબ્દ પછી "and practicals, if any" એટલા શબ્દો ઑર્ડિનન્સ નં. ૬૫ ની નોંધમાં ઉમેરીને સભાગૃહે નોંધ મંજૂર કરી તથા તે પર ઉપકુલપતિશ્રીએ સહી કરી.

૨. શ્રેયસ ઇન્ટરમિડિયેટ આર્ટ્સ અને સાયન્સ કૉલેજ, અમદાવાદનું ઇન્ટરમિડિયેટ આર્ટ્સ અને સાયન્સ સુધીના અભ્યાસક્રમો માટેનું જોડાણ ચાલુ રાખવા બાબતની શ્રેયસના સેક્રેટરી તરફથી આવેલી અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે પ્રિન્સિપલ કે. આર. દીક્ષિત તથા પ્રિન્સિપલ કે. એલ. ફ્રેસાઈની બનેલી સ્થાનિક તપાસસમિતિ નીમવી.

૩. સેકન્ડ એલ.એલ.બી. સુધીના અભ્યાસક્રમો માટે કાયમનું જોડાણ આપવા બાબતની સાર્વજનિક લૉ કૉલેજ, સુરતના પ્રિન્સિપલ તરફથી આવેલી અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. એચ. પી. શુકલ અને પ્રોફેસર એમ. એમ. પંડિતની બનેલી સ્થાનિક તપાસસમિતિ નીમવી.

૪. સામળદાસ કૉલેજ, ભાવનગરને બી.એસસી. (પ્રિન્સિપલ) બૉટની તથા ફિઝિકસના અભ્યાસક્રમો માટે કાયમનું જોડાણ આપવા બાબતની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે ડૉ. વાય. જી. નાયક અને શ્રી. જે. ડી. ઓઝાની બનેલી સ્થાનિક તપાસસમિતિ નીમવી.

૫. એલ. ડી. આર્ટ્સ કૉલેજ અને એમ જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદને બી.એસસી. (પ્રિન્સિપલ) બૉટનીના અભ્યાસક્રમ માટે કાયમનું જોડાણ આપવા બાબતની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. આર. એન. સુતરીયા અને ડૉ. એચ. ડી. નોરન્હાની બનેલી સ્થાનિક તપાસસમિતિ નીમવી.

૬. શ્રી. બી. એમ. શાહ ઇન્ટરમિડિયેટ આર્ટ્સ કૉલેજ, ભાવનગરનું ઇન્ટરમિડિયેટ આર્ટ્સ સુધીના અભ્યાસક્રમો માટેનું જોડાણ ચાલુ રાખવા બાબતની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર કૉલેજને જોડાણ હજી આપી શકાયું નથી, એટલે જોડાણ ચાલુ રાખવાની અરજી પરત્વે વિચારણા થઇ શકે નહિ.

વધુમાં ઠરાવવામાં આવે છે કે મજકૂર કૉલેજના જોડાણ અંગેની શરતોનું યથાર્થ પાલન કરવા માટે જણાવવું તથા વધુમાં ઉમેરવું કે જોડાણ વિનાની કૉલેજોમાં દાખલ કરવામાં આવેલા વિદ્યાર્થીઓના સત્ર માટે યુનિવર્સિટી જવાબદાર ગણાશે નહિ.

૭. જે. ઍન્ડ જે. કૉલેજ ઑફ સાયન્સ અને સી. બી. પટેલ આર્ટ્સ ઇન્સ્ટિટ્યુટ, નડિયાદને બી એસસી. (પ્રિન્સિપલ બૉટની, ફિઝિકસ અને મેથેમેટિકસ (સબ્સિડિયરી) માટે કાયમનું જોડાણ આપવા બાબતની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે પ્રોફેસર જે. ડી. ઓઝા તથા ડૉ. પી. સી. વૈદ્યની બનેલી સ્થાનિક તપાસસમિતિ નીમવી.

૮. એ. એમ. પારેખ લૉ કૉલેજ, રાજકોટનું એલ.એલ.બી. ના અભ્યાસક્રમો માટેનું જોડ.ણ ચાલુ રાખવા બાબતની અરજી

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. બદુભાઇ હ. દેસાઈ અને પ્રોફેસર એમ. એસ. પંડિતની બનેલાં સ્થાનિક તપાસસમિતિ નીમવી.

૯. સર્વોદય કેળવણી મંડળ સંચાલિત ઇન્ટરમિડિયેટ આર્ટ્સ કૉલેજ, અમદાવાદનું ઇન્ટર આર્ટ્સ સુધીના અભ્યાસક્રમો માટેનું જોડાણ ચાલુ રાખવા બાબત અને બી.એ. (સ્પેશ્યલ અને જનરલ) માટે કેટલાક વિષયોમાં વધારાનું જોડાણ આપવા બાબતની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. રસિકલાલ સી. પરીખ અને શ્રી. મગનભાઇ પ્ર. દેસાઇની બનેલી સ્થાનિક તપાસસમિતિ નીમવી.

૧૦. પેટલાદ કૉલેજનું ઇન્ટર આર્ટ્સ અને બી.એસસી. કેમિસ્ટ્રી (પ્રિન્સિપલ અને સબ્સિડિયરી), ફિઝિકસ (સબ્સિડિયરી), બૉટની (સબ્સિડિયરી) ના અભ્યાસક્રમો માટેનું જોડાણ ચાલુ રાખવા તથા બી.એ. (સ્પેશ્યલ) ઇન ઇંગ્લીશ અને બી.એ. (જનરલ) ઇન

સંસ્કૃત, ગુજરાતી, સાયકોલૉજી, મોરલ અને સોશિયલ ફિલોસોફી, ઇકોનોમિક્સ, કેમિસ્ટ્રી, ફિઝિક્સ, બૉટની અને ઝૂલૉજીના અભ્યાસક્રમો માટે વધારાનું જોડાણ આપવા બાબતની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. એસ. એમ. શાહ, પ્રિન્સિપલ ડૉ. આર. ડી. દેસાઇ અને પ્રોફેસર સી. એમ. પટેલની બનેલી સ્થાનિક તપાસસમિતિ નીમવી.

૧૧. સેન્ટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદનું ફર્સ્ટ પ્રયર સાયન્સ અને ઇન્ટર સાયન્સના અભ્યાસક્રમો માટેનું જોડાણ ચાલુ રાખવા બાબતની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે ડૉ. વાય. જી. નાયક અને ડૉ. એ. એમ. ત્રિવેદીની બનેલી સ્થાનિક તપાસસમિતિ નીમવી.

૧૨. શ્રી. જયેન્દ્રપુરી આર્ટ્સ અને સાયન્સ કૉલેજ, ભરૂચને બી.એ. (જનરલ) ઇન સાયકોલૉજીનું વધારાનું જોડાણ તા. ૨૦-૬-૫૬ થી આપવા બાબતની સેક્રેટરી, શ્રી સદ્ વિદ્યામંડળ, ભરૂચ તરફથી આવેલી અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે પ્રિન્સિપલ અ. ક. ત્રિવેદીની બનેલી સ્થાનિક તપાસ સમિતિ નીમવી.

૧૩. સર એલ. એ. શાહ લૉ કૉલેજ, અમદાવાદના આર્ટ્સ સેકશનનું બી એ. (સ્પેશ્યલ અને જનરલ) ના કેટલાક વિષયોના અભ્યાસક્રમો માટેનું જોડાણ ચાલુ રાખવા બાબતની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. રસિકલાલ સી. પરીખ અને શ્રી. મગનભાઇ પ્ર. દેસાઇની બનેલી સ્થાનિક તપાસસમિતિ નીમવી.

૧૪. આર. આર. લાલન કૉલેજ, ભૂજનું બી એ. (જનરલ) સાયકૉલૉજીનું તેમજ બી.એસસી. (પ્રિન્સિપલ) કેમિસ્ટ્રી અને (સબ્સિડિયરી) ફિઝિક્સ અને બૉટનીના અભ્યાસક્રમો માટેનું જોડાણ ચાલુ રાખવા બાબતની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર કૉલેજનું ઇન્ટર આર્ટ્સ, સાયન્સ તથા બી.એ. ના અભ્યાસક્રમો માટેનું જોડાણ ચાલુ રાખવા માટે સેનેટે મૂકેલી શરતોનું યથાર્થ પાલન કરવા જણાવવું તથા તે કૉલેજની જોડાણ અંગેની અરજી પર વિચારણા કરવાનું હાલ મોકૂફ રાખવું.

૧૫. પ્રકાશ ટ્રસ્ટ, અમદાવાદ તરફથી જુન ૧૯૫૭ થી શરૂ કરાનારા પ્રકાશ ગર્લ્સ કૉલેજને ઇન્ટરમિડિયેટ આર્ટ્સ સુધીના અભ્યાસક્રમો માટે જોડાણ આપવા બાબતની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. મગનભાઇ પ્ર. દેસાઈ અને પ્રિન્સિપલ એલ. આર. દેસાઇની બનેલી સ્થાનિક તપાસસમિતિ નીમવી.

૧૬. ગુજરાત લૉ સોસાયટી તરફથી અમદાવાદ શહેરમાં લૉના અભ્યાસક્રમો માટે જુન ૧૯૫૭ થી એક વર્ષ જુદુ સેક્શન કાઢવા અથવા તો નવી લૉ કૉલેજ કાઢવા વિચાર છે તો તેને માટે જોડાણ આપવા બાબતની મજકૂર સોસાયટીના માનદ મંત્રી તરફથી આવેલી અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. એચ. પી. શુકલ અને શ્રી. સી. ડી. વ્યાસની બનેલી સ્થાનિક તપાસસમિતિ નીમવી.

૧૭. આર. આર. લાલન કૉલેજ, ભૂજને ટી. ડી. ના અભ્યાસક્રમો માટે જોડાણ આપવા બાબતની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર કૉલેજનું ઇન્ટર આર્ટ્સ, સાયન્સ તથા બી.એ. ના અભ્યાસક્રમો માટેનું જોડાણ ચાલુ રાખવા માટે સેનેટે મૂકેલી શરતોનું યથાર્થ પાલન કરવા જણાવવું તથા તે કૉલેજની જોડાણ અંગેની અરજી પર વિચારણા કરવાનું હાલ મોકૂફ રાખવું.

૧૮. દરબાર ગોપાળદાસ મહાવિદ્યાલયને બી.એ. જનરલમાં એન્શ્યન્ટ ઇન્ડિયન કલ્ચરનું વધારાનું જોડાણ આપવા બાબતની શ્રી. વિદ્યામંડળ, અલિયાબાડાના મંત્રી તરફથી આવેલી અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબત માટે સ્થાનિક તપાસસમિતિ નીમવાની સિન્ડિકેટને જરૂર જણાતી નથી.

૧૯. નૂતન કેળવણી મંડળ, વલસાડ તરફથી જુન ૧૯૫૭ થી શરૂ કરાનાર કૉલેજને ફર્સ્ટ ઇયર આર્ટ્સ અને ઇન્ટર આર્ટ્સ સુધીના અભ્યાસક્રમોનું જોડાણ આપવા બાબતની મજકૂર મંડળના માનદ મંત્રી તરફથી આવેલી અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે પ્રિન્સિપલ કે. એલ. દેસાઇ અને પ્રોફેસર સી. એમ. દેસાઈની બનેલી સ્થાનિક તપાસસમિતિ નીમવી.

૨૦. શ્રી. મેઘજીભાઈ પેથરાજ ઇન્ટરમિડિયેટ આર્ટ્સ અને સાયન્સ કૉલેજ સુરેન્દ્રનગરને બી.એ. (જનરલ તથા સ્પેશ્યલ) અને બી.એસસી. (પ્રિન્સિપલ તથા સબ્સિડિયરી)ના અભ્યાસક્રમોનું કેટલાક વિષયોમાં વધારાનું જોડાણ આપવા બાબતની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર કૉલેજને જોડાણ હજી આપી શકાયું નથી, એટલે જોડાણ ચાલુ રાખવાની અરજી પરત્વે વિચારણા થઇ શકે નહિ.

વધુમાં ઠરાવવામાં આવે છે કે મજકૂર કૉલેજના જોડાણ અંગેની શરતોનું યથાર્થ પાલન કરવા માટે જણાવવું તથા વધુમાં ઉમેરવું કે જોડાણ વિનાની કૉલેજમાં દાખલ કરવામાં આવેલા વિદ્યાર્થીઓના સત્ર માટે યુનિવર્સિટી જવાબદાર ગણાશે નહિ.

૨૧. શ્રી. એમ. પી. શાહ મેડિકલ કૉલેજ, જામનગરનું ફર્સ્ટ એમ.બી.,બી એસ. ના અભ્યાસક્રમ માટેનું જોડાણ ચાલુ રાખવા તથા સેકન્ડ અને ફાઇનલ એમ.બી.,બી.એસ.ના અભ્યાસક્રમો માટેનું વધારાનું જોડાણ આપવા બાબતની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે ડૉ. મોતીભાઇ ડી. પટેલ અને ડૉ. નાનુભાઇ આર. દેસાઇની બનેલી સ્થાનિક તપાસસમિતિ નીમવી.

૨૨. નીચે મુજબની કૉલેજોની ત્રિવાર્ષિક તપાસ અંગે સમિતિઓ નીમવા બાબત.

૧. જે. ઍન્ડ જે. કૉલેજ ઑફ સાયન્સ અને સી. બી. પટેલ આર્ટ્સ ઇન્સ્ટિટ્યુટ, નડિયાદ — આર્ટ્સ વિભાગ

૨. એમ. જે. કૉલેજ ઑફ કૉમર્સ, ભાવનગર.

આથી ઠરાવવામાં આવે છે કે નીચે મુજબના સભ્યોની બનેલી ત્રિવાર્ષિક તપાસ સમિતિઓ નીમવી:

જે. ઍન્ડ જે કૉલેજ ઑફ સાયન્સ અને સી. બી. પટેલ આર્ટ્સ ઇન્સ્ટિટ્યુટ, નડિયાદ.	૧. શ્રી. આર. સી. પરીખ ૨. પ્રોફેસર જે. ડી. ઓઝા ૩. પ્રોફેસર પી. સી. વૈદ્ય
એમ. જે. કૉલેજ ઑફ કૉમર્સ, ભાવનગર.	૧. પ્રિન્સિપલ એસ. વી. દેસાઇ ૨. પ્રિન્સિપલ આર. કે. અમીન

૨૩. બી.એ. જનરલ અને સ્પેશ્યલના અભ્યાસક્રમો માટે જોડાણ આપવા બાબતની મહિલા વિદ્યાલય, પોરબંદરની અરજી અંગે સેનેટે નક્કી કરેલી શરતોનું પાલન કર્યા બાબતના મજકૂર કૉલેજના પ્રિન્સિપલ તરફથી આવેલા પત્રો.

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર કૉલેજને બી.એ. જનરલ અને સ્પેશ્યલના અભ્યાસ-ક્રમો માટે જોડાણ આપવા મુંબઈ સરકારને ભલામણ કરવી.

૨૪. આર. આર. લાલન કૉલેજ, ભૂજનું ઇન્ટર આર્ટ્સ, સાયન્સ તથા બી.એ.ના અભ્યાસક્રમો માટેનું જોડાણ ચાલુ રાખવા બાબતની અરજી અંગે સેનેટે મૂકેલી શરતોનું પાલન કર્યા બાબતના મજકૂર કૉલેજના પ્રિન્સિપલ તરફથી આવેલા પત્રો.

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર કૉલેજનું ઇન્ટર આર્ટ્સ, સાયન્સ તથા બી.એ. ના અભ્યાસક્રમો માટેનું જોડાણ ચાલુ રાખવા માટે સેનેટે મૂકેલી શરતોનું યથાર્થ પાલન કરવા જણાવવું તથા તે કૉલેજની જોડાણ અંગેની અરજી પર વિચારણા કરવાનું હાલ મોકૂફ રાખવું.

૨૫. ફિઝિકલ રિસર્ચ લેબોરેટરીની એમ.એસસી. અને પી.એચડી.માં ફિઝિક્સ માટે અનુસ્નાતક સંસ્થા તરીકે માન્યતા આપી છે તેમાં યુનિવર્સિટીના એક પ્રતિનિધિ મજકૂર

લેબોરેટરીની કાઉન્સિલ ઑફ મેનેજમેન્ટમાં લેવા બાબતની સિન્ડિકેટે શરત મૂકેલી છે તે અંગે ફરી વિચારણા કરવા બાબતના મજકૂર સંસ્થાના ડાયરેક્ટર તરફથી આવેલો પત્ર.

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર સંસ્થામાં યુનિવર્સિટીના એક પ્રતિનિધિને તેની કાઉન્સિલ ઑફ મેનેજમેન્ટમાં લેવાની શરત પાછી ખેંચી લેવા.

૧૦૮ આવતા સપ્ટેમ્બર તથા ઑક્ટોબર તથા નવેમ્બર માસના પહેલા અઠવાડિયા સિવાય બાકીના દિવસોમાં શ્રી. વાઇસ-ચાન્સેલરને વર્કીંગ જર્નાલિસ્ટસ ચેજ બૉર્ડના કામ માટે જુદે જુદે સ્થળે ફરવાનું હોઇ યુનિવર્સિટી ટપાલ વગેરે તથા તાત્કાલિક કામનો નિકાલ કરવાની શી વ્યવસ્થા કરવી તેની વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ખાસ અગત્યની બાબતો પર સલાહ લેવા માટે શ્રી. વાઇસ-ચાન્સેલરનો તાર કે ટેલીફોનથી સંપર્ક સાધવો તથા બહુ તાકીદની બાબતો ન હોય તેવી બાબતો માટે ટપાલથી સંપર્ક સાધવો.

૧૫૩. આ પછી ઉપકુલપતિશ્રીએ એસિસ્ટન્ટ લાયબ્રેરિયન શ્રી. એ. આર. દેસાઇની વિરૂદ્ધ આવેલી ફરિયાદ તથા તેમનો ખુલાસો તથા શ્રી. લાયબ્રેરિયનની Comments સભાગૃહ સમક્ષ રજૂ કરી હતી અને આખા પ્રકરણની વિગતો સમજાવી હતી. તે પર લંબાણ ચર્ચા બાદ સિન્ડિકેટે નીચે પ્રમાણે ઠરાવ્યું:

આથી ઠરાવવામાં આવે છે કે એસિસ્ટન્ટ લાયબ્રેરિયન શ્રી. એ. આર. દેસાઇના કેસમાં ઉપકુલપતિશ્રીને જરૂરી લાગે તે તપાસ કર્યા પછી યોગ્ય પગલાં લેવા સત્તા આપવી.

૮૩. એલ. એમ. કૉલેજ ઑફ ફાર્મસીને એમ.ફાર્મ. માટે અનુસ્નાતક કેન્દ્ર તરીકે મંજૂર કર્યું છે તેને એમ.ફાર્મ. ના દરેક વિદ્યાર્થી દીઠ દર વર્ષે રૂા. ૫૦૦-૦-૦ ની આર્થિક મદદ, કેમિકલ્સ વિગેરે માટે આપવા બાબતનો મજકૂર કૉલેજના પ્રિન્સિપલ તરફથી આવેલો પત્ર.

આથી ઠરાવવામાં આવે છે કે એમ.ફાર્મ. ના વિદ્યાર્થીઓ માટે પ્રયોગશાળાના અર્થ માટે પ્રત્યેક વિદ્યાર્થી દીઠ રૂા. ૩૦૦ ની આર્થિક સહાય કેન્દ્રને આપવી.

બાબત નં. ૮૪ અને ૧૧૫ ની સાથે વિચારણા કરવામાં આવી હતી.

૮૪. એસ. બી. ગાર્ડા કૉલેજ, નવસારીને એમ.એ. માં હિસ્ટરી ગ્રુપ "બી" માટે કેન્દ્ર આપવા ફરીથી વિચારણા કરવા બાબતનો મજકૂર કૉલેજના પ્રિન્સિપલ તરફથી આવેલો પત્ર.

અને

૧૧૫. અનુસ્નાતક સંયોજન અંગેના બધા ઑર્ડિનન્સોમાં વપરાયેલ શબ્દ "subject"નો અર્થ (re-wording) કરવાની જરૂરિયાત અંગે એસ. બી. ગાર્ડા કૉલેજના પ્રિન્સિપલ તરફથી આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે એસ. બી. ગાર્ડા કૉલેજ, નવસારીને હિસ્ટરી ગ્રુપ "બી" માટે કેન્દ્ર આપવું તથા વધુમાં ઠરાવવામાં આવે છે કે ગ્રપ અને વિષય એ શબ્દોની સંદિગ્ધતા દૂર કરવા માટે ઑર્ડિનન્સ ૬૫ પી ૪ (૨) ની નીચે નીચે પ્રમાણે નોંધ ઉમેરવી:

"Note.– In the case of centres for different Groups in History, one recognised postgraduate teacher and one assistant to a recognised postgraduate teacher shall together constitute the necessary local staff, provided that in each of the Groups there is at least one recognised postgraduate teacher or one assistant to a recognised postgraduate teacher."

૮૫. ડી.એસસી. ની ડીગ્રી માટે એમ. ટી. બી. કૉલેજના ડૉ. સી. એમ. દેસાઇએ રજૂ કરેલા મહાનિબંધ માટે સિન્ડિકેટે નીમેલા રેફરીઝને કેટલું મહેનતાણું આપવું તે નક્કી કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ડી.એસસી. ની ડિગ્રી માટે રજૂ કરવામાં આવતા મહાનિબંધ માટે રેફરીને રૂા. ૨૦૦ નું મહેનતાણું આપવું.

૧૦૪. અનુસ્નાતક શિક્ષણ અંગેની સૂચનાઓમાં જણાવ્યા પ્રમાણે જુદા જુદા વિષયોના અનુસ્નાતક વિદ્યાર્થીઓની ફી જે તે પ્રોફેસર-ઇન-ચાર્જે ભેગી કરી મોકલવાની હોય છે તેને બદલે અમદાવાદની કૉલેજો માટે આ કામ યુનિવર્સિટી ઑફિસમાં અથવા તો ગમે તે એક અનુસ્નાતક શિક્ષણ સ્થળે એક કારકુનની નિમણૂક કરીને કરાવવા બાબતનો પ્રિન્સિપલ આર. ડી. દેસાઇનો પત્ર.

આથી ઠરાવવામાં આવે છે કે પ્રિન્સિપલ ડૉ. આર. ડી. દેસાઇની વિનંતી માન્ય કરવી નહિ.

૧૦૭. ધર્મેન્દ્રસિંહજી કૉલેજ, રાજકોટને એમ.એ. માં ફિલસૂફીના વિષય માટેનું અનુસ્નાતક શિક્ષણ કેન્દ્ર રાખવા અંગે મજકૂર કૉલેજના જુનિયર એમ.એ. ના ફિલસૂફીના વિષયના ૨૫ વિદ્યાર્થીઓ તરફથી આવેલી અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે ધર્મેન્દ્રસિંહજી કૉલેજ, રાજકોટમાં ફિલોસોફીનું અનુસ્નાતક કેન્દ્ર આપવાની માગણી સ્વીકારવી નહિ.

૧૧૧. યુનિવર્સિટી સમાજ વિદ્યાભવનમાં પી.એચડી. માટે રજીસ્ટર્ડ થયેલા શ્રી. એસ. આર. મિશ્ર એક વર્ષ કામ કર્યા પછી સરકારી નોકરીએ જોડાયા હોવાથી તેમને આપેલી ૧૯૫૫-૫૬ ની યુનિવર્સિટી રિસર્ચ સ્કૉલરશિપ અંગે શું કરવું તે નક્કી કરવા બાબત.

(નોંધ:- આ સ્કૉલરશિપ માસિક રૂા. ૧૦૦ ની હોય છે અને સામાન્ય રીતે શિક્ષકની ભલામણથી બીજા વર્ષ માટે પણ ચાલુ રહે છે. આવી સ્કૉલરશિપ મેળવતો વિદ્યાર્થી અધવચ્ચે અભ્યાસ છોડી જાય તો તેણે લીધેલી સ્કૉલરશિપની રકમ અંગે રિફંડનો કે એવો કોઇ પ્રબંધ નથી)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. એસ. આર. મિશ્રને રિસર્ચ સ્કોલરશિપ રિફન્ડ કરવા જણાવવું

વધુમાં ઠરાવવામાં આવે છે કે હવેથી રિસર્ચ સ્કોલરશિપ આપતાં પહેલાં સ્કોલર પાસે જરૂરી કરાર કરાવવો.

૧૧૬. એમ એન કૉલેજ, વિસનગરને એમ.એ. માં હિસ્ટરી અને ઇકોનોમિક્સ અને એમ એસસી. માં કેમિસ્ટ્રી માટે અનુસ્નાતક કેન્દ્ર રાખવા અંગે મજકૂર કૉલેજના પ્રિન્સિપલ તરફથી આવેલ અરજી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે એમ. એન. કૉલેજ, વિસનગરને હિસ્ટરી અને ઇકોનોમિક્સના ગ્રુપ્સ "એ" અને "સી" માટે અનુસ્નાતક શિક્ષણનું વધારાનું કેન્દ્ર ખોલવા ઑર્ડિનન્સ ૬૫-એસ. અન્વયે પરવાનગી આપવી. પરંતુ કેમિસ્ટ્રી અનુસ્નાતક શિક્ષણ કેન્દ્ર ખોલવા પરવાનગી આપવી નહિ.

૧૧૭. ડી. જી. મહાવિદ્યાલય, અલિયાબાડાને એમ એ. માં ગુજરાતી માટે અનુસ્નાતક કેન્દ્ર રાખવા અંગે મજકૂર કૉલેજના પ્રિન્સિપલ તરફથી આવેલી અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ડી. જી. મહાવિદ્યાલય, અલિયાબાડાને ગુજરાતીનું વધારાનું અનુસ્નાતક શિક્ષણકેન્દ્ર ખોલવા ઑ. ૬૫-એસ. અન્વયે પરવાનગી આપવી.

૧૧૮. શ્રી. શમાનંદ મહાવિદ્યાલય, અમદાવાદના પ્રોફેસર શ્રી. એમ. જી. પારેખને એમ.એ. માં હિસ્ટરી ગ્રુપ્સ "જી" અને "એચ" માટે માન્ય અનુસ્નાતક શિક્ષકના મદદનીશ તરીકે માન્ય કરવા બાબત મજકૂર કૉલેજના પ્રિન્સિપલ તરફથી આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. એમ. જી. પારેખને એમ.એ. માં હિસ્ટરી ગ્રુપ્સ "જી" અને "એચ" માટે માન્ય અનુસ્નાતક શિક્ષકના મદદનીશ તરીકે માન્ય કરવા.

૧૨૫. નીચેની બાબતો અંગે પુનર્વિચારણા કરવા અંગે ગુજરાત કૉલેજ, અમદાવાદના પ્રિન્સિપલ તરફથી આવેલો પત્ર.

૧. એમ.એ. અને એમ.એસસી. ના વિદ્યાર્થીઓ પાસેથી જૂના નિયમો પ્રમાણે ફી લીધેલી હોવાથી નવા નિયમો પ્રમાણે અમલ કરતાં મુશ્કેલી ઉભી થાય તેમ હોવાથી ઉપરોક્ત વિદ્યાર્થીઓની બાબતમાં જૂના નિયમો ચાલુ રાખવા.

૨. લૅબોરેટરી વર્ક માટેના ફીના દર પૂરતા ન હોવાથી બીજી સ્ટેટ યુનિવર્સિટીઓ અને બીજી અનુસ્નાતક સંસ્થાઓ જેટલા રાખવા.

૩. બે પ્રોફેસર-ઈન-ચાર્જ જેમાંના એક પ્રિન્સિપલ અથવા તેમના નોમિની હોય તેમના નામે હિસાબખાતુ ખોલવા.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરની નં. ૧ અને ૨ પ્રમાણેની માગણી સ્વીકારવી નહિ તથા નં. ૩ પ્રમાણેની માગણી સ્વીકારવી.

૧૨૯. અનુસ્નાતક શિક્ષણ યોજના મુજબ એમ.એ. માં મુખ્ય ભાષા સાથે જે ગૌણ ભાષા લેવાની છે તે માટે અત્યાર સુધી હેન્ડબુકના અનુસ્નાતક નિયમ નં. ૧૨ મુજબ હાજરી ફરજિયાત ન હતી અને તે મુજબ વિદ્યાર્થી ગમે ત્યારે પોતાની ગૌણ ભાષા બદલી શકતો હતો. હવે ગૌણ ભાષા માટે ભાષણો ગોઠવવાની પરવાનગી આપી હોવાથી તેમાં હાજરી આપવાની ફરજિયાત કરવી કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત તથા કેન્દ્રે ગૌણ ભાષા શીખવવી ફરજિયાત છે કે કેમ તેની વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ગૌણ વિષય તરીકે લેવામાં આવેલી ભાષા પરનાં વ્યાખ્યાનોમાં હાજરી ફરજિયાત ગણવી તથા તે અંગે અનુસ્નાતક શિક્ષણના નિયમ નં. ૧૨ માં જરૂરી ફેરફાર કરવા જરૂરી પગલાં લેવાં.

૧૩૭. એમ.એસસી. બાયો-કેમિસ્ટ્રી માટે આસિસ્ટન્ટ અનુસ્નાતક શિક્ષક તરીકે માન્ય થયેલા બી. જે. મેડિકલ કૉલેજના લેક્ચરર શ્રી. આર. એમ. વૈદ્યને તેમના હાથ નીચે વિદ્યાર્થીઓ એનરોલ કરવા પરવાનગી આપવી કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે એમ.એસસી. બાયોકેમિસ્ટ્રી માટે અનુસ્નાતક શિક્ષકના મદદનીશ તરીકે માન્ય થયેલા બી. જે. મેડિકલ કૉલેજના લેકચરર શ્રી. આર. એમ. વૈદ્યને તેમના હાથ નીચે વિદ્યાર્થીઓ નોંધવા પરવાનગી આપવી નહિ.

૧૩૮. જુનિયર એમ.એ. માં હિસ્ટરી ગ્રુપ "એ" અને "બી" માં ગુજરાત કૉલેજ, અમદાવાદમાં અનુસ્નાતક વિદ્યાર્થી તરીકે રજિસ્ટર થયેલા શ્રી. બી એ. શાહને હવે વિષય બદલવાનો હોવાથી ભરેલી ફી પાછી માગે છે તો તે આપવી કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

(નોંધઃ-ભરેલી ફી પાછી આપવા માટે અનુસ્નાતક કેન્દ્રો માટે નિયમો નક્કી કર્યા નથી. પણ યુનિવર્સિટીના ડિપાર્ટમેન્ટોમાં આ અંગે નિયમો છે, તો આ નિયમો કેન્દ્રોને પણ લાગુ પાડવા કે કેમ તે પ્રશ્ન છે.)

આથી ઠરાવવામાં આવે છે કે ફીના "રિફંડ" સંબંધમાં યુનિવર્સિટીના ડિપાર્ટમેન્ટો માટે જે નિયમો સ્વીકારાયા છે તે જ નિયમો અનુસ્નાતક શિક્ષણના કેન્દ્રોને પણ લાગુ પાડવા.

૧૩૯. એમ.એસસી. અને પી.એચ.ડી ડીગ્રી રિસર્ચથી કરવા એલ. ડી. આર્ટ્સ કૉલેજ અને એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યુટ, અમદાવાદમાં રજિસ્ટર થયેલ વિદ્યાર્થીઓને

સ્ટીસ્ટુડન્ટશિપ અને સ્કોલરશિપ્સ આપવા અંગે મજકૂર કૉલેજના પ્રિન્સિપલ તરફથી આવેલ પત્ર.

આથી ઠરાવવામાં આવે છે કે રિસર્ચથી અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને માફી અગર શિષ્યવૃત્તિ આપવા બાબતના પ્રશ્નમાં વ્યક્તિગત કેસોની વિચારણા કરવી.

૧૪૮. પ્રોફેસર-ઇન-ચાર્જને રૂા. ૨૦૦ આપવાનું ઠરાવ્યા પછી તે પાછું ખેંચી લેવાના સિન્ડિકેટે કરેલા ઠરાવ ઉપર પુનર્વિચારણા કરવા બાબત ગાર્ડા કૉલેજના પ્રિન્સિપલ તરફથી આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે પ્રોફેસર-ઇન-ચાર્જના ઓનોરેરિયમને પાછું ખેંચવાનો ઠરાવ રદ કરવાની પ્રિન્સિપલ અ. ક. ત્રિવેદીની વિનંતી માન્ય કરવી નહિ.

૩૪. દરબાર ગોપાળદાસ મહાવિદ્યાલય, અલિયાબાડામાં બી.એ માં ઇકોનોમિક્સનો સ્પેશ્યલ વિષય શીખવવા કરેલી ગોઠવણને ચાલુ વર્ષ પૂરતી કામચલાઉ મંજૂર કરવા બાબતનો મજકૂર કૉલેજના પ્રિન્સિપલ તરફથી આવેલો પત્ર.

(નોંધ:-પ્રથમ આ બાબત પત્ર આવેલો અને સિન્ડિકેટે તે ગોઠવણ મંજૂર રાખી નથી. આ પત્ર ફરી વિચારણા માટેનો છે.)

આથી ઠરાવવામાં આવે છે કે કૉલેજે ઇકોનોમિક્સના પ્રોફેસરની નિમણૂક કરેલ હોવાથી કૉલેજને બી એ. (સ્પેશ્યલ અને જનરલ) ના અભ્યાસક્રમો માટે ચાલુ તથા વધારાનું જોડાણ આપવા મુંબઇ સરકારને ભલામણ કરવી.

૩૫. સિન્ડિકેટે સુધારેલા ઑર્ડિનન્સો ૧૭૪-સી., ૧૮૬ અને ૩૭૨-ઈ. ને સેનેટે રિફર બેક કર્યા છે તો તે ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ:-ઑ. ૧૭૪-સી. રિફર બેક કરવામાં રેગ્યુલર વિદ્યાર્થી તરીકે બેઠેલા વિદ્યાર્થીએ મેળવેલ એકઝમ્પશન એ વિદ્યાર્થી એકસ્ટર્નલ તરીકે બેસે તો પણ ચાલુ રહેવું જોઇએ એ ચર્ચાનો મુદ્દો હતો.

ઑ. ૧૮૬ રિફર બેક કરવામાં, સ્નાતક થતાં પહેલાં પણ કોઇ વિદ્યાર્થીએ ત્રણ વર્ષ શાળામાં નોકરી કરી હોય તો તે પણ ચાલી શકે એ ચર્ચાનો મુદ્દો હતો.

ઑ. ૩૭૨-ઈ. માં હિન્દીના વિષયનું પ્રોવિઝન ન હોવાથી રિફર બેક કરાયો છે.)

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબત ઍકેડેમિક કાઉન્સિલને વિચારણા માટે મોકલી આપવી.

૩૬. સિન્ડિકેટે નવા ઘડેલા ઑર્ડિનન્સો ૧૨૦-એ, ૧૨૦-બી. અને ૨૧૭-એ. ને સેનેટે રિફર બેક કર્યા છે તો તે ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધઃ- ઑ. ૧૨૦-એ અને ૧૨૦-બી પરની ચર્ચાનો મુદ્દો એ હતો કે આ બંને ઑર્ડિનન્સો એકબીજા સાથે સંકળાયેલા હોઇ તેનો અમલ પણ એક સાથેજ થવો જોઇએ તથા ઑ. ૧૨૦-બી. માં 'shall be progressively implemented" એ શબ્દોમાં રહેલી સંદિગ્ધતા પણ દૂર કરવી જોઇએ.

ઑ. ૨૧૭ એ માં "Applied Mechanics" એ શબ્દો ઉમેરવાના હોઇ ઑર્ડિનન્સ રિફર બેક કરાયો છે.)

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબત ઍકેડેમિક કાઉન્સિલને વિચારણા માટે મોકલી આપવી.

૩૭. સ્ટેટ્યૂટ ૯૯ માં નીચે મુજબના સુધારો કરવા બાબતનો સિન્ડિકેટનો ઠરાવ સેનેટે રિફર બેક કર્યો છે તે અંગે વિચારણા કરવા બાબત

"In S. 99, the subject of "Town Planning and Architecture" be added under a new heading (3 A) Joint Faculties of Arts including Education and Technology including Engineering."

(નોંધઃ- આ અંગે ફૅકલ્ટી ઑફ ટેકનોલૉજી ઇન્કલ્યૂડિંગ ઍન્જિનિયરીંગ, ફૅકલ્ટી ઑફ આર્ટ્સ ઇન્કલ્યૂડિંગ એજ્યુકેશન, ઍકેડેમિક કાઉન્સિલ તથા સિન્ડિકેટના ઠરાવો નીચે મુજબ છેઃ)

ફૅકલ્ટી ઑફ ટેકનોલૉજી ઇન્કલ્યૂડિંગ ઍન્જિનિયરીંગનો ઠરાવ

"Resolved that the Dean of the Faculty of Arts including Education be requested to transfer the subject of "Town Planning and Architecture" coming under the Fine Arts to the Faculty of Technology including Engineering."

ફૅકલ્ટી ઑફ આર્ટ્સ ઇન્કલ્યૂડિંગ એજ્યુકેશનનો ઠરાવ

'આથી ઠરાવવામાં આવે છે કે ટાઉન પ્લાનીંગ અને આર્કીટેકચરનો વિષય જોઇન્ટ ફૅકલ્ટીઝ ઑફ આર્ટસ ઇન્કલ્યૂડિંગ એજ્યુકેશન અને ટેકનોલૉજી ઇન્કલ્યૂડિંગ ઍન્જિનિયરીંગ હેઠળ મૂકવો અને તે મુજબ કરવા આ ફૅકલ્ટી ઍકેડેમિક કાઉન્સિલને ભલામણ કરે છે."

ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે ફૅકલ્ટી ઑફ આર્ટ્સ ઇન્કલ્યૂડિંગ એજ્યુકેશનની ભલામણ મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી."

સિન્ડિકેટનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ મંજૂર કરવો અને તે અંગે સ્ટેટ્યુટમાં જરૂરી ફેરફાર કરવા."

(નોંધઃ– આ સ્ટેટ્યુટ રિફર બૅક કરતાં ચર્ચાનો મુદ્દો એ હતો કે આ વિષય અભ્યાસ સમિતિને લગતો છે તેથી સ્ટે. ૧૦૮ માં સુધારો કરવાની જરૂર છે અને સ્ટે. ૯૯ માં આનુષંગિક સુધારો કરવાની જરૂર છે)

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબત ઍકેડેમિક કાઉન્સિલને વિચારણા માટે મોકલી આપવી.

૩૮. ગુજરાત યુનિવર્સિટી સાથે જોડાયેલી કૉલેજોમાં તથા માન્ય થયેલી સંસ્થાઓમાં નિમાતા શિક્ષકો માટેની ઓછામાં ઓછી લાયકાત અંગે સિન્ડિકેટે ઘડેલો સ્ટેટ્યૂટ ૧૩૫-એ. સેનેટે રિફર બૅક કર્યો છે તે ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધઃ– ચર્ચાનો મુદ્દો એ હતો કે બીજા સ્નાતકોની જેમ બી.ઇડી. ના પહેલા વર્ગના સ્નાતકોને પણ લેકચરર ની જગા માટે લાયક ગણવા જોઇએ.)

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબત ઍકેડેમિક કાઉન્સિલને વિચારણા માટે મોકલી આપવી.

૩૯. નીચે મુજબનો ડૉ. મ. ઘ. અવસારેનો ઠરાવ સેનેટે પસાર કર્યો હોવાથી તે અંગે વિચારણા કરવા બાબત.

"The Senate recommends to the Syndicate to lay down the following as the minimum scales and grades of pay for members of the staff of all affiliated colleges:

1.	Professors and Assistant Professors	350–25–600
2.	Lecturers and Assistant Lecturers	250–20–450
3.	Demonstrators & Tutors holding Master's degree.	150–10–250
4.	Demonstrators & Tutors holding Bachelor's degree.	100–10–150–E.B.–10–200

irrespective of the dearness allowance which should be compulsory according to Government scales."

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૪૦. નીચે મુજબનો શ્રી. જી. બી. ઓઝાનો ઠરાવ સેનેટે પસાર કર્યો હોવાથી તે અંગે વિચારણા કરવા બાબત.

ઠરાવ

"ગુજરાત યુનિવર્સિટી એરિયામાં આવેલી સરકાર માન્ય કોઇપણ માધ્યમિક શાળામાં ઓછામાં ઓછા ત્રણ વર્ષ સુધી શિક્ષણ કાર્ય કરનાર ગ્રેજ્યુએટ માધ્યમિક શિક્ષકને, ગુજરાત યુનિવર્સિટીની એમ.એ. ની પરીક્ષામાં ટર્મ્સ ભર્યા સિવાય, બેસવા દેવાની વ્યવસ્થા કરવા સેનેટની આ સભા સિન્ડિકેટને ભલામણ કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબત બૉર્ડ ઑફ યુનિવર્સિટી ટીચીંગને વિચારણા માટે મોકલી આપવી.

૪૨. તા. ૧૬મી અને ૧૭મી એપ્રિલે ઘણા પ્રશ્નપત્રો છાપવાના હોવાથી એમ.ડી. અને એમ.એસ. ના કેટલાક પ્રશ્નપત્રોના પ્રૂફો પોતાના કામ ઉપરાંત વાંચેલા તેથી તે અંગે ડૉ. એમ. ડી. જોસેફને વધારાનું મહેનતાણું આપવા બાબત.

(નોંધઃ– ડૉ. જોસેફ બી. જે. મેડિકલ કૉલેજમાં ત્રીજી એમ.બી.,બી.એસ. ના સિનિયર સુપરવાઇઝર તરીકે હતા. તેમના કામ ઉપરાંત તેમને એમ.ડી. અને એમ.એસ. ના કેટલાક પ્રશ્નપત્રોનાં પ્રૂફો ૬ રોજ રાત્રે બાર વાગ્યાથી વાંચવા પડેલાં.)

આથી ઠરાવવામાં આવે છે કે ડૉ. એ. ડી. જોસેફને બાસ કેસ તરીકે બન્ને દિવસોનું કુલ મહેનતાણું રૂા. ૬૦–૦–૦ આપવું.

૪૩. એફ.એસસી. (એગ્રિ.) અને ફર્સ્ટ યર ઇન આઇ.એસસી. (એગ્રિ.) ની પરીક્ષામાં ગુજરાતી તેમજ અંગ્રેજીમાં પ્રશ્નપત્રો છાપવામાં આવેલા તો ભાષાંતર કરવાના મહેનતાણાના દર નક્કી કરવા બાબત.

અને

૪૪. આવતા વર્ષે ગુજરાતીમાં જે જે પરીક્ષાઓમાં ગુજરાતી માધ્યમ અપનાવ્યું છે તેમાં તથા અંગ્રેજી અને હિન્દીમાં પણ પ્રશ્નપત્રો છાપવાના રહેશે તો તે અંગે ભાષાંતરના મહેનતાણાના દર નક્કી કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે પ્રશ્નપત્રોના ભાષાંતર માટે મૂળ પ્રતના મહેનતાણાનો એક તૃતીયાંશ ભાગ મહેનતાણા માટે આપવો.

૪૬. માર્ચ–એપ્રિલ ૧૯૫૬ ની પરીક્ષા દરમ્યાન જુદી જુદી બાબતો ચેકી પરીક્ષકોના મહેનતાણા અંગે નીચેના સૂચનો ઉપર વિચારણા કરવા બાબત.

૧. પ્રશ્નપત્ર કાઢનારને મિટીંગો માટેનું ટી.એ. મળે છે તેમ પરીક્ષકોને પણ બધી મિટીંગો માટે ટી.એ. તાત્કાલિક મળવું જોઇએ.

૨. બી.એસસી. માં પરીક્ષકોને હોલ્ટીંગ માટે પ્રબંધ કરવો જરૂરી છે. અને સ્કેલ ઘટાડવાથી અગાઉ મળતી રકમ કરતાં ઓછી રકમ મળે છે.

૩. પ્રેકટીકલ માટે જે દરો રાખ્યા છે (per candidate) તેમાં મૂલ્યાંકન માટેના દર ઘણા ઓછા છે. માટે તે actual આપવા એમ ઠરાવવું.

૪. એમ.ડી. ના જુદા જુદા પ્રેકટીકલોના વિદ્યાર્થી દીઠ દર ગણવા જોઇએ. નહિ કે બધાને એક જ ગણી તે પ્રેકટીકલના.

૫. મેડિકલમાં થિયરી અને પ્રેકટીકલની પરીક્ષામાં Convener common હોય પણ બીજા પરીક્ષકો જુદા જુદા હોય તો તેમને પણ કન્વીનર તરીકે મહેનતાણું મળવું જોઇએ.

૬. પરીક્ષકોને યુનિવર્સિટીએ પારસલો જયાં જયાં Home delivery ની પ્રથા હોય ત્યાં Home delivery મોકલવી.

૭. ઇન્ટરની પરીક્ષામાં જે દરા કરતાં વધારે પરીક્ષકો હોય તો ચેરમેનને તેના રેમ્યુનરેશનની રકમ વધારે આપવી.

૮. એમ.એસસી. માં ચેરમેનને રેમ્યુનરેશન થિયરી અને પ્રેકટીકલનું જુદું મળવું જોઇએ એવી માગણી છે.

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૪૭. નીચેની બાબતો ઉપર વિચારણા કરી નિર્ણય લેવા બાબત.

અ. સેનેટના કોઇપણ સભ્ય તરફથી રૂબરૂ અથવા ટેલીફોનથી કોઇપણ જાતની માગણી આવે તો તે સ્વીકારવી કે નહિ ?

બ. યુનિવર્સિટીના કયા કાગળો ખાનગી ગણવા અને કયા નહિ તે નક્કી કરવા બાબત.

ક. સિન્ડિકેટનો એજન્ડા સેનેટના સભ્યોને આપવો કે કેમ ? જો આપવો એમ નક્કી કરવામાં આવે તો સિન્ડિકેટની બેઠક મળવાની હોય તે પહેલાં એજન્ડા આપવો કે તે પછી ?

આથી ઠરાવવામાં આવે છે કે—

અ. અને બ. આ બાબત અંગે રજિસ્ટ્રારે નિર્ણય લેવો તથા તેમને જરૂર જણાય તો ઉપ-કુલપતિશ્રીની સલાહ લેવી.

ક. સિન્ડિકેટનો એજન્ડા સેનેટના સભ્યોને આપવાનું જરૂરી નથી.

૪૯. ગુજરાત યુનિવર્સિટીની બૉર્ડ ઑફ એક્સ્ટ્રા મ્યુરલ સ્ટડીઝની તા. ૧૫-૬-૫૬ના મળેલી બેઠકની નોંધને મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર નોંધને મંજૂર કરવી.

(નોંધ પરિશિષ્ટ "ક" તરીકે સામેલ છે.)

૫૦. વાઇસ-ચાન્સેલરનો બંગલો, રજિસ્ટ્રારનો બંગલો અને યુનિવર્સિટી સ્કૂલોનાં મકાનો માટે આર. સી. સી. સ્પેશ્યાલીસ્ટ તરીકે શ્રી. સબનીસની સેવાઓ લઇ તેમને આ અંગે ૧½ ટકા પ્રમાણેનું મહેનતાણું આપવા નક્કી કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. વાઇસ-ચાન્સેલર તથા રજિસ્ટ્રારના બંગલાઓ માટે તથા યુનિવર્સિટી સ્કૂલોનાં મકાનો માટે આર. સી. સી. સ્પેશિયાલિસ્ટ શ્રી. સબનિસની સેવાઓ માટે ૧½ ટકા પ્રમાણે મહેનતાણું આપવું.

૫૧. પરીક્ષકોને અપાતી સૂચનાઓની પુસ્તિકામાં ઈન્ટર સાયન્સ તથા બી.એસસી. ની પ્રેકટીકલ પરીક્ષાઓના પેપર કાઢવાના દરમાં જે પરીક્ષક દીઠ મહેનતાણું છે તેને બદલે વિષય દીઠ મહેનતાણું આપવા નક્કી કરવા બાબત અને તે પ્રમાણે પુસ્તિકામાં સુધારો કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૫૨. આપણા સ્ટેટ્યુટ નં. ૨૩ મુંબઇ યુનિવર્સિટીના સ્ટેટ્યુટ ૫ અને ૬ મુજબ સુધારવા વિચારણા કરવા બાબત.

સ્ટે. ૨૩ નીચે મુજબ છે :

S. 23: The Registrar shall give notice of the likely date of the meeting of the Senate six weeks before such date. A member of the Senate who intends to move a resolution or resolutions shall give notice thereof to the Registrar within 10 days of the date of the notice given by the Registrar."

મુંબઈ યુનિવર્સિટીના સ્ટે. ૫ અને ૬ નીચે મુજબ છે:

S. 5: No proposal, save as provided in S. 7, shall be entertained by the Senate that has not, in the first instance been considered by the Syndicate, or submitted for a period of at least 3 months for consideration by the Syndicate provided that when any proposal has been duly brought before the Senate, it shall be competent to the Senate to deal with all amendments or midifications thereof which it is otherwise competent to the Senate to entertain.

S. 6: A meeting of the Senate shall be convened on the requisition of at least twenty members to the Vice-Chancellor. Any proposal, other than a proposal on which the Syndicate are required to take the opinion of the Academic Council or any other statutory body, brought before the Senate at such meeting may be entertained by the Senate, provided that notice of the same has been given to the Syndicate, notwithstanding that it has not been considered by the Syndicate, or submitted for a period of at least three months for consideration by the Syndicate as contemplated by S. 5."

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૫૩. એન.સી.સી. ના દરેક યુનીટમાં ઉત્તમ કેડેટને કપ એનાયત કરવો એવું એન.સી.સી. ની સિનિયર ડિવિઝન એડવાઈઝરી કમિટીની બેઠકમાં ઠરાવ્યું છે અને તે પ્રમાણે યુનિવર્સિટી વિસ્તારમાં સાત યુનીટો છે તે મુજબ સાત કપ તૈયાર કરાવવા યુનિવર્સિટી તરફ લખાણ આવ્યું છે તો તે કરાવવા મંજૂરી આપવા બાબત.

(નોંધ:- રૂા. ૨૫ નો એક એમ સાત કપ તૈયાર કરાવવાના છે.)

આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટી વિસ્તારમાં એન.સી.સી. ના સાત યુનિટો માટે દરેક યુનિટના એક ઉત્તમ કેડેટને આપવા માટે રૂા. ૨૫ નો એક એવો સાત કપ તૈયાર કરાવવાની એન.સી.સી. ના સિનિયર ડિવિઝનની માગણી મંજૂર કરવી.

૫૪. શ્રી. આર. સી. માસ્ટરની લાયબ્રેરીના પુસ્તકો ગુજરાત યુનિવર્સિટીને ભેટ તરીકે આપવા શ્રી. માસ્ટરના મિત્ર શ્રી. પી. જે. પંડયા તરફથી આવેલ પત્ર અંગે સિન્ડિકેટે ઠરાવેલું કે શ્રી. માસ્ટરના વસિયતનામાની પ્રોબેટ મેળવવા અંગે ખર્ચ આપવો નહિ અને શ્રી. પી. જે. પંડયા પાસેથી વિગતો મેળવીને એ પુસ્તકો યોગ્ય હોય તો જ સ્વીકારવાં. પુસ્તકોની યાદી મંગાવતાં તે આવી છે અને તેમાંથી કેટલાંક પુસ્તકો આપણી લાયબ્રેરીમાં છે, પરંતુ મોટા ભાગનાં પુસ્તકો ઘણાં સારાં છે અને જો રૂા. ૨૦૦ ના ખર્ચમાં મળી શકે તેમ હોય તો લેવા જેવાં છે એવો લાયબ્રેરિયનનો અભિપ્રાય હોવાથી આ અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. આર. સી. માસ્ટરની લાયબ્રેરીનાં પુસ્તકો ગુજરાત યુનિવર્સિટીએ ભેટ તરીકે સ્વીકારવાં તથા તે માટે રૂા. ૨૦૦ સુધી વસિયતનામાનું પ્રોબેટ મેળવવા ખર્ચ કરવો.

૫૫. એનેટોમીનું પુસ્તક ગુજરાતીમાં લખવા માટે ડૉ. પી. એમ. મહેતા, મુંબઈને ચીફ એડિટર તરીકે નીમ્યા છે અને તેમણે ડૉ. કે. કે. ભટ્ટ તથા ડૉ. એચ. જે. મહેતાની મદદથી અને પ્રિન્સિપલ જી. વી. બર્વે તથા જામનગર મેડિકલ કૉલેજના એનેટોમીના પ્રોફેસરના સલાહ સૂચનો લઇ કામ કરવાનું છે તો સિન્ડિકેટે આ અંગે જે મહેનતાણું ઠરાવ્યું છે તેની વહેંચણી કેવી રીતે કરવી તે તથા કરારની શરતો નક્કી કરવા બાબત.

(નોંધ:- ૧૬ પેજી ક્રાઉન સાઇઝ પુસ્તક માટે પાના દીઠ રૂા. ૬ સનું મહેનતાણું સિન્ડિકેટે ઠરાવ્યું છે. મહેનતાણાનો પ્રશ્ન એનેટોમી સિવાય બીજાં પુસ્તકો અંગે પણ વિચારવાનો રહે છે.)

અને

૫૬. સિન્ડિકેટના ઠરાવ અનુસાર ડૉ. કે. કે. ભટ્ટ અને ડૉ. એચ. જે. મહેતાની મદદ વડે ગુજરાતીમાં એનેટોમી ઉપર પાઠ્યપુસ્તક લખવા માટે કામ કરવા ડૉ. પી એમ. મહેતાને ચીફ એડિટર તરીકે નીમ્યા છે. પરંતુ આ બાબતમાં ચીફ એડિટર નીમવા બાબતમાં પોઝીશન, ક્વોલીફીકેશન્સ અને એનેટોમીના શિક્ષણના ટ્રેન્ડઝમાં ફોરેન યુનિવર્સિટીઝ તેમજ ઇન્ડિયન યુનિવર્સિટીઝના અનુભવને ભુલી જવામાં આવ્યો છે તેથી પોતાના કરતાં ઓછી લાયકાતવાળા માણસ સાથે કામ કરવા અશક્ત છે તેમ જણાવતાં તેમજ આ બાબત ઉપર પુનર્વિચારણા કરવા માટે શ્રી. કે. કે. ભટ્ટ તરફથી આવેલ પત્ર.

(શ્રી. કે. કે. ભટ્ટ તેમના પત્રમાં જણાવે છે કે જ્યાં સુધી આ બાબતમાં પુનર્વિચારણા ન થાય ત્યાં સુધી પોતે આ કામ હાથમાં લઇ શકે તેમ નથી.)

બાબત નં. ૫૫ અને ૫૬ ની વિચારણા એક સાથે કરવામાં આવી હતી અને ચર્ચાને અંતે આ બાબત સિન્ડિટની હવે પછીની બેઠકમાં વિચારણા માટે મૂકવી એમ ઠરાવવામાં આવ્યું હતું.

૫૭. રિવાઇઝ્ડ થયેલા ઑ. ઇપ હેઠળ ૨૪મી ડિસેમ્બરથી ૪ થી જાન્યુઆરી સુધીનું મીડ ટર્મ વેકેશન કાઢી નાખવામાં આવ્યું છે તો હવે એન.સી.સી. એકમોને તેઓના વાર્ષિક તાલીમ શિબિર યોજવા માટે યુનિવર્સિટી કઇ જાતની ગોઠવણ કરવા ઇચ્છે છે તે જણાવવા બાબતનો વલ્લભવિદ્યાનગર, ૯મી બૉમ્બે બેટલીઅન એન.સી.સી. ના ચી કેપ્ટન કમાન્ડન્ટ તરફથી આવેલ પત્ર.

(નોંધ:- મજકૂર શિબિર ઉપર જણાવેલ રજાઓ દરમ્યાન યોજવામાં આવતો હતો, પરંતુ મીડ ટર્મ વેકેશન નીકળી જતાં આ પ્રશ્ન ઉપસ્થિત થયો છે.)

આથી ઠરાવવામાં આવે છે કે એન.સી.સી. એકમોના વાર્ષિક તાલીમ શિબિર માટે જે જે વિદ્યાર્થીઓએ ક્રેડટસ તરીકે હાજરી આપી હોય તેમને ફરજને કારણે ગેરહાજર (Absent on duty) ગણીને તેમની તેટલા દિવસની પૂરતી હાજરી પૂરવા માટે કૉલેજો તથા અન્ય સંસ્થાઓને જણાવવું.

૫૮. બૉર્ડ ઑફ સ્ટડીઝ ઇન એન્શ્યન્ટ ઇન્ડિયન કલ્ચર અથવા ઇસ્ટર્ન કલ્ચરની તથા હિસ્ટ્રી, આર્કિયોલૉજી, એપીગ્રાફી અને ન્યુમિસમેટીકસની બૉર્ડની સંયુક્ત બેઠકની નીચે મુજબની ભલામણો:

૧. આથી એન્શ્યન્ટ ઇન્ડિયન કલ્ચર અથવા ઇસ્ટર્ન કલ્ચર તથા હિસ્ટ્રી બૉર્ડની આ સંયુક્ત સભા સર્વાનુમતે ઠરાવે છે કે સુધારેલા રે. ૧૭ માં એન્શ્યન્ટ ઇન્ડિયન કલ્ચરનો

સ્પેશ્યલ ગ્રુપ તરીકેનો જે અભ્યાસક્રમ આપવામાં આવ્યો છે તેમાંથી ૧૯૫૭ની પરીક્ષાથી પ્રશ્નપત્ર નં. ૧ Cultural History of Ancient Indian from earliest time to 1000 A.D અને પ્રશ્નપત્ર નં. ૨ An Outline of the Cultural History of Gujarat upto 1300 A.D. આ બે પ્રશ્નપત્રો એન્શ્યન્ટ ઇન્ડિયન કલ્ચરના જનરલ અભ્યાસક્રમમાં મુકરર કરવાં જોઇએ અને તે પ્રમાણે રેગ્યુલેશન્સમાં ઘટતા સુધારા થવા જોઇએ.

૨. વધુમાં આ સભા ઍકેડેમિક કાઉન્સિલને ભલામણ કરે છે કે ઇતિહાસ ગ્રુપ "સી" VIII માં ઉપર પ્રમાણે સુધારો કરવો જોઇએ.

૩. વધુમાં આ સભા ઍકેડેમિક કાઉન્સિલને ભલામણ કરે છે કે ૧૯૫૬ ની પરીક્ષામાં એન્શ્યન્ટ ઇન્ડિયન કલ્ચર–જનરલના જૂના અભ્યાસક્રમ પ્રમાણે જેમણે પરીક્ષા આપી હોય તે વિદ્યાર્થીઓને ૧૯૫૮ ની પરીક્ષા સુધી જૂના અભ્યાસક્રમ પ્રમાણે લાભ આપવો જોઇએ.

૪. (૨.) Languages Group A (e) Ancient Indian Culture માટે પણ આ સભાનો સર્વાનુમતે અભિપ્રાય છે કે Languages સાથે Ancient Indian Culture ને જનરલ અભ્યાસક્રમ તરીકે લેનાર વિદ્યાર્થી માટે Ancient Indian Culture સ્પેશ્યલ ગ્રુપના પહેલા બે પ્રશ્નપત્રો મુકરર થવા ઘટે."

ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે ભલામણો મંજૂર કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી.

૬૦. યુનિવર્સિટીના આર્કિટેક્ટ શ્રી. આત્મારામ ગજ્જરને યુનિવર્સિટી સ્કૂલ ઑફ સોશ્યલ સાયન્સીઝના પ્લાનની ટેકનીકલ મંજૂરી મેળવવા મુંબઇ મોકલ્યા હતા તે તેમનું ચાર દિવસનું હોલ્ટીંગ એલાવન્સ રૂા. ૨૦૦ મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના સ્થાપિત શ્રી. આત્મારામ ગજ્જરને યુનિવર્સિટીના કામકાજ માટે બહાર જવાનું થાય ત્યારે સેનેટના સભ્યોને અપાય છે તે દરે હોલ્ટીંગ એલાવન્સ આપવું.

૬૯. મુંબઇ રાજ્યની પુનર્રચના થતી હોવાથી આ રાજ્યમાં અને તેની બહાર વસતા સરકારી નોકરિયાતોની ફેરબદલીઓ ગમે ત્યાં થવા સંભવ છે. તેથી તેઓએ તથા તેમના આશ્રિતોએ કૉલેજોમાં રાખેલાં સત્રો આ યુનિવર્સિટીના પ્રદેશમાં જે તેમની બદલીઓ થાય તો માન્ય રાખવા બાબતના મુંબઇ સરકારના કેળવણી ખાતાના મંત્રી તરફથી આવેલો પત્ર.

આથી ઠરાવવામાં આવે છે કે ચાલુ શૈક્ષણિક વર્ષ દરમિયાન રાજ્યપુનઃરચનાને કારણે સરકારી નોકરિયાતોની ફેરબદલી થાય તો તેવા નોકરિયાતોને તથા તેમના આશ્રિતોને બીજી યુનિવર્સિટીઓમાં રાખેલાં કૉલેજનાં સત્રો પરસ્પર માન્યતાના ધોરણે (on a reciprocal basis) માન્ય કરવાં.

૭૬. નીચે મુજબનો શ્રી. જી. બી. ઓઝાનો ઠરાવ સેનેટે પસાર કર્યો હોવાથી તે અંગે વિચારણા કરવા બાબત.

ઠરાવ

"ગુજરાત યુનિવર્સિટીની ઈન્ટર આર્ટ્સની પરીક્ષાઓમાં પરીક્ષક તરીકે, ગુજરાત યુનિવર્સિટી અરિયાની સરકાર માન્ય માધ્યમિક શાળાઓમાં શિક્ષણ કાર્ય કરતા અને પરીક્ષક તરીકે નિયુક્ત થવા માટે જરૂરી ડીગ્રી ધરાવતા માધ્યમિક શિક્ષકને પરીક્ષકસ્થાને નિયુક્ત કરવા માટે, હાલના પરીક્ષક નિયુકતના નિયમોમાં કોઇ સ્પષ્ટતા નહીં હોવાથી, એ નિયમોમાં જરૂરી ફેરફાર કરવા, યોગ્ય વ્યવસ્થા કરવા અને ઉપર્યુક્ત લાયકાતવાળા માધ્યમિક શિક્ષકોને પરીક્ષક તરીકે તાત્કાલિક નીમી શકાય તેની વ્યવસ્થા કરવા સેનેટની આ સભા સિન્ડિકેટને ભલામણ કરે છે.

આથી ઠરાવવામાં આવે છે કે સેનેટનો ઠરાવ સ્વીકારવો નહિ.

૮૦. ફર્સ્ટ ઇયર આર્ટ્સની પરીક્ષામાં બેસવા દેવા પરવાનગી આપવા બાબતની લાયબ્રેરીના ઇશ્યુ ક્લાર્ક શ્રી. ડી. ડી. દેસાઇની અરજી.

(નોંધ-તેઓનો હાલનો ઑફિસનો સમય શનિવાર સિવાય બપોરના ૧-૩૦ થી રાતના ૮-૦ અને શનિવારે ૯-૦ થી ૧૨-૩૦ નો છે.)

આથી ઠરાવવામાં આવે છે કે લાયબ્રેરીના ઇશ્યુ ક્લાર્ક શ્રી. ડી. ડી. દેસાઇની અરજી માન્ય કરવી નહિ.

૮૧. નીચે જણાવ્યા પ્રમાણેના વિદ્યાર્થીઓના મહાનિબંધો તેમના નામ સામે જણાવેલ ડીગ્રી માટે રેફરીઝે સ્વીકાર્યા હોવાથી તેમને તે ડીગ્રીમાં પાસ થયેલા જાહેર કરવા શ્રી. વાઇસ-ચાન્સેલરે શ્રી. રજિસ્ટ્રારને આપેલી પરવાનગીને બહાલી આપવા બાબત.

	નામ તથા કૉલેજનું નામ	ડીગ્રી
૧.	શ્રી. જગદીશ ઇશ્વરલાલ સેતલવાડ ગુજરાત કૉલેજ, અમદાવાદ.	પીએચ.ડી. કેમિસ્ટ્રી
૨.	શ્રી. જયંતિલાલ ઇશ્વરલાલ દેસાઇ એલ. ડી. આર્ટ્સ કૉલેજ અને એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદ.	એમ.એસસી. કેમિસ્ટ્રી

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવી.

૮૨. બહાઉદ્દીન કૉલેજ, જૂનાગઢનું બી.એસસી. (સબ્સિડિયરી) બૉટની માટેનું જોડાણ ચાલુ રાખવા બાબતની અરજી અંગે સેનેટે મૂકેલી શરતોનું પાલન કર્યા બાબતનો અજકૂર કૉલેજના પ્રિન્સિપલ તરફથી આવેલ પત્ર.

આથી ઠરાવવામાં આવે છે કે બહાઉદ્દીન કૉલેજ, જૂનાગઢને બી.એસસી. (સબ્સિડિયરી) બૉટની માટેનું જોડાણ ચાલુ રાખવા માટે મુંબઈ સરકારને ભલામણ કરવી.

૮૬. એમ પી. શાહ મેડિકલ કૉલેજ, જામનગરને પ્રથમ એમ બી.,બી એસ. માટેની પરીક્ષા માટે કેન્દ્ર તરીકે રાખવા બાબતનો અજકૂર કૉલેજના પ્રિન્સિપલ તરફથી આવેલો પત્ર.

(નોંધ:–અજકૂર કૉલેજમાંથી ૪૫ વિદ્યાર્થીઓ પરીક્ષામાં બેસશે એમ પ્રિન્સિપલ જણાવે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે એમ. પી શાહ મેડિકલ કૉલેજ, જામનગરને પ્રથમ એમ.બી.,બી.એસ. ની પરીક્ષા માટે કેન્દ્ર તરીકે રાખવી

૮૭. બહાઉદ્દીન કૉલેજ, જૂનાગઢને બી.એ. અને બી.એસસી. ની પરીક્ષાઓ માટે કેન્દ્ર તરીકે રાખવા બાબતનો અજકૂર કૉલેજના પ્રિન્સિપલ તરફથી આવેલો પત્ર.

(નોંધ: હાલ સિનિયર બી.એ. માં ૬૦ અને બી.એસસી. માં ૩૦ વિદ્યાર્થીઓ છે. આ ઉપરાંત એકસ અને એકસ્ટર્નલ વિદ્યાર્થીઓ મળી કુલ્લે લગભગ ૧૨૦ વિદ્યાર્થીઓ થશે એમ પ્રિન્સિપલ જણાવે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે બહાઉદ્દીન કૉલેજ, જૂનાગઢ કૉલેજ, જૂનાગઢને બી.એ. તથા બી.એસસી. ની પરીક્ષાઓ માટે કેન્દ્ર તરીકે રાખવી નહિ.

૮૮ પાસપોર્ટ મેળવા મળવાથી આફ્રિકાથી આવેલાં શ્રીમતી યુ. જે. ધ્રુવને બી.એડ. માં ખાસ કેસ તરીકે દાખલ કરવા પરવાનગી આપવા બાબતનો એ. જી. ટીચર્સ કૉલેજના પ્રિન્સિપલનો પત્ર

(નોંધ:–અજકૂર બહેનને પાંચ વર્ષનો અમદાવાદનો અને પાંચ વર્ષનો આફ્રિકાનો એમ દસ વર્ષનો શિક્ષિકા તરીકેનો અનુભવ છે. હાલ ૧૨૦ ની જગ્યા હતી તે માટે વિદ્યાર્થીઓ દાખલ કરી દીધા છે. આ એક વધારાનું એડમિશન થશે માટે પરવાનગીની માગણી કરી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રીમતી યુ. જે. ધ્રુવને ખાસ કેસ તરીકે દાખલ કરવા માટે એ. જી. ટીચર્સ કૉલેજ, અમદાવાદના પ્રિન્સિપલને પરવાનગી આપવી.

૮૯. બીજી તથા ત્રીજી એમ.બી.,બી.એસ. ની નવા નિયમો અનુસારની પરીક્ષાઓ માટે પરીક્ષા ફી નીચે મુજબ રાખવા તથા તે પ્રમાણે ઓ. ૧૨૯ માં સુધારો કરવા બાબત :

બીજી એમ.બી.,બી.એસ.	નવો કોર્સ	... રૂ. ૫૦-૦-૦
ત્રીજી એમ.બી.,બી.એસ.	નવો કોર્સ	... રૂ. ૭૫-૦-૦

(નોંધ:- બીજી એમ.બી.,બી.એસ. ના જૂના અભ્યાસક્રમ પ્રમાણે એક જ વિષયની પરીક્ષા લેવાની છે જ્યારે નવા અભ્યાસક્રમ પ્રમાણે ત્રણ વિષયની પરીક્ષા લેવાની છે અને તેમાં પ્રાયોગિક પરીક્ષા પણ લેવાની છે. ત્રીજી એમ બી ,બી.એસ. ના જૂના નિયમો મુજબ સાત વિષયો પરીક્ષા માટે છે જ્યારે નવા નિયમોમાં ત્રણ વિષયો છે. હાલની ફી બીજી માટે રૂા ૨૦-૦-૦ છે જ્યારે ત્રીજી માટે રૂા. ૭૫-૦-૦ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે બીજી તથા ત્રીજી એમ.બી.,બી.એસ. ની નવા કોર્સની પરીક્ષા ફી માં મુંબઇ પ્રમાણે ફેરફાર કરવો એટલે કે નીચે પ્રમાણે પરીક્ષા ફી રાખવી:

બીજી એમ.બી.,બી.એસ.	...	રૂા. ૫૦-૦-૦
ત્રીજી એમ.બી.,બી.એસ.	...	રૂા ૭૫-૦-૦

૬૦. બી.એ. માં સ્પેશ્યલ વિષય તરીકે શિખવાડાતા દરેક વિષય માટે પ્રોફેસર નીમવો જોઇએ એવા સિન્ડિકેટના ઠરાવ અનુસાર સામળદાસ કોલેજ અને સર પી. પી. ઇન્સ્ટિટ્યુટ ઑફ સાયન્સ, ભાવનગરના પ્રિન્સિપલને જણાવતાં તેમના તરફથી આ માટે ફરી વિચારણા કરવા બાબત આવેલ પત્ર.

(નોંધ:-પ્રિન્સિપલ તેમના પત્રમાં નીચે મુજબ જણાવે છે:-

કૉલેજમાં આ વર્ષથી માત્ર પોસ્ટ ઇન્ટરમિડિયેટના વર્ગો જ લેવામાં આવે છે. હિસ્ટરી, ઇકોનોમિકસ અને સોશિયોલૉજી જે સ્પેશ્યલ વિષયો તરીકે શીખવાય છે તે છેલ્લાં દસ વર્ષથી હાલના સ્ટાફથી જ શીખવાય છે. પરંતુ આ માટે સૌરાષ્ટ્ર સરકારને લખવામાં આવ્યું છે. હાલના લેકચરરો શ્રી. વી. એમ. ભટ્ટ અને શ્રી. કે. આર. ઉન્નીને પ્રોફેસર તરીકે નીમવાને લાયક છે કે કેમ તે જણાવવા વિનંતી છે. નવો ઑર્ડિનન્સ ૧૨૦-એ સસ્પેન્ડ કરેલો હોવાથી બી. એ. સ્પેશ્યલના દરેક વિષય માટે પ્રોફેસર હોવો જ જોઇએ એ નિયમ લાગુ પડતો જ નથી એમ પ્રિન્સિપલનું માનવું છે.)

આથી ઠરાવવામાં આવે છે કે બી. એ. માં સ્પેશ્યલ વિષય તરીકે શિખવાડાતા પ્રત્યેક વિષય માટે અલગ અલગ પ્રોફેસર નીમવા આવશ્યક છે તેમ શામળદાસ કૉલેજ અને સર પી. પી. ઇન્સ્ટ્યુટ ઑફ સાયન્સ, ભાવનગરના પ્રિન્સિપલને જણાવવું તથા ઑર્ડિનન્સ ૧૨૦-એ. નો અમલ કાનૂની દૃષ્ટિએ મોકૂફ રાખવામાં આવ્યો છે તો પણ શિક્ષકોની લાયકાત અંગે ઍકેડેમિક કાઉન્સિલની ભલામણથી પસાર કરવામાં આવેલ ઠરાવ જોડાયેલી કૉલેજોને બંધનકર્તા છે એમ સ્પષ્ટતા કરવી.

૬૫. એન. સી. સી. ક્લબ માટે નીચે મુજબની ગ્રાન્ટ આપવા બાબતના એન. સી. સી. ની સિનિયર ડિવિઝન ઓડવાઈઝરી કમિટીના સેક્રેટરી તરફથી આવેલો પત્ર.

Coir matting for information room	Rs. 350/-
Sofa set	Rs. 350/-
"Sbeetaldhara" Water Cooler	Rs. 400/-
	Rs. 1100/-

આથી ઠરાવવામાં આવે છે કે એન. સી. સી. ના સિનિયર ડિવિઝન એડવાઈઝરી કમિટીના સેક્રેટરીની માગણી માન્ય કરવી નહિ.

૯૬. બૉર્ડ ઑફ સ્ટુડન્ટસ વેલફેર અને બૉર્ડ ઑફ એકસ્ટ્રા મ્યુરલ સ્ટડીઝના આશ્રયે યુથ લીડરશિપ અને ડ્રામેટિકસ માટે એફિલિએટેડ કૉલેજોએ ડેપ્યુટ કરેલા શિક્ષકોનો એક કેમ્પ હિંદ સરકારના કેળવણી ખાતાએ સૂચવ્યા પ્રમાણે યોજવા બાબત.

નોંધ:–જો યુનિવર્સિટી આવા કેમ્પ માટે રૂા. ૧૦૦૦ ખર્ચ કરવા તૈયાર હોય તો હિંદ સરકાર રૂા. ૩૦૦૦ આપશે. ૧૯૫૩–૫૪ વર્ષમાં હિંદ સરકારે મહાબળેશ્વર ખાતે યોજાયેલા યુથ લીડરશીપ કેમ્પમાં આપણી યુનિવર્સિટી તરફથી કૉલેજોના પાંચ શિક્ષકોને ડેપ્યૂટ કર્યા હતા. એમાંના બે શિક્ષકો ડ્રામેટિક કેમ્પ્સ માટે ટ્રેઈન થયેલા છે. ૧૯૫૫ ના વર્ષમાં વલ્લભ વિદ્યાનગર ખાતે યોજાયેલા "ઓર્ગેનિઝેશન ઑફ સ્ટુડન્ટસ લેબર અને સોશિયલ વેલફેર" અંગેના કેમ્પ્સમાં આ યુનિવર્સિટી સાથે જોડાયેલી કૉલેજોના ૨૦ શિક્ષકો હાજર હતા.

આથી ઠરાવવામાં આવે છે કે બૉર્ડ ઑફ સ્ટુડન્ટ્સ વેલફેર અને બૉર્ડ ઑફ એકસ્ટ્રા મ્યુરલ સ્ટડીઝના આશ્રય હેઠળ યૂથ લીડરશિપ અને ડ્રામેટિકસ માટે ઍફિલિએટેડ કૉલેજોએ ડેપ્યૂટી કરેલા શિક્ષકોનો એક કેમ્પ યોજવા માટે પગલાં લેવાનું મજકૂર બન્ને બૉર્ડને જણાવવું તથા તે પેટે ભારત સરકારની રૂા. ૩૦૦૦ ની મદદ સાથે કુલ રૂા. ૪૦૦૦ નું ખર્ચ મંજૂર કરવું.

૯૭. સિલેકશન ટ્રાયલ માટે અને ઇન્ટર યુનિવર્સિટી ટૂર્નામેન્ટ માટે આવતી ટીમો માટે હૉસ્ટેલની વ્યવસ્થા કરવા એક યૂથ હૉસ્ટેલ રૂા. ૪૦,૦૦૦ ના ખર્ચે બાંધવા વિચારણા કરવા બાબત.

(નોંધ:– હિંદ સરકાર ૫૦ ટકા એટલે કે રૂા. ૨૦,૦૦૦ આપશે. જો વિદ્યાર્થીનીઓ માટે હૉસ્ટેલ બાંધવી હોય તો પણ હિંદ સરકારની આ યોજનાનો લાભ લઇ શકાશે)

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર યૂથ હૉસ્ટેલ માટે ભારત સરકારની રૂા. ૨૦,૦૦૦ની મદદ સાથે કુલ રૂા. ૪૦,૦૦૦ નું ખર્ચ મંજૂર કરવું તથા વિદ્યાર્થીનીઓ માટે પણ જરૂરી હૉસ્ટેલ બનાવવા માટે ભારત સરકાર રૂા. ૨૦,૦૦૦ ની જુદી સહાય આપવા તૈયાર છે કે કેમ તે પુછાવવું.

૯૮. શ્રી. ગિરિજા નવીનચંદ્ર દેસાઇ જેઓ એલ.એલ.બી. છે અને અમદાવાદમાં છેલ્લા બાર વર્ષથી વકીલાત કરે છે તેમને અને તેમના જેવી લાયકાતવાળા બીજાઓને લૉ કૉલેજમાં પાર્ટ ટાઇમ પ્રોફેસર અથવા લેકચરર તરીકે નીમી શકાય કે કેમ તે જણાવવા બાબતનો સર એલ. એ. શાહ લૉ કૉલેજ, અમદાવાદના પ્રિન્સિપલ તરફથી આવેલો પત્ર.

આથી ઠરાવવામાં આવે છે કે ઈન્ટરમિડિયેટ પરીક્ષા પાસ કર્યા પછી સીધું એલ.એલ.બી.ના અભ્યાસ માટે જઇ શકાય છે તે મુદ્દો લક્ષમાં લઇને ફૅકલ્ટી ઑફ લૉના શિક્ષકોની ઓછામાં ઓછી લાયકાતની પુનર્વિચારણા કરવા આ બાબત ઍકેડેમિક કાઉન્સિલ તરફ મોકલવી.

૧૦૧. રજિસ્ટર્ડ ગ્રેજ્યુએટ્સ મતદાર વિભાગની આગામી સેનેટની પેટા-ચૂંટણી માટે સુરેન્દ્રનગરમાં મ્યુનિસિપાલીટીને બદલે ત્યાંની રોડ એન. ટી. એમ. હાઇસ્કૂલને કેન્દ્ર તરીકે રાખી ત્યાંના હેડમાસ્તરને અથવા તો એ શાળાના કોઈ આસિસ્ટન્ટ શિક્ષકને પોલિંગ ઑફિસર તરીકે નીમવા બાબત સિન્ડિકેટની મંજુરીની અપેક્ષાએ શ્રી. વાઇસ-ચાન્સેલરે કરેલા હુકમને બહાલી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવી.

૧૦૨. ડેપ્યૂટી રજિસ્ટ્રારનો જગ્યા ઉભી કર્યા પછી હિસાબ ખાતાનાં બીલો પાસ કરવાની રજિસ્ટ્રાર, ડેપ્યૂટી રજિસ્ટ્રાર અને અને આસિસ્ટન્ટ રજિસ્ટ્રારને સત્તા આપવા બાબત.

(નોંધ:- અત્યાર સુધી નીચે પ્રમાણે વ્યવસ્થા હતી:

પરીક્ષાનાં બીલો, ટી. એ. બીલો તથા પગાર બિલો આસિ. રજિસ્ટ્રાર પાસ કરે છે. તે સિવાયનાં બધાંજ બિલો રજિસ્ટ્રાર પાસ કરે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે હિસાબ ખાતાનાં બિલો તથા અન્ય કાગળો પાસ કરવા માટે નીચે પ્રમાણે વ્યવસ્થા કરવી.

૧.	એસિસ્ટન્ટ રજિસ્ટ્રાર:	ટી. એ. બિલો તથા પગારબિલ.
૨.	ડેપ્યૂટી રજિસ્ટ્રાર:	પરીક્ષાબિલો, ખરીદબિલો (purchase vouchers તથા માસિક હિસાબ (monthly closing accounts) અને વાર્ષિક મેળ (Annual stock taking) તથા રૂા. ૨૫ સુધીના ખરીદ હુકમો.
૩.	રજિસ્ટ્રાર	નં. ૧ અને ૨ સિવાયનાં અન્ય બીલો, ચેકો તથા રૂા. ૨૦૦ સુધીના ખરીદ હુકમો.

૧૦૩. નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સીઝ ઑફ ઇન્ડિયા, ન્યૂ દિલ્હીને વાર્ષિક ફાળો મોકલવા બાબતનો મજકૂર ઇન્સ્ટિટ્યૂટના મંત્રી તરફથી આવેલો પત્ર.

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર ઇન્સ્ટિટ્યૂટને વાર્ષિક ફાળો મોકલવો નહિ.

૧૦૫. લાયબ્રેરી કમિટીના એક સભ્ય શ્રી. આર. એમ. ત્રિવેદીનું અવસાન થયેલું હોવાથી તેમની ખાલી પડેલી જગ્યાએ બીજા કોઈ સભ્યની નિમણુક કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઑર્ડિનન્સ ૨૨ માં "12 members" ની જગ્યાએ "not more than fifteen members" એ શબ્દો મૂકવા તથા નીચે પ્રમાણે સુધારેલા ઑર્ડિનન્સને તાત્કાલિક અમલમાં આવેલો ગણવો:

"The Library Committee shall consist of not more than fifteen members including the Vice-Chancellor, the rector, if any, and the Deans of Faculties. Members other than the Deans of Faculties shall be appointed by the Syndicate."

વધુમાં ઠરાવવામાં આવે છે કે શ્રી. આર. એમ. ત્રિવેદીના અવસાનથી ખાલી પડેલી જગ્યાએ કોઇની નિમણૂક કરવી નહિ.

૧૨. શામળદાસ કૉલેજ અને પી. પી. ઇન્સ્ટીટ્યુટ ઑફ સાયન્સ, ભાવનગર.	૧. શ્રી. કે. આઇ. ભારૂ ૨. શ્રી. આઇ. એમ. પંડયા ૩. શ્રી. એન. જેડ. પટેલ.
૧૩. આર. આર લાલન ઇન્ટરમિડિયેટ કૉલેજ, ભુજ-કચ્છ.	૧. શ્રી. ચામ. ડી. ભાવે

ખ. આથી ઠરાવવામાં આવે છે કે નીચે જણાવેલી કૉલેજોનાં નામ સામે જણાવેલ શિક્ષકગણમાં થયેલ ફેરફારો યુનિવર્સિટીએ નક્કી કર્યા મુજબ પગારનું ધોરણ તથા મોંઘવારીભથ્થું આપવાની શરતે મંજૂર કરવા.

કૉલેજનું નામ	સ્ટાફના સભ્યનું નામ
૧. એમ. જે. કૉલેજ ઑફ કોમર્સ, ભાવનગર.	૧. શ્રી. ટી. આઇ. ઓઝા
૨ શામળદાસ કૉલેજ અને પી. પી. ઇન્સ્ટીટ્યુટ ઑફ સાયન્સ, ભાવનગર.	૧. પ્રોફેસર આઇ. જે. પ્રભુ ૨. શ્રી. વી. બી. પ્રભુ ૩. શ્રી. પી. જે. ચંદુરકર

ગ. આથી ઠરાવવામાં આવે છે કે નીચે જણાવેલી કૉલેજોનાં નામ સામે જણાવેલ સ્ટાફમાં થયેલા ફેરફારો મંજૂર કરવા નહિ.

કૉલેજનું નામ	સ્ટાફના સભ્યનું નામ
૧. એસ. બી. ગાર્ડા કૉલેજ અને બી પી. બારિયા સાયન્સ ઇન્સ્ટીટ્યુટ, નવસારી	૧. શ્રી. કે. ડી. સુથાર ૨. શ્રી. એ. એન. કેસાઇ

વધુમાં ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના નિયમ પ્રમાણે ૩૦૦ વિદ્યાર્થીઓ માટે ફુલ ટાઇમ ફિઝિકલ ઇન્સ્ટ્રક્ટરની નિમણુંક કરવી જોઇએ તેમજ શ્રી. એ. એન. કેસાઇ ફક્ત માનસશાસ્ત્ર સાથે સ્નાતક થયા હોવાથી તેઓ ફક્ત માનવશાસ્ત્રજ શીખવી શકે અને હેવાલમાં જણાવ્યા મુજબ ફિલોસોફી શીખવી શકે નહિ.

૨. પેટલાદ કૉલેજ, પેટલાદ.	૧. શ્રી. વી. એસ. રાવલ
૩. એલ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ.	૧. શ્રી. ડી. એસ. સુતરીયા

ઘ. આથી ઠરાવવામાં આવે છે કે નીચે જણાવેલી કૉલેજોનાં નામ સામે જણાવેલ સ્ટાફ અંગે જરૂરી માહિતી મંગાવવી:

૧. બી. જે. વાણિજ્ય મહાવિદ્યાલય, વલ્લભવિદ્યાનગર, વાયા આણંદ.	શ્રી. બી. સી. ભટ્ટ બી.એસસી. તથા એમ.એસસી. કયા વિષયો સાથે પાસ થયા તે પુછાવવું. (નોંધ:- શ્રી. બી. સી. ભટ્ટ એમ.એસસી. મેથેમેટિકસ સાથે પાસ થયા છે એમ પ્રિન્સિપલ તરફથી પત્ર આવેલ છે.)
૨. વી. પી. મહાવિદ્યાલય, વલ્લભવિદ્યાનગર, વાયા આણંદ	શ્રી. જે. સી. જોષીએ એમ.એ. હિન્દીના કેટલા પેપરો સાથે પસાર કરી છે તે પુછાવવુ.

૮. નીચે જણાવેલી કૉલેજોના અધ્યાપકવર્ગમાં થયેલા ફેરફારો.

૧. જે. ઍન્ડ જે. કૉલેજ ઑફ સાયન્સ અને સી. બી. પટેલ આર્ટ્સ ઇન્સ્ટીટ્યુટ, નડિયાદ

૨. બી.જે. વાણિજ્ય મહાવિદ્યાલય, વલ્લભવિદ્યાનગર, વાયા આણંદ.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરની કૉલેજોના હેવાલમાં જણાવેલા અગાઉના સભ્યો અંગે જણાવેલ બાબતની નોંધ લેવી.

૯. નીચે જણાવેલી ઍફિલિએટેડ કૉલેજોના અધ્યાપકવર્ગમાં થયેલા ફેરફારો.

૧. એમ.એન. કૉલેજ, વીસનગર
૨. દરબાર ગોપાળદાસ મહાવિદ્યાલય, અલીયાબાડા
૩. મહિલા મહાવિદ્યાલય, પોરબંદર
૪. એમ.ટી.બી. કૉલેજ, સૂરત
૫. સર કે.પી. કૉલેજ ઑફ કૉમર્સ, સૂરત
૬. બી.જે. વાણિજ્ય મહાવિદ્યાલય, વલ્લભવિદ્યાનગર, વાયા આણંદ
૭. એમ. પી. શાહ મેડિકલ કૉલેજ, જામનગર.

૧૦. આથી ઠરાવવામાં આવે છે કે નીચે જણાવેલી કૉલેજોનાં નામ સામે જણાવેલ સ્ટાફમાં થયેલા ફેરફારો મંજૂર કરવા:

કૉલેજનું નામ	સ્ટાફના સભ્યનું નામ
૧. એમ.એન. કૉલેજ, વીસનગર.	૧. શ્રી. વી. વી. યાર્ડી ૨. ડૉ. એચ. વી. કશ્યપ

કૉલેજનું નામ	સ્ટાફના સભ્યનું નામ
૨. ઠરબાર જેપાળદાસ મહાવિદ્યાલય, અક્ષીયાબાડા.	૧. શ્રી. બી. બી. ગાંધી
૩. મહિલા મહાવિદ્યાલય, પોરબંદર.	૧. મિસ લક્ષ્મી રાવ ૨. મિસ ગીતા રાયજી ૩. મિસ સુભદ્રાબેન પટેલ ૪. મિસ એસ. વી. ગોગટે
૪. એમ.ટી.બી. કૉલેજ, સૂરત.	૧. પ્રોફેસર એમ. જે, પાઠકજી ૨. શ્રીમતી શીલાદેવી દોશી
૫. સર. કે. પા. કૉલેજ ઑફ કૉમર્સ, સૂરત.	૧. શ્રી. ટી. જે. રાના ૨. શ્રી. એન. એમ. મજમૂદાર ૩. શ્રી. ટી. એમ. વકીલ
૬. બી.જે. વાણિજ્ય મહાવિદ્યાલય, વલ્લભવિદ્યાનગર, વાયા આણંદ,	૧. શ્રી. ડી. એચ. શુકલ
૭. એમ. પી. શાહ મેડિકલ કૉલેજ, જામનગર.	૧ ડૉ. ડી. એન. બાગચી ૨. ડૉ. સી. બી. ભાર્ગવ

૪. આથી ઠરાવવામાં આવે છે કે નીચે જણાવેલી કૉલેજોના નામ સામે જણાવેલ શિક્ષકગણમાં થયેલ ફેરફાર યુનિવર્સિટીએ નક્કી કર્યો મુજબ પગારનું ધોરણ આપવાની શરતે મંજૂર કરવો:

કૉલેજનું નામ	સ્ટાફના સભ્યનું નામ
૧. એમ.એન. કૉલેજ, વીસનગર	શ્રી. વી. બી. તોપખાને

૫. આથી ઠરાવવામાં આવે છે કે નીચે જણાવેલી કૉલેજોનાં નામ સામે જણાવેલ શિક્ષકગણમાં થયેલા ફેરફારો મંજૂર કરવા નહિ.

કૉલેજનું નામ	સ્ટાફના સભ્યનું નામ
૧. બી જે. વાણિજ્ય મહાવિદ્યાલય, વલ્લભવિદ્યાનગર, વાયા આણંદ	૧. શ્રી. એ. જી. પટેલ
૨. એમ. પી. શાહ મેડિકલ કૉલેજ,	૧. ડૉ. ધીરેન ખરચા

૬. આથી ઠરાવવામાં આવે છે કે નીચે જણાવેલી કૉલેજોનાં નામ સામે જણાવેલ શિક્ષકો અગે તેમનાં નામ સામે જણાવ્યા પ્રમાણે જરૂરી માહિતી મંગાવવીઃ

એમ. પી. શાહ મેડિકલ કૉલેજ,	ડૉ. એચ. એન. દાસનો ૧૯ વર્ષનો શૈક્ષણિક અનુભવ જે દર્શાવ્યો છે તેની વિગતો પુછાવવી.

૭. સર કે.પી. કૉલેજ ઑફ કૉમર્સ, સુરતમાં કામ કરતા શ્રી. તિજોરીવાલાની અગાઉના સભ્ય તરીકેના હોદ્દાલની નોંધ લેવી

પ્રમુખશ્રીની પરવાનગીથી નીચેની બાબતો ઉપર વિચારણા કરવામાં આવી હતીઃ

૧૦. નીચે જણાવેલી કૉલેજોના અધ્યાપકવર્ગમાં થયેલા ફેરફારોઃ

૧. આર. આર. લાલન કૉલેજ, ભૂજ-કચ્છ
૨. એમ.એન. કૉલેજ, વીસનગર
૩. એલ.ડી. કૉલેજ ઑફ એન્જિનિયરીંગ અમદાવાદ.

૬. આથી ઠરાવવામાં આવે છે કે નીચે જણાવેલ શિક્ષકગણમાં થયેલા ફેરફારો મંજૂર કરવાઃ

કૉલેજનું નામ	સ્ટાફના સભ્યનું નામ
૧. આર. આર. લાલન ઇન્ટરમિડિયેટ કૉલેજ, ભૂજ-કચ્છ.	૧. શ્રી સી. એ. શુકલ ૨. શ્રી. એમ. પી. ત્રિવેદી
૨. એમ.એન. કૉલેજ, વીસનગર.	૧. શ્રી. આર. એન. મર્ચન્ટ
૩. એલ.ડી. કૉલેજ ઑફ એન્જિનિયરીંગ અમદાવાદ.	૧. શ્રી. ડી. એ. અડવાની ૨. શ્રી. એન. વી. મુકુમદાર ૩. શ્રી. વી. જે. જની ૪. શ્રી. પી. આર. ગેલોત

૭. આથી ઠરાવવામાં આવે છે કે નીચે જણાવેલી કૉલેજોના નામ સામે જણાવેલ સ્ટાફમાં થયેલ ફેરફાર મંજૂર કરવો નહિ.

કૉલેજનું નામ	સ્ટાફના સભ્યનું નામ
આર. આર. લાલન ઇન્ટરમિડિયેટ કૉલેજ, ભૂજ-કચ્છ	શ્રી. એચ. પી. પટેલ

ત્યારબાદ બેઠકનું કામકાજ પુરૂં થયું હતું.

નં. સિ ૫૧૭૨૮-૩૩-૧૯૫૬
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ-૯. તા. ૩ ઓગસ્ટ ૧૯૫૬

ક. ચં. મરીખ
રજિસ્ટ્રાર

ખાનગી:

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની સિન્ડિકેટની એકતાળીસમી સામાન્ય સભા, ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં, શનિવાર તા. ૧-૯-૧૯૫૬ના રોજ બપોરના ૧૨-૩૦ કલાકે ઉપકુલપતિશ્રી હરસિદ્ધભાઇ વ. દિવેટિયાના પ્રમુખપદે મળી હતી. તે વખતે હાજરી નીચે પ્રમાણે હતીઃ

૧. શ્રી. હરસિદ્ધભાઇ વ. દિવેટિયા — હાજર,
વાઇસ-ચાન્સેલર

૨. શ્રી. વી. એચ. ભાનોટ, — હાજર,
ડેપ્યુટી ડાયરેક્ટર ઑફ એજ્યુકેશન, મુંબઇ.

૩. ડૉ. મોતીભાઇ ડી. પટેલ — હાજર,

૪. શ્રી. બટુભાઇ હ. દેસાઇ — હાજર,

૫. ડૉ. ભાસ્કર આર. પટેલ — ગેરહાજર,

૬. શ્રી. મગનભાઇ પ્ર. દેસાઇ — હાજર,

૭. શ્રી. નવનીતલાલ ઍસ. શોધન — હાજર,

૮. ડૉ. નાનુભાઈ આર. દેસાઇ — હાજર,

૯.	શ્રી. હિંમતલાલ પી. શુકલ	ગેરહાજર
૧૦.	શ્રી. સાંકળચંદ મ. શાહ	હાજર,
૧૧.	પ્રિન્સિપલ ડૉ. કે. જી. નાયક	હાજર,
૧૨.	પ્રિન્સિપલ એ. કે ત્રિવેદી	હાજર,
૧૩.	પ્રિન્સિપલ ડૉ. આર. પી. પટેલ	હાજર,
૧૪.	પ્રોફેસર બી. આર. શેનોય	હાજર,
૧૫.	પ્રિન્સિપલ ડૉ. એમ. ડી. પટેલ	હાજર,
૧૬.	પ્રિન્સિપલ જી. એસ. દેસાઇ	હાજર,

(નોંધ:- કાર્યવાહી નીચેના ક્રમ અનુસાર હાથ ધરવામાં આવી હતી.)

૧. તા. ૪–૮–૧૯૫૬ના રોજ મળેલી સિન્ડિકેટની ચાળીસમી સભાના કામકાજની નોંધને બહાલી આપવા બાબત

તા. ૪–૮–૧૯૫૬ના રોજ મળેલી સિન્ડિકેટની ચાળીસમી સભાના કામકાજની નોંધને મંજૂર કરવામાં આવી અને તે ઉપર ઉપકુલપતિશ્રીએ સહી કરી.

૨. ૧૯૫૬ના બીજા છ માસ દરમ્યાન લેવાનારી પરીક્ષાઓ માટે પરીક્ષકો નીમવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ભલામણો મંજૂર કરવી.

આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે ભવિષ્ય માટે એકસ્ટર્નલ અને ઈન્ટરનલ પરીક્ષકોની નિમણૂક સંબંધી નિયમો વધુ સ્પષ્ટ બનાવવા ઘટતાં પગલાં લેવાં.

૭૩. લખધીરજી ઍન્જિનિયરીંગ કૉલેજ, મોરબીના ઓફિશિયેટીંગ પ્રિન્સિપલ એલ. આઇ. ભટ્ટની શૈક્ષણિક લાયકાત અંગે તેમની પાસેથી ખુલાસો માંગવામાં આવતાં તેમણે કરેલા ખુલાસા વિષે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સૌરાષ્ટ્ર સરકારના કેળવણી ખાતાના ડાયરેકટરને ખબર આપવી કે શ્રી. એલ આઈ. ભટ્ટ, બી.ઈ. માં પાસ વર્ગમાં પાસ થયેલા હોઈ પ્રોફેસર તરીકે માન્ય થવા માટે ઓછામાં ઓછી શૈક્ષણિક લાયકાત ધરાવતા નથી તથા તે બાબતમાં તેઓ શું પગલાં લે છે તેનો જવાબ આવેથી આ બાબત ફરીથી સિન્ડિકેટ સમક્ષ રજૂ કરવી.

૭૪. બીજી પંચવર્ષિય યોજના દરમિયાન યુનિવર્સિટીએ સાયકોલૉજીનું ડિપાર્ટમેન્ટ ખોલવા અંગે ઉપકુલપતિશ્રીએ નીમેલી કમિટીએ તૈયાર કરેલી તે અંગેની બે યોજનાઓ-માંથી કઈ યોજના યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન સમક્ષ મૂકવી તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપકુલપતિશ્રીએ નીમેલી કમિટીમાં શ્રી. કે. બી. વ્યાસ, શ્રી. આઇ. વી. ત્રિવેદી, શ્રી. એમ. એમ. બૂચ તથા પ્રિન્સિપલ એલ. આર. દેસાઈને સભ્યો તરીકે ઉમેરવા તથા આ કમિટીની બેઠક શુક્રવાર તા. ૭-૯-૫૬ના રોજ બોલાવવી અને કમિટીના સભ્યોને જરૂર જણાય તો રોજબરોજ મળીને યોજના રજૂ કરવા જણાવવું તથા મજકૂર કમિટી જે યોજનાની ભલામણ કરે તે યોજના યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનને મોકલી આપવી.

૬૭ સિન્ડિકેટે તેની તા. ૪-૮-૫૬ના રોજ મળેલ સભામાં અનુસ્નાતક અભ્યાસ માટે એમ એ. માં ભાષા વિષયમાં ગૌણ ભાષા માટે પણ હાજરી ફરજિયાત ગણવી તેમજ તે અંગેના અનુસ્નાતક નિયમ નં. ૧૨ માં યોગ્ય ફેરફાર કરવા પગલાં લેવાં એમ ઠરાવ્યા પ્રમાણે નીચે દર્શાવેલ નિયમ નં. ૧૨ માં કરેલ ફેરફાર મંજૂર કરવા બાબત, તેમજ આ સુધારેલા નિયમનો અમલ બીજા સત્રથી કરવો કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

નિયમ નં. ૧૨ મૂળ પ્રમાણે

" A change in the Principal Language will be permitted only during the first term on a certificate signed by the University teacher or teachers under whom the student proposes to study the new Principal Language, and on his name being registered afresh for the new Principal Language. Students may change their subordinate language any time by notifying the Registrar, through the Principal of their college, there being no compulsory attendance for the subordinate Language. "

સુધારેલો નિયમ નં. ૧૨.

' A change in the Principal or the Subordinate Language will be permitted only during the first term on a certificate signed by the Professor-in-charge of the centre where the student proposes to study the new Principal or the Subordinate Language as the case may be and on his name being registered afresh for the new Principal and/or Subordinate Language. Attendance at periods and/or seminars for the subordinate Language is also compulsory. "

આથી ઠરાવવામાં આવે છે કે સુધારેલો નિયમ નં. ૧૨ મંજૂર કરવો તથા તે નિયમ ૧૦ મી નવેમ્બર ૧૯૫૬થી અમલમાં લાવવો.

૬૮. ઉપકુલપતિશ્રી અને યુ.પી.એસ.સી.ના કન્વીનરોની સભામાં થયેલા નીચેના ઠરાવ પર વિચારણા કરવા બાબત.

"અંગ્રેજીના દરેક શિક્ષક માટે ૧૬ પિરિયડની જે મર્યાદા છે તે વધારીને ૩૦ પિરિયડ સુધી લઇ જવી અને આ માટે સિન્ડિકેટની જરૂરી પરવાનગી મેળવવી.

આથી ઠરાવવામાં આવે છે કે અંગ્રેજીના દરેક શિક્ષક માટે ૧૬ પિરિયડની મર્યાદા છે તે વધારીને ૨૫ પિરિયડ સુધી લઇ જવા માટે પરવાનગી આપવી.

૫૧. ૧૯૫૬ના માર્ચ–એપ્રિલમાં લેવાયેલી ઇન્ટર આર્ટ્સ, (સાયન્સ, કૉમર્સ અને ફર્સ્ટ ઇયર સાયન્સ (એગ્રિ.) ની પરીક્ષાઓમાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓ કે જેઓ કૉલેજમાં નિયમિત વિદ્યાર્થીઓ તરીકે જોડાયા છે તેમને આગામી ઑકટોબરમાં લેવાનારી મજકૂર પરીક્ષાઓમાં એકસ–સ્ટુડન્ટ તરીકે બેસવા દેવા કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

અને

૮૧. ૧૯૫૬ના માર્ચ–એપ્રિલમાં લેવાયેલી ઇન્ટર સાયન્સની પરિક્ષામાં નાપાસ થયેલ અને તે પછી જૂન ૧૯૫૬ થી નિયમિત વિદ્યાર્થી તરીકે જે. ઍન્ડ જે. કૉલેજ ઑફ સાયન્સ ઍન્ડ સી. બી. પટેલ આર્ટ્સ ઇન્સ્ટિટ્યુટ, નડિયાદમાં દાખલ થયેલ વિદ્યાર્થીઓ ૧. ચંદ્રકાંત જી. પટેલ અને ૨. શ્રી. ચંદુભાઇ ડી. પટેલને આગામી ઑકટોબરમાં લેવાનારી ઇન્ટર સાયન્સની પરીક્ષામાં એકસ-સ્ટુડન્ટ તરીકે બેસવા દેવાની પરવાનગી આપ્યાના ઉપકુલપતિશ્રીના કાર્યને બહાલી આપવા બાબત:

આ બન્ને બાબતોની વિચારણા એક સાથે કરવામાં આવી હતી.

આ સંબંધમાં શ્રી. રજિસ્ટ્રારે ખુલાસો કર્યો હતો કે બાબત નં. ૫૧ની જેમ નં. ૮૧માં પણ ઉપકુલપતિશ્રીએ સિન્ડિકેટની મંજૂરીની અપેક્ષાએ ૧૯૫૬ના માર્ચ–એપ્રિલમાં લેવાયેલી ઇન્ટર આર્ટ્સ, સાયન્સ અને કૉમર્સ અને ફર્સ્ટ ઇયર સાયન્સ (એગ્રિ) ની પરીક્ષામાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓને ઑકટોબરમાં લેવાનારી પરીક્ષાઓમાં તેઓ કૉલેજોમાં દાખલ થયા હોય તેમ પણ એકસ–સ્ટુડન્ટ તરીકે બેસવા માટે પરવાનગી આપી છે.

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર બન્ને બાબતોમાં ઉપકુલપતિશ્રીના કાર્યને બહાલી આપવી.

આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે આ વર્ષ ૧૯૫૬ પહેલાં પણ પરીક્ષામાં બેઠા હોય અગર તો જરૂરી ટર્મ્સ રાખી હોય તેવા વિદ્યાર્થીઓને પણ આપવી.

૮૫. એલ.એલ.એમ. માં પરીક્ષાનાં પરિણામ જાહેર કરવા અંગે ઑર્ડિનન્સ ૧૩૬માં "In two classes and Pass" એમ લખેલું છે અને એલ.એલ.એમ. ના રેગ્યુલેશન નં. ૧૬૩ માં જણાવ્યું છે કે પાસ થવાનું ધોરણ ૫૦ ટકા રહેશે અને ૬૬ ટકા મેળવનાર વિદ્યાર્થીને પ્રથમ વર્ગમાં સફળ થયેલો જાહેર કરવામાં આવશે તો પરિણામ કયા કયા વર્ગમાં જાહેર કરવું તે વિષે વિચારણા કરવા બાબત.

(નોંધ:– મુંબઇ યુનિવર્સિટીમાં રેગ્યુલેશનમાં આપણી જેમજ પ્રબંધ છે પરંતુ ઑર્ડિન-સમાં "In two classes" એમ જણાવેલું છે. આ અંગે મુંબઇ યુનિવર્સિટીનો જવાબ નીચે પ્રમાણે છે.

"Candidates who obtain 50 percent of the marks but below 66 percent marks at the LL.M. Examination are declared to have passed the Examination in Second Class and the class is mentioned in the degree certificate awarded to them."

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે મુંબઇના ધોરણે એલ.એલ.એમ. ની ડીગ્રી પરીક્ષાના પરિણામ જાહેર કરવા અને તે પ્રમાણે નિયમોમાં ફેરફાર કરવા."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી.

(સુધારેલા ઍા. ૧૩૬ તથા સુધારેલા રેગ્યૂલેશન ૧૬૩ ની નકલ પરિશિષ્ટ "ક" તરીકે સામેલ છે.)

૯૭. **સિન્ડિકેટે તેની તા. ૭-૪-૧૯૫૬ ના રોજ મળેલ સભામાં કામકાજની યાદીની આઇટમ ૨૮ પ્રમાણે સેનેટે સિન્ડિકેટને રિફર બેક કરેલા નીચે જણાવેલા ઍા. ૬૫-એલ. બાબત સિન્ડિકેટના ઠરાવ અનુસાર બૉર્ડ ઑફ યુનિવર્સિટી ટીચીંગની નીચેની ભલામણ અને તે ઉપરનો ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ :**

O. 65-L. : " Full-time Professors and Readers in the University departments shall be deemed to have been recognised as teachers of the University, for giving instruction and guiding research for a Master's degree and for Ph.D. Degree in their respective subjects; and fulltime lecturers in the University Departments as Assistants to the recognised Post-graduate teachers in their respective subjects, provided that Lecturers might be recognised as Post-graduate Teachers after five years' standing as Assistants in their subjects. "

બૉર્ડ ઑફ યુનિવર્સિટી ટીચીંગની ભલામણ

"આથી વધુ મતે ઠરાવવામાં આવે છે કે નીચે પ્રમાણે ઑર્ડિનન્સ ૬૫-એલ. માં સુધારા વધારા કરવા ઍકેડેમિક કાઉન્સિલ તથા સિન્ડિકેટને ભલામણ કરવી. ઑર્ડિનન્સ ૬૫-એલ. માં પહેલી લીટીમાં "and" અને "Readers" એ શબ્દોની વચ્ચે "Existing" એ શબ્દ મૂકવો."

સૂચિત સુધારા સાથેનો સુધારેલો ઑર્ડિનન્સ નં. ૬૫-એલ. નીચે પ્રમાણે વંચાશે:

O. 65-L. : "Full-time Professors and Existing Readers in the University Departments shall be deemed to have been recognised as teachers of the University for giving instruction and guiding research for a Master's Degree and for Ph.D. Degree in their respective subjects. "

Full-time readers in the University Departments shall be deemed to have been recognised as teachers of the University for giving instruction and guiding research for a Master's Degree and full-time Lecturers in the University Departments as Assistants to the recognised post-graduate teachers in their respective subjects, provided that Lecturers

might be recognised as post-graduate teachers after five years' standing as Assistants in their subjects"

(નોંધ:- પ્રિન્સિ. એસ. વી. દેસાઇએ આ ઑર્ડિનન્સના અન્વયે "Full-time Professor" ને આપોઆપ મળી જતી માન્યતા અંગે પોતાની અસંમતિ દર્શાવી હતી)

ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે બૉર્ડ ઑફ યુનિવર્સિટી ટીચીંગે ભલામણ કરેલા ઑ. ૬૫-એલ. માં ફેરફાર કરીને નીચે પ્રમાણે વંચાય તે રીતે મંજૂર કરવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી:

O. 65-L. : (i) Full-time Professors and Existing Readers in the University Departments shall be deemed to have been recognised as teachers of the University for giving instruction and guiding research for the Master's degree in their respective subjects.

(ii) Existing full-time Professors shall be deemed to have been recognised for guiding students for the Ph.D. Degree in their respective subjects."

આથી ઠરાવવામાં આવે છે કે "existing" શબ્દની સંદિગ્ધતા દૂર કરવા માટે "Full-time Professors and existing Readers in the University Departments" એ શબ્દોને બદલે "Full-time Professors and Readers in the University Departments who are in the employ of the Uuiversity on 1-9-1956" એ શબ્દો મૂકવા તથા "Existing full-time Professors" ના બદલે "Full time Professors in the University Departments who are in the employ of the University on 1-9-1956" એ શબ્દો મૂકવા તથા આ પ્રમાણે સુધારેલો ઑર્ડિનન્સ ૬૫-એલ. તાત્કાલિક અમલમાં આવેલો ગણવો.

(સુધારેલા ઑ. ૬૫-એલ. ની નકલ પરિશિષ્ટ "ખ" તરીકે સામેલ છે.)

૯૩. દરબાર ગોપાળદાસ મહાવિદ્યાલય, અલિયાબાડાને બી.એ. જનરલમાં એન્શ્યન્ટ ઇન્ડિયન કલ્ચરનું વધારાનું જોડાણ આપવા બાબતની શ્રી. વિદ્યામંડળ, અલિયાબાડાના મંત્રી તરફથી આવેલી અરજી અંગે સિન્ડિકેટનો ઠરાવ અને ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ.

સિન્ડિકેટનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે આ બાબત માટે સ્થાનિક તપાસસમિતિ નીમવાની સિન્ડિકેટને જરૂર જણાતી નથી."

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે સ્થાનિક તપાસસમિતિ નીમવી આવશ્યક છે તેમ ઍકેડેમિક કાઉન્સિલ માને છે એ અભિપ્રાય સાથે આ બાબત સિન્ડિકેટને પુનર્વિચારણા માટે પાછી મોકલવી."

(નોંધ:- મજકૂર ઍફિલિએશન ૧૯૫૭ના જૂનથી માગવામાં આવ્યું છે તેની કાર્યાલયે ખાત્રી કરી લેવી.)

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર કૉલેજે કયારથી જોડાણ માગ્યું છે તેની માહિતી મેળવીને આ બાબત ફરીથી રજૂ કરવી.

૯૫ ગુજરાત લૉ સોસાયટીએ શરૂ કરેલા ડિપ્લોમા કોર્સ ઇન ટેક્ષેશન ઍન્ડ લેબર લૉઝને રેકગ્નાઇઝ કરવા અંગેની લૉ ની અભ્યાસસમિતિ અને ફૅકલ્ટી ઑફ લૉની નીચે મુજબની ભલામણો અને ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ.

લૉની અભ્યાસસમિતિની ભલામણ

"Resolved to recommend to the Syndicate to institute the Diploma in Labour Laws and Practice which will be open to Graduates in Law only. The course should be of one year's duration of two terms. The above diploma will be granted after passing in the examination to be held by the University annually.

Resolved further that it be recommended to the Syndicate to institute a Diploma in Taxation Laws and Practice in this University which may be open to Graduates in Commerce and Law only.

The course will be of one year's duration of two terms. The diploma may be granted after passing the examination to be held by the University annually."

ફૅકલ્ટી ઑફ લૉ નો ઠરાવ

"Resolved to recommend to the Syndicate to institute the Diploma in Labour Laws & Practice which will be open to graduates in Law only. The course should be of one year's duration and of two terms. The above diploma will be granted after passing in the examination to be held by the University annually.

Resolved further that it be recommended to the Syndicate to institute a Diploma in Taxation Laws and Practice in this University which will be open to graduates in Commerce and Law only. The course will be of one year of two terms. The Diploma may be granted after passing the examination to be held by the Gujarat University annually."

ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર અભ્યાસક્રમ દાખલ કરવા માટે સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી."

"આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ માન્ય કરવી તથા ફૅકલ્ટી ઑફ લૉની ભલામણ મુજબ મજકૂર અભ્યાસક્રમ દાખલ કરવા માટે સેનેટને ભલામણ કરવી."

૧૦૦. શ્રી. જયેન્દ્રપુરી આર્ટ્સ અને સાયન્સ કૉલેજ, ભરૂચને બી.એ. જનરલ ઇન સાયકોલૉજીનું વધારાનું જોડાણ તા. ૨૦-૬-૫૬ થી આપવા બાબતની સેક્રેટરી, શ્રી. સદ્ વિદ્યામંડળ, ભરૂચ તરફથી આવેલી અરજી અંગે સિન્ડિકેટે તા ૪-૮-૫૬ ની બેઠકમાં પ્રિન્સિપલ અ. ક. ત્રિવેદીના બનેલી સ્થાનિક તપાસસમિતિ નીમી છે તે વિષે પુનર્વિચારણા કરવા બાબત.

(નોંધ:- કૉલેજે વધારાનું જોડાણ તા. ૨૦-૬-૫૬ થી માગેલું છે. ઍકેડેમિક કાઉન્સિલમાં થયેલી ચર્ચા ઉપરથી ઍકેડેમિક કાઉન્સિલ તા. ૨૦-૬-૫૬ થી રેટ્રોસ્પેકટીવ જોડાણ આપવાના મતની નથી તેથી આ પ્રશ્ન વિચારણા માટે મૂકયો છે.)

આથી ઠરાવવામાં આવે છે કે રિટ્રોસ્પેકટીવ ઍફિલિએશન આપવામાં કાનૂની દૃષ્ટિએ કશું વાંધાજનક નથી એમ સિન્ડિકેટ માને છે અને મજકૂર કૉલેજને બી.એ. જનરલ ઇન સાયકોલૉજીનું ૨૦-૬-૧૯૫૬ થી જોડાણ આપવા માટે સ્થાનિક તપાસસમિતિ નીમવાની સિન્ડિકેટને જરૂર જણાતી નથી એમ રિપોર્ટ કરીને આ ઍકેડેમિક કાઉન્સિલ સમક્ષ રજૂ કરવી.

૧૦૨. ધર્મેન્દ્રસિંહજી કૉલેજ, રાજકોટના વિદ્યાર્થી શ્રી સી. એમ. રાવલને ૧૯૫૬ની બી.એ. ની લેવાયેલી પરીક્ષામાં સંસ્કૃત વિષયના પેપર ૬ માં બીજા સેકશનના પ્રશ્ન નં. ૭નો જવાબ સપ્લીમેન્ટરી એન્સરબૂકમાં ઘેરથી લખી લાવવાના ગુન્હાસર "Unfair means" કમિટીની ભલામણ ઉપરથી સિન્ડિકેટે તા. ૩૦-૬-૧૯૫૮ સુધી પરીક્ષામાં બેસવા માટે પ્રતિબંધ ફરમાવ્યો છે તે અંગે તેમના તરફથી આવેલી નોટીસ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબતની નોંધ લેવી તથા જરૂર પડે કાનૂની બચાવ માટે જરૂરી પગલાં લેવાં.

૧૦૪. માન્ય અનુસ્નાતક શિક્ષકોને "ઍનેરેરિયમ" તરીકે અપાતું મહેનતાણું ફી તરીકે ભેગી થયેલી રકમમાંથી જે તે અનુસ્નાતક કેન્દ્રે આપવું કે પછી યુનિવર્સિટીએ ફી ઉપરાંત આપવું તે નક્કી કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે અનુસ્નાતક શિક્ષકોને અપાતું ઑનરેરિયમ લાગતાવળગતાં અનુસ્નાતક કેન્દ્ર પાસે આવેલી ફી તથા અન્ય આવકોના ભંડોળમાંથી આપવું તથા તે માટે જો કોઇ કેન્દ્ર પાસે રકમ ખૂટે તો તે સંબંધી કેન્દ્રની અરજી આવ્યેથી તે પર વિચારણા કરવી.

૧૦૫. ઑલ ઇન્ડિયા ફેડરેશન ઑફ એજ્યુકેશનલ એસોસિએશન, નાગપુરના આશ્રયે તા. ૨૩-૧૦-૫૬ થી ૨૬-૧૦-૫૬ સુધી જયપુર મુકામે મળનાર ઑલ ઇન્ડિયા એજ્યુકેશનલ કોન્ફરન્સની ૩૧ મી બેઠકમાં આ યુનિવર્સિટીના બે પ્રતિનિધિઓ મોકલી આપવા બાબત મજકૂર એસોસિએશનના જનરલ સેક્રેટરી તરફથી આવેલ પત્ર.

આથી ઠરાવવામાં આવે છે કે પ્રિન્સિપલ એલ. આર. દેસાઇને પ્રતિનિધિ તરીકે મોકલવા.

૧૦૬. આ વર્ષે ઇન્ટર યુનિવર્સિટી યૂથ ફેસ્ટીવલ માટેની જે ટુકડી આપણી યુનિવર્સિટીમાંથી જાય તેની સાથે તેના Contingent-in-charge તરીકે કોને મોકલવા તે નક્કી કરવા બાબત.

(નોંધ:- આ માટે બે માણસો મોકલવાના હોય છે. ૧. Professor (Male) અને ૨. એક Female- Asstt. to Contingent-in charge આ અંગે એકસ્ટ્રા ન્યુરલ બૉર્ડની બેઠકમાં નીચે જણાવેલ વ્યક્તિઓ માટે સૂચના થયેલાં.

for Contingent-in-charge	Female
૧. ડૉ. વાય. જી. નાયક	શ્રીમતી સુસ્મિતા મેઢ
૨. પ્રો. એ. એમ. રાવલ	
૩. પ્રો. આર. એમ. શુકલ	
૪. પ્રો. આર. આઇ. પટેલ (સુરત)	

એન.સી.સી.

૧. શ્રી. પી. બી. વૈદ્ય,
૨. શ્રી. એન. ટી. પટેલ,
૩. શ્રી. પી. એમ. જાની
૪. શ્રી. વી. જે. જાની અને
૫. શ્રી. આર. જી. નાયક.)

આથી ઠરાવવામાં આવે છે કે એકસ્ટ્રા ન્યુરલ બૉર્ડની બેઠકમાં થયેલાં સૂચનો તે ક્રમ અનુસાર મંજૂર કરવાં.

૧૦૭. ડી. કે. વી. ધનરાજગિરિયેહ આર્ટ્સ અને સાયન્સ કૉલેજ, જામનગરના ધનરાજ આર્ટ્સ અને સાયન્સ માટેના અભ્યાસક્રમોનું જોડાણ આપવા અંગે સેનેટે નક્કી કરેલી

શરતોનું પાલન કરવા બાબત સૌરાષ્ટ્ર સરકારના ડાયરેક્ટર ઑફ એજ્યુકેશન તરફથી આવેલ પત્ર.

આથી ઠરાવવામાં આવે છે કે ડી. કે. વી. ઇન્ટરમિડિયેટ આર્ટ્સ કૉલેજ, જામનગરના ઇન્ટર આર્ટ્સ અને ઇન્ટર સાયન્સ માટેના અભ્યાસક્રમોનું જોડાણ આપવા માટે મુંબઇ સરકારને ભલામણ કરવી.

૧૦૮. શ્રી. બી. એમ. શાહ ઇન્ટરમિડિયેટ આર્ટ્સ કૉલેજ, ભાવનગરના ઇન્ટર આર્ટ્સ માટેના અભ્યાસક્રમોનું જોડાણ આપવા અંગે સેનેટે નક્કી કરેલી શરતોનું પાલન કરવા બાબત સૌરાષ્ટ્ર સરકારના ડાયરેક્ટર ઑફ એજ્યુકેશન તરફથી આવેલ પત્ર.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. બી. એમ શાહ ઇન્ટરમિડિયેટ આર્ટ્સ કૉલેજ, ભાવનગરના સત્તાવાળાઓને જણાવવું કે લેક્ચરર ઇન ઇન્ડિયન એડમિનિસ્ટ્રેશનની નિમણૂક થાય નહિ ત્યાં સુધી કૉલેજનું જોડાણ આપવાની ભલામણ મુંબઇ સરકારને કરવાનું શકય બનશે નહિ.

૧૦૯. શ્રી. એમ. પી. શાહ ઇન્ટરમિડિયેટ આર્ટ્સ અને સાયન્સ કૉલેજ, સુરેન્દ્રનગરના ઇન્ટર આર્ટ્સ અને સાયન્સના અભ્યાસક્રમો માટેનું જોડાણ આપવા અંગે સેનેટે નક્કી કરેલી શરતોનું પાલન કરવા બાબત સૌરાષ્ટ્ર સરકારના ડાયરેક્ટર ઑફ એજ્યુકેશન તરફથી આવેલ પત્ર.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. એમ પી. શાહ ઈન્ટરમિડિયેટ આર્ટ્સ અને સાયન્સ કૉલેજ, સુરેન્દ્રનગરના ઇન્ટર આર્ટ્સ અને સાયન્સના અભ્યાસક્રમો માટેનું જોડાણ આપવા માટે મુંબઈ સરકારને ભલામણ કરવી.

૧૧૦. શ્રી સર્વોદય કેળવણી મંડળ આર્ટ્સ કૉલેજ, અમદાવાદના ઇન્ટર આર્ટ્સ માટેના અભ્યાસક્રમોનું જોડાણ ચાલુ રાખવા અને અમુક વિષયોમાં બી.એ. (જનરલ અને સ્પેશ્યલ) માટેના અભ્યાસક્રમોમાં જોડાણનો વધારો આપવા તેમજ સર એલ. એ. શાહ લૉ કૉલેજ, અમદાવાદ (આર્ટ્સ સેકશન) નું ઇન્ટર આર્ટ્સ અને અમુક વિષયોમાં બી એ. (સ્પેશ્યલ અને જનરલ) માટેના અભ્યાસક્રમોનું જોડાણ ચાલુ રાખવા અંગે આવેલી અરજીઓ ઉપરથી બન્ને કૉલેજો માટે સિન્ડિકેટે નીમેલી ૧. શ્રી. આર. સી. પરીખ અને ૨. શ્રી. એમ. પી. દેસાઇની બનેલી સ્થાનિક તપાસણી સમિતિ ઉપર કામ કરવા સિનિયર મેમ્બર શ્રી. પરીખે અશક્તિ દર્શાવી છે તો તેમની જગ્યાએ બીજા સભ્યની નિમણૂક કરવા બાબત.

આ બાબતની વિચારણા વખતે શ્રી. રજિસ્ટ્રારે જણાવ્યું કે શ્રી. બી. ડી. આર્ટ્સ કૉલેજના જોડાણ અંગે નિમાયેલી સ્થાનિક તપાસસમિતિ પર પણ કામ કરવા શ્રી. આર. સી. પરીખે અશક્તિ દર્શાવી છે.

આથી ઠરાવવામાં આવે છે કે આર્ટ્સ ફૅકલ્ટીના ડીન તરીકે શ્રી. આર. સી. પરીખની સંમતિની સિન્ડિકેટ અપેક્ષા રાખે છે તેમ શ્રી. પરીખને જણાવવું તથા ત્રણે તપાસસમિતિઓ પર કામ કરવાને માટે તેમને ફરીથી વિનંતી કરવી.

બાબત નં. ૪૭ અને ૧૧૨ ની સાથે વિચારણા કરવામાં આવી હતી.

૪૯. યુનિવર્સિટી ઑફિસના હિસાબ વિભાગનું કામકાજ વધેલું હોવાથી વધુ બે જુનિયર ક્લાર્કની તથા સિન્ડિકેટનું કામકાજ વધેલું હોવાથી એક જુનિયર ક્લાર્કની કાયમી જગા તથા ઑક્ટોબરમાં ઇન્ટરમિડિયેટ આર્ટ્સ, સાયન્સ તથા કૉમર્સ તેમજ ફર્સ્ટ ઇયર સાયન્સ (એગ્રિ) ની પરીક્ષા માટે બે માસ સુધી પાંચ જુનિયર ક્લાર્કની નિમણૂક કરવા બાબત.

અને

૧૧૨. આ સભાની બાબત નં. ૪૭માં કામચલાઉ જુનિયર ક્લાર્કની નિમણૂક માટે જણાવેલું છે પરંતુ ઑફિસના હાલના કામને પહોંચી વળવા માટે ૧૦ કામચલાઉ જુનિયર ક્લાર્કની જરૂર રહેશે. ઉપકુલપતિશ્રીએ આમાંના ચાર જુનિયર ક્લાર્કની સિન્ડિકેટની મંજુરીની અપેક્ષાએ નિમણૂક કરવાનો હુકમ આપ્યો છે તેને બહાલી આપવા બાબત અને બાકીના છ કામચલાઉ જુનિયર ક્લાર્ક નીમવા મંજુર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કાર્યાલયના સૂચન પ્રમાણે ત્રણ જુનિયર ક્લાર્કની કાયમી જગા ખોલવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે બે માસ માટે ચાર જુનિયર ક્લાર્કની હંગામી નિમણૂક કર્યાના ઉપકુલપતિશ્રીના કાર્યને બહાલી આપવી તથા બે માસ માટે બીજા છ જુનિયર ક્લાર્કની હંગામી નિમણૂક કરવી.

૧૧૩. ઑક્ટોબર ૧૯૫૬માં લેવાનારી જૂદે જૂદે સેન્ટરે જૂદી જૂદી પરીક્ષાઓ માટે સિનિયર સુપરવાઇઝરો નીમવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઑફિસે તૈયાર કરેલી સિનિયર સુપરવાઇઝરોની યાદી મંજૂર કરવી.

(સિનિયર સુપરવાઇઝરોની યાદીની નકલ પરિશિષ્ટ "ગ" તરીકે સામેલ છે.)

૧૧૪. ઇન્ટર આર્ટ્સ, ઇન્ટર સાયન્સ, ઇન્ટર કૉમર્સ, બી.કૉમ., અને એલ.બી.બી ની આગામી ઑક્ટોબરમાં લેવાનારી વધારાની પરીક્ષાઓ તા. ૮-૧૦-૫૬ થી શરૂ થતી હોવાથી અને પહેલું સત્ર તા. ૧૦-૧૦-૫૬ થી પૂરૂ થતું હોવાથી પરીક્ષા અંગે લાગતી વળગતી

કૉલેજોમાં યોગ્ય વ્યવસ્થા સમયસર થઇ શકે તે માટે તે કૉલેજોમાં તા. ૬–૧૦–૫૬થી વર્ગો બંધ કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઇન્ટર આર્ટ્સ, ઇન્ટર સાયન્સ, ઈન્ટર કૉમર્સ, બી.કૉમ. અને એલ.એલ.બી. ની આગામી ઑકટોબર માસમાં લેવાનારી પરીક્ષાઓને કારણે જે કૉલેજોમાં તે અંગે વ્યવસ્થા કરવાની હોય તે કૉલેજોને તા. ૬–૧૦–૧૯૫૬ થી વર્ગો બંધ કરવા માટે જણાવવું.

૧૧૫. ડૉ. પી. બી. પંડિતની સેવાઓ તા. ૧–૯–૫૬ થી લોન ઉપર આપવા અંગે ડેક્કન કૉલેજ, પૂનાના શ્રી એસ. એમ. કત્રે તરફથી આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ડૉ. પી. બી. પંડિતની સેવાઓ ડેક્કન કૉલેજને ભાષા શાસ્ત્રના શિક્ષણ માટે તેમણે માગેલી શરતોએ આપવી તથા વધુમાં સ્પષ્ટતા કરવા કે ચાલુ શૈક્ષણિક વર્ષના બીજા સત્રમાં યુનિવર્સિટી સ્કૂલના શિક્ષણ માટે ડૉ. પંડિતની જો અને જ્યારે જરૂર પડે તો અને ત્યારે તેમને આવવા માટે ડેક્કન કૉલેજે રજા આપવાની રહેશે તથા તે અંગે યુનિવર્સિટી કશું ખર્ચ આપશે નહિ. વધુમાં ડેક્કન કૉલેજને ડૉ. પંડિતના પ્રોવિડંટ ફંડમાં યુનિવર્સિટીના ધોરણે જે ફાળો આપવાનો થાય તે ફાળો આપવાનો રહેશે તે પણ જણાવવું.

૧૧૬. નીચે જણાવેલ પાંચ વિષયો માટે અભ્યાસ સમિતિઓ રચાએલ નથી. તો તે વિષયો માટે પરીક્ષકોની પેનલો બનાવવા માટે કઇ અભ્યાસ સમિતિઓ સમક્ષ મૂકવી તે અંગે વિચારણા કરવા બાબત.

૧. સિન્ધિ, ૨. બંગાલી, કન્નડ અને તામીલ, ૩, ફ્રેન્ચ, જર્મન, પોર્ટુગીઝ, રશિયન વગેરે ૪. અવસ્તા–પહલવી, ૫. ઝૂઓલૉજી.

(નોંધ:– ગઈ સાલ આવા વિષયો માટે એડહોક કમિટીઓ નીમવામાં આવી હતી તો ચાલુ સાલ શું કરવું તે પ્રશ્ન છે. બંગાલી, તામીલ વિ. માં એકસ્ટર્નલ તરીકે કેટલાક વિદ્યાર્થીઓ આવે તેવો સંભવ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે ગયા વર્ષની એડહોક કમિટીઓ આ વર્ષે પણ ચાલુ રાખવી.

૧૧૭. આર્ટ્સ ઇન્ક્લ્યુડિંગ એજ્યુકેશનની ફૅકલ્ટીમાં રજિસ્ટર્ડ ગ્રેજ્યુએટસની તા. ૩૦–૮–૫૬ ના રોજ રાખવામાં આવેલી પેટાચૂંટણી માટે અમદાવાદ ખાતે પોતાને આઇડેન્ટીટી કાર્ડ મલ્યું નથી તેવી ફરિયાદ આવવાથી ઉપકુલપતિશ્રીની સૂચના અનુસાર શુક્રવાર તા. ૩૧–૮–૫૬ ના રોજ તેવા મતદારોને વિધિપુરઃસર ડુપ્લીકેટ ઓળખપત્રો આપ્યા પછી મતદાન કરીને તેની તે પેટી જુદી રાખીને આવું મતદાન પ્રોવિઝનલ ગણાશે અને

આ વંચારાના મતો ગણત્રીમાં લેવા કે કેમ તે વિષે સિન્ડિકેટ નિર્ણય કરશે તે શરતે ઉપકુલપતિશ્રીએ વંચારાનું મતદાન લેવા માટે સૂચના આપી છે તે પર નિર્ણય કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબત શ્રી. વાઈસ-ચાન્સેલરની સત્તાને લગતી હોઇ તેમાં સિન્ડિકેટે કશું કરવાપણું રહેતું નથી.

૧૧૮. ભૂતપૂર્વ રજિસ્ટ્રાર શ્રી. બી.એ. પટેલને અપાયેલ ઘરભાડા ભથ્થાના ઑડિટ વિશેષ અંગે સરકારનો છેવટનો ચૂકાદો જણાવવા અને યુનિવર્સિટી તેમને તેમના નોટિસ સમય દરમિયાનનું ઘરભાડાભથ્થું વગેરે આપવા માગે છે કે કેમ તે અંગે તેમના તરફથી આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ:– આ અંગે મુંબઇ લોકલ ફંડના એકઝામિનરને પૂછાવતાં તેમના તરફથી આવેલ પત્રમાં નીચે પ્રમાણે જણાવ્યું છે:

"I have to state that according to the orders contained in Govt. letter Education Department No. P–155–U–80596 dated 12th January 1956 the payment of House Rent Allowance to the Ex–Registrar Shri B. A. Patel was irregular, being in contravention of the orders of Govt. issued in G.R. (F.D.) No. 6567/33 III dated 6th July 1948.

2. As Shri Patel was not entitled to a house rent allowance even during his services of the University, it will be open to the Syndicate to withdraw this concession during the period of notice."

આથી ઠરાવવામાં આવે છે કે ભૂતપૂર્વ રજિસ્ટ્રાર શ્રી. બી. એ. પટેલને નોટિસ સમય દરમિયાનનું ઘરભાડાભથ્થુ આપવું નહિ.

બાબત નં. ૧૨૦ અને ૧૨૩ ની સાથે વિચારણા કરવામાં આવી હતી.

૧૨૦. સિન્ડિકેટના તા. ૪–૮–૧૯૫૬ના ઠરાવ અન્વયે ઉપકુલપતિશ્રીએ ઍસિસ્ટન્ટ લાયબ્રેરિયન શ્રી. એ. આર. દેસાઇને ત્રણ મહિનાની નોટિસને બદલે તેમનો ત્રણ મહિનાનો પગાર તથા ભથ્થાં આપીને છૂટા કર્યા તે કાર્યને બહાલી આપવા બાબત.

અને

૧૨૩. આસિસ્ટન્ટ લાયબ્રેરિયન શ્રી. એ. આર. દેસાઇને છૂટા કર્યા હોવાથી તેમના ખાતે જમા થયેલી તેમના પ્રોવિડંટના ફાળાની રકમ તેમને આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે ઉપકુલપતિશ્રીના કાર્યને બહાલી આપવી તથા શ્રી. એ. આર. દેસાઇને તેમના ખાતે જમા થયેલી પ્રોવિડંટ ફંડની રકમ પરત કરવી.

૧૨૪. કુલપતિશ્રીની તા. ૧૯-૯-૧૯૫૬ ની યુનિવર્સિટીની મુલાકાત બાબત.

આ પછી ઉપકુલપતિશ્રીએ કુલપતિશ્રીના તા. ૧૯-૯-૧૯૫૬ના યુનિવર્સિટીની મુલાકત અને લંચના કાર્યક્રમની માહિતી આપી હતી.

૧૨૫. ઉપકુલપતિશ્રીની ગેરહાજરી દરમિયાન તાત્કાલિક નિકાલ માગતાં કામોના નિકાલ બાબત.

આ પછી ઉપકુલપતિશ્રીની ગેરહાજરી દરમિયાન તાત્કાલિક નિકાલ માગતાં કામોને તેમની બહાલીની અપેક્ષાએ શ્રી. રજિસ્ટ્રારને પગલાં લેવાની સત્તા આપવાનું સિન્ડિકેટે ઠરાવ્યું હતું.

(નોંધ:- ઉપરની બાબત નં. ૧૨૪ અને ૧૨૫ ઉપકુલપતિશ્રી તરફથી રજૂ કરવામાં આવેલી હતી.)

૪૪. એફ.ઇ.,એસ.ઇ. અને બી.ઇ. (સિવિલ) નો નવો અભ્યાસક્રમ જે ૧૯૫૭ના જુનથી અમલમાં આવે છે તેમાં કેટલીક મુશ્કેલીઓને લક્ષમાં લઈને એકલા બી.ઈ. (સિવિલ) નો નવો અભ્યાસક્રમ જુન ૧૯૫૭ ને બદલે જુન ૧૯૫૮ થી અમલમાં લાવવા અંગેના સૂચન બાબત ગોલ. ડી. એન્જિનિયરીંગ કૉલેજ, અમદાવાદના પ્રિન્સિપલ તરફથી આવેલો પત્ર.

આથી ઠરાવવામાં આવે છે કે એકલા બી. ઇ. (સિવિલ) નો અભ્યાસક્રમ જુન ૧૯૫૭ને બદલે જુન ૧૯૫૮ થી અમલમાં લાવવો.

૪૯. બૉર્ડ ઑફ સ્પોર્ટ્સની તા. ૨૭-૭-૧૯૫૬ના રોજ મળેલી ૨૧મી બેઠકનો નીચેનો ઠરાવ મંજૂર કરવા બાબત.

ઠરાવ ૪-૫.

"આ બૉર્ડને એમ લાગે છે કે હૉકી અને ફૂટબૉલની રમતોમાં ગુજરાત યુનિવર્સિટીની ટીમે વર્ષથી ભાગ લીધો નથી. પરંતુ આ યુનિવર્સિટીના હરીફોની રમતોનું ધોરણ જોતાં એમ લાગે છે કે આ સાલ એ બંને રમતોમાં ભાગ લેવો જોઇએ કે જેથી આ યુનિવર્સિટીના હરિફોને વધુ સારો અનુભવ મળે અને તેમનું ધોરણ સુધરે. પરંતુ આ માટે ઇન્ટર-યુનિવર્સિટીની મંજૂર કરવામાં આવેલી રૂા. ૧૩,૦૦૦ની ગ્રાન્ટ કરતાં રૂા. ૩,૦૦૦ના વધુ ખર્ચ થાય એવો સંભવ છે અને તેથી ઇન્ટર યુનિવર્સિટીની રમતો માટે મંજૂર કરવામાં આવેલો ગ્રાન્ટમાં રૂા. ૩,૦૦૦ની વધુ રકમની ગ્રાન્ટ મંજૂર કરીને ઇન્ટર યુનિવર્સિટી માટે કુલ રૂા. ૧૬,૦૦૦ની ગ્રાન્ટ મંજૂર કરવા માટે આ બૉર્ડ સિન્ડિકેટને વિનંતી કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે બૉર્ડ ઑફ સ્પોર્ટ્સની વિનંતી માન્ય કરીને ઇન્ટર યુનિવર્સિટીની રમતો માટે કુલ રૂા. ૧૬,૦૦૦ની ગ્રાન્ટ મંજૂર કરવી.

૫૦. ૧૯૫૬ની સાલના પહેલા છ માસ દરમિયાન લેવાયેલી પરીક્ષાઓમાંથી બી.એ. ની પરીક્ષામાં જે વિદ્યાર્થીઓએ ગેરવ્યાજબી ઇલાજો વાપર્યા હોય તેવા મુલતવી રહેલા કેસો તેમજ પ્રાશ્નિકો, પરીક્ષકો, પ્રૂફ-રીડર્સ અને ઑફિસ સ્ટાફ કે જેમણે ભૂલો કરેલી તેવા કેસો ઉપર વિચારણા કરવા તા. ૧૮-૭-૫૬ના રોજ મળેલાં આ બાબત અંગેની સમિતિની નોંધ

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર સમિતિના તા. ૧૮-૭-૧૯૫૬ના કાર્યની નોંધને મંજૂર કરવી.

(નોંધ આ સાથે પરિશિષ્ટ "ઘ" તરીકે સામેલ છે)

૫૧. ૧૯૫૫-૫૬ના શૈક્ષણિક વર્ષ દરમિયાન જુદી જુદી ઍફિલિએટેડ કૉલેજોના ૨૨ નિયમિત વિદ્યાર્થીઓ અને ચાર એકસ્ટર્નલ વિદ્યાર્થીઓએ ફાઇનલ ઍલિજિબિલિટી સર્ટિફીકેટ લીધાં નથી તો તેમણે રાખેલો ટર્મ્સ, રજિસ્ટ્રેશન અને પરિણામ અંગે શું કરવું તે નક્કી કરવા બાબત.

(નોંધ:- ૨૨ નિયમિત વિદ્યાર્થીઓમાંથી ફક્ત બે જ વિદ્યાર્થીઓએ પરીક્ષામાં બેસવા માટે ફૉર્મ ભરેલાં પણ બેઠેલા નહિ. ચાર એકસ્ટર્નલ વિદ્યાર્થીઓમાંથી ત્રણ જણ પરિક્ષામાં ગેરહાજર રહેલા છે જ્યારે એક વિદ્યાર્થીનું પરિણામ અનામત રાખવામાં આવ્યું છે. અગાઉ આવા કેસોમાં વિદ્યાર્થીઓએ રાખેલ ટર્મ વગેરે રદ કરેલાં છે)

શ્રી. રજિસ્ટ્રારે ખુલાસો કર્યો હતો કે જે એક એકસ્ટર્નલ વિદ્યાર્થીનું પરિણામ અનામત રાખવામાં આવ્યું છે તે શ્રી. જી. એમ. જનીને ફાઇનલ ઍલિજિબિલિટી સર્ટિફીકેટ હવે મળે છે.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. જી. એમ. જનીનું પરિણામ જાહેર કરવું તથા જે નિયમિત વિદ્યાર્થીઓએ ફાઇનલ ઍલિજિબિલિટી સર્ટિફિકેટ રજૂ કર્યા નથી તેમના સત્રો રદ કરવાં

૫૪. ઑકટોબર ૧૯૫૬માં લેવાનારી પરીક્ષાઓમાંની ઇન્ટર કૉમર્સ અને બી.કૉમ. ની પરીક્ષાઓ માટે વલ્લભવિદ્યાનગરને કેન્દ્ર રાખવા બાબત બી. જે. વાણિજ્ય મહાવિદ્યાલય, વલ્લભ વિદ્યાનગરના પ્રિન્સિપલ તરફથી આવેલ પત્ર ઉપરથી વલ્લભ વિદ્યાનગરને માત્ર ઇન્ટર કૉમર્સની પરીક્ષા માટે કેન્દ્ર રાખવા પરવાનગી આપ્યાના ઉપકુલપતિશ્રીના કાર્યને બહાલી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપકુલપતિશ્રીના કાર્યને બહાલી આપવી.

૬૪. મુંબઇ યુનિવર્સિટીના લાયબ્રેરી ડિપ્લોમાનો અભ્યાસ કરવા લાયબ્રેરીના એક કલાર્ક શ્રી. શુકલની અગિયાર માસની કપાતે પગારે રજા મંજૂર થયેલી હોવાથી તેમની જગ્યાએ કામ કરવા માટે એક ટેમ્પરરી કલાર્ક નીમવા બાબત.

(નોંધઃ– શ્રી. શુકલને સિન્ડિકેટે કપાતે પગારે ૧૧ માસની રજા આપેલી છે પરંતુ તેઓ યુનિવર્સિટીની નોકરીમાં ચાલુ રહે છે તે જોતાં કામચલાઉ નિમણૂક કરવી કે કેમ તે પ્રશ્ન છે.)

આથી ઠરાવવામાં આવે છે કે લાયબ્રેરીના ઇશ્યુ કલાર્ક શ્રી. શુકલ કે જેમને કપાત પગારે અગિયાર માસની રજા આપવામાં આવી છે તેમની જગ્યાએ કામ કરવા માટે તેમની ગેરહાજરી દરમિયાન એક કલાર્કની હંગામી નિમણૂક કરવી.

૬૭. એચ. એલ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદમાં સિનિયર બી.કૉમ. ના વર્ગોમાં બીજા સત્રમાં ભરેલી હાજરી નિયમ કરતાં ઓછી હોવાથી તે બાંહેધરીના કારણે માફ કરવા બાબતની શ્રો. એસ. એસ. શાહની મજકૂર કૉલેજના પ્રિન્સિપલ મારફતે આવેલી અરજી.

(નોંધઃ– વિદ્યાર્થીની હાજરી નીચે મુજબ છે :

પ્રોફેસરનું નામ:	કુલ વ્યાખ્યાનો		ભરવાં જોઈતાં વ્યાખ્યાનો		ભરેલાં વ્યાખ્યાનો			ખૂટતી હાજરી.
	૧લી ટર્મ	૨જી ટર્મ	૧લી ટર્મ	૨જી ટર્મ	૧લી ટર્મ	૨જી ટર્મ		
૧. પ્રો. વાસવાણી	૬	૬	૪	૪	૬	૫		–
૨. પ્રો. લોકરાસ	૫	૧૦	૩	૭	૪	૨	–	૫
૩. પ્રો. ગજ્જર	૬	૧૦	૪	૬	૪	૫	–	૧

(વિદ્યાર્થીએ ક્રોનીક મેલેરીયા અંગેનું મેડિકલ સર્ટિફીકેટ રજૂ કર્યું છે.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી એસ. એસ. શાહની ખૂટતી હાજરી માફ કરવી.

૨૬. શ્રી. બી. આર. શેનોયને તા. ૧૧-૨-૫૬ ના દિવસે વગર પગારની રજા કેજ્યુઅલ રજા સાથે જોડી શકાય તેવી રીતે મંજૂર કરવા બાબત.

(નોંધઃ– સિન્ડિકેટે મંજૂર કરેલા નિયમ મુજબ કેજ્યુઅલ રજા સાથે વગર પગારની રજા જોડી શકાય નહિ. શ્રી. શેનોય તા. ૬-૨-૫૬ થી તા. ૧૦-૨-૫૬ સુધી કેજ્યુઅલ રજા ઉપર હતા, તેથી તે કેજ્યુઅલ રજાઓ તા. ૧૧-૨-૫૬ ની વગર પગારની રજા સાથે જોડવા મંજૂર કરવા બાબત તેઓ જણાવે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. બી. આર. શેનોયને તા. ૧૧-૨-૫૬ ની વગર પગારની રજા તેમની તા. ૧૦-૨-૫૬ સુધીની કેજ્યુઅલ રજા સાથે જોડવા પરવાનગી આપવી.

૨૭ શ્રી. ઉમાશંકર જોષીની ૧૬મી જુલાઇ ૧૯૫૬ થી ત્રણ અઠવાડિયાની રજા ઉપકુલપતિશ્રીએ મંજૂર કરી છે તેને બહાલી આપવા બાબત તેમજ આ રજાને કઇ રજા ગણવી તે વિષે નિર્ણય કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે શ્રી. ઉમાશંકર જોષીને તા. ૧૬-૭-૧૯૫૬ થી ત્રણ અઠવાડિયાની રજા મંજૂર કર્યાના ઉપકુલપતિશ્રીના કાર્યને બહાલી આપવી

(નોંધઃ- આ રજાનો પ્રકાર કયો ગણવો તે વહીવટી પ્રશ્ન હોઈ ઉપકુલપતિશ્રીએ નિયમ પ્રમાણે પગલાં લેવાનાં રહે છે એવો સભાગૃહનો સામાન્ય અભિપ્રાય હતો.

૩૩. પહેલાંના ઑફિસ સુપ્રિન્ટેન્ડેન્ટ શ્રી. એસ. પી. મેઢને પરીક્ષા અંગેનું જે માસિક એલાવન્સ રૂપિયા ત્રીસ આપવામાં આવતું હતું તે મુજબ હાલના ઑફિસ સુપ્રિન્ટેન્ડેન્ટ શ્રી. વી. એમ. દેસાઇને આપવા બાબતની અરજી.

(નોંધઃ- સિન્ડિકેટે શ્રી. વી. એમ. દેસાઈની નિમણૂક તા. ૨૫-૬-૫૬ થી કરેલી છે. ઑફિસિયેટીંગ ઑફિસ સુપ્રિન્ટેન્ડેન્ટ તરીકે તા ૨૫-૪-૫૬ થી કામ કરે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે ઑફિસ સુપ્રિન્ટેન્ડેન્ટ શ્રી. વી. એમ. દેસાઇને તેમની ઑફિસિએટીંગ ઑફિસ સુપ્રિન્ટેન્ડન્ટની નિમણૂકની તારીખથી માસિક રૂા ૩૦. નુ પરીક્ષા અંગેનુ ભથ્થું આપવું.

૪૫. યુનિવર્સિટીમાં જોડાયેલી કૉલેજોમાં ઑનર્સ ગ્રુપ માટે ૧. લેક્ચરરથી ચલાવી ન લેતાં પ્રોફેસરની નિમણૂક કરવા માટે સૂચના આપવા, ૨. પ્રોફેસરની નિમણૂક કરવામાં ન આવે તો યુનિવર્સિટી શું પગલાં લઇ શકે તે જણાવવા, ૩. આવી કૉલેજોની યાદી મોકલી આપવા. ૪. પ્રોફેસરો જે વિષયો શિખવવા માટે લાયક હોય તે કરતાં બીજા વિષયો શીખવાડવાની જવાબદારી કેટલીક કૉલેજોમાં સોંપવામાં આવે છે તે માટે યુનિવર્સિટી શું કરી શકે? વગેરે બાબતો અંગે શ્રી. ચીમન પટેલ તરફથી આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત

(નોંધઃ- કૉલેજોમાંથી આવતા ટાઇમટેબલોની ચકાસણી કરવા સમિતિ નીમવા બાબતની શ્રી. ચીમન પટેલની દરખાસ્ત પર સિન્ડિકેટે એવો ઠરાવ કર્યો હતો કે આ શકય નથી. બી.એ. માં સ્પેશ્યલ વિષય તરીકે શીખવાતા વિષયો માટે અલગ પ્રોફેસરોની નિમણૂક કરવી જોઇએ એમ સામળદાસ કૉલેજના પ્રિન્સિપલને જણાવવું)

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબત જરૂરી માહિતી એકઠી કરીને આ પ્રશ્ન ફરીથી સિન્ડિકેટ આગળ રજૂ કરવો.

૮૨. ફર્સ્ટ યરમાં હાલ "એ", "બી" અને "સી" એમ ત્રણ ગ્રુપ છે પરંતુ ગ્રુપ "સી" કે જેમાં આર્ટ્સ અને સાયન્સના વિષયોનો જોગો અભ્યાસક્રમ છે તે ગ્રુપ કોઈપણ કૉલેજ શીખવતી નથી અને માત્ર પ્રોવીઝન રેગ્યુલેશન ૮ માં રાખેલું છે તેથી તે ચાલુ રાખવો કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે ફર્સ્ટ ઇયરમાંથી "સી" ગ્રુપની જોગવાઇ ૨૬ કરવા ઘટતાં પગલાં લેવાં."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી.

(આથી ઑ. ૧૬૩ અને ૧૯૩ તથા રે. ૮ અને ૯ માં થતા સુધારાની નકલ પરિશિષ્ટ "ચ" તરીકે સામેલ છે.)

૮૩–અ. ઑ. ૧૬૦ પ્રમાણે જો વિદ્યાર્થી ફર્સ્ટ ઇયર ગ્રુપ "એ" અથવા "બી" માંથી "બી" અથવા "એ" માં જવા માંગતો હોય તો તે નવા ગ્રુપ માટે સ્ટે ૧૭૩ માં જણાવેલી લાયકાત ધરાવતો હોવો જોઇએ એમ સિન્ડિકેટે તેની તા. ૨–૭–૧૯૫૫ ની બેઠકમાં ઠરાવ્યું છે પરંતુ ઑ. ૧૬૧ પ્રમાણે કોઈ વિદ્યાર્થી ફર્સ્ટ ઇયર કૉમર્સમાંથી ફર્સ્ટ ઇયર ગ્રુપ "એ", "બી" અથવા "સી" માં જવા માગતો હોય તો તેવી લાયકાત ધરાવતો હોવો જોઇએ કે નહિ તે અંગે નિર્ણય કરેલો નથી તો ઑ. ૧૬૦ અને ઑ. ૧૬૧ માં નીચે મુજબનો પેરેગ્રાફ ઉમેરી સુધારો કરવા બાબત.

"Provided that students seeking change to any of the Groups must satisfy the requirements of Statute 173 for admission to the group concerned."

સિન્ડિકેટનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે ઑર્ડિનન્સ નં. ૧૬૦ અને ૧૬૧ માં ફેરફાર કરવા માટેનો કાર્યાલયનો પ્રસ્તાવ ઍકેડેમિક કાઉન્સિલ તરફ વિચારણા માટે મોકલી આપવો."

અને

૮૩–બ. યુનિવર્સિટી હેન્ડબુક ભાગ ૨ માં ફર્સ્ટ ઇયરના અભ્યાસક્રમને લગતી અસંબદ્ધતા દૂર કરવા ઑર્ડિનન્સ નં. ૧૫૯, ૧૬૦ અને ૧૬૧ માં શાબ્દિક ફેરફાર કરવા અંગે વિચારણા કરવા બાબત.

નોંધ:– આપણી યુનિવર્સિટીમાં એફ.વાય. આર્ટ્સ, એફ.વાય. સાયન્સ, એફ.વાય. કૉમર્સ અને એફ.વાય (એગ્રિ) એ પ્રમાણે જુદી જુદી ફેકલ્ટીઓનાં અભ્યાસક્રમો છે, અને તેથી ફર્સ્ટ ઇયર ક્લાસ આ ચારે ફેકલ્ટીઓમાં જુદો જુદો છે. આ યુનિવર્સિટી સ્થપાઇ તે પહેલાં મુંબઇ યુનિ. માં એફ.વાય. આર્ટ્સ, એફ.વાય. સાયન્સ અને એફ.વાય. (એગ્રિ.) માટે "Common" હતો અને તેથી ફર્સ્ટ ઇયરના અભ્યાસક્રમમાં (a), (b) અને (c) એમ ગ્રુપો હતાં. આપણી હેન્ડબૂકમાં પણ ફર્સ્ટ ઇયર ક્લાસીઝમાં હજી તે પ્રમાણે જ ચાલુ રહે છે અને તેથી F.Y. (a) Group એટલે ફર્સ્ટ ઇયર આર્ટ્સ અને F.Y. (b) Group એટલે ફર્સ્ટ ઇયર સાયન્સ એમ માની લઈ ચલાવવામાં આવે છે. ફર્સ્ટ ઇયર (એગ્રિ.) માટે નવા અભ્યાસક્રમમાં જુદી જ

જોગવાઇ છે અને F.Y. (c) Group ગુજરાત યુનિવર્સિટી સાથે જોડાયેલી કોઇપણ કૉલેજમાં શીખવવામાં આવતું નથી.

આઇટેમ નં. ૮૩-અ. અને ૮૩-બ. ઉપરનો
ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે સુધારેલા ઑ. ૧૬૦ અને ૧૬૧ મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

આથી ઠરાવવામાં આવે છે કે સુધારેલા ઑર્ડિનન્સ ૧૫૯, ૧૬૦ અને ૧૬૧ તથા ઑ. ૧૫૯-એ અને ૧૬૦-એ. મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ભલામણો મંજૂર કરવી તથા સુધારેલા ઑર્ડિનન્સ ૧૫૯, ૧૬૦ અને ૧૬૧ તથા ઑર્ડિનન્સ ૧૫૯-એ. અને ૧૬૦-એ. મંજૂર કરવા તથા તેમને તાત્કાલિક અમલમાં આવેલા ગણવા. (સુધારેલા ઑ. ૧૫૯, ૧૬૦ અને ૧૬૧ તથા ઑ. ૧૫૯-એ, અને ૧૬૦-એ. ની નકલો પરિશિષ્ટ "છ" તરીકે સામેલ છે.)

૮૪. એગ્રિકલ્ચરના નવા અભ્યાસક્રમ અંગેનો ઑ. ૨૦૪-બી. પસાર થતાં ઑર્ડિનન્સ ૧૫૮ સાથે સુસંગતતા જળવાતી નહોતી તેથી ઑર્ડિનન્સ ૧૫૮ માં તે પ્રમાણે સુધારો કરવા બાબતની પ્રિન્સિપલ ડૉ. એમ. ડી પટેલની સૂચના ઉપરના ઍકેડેમિક કાઉન્સિલની નીચેની ભલામણ સિન્ડિકેટે મંજૂર કરી હોવાથી તે પ્રમાણે સુધારેલો ઑ. ૧૫૮.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે ઑર્ડિનન્સ નં. ૧૫૮ માં સુધારો કરવા માટેની પ્રિન્સિ. ડૉ. એમ. ડી. પટેલની સૂચના સ્વીકારવી તથા ઑર્ડિનન્સમાં જરૂરી ફેરફાર કરવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી."

સિન્ડિકેટનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી."

ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે સુધારેલો ઑ. નં. ૧૫૮ મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી તથા સુધારેલો ઑર્ડિનન્સ ૧૫૮ ને તાત્કાલિક અમલમાં આવેલો ગણવો.

(સુધારેલો ઑર્ડિનન્સ ૧૫૮ ની નકલ પરિશિષ્ટ "જ" તરીકે સામેલ છે.)

૮૬. એસ.એસ.સી. પાસ થયેલ વિદ્યાર્થીઓ કે જે રૂલ્સ. ૧૭૩ પ્રમાણે કોઇપણ કૉલેજના ફર્સ્ટ ઇયરના વર્ગમાં દાખલ થવા માટે લાયક ન હોય પણ તેઓ જો પાછળથી બે કે ત્રણે અલગ અલગ વિષયોમાં પરીક્ષામાં બેસે અને નાપાસ થાય છતાં તેમના અગાઉના પરિણામ સહિત પાછળથી પાસ કરેલા વિષયો સાથે રૂલ્સ્યુ. ૧૭૩ ની જરૂરિયાતો પૂરી પાડતા હોય તો તેમને કૉલેજના ફર્સ્ટ ઇયરના વર્ગમાં દાખલ કરવા માટે લાયક ગણવા બાબતનો શ્રી. રજિસ્ટ્રારે ઘડેલો રેગ્યુલેશન નં. ૭-એ મંજૂર કરવા બાબત.

ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ

આથી ઠરાવવામાં આવે છે કે રેગ્યુલેશન નં. ૭-એ. માં "provided થી under St. 173" સુધીના શબ્દો રદ કરીને નીચે પ્રમાણે ઉમેરો કરી તે મંજૂર કરવો:

"On his producing a certificate that he has obtained the requisite number of marks in the subject or subjects concerned."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ મંજૂર કરવો.

(રેગ્યુલેશન નં. ૭-એ. ની નકલ પરિશિષ્ટ "ઝ" તરીકે સામેલ છે.)

૮૮. સિન્ડિકેટે સુધારેલા ઍાર્ડિનન્સો ૧૭૪-સો, ૧૮૬ અને ૩૦૨-ઈ. ને સેનેટે રિફર બેક કર્યા છે તે અંગેનો સિન્ડિકેટનો ઠરાવ અને તે અંગે ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ.

(નોંધ:- ઍા. ૧૭૪-સી. રિફર બેક કરવામાં રેગ્યુલર વિદ્યાર્થી તરીકે બેઠેલા વિદ્યાર્થીએ મેળવેલ એકઝમ્પશન એ વિદ્યાર્થી એકસ્ટર્નલ તરીકે બેસે તો પણ ચાલુ રહેવું જોઇએ એ ચર્ચાનો મુદ્દો હતો.

ઍા. ૧૮૬ રિફર બેક કરવામાં, સ્નાતક થતાં પહેલાં પણ કોઇ વિદ્યાર્થીએ ત્રણ વર્ષ શાળામાં નોકરી કરી હોય તો તે પણ ચાલી શકે એ ચર્ચાનો મુદ્દો હતો.

ઍા. ૩૦૨-ઈ. માં હિન્દીના વિષયનું પ્રોવિઝન ન હોવાથી રિફર બેક કરાયો છે).

સિન્ડિકેટનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે આ બાબત ઍકેડેમિક કાઉન્સિલને વિચારણા માટે મોકલી આપવી."

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

આથી ઠરાવવામાં આવે છે કે—

૧. ઍા. ૧૭૪-સી. નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારીને મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી:

O. 174-C. : Exemptions earned by a candidate at an Examination shall be valid irrespective of where such exemptions are earned or claimed.

૨. ઑ. ૧૮૬ માં "three years" અને "preceding" એ શબ્દોની વચ્ચેનો "immediately" એ શબ્દ કાઢી નાંખીને મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

સુધારેલો ઑ. ૧૮૬ નીચે મુજબ વંચાશે :

O. 186 : The examination for Part I may be taken after two terms' attendance at a Training College as required in ordinance 185 (i). Candidates will not be permitted to appear for Part II unless they produce a satisfactory certificate along with their application for admission to the examination that they have served **subsequent to their passing the Degree Examination** as full-time teachers for 100 working days on the staff of a school or schools recognised or approved by the Syndicate, prior or subsequent to their keeping two terms' attendance in a Training College. In the case of candidates, however, who have served as undergraduate teachers in recognised schools for at least three years preceding their admission to the course, the condition of service after graduation will not apply.

૩. ઑ. ૩૦૨–ઈ. માં હિંદીનો વિષય ઉમેરવાની બાબત ફાર્મસીની અભ્યાસ સમિતિને વિચારણા માટે મોકલી આપવી.

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ અનુસાર સુધારેલા ઑર્ડિનન્સ ૧૭૪–સી. તથા ૧૮૬ મંજૂર કરવા તથા તેમને તાત્કાલિક અમલમાં આવેલા ગણવા.

(નોંધ:- ઑર્ડિનન્સ ૩૦૨–ઈ. અંગે ખુલાસો કરવામાં આવ્યો હતો કે ઍકેડેમિક કાઉન્સિલે આ બાબત ફાર્મસીની અભ્યાસસમિતિને વિચારણા માટે મોકલી આપવાનું ઠરાવેલું એટલે આ બાબત પરત્વે સિન્ડિકેટને હાલને તબક્કે કશું કરવાપણું રહેતું નથી.)

૯૯. સિન્ડિકેટે નવા ઘડેલા ઑર્ડિનન્સો ૧૨૦–એ, ૧૨૦ બી. અને ૨૧૭–એ. ને સેનેટે સ્વીકાર કર્યા છે તે અંગેનો સિન્ડિકેટનો ઠરાવ અને તે અંગે ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ.

(નોંધ:- ઑ. ૧૨૦–એ. અને ૧૨૦–બી. પરની ચર્ચાનો મુદ્દો એ હતો કે આ બન્ને ઑર્ડિનન્સો એકબીજા સાથે સંકળાયેલા હોઇ તેનો અમલ પણ એક સાથે જ થવો જોઇએ તથા ઑ. ૧૨૦–બી. માં "shall be progressively implemented" એ શબ્દોમાં રહેલી સંદિગ્ધતા પણ દૂર કરવી જોઇએ.

ઑ. ૨૧૭–એ. માં "Applied Mechanics" એ શબ્દો ઉમેરવાના હોઇ ઑર્ડિનન્સ રિફર બેક કરાયો છે.)

સિન્ડિકેટનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે આ બાબત ઍકેડેમિક કાઉન્સિલને વિચારણા માટે મોકલી આપવી."

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

આથી ઠરાવવામાં આવે છે કે —

૧. ઑ. ૧૨૦–એ. માં નીચે પ્રમાણે સુધારા કરીને મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવીઃ

અ. એકસ્પ્લેનેશન નં. ૧ માં "Principal subjects" ને બદલે "Principal or Special subjects" એમ ફેરફાર કરવો.

આ. એકસ્પ્લેનેશન નં. ૨ માં "Geography" ને બદલે "Geography and Geology" એમ ફેરફાર કરવો તથા તેની અંતે "for the purposes of this ordinance" એમ ઉમેરો કરવો.

ઇ. પેટા કલમ એકમાં "13 periods", 15 periods" અને "20 periods" ને બદલે અનુક્રમે "10 periods", "13 periods" અને "15 periods" એમ ફેરફાર કરીને તે અંગે જરૂરી આનુષંગિક ફેરફાર પેટા કલમમાં બધે કરવા.

ઉ. "In the case of the teachers" થી શરૂ થતી અને "= 3 under Graduate lectures" થી પુરી થતી કંડિકા કાઢી નાખવી.

સુધારેલો ઑ. ૧૨૦-એ. ની નકલ સામેલ છે.

૨. ઑ. ૧૨૦–બી. માં નીચે પ્રમાણે ફેરફાર કરીને સિન્ડિકેટને મંજૂર કરવા માટે ભલામણ કરવી."

અ. પેટા–કલમ એકમાંથી "except when expressly otherwise stated" એ શબ્દો કાઢી નાખવા.

આ. પેટા કલમ ચારમાંથી "This sub-clause shall come into effect from 20–6–1958" એ શબ્દો કાઢી નાખવા.

(નોંધ:– "shall be progressively implemented by all colleges" એ સંદિગ્ધ હોવાથી એમાં ફેરફાર કરવાની જરૂર સભાગૃહને લાગી નહોતી.)

૩. ઑ. ૨૧૭–એ. માં મેથેમેટિકસની સાથે "Applied Mechanics" શબ્દો ઉમેરીને તે મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ અનુસાર ઑ. ૧૨૦–એ, ૧૨૦–બી. અને ઑ. ૨૧૭–એ. મંજૂર કરવા તથા તેમને તાત્કાલિક અમલમાં આવેલા ગણવા.

(ઑર્ડિનન્સ ૧૨૭–એ., ૧૨૦–બી. અને ૨૧૭–એ. ની નકલ પરિશિષ્ટ "ટ" તરીકે સામેલ છે.)

૯૦. સ્ટેટ્યુટ ૯૯ માં નીચે મુજબના સુધારો કરવા બાબતનો સિન્ડિકેટનો ઠરાવ સેનેટે રિફર બેક કર્યો છે તે અંગેનો સિન્ડિકેટનો ઠરાવ અને તે અંગે ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ:

"In S. 99, the subject of "Town Planning and Architecture" be added under a new heading (3. A.) Joint Faculties of Arts including Education and Technology including Engineering."

(નોંધ:- આ અંગે ફૅકલ્ટી ઑફ ટેકનોલૉજી ઇન્કલ્યુડિંગ ઍન્જિનિયરીંગ, ફૅકલ્ટી ઑફ આર્ટ્સ ઇન્કલ્યુડિંગ એજ્યુકેશન, ઍકેડેમિક કાઉન્સિલ તથા સિન્ડિકેટના ઠરાવો નીચે મુજબ છે:)

ફૅકલ્ટી ઑફ ટેકનોલૉજી ઇન્કલ્યુડિંગ ઍન્જિનિયરીંગનો ઠરાવ

"Resolved that the Dean of the Faculty of Arts including Education be requested to transfer the subject of "Town Planning and Architecture" coming under the Fine Arts to the Faculty of Technology including Engineering."

ફૅકલ્ટી ઑફ આર્ટ્સ ઇન્કલ્યુડિંગ એજ્યુકેશનનો ઠરાવ.

"આથી ઠરાવવામાં આવે છે કે ટાઉન પ્લાનીંગ અને આર્કીટેકચરનો વિષય જોઇન્ટ ફૅકલ્ટીઝ ઑફ આર્ટ્સ ઇન્કલ્યુડિંગ એજ્યુકેશન ઍન્ડ ટેકનોલૉજી ઇન્કલ્યુડિંગ ઍન્જિનિયરીંગ હેઠળ મૂકવો અને તે મુજબ કરવા આ ફૅકલ્ટી ઍકેડેમિક કાઉન્સિલને ભલામણ કરે છે."

ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે ફૅકલ્ટી ઑફ આર્ટ્સ ઇન્કલ્યુડિંગ એજ્યુકેશનની ભલામણ મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી."

સિન્ડિકેટનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ મંજૂર કરવો અને તે અંગે સ્ટેટ્યુટમાં જરૂરી ફેરફાર કરવા."

(નોંધ:- આ સ્ટેટ્યુટ રિફર બેક કરતાં ચર્ચાનો મુદ્દો એ હતો કે આ વિષય અભ્યાસ સમિતિને લગતો છે તેથી સ્ટે. ૧૦૮ માં સુધારો કરવાની જરૂર છે અને સ્ટે. ૯૯ માં આનુષંગિક સુધારો કરવાની જરૂર છે.)

સિન્ડિકેટનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે આ બાબત ઍકેડેમિક કાઉન્સિલને વિચારણા માટે મોકલી આપવી."

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે સ્ટેટ્યુટ નં. ૧૦૮માં "ફૅકલ્ટીઝ ઑફ આર્ટ્સ ઇન્કલ્યુડિંગ એજ્યુકેશન ઍન્ડ ટેકનોલૉજી ઇન્કલ્યુડિંગ ઍન્જિનિયરીંગ" એમ નવું મથાળું કરીને ૪૦ મા વિષય તરીકે "ટાઉન પ્લાનીંગ ઍન્ડ આર્કિટેકચર" એ વિષય મજકૂર બને ફૅકલ્ટીઓની નીચે ઉમેરીને સુધારેલો સ્ટેટ્યુટ મંજૂર કરવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી.

આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે સ્ટે. નં. ૯૯ માં "Town Planning and Architecture" એ વિષય "Faculty of Arts including Education" માં "Humanities" ના મથાળા હેઠળ તેમજ "Faculty of Technology including Engineering" માં Architecture" ને બદલે "Town Planning an Archite cture" નો વિષય મૂકવો.

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ માન્ય કરવી તથા 'હોમ સાયન્સ'નો વિષય સ્ટે. ૯૯ માં "સોશ્યલ સ્ટડીઝ" એ મથાળા હેઠળ "ફૅકલ્ટી ઑફ આર્ટ્સ ઇન્કલ્યુડિંગ એજ્યુકેશન" માં અને સ્ટે ૧૦૮ માં "ફૅકલ્ટી ઑફ આર્ટ્સ ઇન્કલ્યુડિંગ એજ્યુકેશન" માં ૧૮-એ. વિષય તરીકે મૂકીને સુધારેલા સ્ટેટ્યુટ ૯૯ તથા ૧૦૮ મંજૂર કરવા સેનેટને ભલામણ કરવી.

(સુધારેલા સ્ટે. ૯૯ તથા ૧૦૮ ની નકલ આ સાથે પરિશિષ્ટ "ઠ" તરીકે સામેલ છે.)

બાબત નં. ૯૧, ૯૨ અને ૯૪ ની વિચારણા એક સાથે કરવામાં આવી હતી.

૯૧. ગુજરાત યુનિવર્સિટી સાથે જોડાયેલી કૉલેજોમાં તથા માન્ય થએલી સંસ્થાઓમાં નિમાતા શિક્ષકો માટેની ઓછામાં ઓછી લાયકાત અંગે સિન્ડિકેટે ઘડેલો સ્ટેટ્યુટ ૧૩૫-એ. સેનેટ રિફર કર્યો છે તે અંગે સિન્ડિકેટનો ઠરાવ અને તે અંગે ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ.

(નોંધ:- ૧. ચર્ચાનો મુદ્દો એ હતો કે બીજા સ્નાતકોની જેમ બી.ઇડી ના પહેલા વર્ગના સ્નાતકોને પણ લેકચરરની જગા માટે લાયક ગણવા જોઇએ.

૨. આ અંગે પ્રો. ચીમન પટેલ નીચેનાં સૂચનો વિચારવાની વિનંતી કરે છે:

1. For Professor.

(a) B.A. (Hons.) with 1st class and M.A. Second Class.

ઉપરોક્ત લાયકાત ધરાવનારને પ્રોફેસર તરીકે નીમી શકાય એવું મારૂં સૂચન છે. આપણે ત્યાં એમ.એ. ફર્સ્ટ કલાસને સીધી રીતે જ નીમી શકાય છે, પછી બી.એ. માં થર્ડ કલાસ હોય તો પણ વાંધો લેવામાં આવતો નથી. તેથી ઉપરોક્ત લાયકાત ધરાવનારને પણ પ્રોફેસર તરીકે નીમવાની જોગવાઇ કરવામાં

આવે તો તેમાં કશું અજુગતું નથી. ઉપરાંત આવી લાયકાત ધરાવનારને અનુસ્નાતક શિક્ષકના મદદનીશ તરીકે પણ માન્ય કરવામાં આવે છે.

(b) B.A. (Hons.) II Class and M.A. II class with three years' teaching experience.

ત્રણ વર્ષનો અનુભવ હોય તો, હાલમાં જોડાયેલી કૉલેજોને પ્રોફેસરો નીમવાની જે મુશ્કેલીઓ નડે છે તે જોતાં, નીમવાની છૂટ આપતી જોગવાઇ કરવા જેવી છે. આ સૂચનો વિચારાશે એવી આશા છે ? ”

સિન્ડિકેટનો ઠરાવ

“આથી ઠરાવવામાં આવે છે કે આ બાબત ઍકેડેમિક કાઉન્સિલને વિચારણા માટે મોકલી આપવી.”

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

“આથી ઠરાવવામાં આવે છે કે પ્રિન્સિ. એલ. આર. દેસાઈનાં સૂચન માન્ય કરવાં તથા પ્રો. ચીમન પટેલનાં સૂચનો પૈકી સૂચન “બી” માં “Three years' teaching experience” એ શબ્દો પછી “in post Intermediate Classes” એ શબ્દો ઉમેરીને તે સૂચનો માન્ય કરવાં તથા તે મુજબ સ્ટેટ્યુટ નં. ૧૩૫–એ. ના મુસદ્દામાં ફેરફાર કરીને તે મંજૂર કરવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી.”

૯૨. **શ્રી. ગિરિરાજ નવીનચંદ્ર દેસાઇ જેઓ એલ.એલ.બી. છે અને અમદાવાદમાં છેલ્લાં બાર વર્ષથી વકીલાત કરે છે તેમને અને તેમના જેવી લાયકાતવાળા બીજાઓને લૉ કૉલેજમાં પાર્ટ-ટાઇમ પ્રોફેસર અથવા લેક્ચરર તરીકે નીમી શકાય કે કેમ તે જણાવવા બાબતનો સર એલ. એ. શાહ લૉ કૉલેજ, અમદાવાદના પ્રિન્સિપલ તરફથી આવેલા પત્ર ઉપરનો સિન્ડિકેટનો ઠરાવ અને તે અંગે ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ.**

સિન્ડિકેટનો ઠરાવ

“આથી ઠરાવવામાં આવે છે કે ઇન્ટરમિડિયેટ પરીક્ષા પાસ કર્યા પછી સીધું એલ.એલ.બી.ના અભ્યાસક્રમ માટે જઇ શકાય છે તે મુદ્દો લક્ષમાં લઈને ફૅકલ્ટી ઑફ લૉના શિક્ષકોની ઓછામાં ઓછી લાયકાતની પુનર્વિચારણા કરવા આ બાબત ઍકેડેમિક કાઉન્સિલ સમક્ષ મોકલવી.”

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

આથી ઠરાવવામાં આવે છે કે બી.એ.,બી.એસસી. કે બી.કૉમ. થયા સિવાય જે વ્યક્તિઓ એલ.એલ.બી. થઇ હોય તેમને ૧૦ વર્ષનો વ્યવસાયી અનુભવ “(Professional experience”) હોય તો તેવી વ્યક્તિઓને ફૅકલ્ટી ઑફ લૉ માં શિક્ષક તરીકે નીમી શકાય તથા તે પ્રમાણે સ્ટે. ૧૩૫–એ. ના મુસદ્દામાં જરૂરી ફેરફાર કરીને તે મંજૂર કરવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી.

અને

૯૪. તા. ૧૬-૮-૫૬ના રોજ ઉપકુલપતિશ્રીની પરવાનગીથી જામનગર ખાતે મળેલી બૉર્ડ ઑફ સ્ટડીઝ ઇન આયુર્વેદિક મેડિસિનની બેઠકમાં બી.એમ.એસ.એ. પરીક્ષા પાસ કરવા અંગેનું ધોરણ નક્કી કરવા અને આયુર્વેદિક કૉલેજમાં પ્રિન્સિપલ, પ્રોફેસર, એસિસ્ટન્ટ પ્રોફેસર, ડેમોન્સ્ટ્રેટર વગેરેની નિમણૂક અંગે ઓછામાં ઓછી લાયકાત નક્કી કરવા અંગે પસાર કરેલા ઠરાવ મંજૂર કરવા અંગે ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે પ્રિન્સિપલ માટેની લાયકાતની કંડિકામાંથી "He should not be under 40 years of age" એ વાકય કાઢી નાખીને મજકૂર ફેકલ્ટીની ભલામણ મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ભલામણો માન્ય કરવી તથા ફૅકલ્ટી ઑફ આર્ટ્સમાં હિંદી શિક્ષણ માટેની શૈક્ષણિક લાયકાતો, ફૅકલ્ટી ઑફ લૉ માં બાર-એટ-લૉની શૈક્ષણિક લાયકાત તથા ફૅકલ્ટી ઑફ આયુર્વેદિક મેડિસિનમાં શિક્ષકોની શૈક્ષણિક લાયકાતો અંગેના ઍકેડેમિક કાઉન્સિલની ભલામણથી સિન્ડિકેટે અનુક્રમે તેની તા. ૬/૭-૬-૫૫ની ખાસ સભા (આ.નં. ૧૫૦), તા. ૬/૭-૬-૫૫ની ખાસ સભા (આ.નં. ૮૨) અને તા. ૨૩/૨૪-૬-૫૬ની ખાસ સભા (આ.નં. ૯૯) માં પાસ કરેલા ઠરાવો લક્ષમાં લઈને ઘડેલો સ્ટે ૧૩૫-એ. મંજૂર કરવા સેનેટને ભલામણ કરવી.

(સ્ટે. ૧૩૫-એ. ની નકલ પરિશિષ્ટ "ડ" તરીકે સામેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર કૉલેજની જુન ૧૯૫૬ થી બી.એ. જનરલ ઇન હિન્દીના અભ્યાસક્રમ માટે ઍફિલિએશન આપવાની માગણી માન્ય કરવી નહિ તથા આ વિષય માટે જુન ૧૯૫૭ થી ઍફિલીએશન અંગે શ્રી. મગનભાઇ દેસાઇને સ્થાનિક તપાસ કરવા માટે નીમવા.

૫. રામજી ગ્રેજ્યુએટ ટીચર્સ કૉલેજ, પોરબંદરનું બી. એડ. ના અભ્યાસક્રમોનું તા ૨૦-૬-૫૭ થી જોડાણ ચાલુ રાખવા બાબત મજકૂર કૉલેજના પ્રિન્સિપલ તરફથી આવેલી અરજી

આથી ઠરાવવામાં આવે છે કે નીચે જણાવેલા સભ્યોની બનેલી સ્થાનિક તપાસસમિતિ નીમવી :

૧. પ્રિન્સિ. એલ. આર દેસાઇ

૨. પ્રિન્સિ. સી. ડી. દેશપાંડે

૬. શામળદાસ કૉલેજ અને સર પી. પી. ઇન્સ્ટિટ્યુટ ઑફ સાયન્સ, ભાવનગરને ગ્રૂપોજીમાં બી.એસસી. (સબ્સિડિયરી)ના અભ્યાસક્રમો માટે વધારાનું જોડાણ તા. ૨૦ મી જુન ૧૯૫૭ થી આપવા અંગે મજકૂર કૉલેજના પ્રિન્સિપલ તરફથી આવેલી અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. જી. ટી. પંડયાને સ્થાનિક તપાસ કરવા માટે નીમવા.

૭. ડી. કે. વી. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, જામનગરને બી.એ. અને બી.એસસી. ના અભ્યાસક્રમો માટે તા. ૨૦-૬-૫૭ થી જોડાણનું એક્સ્ટેન્શન આપવા અંગેની સૌરાષ્ટ્ર સરકારના ડાયરેક્ટર ઑફ એજ્યુકેશન તરફથી આવેલી અરજી અંગે સિન્ડિકેટના નીચેના ઠરાવ ઉપર પુનર્વિચારણા કરવા બાબત.

સિન્ડિકેટનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર કૉલેજોને જોડાણ હજી આપી શકાયુ નથી, એટલે જોડાણ ચાલુ રાખવાની અરજી પરત્વે વિચારણા થઈ શકે નહિ.

વધુમાં ઠરાવવામાં આવે છે કે મજકૂર કૉલેજના જોડાણ અંગેની શરતોનું યથાર્થ પાલન કરવા માટે જણાવવું તથા વધુમાં ઉમેરવું કે જોડાણ વિનાની કૉલેજોમાં દાખલ કરવામાં આવેલા વિદ્યાર્થીઓનાં સત્ર માટે યુનિવર્સિટી જવાબદાર ગણાશે નહિ."

(નોંધ:- ૧. જૂન ૧૯૫૬ થી જોડાણ આપવા અંગેની શરતોનું યથાર્થ પાલન થયું છે તેથી સિન્ડિકેટના ઠરાવ અનુસાર મુંબઈ સરકારને તે પ્રમાણે જણાવી નોટિફીકેશન મોકલી આપવા વિનંતી કરી છે એટલે હવે બી.એ. તથા બી.એસસી. ના અભ્યાસક્રમો માટે જૂન ૧૯૫૭ થી વધારાનું જોડાણ આપવાની અરજી ઉપર સ્થાનિક તપાસ સમિતિ નીમવા બાબત પ્રશ્ન છે.

૨. કૉલેજે નીચેના વિષયો માટે વધારાનું જોડાણ તા. ૨૦-૬-૧૯૫૭ થી માગ્યું છે:

બી.એ. સ્પેશ્યલ – ૧. ગુજરાતી, ૨. ઇકોનોમિકસ, ૩. ફિલોસોફી અને ૪. સોશિયોલૉજી.

બી.એ. જનરલ – ૧. ગુજરાતી, ૨. સંસ્કૃત, ૩. ફિલોસોફી, ૪. ઇકોનોમિકસ, ૫. મેથેમેટિકસ, ૬. હિસ્ટરી, ૭. સોશિયોલૉજી અને ૮. ઇંગ્લીશ.

બી.એસ.સી. પ્રિન્સિપલ – ૧. કેમિસ્ટ્રી, ૨. મેથેમેટિકસ

બી.એસસી. સબ્સિડીયરી – ૧. ફિઝિકસ, ૨. બૉટાની૰ ૩. મેથેમેટિકસ. ૪. કેમેસ્ટ્રી.)

આથી ઠરાવવામાં આવે છે કે નીચે પ્રમાણે સભ્યોની બનેલી બે અલગ અલગ તપાસ સમિતિઓ નીમવી:

વિજ્ઞાન માટે

૧. પ્રિન્સિ. ડૉ. કે. જી. નાયક

૨. ડૉ. વાય. જી. નાયક
૩ પ્રોફેસર જી. ડી. ઓઝા

વિનયન માટે

૧. પ્રોફેસર બી. આર. શેનોય
૨. પ્રિન્સિ. વાય. પી. શુકલ

૯. શ્રી. મેઘજી પેથરાજ ઇન્ટરમિડિયેટ આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, સુરેન્દ્રનગરને બી.એ. (જનરલ અને સ્પેશ્યલ) અને બી.એસસી. (પ્રિન્સિપલ તથા સબ્સિડિયરી ના અભ્યાસક્રમોનું કેટલાક વિષયોમાં તા. ૨૦-૬-૧૯૫૭ થી વધારાનું જોડાણ આપવા બાબતની અરજી અંગે સિન્ડિકેટના નીચેના ઠરાવ ઉપર પુનર્વિચારણા કરવા બાબત.

સિન્ડિકેટનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર કૉલેજોને જોડાણ હજી આપી શકાયું નથી, એટલે જોડાણ ચાલુ રાખવાની અરજી પરત્વે વિચારણા થઇ શકે નહિ.

વધુમાં ઠરાવવામાં આવે છે કે મજકૂર કૉલેજોના જોડાણ અંગેની શરતોનું યથાર્થ પાલન કરવા માટે જણાવવું તથા વધુમાં ઉમેરવું કે જોડાણ વિનાની કૉલેજોમાં દાખલ કરવામાં આવેલા વિદ્યાર્થીઓનાં સત્ર માટે યુનિવર્સિટી જવાબદાર ગણાશે નહિ."

(નોંધ:- ૧. જૂન ૧૯૫૬થી જોડાણ આપવા અંગેની શરતોનું યથાર્થ પાલન થયું છે તેથી સિન્ડિકેટના ઠરાવ અનુસાર મુંબઇ સરકારને તે પ્રમાણે જણાવી નોટિફીકેશન મોકલી આપવા વિનંતી કરી છે. એટલે હવે બી.એ. અને બી.એસસી. ના અભ્યાસક્રમો માટે તા. ૨૦મી જૂન ૧૯૫૭થી વધારાનું જોડાણ આપવાની અરજી ઉપર સ્થાનિક તપાસ સમિતિ નીમવા બાબત પ્રશ્ન છે.

૨. કૉલેજે નીચેના વિષયો માટે વધારાનું જોડાણ તા. ૨૦-૬-૧૯૫૭થી માગ્યું છે:

બી.એ. સ્પેશ્યલ — ૧. ઇકોનોમિકસ, ૨. ગુજરાતી

બી.એ. જનરલ — ૧. ઇકોનોમિકસ, ૨. હિસ્ટરી, ૩. સાયકોલૉજી, ૪. હિન્દી, ૫. ગુજરાતી, ૬. સંસ્કૃત, ૭. ફિલોસોફી, ૮. મેથેમેટિકસ

બી.એસ.સી. પ્રિન્સિપલ — ૧. કેમિસ્ટ્રી, ૨. મેથેમેટિકસ

બી.એસ.સી. સબ્સિડિયરી— ૧. ફિઝિકસ, ૨. કેમિસ્ટ્રી, ૩. મેથેમેટિકસ અને ૪. બૉટાની.)

આથી ઠરાવવામાં આવે છે કે નીચે જણાવેલા સભ્યોની બનેલી અલગ અલગ સ્થાનિક તપાસસમિતિ નીમવીઃ

વિજ્ઞાન માટે

૧. પ્રિન્સિ. ડૉ. કે. જી નાયક
૨. ડૉ. વાય. જી. નાયક
૩. પ્રોફેસર જે. ડી. ઓઝા

વિનયન માટે

૧. પ્રોફેસર બી. આર. શેનોય
૨. પ્રિન્સિ. વાય. પી. શુકલ

૯. મહિલા મહાવિદ્યાલય, પોરબંદરનું તા. ૨૦-૬-૧૯૫૭ થી બી.એ ના અભ્યાસક્રમો માટેનું જોડાણ ચાલુ રાખવા અને જોડાણનો વધારો આપવા બાબતની અરજી અંગે સિન્ડિકેટે નીમેલી પ્રિન્સિ. એલ. આર. દેસાઈ અને પ્રિન્સિપલ સી. ડી દેશપાંડેની સ્થાનિક તપાસસમિતિને મજકૂર કૉલેજના પાછળના પત્ર પ્રમાણે બી.એ. જનરલ ઇન ઇકોનોમિક્સ (ઇકોનોમિક્સ હિસ્ટરી ઍન્ડ પોલિટિકલ સાયન્સ) અને ફિલોસોફી (હિસ્ટરી ઑફ ફિલોસોફી ઍન્ડ મોરલ ઍન્ડ સોશ્યલ ફિલોસોફી) માટે જુન ૧૯૫૭ થી જોડાણનો વધારો આપવા અંગે પણ સાથે સાથે સ્થાનિક તપાસ કરી રિપોર્ટ કરવા જણાવ્યા બાબત. (જાણ માટે)

(નોંધઃ- પ્રિન્સિપલ પહેલી અરજી સંસ્કૃતમાં બી.એ. (સ્પેશ્યલ અને જનરલ), હિન્દી. ઇકોનોમિક્સ (પ્રિન્સિપલ્સ ઑફ ઇકોનોમિક્સ), ફિલોસોફી (સાયકોલૉજીનાં બે પેપરો) અને ગુજરાતીમાં બી એ. (જનરલ)ના અભ્યાસક્રમો માટે કાયમનુ જોડાણ અને ગુજરાતીમાં બી.એ. (સ્પેશ્જલ) અને ઈંગ્લીશમાં બી.એ. (જનરલ)ના અભ્યાસક્રમો માટે જોડાણનો વધારો જુન ૧૯૫૭થી આપવા અંગે જણાવેલુ. હવે પાછળથી પ્રિન્સિપલે ઉપર જણાવેલ વિષયમાં પણ જોડાણનો વધારો માગેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર બાબતની નોંધ લેવી.

૧૦. જુન ૧૯૫૬ થી બી.એ. (સ્પેશિયલ) પોલિટિકસના અભ્યાસક્રમો માટે સામળદાસ કૉલેજ, ભાવનગરને જોડાણનો વધારો આપવા બાબતની અરજી અંગેનાં ઍફિલિએશન પ્રોસિડિંગ્ઝ મુંબઇ સરકારને મોકલાવ્યા પછી તે અંગેની શરતોના યથાર્થ પાલન વિષે મજકૂર કૉલેજના પ્રિન્સિપલને લખતાં જવાબ આવ્યો છે કે તેઓ જુન ૧૯૫૬ને બદલે જુન ૧૯૫૭થી પોલિટિકસનો વિષય શીખવવાના છે. આ અંગે મુંબઇ સરકારને જાણ કરી છે. (જાણ માટે.)

(નોંધઃ- પ્રિન્સિપલ જણાવે છે કે જુન ૧૯૫૭થી બી.એ. (સ્પેશ્યલ) પોલિટિકસનો અભ્યાસક્રમ શીખવવો શરૂ કરવા બનતી તજવીજ થઇ રહી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર બાબતની નોંધ લેવી.

૧૨. નીચે જણાવેલી કૉલેજોના નામ સામે જણાવેલ અભ્યાસક્રમો તા. ૨૦-૬-૫૭ થી ચાલુ જોડાણ અને જોડાણનો વધારો આપવા અંગે આવેલી અરજીઓ ઉપરથી સિન્ડિકેટે તા. ૪-૮-૫૬ ની સભામાં બધે કૉલેજો માટે ૧. શ્રી. આર. સી. પરીખ અને ૨. શ્રી. એમ. પી દેસાઈની બનેલી સ્થાનિક તપાસસમિતિ ઉપર શ્રી. એમ. પી. દેસાઇ પોતાનું કામકાજ તથા રોકાણનું જોતાં કામ ઉપાડી લેવાની અશક્તિ દર્શાવે છે તેમની જગ્યાએ બીજા કોઇ સભ્યની નિમણૂક કરવા બાબત.

કૉલેજનું નામ	અભ્યાસક્રમ માટે જોડાણ
૧. શ્રી. સર્વોદય કેળવણી મંડળ - આર્ટ્સ કૉલેજ, મણિનગર, અમદાવાદ.	તા. ૨૦મી જુન ૧૯૫૭ થી ઇન્ટર આર્ટ્સના ચાલુ તથા બી.એ. (જનરલ અને સ્પેશ્યલ) ના વધારાના જોડાણ માટે નીચેના વિષયો માટેનું:

બી એ. સ્પેશ્યલ ગ્રુપઃ- ૧. ગુજરાતી, ૨. ઇંગ્લીશ, ૩. સંસ્કૃત, ૪. ઇકોનોમિકસ.

બી.એ. સ્પેશ્યલ અને જનરલ ગ્રપઃ- ૧. ગુજરાતી, ૨. ઇંગ્લીશ, ૩. સંસ્કૃત, ૪. ઇકોનોમિકસ.

ઇન્ટર આર્ટ્સ અને બી.એ. જનરલ સુધીઃ- ૫. પર્શિયન, ૬. ઉર્દુ, ૭. હિન્દી, ૮. અર્ધમાગધી, ૯. હિસ્ટરી ઇન્કલ્યુડિંગ એન્શ્યન્ટ ઇન્ડિયન કલ્ચર, ૧૦. સોશિયોલૉજી, ૧૧. ફિલોસોફી, ૧૨. સાયકોલૉજી, ૧૩. મેથેમેટિકસ, ૧૪. લૉજીક, ૧૫. વર્લ્ડ રીલીજીયન, ૧૬. ઇન્ડિયન એડમિનિસ્ટ્રેશન, ૧૭. સિવિકસ, ૧૮. વર્લ્ડ હિસ્ટરી, ૧૯. જોગ્રોફી.

(નોંધઃ- વિષયો ૫ થી ૧૩ બંને નંબરો સહિત બી.એ. જનરલ સુધી દાખલ કરવામાં આવશે. વિષયો ૧૩ થી ૧૯ બંને નંબરો સહિત ઇન્ટર આર્ટ્સ સુધી દાખલ કરવામાં આવશે.)

કૉલેજનું નામ	અભ્યાસક્રમ માટે જોડાણ
૨. સર એલ. એ. શાહ લૉ કૉલેજ – (આર્ટ્સ સેકશન) અમદાવાદ–૬.	ઈન્ટર આર્ટ્સ તથા બી.એ. (જનરલ અને સ્પેશ્યલ)નું ચાલુ જોડાણ તા. ૨૦–૬–૫૭થી. **બી.એ. જનરલ અને સ્પેશ્યલ:**– ૧. ઈંગ્લીશ, ૨. સંસ્કૃત, ૩. ગુજરાતી, ૪. ઇકોનોમિકસ, ૫. હિસ્ટરી, ૬. ફિલોસોફી (સાયકોલૉજી), ૭. હિન્દી, **બી.એ. જનરલ:**– અર્ધમાગધી.
૩. બી.ડી. આર્ટ્સ કૉલેજ ફૉર લેડીઝ, અમદાવાદ.	તા. ૨૦મી જુન ૧૯૫૭થી બી.એ. (સ્પેશ્યલ) ગુજરાતીમાં જોડાણનો વધારો.

નોંધ:– ઉપરના બે સભ્યો પૈકી સિનિયર મેમ્બર શ્રી. આર. સી. પરીખે પહેલાં કામ કરવા અશક્તિ દર્શાવેલી તે ઉપર સિન્ડિકેટે ડીન તરીકે આ કામ કરવાની શ્રી. પરીખ પાસે અપેક્ષા રાખે છે એમ કરાવતાં તેઓ ચાલુ રહે છે જ્યારે હવે બીજા સભ્ય શ્રી. એમ. પી. દેસાઇ આ કામ કરવાની પોતાની અશક્તિ દર્શાવતાં તેમની જગ્યાએ બીજા કોઈ સભ્યની નિમણૂક કરવા બાબત પ્રશ્ન છે.)

આથી જણાવવામાં આવે છે કે ઉપર જણાવેલી ત્રણે કૉલેજોની સ્થાનિક તપાસ સમિતિ પર શ્રી. મગનભાઇ દેસાઈને બદલે પ્રિન્સિ. કે. એલ. દેસાઈની નિમણૂક કરવી.

૧૨. શ્રી. બી. એમ. શાહ ઈન્ટરમિડિયેટ આર્ટ્સ કૉલેજ, ભાવનગરના ઇન્ટર આર્ટ્સ માટેના અભ્યાસક્રમોનું તા. ૨૦–૬–૫૬ થી જોડાણ આપવા અંગે સેનેટે નક્કી કરેલી શરતોનું પાલન કરવા બાબતના સૌરાષ્ટ્ર સરકારના ડાયરેકટર ઑફ એજ્યુકેશનના પત્ર ઉપરના સિન્ડિકેટના ઠરાવ અનુસાર લેકચરર્સ ઇન ઇન્ડિયન એડમિનિસ્ટ્રેશનની નિમણૂક થાય નહિ ત્યાં સુધી કૉલેજનું જોડાણ આપવાની ભલામણ મુંબઇ સરકારને કરવાનું શકય બનશે નહિ એમ કૉલેજ સત્તાવાળાઓને જણાવતાં તેમના તરફથી આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ:– ૧. ડાયરેકટર ઑફ એજ્યુકેશને તેમના પત્ર નં. બી. એમ ઑફિ. ૭૬૩૩ તા. ૪–૮–૫૬માં જણાવેલ કે ઇન્ડિયન એડમિનિસ્ટ્રેશન વગેરેના લેકચરર્સ બાબતમાં એમ છે કે દરેક સ્ટાફના સભ્યને કામ ૭ થી ૮ પિરિયડ કરવાનું છે અને તેથી શ્રી. પી. બી. ઝાલા (એ અને સી. ગ્રુપ સાથે છે તેવા) ને ઇન્ડિયન એડમિનિસ્ટ્રેશન વગેરે શીખવવાનું કામ સોંપવામાં આવ્યું છે. અને તેથી એમ માનવામાં આવે છે કે ત્રણ કે ચાર પિરિયડ શીખવવા માટે વધારાના લેકચરર્સની નિમણૂકની જરૂર નથી.

૨. ડાયરેકટરને આપણા તા. ૨૩-૮-૫૬ના પત્ર નં. સિં. ઍફિ. થી જવાબ આપેલ કે તેમનું માનવું બરાબર નથી અને લેકચરરની નિમણૂક કરવી જરૂરી છે અને યુનિવર્સિટી સત્તાવાળાઓએ મૂકેલી શરતોમાં ફેરફાર થઈ શકે નહિ.

૩. ત્યારપછી ડાયરેકટરનો તા. ૬-૯-૫૬ નો તાર આવ્યો તેમાં જણાવેલ કે આ કૉલેજના માટે લેકચરર ઇન ઇન્ડિયન એડમિનિસ્ટ્રેશન મેળવવાના પ્રયત્નો સફળ થયા નથી. આ જગાએ લાયક માણસ મળશે ત્યારે નિમણૂક કરવામાં આવશે. આ બાબતમાં બીજા પ્રિન્સિપલો તથા સંસ્થાઓને લખ્યું પણ છે. અને આથી કામચલાઉ જોડાણ આપો.

૪. તારનો જવાબ તા. ૭-૯-૫૬ના પત્ર નં. સિં. ૬૧૫૫૮ થી આપેલ અને જણાવેલ કે આ બાબત સિન્ડિકેટ સમક્ષ મૂકેલ હોવાથી ફરીથી મૂકવાની જરૂર નથી અને શરતનું પાલન કરવું જ જોઇએ કે જેથી ગવર્મેન્ટને ઍફિલિએશન આપવાની ભલામણ કરી શકાય.

૫. ડાયરેકટર તેમના તા. ૧૭-૯-૫૬ના પત્ર નં. ઍફિ. કૉલ. બી.એમ. ૧૦૭૯માં જણાવે છે કે વિદ્યાર્થીઓના શિક્ષણના હિતને નુકશાન થતું નથી કારણ કે લેકચરર (એ અને સી ગ્રુપ સાથે છે તેવા) પિરિયડ લે છે. અને તેથી તુરત જ કામચલાઉ ઍફિલિએશન આપો જ્યાં સુધી લાયક માણસ ન મળે ત્યાં સુધી પ્રિન્સિપલ ટી. કે. સહાનીને આ બાબતમાં મદદ કરવા અરજ કરવામાં આવેલ છે.

૬. ઉપરના પત્રનો જવાબ આપણા તા. ૨૧-૯-૫૬ના પત્ર નં. સિં. ઍફિ. ૬૫૬૪૯થી આપેલ છે અને જણાવેલ છે કે જ્યારે લાયક લેકચરર મળશે ત્યારે ઍફિલિએશન માટે મુંબઈ સરકારને ભલામણ કરવામાં આવશે. અને કામચલાઉ જોડાણ આપી શકાય નહિ. તેમજ કોઇ લાયક માણસની આ જગા માટે ભલામણ કરી શકાય તેમ નથી.)

આ બાબતની વિચારણા વખતે શ્રી. રજિસ્ટ્રારે ખુલાસો કર્યો કે લેકચરર ઇન ઍડમિનિસ્ટ્રેશનની જગા માટે શ્રી. બી. એમ. ભટ્ટની આ કૉલેજમાં સૌરાષ્ટ્ર સરકારે બદલી કરી છે. તે પછી સિન્ડિકેટે ઠરાવ્યું કે મજકૂર કૉલેજના જોડાણ માટે મંજુરી આપવા મુંબઇ સરકારને ભલામણ કરવી.

૧૩. જે. એન્ડ જે. કૉલેજ ઑફ સાયન્સ ઍન્ડ સી. બી. પટેલ આર્ટ્સ ઇન્સ્ટ્રક્શન, નડિયાદને બી.એસસી. (પ્રિન્સિપલ) બૉટની અને ફિઝિકસ તથા (સબ્સિડિયરી) મેથેમેટિકસ માટે તા. ૨૦-૬-૫૭ થી કાયમનું જોડાણ આપવા બાબતની અરજી અંગે સિન્ડિકેટે પ્રોફેસર જે. ડી. ઓઝા તથા ડૉ. પી. સી. વૈદ્યની બનેલી સ્થાનિક તપાસસમિતિ નીમી છે તે અંગે પુનર્વિચારણા કરવા બાબત.

(નોંધ:- સિન્ડિકેટે સ્થાનિક તપાસસમિતિ નીમ્યા પછી મજકૂર કૉલેજના પ્રિન્સિપલ તરફથી પત્ર આવ્યો છે તેમાં જણાવ્યા પ્રમાણે વિદ્યાર્થીઓની સંખ્યા પૂરતી નહિ હોવાથી તેઓ (પ્રિન્સિપલ) બૅાટની માટેની અરજી પાછી ખેંચે છે. બી.એસસી. (સબ્સિડિયરી) બૅાટની માટે તો કૉલેજને કાયમનું જોડાણ અગાઉ અપાયેલું જ છે એટલે હવે (પ્રિન્સિપલ) ફિઝિકસ અને (સબ્સિડિયરી) મેથેમેટિકસ માટે ૨૦મી જૂન ૧૯૫૭થી કાયમનું જોડાણ આપવાનો પ્રશ્ન છે. તેથી સિન્ડિકેટે નીમેલી સ્થાનિક તપાસસમિતિમાં ફેરફાર કરી ડૉ. પી.સી. વૈદ્યને રાખી સિનિયર મેમ્બર પ્રોફેસર જે. ડી. ઓઝાને બદલે બીજા કોઈ ફિઝિકસ વિષયના નિષ્ણાત સભ્યને સિનિયર મેમ્બર તરીકે નીમવા પ્રશ્ન છે.)

આથી ઠરાવવામાં આવે છે કે પ્રોફેસર જે. ડી. ઓઝાને બદલે ડૉ. વાય. જી. નાયકની નિમણૂક કરવી.

૧૪. એમ. જે. કૉલેજ ઑફ કૉમર્સ, ભાવનગરને બી.કૉમ. માં સ્ટેટિસ્ટીકસના વિષય માટે ૨૦મી જૂન ૧૯૫૬ થી જોડાણનો વધારો આપવા બાબતની અરજી અંગેના એફિલિએશન પ્રોસિડિંગ્ઝ મુંબઇ સરકારને મોકલી આપ્યા પછી, નક્કી કરેલી છેલ્લી તારીખ ૩૧-૫-૫૬ પહેલાં શરતોનું યથાર્થ પાલન કરવા અંગે કૉલેજને છેક તા. ૧૩-૧-૫૬ થી વારંવાર લખતાં તેમના તરફથી જવાબ આવ્યો છે કે સૌરાષ્ટ્ર સરકાર અને ગુજરાત યુનિવર્સિટીના નિયમો પ્રમાણે જોઇતો યોગ્ય માણસ મળતો નહિ હોવાથી જૂન ૧૯૫૬ થી સ્ટેટિસ્ટીકસનો વિષય ચાલુ કરવાનું મુલતવી રાખી જૂન ૧૯૫૭ થી ચાલુ કરવો. (જાણ માટે)

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર બાબતની નોંધ લેવી.

૧૫. દરબાર ગોપાળદાસ મહાવિદ્યાલય, અલિયાબાડાને બી.એ. જનરલમાં એન્શ્યન્ટ ઇન્ડિયન કલ્ચરનું વધારાનું જોડાણ આપવા બાબતની શ્રી. વિદ્યામંડળ, અલિયાબાડાના મંત્રી તરફથી આવેલી અરજી અંગે ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ અને સિન્ડિકેટના ઠરાવ.

સિન્ડિકેટનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે આ બાબત માટે સ્થાનિક તપાસ સમિતિ નીમવાની સિન્ડિકેટને જરૂર જણાતી નથી."

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે સ્થાનિક તપાસ સમિતિ નીમવી આવશ્યક છે તેમ ઍકેડેમિક કાઉન્સિલ માને છે એ અભિપ્રાય સાથે આ બાબત સિન્ડિકેટને પુનર્વિચારણા માટે પાછી મોકલવી."

સિન્ડિકેટનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર કૉલેજે કયારથી જોડાણ માગ્યું છે તેની માહિતી મેળવીને આ બાબત ફરીથી રજૂ કરવી.

(નોંધઃ-સિન્ડિકેટની તા. ૧-૯-૫૬ ના રોજ મળેલી સભામાં થયેલા ઉપરના ઠરાવ અનુસાર કૉલેજને પૂછાવતાં જવાબ આવ્યો છે કે આ ખેડાણ તેમણે તા. ૨૦મી જૂન ૧૯૫૭થી માગ્યું છે એટલે હવે સ્થાનિક તપાસ સમિતિ નીમવા બાબત પ્રશ્ન છે.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. રસિકલાલ પરીખને સ્થાનિક તપાસ કરવા માટે નીમવા.

૧૬. પ્રકાશ દ્વસ્ટ, અમદાવાદ તરફથી ૨૦મી જૂન ૧૯૫૭ થી શરૂ કરાનારી પ્રકાશ ગર્લ્સ કૉલેજને ઇન્ટરમિડિયેટ આર્ટ્સ સુધીના અભ્યાસક્રમો માટે ખેડાણ આપવા બાબતની અરજી અંગે સિન્ડિકેટે નીમેલી શ્રી. ભગનભાઇ પ્ર. દેસાઇ અને પ્રિન્સિ. એલ. આર. દેસાઇની બનેલી સ્થાનિક તપાસ સમિતિમાં પ્રિન્સિ. એલ. આર. દેસાઇની જગ્યાએ બીજા કોઇ સભ્યની નિમણૂક કરવા બાબત.

(નોંધઃ-નિમણૂક અંગે પ્રિન્સિ. દેસાઈને ખબર આપતાં નીચે પ્રમાણે જણાવે છેઃ

"I am a member on the Governing Body of the B.D. College for Girls in Ahmedabad and do not, therefore, intend to be on the Inspection Committee of the new college proposed to be started from June, 1957. I request that some other person may be appointed in my place.")

આથી ઠરાવવામાં આવે છે કે પ્રિન્સિ. એલ. આર. દેસાઇને બદલે પ્રિન્સિ. કે. એલ. દેસાઇની નિમણૂક કરવી.

(નોંધઃ-આ પછી કામકાજ નીચેના ક્રમ અનુસાર હાથ ધરવામાં આવ્યું હતું)

૧૧૦. બહાઉદ્દીન કૉલેજ, જૂનાગઢને બી.એ. જનરલ ઇન હિન્દીમાં તા. ૨૦-૬-૫૭ થી કાયમનો ખેડાણનો વધારો આપવા બાબતની મજકૂર કૉલેજના પ્રિન્સિપલ તરફથી આવેલી અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબત માટે સ્થાનિક તપાસ સમિતિ નીમવાની આવશ્યકતા નથી અને કૉલેજના સત્તાવાળાઓ પાસેથી સમયપત્રક, તથા શિક્ષક કે શિક્ષકોની લાયકાતની જરૂરી વિગતો મંગાવ્યા પછી આ બાબત ઍકેડેમિક કાઉન્સિલ સમક્ષ રજૂ કરવી.

૧૧૧. આર. આર. લાલન કૉલેજ, ભૂજનું ઇન્ટરમિડિયેટ આર્ટ્સ અને સાયન્સ તથા બી.એ. (સ્પેશ્યલ અને જનરલ) ગુજરાતી, ઇકોનોમિક્સ અને બી.એ. (જનરલ) ઇંગ્લીશ, સંસ્કૃત અને હિસ્ટરી માટે તા. ૨૦-૬-૫૬ થી ખેડાણ ચાલુ રાખવાની અરજી અંગે સેનેટે નક્કી કરેલી શરતો અંગે મજકૂર કૉલેજના સત્તાવાળાઓને લખતાં તેમના તરફથી આવેલ પત્ર.

(નોંધ:–શરત નં. ૫ મુજબ હિંદીના લેકચરર હજુ નીમ્યા નથી. ઑકટોબરના અંત સુધીમાં નીમવા જણાવ્યું છે.

શરત નં. ૬. પ્રિન્સિપલના બંગલા સંબંધી કૉલેજ સત્તાવાળાઓને માર્ચ ૧૯૫૭ સુધીમાં તેનું બાંધકામ પૂરૂં કરવા અંગે બાહેંધરી આપવા કાર્યાલય તરફથી લખવામાં આવ્યું છે.)

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીએ નિયત કરેલી શરતોનું યથાર્થ પાલન કરવા માટે કૉલેજને ફરીથી એકવાર જણાવવું તથા તે થયેથી આ બાબત ફરીથી સિન્ડિકેટ સમક્ષ રજૂ કરવી.

૫૮. તા. ૧૦-૧૦-૫૬ થી તા. ૧૦-૧૧-૫૬ ના બદલે તા. ૨૦-૧૦-૫૬ થી ૧૯-૧૧-૫૬ સુધીની દિવાળીની રજાઓ (Winter vacation) રાખવા ખાસ કેસ તરીકે પત્રમાં જણાવેલ કારણોસર પરવાનગી આપવા બાબત એ. જી. ટીચર્સ કૉલેજ, અમદાવાદના પ્રિન્સિપલ તરફથી આવેલ પત્ર.

(નોંધ:– ઑ. ૭૫ પ્રમાણે આર્ટ્સ ફૅકલ્ટીમાં તા ૧૦મી ઓકટોબરે પહેલી ટર્મ પૂરી થાય છે અને તા. ૧૦મી નવેમ્બરે બીજી ટર્મ શરૂ થાય છે. અમદાવાદમાં માધ્યમિક શાળાઓમાં તા. ૨૯-૧૦-૫૬ થી તા. ૧૮-૧૧-૫૬ સુધી રજાઓ પડે છે અને ઓગસ્ટમાં નિશાળોમાં અનિયમિત હાજરીને લઇને પ્રિન્સિપલે ફેરફાર માટે વિનંતી કરી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે એ.જી. ટીચર્સ કૉલેજના પ્રિન્સિપલે માગેલી પરવાનગી આપવી નહિ.

૪૫. ૧૯૫૬-૫૭ના વર્ષની પીએચ.ડી. ડિગ્રી માટેની રિચર્સ સ્કૉલરશિપ કોને આપવી તે નક્કી કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે જરૂરી કાગળો ફરીથી સામેલ કરીને આ બાબત સિન્ડિકેટની હવે પછીની સભામાં રજૂ કરવી.

૬૦. ફિઝિકસ રિસર્ચ લેબોરેટરીના વિદ્યાર્થી શ્રી. વી. એલ. પટેલને તા. ૧૧-૬-૫૬થી માસિક રૂા. ૭૫ની રિસર્ચ ફેલોશિપ આપવા અંગે મજકૂર સંસ્થાના ડાયરેકટર મારફતે તેમની આવેલી અરજી.

નોંધ:– શ્રી. પટેલ, એમ. એસ. યુનિ. ઑફ બરોડાની બી.એસસી. પરીક્ષામાં ડીસ્ટીન્કશન સાથે પહેલા વર્ગમાં પાસ થયેલા છે. તેઓ જરૂરી રજિસ્ટ્રેશન ફી ભરી પીએચ.ડી. ડીગ્રી માટે રજિસ્ટર થયા છે.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. વી. એલ. પટેલને માસિક રૂા. ૭૫ ની રિસર્ચ ફેલોશિપ તા. ૧૧-૬-૫૬ થી આપવાની ડાયરેકટરની ભલામણ મંજૂર કરવી.

૧૧૭. ૧૯૫૬-૫૭ ના શૈક્ષણિક વર્ષ દરમ્યાન દક્ષિણા ફેલોશિપ કોને આપવી તે અંગે વિચારણા કરવા બાબત.

(નોંધઃ– મુંબઇ સરકાર તરફથી દર વર્ષ માસિક રૂા. ૬૦ ની એક એવી ૮ દક્ષિણા ફેલોશિપ આ યુનિવર્સિટીની બેચેલર ડીગ્રીમાં પ્રથમ શ્રેણીમાં પાસ થનાર અને અનુસ્નાતક અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને આપવા માટે નક્કી કરેલ છે. આ ફેલોશિપ ગયે વર્ષે ૩ સિનિયરના અને ૫ જુનિયરના વિદ્યાર્થીઓને આપવામાં આવી હતી. આ વર્ષે સિનિયરમાં આવેલા પાંચ વિદ્યાર્થી–વિદ્યાર્થીનીઓમાંથી નીચેના પાંચેય જણની વર્તણુક, હાજરી અને અભ્યાસ સંતોષકારક છે એમ જે તે કૉલેજના પ્રિન્સિપલના આવેલ રિપોર્ટ ઉપરથી તેમની ફેલોશિપ ચાલુ રહે છે. આ ફેલોશિપ એવી રીતે આપવાની હોય છે કે જુનિયર અને સિનિયરના વિદ્યાર્થીઓ વચ્ચે સરખે ભાગે વહેંચાઈ જાય. એટલે નીચેના સિનિયરના પાંચ જણની ફેલોશિપ ચાલુ રહેતાં જુનિયરના વિદ્યાર્થીઓને નવી ત્રણ ફેલોશિપ આપવાની રહે છે. આ ફેલોશિપ આપ્યાની જાણ મુંબઈ સરકારને આ સત્રના અંત પહેલાં કરવાની હોય છે.

નામ	કૉલેજ
૧. શ્રીમતી રમા રતિલાલ શાહ સિનિયર એમ.એ.	એલ.ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
૨. શ્રીમતી તારા આર. કેસાઇ સિનિયર એમ.એસસી.	,, ,,
૩. શ્રીમતી નીરંજના એસ. પરીખ સિનિયર એલ.એલ.એમ.	સર એલ. એ. શાહ લૉ કૉલેજ, અમદાવાદ
૪. શ્રી. બી. એન. નગરશેન્કર સિનિયર એમ.એસસી.	યુનિવર્સિટી સમાજ વિદ્યા ભવન, અમદાવાદ.
૫. શ્રી. પી. પી. મહેતા, સિનિયર એમ.એસ.સી.	એમ. ટી. બી. કૉલેજ, સુરત).

આથી ઠરાવવામાં આવે છે કે બી.એસ.સી. પાસ થયેલ વિદ્યાર્થીઓનો ગુણાનુક્રમ તેમના પ્રિન્સિપલ વિષયમાં મળેલા માર્કસના આધારે નક્કી કરવો તથા વધુમાં ઠરાવવામાં આવે છે કે નીચે જણાવેલ ત્રણ વિદ્યાર્થીઓને ફેલોશિપ આપવી.

૧. શ્રી. પટેલ કનુભાઈ છોટાલાલ – ફૅકલ્ટી ઑફ આર્ટ્સ ઇન્કલ્યુડિંગ એજ્યુકેશન

૨. શ્રી. જાની કાન્તિલાલ ગણપતરામ – ફૅકલ્ટી ઑફ સાયન્સ

૩. શ્રી. શેઠ અરણકાન્ત કોલતરાય – ફૅકલ્ટી ઑફ કોમર્સ

૧૩૪. યુનિવર્સિટી તથા સરકાર તરફથી અપાતી સ્કોલરશિપો અને ફેલોશિપ નક્કી કરવા એક સમિતિ નીમવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે હાલને તબક્કે આવી કોઇ સમિતિ નીમવી નહિ.

૮૮. મદ્રાસ યુનિવર્સિટીનો શતાબ્દિ મહોત્સવ જે તા. ૨૮મી જાન્યુઆરી ૧૯૫૭ થી ૧ લી ફેબ્રુઆરી ૧૯૫૭ સુધી ઉજવવાનો છે તેમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિઓ મોકલવા બાબતના મજકૂર યુનિવર્સિટીના વાઇસ-ચાન્સેલર તરફથી આવેલ પત્ર.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપકુલપતિશ્રી તથા પ્રોફેસર બી. આર, શેનોયને મદ્રાસ યુનિવર્સિટીના શતાબ્દિ મહોત્સવમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિઓ તરીકે મોકલવા.

૮૯. ડિસેમ્બર ૧૯૫૬ ના છેલ્લા અઠવાડિયામાં ઉત્કલ યુનિવર્સિટીના આશ્રયે કટક મુકામે મળનારી ઇન્ડિયન સોસાયટી ઑફ એગ્રિકલ્ચરલ ઇકોનોમિકસની સત્તરમી વાર્ષિક પરિષદમાં આ યુનિવર્સિટીના બે પ્રતિનિધિઓ મોકલવા તથા પ્રતિનિધિઓ તરફથી "પેપર્સ" તા. ૧–૧૧–૫૬ સુધીમાં મોકલી આપવા અંગે મજકૂર સોસાયટીના માનદ મંત્રી તરફથી આવેલ પત્ર

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર સોસાયટીની સત્તરમી વાર્ષિક પરિષદમાં પ્રોફેસર બી. આર. શેનોયને આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે મોકલવા.

૯૦ તા ૧૬મી અને ૧૮મી ફેબ્રુઆરી ૧૯૫૭ના દિવસોએ ધી ઇન્ડિયન સ્કૂલ ઑફ ઇન્ટરનેશનલ સ્ટડીઝ, ન્યુ દિલ્હી મુકામે હિસ્ટ્રી, પોલિટિકલ સાયન્સ અને ઇન્ટરનેશનલ રીલેશન્સના સિનિયર શિક્ષકોના લાભાર્થે "ENCOUNTERS BETWEEN CIVILIZATIONS" વિષય ઉપર ભરાનાર પ્રખ્યાત ઇતિહાસકાર ડૉ. આર્નોલ્ડ ટોયન્બીના સેમિનારમાં ભાગ લેવા આ યુનિવર્સિટીના ઉપર જણાવેલા વિષયમાંના ગમે તે એક વિષયના સિનિયર શિક્ષકને પસંદ કરી મોકલવા બાબત મજકૂર સંસ્થાના ડાયરેક્ટર તરફથી આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર સેમિનારમાં પ્રોફેસર જ્યોર્જ મોરિસને આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે મોકલવા.

૯૧. અન્નામલાઈ યુનિવર્સિટીના આશ્રયે તા. ૧૬મીથી ૨૨મી ડિસેમ્બર ૧૯૫૬ દરમિયાન અન્નામલાઇ નગરમાં મળનારી ઇન્ડિયન ફિલોસોફીકલ કોન્ગ્રેસની ૩૨મી બેઠકમાં ભાગ લેવા માટે આ યુનિવર્સિટીના ઓછામાં ઓછા બે પ્રતિનિધિઓ મોકલવા અંગે મજકૂર કોંગ્રેસના સ્થાનિક મંત્રી તરફથી આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર કોન્ગ્રેસની ૩૧મી બેઠકમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે પ્રિન્સિપલ અ. ક. ત્રિવેદીને અને તેઓ ના પાડે તો પ્રોફેસર એમ. એ. ખૂચને આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે મોકલવા.

૯૨. આન્ધ્ર યુનિવર્સિટીના આશ્રયે વોલ્ટેર ખાતે ૧૯૫૬ના ડિસેમ્બરના છેલ્લા અઠવાડિયામાં મળનાર ૧૯મી ઇન્ડિયન પોલિટિકલ સાયન્સ કોન્ફરન્સમાં આ યુનિવર્સિટીના બે પ્રતિનિધિઓ મોકલી આપવા અંગે ઇન્ડિયન પોલિટિકલ સાયન્સ એસોસિએશનના જનરલ સેક્રેટરી અને ટ્રેઝરર તરફથી આવેલ પત્ર.

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર કોન્ફરન્સમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે પ્રોફેસર ડૉ. એન. પાઠકને મોકલવા.

૯૩. કર્ણાટક યુનિવર્સિટીના આશ્રયે ધારવાડ ખાતે ૧૯૫૬ના ડિસેમ્બરના છેલ્લા અઠવાડિયામાં મળનાર ઑલ ઇન્ડિયા ઇંગ્લીશ ટીચર્સ કોન્ફરન્સની ૧૭મી બેઠકમાં આ યુનિવર્સિટીનું પ્રતિનિધિત્વ ધરાવતા યોગ્ય સંખ્યામાં પ્રતિનિધિઓ મોકલી આપવા મજકૂર કોન્ફરન્સના માનદ સ્થાનિક અને સામાન્ય મંત્રીઓ તરફથી આવેલ પત્ર.

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર કોન્ફરન્સમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે પ્રિન્સિ. કે. એલ. હેસાઇને અને તેઓ ના પાડે તો પ્રિન્સિ. એસ. આર. ભટ્ટને મોકલવા.

૯૪. સોશ્યલ કોન્ઝર્વેશન સોસાયટી ઑફ ઇન્ડિયા, હઝારીબાગના આશ્રયે લખનૌ ખાતે તા. ૨૬મીથી ૨૯મી નવેમ્બર ૧૯૫૬ દરમિયાન મળનાર મજકૂર સોસાયટીની પાંચમી વાર્ષિક બેઠકમાં સોસાયટીના સભ્ય હોય અથવા સભ્ય ન હોય તેવા આ યુનિવર્સિટીના (ઑફિશિયલ) સત્તાવાર પ્રતિનિધિઓ મોકલી આપવા બાબત મજકૂર સોસાયટીના સેક્રેટરી તરફથી આવેલ પત્ર.

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર સોસાયટીની પાંચમી વાર્ષિક બેઠકમાં આ યુનિવર્સિટીના કોઇ પ્રતિનિધિ મોકલવા નહિ.

૯૫. તા. ૨૬મીથી ૨૮મી ઑક્ટોબર ૧૯૫૬ દરમિયાન દિલ્હી ખાતે ભરાનાર પહેલી નેશનલ યૂથ હૉસ્ટેલ્સ કોન્ફરન્સમાં ભાગ લેવા આ યુનિવર્સિટીના બે પ્રતિનિધિઓ મોકલવા બાબત યૂથ હૉસ્ટેલ્સ એસોસિએશન ઑફ ઇન્ડિયાના મંત્રી તરફથી આવેલ પત્ર.

(નોંધ– ચર્ચાનો વિષય "Youth Hostels and Nation Development" નક્કી કરેલો છે.)

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર કોન્ફરન્સમાં આ યુનિવર્સિટીના કોઇ પ્રતિનિધિ મોકલવા નહિ.

૧૨૦. તા. ૨૯–૧૦–૫૬ના રોજ દિલ્હી યુનિવર્સિટી, દિલ્હી ખાતે પરીક્ષા પદ્ધતિની સુધારણાની જરૂરિયાત અંગે ભરાનાર દિલ્હી યુનિવર્સિટી ટીચર્સ એસોસિએશનના "સિમ્પોઝિયમ" માં ભાગ લેવા આ યુનિવર્સિટીનો પ્રતિનિધિ મોકલવા અથવા તે શક્ય

ન હોય તો ચર્ચાના વિષય ઉપર નોંધ મોકલી આપવા અંગે મજકૂર એસોસિએશનના યોજક તરફથી આવેલ પત્ર.

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર સિમ્પોઝિયમમાં ભાગ લેવા માટે પ્રિન્સિપલ સી. ડી. દેશપાંડેને આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે મોકલવા.

૧૨૧. તા. ૨૫મીથી તા. ૨૯મી ડિસેમ્બર ૧૯૫૬ દરમ્યાન આગ્રા ખાતે મળનારી ઇન્ડિયન હિસ્ટ્રી કોંગ્રેસની ૧૯મી બેઠકમાં આ યુનિવર્સિટીનો પ્રતિનિધિ મોકલવા બાબત મજકૂર કોંગ્રેસના મંત્રી તરફથી આવેલ પત્ર.

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર કોન્ગ્રેસના ૧૯મા અધિવેશનમાં ભાગ લેવા માટે આ યુનિવર્સિટીના કોઇ પ્રતિનિધિ મોકલવા નહિ.

૧૨૧-અ. ઑલ ઇન્ડિયા ફેડરેશન ઑફ એજ્યુકેશનલ એસોસિએશન, નાગપુરના આશ્રયે તા. ૨૩-૧૦-૧૯૫૬ થી તા. ૨૬-૧૦-૧૯૫૬ સુધી જયપુર મુકામે મળનાર ઑલ ઇન્ડિયા એજ્યુકેશનલ કોન્ફરન્સની ૩૧મી બેઠકમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે પ્રિન્સિ. એલ. આર. દેસાઇને મોકલવાનું સિન્ડિકેટે તેની તા. ૧-૯-૧૯૫૬ ની સભામાં ઠરાવ્યું હતું, પરંતુ પ્રિન્સિપલ દેસાઇએ ત્યાં જવા માટે પોતાની અશક્તિ દર્શાવી હોવાથી હવે કોને મોકલવા તે વિષે વિચારણા કરવા બાબત.

પ્રમુખશ્રીની પરવાનગીથી શ્રી. રજિસ્ટ્રારે જણાવ્યું હતું કે જયપુર ખાતે મળી રહેલ શિક્ષકોની પરિષદમાં ભાગ લેવા માટે પ્રિન્સિપલ એલ. આર. દેસાઇ કે જેમને આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે ભાગ લેવા માટે મોકલવાનું અગાઉ ઠરાવવામાં આવ્યું હતું તેમણે મૌખિક રીતે ત્યાં જવા માટે પોતાની અશક્તિ દર્શાવી હતી. તે પરથી સિન્ડિકેટે ઠરાવ્યું કે પ્રિન્સિપલ એલ. આર. દેસાઇને બદલે શ્રીમતી સુમિત્રાબેન દેસાઈને આ યુનિવર્સિટીમાં પ્રતિનિધિ તરીકે મોકલવાં.

૫૨. જુદી જુદી પરીક્ષાઓમાં વિદ્યાર્થીઓના જવાબપત્રો તપાસવાના કામની વહેંચણી અંગે શ્રી. એસ. એમ. શાહ તરફથી આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબત પર વિચારણા કરીને રિપોર્ટ કરવા માટે શ્રી. એસ. એમ. શાહ તથા શ્રી. બદુભાઇ હ. દેસાઈની બનેલી સમિતિ નીમવી.

૫૩. રામાનંદ મહાવિદ્યાલય, અમદાવાદમાં એફ.વાય. આર્ટ્સના વર્ગમાં નિયમિત વિદ્યાર્થીની તરીકે જોડાયેલાં શ્રીમતી કુસુમ કે. દોશીને પોતાના અમુક ખાસ સંજોગોને ધ્યાનમાં લઈ એકસ્ટર્નલ વિદ્યાર્થી તરીકે રજિસ્ટર્ડ થવાની પરવાનગી આપવા બાબતની અરજી.

(નોંધઃ– સામાન્ય રીતે ચાલુ શૈક્ષણિક વર્ષમાં કૉલેજમાં નિયમિત વિદ્યાર્થી તરીકે દાખલ થનાર વિદ્યાર્થીને આવી પરવાનગી અપાતી નથી, પણ ઑ. ૧૭૪–એ. (આઠ.) મુજબ સિન્ડિકેટને અપવાદરૂપે કેસોમાં આવી પરવાનગી આપવાનો પ્રબંધ કરે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રીમતી કુસુમ કે. દોશીને ખાસ કેસ તરીકે એકસ્ટર્નલ વિદ્યાર્થી તરીકે રજિસ્ટર થવાની પરવાનગી આપવી.

૫૪. શામળદાસ કૉલેજ, ભાવનગર અને પેટલાદ કૉલેજ, પેટલાદમાંથી અનુક્રમે શ્રી. એસ. બી. દવે અને શ્રી. એસ. એ. પટેલ ૧૯૫૬ માં ફર્સ્ટ ઇયર સાયન્સની પરીક્ષા પસાર કરી ભવાન્સ કૉલેજ, મુંબઇમાં ઇન્ટર સાયન્સના વર્ગમાં જોડાયેલા પણ તેઓએ એસ.એસ.સી. ની પરીક્ષા સાત વિષયો સાથે પસાર કરેલી હોવાથી મુંબઇ યુનિવર્સિટીએ એલિજિબિલિટી સર્ટિફીકેટ ન આપતાં તેઓને તા ૫-૯-૫૬ થી ગાર્ડા કૉલેજ, નવસારીમાં ઇન્ટર સાયન્સના વર્ગમાં કામચલાઉ દાખલ કર્યા છે તો આ "લેઇટ એડમિશન" માફ કરવા અને તેઓએ ભવાન્સ કૉલેજ, મુંબઈમાં રાખેલી ૫૮ દિવસની હાજરી સુદ્ધાં ૧૯૫૬-૫૭ ની બે ટર્મની કુલ હાજરી યોગ્ય સમયે ભેગી ગણી વિચારવા અને માફ કરવા બાબત ગાર્ડા કૉલેજના પ્રિન્સિપલ તરફથી આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધઃ– એફ. વાય. સાયન્સમાં દાખલ કરતી વખતે ભાવનગર અને પેટલાદ કૉલેજના પ્રિન્સિપલોએ મજકૂર વિદ્યાર્થીઓના એસ.એસ.સી. ના વિષયો જોવામાં ભૂલ કરેલી હોવાથી વિદ્યાર્થીઓને સહન કરવાનું થાય છે. ૧૯૫૪-૫૫ ના શૈક્ષણિક વર્ષમાં આવાજ કેસોમાં વિદ્યાર્થી શ્રી. આર. એન. ભરૂચાને ગાર્ડા કૉલેજમાં મોડા દાખલ થયાને અને તેની ખૂટતી હાજરી માફ કર્યાના ઉપકુલપતિશ્રીના કાર્યને સિન્ડિકેટે મંજૂરી આપેલી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. એસ. બી. દવે અને શ્રી. એસ. એ. પટેલને દાખલ થવા માટે પરવાનગી આપવી નહિ.

૧૦૬. ડી.એસસી ડિગ્રી માટે ડૉ. સી. એમ. દેસાઇએ લખેલ મહાનિબંધ ઉપરનો તે અંગે નીમેલ રેફરીઝનો રિપોર્ટ અને તે અંગે ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ.

(નોંધઃ– ૧. રેફરીઝનો અભિપ્રાય આ પ્રમાણે છેઃ

"In our judgement the work afils to reach the standard required for the D.Sc. Degree."

૨. આ અંગે ઑ. નં. ૩૩૮ નીચે પ્રમાણે છેઃ

"O. 338: The Examiners shall make a joint report to the Registrar for submission to the Academic Council stating whether they consider the work to be a valuable contribution to learning and deserving of the degree. The Academic Council shall then send its recommendation thereon to the Syndicate.")

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે રેફરીઓનો રિપોર્ટ સ્વીકારવા સિન્ડિકેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ પ્રમાણે રેફરીઝનો રિપોર્ટ સ્વીકારવો.

૫૫. એલ. એમ. કૉલેજ ઑફ ફાર્મસી, અમદાવાદના બી ફાર્મ ના વર્ગના વિદ્યાર્થી શ્રી. બી. એ. મહેતાની ખૂટતી હાજરી માફ કરવા બાબત મજકૂર કૉલેજના પ્રિન્સિપલ મારફત આવેલી અરજી.

(નોંધઃ- વિદ્યાર્થીની હાજરી નીચે પ્રમાણે છેઃ

વર્ષ	ટર્મ	કુલ હાજરી	ભરવી જોઇતી હાજરી	ભરેલી હાજરી	ખૂટતી હાજરી
૧૯૫૪-૫૫	પહેલી	૮૮	૬૬	૬૯	—
,,	બીજી	૮૪	૬૩	૬૫	—
૧૯૫૫-૫૬	પહેલી	૮૭	૬૫	૫૯	૬
,,	બીજી	૮૫	૬૩	૬૫	—
૧૯૫૬-૫૭	પહેલી	૪૬	૩૩	૧૮	૧૫
		૩૯૦	૨૯૦	૨૭૬	૨૧

વિદ્યાર્થીએ "Hernia" ના દર્દ અંગે મેડિકલ સર્ટિફીકેટ રજૂ કરેલું છે. ઑ. ૭૯માં બે સત્રોના અભ્યાસક્રમ અંગે ખૂટતી હાજરી માફ કરવા પ્રબંધ છે. આ કેસમાં અભ્યાસક્રમ પાંચ સત્રોનો છે.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. બી. એ. મહેતાની ખૂટતી હાજરી માફ કરવી.

૫૬. પેટલાદ કૉલેજ, પેટલાદમાં એફ.વાય. સાયન્સના વર્ગમાં તા. ૧૧-૮-૫૬ થી દાખલ થયેલ વિદ્યાર્થી શ્રી. કે. એમ. દીક્ષિતની પહેલી ટર્મમાં ખૂટતી હાજરી માફ કરવા બાબત મજકૂર કૉલેજના પ્રિન્સિપલ મારફત આવેલી શ્રી. દીક્ષિતની અરજી અને તે અંગે પ્રિન્સિપલનો પત્ર.

(નોંધઃ- મોડા દાખલ થયાનાં કારણો વિદ્યાર્થી પોતાના પિતાની થયેલી બદલી અને બીજાં અરજીમાં જણાવ્યા પ્રમાણેનાં કારણો જણાવે છે. બંને ટર્મની ભેગી થઇને કુલ ૧૩૦ દિવસની હાજરી વિદ્યાર્થી રાખી શકશે એમ પ્રિન્સિપલ તેમના પત્રમાં જણાવે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. કે એમ. દીક્ષિતને તા. ૧૧-૮-૧૯૫૬ થી ફર્સ્ટ ઇયર સાયન્સના વર્ગમાં દાખલ થવાની પરવાનગી આપવી તથા બંને સત્રોમાં થઇને તેમની કુલ હાજરી ૧૩૦ દિવસની થાય તો પહેલા સત્રની ખૂટતી હાજરી માફ કરવી.

૧૧૪. એચ. એલ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદના જુનિયર એમ.કૉમ. ના વિદ્યાર્થી શ્રી. જે. જી પરીખની ૧૯૫૫-૫૬ ના વર્ષના બીજા સત્રની ખૂટતી હાજરી માફ કરવા બાબતના મજકૂર કૉલેજના પ્રિન્સિપલ મારફત આવેલી અરજી.

(નોંધ:- વિદ્યાર્થીની હાજરી નીચે પ્રમાણે છે:

પ્રોફેસરનું નામ	કુલ લેક્ચર		ભરવાં જોઇતાં લેક્ચર્સ		ભરેલાં લેક્ચર્સ		
	૧લી ટર્મ	૨જી ટર્મ	૧લી ટર્મ	૨જી ટર્મ	૧લી ટર્મ	૨જી ટર્મ	
પ્રો સી. આર. લાખીમા	૧૧	૧૨	૮	૮	૧૦	૩	પહેલી ટર્મમાં ૬ વધારે લેક્ચર્સ ભરેલાં છે જ્યારે બીજી ટર્મમાં ૧૦ લેક્ચર્સની ઓછી હાજરી છે.
પ્રો. લોકરાસ	૫	૧૦	૩	૬	૪	૨	
પ્રો. વાસ્વાણી	૬	૬	૪	૪	૫	૫	
પ્રો. પી. જે. શાહ	૫	૮	૩	૬	૫	૪	
	૨૭	૩૬	૧૮	૨૪	૨૪	૧૪	

વિદ્યાર્થીએ આ અંગે મેડિકલ સર્ટિફીકેટ રજૂ કર્યું છે. અને તેમાં "Gastric troubles and Dyspepsia" નું કારણ જણાવે છે.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. જે. જી. પરીખની ૧૯૫૫-૫૬ના વર્ષના બીજા સત્રની ખૂટતી હાજરી માફ કરવી.

૧૪. ગુજરાત કૉલેજ, અમદાવાદની સાયન્સ વિભાગની ત્રિવાર્ષિક તપાસસમિતિ બાબતમાં સિન્ડિકેટે ઠરાવ્યા મુજબના મુદ્દાઓ અંગે ઘટતું કરવા કૉલેજને લખતાં તેમના તરફથી આવેલો જવાબ.

(નોંધ:- મુદ્દા નં. ૧ અંગેનો જવાબ સંતોષકારક ન હોવાથી કૉલેજને ફરીથી લખવામાં આવ્યું હતું.)

આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત કૉલેજ, અમદાવાદના પ્રિન્સિપલનો ખુલાસો માન્ય કરવો.

૨૭. નીચે મુજબનો ડૉ. ભ. દ. અવસારેનો ઠરાવ સેનેટે પસાર કર્યો હોવાથી તે અંગે વિચારણા કરવા બાબત.

"The Senate recommends to the Syndicate to lay down the following as the minimum scales and grades of pay for members of the staff of all affiliated colleges :

1.	Professors and Assistant Professors	350-25-600
2.	Lecturers and Assistant Lecturers	250-20-450
3.	Demonstrators and Tutors holding Master's Degree ...	150-10-250
4.	Demonstrators and Tutors holding Bachelor's Degree	100-10-150 E.B.-10-200

Irrespective of the dearness allowance which should be compulsory according to Government Scales."

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબત પરત્વે મુંબઇ સરકાર તરફથી વધારાના ખર્ચ અંગેનો તેમનો હિસ્સો લેવાની જવાબદારી સ્વીકારવામાં આવે તે પછી આ બાબત વિચારણા માટે ફરી રજૂ કરવી.

૩૪. બીજી પંચવર્ષીય યોજનામાં ૧. એફિલિએટેડ કૉલેજોમાં વિદ્યાર્થીઓની સંખ્યાનું નિયમન કરવા અથવા શિક્ષક-વિદ્યાર્થીનો યોગ્ય રેશીયો નક્કી કરવા, ૨. ત્રણ વર્ષનો ડીગ્રી કોર્સ દાખલ કરવા અને ૩. લાયબ્રેરીઝ અને લૅબોરેટરીઝ બાંધવા અંગે સ્ટેટ ગવર્મેન્ટના અડસઠા સાથેના કૉલેજીએટ લેવલે યુનિવર્સિટી કેળવણીમાં સુધારા માટે પ્રપોઝલ્સ મોકલી આપવા અંગે હિંદી સરકારના કેળવણી ખાતાના અન્ડર સેક્રેટરી તરફથી આવેલ પત્ર.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરની ત્રણ બાબતો પરત્વે મુંબઇ સરકાર શાં પગલાં લેવા ધારે છે તથા તે અંગે યુનિવર્સિટીને વધારાનો જે ખર્ચ થાય તેમાં મુંબઇ સરકાર તરફથી શું આર્થિક સહાય મળી શકશે તે મુંબઇ સરકારને પૂછાવવું.

તથા

પ્રિ-યુનિવર્સિટી કોર્સ અને હાયર સેકન્ડરી સ્કૂલનો કોર્સ એ બંનેમાંથી મુંબઇ સરકાર કયો કોર્સ દાખલ કરવા માગે છે તે પણ પૂછાવવું.

તથા

આ બાબત યુનિવર્સિટીએ શાં પગલાં ભરવાનાં રહે છે તે ભારત સરકારને પૂછાવવું.

૪૭. યુનિવર્સિટીએ બીજી પંચવર્ષીય યોજના અને ગુજરાત કૉલેજ અંગેની અનુસ્નાતક યોજના એ બે લેગી વિચારી તેમાંથી કયા ડિપાર્ટમેન્ટને પ્રાયોરીટી આપવી તે ક્રમવાર નક્કી કરવા બાબત.

(નોંધઃ- આપણે માટે હવે એ મુદ્દો નક્કી કરવાનો રહે છે કે આપણે કયું ડિપાર્ટમેન્ટ પ્રથમ ખોલવું છે તે અંગેની તૈયારી કરવાની રહે છે. હાલના ચાલુ ડિપાર્ટમેન્ટ માટે તો ગ્રાન્ટની અંદર કો-ઑર્ડિનેશન કમિટીની ભલામણો પ્રમાણે જોગવાઇ કરી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે અનુસ્નાતક અભ્યાસ અંગેની યોજનાઓને નીચેના ક્રમ અનુસાર પસંદગી આપવીઃ

૧. બિઝનેસ એડમિનિસ્ટ્રેશન
૨. કેમિકલ ટેકનોલૉજી, અને
૩. ગુજરાત કૉલેજને વિજ્ઞાનના વિષયો માટે અનુસ્નાતક અભ્યાસના કેન્દ્ર તરીકે સ્થાપવાની મુંબઇ સરકારની યોજના.

૫૯. ૪૫ મિનિટને બદલે ૫૦ મિનિટનો પિરિયડ રાખવા અંગે સિન્ડિકેટના ઠરાવ અનુસાર કૉલેજો અને માન્ય સંસ્થાઓને પરિપત્ર મોકલતાં તે અંગે એલ. ડી. ઍન્જિનિયરીંગ કૉલેજના પ્રિન્સિપલ તરફથી આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધઃ- ૧. આ બાબત શ્રી. વાઇસ-ચાન્સેલરની સૂચનાથી શ્રી. રજિસ્ટ્રારે જણાવેલું કે ઍકેડેમિક કાઉન્સિલની ભલામણથી સિન્ડિકેટે ઘડેલો આ નિયમ દરેક કૉલેજે પાળવો જોઇએ.

૨. મોરબી અને આણંદની ઍન્જિનિયરીંગ કૉલેજોએ સિન્ડિકેટના ઠરાવ અનુસાર ૫૦ મિનિટનો દરેક પિરિયડ રાખવા સંમત છે. પણ એલ. ડી. ઍન્જિ. કૉલેજમાં તેમ કરવા જતાં બીજી મુશ્કેલીઓ આવે છે એમ પ્રિન્સિપલ જણાવે છે)

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર કૉલેજને ચાલુ શૈક્ષણિક વર્ષ દરમિયાન ૪૫ મિનિટનો પિરિયડ રાખવાની તથા બંને પિરિયડ વચ્ચે પાંચ મિનિટનો વિરામ કાઢી નાખવાની પરવાનગી આપવી તથા મજકૂર કૉલેજના પ્રિન્સિપલને જણાવવું કે જુન ૧૯૫૭ થી જરૂરી સ્ટાફ નીમવાની ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ અનુસાર સિન્ડિકેટે કરેલા ઠરાવ પ્રમાણે પાંચ મિનિટના વિરામ સહિત ૫૦ મિનિટના પિરિયડની જોગવાઈ કરવા માટે જરૂરી પગલાં લેવાં.

૬૩. યુનિવર્સિટીઓમાં "હોબી વર્કશોપ્સ" ખોલવા અંગેનો યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી આવેલો પત્ર સિન્ડિકેટના ઠરાવ અનુસાર કૉલેજો તરફ મોકલતાં તેમના તરફથી આવેલા જવાબો ઉપર વિચારણા કરી ગ્રાન્ટ્સ કમિશનને આ યુનિવર્સિટીની દરખાસ્તો મોકલવા બાબત.

(નોંધઃ- મજકૂર આઇટેમ તા. ૭-૪-૫૬ ના રોજ મળેલી સિન્ડિકેટની બેઠક સમક્ષ મૂકવામાં આવી હતી જેમાં થયેલા ઠરાવ અન્વયે "હોબી વર્કશોપ" અંગે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન, ન્યુ દિલ્હી તરફથી આવેલ પત્ર યુનિવર્સિટી સાથે જોડાયેલી તમામ કૉલેજો અને માન્ય સંસ્થાઓને પરિપત્રિત કરવામાં આવ્યો હતો અને તદનુસાર કેટલીક કૉલેજોએ પોતાની

હોબી વર્કશોપ શરૂ કરવા અંગે પોતાની યોજના રજૂ કરેલ છે જ્યારે કેટલાક કૉલેજો આ બાબતમાં હાલમાં કશું કરી શકે તેમ નથી એમ જણાવ્યું છે.)

આથી ઠરાવવામાં આવે છે કે જુદી જુદી કૉલેજોમાંથી આવેલી "હોબી વર્કશોપ્સ" ની યોજનાઓ તપાસી ભલામણ કરવા માટે પ્રિન્સિપલ ચંદ્રશેખર અઈયા તથા પ્રિન્સિપલ જી. એસ. ફેસાઈની બનેલી સમિતિ નીમવી.

૬૫. એન. સી. સી. ઑફિસરોની નિમણૂકો અંગે મુંબઇ સરકારના કેળવણી ખાતાએ કરેલા નીચે મુજબના ઠરાવ અનુસાર કૉલેજોને સૂચના આપવા બાબતના મજદૂર ખાતાના અન્ડર સેક્રેટરી તરફથી આવેલો પત્ર.

ઠરાવ નીચે મુજબ છે:

"Experience has shown that a majority of college teachers who come forward for selection as National Cadet Corps Officers are found to be unsuitable to undergo the necessary training and that in the case of certain colleges where students are willing to join the National Cadet Corps, it is difficult to raise a unit or detachment for want of a suitable teacher for selection as National Cadet Corps Officer. The question of devising measures to secure adequate and suitable teachers from colleges as officers in the National Cadet Corps was under the consideration of Government for some time past. Government is now pleased to direct that so far as recruitment to teaching post in colleges under the administrative control of the Education Department Agriculture and Forests Department and Local Self Government and Public Health Department is concerned, other things being equal preference should be given to candidates who are not only willing but also possess suitability, for example, Physical fitness and social qualifications, to undergo the necessary training for service as National Cadet Corps Officers."

આથી ઠરાવવામાં આવે છે કે મુંબઇ સરકારના કેળવણી ખાતાએ કરેલા ઠરાવને માન્ય કરવો તથા તેને કૉલેજો, માન્ય સંસ્થાઓ તથા યુનિવર્સિટીનાં ડિપાર્ટમેન્ટોને પરિપત્રિત કરવો.

૬૬. નીચે મુજબની પ્રિન્સિપલ અ. ક. ત્રિવેદીની દરખાસ્ત ઉપર વિચારણા કરવા બાબત:

"That if at any place outside Ahmedabad, there are two teachers as per Ordinance 65 (2) (4) for 8 papers for M.A., M.Com., for 6 for LL.M. for 4 for M.Sc. and further if there be at least three students registered for that post-graduate study at that place it should be an additional centre and permit time limit for satisfaction of both conditions. Even permit addition in statf required and registration upto August and specially this year pooling. As per Ordinance 65 (P) (1) to be allowed as per need, that will guard efficiency and solve all difficulties constructively. Why

should Visnagar or Rajkot, Bhavnagar, Navsari not get additional centres if these conditions guarding efficiency be fulfilled. To-day at first centres these may be or are one or two students whilst places with three or four students and adequate teachers are allowed to do nothing for advancement of knowledge."

આથી ઠરાવવામાં આવે છે કે અનુસ્નાતક અભ્યાસ અંગે હાલના નિયમોમાં પ્રિન્સિપલ અ. ક. ત્રિવેદીની દરખાસ્ત પ્રમાણે ચાલુ વર્ષ દરમિયાન કશો ફેરફાર કરવો નહિ.

૪૪-અ. બૉર્ડ ઑફ યુનિવર્સિટી ટીચીંગની તા. ૧૮-૮-૫૬ ના રોજ મળેલી બેઠકના કામકાજની નોંધને મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે બૉર્ડ ઑફ યુનિવર્સિટી ટીચીંગની તા. ૧૮-૮-૧૯૫૬ ના રોજ મળેલી બેઠકના કામકાજની નોંધને મંજૂર કરવી.

૪૪-બ. બૉર્ડ ઑફ યુનિવર્સિટી ટીચીંગની તા. ૨૨-૯-૫૬ ના રોજ મળેલી બેઠકના કામકાજની નોંધને મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે બૉર્ડ ઑફ યુનિવર્સિટી ટીચીંગની તા. ૨૨-૯-૧૯૫૬ ના રોજ મળેલી બેઠકના કામકાજની નોંધને મંજૂર કરવી;

તથા

મજકૂર નોંધની બાબત નં. ૨ અને ૧૦ તથા ૪ માં જણાવ્યા પ્રમાણે નિયમોમાં ઘટતા ફેરફાર કરવા;

તથા

તેની પેટા-કલમ ૫ અંગે પેટા-કલમ ૬ તથા અન્ય નિયમોની મર્યાદામાં રહીને વહીવટી ખર્ચ કેન્દ્રના અંદાજપત્રમાં આવી શકે એમ ચોખવટ કરવી;

તથા

મજકૂર નોંધની બાબત નં. ૩ અંગે બૉર્ડને જણાવવું કે ત્રણ વર્ષના ડિગ્રી કોર્સના અભ્યાસક્રમની યોજના તથા અમદાવાદ વિસ્તારમાં પોસ્ટ-ઈન્ટરમિડિયેટ ટીચીંગનું સંયોજન કરવાની યોજના એ બન્ને બાબતોનો એકી સાથે જ વિચાર કરવાનો છે;

તથા

બૉર્ડના કામકાજની નોંધની બાબત નં. ૧૧ માં ઉપર જણાવેલી બાબત નં. ૪૪-અ. માં જે નોંધ મંજૂર કરવામાં આવી છે તેમાં પ્રોફેસર એમ. એસ. પંડિતને એલ.એલ.એમ. પ્રાન્ચ ૪ માટે માન્યતા આપવામાં આવેલી હોવાથી આ વિષે હવે કશું કરવાનું રહેતું નથી.

(બૉર્ડ ઑફ યુનિવર્સિટી ટીચીંગની ઉપર જણાવેલી બન્ને કામકાજની નોંધની નકલ અનુક્રમે પરિશિષ્ટ "ક" અને "ખ" તરીકે સામેલ છે.)

૩૬. એમ. ટી. બી. કૉલેજ, સૂરતના પ્રિન્સિપલ શ્રી. કે. એલ. દેસાઇની રેકગ્નાઇઝ્ડ ટીચરને અપાતા મહેનતાણા અંગે નીચેની ધારણા ખરી છે કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત:

"Please refer to rule No. 33 on page 29 under the heading "Adminstration of the Centres" in the pamphlet containing the scheme of co-ordination of Post-graduate Instruction. It is stated therein that the remuneration for lectures delivered to post-graduate students by a recognised teacher or a recognised assistant shall in no case exceed Rs. 150/-. It is, however, presumed that the University will pay to the centre as subsidy at the rate of Rs. 15/- per lecture of a recognised teacher and at the rate of Rs. 10/- per lecture of a recognised assistant, i.e. while making payment of this subsidy the University will take into account only the number of lectures delivered and not the maximum limit of Rs. 150/-."

આથી ઠરાવવામાં આવે છે કે ઉપર જણાવેલી બાબત નં. ૪૪-બ. માં જણાવ્યા પ્રમાણે નીચેના નિયમની મર્યાદામાં રહીને અનુસ્નાતક શિક્ષણ અંગે કેન્દ્રને આર્થિક સહાય આપવી:

"The quantum of work laid down as minimum (in (a), (b) and (c) in Rule No. 39 on page No. 30 in the pamphlet of the Scheme of Co-ordination of post-graduate Education) shall be the maximum for the purpose of payment under rules Nos. 33 and 34 above."

(નોંધ:- નિયમોમાં થતો સુધારો તા. ૧૦મી નવેમ્બરના રોજ શરૂ થતા નવા સત્રથી અમલમાં મૂકાશે.)

૩૭. અનુસ્નાતક શિક્ષણને લગતાં કેન્દ્રોમાં લેવાતી ફી અંગેના નિયમોમાં ફિઝિકલ રિસર્ચ લૅબોરેટરી, અમદાવાદ અંગે થોડીક છૂટછાટ મૂકી સુધારા કરવા અંગે મજકૂર લૅબોરેટરીના ડાયરેક્ટર તરફથી આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર લૅબોરેટરીના ડાયરેક્ટરની માગણી માન્ય કરવી નહિ.

૩૮. પ્રોફેસર-ઇન-ચાર્જને રૂા. ૨૦૦ આપવાનું ઠરાવ્યા પછી તે પાછું ખેંચી લેવાના સિન્ડિકેટે કરેલા ઠરાવ ઉપર પુનર્વિચારણા કરવા બાબત ગાર્ડા કૉલેજના પ્રિન્સિપલ તરફથી આવેલ પત્ર ઉપર પુનર્વિચારણા કરવા બાબત તેમના તરફથી આવેલ પત્ર.

(નોંધ:- ઉપરની બાબત અંગે પ્રિન્સિપલનો પુનર્વિચારણા કરવા બાબતનો પત્ર સિન્ડિકેટની તા. ૪-૮-૫૬ ની સભામાં બાબત નં. ૧૪૮ તરીકે મૂકવામાં આવ્યો હતો જે ઉપર સિન્ડિકેટે નીચે પ્રમાણે ઠરાવ કરેલો છે. પ્રિન્સિ. ત્રિવેદી તે સભામાં હાજર ન હોવાથી તે બાબત તેઓ જાતે સમજાવી શકે તે માટે પુનર્વિચારણા માટે મૂકી હતી.)

સિન્ડિકેટનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે પ્રોફેસર-ઇન-ચાર્જના ઑનોરેરિયમને પાછું ખેંચવાનો ઠરાવ રદ કરવાની પ્રિન્સિ. અ. ક. ત્રિવેદીની વિનંતી માન્ય કરવી નહિ."

આથી ઠરાવવામાં આવે છે કે પ્રોફેસર-ઇન-ચાર્જને રૂા. ૨૦૦-૦-૦ નું વધારાનું ઍનોરેરિયમ પાછું ખેંચી લીધું છે તે આપવાનું ફરીથી દાખલ કરવું નહિ.

૩૯. મુલાકાતી શિક્ષકોને તાત્કાલિક મુસાફરી ભથ્થું ચુકવાય તે અંગે યુનિવર્સિટીએ વ્યવસ્થા કરવા બાબત એસ. બી. ગાર્ડા કૉલેજના પ્રિન્સિપલ તરફથી આવેલ પત્ર.

(નોંધ:- અનુસ્નાતક શિક્ષકોને અપાતું ઍનેરેરિયમ લાગતા વળગતા અનુસ્નાતક કેન્દ્ર પાસે આવેલી ફી તથા અન્ય આવકોના ભંડોળમાંથી આપવું તથા તે માટે જો કોઇ કેન્દ્ર પાસે રકમ ખૂટે તો તે સંબંધી કેન્દ્રની અરજી આવ્યેથી તે પર વિચારણા કરવી એમ સિન્ડિકેટે તા. ૧-૯-૫૬ ની સભામાં બાબત નં. ૧૦૪ માં ઠરાવ્યું છે પણ તેમને મુસાફરી ભથ્થું તાત્કાલિક ચૂકવવા અંગે કોઇ નિયમ કરેલો નથી.)

આથી ઠરાવવામાં આવે છે કે મુલાકાતી શિક્ષકોને મુસાફરી ભથ્થું યુનિવર્સિટીના હિસાબે પોતાના ભંડોળમાંથી તાત્કાલિક ચૂકવવા માટે કેન્દ્રોને પરવાનગી આપવી તથા સત્રને અંતે તે અંગેનો તમામ હિસાબ યુનિવર્સિટીને મોકલી આપવા માટે કેન્દ્રોને જણાવવું, જે હિસાબ આવેથી મુસાફરી ભથ્થાં પેટે કેન્દ્રે ચૂકવેલી રકમ તેને ભરપાઇ કરવી.

૪૭. નીચે જણાવેલ ઑફિસ સ્ટાફના સભ્યોની તેમના નામ સામે જણાવેલ રકમ અને કારણોસર પોતાના પ્રોવિડંટ ફંડના ફાળામાંથી તે રકમ આપવા બાબત આવેલી અરજીઓ ઉપરથી ઉપકુલપતિશ્રીની ગેરહાજરીમાં તેમને શ્રી. રજિસ્ટ્રારને આપેલી સત્તાની રૂએ સિન્ડિકેટની બહાલીની અપેક્ષાએ શ્રી રજિસ્ટ્રારે મંજૂર કરી છે તે કાર્યને બહાલી આપવા બાબત.

	નામ	રકમ	કારણ
૧.	શ્રી. કે. સી. જાની	રૂ. ૩૦૦	બાળકો તેમજ કૌટુમ્બિક માંદગીને અંગે થયેલ ખર્ચને પહોંચી વળવા.
૨.	શ્રી. વી. એમ. વ્યાસ	રૂ. ૨૫૦	પત્નિની અસાધારણ શારીરિક અને માનસિક વ્યાધિની લાંબાગાળાની સારવાર માટે.
૩.	શ્રી. આર. એમ. શેઠ	રૂ. ૨૦૦	પિતાશ્રીના અવસાન પછીની ઉત્તરક્રિયા કરાવવા તેમજ તેમની માંદગીમાં થયેલા દવાના ખર્ચ સારૂ.
૪.	શ્રી. ભીમસિંહ એ. આશર	રૂ. ૬૦	હાથ ભાંગી ગયો હોવાથી તે અંગે દવાના ખર્ચ સારૂ.
૫.	શ્રી. શાંતિલાલ વી તન્ના	રૂ. ૫૦	નાનો ભાઈ પુલ ઉપરથી પડી ગયેલ હોવાથી તે અંગે કરેલ દવાઓના બીલના ચૂકવવા.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. રજિસ્ટ્રારના કાર્યને બહાલી આપવી.

૧૨૯. પોતાની બેનની માંદગી અંગેના ડૉક્ટરને આપવાના દવાના પૈસા માટે પોતાના પ્રોવિડંટ ફંડના ફાળામાંથી રૂા. ૫૦ની લોન આપવા અંગેની શ્રી. વી. એન. પટેલની અરજી ઉપરથી ઉપકુલપતિશ્રીએ તે મંજૂર કર્યાના કાર્યને બહાલી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપકુલપતિશ્રીના કાર્યને બહાલી આપવી.

૧૦૧. એન્જિનિયરીંગ કૉલેજોમાં "ટેલી-કોમ્યુનિકેશન્સ" વિષયના લેક્ચરરની બિનમણૂક માટેની ઓછામાં ઓછી જરૂરી લાયકાતવાળા માણસો મળતા ન હોવાથી તે લાયકાતમાં ફેરફાર કરવા બાબતના મુંબઇ સરકારના કેળવણી ખાતાના અન્ડર સેક્રેટરી તરફથી આવેલ પત્ર ઉપરની એકેડેમિક કાઉન્સિલની ભલામણ.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે મુંબઇ સરકારનું સૂચન માન્ય કરવું તથા તે મુજબ રૂટે. ૧૩૫-એ. ના મુસદ્દામાં જરૂરી ફેરફાર કરીને તે સિન્ડિકેટ તથા સેનેટને મંજૂર કરવા માટે જણાવવું."

(નોંધ:- આપણી યુનિવર્સિટીમાં "ટેલી-કોમ્યુનિકેશન્સ" ના લેકચરર માટેની શૈક્ષણિક લાયકાત નક્કી કરેલી નથી. હાલ આ વિષય કોઇપણ એન્જિનિયરીંગ કૉલેજમાં શીખવાતો નથી. આ અંગે આ ફૅકલ્ટીના ડીન શ્રી. આઇયાનો અભિપ્રાય છે કે તેમની કૉલેજમાં આ વિષય શીખવવા ઇચ્છે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી.

(રૂટે. ૧૩૫-એ. માંના ફૅકલ્ટી ઑફ ટેકનોલૉજી ઇન્કલ્યૂડિંગ એન્જિનિયરીંગના શિક્ષકોની નિમણૂક અંગેની શૈક્ષણિક લાયકાતના મુસદ્દાની નકલ પરિશિષ્ટ "ગ" તરીકે સામેલ છે.)

૧૦૨. એસ એસ.સી. પાસ થઇને કૉલેજમાં દાખલ થવા માંગનાર વિદ્યાર્થીઓ માટે ઓછામાં ઓછી ઉમરની મર્યાદા મૂકવી કે કેમ તે પ્રશ્ન સિન્ડિકેટે એકેડેમિક કાઉન્સિલ સમક્ષ વિચારણા માટે મોકલ્યો હતો તે અંગે એકેડેમિક કાઉન્સિલની ભલામણ.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે આ બાબતમાં હાલને તબક્કે ઓછામાં ઓછી ઉંમરની મર્યાદા મૂકવાની જરૂર એકેડેમિક કાઉન્સિલને જણાતી નથી એમ સિન્ડિકેટને રિપોર્ટ કરશે."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી.

૧૦૩. ઇન્ટર યુનિવર્સિટી બોર્ડ ઑફ ઇન્ડિયા, બર્મા અને સિલોનની પટના ખાતે જાન્યુઆરી ૧૯૫૫ માં મળેલી બેઠકના ઠરાવ નં. IV (1, 2 & 3), V (2), VI (2 & 3)

ઉપર ઘટતાં પગલાં લેવા બાબત તથા ઠરાવ નં. VI (1) and VIII ઉપર અભિપ્રાય આપવા બાબતનો મજકૂર બૉર્ડના સેક્રેટરી તરફથી આવેલો પત્ર અને તે ઉપરના સિન્ડિકેટના ઠરાવ અંગે ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ.

સિન્ડિકેટનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે આ કામ ઍકેડેમિક કાઉન્સિલ તરફ વિચારણા માટે મોકલી આપવું."

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે આ બાબત પરત્વે યુનિવર્સિટીએ ઘડેલા સ્ટેટ્યુટની નકલ ઇન્ટર યુનિવર્સિટી બૉર્ડ ઑફ ઇન્ડિયા, બર્મા અને સિલોનને મોકલી આપવી."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી.

૧૦૪. દરેક ફૅકલ્ટીના ડિગ્રી કલાસીસમાં હિન્દીનું ફરજિયાત શિક્ષણ આપવું કે કેમ તે અંગે ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે ઇન્ટર મટ્રિકના વર્ગથી આગળના વર્ગોમાં હિંદીનું ફરજિયાત શિક્ષણ દાખલ કરવું નહિ."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી.

૧૦૫. સેક્રેટરી, યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન, ન્યુ દિલ્હી તરફથી પીએચ.ડી. ડિગ્રી અને તે ઉપરની સંશોધન કાર્ય અંગેની ડિગ્રીઓ બાબતમાં એકસુત્રતા જળવાઇ રહે એ હેતુથી યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને યુનિવર્સિટીઓની વિચારણા માટે કરેલી કેટલીક ભલામણો ઉપરના બૉર્ડ ઑફ યુનિવર્સિટી ટીચીંગ અને ઍકેડેમિક કાઉન્સિલના નીચેના ઠરાવો.

બૉર્ડ ઑફ યુનિ. ટીચીંગનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે આ બાબતમાં ઘટતા નિયમો કરવા આ કામ ઍકેડેમિક કાઉન્સિલ તરફ મોકલવું."

ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ

"આથી બધુ મતે ઠરાવવામાં આવે છે કે પીએચ.ડી. અને તે ઉપરની સંશોધન કાર્યની ડિગ્રી બાબતમાં યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની ભલામણો નીચે પ્રમાણેના ફેરફાર સહિત બધી

ફૅકલ્ટીઓ માટે સ્વીકારવી એવો ઍકેડેમિક કાઉન્સિલનો અભિપ્રાય છે એમ સિન્ડિકેટને જણાવવું:

1. A candidate be admitted to Ph.D. or other Doctorate course only after proper scrutiny and test, including viva-voce, of adequate general knowledge in his or her special field of study.

   Note :-The guide shall be the sole judge in the matter of scrutiny and test.

2. There shall be two external examiners and one internal examiner of the thesis submitted for a Ph.D. or other Doctorate Degrees.

3. The candidate be recommended for the degree if the majority of the examiners so opines.

4. The degree be awarded only after a searching oral test by at least two examiners one of whom shall be an internal examiner.

આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે હાલને તબક્કે ઍકેડેમિક કાઉન્સિલ માત્ર અભિપ્રાય જ વ્યક્ત કરે છે. સિન્ડિકેટની મંજૂરી બાદ યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન આ અભિપ્રાય સ્વીકારે તે પછી જરૂરી નિયમોનો મુસદ્દો ઍકેડેમિક કાઉન્સિલ સમક્ષ રજૂ કરવો."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી.

૧૦૯. ધન્ટર યુનિવર્સિટી બૉર્ડ ઑફ ઇન્ડિયાની તા. ૧૮/૧૯-૧-૫૬ના રોજ અલિગઢ ખાતે મળેલી ૩૧મી વાર્ષિક સભામાં પસાર થયેલા ઠરાવ નં. III, VII (9), XI (3) and (8) અંગે ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ.

(નોંધ:- ઠરાવ III પ્રમાણે ખાનગી અભ્યાસ પછી પરીક્ષામાં બેસવા અંગે હાલની સ્થિતિમાં ફેરફાર કરવાના મતની આ બૉર્ડ નથી.

વધુમાં દિલગીરી સાથે જણાવે છે કે સામાન્ય નીતિને જો બધી યુનિવર્સિટીઓ વળગી ન રહે તો ખાનગી અભ્યાસ કર્યા પછીની મેળવેલી ડિગ્રીઓ બીજી યુનિવર્સિટીઓએ માન્ય કરવી જોઇએ નહિ.

ઠરાવ VII (9) પ્રમાણે ૧૯૬૧ની સાલથી "ન્યૂ પેટર્ન ઑફ એજ્યુકેશનલ રિઓર્ગેનિઝેશન" એટલે કે ૧૭ વર્ષની ઉંમરે હાયર સેકન્ડરી સ્કૂલ કોર્સ કરી તે પછી ત્રણ વર્ષનો ડિગ્રી કોર્સ કરવા અંગે પગલાં લેવા અને તે સમય સુધીની વચ્ચેના ગાળાની વ્યવસ્થા કરવા બાબતનો છે.

ઠરાવ XI (3) પ્રમાણે યુનિવર્સિટીઓમાં પરીક્ષાઓમાં સફળ થતા ઉમેદવારોને વર્ગ આપવા બાબત છે. બૉર્ડનું મંતવ્ય "Symbolic representation" અંગેનું છે જેમકે–

"A" to represent First Class, 60% or over–

"B" **plus** to represent second ciass, 55% and over but less than 60%

"B" to represent second class, 50% and over but less than 55%

"C" **plus** to represent third class, 45% and over but less than 50%

"C" to represent third class, 40% and above but less than 45%

Distinction will be given in any subject for those getting 75% and above.

ઠરાવ XI (8) યુનિવર્સિટીની પરીક્ષાઓએ વિદ્યાર્થીઓની માનસિક શક્તિ માટે "Valid tests" તરીકે રહે તે અંગે એક સેમિનાર ભરવા અને તે દરમ્યાન યુનિવર્સિટીની બૉર્ડઝ ઑફ સ્ટડીઝના અભિપ્રાય સહિતનો રિપોર્ટ મોકલી આપવા અંગેનો છે.)

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે ઈન્ટર યુનિવર્સિટી બૉર્ડના ઠરાવ III, VII (9) તથા XI (3) માં આવતી બાબતોમાં આ યુનિવર્સિટીને લાગેવળગે છે ત્યાં સુધી હોલને તબક્કે કશો ફેરફાર કરવાની જરૂર જણાતી નથી એમ સિન્ડિકેટને રિપોર્ટ કરવો.

મજકૂર બૉર્ડના ઠરાવ XI (8) માં જણાવેલી બાબત પર વિચારણા કરીને રિપોર્ટ રજૂ કરવા માટે પ્રિન્સિ. અ. ક. ત્રિવેદી તથા પ્રો. વી. વી. અકોલકરની બનેલી સમિતિ નીમવી."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી.

૧૦૮. "ન્યૂ મેરેજ ઍક્ટ" અંગે લૉની અભ્યાસસમિતિની, ફૅકલ્ટી ઑફ લૉની અને ઍકેડેમિક કાઉન્સિલની નીચેની ભલામણો.

લૉની અભ્યાસસમિતિની ભલામણ

"વધુમાં ઠરાવવામાં આવે છે કે "મેરેજ ઍક્ટ" નો નવો કાયદો જૂન ૧૯૫૬ થી એટલે કે ૧૯૫૭ ની પરીક્ષાથી અમલમાં આવેલો ગણવો અને ઉપરની મુજબની ભલામણ સ્વીકારવા આથી આ બૉર્ડ ઍકેડેમિક કાઉન્સિલને ભલામણ કરે છે."

ફૅકલ્ટી ઑફ લૉની ભલામણ

"Resolved further that the "New Marriage Act" be considered to have come into force from June 1956, i.e. for the examination of 1957 and onwards."

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર ફૅકલ્ટીની ભલામણમાં "The New Marriage Act" ને બદલે "The study of the New Marriage Act" એ પ્રમાણે ફેરફાર કરીને મંજૂર કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી.

૧૦૯. જુના "કંપની ધારા" ને બદલે નવો "કંપની ધારો" અમલમાં આવેલ હોવાથી તથા નવો "હિંદુ વારસા ધારો" અમલમાં આવેલ હોવાથી તે અંગેનો લૉની અભ્યાસસમિતિની અને ઍકેડેમિક કાઉન્સિલની નીચે મુજબની ભલામણો તથા ઍકેડેમિક કાઉન્સિલની મંજુરીની અપેક્ષાએ શ્રી. વાઇસ-ચાન્સેલર સાહેબે આ બાબત ચાલુ સાલથી એટલે કે સેકન્ડ એલ એલ.બી.ની ૧૯૫૭ની પરીક્ષાથી અમલમાં આવી છે એમ પરવાનગી આપી છે તેને બહાલી આપ્યા બાબત:

લૉની અભ્યાસસમિતિની ભલામણ

"આથી આ બોર્ડ ઍકેડેમિક કાઉન્સિલને ભલામણ કરે છે કે શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવી અને તે મુજબનો સુધારો એપ્રિલ ૧૯૫૭ ની પરીક્ષાથી અમલમાં આવેલો ગણવો."

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર અભ્યાસસમિતિની ભલામણ મંજૂર કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી.

૧૩૦. શ્રી. વાઇસ-ચાન્સેલર તથા શ્રી. રજિસ્ટ્રારના બંગલાઓમાં બાંધેલા સર્વન્ટ્સ ક્વાર્ટર્સ એલોટ કરવા તથા તેનું ભાડું નક્કી કરવા બાબત.

(નોંધ:- કુલ ચાર સર્વન્ટ્સ ક્વાર્ટર્સ છે. તે નીચે પ્રમાણે આપવાનું કાર્યાલયનું સૂચન છે:

૧. ડ્રાઈવર
૨. ચોકીદાર
૩. પટાવાળો
૪. માળીઓ (બે)

આથી ઠરાવવામાં આવે છે કે કાર્યાલયનું સૂચન મંજૂર કરવું તથા સ્ટાફના ઉપર જણાવેલા સભ્યોને રેન્ટ-ફ્રી ક્વાર્ટર્સ આપવા.

૮૨. શ્રી. રજિસ્ટ્રારના બંગલાના ભાડા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધઃ- શ્રી. રજિસ્ટ્રારના બંગલાના ફરનિશીંગ માટે સિન્ડિકેટે રૂા. ૧૫૦૦ ની રકમ મંજૂર કરી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે મુંબઇ રાજ્યની બીજી યુનિવર્સિટીઓના રજિસ્ટ્રારોને રહેઠાણ આપવામાં આવે છે તેમના ભાડા માટે શો દર મુકરર કરવામાં આવ્યો છે તે વિષે માહિતી મંગાવી આ બાબત સિન્ડિકેટ સમક્ષ ફરીથી રજૂ કરવી

૧૩૧. કસ્તુરભાઈ લાલભાઈ ટ્રસ્ટ અને નરોત્તમ લાલભાઇ ટ્રસ્ટ તરફથી બે વ્યાખ્યાનમાળા ગોઠવવા અંગે રૂા. ૨,૫૦૦ ની સખાવત આપવા બદલ શ્રી શ્રેણિક કસ્તુરભાઇ તરફથી આવેલ પત્ર.

(નોંધઃ- સમાજ વિદ્યા ભવનના ડાયરેકટરનું એમ કહેવું છે કે આ સખાવત અજમાયશી છે. જો આનું પરિણામ સંતોષકારક જણાશે તો શકય છે કે એ જ ટ્રસ્ટીઓ પાસેથી બીજી વ્યાખ્યાનમાળાઓ માટે બીજી વધુ રકમ મળે.)

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર ટ્રસ્ટો તરફથી આપવામાં આવેલ સખાવતોનો સાભાર સ્વીકાર કરવો.

(સખાવતો અંગેના પત્રની નકલ પરિશિષ્ટ "ઘ" તરીકે સામેલ છે.)

૧૩૨. સિન્ડિકેટે તેની તા. ૨૩-૬-૧૯૫૬ ની સભામાં મેસર્સ. જહાંગીર બ્રધર્સ પાસેથી લાયબ્રેરી માટે ૧૨ ડબલ ફેસ્ડ ગ્લાસડોર્સવાળા સ્ટીલ કપબૉર્ડઝ ખરીદવાની તે જ તારીખની ફીનાન્સ કમિટીની ભલામણ મંજુર કરેલી, પરંતુ મેસર્સ. જહાંગીર બ્રધર્સે સ્ટીલની અછતને લીધે આ ઑર્ડરનો અમલ કરવાની અશક્તિ દર્શાવી હોઇ તેના બદલે બીજા એક જ ટેન્ડરર મેસર્સ. સ્ટીલ એજ ઇન્ડસ્ટ્રીજ લી., મુંબઇ પાસેથી ૬ કબાટવાળા બ્લોક નં. ૫ અને ૮ કબાટવાળા બ્લોક નં. ૪ અનુક્રમે રૂા. ૧૬૦૨ બ્લોક દીઠ અને રૂા. ૨૧૨૫ બ્લોક દીઠ પ્રમાણે ખરીદવા મંજુરી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે મેસર્સ સ્ટીલ એજ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડ, મુંબઇ પાસેથી છ કબાટવાળા બ્લોક નંગ પાંચ અને આઠ કબાટવાળા બ્લોક નંગ ચાર બ્લોક દીઠ અનુક્રમે રૂા. ૧૬૦૨ અને રૂા. ૨૧૨૫ ના ભાવે ખરીદવા મંજૂરી આપવી.

૪૨. તા. ૩૧-૮-૧૯૫૬ના રોજ મળેલી પબ્લીકેશન બૉર્ડની સાતમી બેઠકના કામકાજની નોંધને મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે તા. ૩૧-૮-૧૯૫૬ના રોજ મળેલી પબ્લીકેશન બૉર્ડની સાતમી બેઠકના કામકાજની નોંધને મંજૂર કરવી.

(નોંધની નકલ પરિશિષ્ટ "ચ" તરીકે સામેલ છે.)

૪૩. તા. ૩૧-૮-૧૯૫૬ના રોજ મળેલી ગ્રાન્ટ્સ યુટિલાઇઝેશન કમિટીની નવમી બેઠકના કામકાજની નોંધને મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે તા. ૩૧-૮-૧૯૫૬ના રોજ મળેલી ગ્રાન્ટ્સ યુટિલાઇઝેશન કમિટીની નવમી બેઠકના કામકાજની નોંધને મંજૂર કરવી.

(નોંધની નકલ પરિશિષ્ટ "છ" તરીકે સામેલ છે.)

૧૩૫. પ્રમુખશ્રીની પરવાનગીથી પ્રિન્સિપલ જી. એસ. દેસાઇએ પ્રસ્તાવ રજૂ કર્યો કે સિન્ડિકેટના એજન્ડા સાથે બીજી યુનિવર્સિટીઓમાં જેમ રિવાજ છે તેમ આપણે ત્યાં પણ જે તે બાબતોને લગતા કાગળો સામેલ કરવાની પ્રથા બંધ કરવી.

તે પર સિન્ડિકેટે ઠરાવ્યું કે હવેથી આ પ્રકારના કાગળો સામેલ કરવા નહિ, પરંતુ સિન્ડિકેટના સભ્યોને જોવા માટે એ કાગળો એક દિવસ અગાઉથી તૈયાર રાખવા તથા સભાના દિવસે ૧૧-૦૦ વાગ્યેથી તે કાગળો ટેબલ પર મૂકી રાખવા.

બાકીની બાબતો સમયના અભાવે હાથ ધરી શકાઇ ન હતી.

નં. સિં. ૭૫૫૨૪-૩૮-૧૯૫૬,
ગુજરાત યુનિવર્સિટી ઑફિસ,
અમદાવાદ-૯, તા. ૨૪-૧૦-૫૬

કં. ચં. પરીખ
રજિસ્ટ્રાર

પરિશિષ્ટ "ક"

કામકાજ નં. ૪૪-અ

ગુજરાત યુનિવર્સિટીની બૉર્ડ ઑફ યુનિવર્સિટી ટિચીંગની ચૌદમી બેઠક ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં શનિવાર તારીખ ૧૮-૮-૫૬ ના રોજ બપોરના ૧૨-૩૦ કલાકે મળી હતી તેમાં હાજરી નીચે પ્રમાણે હતીઃ

૧.	શ્રી. વાઈસ-ચાન્સેલર	ગેરહાજર,
૨.	શ્રી. આર. સી. પરીખ	હાજર,
૩.	ડૉ. એમ. ડી. અવસારે	ગેરહાજર,
૪.	પ્રિન્સિ. સી. આર્યા	ગેરહાજર,
૫.	ડૉ. એમ. ડી. પટેલ	હાજર,
૬.	શ્રી. એચ. પી. શુકલ	ગેરહાજર,
૭.	પ્રિ. ડૉ. એમ. ડી. પટેલ	ગેરહાજર,
૮.	પ્રિન્સિ. એસ. વી. દેસાઇ	હાજર,
૯.	શ્રી. વલ્લભરામ વી. વૈદ્ય	ગેરહાજર,
૧૦.	શ્રી. બી. કે. મુકુમદાર	ગેરહાજર,
૧૧.	શ્રી. એમ. પી. દેસાઇ	હાજર,
૧૨.	પ્રો. બી. આર. શેનોય	ગેરહાજર,
૧૩.	શ્રી. ઉમાશંકર જે. જોષી	હાજર,
૧૪.	પ્રિન્સિ. એલ. આર. દેસાઇ	હાજર,
૧૫.	પ્રિન્સિ. જે. બી. સાંકિલ	ગેરહાજર,
૧૬.	પ્રિન્સિ. એમ. એમ. ઠાકોર	હાજર,
૧૭.	ડૉ. એમ. ડી. દેસાઇ	ગેરહાજર,
૧૮.	પ્રિન્સિ. ડી. આર. સામન્ત	ગેરહાજર,

ઉપકુલપતિશ્રીની ગેરહાજરીમાં શ્રી. એલ. આર. દેસાઇએ પ્રસ્તાવ રજૂ કર્યો કે શ્રી. મોતીભાઈ ડી. પટેલ આજની સભાનું પ્રમુખસ્થાન સ્વીકારે અને તેને શ્રી. ઉમાશંકર જે. જોષીએ ટેકો આપ્યો અને ડૉ. મોતીભાઈ ડી. પટેલે પ્રમુખસ્થાન લીધું.

૧. તા. ૧૩-૬-૫૬ના રોજ મળેલી બૉર્ડ ઑફ યુનિવર્સિટી ટીચીંગની ખાસ બેઠકની નોંધ મંજૂર કરવા બાબત.

બૉર્ડ ઑફ યુનિવર્સિટી ટીચીંગની તા. ૧૩-૬-૫૬ ના રોજ મળેલી બેઠકની નોંધને મંજૂર કરી અને શ્રી. અધ્યક્ષે સહી કરી.

૨. નીચે જણાવ્યા મુજબની ગુજરાત યુનિવર્સિટી ઍક્ટની કલમ ૪૦ ની પેટા કલમ ૧ ઉપર ઘટતું કરવા બાબત સિન્ડિકેટે વિચારણા કરવા મોકલી છે તે પર વિચારણા કરવા બાબત.

"40 (1) within a period of seven years from the date on which section 3 comes into force the Senate shall determine that all instructions, teaching and training beyond the stage of Intermediate examinations shall, within the area of the City of Ahmedabad and such other contiguous area as the Senate may determine (hereinafter referred to as the Ahmedabad Area), be conducted by the University and shall be imparted by the teachers of the University. The Senate shall communicate its decision to the Provincial Government."

સિન્ડિકેટનો ઠરાવ તા. ૨૩–૬–૫૬

"આથી ઠરાવવામાં આવે છે કે આ બાબત બૉર્ડ ઑફ યુનિવર્સિટી ટીચીંગની વિચારણા માટે મોકલી આપવી."

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબતની વિચારણા હાલ મુલતવી રાખવી.

૩. જુદા જુદા અનુસ્નાતક કેન્દ્રોમાંના વિષયો માટે અનુસ્નાતક શિક્ષકો તથા મદદનીશોના કામની વહેંચણી કરતો કાર્યવાહો તથા સમયપત્રક જોતાં એ મુદ્દો ઉપસ્થિત થાય છે કે દરેક પ્રશ્નપત્ર દીઠ દરેક સત્રમાં વધારેમાં વધારે કેટલા પિરિયડ લઈ શકાય તેની મર્યાદા નક્કી કરવા બાબતમાં વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબતની વિચારણા મુલતવી રાખવી અને ઑફિસે જુદા જુદા કેન્દ્રોમાંથી આવેલાં સમયપત્રકોનું તારણ કાઢીને કેન્દ્રોના અંદાજપત્રની સાથે રજૂ કરવું.

૪. અનુસ્નાતક શિક્ષકોની માન્યતા અંગેના નવા ઑર્ડિનાન્સ મુજબ અનુસ્નાતક શિક્ષક તરીકે માન્ય કરવા બાબતમાં જુદી જુદી કૉલેજો અને માન્ય સંસ્થાઓના અધ્યાપકો તરફથી આવેલ અરજીઓ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે:–

૧. આ સાથે પરિશિષ્ટ "અ" માં દર્શાવેલા શિક્ષકોને તેમનાં નામ સામે જણાવ્યા પ્રમાણે જૂન ૧૯૬૧ સુધી અનુસ્નાતક શિક્ષક તરીકે માન્ય કરવા.

૨. આ સાથે પરિશિષ્ટ "બ" માં દર્શાવેલ શિક્ષકોને માન્ય રાખવા નહિ.

૩. આ સાથે પરિશિષ્ટ "ક" માં દર્શાવેલ શિક્ષકોની બાબતમાં તેઓના ત્રણ વર્ષના નોકરીના સમય દરમ્યાન કરેલ કામની વિગતો તેમજ સંશોધન માટેનાં પબ્લિકેશન કર્યાં છે તે સંબંધી સંપૂર્ણ હકીકત મંગાવવી.

૫. જુદી જુદી કૉલેજોના અને માન્ય સંસ્થાઓના નીચેના અધ્યાપકોને અનુસ્નાતક શિક્ષક તરીકે શ્રી. વાઇસ-ચાન્સેલરે બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચીંગની મંજુરીની અપેક્ષાએ માન્યતા આપેલ છે તો તેને બહાલી આપવા બાબત:

		વિષય	ડીગ્રી	
૧.	શ્રી. એમ. એચ. શેખ ગુજરાત કૉલેજ, અમદાવાદ.	ઉર્દુ	એમ.એ.	શિક્ષણ
૨.	શ્રી. એસ. પી. વાલ્વેકર ગુજરાત કૉલેજ, અમદાવાદ.	ઇનાર્ગેનિક કેમિસ્ટ્રી	એમ.એસસી.	,,
૩.	શ્રી. એસ. એમ. શાહ ગુજરાત કૉલેજ, અમદાવાદ.	ઈંગ્લીશ	એમ.એ.	,,
૪.	શ્રી. એન. ઝેડ. પટેલ સામળદાસ કૉલેજ, ભાવનગર.	ઇનાર્ગેનિક કેમિસ્ટ્રી	એમ.એસસી.	,,
૫.	શ્રી. એમ. એન. જકાતે સર કે. પી. કૉલેજ ઑફ કૉમર્સ, સુરત.	કોર્પોરેશન ફીનેન્સ ઓર્ગેનિઝેશન ઑફ ઈન્ડ. લેબર એડ.	એમ.કૉમ.	,,

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. ઉપકુલપતિશ્રીના કાર્યને બહાલી આપવી.

૬. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચીંગે અનુસ્નાતક શિક્ષકોના મદદનીશ શિક્ષક તરીકે માન્યતા અંગેની અરજીઓ બાબતમાં શ્રી. વાઇસ-ચાન્સેલરને સત્તા આપ્યા પ્રમાણે શ્રી. વાઇસ-ચાન્સેલરે માન્ય કરેલા અનુસ્નાતક શિક્ષકોના મદદનીશ શિક્ષકોની યાદી જાણ સારૂ. (પરિશિષ્ટ ૬)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. ઉપકુલપતિશ્રીના કાર્યને બહાલી આપવી.

૭. એમ. ટી. બી. કૉલેજ, સુરતના સંસ્કૃત અને પ્રાકૃત વિષયના લેકચરર શ્રી. એ. ડી. શાસ્ત્રી સંસ્કૃત વિષયમાં પીએચ.ડી. ડીગ્રી માટે સ્વતંત્ર રીતે સંશોધન કરવા દેવા પરવાનગી આપવા બાબત એમ. ટી. બી. કૉલેજના પ્રિન્સિપલ મારફત આવેલી માગણી પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. એ. ડી. શાસ્ત્રીની પીએચ.ડી. ડીગ્રી માટે સ્વતંત્ર રીતે સંશોધન કરવા બાબતની માગણી માન્ય રાખવી નહિ.

૮. સર કે. પી. કૉલેજ, ઑફ કૉમર્સ, સુરતના પ્રિન્સિ. ડી. આર. સામન્તના માર્ગદર્શન નીચે પીએચ.ડી. માટે રજીસ્ટર થયેલ પ્રો. આર. વી. શાસ્ત્રીએ બે સત્ર માટે તેમની દોરવણી હેઠળ કામ કરેલ છે અને હવે તેઓ રામાનંદ મહાવિદ્યાલયમાં ૨૦મી જૂનથી

જોડાવાથી પોતાનું બાકીનું કામ સ્વતંત્ર રીતે કરવાની પરવાનગી માગતા તેમના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. આર. વી. શાસ્ત્રીને કોઇ બીજા માન્ય શિક્ષકના હાથ નીચે કામ કરવા જણાવવું.

૯. એમ. એન. કૉલેજ, વિસનગરના શ્રી. જીતેન્દ્ર એ. દવે શ્રી. અનંતરાય રાવળના માર્ગદર્શન નીચે પીએચ.ડી. માં ગુજરાતી વિષયમાં શ્રી. ગોવર્ધનરામ ત્રિપાઠીની સાહિત્ય-કૃતિઓમાં નિરૂપાયેલ સમાજમીમાંસા માટે રજીસ્ટર થએલા છે આ વિષયમાં શ્રી ભીખુભાઇ જોષી કામ કરતા હોવાથી તેમની તેમનો વિષય "ગાંધીજી અને ગુજરાતી લીટરેચર" એ શિર્ષકમાં બદલી આપવા તેમના અનુસ્નાતક શિક્ષક મારફત આવેલ માગણી પર વિચારણા કરવા બાબત તેમજ તેઓ તારીખ ૧૬-૧૨-૫૫થી રજિસ્ટર થએલા હોવાથી આ પરવાનગીને (Retrospective effect) આપી તે તારીખથી ફેરફાર ગણવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. જીતેન્દ્ર દવેને નવો વિષય લેવાની પરવાનગી આપવી. આ વિનંતી (Retrospective Effect) થી માન્ય રાખવી નહિ.

૧૦. એ. જી. ટિચર્સ કૉલેજ, અમદાવાદના શ્રી. બી. એલ. શાહે પીએચ.ડી. ડીગ્રી માટે પ્રો. જે. કે. શુકલના માર્ગદર્શન નીચે ૩ સત્ર કામ કરેલ છે પણ શ્રી. શુકલ કૉલેજ-માંથી છુટા થવાથી પોતાનું બાકીનું કામ પ્રિન્સિ. એલ. આર. દેસાઇના માર્ગદર્શન નીચે પુરૂં કરવાની પરવાનગી માગતા પ્રિન્સિપલ મારફત આવેલ શ્રી. શાહના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. બી. એલ. શાહે માગેલી પરવાનગી આપવી.

૧૧. એસ. બી. ગાર્ડા કૉલેજ, નવસારીના પ્રો. વી. એન. આયર યુનાઇટેડ સ્ટેટ્સ એજ્યુકેશનલ ફાઉન્ડેશનના આશ્રયે અમેરિકા વધુ અભ્યાસ માટે જતા હોવાથી તેમના માર્ગદર્શન નીચે સંશોધન માટે માયક્રોબાયોલૉજી વિષયમાં ગયે વર્ષે રજીસ્ટર થયેલા બે વિદ્યાર્થીઓને ટપાલ દ્વારા સંપર્ક સાધી કામ કરવા દેવાની પરવાનગી માગતા પ્રિન્સિપલ મારફત આવેલ પ્રો. આયરના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે એસ. બી. ગાર્ડા કૉલેજના પ્રિન્સિપલની વિનંતી માન્ય રાખવી નહિ. વધુમાં ઠરાવવામાં આવે છે કે પ્રિન્સિપલને જણાવવું કે જો તેઓ માન્ય અનુ-સ્નાતક શિક્ષકની લાયકાત ધરાવતા શિક્ષકને માયક્રોબાયોલૉજી માટે નીમે નહિ તો તેઓને આપવામાં આવેલું માયક્રોબાયોલૉજીનું કેન્દ્ર પાછું ખેંચી લેવામાં આવશે એમ જણાવવુ.

૧૨. ફિઝિકલ રિસર્ચ લૅબોરેટરી, અમદાવાદના શ્રી. એન. ડબલ્યુ. નોરકરને તેઓના મહાનિબંધ રજુ કરવા માટે બે માસનો સમયનો વધારો. તા. ૧૯-૯-૫૬ સુધીનો બૉર્ડ

ઑફ યુનિવર્સિટી ટીચીંગની મંજૂરીની અપેક્ષાએ શ્રી. વાઇસ-ચાન્સેલરે આપ્યો છે તેને બહાલી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. ઉપકુલપતિશ્રીના કાર્યને બહાલી આપવી.

૧૩. ભો. જે. વિદ્યાભવન, અમદાવાદમાં પીએચ.ડી. ડીગ્રી માટે રજીસ્ટર થયેલ કુમારી સરોજ બી. શાહ તા. ૬-૭-૧૯૫૪ના રોજ તેમનો મહાનિબંધ અત્રે રજુ કરવા પાત્ર થાય છે અને અનુસ્નાતક નિયમ ૧૮ પ્રમાણે મોડામાં મોડો તેમણે મહાનિબંધ ૧૯૫૬ના જુલાઇમાં રજુ કરવો જોઇએ તેમની તે તેમના પિતાના મૃત્યુને કારણે તેમજ બીજાં કેટલાંક સંજોગોને કારણે સમયસર રજુ કરી શકયા ન હોવાથી તે રજુ કરવા માટે વધુ ૬ માસનો સમય આપવા માટે તેમની ડીરેકટર મારફત આવેલ માંગણી અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કુમારી સરોજ બી. શાહને તેમનો મહાનિબંધ રજુ કરવા માટે છ માસની મુદત વધારી આપવી.

૧૪. બી. એ. કૉલેજ ઑફ એગ્રિકલ્ચર માટે રજીસ્ટર થયેલ શ્રી. યુ. આર. પટેલને ઑર્ડ ઑફ યુનિવર્સિટી ટીચીંગ તેમનો મહાનિબંધ તા. ૩૧-૮-૫૬ સુધીમાં અત્રે રજુ કરવા માટે સમયનો વધારો આપેલ હતો. તેમણે તેમની રૂપરેખા (Synopsis) રજુ કરેલ છે પણ સંજોગોવશાત મહાનિબંધ સમયસર રજુ કરી શકે તેમ ન હોવાથી તેમની માંગણી પરથી શ્રી. વાઇસ-ચાન્સેલરે બે માસનો સપ્ટેમ્બર ૧૯૫૬ની આખર સુધીનો વધારો ઑર્ડ ઑફ યુનિવર્સિટી ટીચીંગની મંજૂરીની અપેક્ષાએ આપેલ છે તેને બહાલી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. ઉપકુલપતિશ્રીના કાર્યને બહાલી આપવી.

૧૫. બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદના ડૉ. આર. એમ. વૈદ્ય એમ.એસસી. ડીગ્રી માટે મેડિકલ બાયો-કેમિસ્ટ્રી વિષયમાં અદદનીશ શિક્ષક તરીકે માન્ય થયેલ છે પણ તે વિષયમાં કોઇ માન્ય અનુસ્નાતક શિક્ષક નહિ હોવાથી તેઓ વિદ્યાર્થીઓને દોરવણી આપી શકે તે માટે તેઓને સંશોધન માટે અનુસ્નાતક શિક્ષકની માન્યતા આપવા બાબત પ્રિન્સિપલ મારફત આવેલ માગણી પર વિચારણા કરવા બાબત.

(નોંધ:- સિન્ડિકેટની તારીખ ૪-૮-૧૯૫૬ના રોજ મળેલ સભાએ ઑ. ૧૩૭ પર અદદનીશ શિક્ષક તરીકે મેડિકલ બાયો-કેમિસ્ટ્રી માટે માન્ય થયેલા શ્રી. વૈદ્યને તેમના હાથ નીચે વિદ્યાર્થીઓ એનરોલ કરવા પરવાનગી આપવી નહિ એમ ઠરાવ્યું છે.

આથી ઠરાવવામાં આવે છે કે ડૉ. આર. એમ. વૈદ્યની વિનંતી માન્ય રાખવી નહિ અને તેઓ પોતાના હાથ નીચે વિદ્યાર્થીઓ નોંધી શકે નહિ તેમ જણાવવું.

૧૬. સામળદાસ કૉલેજ, ભાવનગરના હિસ્ટ્રી ગ્રુપ "જી" અને "એચ" માટે માન્ય થયેલ પ્રો. સહાણીની અનુસ્નાતક માન્યતા એમ.એ. ડીગ્રી હિસ્ટ્રી ગ્રુપ્સ "જી" અને "એચ"

માંથી એમ.એ. ડીગ્રી હિસ્ટ્રી ગ્રુપ્સ "એ" અને "સી" માં શ્રી. વાઇસ-ચાન્સેલરે બૉર્ડ ઑફ યુનિવર્સિટી ટીચીંગની મંજૂરીની અપેક્ષાએ બદલી આપી છે તે અંગે શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપકુલપતિશ્રીના કાર્યને બહાલી આપવી.

૧૭. ડી. કે. વી. કૉલેજ, જામનગરના પ્રો. એ. વાય. કેસ્કરને એમ.એસસી. ઇનોર્ગેનિક કેમિસ્ટ્રીમાં શિક્ષણ માટે અનુસ્નાતક માન્યતા ધર્મેન્દ્રસિંહજી કૉલેજ, રાજકોટમાં આપી છે ઉપરાંત આ માન્યતા વધુમાં ઓર્ગેનિક કેમિસ્ટ્રીમાં પણ આપવા બાબતની પ્રિન્સિપલ ડી. કે. વી. કૉલેજ, જામનગર મારફત આવેલ શ્રી. કેસ્કરની માગણી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબતની વિચારણા હાલ મુલતવી રાખવી.

૧૮. વી. એસ. જનરલ હૉસ્પિટલ, અમદાવાદના ડૉ. એસ. જે. દમનીની એમ ડી. ક્રાન્ચ એક માટેની અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતા બાબતમાં તેમનો શૈક્ષણિક અનુભવ તેમજ પરદેશમાં કરેલ સંશોધન કાર્ય વગેરે અંગે આવેલ માહિતી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ડૉ. દમણીની અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતા માટેની લાયકાતો બરાબર છે તેમ એકેડેમિક કાઉન્સિલ અને સિન્ડિકેટને જણાવવું.

૧૯. દરબાર ગોપાળદાસ મહાવિદ્યાલય, અલિયાબાડાના પ્રિ ડી. આર. માંકડ એમ.એ. અને પીએચ.ડી. માટે સંસ્કૃત વિષયમાં અનુસ્નાતક શિક્ષક તરીકે માન્ય થયેલ છે તેમજ એમ.એ. માં એન્શ્યન્ટ ઇન્ડિયન કલ્ચર વિષયમાં પણ માન્ય થયેલ છે તો તેમની પીએચ.ડી. ડીગ્રી માટે પણ એન્શ્યન્ટ ઇન્ડિયન કલ્ચર વિષયમાં માન્યતા આપવા બાબત આવેલી માંગણી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. ડી. આર. માંકડ પીએચ.ડી. માટે એન્શ્યન્ટ ઇન્ડિયન કલ્ચરના વિષય માટે પણ અનુસ્નાતક શિક્ષક તરીકે માન્યતા આપવી.

૨૦. એમ. એન. કૉલેજ, વિસનગરના પ્રો. બી. એસ. નવલકરને એમ.એસસી. ડીગ્રી માટે બૉટાનીમાં શિક્ષણ માટે અનુસ્નાતક શિક્ષક તરીકે માન્ય કરેલ છે તેમની તેજ વિષયમાં સંશોધન માટે અનુસ્નાતક માન્યતા આપવા અંગે પ્રિન્સિપલ મારફત આવેલ માંગણી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે પ્રો. બી. એસ. નવલકરની વિનંતી માન્ય રાખવી નહિ.

૨૧. એલ. ડી. આર્ટ્સ કૉલેજ અને એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યુટ, અમદાવાદના પ્રો. ક્ષત્રિય કે જેઓ ઓર્ગેનિક કેમિસ્ટ્રી વિષયના શિક્ષણ માટે અનુસ્નાતક શિક્ષક તરીકે

માન્ય થયેલ છે અને જેઓની તેજ વિષયમાં સંશોધન માટેની માંગણી નામંજૂર કરવામાં આવી હતી તેમની તેમને સંશોધન માટેની માન્યતા અંગે પુનર્વિચારણા કરવા આવેલ અરજી અંગે વિચારણા કરવા બાબત.

(નોંધઃ– ૧. શ્રી. ક્ષત્રિય જણાવે છે કે તેમની હેારવણી હેઠળ એક વિદ્યાર્થીએ સંશોધન અંગેની ડીગ્રી મેળવેલ છે અને એક વિદ્યાર્થી તેનેા મહાનિબંધ રજુ કરવા પાત્ર થયેલ છે.

૨. ઑ.–૬૫ જે અનુસાર બે વિદ્યાર્થીઓએ સંશોધન અંગેની ડીગ્રી લીધેલી હેાવી જોઈએ. આ પ્રમાણે શ્રી. ક્ષત્રિયની બાબતમાં ન હેાઇ તેમને સંશોધન માટેની માન્યતા આપવી કે કેમ તે પ્રશ્ન છે.

આથી ઠરાવવામાં શ્રી. ક્ષત્રિયની વિનંતી માન્ય રાખવી નહિ.

૨૨. ધી ઇન્ટર યુનિવર્સિટી બૅાર્ડની પટણા મુકામે તા. ૨૫–૧–૫૬ ના રેાજ મળેલી ૩૦ મી વાર્ષિક સભાના નેાન–યુનિવર્સિટી સંસ્થાએ અને અભ્યાસક્રમેાને માન્યતા અંગેના ઠરાવેા ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબતની વિચારણા હાલ મુલતવી રાખવી.

૨૩. ધી ઇન્ટર યુનિવર્સિટી બૅાર્ડની અલીગઢ મુકામે તા. ૧૮ ૧૯–૧–૫૬ ના રેાજ મળેલી ૩૧ મી વાર્ષિક સભાની નીચે દર્શાવેલ બાબતેા પર વિચારણા કરવા બાબત.

VI (1) **Migration of students.**

Removal of obstacles to the migration of research students from one University to another having different centres of research.

VII (5) (a) **Miscellaneous.**

Association of Post-graduate and other advanced students with field parties sent out by the various scientific surveys; and museums.

X (2) **Recognition of non-University Institutes.**

Relationship of the Universities with the National Laboratories.

(3) Recognition of the Gulmarg Research Observatory as an Inter University centre for "High Altitude Research" in Physical and Biological Sciences.

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબતની વિચારણા હાલ મુલતવી રાખવી.

૨૪. સિન્ડિકેટે તેની તા. ૪–૯–૫૬ ના રેાજ મળેલ સભામાં આઇટેમ ૪૦ આ બૅાર્ડ પર મેાકલી આપવા ઠરાવ્યા પ્રમાણે નીચે મુજબનેા શ્રી. જી. બી. ઓઝાનેા ઠરાવ સેનેટે પસાર કરેલ હેાવાથી તે અંગે વિચારણા કરવા બાબત.

ઠરાવ

"ગુજરાત યુનિવર્સિટી એરિયામાં આવેલી સરકાર માન્ય કોઇ પણ માધ્યમિક શાળામાં ઓછામાં ઓછા ત્રણ વર્ષ સુધી શિક્ષણકાર્ય કરનાર ગ્રેજ્યુએટ માધ્યમિક શિક્ષકને, ગુજરાત યુનિવર્સિટીની એમ.એ. ની પરીક્ષામાં ટર્મ્સ ભર્યા સિવાય બેસવા દેવાની વ્યવસ્થા કરવા સેનેટની આ સભા સિન્ડિકેટને ભલામણ કરે છે.

આથી ઠરાવવામાં આવે છે કે આ બોર્ડ સેનેટના ઠરાવમાંની ભલામણ પ્રમાણે વ્યવસ્થા કરવાનું હિતાવહ નથી એવો અભિપ્રાય ધરાવે છે એમ ઍકેડેમિક કાઉન્સિલને રિપોર્ટ કરવો.

૨૫. એમ. એન. કૉલેજ, વિસનગરના બાયોલૉજી ડિપાર્ટમેન્ટના ડેમોન્સ્ટ્રેટર શ્રી. એસ. વાય. ગુપ્તેની બૉટાની વિષયમાં એમ.એસસી. ડીગ્રી માટે સ્વતંત્ર અને અગર વિસનગર રહીને અમદાવાદના તે વિષયના માન્ય અનુસ્નાતક શિક્ષકના હાથ નીચે સંશોધન કાર્ય કરવા દેવા પરવાનગી આપવા અંગે એમ. એન. કૉલેજના પ્રિન્સિપલ મારફતે આવેલ શ્રી. ગુપ્તેની અરજી પર વિચારણા કરવા બાબત.

(નોંધ:- ૧. સ્વતંત્ર રીતે કામ કરવા માટે ફક્ત પીએચ.ડી. ડીગ્રી માટેજ નિયમો છે અને તે માટે પરવાનગીની વિચારણા થાય છે. માસ્ટર ડીગ્રી માટે પરવાનગી અપાતી નથી.

૨. શ્રી ગુપ્તેને મુંબઇ સરકાર તરફથી રૂા. ૨૦૦૦ ની ગ્રાન્ટ ઉપરોક્ત સંશોધન અંગે મળેલ છે.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. એસ. વાય. ગુપ્તેની માગણી મંજૂર રાખવી નહિ.

૨૬. ગુજરાત કૉલેજ, અમદાવાદના પ્રોફેસર જી. કે. ભટ્ટ કે જેઓ પીએચ.ડી. ડીગ્રી માટે સંસ્કૃત વિષયમાં અનુસ્નાતક શિક્ષક તરીકે માન્ય થયેલ છે તેમની હવે રાજારામ કૉલેજ, કોલ્હાપુર ખાતે બદલી થવાથી તેમના હાથ નીચે પીએચ.ડી. ડીગ્રી માટે નોંધાયેલા વિદ્યાર્થીઓને માટે તેમની અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતા ચાલુ રાખવા અંગેની માગણી બાબત વિચારણા કરવા બાબત.

(નોંધ:- પ્રોફેસર ભટ્ટના હાથ નીચે ૬ વિદ્યાર્થીઓ પીએચ.ડી. માટે રજીસ્ટર થયેલ છે. તે પૈકી ત્રણ વિદ્યાર્થીઓએ તેમનું રજીસ્ટ્રેશન અન્ય માન્ય અનુસ્નાતક શિક્ષકના હાથ નીચે શ્રી. વાઇસ-ચાન્સેલરના હુકમાનુસાર બદલાવ્યું છે.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. જી. કે. ભટ્ટની વિનંતી માન્ય રાખવી નહિ. વધુમાં ઠરાવવામાં આવે છે કે વિદ્યાર્થીઓએ અનુસ્નાતક શિક્ષક બદલવાની પરવાનગી આપવી.

૨૭. બી.એમ. ઇન્સ્ટિટ્યુટ ઑફ સાયકોલૉજી ઍન્ડ ચાઇલ્ડ ડેવલપમેન્ટના ચેરમેન કસ્ટી અને શ્રી. ગૌતમ સારાભાઇ તરફથી સંસ્થાના ડીરેક્ટર પ્રો. એચ. પી. મેતીન

પીએચ.ડી. ડીગ્રી માટે સાયકોલૉજી વિષયમાં ઍા. ૬૫-આધ અન્વયે (Eminent person) તરીકે અનુસ્નાતક શિક્ષક તરીકે માન્ય કરવા અંગે માગણી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે જ્યાં સુધી બી.એમ. ચાઇલ્ડ ઇન્સ્ટિટ્યૂટને માન્ય કરવામાં આવે નહિ ત્યાં સુધી આ બાબતની વિચારણા કરી શકાય નહિ.

૨૮. શામળદાસ કૉલેજ, ભાવનગરના પ્રિન્સિપલ જે. બી. સાણ્ડિલના અનુસ્નાતક અભ્યાસ અંગેના સમયો (પિરિયડો), શિષ્યવૃત્તિ, ફી વિગેરે અંગે આવેલ સૂચનો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે પ્રિ. જે. બી. સાંણ્ડિલને તેમના પત્રના જવાબમાં નીચે પ્રમાણે જણાવવું:

૧. આ બાબતની વિચારણા મોકુફ રાખવી.

૨. આ બાબતનો સ્વીકાર કરવો.

૩. ,, ,,

૪. ,, ,,

૫. ના. એકે કેન્દ્રમાં જુદા જુદા વિષયો શિખવવાનો પ્રબંધ છે એ માન્યતા બરોબર નથી પરંતુ દરેક વિષયનું જૂદું જૂદું કેન્દ્ર છે એમ ગણવું.

૬. આ બાબત ફરીથી રજૂ કરવી.

ત્યારબાદ સભાનું કામકાજ પુરૂં થયું હતું.

નં. જન. ૫૭૩૫૬–૫૭૩૭૩–૫૬
ગુજરાત યુનિવર્સિટી ઑફિસ,
અમદાવાદ–૯. તા. ૨૫–૮–૧૯૫૬

જે. એમ. મહેતા.
for રજિસ્ટ્રાર.

પરિશિષ્ટ "અ"

નીચે જણાવેલા અધ્યાપકોને તેમના નામ સામે જણાવેલો પરીક્ષા, વિષયો અને શિક્ષણ (ટીચીંગ) અને અથવા સંશોધન (રિસર્ચ) માટે માન્ય રાખવા.

નામ	વિષય	ડીગ્રી	શિક્ષણ અને અથવા સંશોધન જેને માટે માન્ય રાખવામાં આવ્યા હોય તે.	કૉલેજ અથવા સંસ્થા
૧	૨	૩	૪	૫
૧. શ્રી. ભટ્ટ પી. એચ.	ગુજરાતી	એમ.એ.	શિક્ષણ	શ્રી. સર્વોદય કેળવણી મંડળ, ઈન્ટરમિડિયેટ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ.
૨. શ્રી. ભુરાની પી. એચ.	ઇંગ્લીશ	એમ.એ.	શિક્ષણ	સર એલ. શાહ લૉ કૉલેજ, અમદાવાદ.
૩. શ્રી. તીવારી એ. આર. જી.	હિસ્ટરી અને પોલિટિકસ	એમ.એ.	શિક્ષણ	વી. પી. મહાવિદ્યાલય, વલ્લભવિદ્યાનગર.
૪. શ્રી. શ્રીવાસ્તવ આર. બી.	હિસ્ટરી ગ્રુપ "એ" અને "બી"	એમ.એ.	શિક્ષણ	ગુજરાત કૉલેજ, અમદાવાદ.
૫. શ્રી. કાણે આર. પી.	ફિઝિકસ	એમ.એસસી.	શિક્ષણ અને સંશોધન	ફિઝિકલ રિસર્ચ લૅબોરેટરી, અમદાવાદ.
૬. શ્રી. વૈદ્ય બી. કે.	ફિઝિકસ અને ફિઝિકલ કેમિસ્ટ્રી	પીએચ.ડી.	સંશોધન	અટીરા, અમદાવાદ.

૧	૨	૩	૪	૫
૭. શ્રી. ભંડારી વી. એસ.	સંસ્કૃત	એમ.એ.	શિક્ષણ	ગુજરાત કૉલેજ, અમદાવાદ.
૮. શ્રી. પંડિત એમ. એસ.	પ્રાચ્ય ૪	એલ.એલ.એમ.	શિક્ષણ	સર એલ. એ. શાહ લૉ કૉલેજ, અમદાવાદ
૯. શ્રી. પાટીલ આર. કે.	૧. ઑરગેનાઇઝડ માર્કેટસ ૨. ઈન્ટરનેશનલ બેન્કીંગ	એમ. કૉમ.	શિક્ષણ	સર કે. પી. કૉલેજ ઑફ કૉમર્સ, સુરત
૧૦. શ્રી. શર્મા રવિશંકર	૧. આર્ગેનિઝેશન ઑફ ઈન્ડસ્ટ્રીઝ ૨. ઑરગેનાઇઝડ માર્કેટસ ૩. ઑરગેનિઝેશન ઑફ ટ્રેડ ઍન્ડ ટ્રાન્સપોર્ટ ૪. લેબર એડમીનીસ્ટ્રેશન	એમ. કૉમ.	શિક્ષણ	એચ. એલ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ
૧૧. શ્રી. શાસ્ત્રી એચ. જી.	સંસ્કૃત એપીગ્રાફી	એમ.એ.	શિક્ષણ	બી. જે. ઇન્સ્ટિટ્યુટ લર્નિંગ ઍન્ડ રિસર્ચ અમદાવાદ

પરિશિષ્ટ "બ"

નીચે દર્શાવેલ અધ્યાપકોને માન્ય રાખવા નહિ.

	નામ	વિષય	ડીગ્રી
૧.	શ્રી. ચંદ્રવાકર પી. પી. બી. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ.	ગુજરાતી	એમ એ.
૨.	શ્રી. ઉપાધ્યાય આર. વી. એલ. ડી. આર્ટ્સ કૉલેજ અને એમ. જી. સાયન્સ ઈન્સ્ટિટ્યૂટ, અમદાવાદ–૯.	હિન્દી	એમ.એ.
૩.	શ્રી. પ્રભુ વી. બી. સામળદાસ કૉલેજ, ભાવનગર.	ફિલોસોફી	એમ.એ.
૪.	શ્રી. પ્રભાકરન નાયર ડી. જી. મહાવિદ્યાલય, અલિયાબાડા.	ઈકોનોમિકસ	એમ.એ.
૫.	શ્રી. દેસાઇ કે. સી. એલ. ડી. આર્ટ્સ કૉલેજ અને એમ. જી. સાયન્સ ઈન્સ્ટિટ્યૂટ, અમદાવાદ–૯.	હિસ્ટરી ગ્રુપ "એ" અને "બી" અને "જી" અને "એચ"	એમ.એ.

પરિશિષ્ટ "ક"

	નામ	વિષય	વિષય
૧.	શ્રી. મહેતા પી. સી. અટીરા, અમદાવાદ.	કેમિસ્ટ્રી પીએચ.ડી.	છેલ્લા ત્રણ વર્ષના નોકરીના સમય દરમ્યાન કરેલ કામની વિગતો તેમજ સંશોધન માટેનાં પબ્લિકેશન્સ કયાં છે તે સંબંધી સંપૂર્ણ હકીકત મંગાવવી.
૨.	શ્રી. પાટણકર વી. એન અટીરા, અમદાવાદ.	સ્ટેટિસ્ટીકસ પીએચ.ડી.	સદર
૩.	શ્રી. કમલા ચૌધરી અટીરા, અમદાવાદ.	ઈન્ડસ્ટ્રીયલ અને સોશિયલ સાયકોલૉજી પીએચ.ડી.	સદર

પરિશિષ્ટ "ડ"

નીચે જણાવેલા અધ્યાપકોને તેમના નામ સામે જણાવેલ પરીક્ષા વિષયો માટે અનુસ્નાતક શિક્ષકોના મદદનીશ (આસીસ્ટન્ટ) તરીકે ૨૦મી જુન ૧૯૬૧ સુધી શ્રી. વાઈસ-ચાન્સેલરે માન્ય કર્યા તેની યાદી:

નામ	વિષય	ડીગ્રી	કૉલેજ અથવા સંસ્થા
૧. શ્રી. ચંદરવાકર પી. પી.	ગુજરાતી	એમ.એ.	બી. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ.
૨. શ્રી. વાલંદ એન. એમ.	ગુજરાતી	એમ.એ.	જયેન્દ્રપુરી આર્ટ્સ કૉલેજ, ભરૂચ.
૩. શ્રી. ચોકસી બી. આર.	ગુજરાતી	એમ.એ.	વી. પી. મહાવિદ્યાલય, વલ્લભવિદ્યાનગર.
૪. શ્રી. પરીખ આર. જી.	હિસ્ટરી ગ્રુપ "એ" અને "બી"	એમ.એ.	રામાનંદ મહાવિદ્યાલય, અમદાવાદ.
૫. શ્રી. બક્ષી એમ. વી.	ફીલોસોફી	એમ.એ.	–સદર–
૬. શ્રી. ઉપાધ્યાય આર. વી	હિન્દી	એમ.એ.	એલ. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ.
૭. શ્રી. આબાદીઅન બોમન	ઈકોનોમિકસ	એમ.એ.	–સદર–
૮. શ્રી. વોરા અબ્દુલ-સતારહાજી ઈબ્રાહીમજી	ફીલોસોફી	એમ.એ.	ગુજરાત કૉલેજ, અમદાવાદ.
૯. શ્રી. દવે એમ.એમ.	બૉટાની	એમ.એસસી.	–સદર–
૧૦. શ્રી. વણીકર વી. એસ.	એજ્યુકેશનલ સાયકોલૉજી	એમ.એડ.	એ. જી. ટીચર્સ કૉલેજ, અમદાવાદ.
૧૧. શ્રી. મુદલીયાર એસ. ડી.	જીઓલૉજી	એમ.એસસી.	એલ. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ.

	નામ	વિષય	ડિગ્રી	કૉલેજ અથવા સંસ્થા
				–સદ્ધર–
૧૨.	શ્રી. ઢવે બી. એન.	એન્ટાયર સાયકૉલૉજી	એમ.એ.	
૧૩.	શ્રી. અંકલેસરીઆ એસ. જે.	જનરલ મેડિસિન	એમ.ડી.	બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ.
૧૪.	શ્રીમતી સુધા ફડકે	હિન્દી	એમ.એ.	એસ. બી. ગાર્ડા કૉલેજ, નવસારી.
૧૫.	શ્રી. વ્યાસ એન. પી.	હિસ્ટરી ગ્રુપ "સી" અને "ડી"	એમ.એ.	ડી. જી. મહાવિદ્યાલય, અલિયાબાડા.

પરિશિષ્ટ "ખ"

કામકાજ નં. ૪૪–ખ

ગુજરાત યુનિવર્સિટીની બૉર્ડ ઑફ યુનિવર્સિટી ટિચીંગની એક ખાસ બેઠક ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં શનિવાર તારીખ ૨૨–૯–૧૯૫૬ ના રોજ બપોરના ૧૨-૩૦ કલાકે મળી હતી તેમાં હાજરી નીચે પ્રમાણે હતીઃ

૧.	શ્રી. વાઇસ-ચાન્સેલર	ગેરહાજર,
૨.	શ્રી. આર. સી. પરીખ	ગેરહાજર,
૩.	ડૉ. એમ. ડી. અવસારે	હાજર,
૪.	પ્રિન્સિ. ચંદ્રશેખર આપ્ટ્યા	હાજર,
૫.	પ્રિન્સિ. ડૉ. મગનભાઇ ડી. પટેલ	ગેરહાજર,
૬.	શ્રી. એચ. પી. શુકલ	ગેરહાજર,
૭.	ડૉ. મોતીભાઈ ડી. પટેલ	હાજર,
૮.	પ્રિન્સિ. એસ. વી. દેસાઇ	ગેરહાજર,
૯.	શ્રી. વલ્લભરામ વૈદ્ય	ગેરહાજર,
૧૦.	શ્રી. બી. કે. મુઝૂમદાર	ગેરહાજર,
૧૧.	શ્રી. મગનભાઈ પ્ર. દેસાઇ	હાજર,
૧૨.	પ્રો. બી. આર. શેનોય	હાજર,
૧૩.	શ્રી. ઉમાશંકર જોષી	હાજર,
૧૪.	પ્રિન્સિ. એલ. આર. દેસાઇ	હાજર,
૧૫.	પ્રિન્સિ. જે. બી. સાંદિલ	હાજર,
૧૬.	પ્રિન્સિ. એમ. એમ. ઠાકોર	હાજર,
૧૭.	ડૉ. એમ. ડી. દેસાઇ	હાજર,
૧૮.	પ્રિન્સિ. ડી. આર. સામન્ત	હાજર,

શ્રી. એલ. આર. દેસાઇએ પ્રસ્તાવ રજૂ કર્યો કે ઉપકુલપતિશ્રીની ગેરહાજરીમાં શ્રી. મગનભાઇ પ્ર. દેસાઈ આજની સભાનું પ્રમુખસ્થાન સ્વીકારે અને તેને શ્રી. એમ. ડી. અવસારેએ ટેકો આપ્યો. તે પછી શ્રી. મગનભાઇ પ્ર. દેસાઇએ પ્રમુખસ્થાન સ્વીકાર્યું.

૧. તા. ૧૮–૮–૧૯૫૬ના રોજ મળેલી બૉર્ડ ઑફ યુનિવર્સિટી ટીચીંગની ખાસ બેઠકની નોંધ મંજૂર કરવા બાબત.

બૉર્ડ ઑફ યુનિવર્સિટી ટીચીંગની તા. ૧૮–૮–૧૯૫૬ ના રોજ મળેલી બેઠકની નોંધને મંજૂર કરી અને શ્રી. અધ્યક્ષે સહી કરી.

આઇટેમ નં. ૨ અને ૧૦ સાથે લેવામાં આવી.

૨. અનુસ્નાતક શિક્ષણની યોજના હેઠળ જુદાં જુદાં અનુસ્નાતક કેન્દ્રો તરફથી આવેલ સમય પત્રકો અને અંદાજપત્રો પર વિચારણા કરવા બાબત.

અને

૧૦. સામળદાસ કૉલેજ, ભાવનગરના પ્રિન્સિ. જે. બી. સાણ્ડિલના અનુસ્નાતક અભ્યાસ અંગેના સમયો (પિરિયડો), શિષ્યવૃત્તિ, ફી વગેરે અંગે આવેલ સૂચનો બાબતમાં બૉર્ડ ઑફ યુનિવર્સિટી ટીચીંગની તા. ૧૮-૯-૧૯૫૬ ના રોજ મળેલ બેઠકે પ્રિન્સિપલના પત્રના પેરેગ્રાફ ૧ બાબતની વિચારણા મોકૂફ રાખવા તેમજ પેરેગ્રાફ ૬ અંગેની વિચારણા ફરીથી જૂ કરવા બાબત ઠરાવેલું તે અંગે વિચારણા કરવા બાબત.

અંદાજપત્રોનું કામકાજ હાથ પર લઇ, તેમાંથી ઉદ્‌ભવતા કેટલાક મુદ્દા પર ચર્ચા વિચારણાને અંતે બૉર્ડે નીચે પ્રમાણે ઠરાવ કર્યો:-

૧. આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે પેમ્ફલેટ પાન ૩૦ પરના નિયમ નં. ૩૯-બી. માં સુધારો કરીને નીચે પ્રમાણે વંચાય એમ ફેરવવો:

"There shall be at least twenty four lectures per year and at least four seminars per year."

૨. આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે પેમ્ફલેટ પાન ૩૦ પર નિયમ નં. ૩૯ માં નીચેના સારની પેટા કલમ ઉમેરવી:

"The quantum of work laid down as minimum in (a), (b) and (c) above shall be the maximum for the purposes of payment under Rules No. 33 and 34 above."

૩. (i) અનુસ્નાતક શિક્ષકોને આપવાના ઍનેરેરિયમ બાબતમાં શ્રી. રજિસ્ટ્રારે સિન્ડિકેટે તે વિષે કરેલા ઠરાવની જાણ કરી. બૉર્ડે તેમાં પોતાની સંમતિ દર્શાવી અને તે અંગે સૂચવ્યું કે અનુસ્નાતક કેન્દ્રના વિદ્યાર્થીઓ પાસેથી લેવામાં આવેલી ફી વગેરેથી જમા થતા ભંડોળમાંથી કેન્દ્રે તે આપવું.

(ii) આમ કરતાં કેન્દ્રને ખોટ આવતી હોય તો તે અંગે તેને મદદ આપવાનું સિન્ડિકેટે વિચારવું જોઇએ.

(iii) જો કોઇ કૉલેજ અગર સંસ્થામાં અનુસ્નાતક અભ્યાસ માટે એકથી વધુ કેન્દ્રો સ્થાપવામાં આવ્યાં હોય, તો તે તમામ કેન્દ્રોની અસ્કયામતો ભેગી ગણવી જોઇએ તથા એ ભેગી ગણેલી અસ્કયામતોને આધારે જો ખોટ આવે તો તેવાં કેન્દ્રોને આર્થિક સહાય તે કુલ હિસાબે આપવામાં આવે.

(iv) ઉપર (iii) પ્રમાણે અસ્કયામતો ભેગી ગણ્યા પછી કોઈ કેન્દ્ર પાસે ભંડોળનો વધારો રહેતો હોય તો તે કેન્દ્રના ઉપયોગ માટે વાપરવા માટે કેન્દ્ર તે માટે સિન્ડિકેટ આગળ પ્રપોઝલ રજૂ કરી શકે.

(v) વહીવટી ખર્ચ કેન્દ્રોના અંદાજપત્રમાં આવે કે કેમ, તે વિષે બૉર્ડે ફલ નં. ૨૮ અનુસાર વિચાર્યું કે તે આવી શકે છે. આ બાબત ચોખવટ કરવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવી.

(vi) કોઇપણ કેન્દ્રને આર્થિક સહાય તરીકે વધુમાં વધુ કેટલી રકમ આપવી એ પ્રશ્નની ચર્ચા પરત્વે બૉર્ડે સિન્ડિકેટને એવી ભલામણ વિચારી કે, અનુસ્નાતક શિક્ષકોને ઉપર (૨) મુજબ આપવામાં કુલ જે ઍનેરેરિયમ આપવાનું થાય, તે રકમના કરતાં વધતી ન હોય.

આ અંદાજપત્રો પરત્વે સિન્ડિકેટને ઉપરના મુદ્દાઓની ભલામણ કરવામાં આવે છે.

૩. નીચે જણાવ્યા મુજબની ગુજરાત યુનિવર્સિટી ઍક્ટની કલમ ૪૦ ની પેટા કલમ ૧ ઉપર ઘટતું કરવા બાબત સિન્ડિકેટે વિચારણા કરવા મોકલી છે તે પર વિચારણા કરવા બાબત.

"40 (1) Within a pericd of seven years from the date on which section 3 comes into force the Senate shall determine that all instructions, teaching and training beyond the stage of Intermediate examinations shall, within the area of the City of Ahmedabad and such other montiguous area as the Senate may determine (hereinafter referred to as the Ahmedabad area), be conducted by the University and shall be imparted by the teachers of the University. The Senate shall communicate its decision to the Provincial Government.

સિન્ડિકેટનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે આ બાબત બૉર્ડ ઑફ યુનિવર્સિટી ટીચીંગની વિચારણા માટે મોકલી આપવી."

આથી ઠરાવવામાં આવે છે કે ત્રણ વર્ષનો ડિગ્રી કોર્સનો અભ્યાસક્રમ યોજવાનો વિચાર અને અમદાવાદ વિસ્તારમાં પોસ્ટ–ઇન્ટરમિડિયેટ ટિચીંગ યોજનાનો વિચાર આ બંને પ્રશ્નો વચ્ચે સંબંધ રહેલો છે, તે જોતાં, એમાંથી કયા પ્રશ્નને પહેલી પસંદગી (priority) આપવી, તે બાબત અંગે સિન્ડિકેટનો આદેશ મેળવવો એ બૉર્ડને જરૂરી લાગે છે. તે મળ્યા બાદ, આ કામનો વિચાર હાથ ધરી શકાય.

૪. જુદા જુદા અનુસ્નાતક કેન્દ્રોમાંના વિષયો માટે અનુસ્નાતક શિક્ષકો તથા મદદનીશોના કામની વહેંચણી કરતો કાર્યવાહી તથા સમયપત્રક જોતાં એ મુદ્દો ઉપસ્થિત થાય છે કે દરેક પ્રશ્નપત્ર દીઠ દરેક સત્રમાં વધારેમાં વધારે કેટલા પિરિયડ લઇ શકાય તેની મર્યાદા નક્કી કરવા બાબતમાં વિચારણા કરવા બાબત.

(નોંધઃ– તા. ૧૮-૮-૫૬ની બેઠકમાં આ બાબત વિચારણા મુલતવી રાખવા અને ઑફિસે જુદા જુદા કેન્દ્રોમાંથી આવેલાં સમયપત્રકોનું તારણ કાઢીને કેન્દ્રોના અંદાજપત્રની સાથે રજુ કરવા ઠરાવેલું. જે ઉપર આઇટેમ નં. ૭ પર રજુ કરવામાં આવ્યું છે.)

આ બાબતનો કેટલોક વિચાર ઉપર કામ નં. ૨ માં આવ્યો છે. ઉપરાંત, આ અંગે બૉર્ડ ધ્યાનમાં કરે છે કે. રૂલ ૩૩ માં જણાવેલું છેલ્લું વાકય "Each recognised teacher will be required to give at the rate of one lecture per week" જરૂરનું લાગતું નથી, તેથી તેમાંથી તે કાઢી નાખવા આ બૉર્ડ સિન્ડિકેટને ભલામણ કરે છે.

આઇટેમ નં. ૫ અને ૨૧ સાથે લેવામાં આવી હતી.

૫. અનુસ્નાતક શિક્ષકોની માન્યતા અંગેના નવા ઑર્ડિનાન્સ મુજબ અનુસ્નાતક શિક્ષક તરીકે માન્ય કરવા બાબતમાં જુદી જુદી કૉલેજો અને માન્ય સંસ્થાઓના અધ્યાપકો તરફથી આવેલ અરજીઓ ઉપર વિચારણા કરવા બાબત.

અને

૨૧. બૉર્ડ ઑફ યુનિવર્સિટી ટીચીંગની તા. ૧૮-૮-૧૯૫૬ના રોજ થયેલ સભામાં આઇટેમ નં. ૪ ઉપર અટીરાના નીચે દર્શાવેલ શિક્ષકોની અનુસ્નાતક માન્યતા બાબત આવેલ અરજીઓ અંગે તેમની છેલ્લા ત્રણ વર્ષના નોકરીના સમય દરમ્યાન કરેલ કામની વિગતો તેમજ સંશોધન માટેનાં પબ્લીકેશન કયાં છે તે સંબંધી સંપૂર્ણ હકીકત મંગાવવા ઠરાવેલું તે પ્રમાણે અમદાવાદ ટેક્સ્ટાઇલ ઇન્ડસ્ટ્રીઝ રિસર્ચ એસોસિએશનના ડીરેક્ટર મારફત આવેલ વિગતો અંગે વિચારણા કરવા બાબત.

૧.	શ્રી. મહેતા પી. સી.	કેમિસ્ટ્રી – પીએચ.ડી.
૨.	શ્રી. પાટણકર વી. એન.	સ્ટેટિસ્ટીકસ – પીએચ.ડી.
૩.	શ્રી. કમલા ચૌધરી	ઇન્ડસ્ટ્રીઅલ અને સોશિયલ સાયકૉલૉજી – પીએચ.ડી.

(નોંધઃ– આ બાબતમાં ઑ. ૬૫-એચ. (સી.) ની નોટ મુજબ શિક્ષકોની ત્રણ વર્ષની સ્ટેન્ડીંગ અને તે દરમ્યાનના તેમના પબ્લીકેશન વગેરે બાબત અંગે તેમની માન્યતા માટે વિચાર કરવાનો છે.)

આથી ઠરાવવામાં આવે છે કે –

અ. નીચે દર્શાવેલ શિક્ષકોને અનુસ્નાતક શિક્ષકો તરીકે જુન ૧૯૬૧ સુધી માન્ય કરવા:

નામ	વિષય	ડીગ્રી	શિક્ષણ અને સંશોધન અથવા સંશોધન જેને માટે માન્ય રાખવામાં આવ્યા હોય તે	કૉલેજ અથવા સંસ્થા
૧	૨	૩	૪	૫
૧. શ્રી. આર. એન. મરચન્ટ	ઇનોર્ગેનિક કેમિસ્ટ્રી	એમ.એસસી.	શિક્ષણ	એમ. એન. કૉલેજ, વીસનગર.
૨. શ્રી. એચ. ડી. નોરોન્હા	બૉટાની	એમ.એસસી.	શિક્ષણ અને સંશોધન	ગુજરાત કૉલેજ, અમદાવાદ.
		પીએચ.ડી.	સંશોધન	
૩. શ્રી. આર. સી. બડવે	ફીલોસોફી	એમ.એ	શિક્ષણ	જે. ઍન્ડ જે. કૉલેજ, નડિયાદ.
૪. શ્રી. પી. સી. મહેતા	કેમિસ્ટ્રી	પીએચ.ડી.	સંશોધન	અટીરા, અમદાવાદ.
૫. શ્રી. કમલા ચૌધરી	ઇન્ડસ્ટ્રીયલ અને સોશિયલ સાયકોલૉજી	પીએચ.ડી.	સંશોધન	અટીરા, અમદાવાદ.

બ. નીચે દર્શાવેલ શિક્ષકોની અરજી માન્ય ન કરી:

૧. શ્રી. કે. જે. શાહ ગુજરાત કૉલેજ, અમદાવાદ.	ફિલોસોફી	એમ.એ.
૨. શ્રી વી. એન. પાટણકર અટીરા, અમદાવાદ.	સ્ટેટિસ્ટીકસ	પીએચ.ડી.

૬. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચીંગે અનુસ્નાતક શિક્ષકોના મદદનીશ શિક્ષક તરીકેની માન્યતા અંગેની અરજીઓ બાબતમાં શ્રી. વાઇસ-ચાન્સેલરને સત્તા આપ્યા પ્રમાણે શ્રી. વાઇસ-ચાન્સેલરે માન્ય કરેલા અનુસ્નાતક શિક્ષકોના મદદનીશ શિક્ષકોની યાદી જાણ સારૂ.

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબતની નોંધ લેવી.

૭. ડી. કે. વી. કૉલેજ, જામનગરના પ્રો. એ. વાય. કેસ્કરને એમ.એસસી. ઓર્ગેનિક કેમિસ્ટ્રીમાં શિક્ષણ માટે અનુસ્નાતક માન્યતા ધર્મેન્દ્રસિંહજી કૉલેજ, રાજકોટમાં આપી છે ઉપરાંત આ માન્યતા વધુમાં ઓર્ગેનિક કેમિસ્ટ્રીમાં પણ આપવા બાબતની પ્રિન્સિપલ ડી. કે. વી. કૉલેજ, જામનગર મારફત આવેલ શ્રી. કેસ્કરની માગણી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે પ્રોફેસર એ. વાય. કેસ્કરને ઓર્ગેનિક કેમિસ્ટ્રી વિષયમાં શિક્ષણનો અનુભવ વગેરે કેટલો છે તે અંગેની વધુ વિગતો તેમની પાસેથી મંગાવવી.

૮. ધી ઇન્ટર યુનિવર્સિટી બૉર્ડની પટણા મુકામે તા. ૨૫-૧-૫૬ ના રોજ મળેલી ૩૦ મી વાર્ષિક સભાના નોન-યુનિવર્સિટી સંસ્થાએ અને અભ્યાસક્રમોને માન્યતા અંગેના ઠરાવો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે:-

અ. Recognition of Non-University Institutes and courses. એ બાબત ઇક્વીવેલેન્સ ઑફ એક્ઝામિનેશન્સ કમિટી તરફ વિચારણા માટે મોકલી આપવી.

બ. "Recognition of Non-University Diplomas (National Diplomas) for admission to Post-Graduate studies in Indian Universities" એ બાબતમાં જો કોઇ વિષયના અનુસ્નાતક અભ્યાસ માટે આ યુનિવર્સિટીમાં જોગવાઇ ન હોય અને તેવો અભ્યાસ કરાવવાને માટે યોગ્યતા ધરાવતી ખાસ સંસ્થા યુનિવર્સિટી એરિયા બહાર હોય, તો તેવા બહારની સંશોધન સંસ્થાઓને માન્યતા આપી વિદ્યાર્થીઓ અભ્યાસ કરી શકે એવી જોગવાઇ આપવાના સિદ્ધાંતને સ્વીકારવા આ બૉર્ડ ભલામણ કરે છે.

૯. ધી ઇન્ટર યુનિવર્સિટી બૉર્ડની અલીગઢ મુકામે તા. ૧૮/૧૯-૧-૫૬ ના રોજ મળેલી ૩૧ મી વાર્ષિક સભાની નીચે દર્શાવેલ બાબતો પર વિચારણા કરવા બાબત.

VI (1) **Migratian of students :**

Removal of obstacles to the migration of research students from one University to another having different centres of research.

VII (5) (a) **Miscellaneous :**

Association of Post-graduate and other advanced students with field parties sent out by the various scientific surveys and museums.

X (2) **Recognition of non-University Institutes :**

Relationship of the Universities with the National Laboratories.

(3) Recognition of the Gulmarg Research Observatory as an Inter-University Centre for "High Altitude Research" in Physical and Biological Sciences.

આથી ઠરાવવામાં આવે છે કે—

અ. બહારનાં સંશોધન કેન્દ્રોની માન્યતા બાબતમાં કામ ૮-બ.માં વિચારાયું છે તે જોતાં આ તબકકે "Migration of students" એ અંગેનો પ્રશ્ન ઉભો થતો નથી.

બ. "Miscellaneous" મિનિસ્ટ્રી ઑફ નેચરલ રીસોર્સીઝ ઍન્ડ સાયન્ટીફીક રિસર્ચ, ન્યુ દિલ્હી મારફત કલકત્તાના ઇન્ડિયન મ્યુઝીયમના ઈન્ડસ્ટ્રીયલ સેકશન તરફથી આવેલી દરખાસ્તો સાથે આ બૉર્ડ સંમત છે.

ક. આ અંગેનો નિર્ણય ઉપર આઇટેમ ૮-બ.માં લેવાયેલ છે.

૧૧. સર એલ. એ. શાહ લૉ કૉલેજના પ્રિન્સિપલ અને લૉના પ્રોફેસર-ઇન-ચાર્જ તરફથી લૉના શિક્ષણના કામની વહેંચણી અંગેની મુશ્કેલીઓ બાબતમાં આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધઃ- સર એલ. એ. શાહ લૉ કૉલેજ, અમદાવાદને ફક્ત એલ.એલ.એમ. પ્રાન્ચ ૪ માટે કેન્દ્ર આપવામાં આવેલું છે.)

એલ.એલ.એમ. પ્રાન્ચ ૪ માટેજ અનુસ્નાતક કેન્દ્ર આપવામાં આવ્યું છે. અને સર એલ. એ. શાહ લૉ કૉલેજના પ્રિન્સિપલના પત્રમાં દર્શાવેલ અન્ય પ્રાન્ચો અંગે જૂના નિયમો કે જે હાલ ચાલુ નથી, તેની ફરીએ માન્યતા માગે છે. તેની વિચારણા કરવા આ બૉર્ડ અધિકૃત નથી, તેથી એ વિષે કાંઇ કરી શકે નહિ.

વિશેષમાં પ્રાન્ચ ૪ બાબતમાં પ્રાધ્યાપક શ્રી. એમ. એસ. પંડિતને મજકૂર પ્રાન્ચ માટે અનુસ્નાતક શિક્ષક તરીકે માન્ય કરવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવેલ હોવાથી આ બાબતમાં કાંઇ કરવાનું રહેતું નથી.

૧૨ ધર્મેન્દ્રસિંહજી કૉલેજ, રાજકોટના પ્રિન્સિપલ અને ઇંગ્લીશ વિષયના પ્રોફેસર-ઇન-ચાર્જ તરફથી ઇંગ્લીશના અનુસ્નાતક શિક્ષણ અંગે પુસ્તકો ખરીદી અદ્યતન પુસ્તકાલય

લાયબ્રેરી બનાવવા માટે રૂા. ૩૦૦૦ ની રકમ મંજૂર કરવા આવેલ માગણી પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબત અંગે આગળ આઇટેમ નં. ૨ ઉપર વિચારણા થયેલ છે એટલે વિશેષ કાંઇ કરવાનું રહેતું નથી.

૧૩. ઇન્સ્ટિટ્યુટ ઑફ એગ્રિકલ્ચર, આણંદના ડીરેક્ટર તરફથી એમ.એસસી. એગ્રિ. પરીક્ષા માટે Partly by papers and partly by research માટે રજિસ્ટર થયેલા વિદ્યાર્થીઓને પરીક્ષામાં બેસવા માટે તેમજ તેમનો મહાનિબંધ રજુ કરવા માટે સમય મર્યાદા બાબતમાં આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ:- ૧. ફક્ત સંશોધન માટે રજિસ્ટર થયેલ વિદ્યાર્થીઓ તેમનો મહાનિબંધ રજૂ કરવા પાત્ર થયા તારીખથી વધુ બે વર્ષ તે માટે મળી શકે છે એટલે કે એકંદર ચાર વર્ષમાં તેમણે મહાનિબંધ રજુ કરવો જ જોઇએ એવું નિયમમાં છે.

૨. ફક્ત શિક્ષણ માટે રજિસ્ટર થયેલ વિદ્યાર્થીઓ અભ્યાસક્રમ ન બદલાય તો ગમે ત્યારે પરીક્ષામાં બેસી શકે છે. તેમાં સમય મર્યાદા નથી.

૩. ફક્ત સંશોધનથી રજિસ્ટર થનારા વિદ્યાર્થીઓ ગમે ત્યારે રજિસ્ટર થઇ શકે છે. જ્યારે Partly by papers and partly by thesis થી રજિસ્ટર થનારા વિદ્યાર્થીઓની કક્ષા ફક્ત શિક્ષણ માટે રજિસ્ટર થનારા વિદ્યાર્થીઓની બરાબર ગણવામાં આવી છે એટલે કે તેઓએ પણ શૈક્ષણિક વર્ષ દરમ્યાન ઠરાવેલ સમય દરમ્યાન રજિસ્ટર થવુ જ પડે છે)

આથી ઠરાવવામાં આવે છે કે એમ.એસસી. એગ્રિકલ્ચર પરીક્ષા માટે Partly by papers and partly by research માટે રજિસ્ટર થયેલા વિદ્યાર્થીઓને પરીક્ષામાં બેસવા માટે તેમજ તેઓ મહાનિબંધ રજૂ કરવા માટે તેઓની કક્ષા (Registration) માટે શિક્ષણ માટે નોંધાનારા વિદ્યાર્થીઓની સમાન હોવાથી સમય મર્યાદા વગેરે બાબતમાં તે જ નિયમો લાગુ પડે છે એમ ઇન્સ્ટિટ્યુટ ઑફ એગ્રિકલ્ચર, આણંદના ડીરેકટરને જવાબ આપવો.

૧૪. યુનિવર્સિટીએ માન્ય કરેલા એકસ્ટર્નલ બેચેલર ડીગ્રી ધરાવનારા વિદ્યાર્થીઓ આ યુનિવર્સિટીમાં પીએચ.ડી. ડીગ્રી માટે દાખલ થઇ સંશોધન કરી શકે કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ:- ૧. એકસ્ટર્નલ બેચેલર ડીગ્રી ધરાવતા વિદ્યાર્થીઓને આ યુનિવર્સિટીમાં એમ.એ. ડીગ્રીના અનુસ્નાતક અભ્યાસને માટે નિયમિત વિદ્યાર્થી તરીકે દાખલ કરવામાં આવે છે.

૨. યુનિવર્સિટીએ એકસ્ટર્નલ બેચેલર ડીગ્રી ધરાવતા વિદ્યાર્થીઓને બી.એડ., એમ.એ. અને એલ.એલ.બી. અભ્યાસક્રમ માટે દાખલ થવા પરવાનગી નિયમાનુસાર આપેલી છે પણ પીએચ.ડી. માટે ઉલ્લેખ નથી.

૩. આપણે ત્યાં એમ.એ. એકસ્ટર્નલ નહિ હોવાથી પીએચ.ડી. ના અભ્યાસ માટે બી.એ. એકસ્ટર્નલ જરૂરી ગણી શકાય પણ બી.એ. એકસ્ટર્નલ પરીક્ષા પસાર કરેલ વિદ્યાર્થીને પીએચ.ડી. ના સંશોધન અર્થે દાખલ કરી શકાય કે કેમ તે બાબતનો નિર્ણય કરવાનો છે, નિયમોમાં આ અંગે ઉલ્લેખ નથી.)

આથી ઠરાવવામાં આવે છે કે એકસ્ટર્નલ એચેલર ડિગ્રી ધરાવનારા વિદ્યાર્થીઓ internal વિદ્યાર્થીઓની માફક જ પીએચ.ડી ડીગ્રી માટે નિયમાનુસાર રજિસ્ટર થઈ શકે.

૧૫. સર્વોદય હાઇસ્કૂલ, ડાંગરવા (ડાભી) જીલ્લે મહેસાણાના આચાર્ય શ્રી. કમળાશંકર ગી. પુરોહિતની ત્યાં જ રહી અત્રેના પ્રાધ્યાપક શ્રી. ધીરૂભાઈ ઠાકરના હાથ નીચે ગુજરાતી વિષય માટે પીએચ.ડી. નો અભ્યાસ કરવા દેવા પરવાનગી આપવા અંગે આવેલ માગણી પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. કે. જી. પુરોહિતની વિનંતી માન્ય રાખવી નહિ.

૧૬. ગુજરાતી અધ્યાપક સંઘ, ભાવનગરના મંત્રી પ્રાધ્યાપક ઇશ્વરલાલ દવે તરફથી ગુજરાતી અધ્યાપક સંઘના નડિયાદ સંમેલને પીએચ.ડી. ના અભ્યાસ અંગે કરેલ ઠરાવની નકલ આવેલ છે તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે પીએચ.ડી. ના અભ્યાસ અંગેના હાલના નિયમોમાં કાંઇપણ ફેરફાર કરવા સૂચવવા આ બૉર્ડ સંમત નથી.

૧૭. બી. જે. ઇન્સ્ટિટ્યુટ ઑફ લર્નિંગ ઍન્ડ રિસર્ચના ડીરેકટર તરફથી તેમની દોરવણી નીચે બે વિદ્યાર્થીઓ જેઓ સન ૧૯૪૯ અને ૧૯૫૧માં પીએચ.ડી. ડીગ્રી સંસ્કૃત વિષયમાં અને ચાર વિદ્યાર્થીઓ પીએચ.ડી. ડીગ્રી ઍન્શ્યન્ટ ઇન્ડિયન કલ્ચર વિષયમાં સન ૧૯૪૯ તેમજ ૧૯૫૦ માં રજિસ્ટર થયેલ હતા તેઓની તે તેમના મહાનિબંધો રજુ કરવા માટે નિયમ પ્રમાણે ચારેય વર્ષોની મુદત પુરી થઇ ગઇ છે અને વધારાની મુદત માટે તેઓએ માગણી કરી નથી તેમજ ૧૯૫૪માં અને ૧૯૫૫માં તેમના હાથ નીચે પીએચ.ડી. ઍન્શ્યન્ટ ઇન્ડિયન કલ્ચર માટે રજિસ્ટર થયેલ બે વિદ્યાર્થીઓએ તેમનું કાર્ય શરૂ કર્યું નથી તેથી આ તમામ વિદ્યાર્થીઓને શ્રી. પરીખની દોરવણી નીચે કામ કરનારા વિદ્યાર્થીઓ તરીકે બંધ થયેલા ગણી તેમનું રજિસ્ટ્રેશન રદ કરવું કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે બી. જે. ઇન્સ્ટિટ્યુટ ઑફ લર્નિંગ ઍન્ડ રિસર્ચ, અમદાવાદના ડીરેકટરના પત્રની નોંધ લેવી તેમજ મજકૂર વિદ્યાર્થીઓ હવે તેમની દોરવણી હેઠળ રહેતા ન હોવાથી તેમનાં રજિસ્ટ્રેશન રદ કરવાં.

૧૮. ફિઝિકલ રિસર્ચ લૅબોરેટરીના શ્રી. આર. જી. રાસ્તોગી જેઓ પીએચ.ડી. ડીગ્રી માટે ફિઝિકલ વિષયમાં રજિસ્ટર થયેલ છે અને જેઓએ તેમના મહાનિબંધની રૂપરેખા

–સિનોપ્સીસ– અત્રે તા. ૮–૩–૧૯૫૬ના રોજ રજુ કરેલ છે અને જેઓએ તેમની રૂપરેખા રજુ કર્યા બાદ છ માસમાં તેમનો મહાનિબંધ રજુ કરવો જોઇએ કે તા. ૮–૯–૧૯૫૬ દરમ્યાન રજુ કરવો જોઇએ પરંતુ મુદ્રણકામ અને આકૃતિઓ વગેરે તૈયાર કરવામાં વિલંબ થાય એમ હોવાથી તેમનો મહાનિબંધ રજુ કરવા માટે તારીખ ૧૫ ઑકટોબર ૧૯૫૬ સુધીનો સમય વધારી આપવા માટે ફિઝિકલ રિસર્ચ લૅબોરેટરીના ડીરેકટર મારફત આવેલ માગણી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. આર. જી. રાસ્તોગીને પીએચ.ડી. ડીગ્રી માટેનો તેમનો મહાનિબંધ રજૂ કરવા માટે તેમની માગણી પ્રમાણે તારીખ ૧૫ ઓકટોબર ૧૯૫૬ સુધીનો સમય વધારી આપવો.

૧૯. સર કે. પી. કૉલેજ ઑફ કૉમર્સ, સુરતના પ્રોફેસર એમ એન. જકાતે જેઓને ૧. કોર્પોરેશન ફીનેન્સ, ૨. ઓર્ગેનીઝેશન ઑફ ઇન્ડસ્ટ્રીઝ અને ૩. લેબર એડમીનીસ્ટ્રેશન એ વિષય માટે ઑર્ડિનન્સ ૬૫–જે. અનુસાર અનુસ્નાતક શિક્ષક તરીકે માન્ય કરેલ છે તેમની કૉલેજના અન્ય વિષયોમાં માન્ય થયેલ શિક્ષકો છૂટા થયેલ અને થનાર હોવાથી તેમની તેમને વધુ બે વિષયોમાં ૧. ઓર્ગેનાઇઝડ માર્કેટ્સ અને ૨. એગ્રિકલ્ચર કોઓપરેશન અને રૂરલ ડેવલપમેન્ટ–તેમાં અનુસ્નાતક શિક્ષક તરીકે માન્ય કરવા પ્રિન્સિપલ મારફત આવેલ માગણી પર વિચારણા કરવા બાબત.

(નોંધ:– શ્રી. જકાતે પ્રથમ જે વિષયો માટે અનુસ્નાતક શિક્ષણ તરીકે માન્ય થયેલ હતા તેજ વિષયોમાં નવા નિયમો પ્રમાણે ઑ. ૬૫–જે. અનુસાર માન્ય થયેલ છે એટલે હવે ઉપર પ્રમાણે વધુ બે વિષયોમાં માગણી પ્રમાણે તેઓને માન્યતા આપી શકાય કે કેમ તે પ્રશ્ન છે.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. એમ. એન. જકાતેને તેઓ જે ત્રણ વિષયોમાં અનુસ્નાતક શિક્ષક તરીકે માન્ય થયેલ છે અને જે બે વિષયની માન્યતા માટે તેઓએ માગણી કરી છે તે પાંચ વિષયો પૈકી તેમને ગમે તે ત્રણ વિષયો પસંદ કરી તે માટે માન્યતા આપવી.

૨૦. એમ. એન. કૉલેજ, વીસનગર મારફત હિસ્ટરી ગ્રુપ "એ" અને "સી" ના રજિસ્ટ્રેશન માટે બે વિદ્યાર્થીઓની અરજીઓ ઑગસ્ટ માસમાં આવેલ છે. એમ. એન. કૉલેજ, વીસનગરને હિસ્ટરી ગ્રુપ "એ" અને "સી" માટે કેન્દ્ર આપવામાં આવેલ છે. પરંતુ ત્યાં ત્રણ વિદ્યાર્થીઓ ન થવાથી કેન્દ્ર ચાલુ રહી શકે નહિ, તો મજકૂર બે વિદ્યાર્થીઓ જેઓને કૉલેજમાં દાખલ કરવામાં આવેલ છે તેમનું પહેલું સત્ર માન્ય કરી શકાય કે કેમ અને તેમને રજિસ્ટર કરવા કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત

આથી ઠરાવવામાં આવે છે કે એમ. એન. કૉલેજ, વીસનગરને હિસ્ટરી ગ્રૂપ "એ" અને "સી" માટે વધારાનું અનુસ્નાતક કેન્દ્ર આપવામાં આવ્યું છે પરંતુ નિયમ પ્રમાણે ત્રણ વિદ્યાર્થીઓ ન હોવાથી તે કેન્દ્ર ચાલુ થઈ શકતું જ નથી, એમ તેમને જણાવવું.

૨૨. એલ. એમ. કૉલેજ ઑફ ફાર્મસી, અમદાવાદના પ્રિન્સિપલ તરફથી માસ્ટર ડીગ્રીને માટે ૧૦૦ માર્કના એક પેપરને માટે એક શિક્ષક વધારેમાં વધારે (maximum) કેટલા સમયો (periods) લઈ શકે અને ઓછામાં ઓછા (minimum) અને વધારેમાં વધારે (maximum) કલાકો વચ્ચે શું તફાવત છે વગેરે અંગે માહિતી માગતા આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબતનો નિર્ણય આઇટેમ નં. ૨ પર લેવાઈ ગયો હોઈ તે અંગે કાંઈ કરવાનું રહેતું નથી.

ત્યારબાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

નં. જન. ૬૯૭૨૪–૪૧– ૫૬
અમદાવાદ–૯, તા. ૪–૧૦–૫૬.

જે. એમ. મહેતા
for રજિસ્ટ્રાર

પરિશિષ્ટ "ગ"

કામકાજ નં° ૧૦૧

(S 135-A.) ENGINEERING

Lecturer :-

(1) At least a Second Class Bachelor's Degree or a Master's Degree (by papers) in the subject concerned, and
Three years' teaching or professional experience, or a combined teaching and professional experience for a total period of 5 years.

Or

(2) Corresponding qualifications approved by the Syndicate.

Lecturer in Tele-Communication :-

(1) A B.Sc. Degree in at least Second Class with Physics as a special subject plus a Master's or higher Degree in Physics with Radio Physics and Electronics as a special subject.

(2) Experience of Electronics and Radio Engineering for not less than three years in Industry or Industrial Research or Broad-casting or Radio Communications or college teaching to Degree courses or a combination of two or more of these.

Professor :-

(1) At least a Second Class Bachelor's Degree or a Master's Degree (by papers) in the subject concerned and at least five year's experience in a position of responsibility, three of which should have been spent on works and two in a Designing Office or in a Research Work, or five years' as a teacher in an Engineering College, or a combined teaching and professional experience of 7 years.

Or

(2) Corresponding qualifications approved by the Syndicate.

Note:-For subjects like Mathematics, English, Geology and Physics, the qualifications shall be the same as those which are laid down by the Syndicate for the Arts and Science teachers.

પરિશિષ્ટ "ઘ"

કામકાજ નં. ૧૩૧

SHERENIK KASTURBHAI

Shahibag, Ahmedabad.
September 1, 1966.

My dear Shenoy,

This has reference to your letter No. D.O. 831 dated the 6th August 1956, and the telephonic talk that I had with you in this matter. I am glad to write to you that the Trustees of our Charitable Trust are agreeable to contribute Rs. 2,500/- in total towards the remuneration of the gentleman delivering the lectures and other incidental expenses to be incurred for the same, subject to the following conditions :-

1. That out of Rs. 2,500/-, Rs. 1,500/- will be paid to the gentleman as his remuneration for delivering six lectures.

2. That Rs. 1,000/- will cover all incidental expenses such as, publication of the said lectures, travelling and other expenses of the lectures and miscellaneous charges. Any additional expenses will have to be met with by the University.

3. That the said six lectures shall be published in the proper form at the earliest and in no circumstances, the same shall be postponed.

4. That the proper publicity will be made for the lectures so arranged.

5. It is suggested that two such series of lectures be arranged to be delivered, at present preferably by Shri M. V. Rangachary, Joint Secretary, Ministry of Finance, Government of India, New Delhi and Shri V. P. Menon, formerly Secretary, Ministry of States, Government of India, respectively. If any of these two gentlemen is not willing or available for the same, then, some other persons may be invited to deliver such lectures after obtaining prior consent of the trustees in writing.

I hope the above ārrangement shall meet with your approval, and shall thank you to please confirm the same so as to enable me to do the needful.

Yours sincerely,
Sd/-**Shrenik Kasturbhai.**

To
Shri B. R. Shenoy
University School of Social Sciences
Gujarat University
Ahmedabad-9.

પરિશિષ્ટ "ચ"

કામકાજ નં. ૪૨

ગુજરાત યુનિવર્સિટીની પબ્લીકેશન બૉર્ડની સાતમી બેઠક ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં, **શુક્રવાર** તા. ૩૧-૮-૧૯૫૬ ના રોજ સાંજના ૪-૩૦ કલાકે મળી હતી તે વખતે હાજરી નીચે પ્રમાણે હતી:

૧.	શ્રી. વાઇસ-ચાન્સેલર	હાજર,
૨.	શ્રી. આર. સી. પરીખ	ગેરહાજર,
૩.	ડૉ. એમ. ડી. અવસારે	ગેરહાજર,
૪.	પ્રિન્સિ. એસ. વી. સી. આપ્ટ્યા	ગેરહાજર,
૫.	ડૉ. એમ. ડી. પટેલ	હાજર,
૬.	પ્રિન્સિ. ડૉ. એમ. ડી. પટેલ	ગેરહાજર,
૭.	શ્રી. એચ. પી. શુકલ	ગેરહાજર,
૮.	પ્રિન્સિ. એસ. વી. દેસાઈ	હાજર,
૯.	શ્રી. વલ્લભરામ વૈદ્ય	ગેરહાજર,
૧૦.	પ્રિન્સિ. એલ. આર. દેસાઇ	હાજર,
૧૧.	પ્રિન્સિ. ડૉ. આર. પી. પટેલ	હાજર,
૧૨.	શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈ	હાજર,
૧૩.	ડૉ. કે. આર. રામનાથન	ગેરહાજર,
૧૪.	ડૉ. એમ. ડી. દેસાઇ	ગેરહાજર,
૧૫.	પ્રિન્સિ. જે. બી. સાણ્ડિલ	ગેરહાજર,
૧૬.	પ્રોફેસર આર. એચ. ચોખાવટીઆ	ગેરહાજર.

૧. પબ્લીકેશન બૉર્ડની તા. ૧૯-૨-૫૬ના રોજ મળેલી છઠ્ઠી બેઠકનો મિનિટ્સ મંજાર કરવા બાબત.

કામકાજની નોંધને મંજૂર કરવામાં આવી અને તેના ઉપર શ્રી. વાઇસ-ચાન્સેલરે સહી કરી.

૨. શ્રી. રામચંદ્ર જગન્નાથ સોમણ કે જેમની ઇકોનોમિક્સ વિષયમાં પીએચ.ડી. ડીગ્રી માટે "Peaceful Industrial Relations" એ વિષય પરનો મહાનિબંધ યુનિવર્સિટીએ સ્વીકાર્યો છે તે પ્રસિદ્ધ કરવા માટે યુનિવર્સિટી તરફથી ઘટતી મદદ મળવા અંગે આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. સોમણને તેમનો મહાનિબંધ પ્રસિદ્ધ કરવા બાબતમાં તે પુસ્તકનાં કેટલાં પાનાં થશે તેમજ શું ખર્ચ આવશે વગેરે વિગતો અત્રે મોકલી આપવા જણાવવું તથા તેમાં તેમને કેટલી મદદ જોઈએ છે તે પૂછાવવું.

૩. પબ્લીકેશન બૉર્ડની તા. ૫-૯-૧૯૫૫ના રોજ મળેલી બેઠકના એજન્ડાની આઇટેમ નં. ૨ ઉપર ઠરાવ્યા પ્રમાણે મુંબઇ સેક્રેટરિયેટના રેવન્યુ ડિપાર્ટમેન્ટના સ્પેશિયલ ઑફિસર શ્રી. ગોવિંદલાલ ડી પટેલ, એમ.એ , પીએચ.ડી. તરફથી મુંબઇ યુનિવર્સિટી દ્વારા પીએચ.ડી. ડીગ્રી માટે સને ૧૯૪૯માં પસંદ કરાયેલી તેમની "**Land Revenue Settlements in Gujarat under the British**" પરની થિસિસ આ યુનિવર્સિટીએ પબ્લીશ કરવા બાબત આવેલ માગણી બાબતમાં શ્રી. પટેલે તૈયાર કરેલી થિસિસની **abridged edition** અત્રે મંગાવી તે પ્રસિદ્ધ કરવા યોગ્ય છે કે કેમ તે જોઇ તપાસી નક્કી કરવા માટે નીમેલી કમિટી તરફથી નીચે પ્રમાણે આવેલ રિપોર્ટ પર વિચારણા કરવા બાબત.

"We have read the original thesis and the abridged form of it by Dr. G. D. Patel. Dr. Patel has taken great pains to collect voluminous data. However, we regret that we are unable to recommend its publication by the Gujarat University, because this date is not sufficient to lead to any valuable conclusions or form a nucleous for further research."

Dated 1st July 1956.

Sd/- **S. V. Desai**
Sd/- **M D. Avasare**
Sd/- **H. P. Shukla.**

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. જી. ડી. પટેલના મહાનિબંધની abridged edition અંગે તે પ્રસિદ્ધ કરવા બાબતમાં આશરે કેટલો ખર્ચ થશે તે બાબતમાં કોઇ છાપખાના પાસેથી અંદાજ મંગાવવો.

૪. જે. અન્ડ જે. કૉલેજ ઑફ સાયન્સ અને સી. બી. પટેલ આર્ટ્સ ઇન્સ્ટિટ્યુટ, નડિયાદના શ્રી. આર. સી. બડવેની તેમની પાસેના તૈયાર મેન્યુસ્ક્રીપ્ટ "**Educational Foundations of Peace**" ને પ્રસિદ્ધ કરવા માટે ઓછામાં ઓછા રૂા. ૮૦૦-૦-૦ની પબ્લીકેશન ગ્રાન્ટ આપવા બાબત પ્રિન્સિપલ મારફત આવેલ માગણી અંગે વિચારણા કરવા બાબત.

(**નોંધ**:- હસ્તલિખિત મેન્યુસ્ક્રીપ્ટ અત્રે રજૂ કરવામાં આવ્યું છે.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. આર. સી. બડવેનું મેન્યુસ્ક્રીપ્ટ પ્રિન્સિપલ અ. ક. ત્રિવેદી અને પ્રોફેસર એમ. એ. બુચ તરફ તે પ્રસિદ્ધ કરવા યોગ્ય છે કે કેમ તે માટેના અભિપ્રાય માટે મોકલી આપવું.

૫. પબ્લીકેશન બૉર્ડની તા. ૧૭-૨-૧૯૫૬ના રોજ મળેલ બેઠકમાં આઇટેમ નં. ૩ ઉપર ગુજરાત રિસર્ચ સોસાયટી, મુંબઇના પ્રેસિડેન્ટ શ્રી. પી. જી. શાહ એમની એમના નવજીવન પ્રેસ દ્વારા સને ૧૯૪૯માં પ્રસિદ્ધ થયેલ "**English-Gujarati Glossary**

of Scientific Terms" એ પુસ્તકના રિવીઝન અને પ્રકાશનના ખર્ચ માટે મજકૂર સોસાયટીને યોગ્ય ગ્રાન્ટ આપવા બાબતમાં પુસ્તકમાં યુનિવર્સિટીએ આપેલી મદદનો ઉલ્લેખ કરે અને છપાયા બાદ તે પ્રતો અત્રે મોકલી આપે એ શરતે ગુજરાત રિસર્ચ સોસાયટી, મુંબઈને તેના અધ્યક્ષની વિનંતી ધ્યાનમાં લઇ રૂા. ૧,૦૦૦-૦-૦ ની પ્રકાશન માટેની મદદ (ગ્રાન્ટ) આપવા ઠરાવેલું તે બાબતમાં તે પ્રમાણે શ્રી. અધ્યક્ષને જણાવતાં તેમના તરફથી આવેલ પત્ર જે સિન્ડિકેટની તા. ૭-૪-૧૯૫૬ની બેઠક સમક્ષ મૂકવામાં આવેલ હતો તે આ બૉર્ડને વિચારણા માટે મોકલી આપ્યા પ્રમાણે તે પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે અગાઉની જે શરતો અનુસાર રૂા. ૧,૦૦૦-૦-૦ ની પ્રકાશન માટેની મદદ (ગ્રાન્ટ) ગુજરાત રિસર્ચ સોસાયટીને આપવા ઠરાવેલું છે તેમાં કાંઇ ફેરફાર કરવાની જરૂર આ બૉર્ડ જોતું નથી, એવો ગુજરાત રિસર્ચ સોસાયટી, મુંબઈના અધ્યક્ષને જવાબ આપવો.

૬. પબ્લીકેશન બૉર્ડની તા. ૧૭-૨-૧૯૫૬ના રોજ મળેલ છઠ્ઠી બેઠકમાં આઇટેમ ૪ ઉપર બૉર્ડની ભલામણો પ્રમાણે તેમજ ગુજરાતી બૉર્ડના અભિપ્રાય સહિત શ્રી. પ્રબોધ બી. પંડિતે સૂચવેલા "Language - a Linguistic Introduction to History - By J. Vendreys Published by Kegal Poul - London એ પુસ્તકનો અનુવાદ કરવો કે કેમ તે બાબત વિચારણા બૉર્ડે તેની તા. ૫-૯-૫૫ના રોજ મળેલ બેઠકમાં શ્રી. પંડિત જે પુસ્તકનો અનુવાદ કરવાનું સૂચન કરે છે તે બાબતમાં તે પુસ્તકનાં પાનાં લગભગ કેટલાં થશે તેમજ તે કામ કેટલા વખતમાં અને ક્યારે તેઓ પૂરું કરી શકશે તે અંગે તેમની પાસેથી વિગતો મંગાવવા ઠરાવ્યા પ્રમાણે તેઓ પરદેશમાં હોવાથી આ બાબતની વિચારણા મુલતવી રાખેલી હવે તે અંગે તેઓ પાસેથી નીચે પ્રમાણે આવેલ વિગતો પર વિચારણા કરવા બાબત.

"Language- a Linguistic introduction to History by J. Vendreys (મૂળ ફ્રેન્ચનો અંગ્રેજી અનુવાદક- Paul Radis) ના અનુવાદ વિષે સવિનય નિવેદન કે:

૧. હું પોતે કોઇપણ પુસ્તકનો અનુવાદ કરી શકીશ નહિ.

૨. ભાષાવિજ્ઞાનના પુસ્તકોમાં યુરોપિયન ભાષાઓને આધારે સિદ્ધાંતો ચર્ચાએલા હોવાથી એવાને એવા ગુજરાતીમાં ઉતરવાથી સિદ્ધાંતો સમજાવી શકવા મુશ્કેલ છે અને પ્રસ્તુત પુસ્તક મૂળ ફ્રેન્ચમાં છે એના અંગ્રેજી અનુવાદ પણ થોડો કાચો છે.

૩. હું પોતે ભાષા વિજ્ઞાનની નાની પ્રવેશિકા લખું છું અને કાચો બરડો ૧૯૫૭ના ડિસેમ્બર સુધીમાં થઈ જશે, એનું પ્રકાશન હું સ્વતંત્ર રીતે કરવા ધારું છું.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. પ્રબોધ પંડીતને' પ્રત્યુત્તર જોતાં મજકૂર પુસ્તકનો અનુવાદ કરવાની જરૂર નથી.

૭. ગુજરાતી ભાષા-સાહિત્ય ભવનની પ્રવૃત્તિઓ અંગે ઇન્ડિયન એન્ટીક્વેરીમાં ૧૯૧૪-૧૫-૧૬ માં છપાયેલી ડૉ. ટેસ્સિટોરીની નોંધોનો ગુજરાતી અનુવાદ કે જે શ્રી. કે. કા. શાસ્ત્રીએ કરેલો છે તે છપાવવા અંગે યોગ્ય પ્રબંધ કરવા બાબત ગુજરાતી ભાષા-સાહિત્ય ભવનના અધ્યક્ષ શ્રી. ઉમાશંકર જોષી તરફથી આવેલ પત્ર તેમજ હસ્તપ્રત અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. શાસ્ત્રીએ કરેલ અનુવાદની હસ્તપ્રત તે પ્રસિદ્ધ કરવા યોગ્ય છે કે કેમ તે અંગેના અભિપ્રાય માટે પ્રા. ટી. એન. દવે અને પ્રાધ્યાપક વી. આર. ત્રિવેદી એમના તરફ મોકલી આપવી.

ત્યારબાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

નં. જન. ૬૧૫૦૨-૧૭- ૧૯૫૬,
ગુજરાત યુનિવર્સિટી ઑફિસ,
અમદાવાદ-૯, તા. ૭-૯-૫૬

જે. એમ. મહેતા
for રજિસ્ટ્રાર

પરિશિષ્ટ "છ"

કામકાજ નં. ૪૩

ગુજરાત યુનિવર્સિટીની ગ્રાન્ટ્સ યુટિલાઇઝેશન કમિટીની નવમી બેઠક ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં, શુક્રવાર તા. ૩૧-૮-૧૯૫૬ ના રોજ બપોરના ૩-૦૦ કલાકે મળી હતી તે વખતે હાજરી નીચે પ્રમાણે હતી:

૧.	શ્રી. વાઇસ-ચાન્સેલર	હાજર,
૨.	પ્રિન્સિ. ડૉ. કે. જી. નાયક	હાજર,
૩.	શ્રી. ભાઈલાલભાઇ ડી. પટેલ	ગેરહાજર,
૪.	શ્રી. મગનભાઈ પ્ર. દેસાઇ	હાજર,
૫.	ડૉ. મોતીભાઇ ડી. પટેલ	હાજર,
૬.	શ્રી. આર. સી. પરીખ	ગેરહાજર,
૭.	ડૉ. કે. આર. રામનાથન	ગેરહાજર.

૧. ગ્રાન્ટ્સ યુટિલાઇઝેશન કમિટીની તા. ૫-૯-૧૯૫૫ના રોજ મળેલી આઠમી બેઠકની મિનિટ્સ મંજૂર કરવા બાબત.

કામકાજની નોંધ મંજૂર કરવામાં આવી અને તેના ઉપર શ્રી. ઉપકુલપતિશ્રીએ સહી કરી.

૨. ગુજરાત યુનિવર્સિટી સાથે જોડાયેલી કૉલેજોમાં અને માન્ય થયેલી સંસ્થાઓમાં કામ કરતા શિક્ષકો તરફથી સંશોધન કરવા માટે સને ૧૯૫૬-૫૭ની સાલ માટે રિસર્ચ ગ્રાન્ટની માગણો માટે આવેલ અરજીઓ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે—

અ. યુનિવર્સિટી સાથે જોડાયેલી કૉલેજો અને માન્ય સંસ્થાઓના અધ્યાપકોને તેઓ સામે જણાવેલ રકમની રિસર્ચ ગ્રાન્ટ આપવા સિન્ડિકેટને ભલામણ કરવી:

૧.	શ્રી. વાય. જી. નાયક ગુજરાત કૉલેજ, અમદાવાદ.	રૂા. ૨,૫૦૦ મૂળ સંશોધન કાર્ય આગળ ચલાવવાને માટે અને Reputed Journals માં કામ પ્રસિદ્ધ કરવાની શરતે.
૨.	પ્રિન્સિ. ડૉ. આર. ડી. દેસાઇ એલ. ડી. આર્ટ્સ કૉલેજ અને એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદ.	રૂા. ૫૦૦ Reputed Journals માં કામ પ્રસિદ્ધ કરવાની શરતે.

૩.	શ્રી. જે. જે. ત્રિવેદી એલ. ડી. આર્ટ્સ કૉલેજ અને એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદ.	રૂા ૨૦૦ Reputed Journals માં કામ પ્રસિદ્ધ કરવાની શરતે.
૪.	શ્રી. એમ. જે. પટની અને શ્રી. એ. એમ. ત્રિવેદી એલ. ડી. આર્ટ્સ કૉલેજ અને એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદ.	રૂા. ૫૦૦ Reputed Journals માં કામ પ્રસિદ્ધ કરવાની શરતે.
૫.	શ્રી. એસ. મુકરજી એલ. ડી. આર્ટ્સ કૉલેજ અને એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદ.	રૂા ૩૦૦ Reputed Journals માં કામ પ્રસિદ્ધ કરવાની શરતે.
૬.	શ્રી. એચ. એન. પાઠક યુનિ. સ્કુલ ઑફ સોશ્યલ સાયન્સીઝ, અમદાવાદ.	રૂા. ૪૦૦ Reputed Journals માં કામ પ્રસિદ્ધ કરવાની શરતે.
૭.	શ્રીમતી ડૉ. તારા પટેલ યુનિ. સ્કુલ ઑફ સોશ્યલ સાયન્સીઝ, અમદાવાદ.	રૂા. ૧,૦૦૦ બન્ને યોજનાઓ માટે. Reputed Journals માં કામ પ્રસિદ્ધ કરવાની શરતે.
૮.	શ્રી. સી. જે. પટેલ સેન્ટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદ.	રૂા. ૫૦૦ Reputed Journals માં કામ પ્રસિદ્ધ કરવાની શરતે
૯.	શ્રી. સી. એસ. શાહ એલ. એમ. કૉલેજ ઑફ ફાર્મસી, અમદાવાદ.	રૂા. ૩૦૦ Reputed Journals માં કામ પ્રસિદ્ધ કરવાની શરતે.
૧૦.	ડૉ. એ. ડી. જોસેફ બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ.	રૂા. ૨૫૦ Reputed Journals માં કામ પ્રસિદ્ધ કરવાની શરતે.
૧૧.	ડૉ વાય. એમ. ભેન્ડે બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ.	રૂા. ૨૫૦ નં. ૩ ની યોજના માટે "Sponge Biopsy in Diagnosis of Cancer by B. L. Mathur" Reputed Journals માં કામ પ્રસિદ્ધ કરવાની શરતે

૧૨.	શ્રી. એચ. ડી. ઉપાધ્યાય એમ. ટી. બી. કૉલેજ, સુરત.	રૂા. ૨૫૦ Reputed Journals માં કામ પ્રસિદ્ધ કરવાની શરતે.
૧૩	શ્રી. એન. એમ. દલાલ, સામળદાસ કૉલેજ, ભાવનગર.	એકંદર રૂા. ૧૫૦ Reputed Journals માં કામ પ્રસિદ્ધ કરવાની શરતે.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સ્કૂલ ઑફ સોશિયલ સાયન્સીઝ તથા સ્કૂલ ઑફ ગુજરાતી લેન્ગ્વેજ એન્ડ લિટરેચરના શિક્ષકો જો કાંઈ સંશોધન કરવા માગે તો તે બાબતની ગ્રાન્ટ તે સ્કૂલનાં બજેટમાં સંશોધન માટે સદરહુ મથાળા નીચે જે ગ્રાન્ટ મંજૂર કરવામાં આવી હોય તેમાંથી મેળવવી. તેથી આવતા વર્ષથી સ્કૂલોના બજેટોમાં તે બાબતની ગ્રાન્ટના હેડનો સમાવેશ કરવા ઑફિસે અને સ્કૂલે નોંધ લેવી.

જેઓને ગયે વર્ષે ગ્રાન્ટ આપી હતી તેઓએ તેમના પ્રથમ આપેલા ગ્રાન્ટ પરત્વેના કામનો રિપોર્ટ રજૂ ન કર્યો હોય તો તે આવે નહિ ત્યાં સુધી નવી મંજૂર થએલી ગ્રાન્ટ આપવી નહિ. બ. નીચેના અધ્યાપકોની અરજીઓ નામંજૂર કરવી:

૧.	શ્રી. વી. એમ. ઠાકોર, ગુજરાત કૉલેજ, અમદાવાદ.	રિસર્ચ ગ્રાન્ટ વ્યક્તિગત સંશોધન કાર્ય માટે શિક્ષકોને આપવામાં આવે છે. સંશોધન માટે માન્ય થયેલા શિક્ષકોને પોતાના હાથ નીચેના વિદ્યાર્થીઓના કામ માટે આપવામાં આવતી નથી તેની સ્પષ્ટતા કરવી.
૨.	શ્રી. એસ. આર. પટેલ, ગુજરાત કૉલેજ, અમદાવાદ.	
૩.	શ્રી. જી. સી. અમીન, ગુજરાત કૉલેજ, અમદાવાદ.	
૪.	શ્રી. જી. જી. કુલકર્ણી, ગુજરાત કૉલેજ, અમદાવાદ.	
૫.	શ્રી. કે. સી. ક્ષત્રિય, એલ. ડી. આર્ટ્સ કૉલેજ અને એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યુટ, અમદાવાદ.	
૬.	શ્રી. પી. ડી. પાઠક, ,,	,,
૭.	શ્રી. ડી. એન. પાઠક યુનિવર્સિટી સ્કૂલ ઑફ સોશ્યલ સાયન્સીઝ, અમદાવાદ.	સંશોધન માટે જરૂરી પુસ્તકોનો યુનિવર્સિટી લાયબ્રેરીમાંથી ઉપયોગ કરવો અને જો જરૂરી પુસ્તકો લાયબ્રેરીમાં ન હોય તો લાયબ્રેરીમાં તે પુસ્તકો મંગાવવાં.
૮.	ડૉ. વિક્રમ એ. સારાભાઇ ફિઝિકલ રિચર્સ લેબોરેટરી, અમદાવાદ.	

૯. શ્રી. સી. બી. શેઠ,
એ. જી. ટીચર્સ કૉલેજ, અમદાવાદ.

૧૦. ડૉ. સી. જે. મોંદી,
વી. એસ. જનરલ હૉસ્પિટલ, અમદાવાદ.

૧૧. શ્રી. જે, એચ. પાઠક,
એમ. ટી. બી. કૉલેજ, સુરત.

૧૨. પ્રિન્સિ. સી. ડી. દેશપાંડે,
એમ. એન, કૉલેજ, વીસનગર.

૧૩. શ્રી. આઇ. જે. ધ્રુવ,
સામળદાસ કૉલેજ, ભાવનગર.

૧૪. શ્રી. એ. એસ. પ્રભુદેસાઈ,
બહાઉદ્દીન કૉલેજ, જૂનાગઢ.

૧૫. શ્રી. આર. એસ. જેટાઈ,
બહાઉદ્દીન કૉલેજ, જૂનાગઢ.

૧૬. શ્રી. બી. જી. ઝવેરી,
બહાઉદ્દીન કૉલેજ, જૂનાગઢ.

૧૭. કુ. મીનાક્ષી કે. વોરા,
એમ. જે. કૉલેજ ઑફ કૉમર્સ, ભાવનગર.

૧૮. શ્રી. વી. એસ. ભટ્ટ

અને

શ્રી. કે. બી. ટીપણીસ
એમ. જે. કૉલેજ ઑફ કૉમર્સ, ભાવનગર.

૧૯. શ્રી. પી. પી. મહેતા,
એમ. જે. કૉલેજ ઑફ કૉમર્સ, ભાવનગર.

૨૦. શ્રી. એમ. ડી. નારાયણ,
એમ. જે. કૉલેજ ઑફ કૉમસ, ભાવનગર.

૨૧. શ્રી. પી. એન. ભટ્ટ,
ડી. જી. મહાવિદ્યાલય, અલીયાબાડા,

૨૨. ડૉ. એ. જી. મુનશી,
આર. આર. લાલન કૉલેજ, ભૂજ.

૨૩. કુ. મૃણાલિની એચ. ગાંધી,
ધર્મેન્દ્રસિંહજી કૉલેજ, રાજકોટ.

વધુમાં ઠરાવવામાં આવે છે કે શ્રી. આર. કે. મધારા અને કુમારી એચ. જે. કાઝીને ગયે વર્ષે આપવામાં આવેલી ગ્રાન્ટ તેમની વિનંતી પ્રમાણે ચાલુ વર્ષે રીન્યુ કરવા સિન્ડિકેટને ભલામણ કરવી. તેમજ ગયે વર્ષે મંજૂર થયેલી પરંતુ તે વર્ષ દરમ્યાન ડ્રો થઇ નહોય તેવી નીચેનાઓની બીજા હપ્તાની ગ્રાન્ટ રીન્યુ કરવાની સિન્ડિકેટને ભલામણ કરવી અને તે ગ્રાન્ટ તેઓના કામ બાબતનો રિપોર્ટ આવેથી આપવી.

૧.	પ્રિન્સિ. આર. ડી. દેસાઈ	રૂા. ૧૫૦
૨.	ડૉ. એ. એમ. ત્રિવેદી	રૂા. ૧૫૦
૩.	શ્રી. કે. એચ. કામદાર	રૂા. ૨૫૦
૪.	શ્રી. બી. જી. ઝવેરી	રૂા. ૧૫૦
૫.	શ્રી. આઇ. આર. દવે	રૂા. ૨૫૦
૬.	શ્રી. સી. સી. શાહ	રૂા. ૫૦૦

વિશેષમાં સંશોધન અંગેની ગ્રાન્ટ મળવા અંગે આવતી અરજીઓના પ્રમાણમાં સદર બાબત માટે બજેટમાં મુકરર કરેલી રકમ રૂા. ૧૦,૦૦૦ પૂરી પડતી ન હોવાથી હવે પછીના બજેટમાં સદર રકમ વધારી એકંદર રૂા. ૧૫,૦૦૦ થી રૂા. ૨૦,૦૦૦ મુકરર કરવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી.

ત્યારબાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

નં. જન. ૬૨૪૭૦-૭૬-૧૯૫૬,
અમદાવાદ-૯, તા. ૧૨-૯-૧૯૫૬.

જે. એમ. મહેતા
for, રજિસ્ટ્રાર.

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની સિન્ડિકેટની ખાસ સભા, ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં મંગળવાર તા. ૨૦-૧૧-૧૯૫૬ ના રોજ બપોરના ૨-૩૦ કલાકે અને બુધવાર તા. ૨૧-૧૧-૧૯૫૬ ના રોજ બપોરના ૩-૦૦ કલાકે ઉપકુલપતિ શ્રી. હરસિદ્ધભાઇ વ. દિવેટિયાના પ્રમુખપદે મળી હતી, તે વખતે સભ્યોની હાજરી નીચે પ્રમાણે હતીઃ

		તા. ૨૦-૧૧-૫૬	તા. ૨૧-૧૧-૫૬
૧.	શ્રી. હરસિદ્ધભાઇ વ. દિવેટિયા, વાઇસ-ચાન્સેલર	હાજર,	હાજર,
૨.	શ્રી. એસ. એસ. ભાંડારકર, ડાયરેક્ટર ઑફ એજ્યુકેશન	ગેરહાજર,	ગેરહાજર,
૩.	શ્રી. બટુભાઈ હ. દેસાઈ	હાજર,	હાજર,
૪.	ડૉ. ભાસ્કર આર. પટેલ	હાજર,	ગેરહાજર,
૫.	શ્રી. મગનભાઇ પ્ર. દેસાઈ	ગેરહાજર,	ગેરહાજર,
૬.	શ્રી. નવનીતલાલ એસ. શોધન	ગેરહાજર,	ગેરહાજર,
૭.	ડૉ. નાનુભાઇ આર. દેસાઈ	હાજર,	હાજર,
૮.	શ્રી. હિંમતલાલ પી. શુકલ	હાજર,	હાજર,

		તા. ૨૦-૧૧-૫૬	તા. ૨૧-૧૧-૫૬
૯.	શ્રી. સાંકળચંદ એમ. શાહ	હાજર,	હાજર,
૧૦.	પ્રિન્સિપલ ડૉ. કે. જી. નાયક	હાજર,	હાજર,
૧૧.	પ્રિન્સિ. અ. ક. ત્રિવેદી	હાજર.	ગેરહાજર,
૧૨.	પ્રિન્સિ. ડૉ. આર. પી. પટેલ	હાજર,	હાજર,
૧૩.	પ્રોફેસર બી. આર. શેનોય	હાજર,	હાજર,
૧૪.	પ્રિન્સિપલ ડૉ. એમ. ડી. પટેલ	ગેરહાજર,	ગેરહાજર,
૧૫.	પ્રિન્સિપલ જી. એસ. દેસાઈ	હાજર.	હાજર.

૧. તા. ૭-૧૦-૧૯૫૬ ના રોજ મળેલી સિન્ડિકેટની ખાસ સભાના કામકાજની નોંધને બહાલી આપવા બાબત.

તા. ૭-૧૦-૧૯૫૬ ના રોજ મળેલી સિન્ડિકેટની ખાસ સભાના કામકાજની નોંધને મંજૂર કરવામાં આવી અને તેના પર શ્રી. વાઇસ ચાન્સેલરે સહી કરી.

૨. શ્રી બી. એમ. શાહ ઇન્ટરમિડિયેટ આર્ટ્સ કૉલેજ, ભાવનગરનું ઇન્ટરમિડિયેટ આર્ટ્સ સુધીના અભ્યાસક્રમો માટેનું જોડાણ ચાલુ રાખવા બાબતની અરજી.

(નોંધ:- "મજકૂર કૉલેજને જોડાણ હજી આપી શકાયું નથી, એટલે જોડાણ ચાલુ રાખવાની અરજી પરત્વે વિચારણા થઇ શકે નહિ" એમ સિન્ડિકેટે તેની તા. ૪-૮-૫૬ ની સભામાં ઠરાવ્યું હતું. હવે જોડાણ બાબતનું ગવર્મેન્ટ નોટિફિકેશન આવી ગયેલું હોવાથી સ્થાનિક તપાસસમિતિ નીમવાનો પ્રશ્ન છે)

આથી ઠરાવવામાં આવે છે કે પ્રિન્સિપલ અ. ક. ત્રિવેદી તથા શ્રી. એસ. એમ. શાહની બનેલી સ્થાનિક તપાસસમિતિ નીમવી.

૩. એમ. ટી. બી. કૉલેજ, સૂરતને હિંદીમાં બી.એ. (સ્પેશ્યલ અને જનરલ) ના અભ્યાસક્રમો માટે તા. ૨૦મી જૂન ૧૯૫૭ થી જોડાણનો વધારો આપવા બાબતની મજકૂર કૉલેજના પ્રિન્સિપલ તરફથી આવેલી અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. મગનભાઇ પ્ર. દેસાઇને સ્થાનિક તપાસસમિતિનું [illegible] કરવા વિનંતી કરવી.

૪. આયુર્વેદ મહાવિદ્યાલય, જામનગરનું બી એમ.એસ.એ. ની પહેલી પરી[illegible] અભ્યાસક્રમો માટેનું જોડાણ ચાલુ રાખવા અને બીજી પરીક્ષાના અભ્યાસક્રમો માટે જો[illegible] ણનો વધારો આપવા બાબતની શ્રી. ગુ. આ. સોસાયટીના માનદ્ મંત્રી તરફથી આવેલ[illegible] અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે ડૉ. એમ. ડી દેસાઇ તથા શ્રી. હરિદત્ત શાસ્ત્રીની બનેલી સ્થાનિક તપાસસમિતિ નીમવી તથા આ તપાસસમિતિને મજકૂર કૉલેજના જોડાણ અંગેની સરકારી જાહેરાત આવી ગયા પછી જ તપાસ માટે જવા વિનંતી કરવી.

૫. સિન્ડિકેટે તા. ૪-૯-૫૬ ની બેઠકમાં નીચે મુજબની કૉલેજોની ત્રિવાર્ષિક તપાસ અંગે સમિતિઓ નીમવા બાબત નીચે જણાવ્યા પ્રમાણે ઠરાવ કર્યો છે તો તે અંગે પુનર્વિચારણા કરવા બાબત.

૧. જે. ઍન્ડ જે કૉલેજ ઑફ સાયન્સ અને સી. બી. પટેલ આર્ટ્સ ઇન્સ્ટિટ્યૂટ, નડિયાદ – **આર્ટ્સ વિભાગ**

૨. એમ. જે. કૉલેજ ઑફ કૉમર્સ, ભાવનગર.

સિન્ડિકેટનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે નીચે મુજબના સભ્યોની બનેલી ત્રિવાર્ષિક તપાસસમિતિઓ નીમવી:

૧. જે. ઍન્ડ જે. કૉલેજ ઑફ સાયન્સ ઍન્ડ સી. બી. પટેલ આર્ટ્સ ઇન્સ્ટિટ્યૂટ, નડિયાદ.	૧. શ્રી. આર. સી. પરીખ ૨. પ્રો. જે. ડી. ઓઝા ૩. પ્રો. પી. સી. વૈદ્ય
૨. એમ. જે. કૉલેજ ઑફ કૉમર્સ, ભાવનગર.	૧. પ્રિન્સિ. એસ. વી. દેસાઈ ૨. પ્રિન્સિ. આર. કે. અમીન

(નોંધ:– નડિયાદ કૉલેજ, માટે ફક્ત આર્ટ્સ વિભાગ માટેજ ત્રિવાર્ષિક તપાસસમિતિ નીમવાની હોવાથી સાયન્સ વિભાગ માટે નીમેલા ૧. શ્રી. ઓઝા અને ૨. શ્રી. વૈદ્યનાં નામ કાઢી નાખી ઠરાવ સુધારવા બાબત છે)

આથી ઠરાવવામાં આવે છે કે જે. ઍન્ડ જે. કૉલેજ ઑફ સાયન્સ અને સી. બી. પટેલ આર્ટ્સ ઇન્સ્ટિટ્યુટ, નડિયાદ માટે શ્રી. આર. સી. પરીખ અને પ્રોફેસર બી. આર. શેનોયની બનેલી ત્રિવાર્ષિક તપાસસમિતિ નીમવી.

૬. ત્રિવાર્ષિક તપાસ અંગેની સિન્ડિકેટે નીમેલી સ્ટેન્ડીંગ કમિટીની તા. ૭-૯-૫૬ના રોજ મળેલી બીજી સભાના કામકાજની નોંધને મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર સ્ટેન્ડીંગ કમિટીની તા. ૭-૯-૧૯૫૬ના રોજ મળેલી સભાના કામકાજની નોંધને મંજૂર કરવી તથ તેમાં જણાવેલી શરતોનું જુન ૧૯૫૭ પહેલાં પાલન કરવા માટે લાગતીવળગતી કૉલેજોને જણાવવું.

(કામકાજની નોંધ પરિશિષ્ટ "ક" તરીકે સામેલ છે.)

૭. એલ. ડી. આર્ટ્સ કૉલેજ અને એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યુટની સાયન્સ વિભાગ માટેની ત્રિવાર્ષિક તપાસસમિતિના હેવાલમાં જણાવેલા મુદ્દાઓ અંગે સિન્ડિકેટના ઠરાવ્યા પ્રમાણે મજકૂર કૉલેજને લખતાં તેમના તરફથી આવેલો જવાબ.

(Note :-**Regarding Point 2** :

Specious Gymkhana for students. Wash Rooms be more commodious with modern arrangements for keeping clean.

Principal's reply ;

The Ahmedabad Education Society has prepared plans to build a spacious Gymkhana for students. This is being delayed owing to the difficulty of availability of materials.

Regarding Point 4 :

Reading Room with the desks and seats.

Principal's reply :

The Society has already prepared plans and estimates for addition of a floor to the south wing of the Science Institute. When this work is completed, provision for reading room will be made).

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર બાબતની નોંધ લેવી.

૮. સર એલ. એ. શાહ લૉ કૉલેજની ત્રિવાર્ષિક તપાસસમિતિના હેવાલમાં જણાવેલા મુદ્દાઓ અંગે સિન્ડિકેટના ઠરાવ અનુસાર મજકૂર કૉલેજને લખતાં તેમના તરફથી આવેલ પત્ર.

Note :-**Regarding Point 1** :

Provision for another room for the extension of Library on account of starting of Arts Section.

Principal's Reply :

At present the need of a separate room for extension of the Library for the Arts Section is not felt. As soon as the same is found necessary, necessary arrangements for the same will be made.

Regarding Point 2 :

Provision of a covered Badminton Hall.

Principal's reply':

I do not know in how many colleges, covered Badminton Hall is provided at present. So far as I am aware, very few colleges have made such arrangements. This recommendation, however, will be borne in mind when this Institution takes on hand the work of new construction.

Regarding Point 4:

Provision for a Principal's Bungalow as well as one for the resident Professor on the college premises.

Principal's reply:

There is no need of a Principal's Bungalow at present, as he has his own building. The work of construction of quarters for the Resident Professors will be taken on hand as soon as work of new construction is commenced.)

આથી ઠરાવવામાં આવે છે કે—

મુદ્દા નં. ૧ અંગે સર એલ. એ. શાહ લૉ કૉલેજ, અમદાવાદના પ્રિન્સિપલને જણાવવું કે આર્ટ્સ વિભાગના પુસ્તકાલય માટે એક વધારાના ખંડની મજકૂર ત્રિવાર્ષિક તપાસસમિતિની ભલામણ અનુસાર જોગવાઈ કરવી.

મુદ્દા નં. ૨ અંગે પ્રિન્સિપલના જવાબની નોંધ લેવી.

મુદ્દા નં. ૪ અંગે પ્રિન્સિપલને જણાવવું કે પ્રિન્સિપલ માટે યુનિવર્સિટીના નિયમ પ્રમાણે કૉલેજની સમીપમાં જુદો બંગલો હોવો આવશ્યક છે તથા પ્રિન્સિપલ અને રેસિડેન્ટ પ્રોફેસરનાં નિવાસ્થાન કયારે તૈયાર થશે તે પૂછાવવું

૯. એલ. ડી. આર્ટ્સ કૉલેજ ઍન્ડ એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યુટની આર્ટ્સ વિભાગ માટેની ત્રિવાર્ષિક તપાસસમિતિએ કરેલા હેવાલમાં જણાવ્યા પ્રમાણેના મુદ્દાઓ અંગે સિન્ડિકેટના ઠરાવ અનુસાર મજકૂર કૉલેજને લખતાં તેમના તરફથી આવેલો જવાબ.

Note:—**Regarding Point 1:**

Four to five bigger class rooms should be provided in the L.D. Arts College building itself.

Principal's reply:

As the L.D, Arts College works during the morning hours, six big lecture theatres of the M.G. Science Institute Building which is very near the building of the college are utilised for holding the classes. So far they have never experienced any difficulty.

Regarding Point 2:

An additional teacher in the subject of Logic and Philosophy should be appointed.

Principal's reply:

I do not think the appointment of an additional man is necessary as the number of students and classes in Inter Arts has decreased, However, necessary arrengements will be made if it is found necessary.

Regarding Point 3:

The Library Hall should be expanded and a separate reading room should be provided.

Principal's reply:

The Library will be shifted to a bigger hall as soon as possible and a separate reading room will be provided.)

આથી ઠરાવવામાં આવે છે કે—

મુદ્દા નં. ૧ અંગે પ્રિન્સિપલના જવાબની નોંધ લેવી.

મુદ્દા નં. ૨ અંગે ઈન્ટર આર્ટ્સમાં હાલ કેટલા ડિવિઝનો છે તથા પ્રત્યેક ડિવિઝનમાં કેટલા વિદ્યાર્થીઓ છે તે અંગે પ્રિન્સિપલ પાસેથી માહિતી મંગાવવી.

મુદ્દા નં. ૩ અંગે પ્રિન્સિપલના જવાબની નોંધ લેવી.

૧૦. સામળદાસ કૉલેજ, ભાવનગરની ત્રિવાર્ષિક તપાસસમિતિના હેવાલમાં જણાવેલા મુદ્દાઓ અંગે સિન્ડિકેટના ઠરાવ અનુસાર મજકૂર કૉલેજને લખતાં તેમના તરફથી આવેલો જવાબ.

(Note :-**Regarding Point No. 1** :-

The present arrangements regarding Arts & Science sections of the college should be remedied in the interest of the Institution as suggested by the Committee.

Principal's reply.

I do not think the college administration has suffered in any way because of the distance between the two buildings, specially as a separate Dean has been appointed for Science side and the Arts and Science sections work at different

timings. One in the morning and the other in the afternoon. It is true that it has meant a slighlty greater strain on the Principal but not enough to necessitate a complete splitting up the Institution into two separate colleges.)

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર બાબત અંગે પ્રિન્સિપલના જવાબની નોંધ લેવી.

૧૧. ધર્મેન્દ્રસિંહજી કૉલેજ, રાજકોટની ત્રિવાર્ષિક તપાસસમિતિના હેવાલમાં જણાવેલા મુદ્દાઓ અંગે સિન્ડિકેટના ઠરાવ અનુસાર થતાં પગલાં લેવા મજકૂર કૉલેજના પ્રિન્સિપલને જણાવતાં તેમના તરફથી આવેલા પત્રો.

(Note :–All points fulfilled.)

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર બાબત અંગે પ્રિન્સિપલના જવાબની નોંધ લેવી.

૧૨. ગુજરાત કૉલેજ, અમદાવાદના આર્ટ્સ વિભાગની ત્રિવાર્ષિક તપાસસમિતિના હેવાલમાં જણાવેલા મુદ્દાઓ અંગે સિન્ડિકેટના ઠરાવ અનુસાર મજકૂર કૉલેજને જણાવતાં તેમના તરફથી આવેલા પત્રો.

(Note :–Point No. 4 – A covered Badminton Hall may be built and provided as early as possible.

Point No. 6 – An Animal house for teaching animal psychology may be provided.

Principal replies as follows :–

Executive Engineer, Ahmedabad has already been requested to prepare the plans and estimates for the Badminton Hall and Animal House, which will be forwarded to Government for administrative approval and allotment of funds. Under the circumstances, it is not possible for me to give the exact time by which the buildings for the purpose will be ready, however. every possible efforts will be made to get the work don as soon as possible.)

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર બાબત અંગે પ્રિન્સિપલના જવાબની નોંધ લેવી.

૧૩. બહાઉદ્દીન કૉલેજ, જુનાગઢની આર્ટ્સ વિભાગની ત્રિવાર્ષિક તપાસસમિતિના હેવાલમાં જણાવેલા મુદ્દાઓ અંગે સિન્ડિકેટના ઠરાવ અનુસાર મજકૂર કૉલેજને જણાવતાં તેમના તરફથી આવેલો જવાબ.

નોંધ:– ૧. ફિઝિકલ ઇન્સ્ટ્રકટર હજી સુધી નીમ્યો નથી. હાલમાં પ્રોફેસર ઑફ ફિઝિકસ જે ફિઝિકલ ટ્રેઇનીંગના પિરિયડ લેવા લાયક છે તે એક ઇન્સ્ટ્રકટરની મદદથી કામ કરે છે.

૨. મેથેમેટિકસ ડિપાર્ટમેન્ટમાં એક વધુ માણસની જરૂર છે એવી સમિતિની રિમાર્કસ સાથે પ્રિન્સિપલ સંમત નથી.

૩. પ્રિન્સિપલ તેમના પત્ર નં. બી.સી.-યુ.-૧૨ તા. ૬-૧૧-૫૬ માં જણાવે છે કે આ જગા માટે જાહેરખબર આપ્યા છતાં લાયક માણસ મળતો નથી. ડૉ. એસ. એસ. ઋષીએ ફિઝિકલ ડાયરેકટર તરીકે ૨૦-૬-૫૬થી ૧૦-૧૦-૫૬ સુધી કામ ચાલુ રાખેલ છે. તેઓને શ્રી. પી. એલ. વસાવડાની પાર્ટ ટાઇમ ફિઝિકલ ઇન્સ્ટ્રકટર તરીકે મદદ મળતી. શ્રી. વસાવડાએ હોમગાર્ડની ટ્રેઇનીંગ લીધેલ છે. જ્યાં સુધી લાયકાત ધરાવતી વ્યક્તિની આખા સમય દરમ્યાન નિમણૂક નહિ થાય ત્યાં સુધી આ વ્યવસ્થા કાયમ રહેશે. શ્રી. ઋષીની લાયકાત માટે પ્રિન્સિપલને લખેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે—

મુદ્દા નં. ૧ અને ૩ અંગે પ્રિન્સિપલને તાત્કાલિક યોગ્ય લાયકાત ધરાવનાર ફિઝિકલ ઇન્સ્ટ્રકટરની નિમણૂક કરીને ખબર આપવા જણાવવું.

મુદ્દા નં. ૨ અંગે પ્રિન્સિપલના જવાબની નોંધ લેવી.

૧૪. શ્રી બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલય, વલ્લભ વિદ્યાનગર માટેની ત્રિવાર્ષિક તપાસસમિતિમાં શ્રી. એ. ડી' સોઝાને સિન્ડિકેટે નીમ્યા હતા, પરંતુ તેઓ એલ. ડી. ઍન્જિનિયરીંગ કૉલેજના પ્રિન્સિપલ મટી જવાથી તેમની જગ્યાએ બીજા સભ્ય નીમવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સરદાર વલ્લભભાઇ વિદ્યાપીઠ હવે થોડા વખત પર સક્રિય કામકાજ કરતી થશે એ લક્ષમાં લઇને આ બાબત અંગે આ યુનિવર્સિટીએ હવે કશું કરવાનું રહેતું નથી.

૧૫. આયુર્વેદિક મેડિકલ કૉલેજ, જામનગરને બી એમ.એસ.એ. ના અભ્યાસક્રમો માટે તા. ૨૦-૬-૫૬ થી જોડાણ આપવા બાબત નક્કી કરેલી શરતોના પાલન થયા અંગે મજકૂર કૉલેજના પ્રિન્સિપલ તરફથી આવેલ પત્રો.

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર બાબતની નોંધ લેવી.

૧૬. સ્ટેન્ડીંગ કમિટી ઑન ચેન્જીઝ ઇન કૉલેજ સ્ટાફની સિન્ડિકેટે મંજૂર કરેલી ભલામણ અનુસાર પી. ટી. ઇન્સ્ટ્રકટર શ્રી. કે. ડી. સુખારાની નિમણૂક માન્ય નહિ રાખ્યા અંગે એસ. બી. ગાર્ડા કૉલેજના પ્રિન્સિપલને જણાવતાં તે અંગેના તરફથી આવેલ પત્રો ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ:- સિન્ડિકેટના ઠરાવ અનુસાર ૩૦૦ વિદ્યાર્થીઓ દીઠ એક ફિઝિકલ ઇન્સ્ટ્રકટર નીમવો જોઇએ. પ્રિન્સિપલ જણાવે છે કે તેમની કૉલેજમાં પી. ટી. લેતાં કુલ વિદ્યાર્થીઓ ૪૭૮ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે પી. ટી. ઇન્સ્ટ્રકટર શ્રી. કે. ડી. સુખારાની નિમણૂક પાર્ટ-ટાઇમ ફિઝિકલ ઇન્સ્ટ્રકટર તરીકે માન્ય કરવી.

૧૭. સ્ટેન્ડીંગ કમિટી ઑન ચેન્જીઝ ઇન કૉલેજ સ્ટાફની સિન્ડિકેટે મંજૂર કરેલી ભલામણ અનુસાર અર્થશાસ્ત્રના લેકચરર શ્રી. વી. એસ. રાવલની નિમણૂક માન્ય નહિ રાખ્યા અંગે પેટલાદ કૉલેજના પ્રિન્સિપલને જણાવતાં તે અંગે તેમના તરફથી આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ:- પ્રિન્સિપલ તેમના પહેલા પત્રમાં જણાવેલ ૮ મુદ્દા ઉપર ભાર મૂકી શ્રી. રાવલની નિમણૂક ચાલુ શૈક્ષણિક વર્ષના અંત સુધી ચાલુ રાખવા વિનંતી કરે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે અર્થશાસ્ત્રના લેકચરર શ્રી. વી. એસ. રાવલની નિમણૂક તેઓ ઇન્ટરમિડિયેટ કક્ષાના વર્ગો સુધી જ શીખવે તે શરતે ફક્ત ચાલુ સત્ર પુરતીજ માન્ય રાખવી.)

૧૮. કુ. એસ. જી. ખાસગીવાલેની એસિસ્ટન્ટ લેકચરર ઇન ઇંગ્લીશ તરીકેની નિમણૂક ચાલુ શૈક્ષણિક વર્ષ દરમ્યાન કામચલાઉ મંજૂર રાખવાના પ્રશ્ન અંગે પુનર્વિચારણા કરવા બાબત ગુજરાત કૉલેજ, અમદાવાદના પ્રિન્સિપલ તરફથી આવેલ પત્ર.

(નોંધ:- કુ. ખાસગીવાલેની નિમણૂક સિન્ડિકેટે ગયા ૧૯૫૫-૫૬ના વર્ષ માટે મંજૂર રાખી હતી. ચાલુ શૈક્ષણિક વર્ષે પણ કામચલાઉ મંજૂર રાખવા અંગેની પ્રિન્સિપલની વિનંતી અંગે સિન્ડિકેટે તા. ૪-૮-૫૬ની બેઠકમાં માન્ય ન રાખવી એમ ઠરાવ્યું છે. હવે આ અંગે પુનર્વિચારણા કરવા બાબતનો આ પ્રશ્ન છે.

આથી ઠરાવવામાં આવે છે કે કુ. એસ. જી. ખાસગીવાલેની એસિસ્ટન્ટ લેકચરર ઇન ઇંગ્લીશ તરીકેની નિમણૂક તેઓ ઇન્ટરમિડિયેટ કક્ષાના વર્ગો સુધી જ શીખવે તે શરતે ફક્ત ચાલુ સત્ર પુરતી જ માન્ય રાખવી.

૧૯. ચેન્જીઝ ઇન કૉલેજ સ્ટાફ અંગેની સ્ટેન્ડીંગ કમિટીની સિન્ડિકેટે મંજૂર કરેલી ગાર્ડા કૉલેજ, નવસારીના ફિલસુફીના લેકચરર શ્રીમતી પી. આર. ભટ્ટની નિમણૂક મંજૂર કરવા અંગેની નીચેની ભલામણની જાણ મજકૂર કૉલેજના પ્રિન્સિપલને કરતાં તેમના તરફથી તે અંગે આવેલા પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

સ્ટેન્ડીંગ કમિટીની ભલામણ

"શ્રીમતી પી. આર. ભટ્ટને લેકચરર તરીકે રાખવાં હોય તો યુનિવર્સિટીના નિયમ પ્રમાણે પગાર આપવો જોઇએ."

(નોંધ:– શ્રીમતી ભટ્ટને સરકારની ફેલોશિપ માસિક રૂા. ૧૨૫ મળે છે. પાર્ટ ટાઇમ લેકચરરનો પગાર આપવો તેમના હિતની વિરૂદ્ધ છે કારણ રૂા. ૧૨૫ની ફેલોશિપ જે ઘણી માનપ્રદ ગણાય તે એમની જતી રહે એમ પ્રિન્સિપલનું કહેવું છે.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રીમતી પી. આર. ભટ્ટની નિમણૂક મંજૂર કરવી.

૨૦. શ્રી. બી. એમ. કુલકર્ણીની એસિસ્ટન્ટ લેકચરર ઇન ઇંગ્લીશ તરીકેની નિમણૂક ચાલુ રાખવાના પ્રશ્ન અંગે પૂનર્વિચારણા કરવા બાબત એમ. એન. કૉલેજ, વિસનગરના પ્રિન્સિપલ તરફથી આવેલ પત્ર.

(નોંધ:– શ્રી. કુલકર્ણીની નિમણૂક સિન્ડિકેટે ગયા ૧૯૫૫-૫૬ના વર્ષ માટે મંજૂર રાખી હતી. ચાલુ શૈક્ષણિક વર્ષે પણ કામચલાઉ મંજૂર રાખવા અંગેની પ્રિન્સિપલની વિનંતી અંગે સિન્ડિકેટે તા. ૪-૮-૫૬ની બેઠકમાં માન્ય ન રાખવી એમ ઠરાવ્યું છે. હવે આ અંગે પુનર્વિચારણા કરવા બાબતનો આ પ્રશ્ન છે.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. બી. એન. કુલકર્ણીની એસિસ્ટન્ટ લેકચરર ઇન ઇંગ્લીશ તરીકેની નિમણૂક તેઓ ઇન્ટરમિડિયેટ કક્ષાના વર્ગો સુધી જ શીખવે તે શરતે ફક્ત ચાલુ સત્ર પૂરતી જ માન્ય કરવી.

૨૧. સ્ટેન્ડીંગ કમિટી ઑન ચેન્જીઝ ઇન કૉલેજ સ્ટાફની ભલામણ અનુસાર સિન્ડિકેટે તેની તા. ૪-૮-૫૬ની સભામાં ગુજરાત કૉલેજના હિંદીના એસિસ્ટન્ટ લેકચરર શ્રી. આર. જી. કુલકર્ણીની નિમણૂક મંજૂર નહિ રાખ્યા બાબત મજકૂર કૉલેજના પ્રિન્સિપલને જણાવતાં શ્રી. કુલકર્ણીની નિમણૂક ચાલુ શૈક્ષણિક વર્ષ પૂરતી જ મંજૂર કરવા બાબત પ્રિન્સિપલના શેરા સહિત આવેલ શ્રી. કુલકર્ણીની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. આર. જી. કુલકર્ણીની હિંદીના એસિસ્ટન્ટ લેકચરર તરીકેની નિમણૂક તેઓ ઇન્ટરમિડિયેટ કક્ષાના વર્ગો સુધી જ શીખવે તે શરતે ફકત ચાલુ સત્ર પૂરતી જ માન્ય કરવી.

૨૨. બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદના મેડિકલ જ્યુરિસપ્રુડન્સના લેકચરર ડૉ. ઝાલાની ખાલી પડેલી જગ્યાએ ડૉ. વૈદ્યની કામચલાઉ વ્યવસ્થા ચેન્જીઝ ઇન કૉલેજ સ્ટાફની સ્ટેન્ડીંગ કમિટીની ભલામણ ઉપરથી સિન્ડિકેટે મંજૂર રાખી છે. આ અંગે ડૉ. વૈદ્યની જગ્યાએ યોગ્ય લાયકાત ધરાવતો માણસ કયારે નીમવામાં આવશે તે બાબત કૉલેજના પ્રિન્સિપલને પૂછવતાં તેમના તરફથી આવેલ પત્ર.

(નોંધ:– પ્રિન્સિપલ પત્રમાં જણાવે છે કે પબ્લીક સર્વિસ કમિશને ફોરેન્સીક મેડિસિનના લેકચરરની જગ્યાની જાહેરખબર આપેલી પણ કોઇ લાયક માણસ મળેલો નહિ. રાજય પુનઃ રચના પછી ટુંકમાં જાહેરખબર ફરીથી અપાશે અને જયાં સુધી લાયક માણસ ન મળે ત્યાં સુધી હાલની વ્યવસ્થા ચાલુ રાખવા પ્રિન્સિપલની વિનંતી છે)

આથી ઠરાવવામાં આવે છે કે મેડિકલ જયુરિસપ્રુડન્સના લેકચરર તરીકે ડૉ. ધાવનની નિમણૂક કામચલાઉ ધોરણે મંજૂર કરવી.

૨૩. બી. જે. મેડિકલ કૉલેજના એનેટોમીના જુનિ. લેકચરર શ્રી. બી. એસ. જાવડેકરને એનેટોમીના લેકચરર નીમવા અંગે મજકૂર કૉલેજના પ્રિન્સિપલ અને સર્જન જનરલ તરફથી આવેલ પત્રો પર વિચારણા કરવા બાબત.

(નોંધ:– પ્રિન્સિપલ અને સર્જન જનરલના પત્રો ઉપરથી જણાય છે કે શ્રી. જાવડેકરની લાયકાતમાં બે માસનો એનેટોમીના જુનિયર લેકચરરનો અનુભવ ખૂટે છે અને તે માફ કરવા પ્રિન્સિપલની વિનંતી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે બી. જે. મેડિકલ કૉલેજના એનેટોમીના જુનિયર લેકચરર શ્રી. બી. એસ. જાવડેકરની એનેટોમીના લેકચરર તરીકેની નિમણૂક માન્ય રાખવી.

૨૪. એમ. એન. કૉલેજ, વીસનગરના એસિ. લેકચરર ઇન ઇંગ્લીશ શ્રી. સી એસ. મોહિલેની નિમણૂક તેમની જગ્યાએ બીજા લાયક માણસની નિમણૂક થાય નહિ ત્યાં સુધી ચાલુ રાખવા બાબતનો મજકૂર કૉલેજના પ્રિન્સિપલ તરફથી આવેલો પત્ર.

(નોંધ:– શ્રી. મોહિલેની નિમણૂક તા. ૧૦–૩–૫૬ સુધીના સમય માટે મંજૂર કરવામાં આવી હતી. પાછળથી પ્રિન્સિપલના પત્ર ઉપરથી શ્રી. વાઇસ–ચાન્સેલરે તે મુદ્દત પાંચ દિવસ વધારી તા. ૧૫–૩–૫૬ સુધીની કરી આપી હતી. તા. ૧૦–૧૧–૫૬ પહેલાં તેમની જગ્યાએ યોગ્ય લાયકાત ધરાવનાર માણસની નિમણૂક કરવાનું જણાવતાં પ્રિન્સિપલ બીજા લાયકાત ધરાવનાર માણસની નિમણૂક ન થાય ત્યાં સુધી શ્રી. મોહિલેને ચાલુ રાખવાની વિનંતી કરે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે એમ. એન. કૉલેજ, વીસનગરના એસિસ્ટન્ટ લેકચરર ઇન ઇંગ્લીશ શ્રી. સી. એમ. મોહિલેની નિમણૂક તેઓ ઇન્ટરમિડિયેટ કક્ષાના વર્ગો સુધી જ શીખવે તે શરતે ફક્ત ચાલુ સત્ર પુરતી જ માન્ય રાખવી.

૨૫. લખતરીયા એન્જિનિયરીંગ કૉલેજ, મોરબીના ઑફિસિએટીંગ પ્રિન્સિપલ એલ. આઇ. ભટ્ટની શૈક્ષણિક લાયકાત અંગે તેમની પાસેથી ખુલાસો માંગવામાં આવતાં તેમના આવેલા ખુલાસા ઉપરના સિન્ડિકેટના નીચેના ઠરાવ અનુસાર સૌરાષ્ટ્ર સરકારના કેળવણી ખાતાના ડાયરેકટરને જણાવતાં તેમના તરફથી આવેલ પત્ર.

સિન્ડિકેટનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે સૌરાષ્ટ્ર સરકારના કેળવણી ખાતાના ડાયરેકટરને ખબર આપવી કે શ્રી. એલ. આઇ. ભટ્ટ, બી.ઇ. માં પાસ વર્ગમાં પાસ થયેલા હોઇ પ્રોફેસર તરીકે માન્ય થવા માટે ઓછામાં ઓછી શૈક્ષણિક લાયકાત ધરાવતા નથી તથા તે બાબતમાં તેઓ શું પગલાં લે છે તેનો જવાબ આવેથી આ બાબત ફરીથી સિન્ડિકેટ સમક્ષ રજૂ કરવી."

(નોંધઃ– આ બાબતમાં સૌરાષ્ટ્ર સરકાર યોગ્ય પગલાં લઈ રહી છે તે અંગે છેવટના નિર્ણય આવે જણાવશે. કૉલેજમાં પૂછાવતાં શ્રી. ભટ્ટનો નવો હોદ્દો "પ્રોફેસર ઑફ એપ્લાઈડ મિકેનિકસ" છે એમ જણાવે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૨૭. યુનિવર્સિટીના નિયમો પ્રમાણે કૉલેજોમાં અધ્યાપકની નિમણૂક કરવામાં પડતી મુશ્કેલીઓ ધ્યાનમાં લઇને તે અંગે કાંઇક નિયમ કરવા બાબતના પ્રિન્સિ. અ. ક. ત્રિવેદીના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે પ્રિન્સિપલ અ. ક. ત્રિવેદીના પત્રની નોંધ લેવી."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલના ઠરાવની નોંધ લેવી.

૨૮. યુનિવર્સિટીએ નક્કી કરેલા પગારના સ્કેલ અપાય છે કે કેમ તે બાબત સૌરાષ્ટ્ર સરકારને લખતાં તેમના તરફથી "The question is under consideration" એમ જવાબ આવે છે તો આ અંગે શું કરવું તે ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધઃ– ૧. સૌરાષ્ટ્ર અને મુંબઇ સરકારની કૉલેજો સિવાય બીજી બધી કૉલેજોમાં નવા સ્કેલ અપાય છે.

૨. નવા આવનાર દરેક લેકચરર અને પ્રોફેસરને યુનિવર્સિટીના સ્કેલ મુજબની શરૂઆતનો પગાર સૌરાષ્ટ્ર સરકાર આપે છે. પરંતુ યુનિવર્સિટીએ નક્કી કરેલી ગ્રેડની બાબત વિચારણા હેઠળ છે એમ જવાબ છે. સૌરાષ્ટ્ર સરકારની કૉલેજોમાંથી પણ આ મુજબ જ જવાબ આવે છે.

આ જ પ્રશ્ન અંગે ગુજરાત કૉલેજના પ્રિન્સિપલનો પત્ર આવેલો છે.

આ અંગે હિંદના બંધારણની કલમ ૩૦૯ નીચે પ્રમાણે છે :

Recruitment and conditions of service of persons serving the Union or a State.

309. Subject to the provisions of this Constitution, Acts of the appropriate Legislature may regulate the recruitment, and conditions of service of persons appointed, to public services and posts in connection with the affairs of the Union or of any state;

Provided that it shall be competent for the President or such person as he may direct in the case of services and posts in connection wiih the affairs of the

Union, and for the Governor or Rajpramukh of a State or such person as he may direct in the case of services and posts in connection with the affairs of the State, to make rules regulating the recruitment, and the conditions of service of persons appointed, to such services and posts until provision in that behalf is made by or under an Act of the appropriate Legislature under this article, and any rules so made shall have effect subject to the provisions of any such Act.)

૨૯. ગુજરાત કૉલેજ, અમદાવાદના આસિ. લેક્ચરર્સ શ્રી. એમ. એચ. પટેલ અને શ્રી. જે. આઇ સેતલવડને યુનિવર્સિટીએ નક્કી કરેલા લેક્ચરરનો શરૂઆતનો પગાર રૂ. ૨૦૦ કેમ આપવામાં આવતો નથી તે અંગે પૂછાવતાં મજકૂર કૉલેજના પ્રિન્સિપલ તરફથી આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ:– આસિ. લેકચરરની ગ્રેડ રૂા. ૧૬૦–૧૦–૨૦૦–ઇ.બી.–૧૦–૨૫૦ છે એમ પ્રિન્સિપલ જણાવે છે અને હિંદના બંધારણની કલમ ૩૦૯ તરફ ધ્યાન દોરી જણાવે છે કે સરકારી સંસ્થાઓના સ્ટાફના સભ્યોની નોકરીની શરતો અને ભરતી અંગે ખાસ સ્થિતિ બક્ષવામાં આવી છે જેના પર યુનિવર્સિટી એકટની અસર થતી નથી.

૩૦. એમ. એન. કૉલેજ, વીસનગરના આસિ. લેક્ચરર્સ ૧. શ્રી. એસ. જી. ભારતી, ૨. શ્રી. એસ. વી. દ્રાવિડ, ૩. શ્રી. જી. એસ. મેવાડા અને ૪. શ્રી. એન. વી. પટેલને યુનિવર્સિટીએ નક્કી કરેલો લેક્ચરરનો શરૂઆતનો પગાર રૂા. ૨૦૦ કેમ આપવામાં આવતો નથી તે અંગે પૂછાવતાં મજકૂર કૉલેજના પ્રિન્સિપલ તરફથી આવેલ પત્રો ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ:– પ્રિન્સિપલ જણાવે છે કે યુનિવર્સિટીએ નક્કી કરેલા પ્રગારનાં ધોરણ સરકારી કૉલેજોમાં કામ કરતા નોકરિયાતોને લાગુ પાડવા કે કેમ તે પ્રશ્ન અંગે સરકાર સાથે પત્રવ્યવહાર ચાલે છે. સરકારના આ અંગેના નિર્ણયની જાણ થતાં પ્રિન્સિપલ તરતજ જણાવશે અને ત્યાં સુધી ગવર્મેન્ટ સ્કેલ મુજબ પગાર અપાશે.)

આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત કૉલેજ, અમદાવાદના પ્રિન્સિપલના પત્રમાં જણાવ્યા પ્રમાણે હિંદના બંધારણની કલમ ૩૦૯ નું જણાવેલ કારણ માન્ય કરવું નહિ તથા હવે સૌરાષ્ટ્રનું જોડાણ મુંબઇ રાજ્ય સાથે થયેલું હોવાથી સૌરાષ્ટ્રમાં આવેલી સરકારી કૉલેજો તથા ગુજરાત કૉલેજ તેમજ એમ. એન. કૉલેજ, વિસનગરમાં યુનિવર્સિટીના ધારાધોરણ મુજબ પગારધોરણ અમલમાં મૂકવા માટે લાગતીવળગતી કૉલેજોના પ્રિન્સિપલોને જણાવવું.

૩૨. નીચેની બાબતો અંગે સ્પષ્ટતા માગતા ભો. જે. અધ્યયન-સંશોધન વિદ્યાભવનના ઉપાધ્યક્ષ શ્રી. હ. શાસ્ત્રી તરફથી આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

૧. અનુસ્નાતક શિક્ષણના નિયમ નં. ૩૯-બી. આવતા સત્રથી લાગુ પડતો હોવાથી ૨૪ વ્યાખ્યાનોની અને ૪ સેમિનારની સંખ્યા કેવી રીતે ગણવી. પહેલા સત્રમાં થઈ ગયેલાં વ્યાખ્યાનો અને સેમિનારો બાદ કરીને ગણવાની છે કે આ વર્ષ પૂરતું આવતા સત્રના બાર વ્યાખ્યાનો અને બાકી રહેલી સેમિનાર ગણવાની છે ?

૨. નિયમ ૨૮ માં જણાવ્યા પ્રમાણે વહિવટી ખર્ચ અંદાજપત્રમાં આવી શકે છે તો આ વહિવટી ખર્ચ કેટલું અને કેવા પ્રકારનું સમજવું ?

૩. દરેક કેન્દ્રે માન્ય બેન્કમાં અલગ ખાતું ખોલાવવું એમ જણાવ્યું છે. તો આ સંબંધે પૂછવાનું કે આ સંસ્થામાં ત્રણ કેન્દ્રો છે તો તે ત્રણ કેન્દ્રોનાં અલગ અલગ ત્રણ ખાતાં ખોલાવવાં ? આ સંસ્થામાં અનુસ્નાતક કેન્દ્રનો અલગ હિસાબ રહે છે એટલે અલગ અલગ ખાતાં ન ખોલાવવામાં વાંધો નહિ હોય ?

આથી ઠરાવવામાં આવે છે કે—

૧. અનુસ્નાતક શિક્ષણ અંગે ચાલુ સત્રમાં ૧૨ વ્યાખ્યાનો તથા ૨ સેમિનારની સંખ્યા મુકરર કરવી તથા તે અંગે લાગતાવળગતા અનુસ્નાતક કેન્દ્રોને ખબર આપવી.
બાબત નં. ૨ અને ૩ ઉપર વિચારણા કરવામાં આવી ન હતી.

૩૩. નીચેના વિદ્યાર્થીઓના તેમના નામ સામે જણાવેલ વિષય તથા ડિગ્રી માટેના મહાનિબંધ રેફરીઝે જે તે ડીગ્રીઓ માટે સ્વીકાર્યા હોવાથી તેમને તે ડીગ્રીની પરીક્ષામાં પાસ થયેલા જાહેર કરવા ઉપકુલપતિશ્રીએ શ્રી. રજિસ્ટ્રારને આપેલી પરવાનગીને બહાલી આપવા બાબત.

	નામ.	વિષય.	ડીગ્રી
૧.	કુમારી રમાબેન સી. ઠક્કર	કેમિસ્ટ્રી	એમ.એસસી.
૨.	શ્રી. રસિકલાલ કે. શાહ	કેમિસ્ટ્રી	પીએચ.ડી.
૩.	શ્રી. રમેશ એસ. બેટાઇ	સંસ્કૃત	પીએચ.ડી.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપકુલપતિશ્રીના કાર્યને બહાલી આપવી.

૩૫. "Indian Wheat Loan Educational Exchange Programme" ની યોજના હેઠળ જો આ યુનિવર્સિટી આવતી સાલથી જનરલ એજ્યુકેશન કોર્સિઝ દાખલ કરવા માગતી હોય તો યુ.એસ.એ. માં છ માસ માટે મોકલવાની સ્ટડી ટુર માટે મોકલવાના ૩૦ યુનિવર્સિટી શિક્ષકો માટે આ યુનિવર્સિટીના છ શિક્ષકો (two

Natural Scientists, two Social Scientists and two Humanities) ના નામની ભલામણ મોકલી આપવા બાબત હિંદ સરકારના કેળવણી ખાતાના મંત્રી તરફથી આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આવતી સાલથી જનરલ એજ્યુકેશનનો અભ્યાસક્રમ આ યુનિવર્સિટીમાં દાખલ કરવામાં આવનાર ન હોવાથી આ બાબત અંગે કશું કરવાપણું રહેતું નથી.

૩૬. તા ૪-૨-૫૭ થી તા. ૯-૨-૫૭ દરમિયાન ઉજવાનાર મુંબઈ યુનિવર્સિટીના શતાબ્દિ મહોત્સવ પ્રસંગે ભાગ લેવા આ યુનિવર્સિટીના એક અથવા વધારે ડેલિગેટોનાં નામ તા. ૩૦-૧૧-૫૬ પહેલાં મોકલી આપવા બાબત મજકૂર યુનિવર્સિટીના વાઇસ-ચાન્સેલર તરફથી આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપકુલપતિશ્રી, પ્રિન્સિપલ ડૉ. કે. જી. નાયક, પ્રિન્સિપલ અ. ક. ત્રિવેદી, ડૉ. ભાસ્કર આર. પટેલ અને શ્રી. એસ. એમ. શાહને આ યુનિવર્સિટીના પ્રતિનિધિઓ તરીકે મોકલવા.

૩૭. તા. ૨૬ મીથી ૨૮ મી ડિસેમ્બર ૧૯૫૬ દરમિયાન ઉત્કલ યુનિવર્સિટીના આશ્રયે કટક મુકામે મળનાર ઇન્ડિયન ઇકોનોમિક એસોસિએશનની ૩૯ મી વાર્ષિક પરિષદમાં ભાગ લેવા માટે આ યુનિવર્સિટીના બે પ્રતિનિધિ મોકલી આપવા બાબત મજકૂર એસોસિએશનના માનદ મંત્રી અને બજાનચી તરફથી આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી સ્કૂલ ઑફ સોશિયલ સાયન્સીઝના અર્થશાસ્ત્રના રીડર શ્રી. એચ. એન. પાઠકને આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે મોકલવા.

વધુમાં આ બાબતના સંદર્ભમાં એમ પણ ઠરાવવામાં આવ્યું હતું કે જુદા જુદા મંડળોના અધિવેશનોમાં આ યુનિવર્સિટીના જે પ્રતિનિધિઓ મોકલવામાં આવે તેમણે કોઇ નિબંધ વાંચવાનો અગર તો અધિવેશનની પ્રવૃત્તિઓમાં સક્રિય ભાગ લેવાનો રહેશે તેમજ અધિવેશનમાં હાજરી આપીને પાછા આવ્યા પછી તેમણે તે અંગે એક હેવાલ આપવાનો રહેશે તેમ લાગતાવળગતા સૌ પ્રતિનિધિઓને જણાવવું.

૩૮. તા ૨૬ મીથી ૨૮ ડિસેમ્બર ૧૯૫૬ દરમિયાન પટણા યુનિવર્સિટીના આશ્રયે પટણા મુકામે મળનાર બીજી સામાન્ય સોસિયોલૉજિકલ કૉન્ફરન્સમાં ભાગ લેવા આ યુનિવર્સિટીના પ્રતિનિધિઓ મોકલી આપવા બાબત મજકૂર કૉન્ફરન્સના સામાન્ય મંત્રી અને સંયોજક તરફથી આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી સ્કૂલ ઑફ સોશિયલ સાયન્સીઝના રીડર ફ. તારાબેન પટેલને આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે મોકલવા.

૩૯. તા ૩૭ થી તા. ૧૦મી જાન્યઆરી ૧૯૫૭ દરમિયાન સેન્ટ્રલ સુગરકેન રિસર્ચ સ્ટેશન, પુસા (બિહાર) ખાતે મળનારી ત્રીજી બબ્બે વર્ષે મળનારી સુગરકેન રિસર્ચ ઍન્ડ ડેવલપમેન્ટ વર્કર્સની કૉન્ફરન્સમાં ભાગ લેવા અંગે ઇન્ડિયન સેન્ટ્રલ સુગરકેન કમિટીના મંત્રી તરફથી આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ:- આ અંગે ઍગ્રિકલ્ચર ફૅકલ્ટીના ડીનનું સૂચન મંગાવતાં તેઓ જણાવે છે કે જો યુનિવર્સિટી આ કૉન્ફરન્સમાં ભાગ લેવા માટે કોઈ ડેલીગેટ મોકલવા માગતી હોય તો યુનિવર્સિટી ડેલીગેટ તરીકે જવા તેઓની સંમતિ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર કૉન્ફરન્સમાં ભાગ લેવા માટે આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે કોઇને મોકલવા નહિ.

૪૦. તા. ૨૪મી થી ૨૬મી ડિસેમ્બર ૧૯૫૬ દરમિયાન એમ. એસ. યુનિવર્સિટી ઑફ બરોડાના આશ્રયે વડોદરામાં ભરાનાર ઇન્ડિયન મેથેમેટિકલ સોસાયટીની ૨૨મી વાર્ષિક પરિષદમાં ભાગ લેવા માટે આ યુનિવર્સિટી તા પ્રતિનિધિઓ મોકલી આપવા બાબત મજકૂર સોસાયટીના મંત્રી તરફથી આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત કૉલેજ, અમદાવાદના મેથેમેટિકસના પ્રોફેસર ડૉ. પી. સી. વૈદ્યને આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે મોકલવા.

૪૧. તા. ૧૯મીથી ૨૩મી ડિસેમ્બર ૧૯૫૬ દરમિયાન અન્નામલાઇનગર ખાતે મળનારી ઇન્ડિયન ફિલોસોફીકલ કોન્ગ્રેસની ૩૧મી બેઠકમાં ભાગ લેવા માટે ફિલોસોફી ડિપાર્ટમેન્ટના સભ્યોને મોકલી આપવા બાબત મજકૂર કોન્ગ્રેસના મંત્રી તરફથી આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ:- આ બાબત અંગે પ્રિન્સિપલ અ. ક. ત્રિવેદીને પ્રતિનિધિ તરીકે મોકલવાનું સિન્ડિકેટની ગઈ સભામાં ઠરાવેલું હોવાથી તે અંગે કશું કરવાપણું રહેતું નથી.)

૪૨. તા. ૧-૧૦-૫૬ ના રોજ મળેલી બિલ્ડીંગ કમિટીની સભાના કામકાજની નોંધને મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે બિલ્ડીંગ કમિટીની તા. ૧-૧૦-૧૯૫૬ ના રોજ મળેલી સભાના કામકાજની નોંધને મંજૂર કરવી.

(કામકાજની નોંધ પરિશિષ્ટ "ખ" તરીકે સામેલ છે.)

૪૩. કેટલાંક કારણોને લઇને એસ.એસ.સી. ની પરીક્ષા તા. ૧૪મી માર્ચથી શરૂ કરવાની હોવાથી ગુજરાત યુનિવર્સિટીની લાગતીવળગતી કૉલેજો તા. ૧૪મી માર્ચથી બંધ કરવા અંગે સૂચના આપવા બાબતના એસ.એસ.સી. એકઝામિનેશન બૉર્ડના મંત્રી તરફથી આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધઃ- કૉલેજોમાં મેડિકલ સિવાય બીજી ટર્મ તા. ૧૫ મી માર્ચે પૂરી થાય છે એટલે તા. ૧૪ મી માર્ચથી કૉલેજો બંધ કરવામાં ફક્ત બે દિવસ પહેલી બંધ કરવી પડે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે મેડિકલ કૉલેજો સિવાયની કૉલેજો પૈકી જે કૉલેજોમાં એસ.એસ.સી. પરીક્ષાની ગોઠવણ થવાની હોય તે કૉલેજોને તા. ૧૪મી માર્ચ ૧૯૫૭થી ચાલુ સત્ર બંધ કરવા માટે પરવાનગી આપવી.

૪૪. ફાઇનલ ઍલિજિબિલિટી સર્ટિફીકેટ કઢાવી લેવાની છેલ્લી તા. ૧૦-૧૦-૧૯૫૬ને લંબાવી તા. ૩૧-૧૨-૧૯૫૬ રાખ્યાના ઉપકુલપતિશ્રીના કાર્યને બહાલી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. ઉપકુલપતિશ્રીના કાર્યને બહાલી આપવી.

૪૫. ધર્મેન્દ્રસિંહજી કૉલજ, રાજકોટના જુનિયર બી.એ. ના વર્ગમાં દાખલ થયેલા વિદ્યાર્થી શ્રી. ડી. એમ. ભાંભાણીએ પ્રોવિઝનલ ઍલિજિબિલિટી સર્ટિફીકેટ લીધું નથી તો તે આપવું કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

(નોંધઃ- આ વિદ્યાર્થીની ઍલિજિબિલિટી સર્ટિફીકેટની અરજી ઘણી મોડી આવેલી તેથી પ્રિન્સિપલને પૂછાવતાં તેઓ જણાવે છે કે વિદ્યાર્થીએ એડમીશન ફોર્મમાં "એકસ-સ્ટુડન્ટ" લખેલું તેથી ઍલિજિબિલિટી વગર દાખલ કરેલો. ઑ. ૭૩ મુજબ સત્ર શરૂ થતાં એક માસમાં અગર આચાર્યને યોગ્ય લાગે કે વિદ્યાર્થી નિયમ મુજબ પૂરતી હાજરી રાખી શકે તેમ છે તો પ્રવેશ આપી શકાય. ઉપરના સંજોગોમાં ઑ. ૭૦ મુજબ સિન્ડિકેટની પરવાનગીથી જ પ્રોવિઝનલ ઍલિજિબિલિટી આપી શકાય)

આથી ઠરાવવામાં આવે છે કે ધર્મેન્દ્રસિંહજી કૉલેજ, રાજકોટના જુનિયર બી.એ. ના વિદ્યાર્થી શ્રી. ડી. એમ. ભાંભાણીને પ્રોવિઝનલ ઍલિજિબિલિટી સર્ટિફીકેટ આપવું.

૪૬. જે. ઍન્ડ જે. કૉલેજ ઑફ સાયન્સ, નડિયાદના એફ. વાય. આર્ટ્સના વિદ્યાર્થી શ્રી. ડી. સી. દેસાઇની ઍલિ. સર્ટિ. ની અરજી ઘણી મોડી આવેલ છે તો તેમને પ્રોવિઝનલ ઍલિ. સર્ટિ. આપવું કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

(નોંધઃ- વિદ્યાર્થીએ પહેલાં અરજી અને માઇગ્રેશન સર્ટિફીકેટ ટપાલથી મોકલાવેલ પણ તે ઑફિસે મલ્યા નથી તેથી ફરીથી પત્ર લખી વિદ્યાર્થીએ બરોડા યુનિવર્સિટીના રજિસ્ટ્રાર પાસેથી માઇગ્રેશન મેળવવાનો પત્ર, અરજી વગેરે મોકલ્યાં છે. ઑ. ૭૩ મુજબ સત્ર શરૂ થતાં એક માસમાં અગર આચાર્યને યોગ્ય લાગે કે વિદ્યાર્થી નિયમ મુજબ પૂરતી હાજરી રાખી શકે તેમ છે તો પ્રવેશ આપી શકે. ઉપરના સંજોગોમાં ઑ. ૭૦ મુજબ સિન્ડિકેટની પરવાનગીથી જ પ્રોવિ. એલિ. સર્ટિફીકેટ આપી શકાય.)

આથી ઠરાવવામાં આવે છે કે જે. ઍન્ડ જે. કૉલેજ ઑફ સાયન્સ ઍન્ડ સી. બી. પટેલ આર્ટ્સ ઈન્સ્ટિટ્યુટ, નડિયાદના એફ. વાય. આર્ટ્સના વિદ્યાર્થી શ્રી. ડી. સી. દેસાઇને પ્રોવિઝનલ ઍલિજિબિલિટી સર્ટિફીકેટ આપવું.

૪૭. ડી. જી. મહાવિદ્યાલય, અલિયાબાડાના ઇન્ટર આર્ટ્સના વર્ગમાં દાખલ થયેલ શ્રી. એચ. જે. જાનીના "લેન્ગ્વેજ ટેસ્ટ" એક દિવસ મોડા લેવાયેલ તે માફ કરવા બાબત.

(નોંધઃ– શ્રી. જાની ૧૯૫૫–૫૬ માં મુંબઈ યુનિવર્સિટીની સીડનહામ કૉલેજ, ઑફ કોમર્સમાં ઇન્ટર કૉમર્સમાં નાપાસ થઇ અલિયાબાડા કૉલેજમાં ઇન્ટર આર્ટ્સના વર્ગમાં જુન ૧૯૫૬ માં જોડાયેલા છે. ઑ ૧૬૬ મુજબ તેમનો "લેન્ગ્વેજ ટેસ્ટ" તા. ૨૦મી જુલાઈ કે તે પહેલાં લેવો જોઇએ તેને બદલે વિદ્યાર્થીની આકસ્મિક માંદગીને લીધે તે તા. ૨૧મી જુલાઇએ એટલે કે એક દિવસ મોડો લેવાયેલો તે માફ કરવાનો પ્રશ્ન છે.)

આથી ઠરાવવામાં આવે છે કે દરબાર ગોપાળદાસ મહાવિદ્યાલય, અલિયાબાડાના ઈન્ટર આર્ટ્સના વિદ્યાર્થી શ્રી. એચ. જે. જાનીનો લેન્ગ્વેજ ટેસ્ટ એક દિવસ મોડો લેવાયેલ તે માફ કરવું.

૪૮. એલ. ડી આર્ટ્સ કૉલેજ, અમદાવાદના જુનિયર બી.એ. ના વર્ગમાં કામચલાઉ દાખલ કરેલ વિદ્યાર્થી શ્રી. એમ. પી. જૈનનું એડમીશન માન્ય રાખી તેને પ્રોવિ. ઑલિ. સર્ટિફીકેટ વગેરે આપવાં કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

(નોંધઃ– શ્રી. જૈને મધ્યભારતની બૉર્ડ ઑફ સેકન્ડરી એજ્યુકેશનની ઇન્ટર આર્ટ્સની પરીક્ષા પાસ કરેલી છે. તેના જણાવ્યા પ્રમાણે પેપરમાં પાસ થયેલા ઉમેદવારોમાં તેનો નંબર નહિ જોતાં અને છેક પાછળથી પાસ થયાની જાણ થતાં એડમીશન માટે અરજી કરવામાં મોડો પડેલો છે. આ અંગે બૉર્ડ અને શ્રી. જૈન વચ્ચેનો પત્રવ્યવહાર મંગાવતાં શ્રી. જૈનનો કાગળ અને તે સાથે એક ગુજરાતી કૉલેજ, ઈન્દોરનો અને એક બીજો એમ બે પોસ્ટકાર્ડ મોકલી આપ્યાં છે.)

આથી ઠરાવવામાં આવે છે કે એલ. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદના જુનિયર બી.એ. ના વર્ગના વિદ્યાર્થી શ્રી. એમ. પી. જૈનનું એડમિશન માન્ય રાખવું તથા તેમને પ્રોવિઝનલ ઍલિજિબિલિટી સર્ટિફીકેટ આપવું.

૪૯ નાગપુર યુનિવર્સિટીએ પ્રાઇવેટ કેન્ડીડેટને પરીક્ષામાં બેસવા દેવા માટે નિર્ણય કરેલો છે. તેઓ પ્રથમ તેમના આઠ જીલ્લાઓમાં વસતા વિદ્યાર્થીઓને જ પરીક્ષામાં બેસવા દેવાના છે. ત્યારપછી તેઓ હિંદુસ્તાનમાં વસતા કોઇ પણ ભાગના વિદ્યાર્થીને બેસવા દેવા ઇચ્છે છે તો તેમ કરવામાં આપણી યુનિવર્સિટીને કાંઇ વાંધો છે કે કેમ તે જણાવવા બાબત તે અંગેના મંત્રી તરફથી આવેલા પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટી વિસ્તારમાં વસતા વિદ્યાર્થીઓ બાનગી વિદ્યાર્થીઓ (પ્રાઈવેટ કેન્ડીડેટ્સ) તરીકે નાગપુર યુનિવર્સિટીની પરીક્ષાઓમાં બેસે તે સામે આ યુનિવર્સિટીને વાંધો છે એમ નાગપુર યુનિવર્સિટીને ખબર આપવી.

૫૦. શ્રી. જી. બી. ઓઝાના નીચેના સેનેટે પસાર કરેલા ઠરાવ ઉપરના સિન્ડિકેટના ઠરાવ ઉપર પુનર્વિચારણા કરવા બાબત શ્રી. ઓઝા તરફથી આવેલ પત્ર.

સેનેટનો ઠરાવ

"ગુજરાત યુનિવર્સિટીની ઇન્ટર આર્ટ્સની પરીક્ષાઓમાં પરીક્ષક તરીકે, ગુજરાત યુનિવર્સિટી એરિયાની સરકાર માન્ય માધ્યમિક શાળાઓમાં શિક્ષણકાર્ય કરતા અને પરીક્ષક તરીકે નિયુક્ત થવા માટે જરૂરી ડીગ્રી ધરાવતા માધ્યમિક શિક્ષકને પરીક્ષક સ્થાને નિયુક્ત કરવા માટે, હાલના પરીક્ષક નિયુક્તિના નિયમોમાં કોઇ સ્પષ્ટતા નહિ હોવાથી, એ નિયમોમાં જરૂરી ફેરફાર કરવા, યોગ્ય વ્યવસ્થા કરવા અને ઉપર્યુક્ત લાયકાતવાળા માધ્યમિક શિક્ષકોને પરીક્ષક તરીકે તાત્કાલિક નીમી શકાય તેવી વ્યવસ્થા કરવા સેનેટની આ સભા સિન્ડિકેટને ભલામણ કરે છે."

સિન્ડિકેટનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે સેનેટનો ઠરાવ સ્વીકારવો નહિ"

આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટના અગાઉના ઠરાવમાં કશો ફેરફાર કરવો નહિ.

૫૧. ઇન્ટર સાયન્સની ઑક્ટોબર ૧૯૫૬ ની બાયોલૉજી થિયરી અને પ્રેકટીકલના પરીક્ષકો અને પ્રાશ્નિકોની બૉર્ડના કન્વીનરને બદલે મજકૂર બૉર્ડના ચેરમેન તરીકે ગણવા શ્રી. દુબલે તરફથી આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ:– પ્રો. દુબલે ઇન્ટર સાયન્સ બાયોલૉજીમાં થિયરી અને પ્રેકટીકલ બંનેમાં છે. બાયોલૉજીમાં થિયરી અને પ્રેકટીકલ માટે એકજ (કોમન) પરીક્ષકો છે. ચાર પરીક્ષકો નીમેલા છે. છ પરીક્ષકો હોય ત્યાં ચેરમેન નીમવામાં આવે છે. લેખિત અને પ્રાયોગિક માટે જુદા જુદા પરીક્ષકો નીમવામાં આવે છે. પરંતુ આ ઑકટોબરની પરીક્ષા માટે બાયોલૉજી માટે નિમાયેલા પરીક્ષકોને થિયરી અને પ્રેકટીકલ્સ બંને માટે નીમવામાં આવ્યા છે.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. દુબલેની વિનંતી માન્ય કરવી નહિ.

૫૨. જુનિયર એમ.એડ. ના નીચે જણાવેલા પંદર વિદ્યાર્થીઓના તેમના નામ સામે જણાવેલ ડેસર્ટેશનના ટોપીકસ મંજૂર કરવા બાબત.

Name	Subject
1. Shri K. V. Vora	Investigation into the factors affecting the Vocational aspirations of children of grades V to VII in a Secondary School of Gujarat.
2. Shri B. A. Lala	An inquiry into the Sanitary Conditions of Secondary Schools in Ahmedabad.

Name	Subject
3. Shri R. M. Shukla	A scrutiny of the poetical passages in the existing Text Books of Sanskrit for Stds. IX and X.
4. Miss N. B. Bhatt	A study of the careers selected by women graduates in the city of Ahmedabad.
5. Miss M. B. Laher	A study of the grammatical mistakes in the written English Composition of the girls of grade X of girl schools in the city of Ahmedabad.
6. Shri V. R. Mehta	A study of the grammatical mistakes in the written English Composition of the boys of grade X of Secondary Schools in city of Ahmedabad.
7. Shri A. S. Choksbi	The construction and analysis of a Sentence Completion test.
8. Shri M. R. Mehta	A critical study of the Text-books of Gujarati Grammar in Secondary Schools.
9. Shri H. J. Pandit	A comparative study of the written composition of pupils of Std. IV taught through activity and without it.
10. Shri C. J. Doshi	Standardisation of an attainment Test in Physics for Grade VIII.
11. Shri M. B. Karnik	A Survey of books on Education in the Libraries of Secondary Schools of Ahmedabad and the use made of them.
12. Shri R. S. Patel	Standardisation of an attainment Test in Physics for Grade IX.
13. Shri R. C. Dave	Standardisation of an attainment test in Physiology for Grade VIII.
14. Shri P. H. Bhatt	Standardisation of an attainment test in Physiology for Std. IX.
15. Shri C. G. Shah	Standardisation of an attainment test in Hygiene for Std. VIII.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપર જણાવેલા ૧૫ વિદ્યાર્થીઓના તેમનાં નામ સામે જણાવેલ "ડેસર્ટેશન" ના વિષયો મંજૂર કરવા.

૫૩. એમ.ઇ. ઇલેક્ટ્રીકલ મશીન ડીઝાઇન માટે ઍન્જિનિયરીંગ ફૅકલ્ટીના ડીન પ્રિન્સિ. આઇયાએ સૂચવેલા નીચે મુજબના મહેનતાણાના દરો ઉપર વિચારણા કરવા બાબત.

Electrical Laboratory (9 hrs.)	Rs. 10/-	per student per examiner
,, Term Work	Rs. 5/-	-do-
,, Design oral	Rs. 10/-	-do-
,, Term Work	Rs. 5/-	-do-
Dessertation M E. Examination (Elec. M/C Design)	Rs. 50/-	-do-
,, M.E. (Elec.) Exam.	Rs. 100/-	-do-

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૫૪. કન્વીનર અને તેની સાથે નીમાતા બીજા પરીક્ષકોને અપાતાં વળતરમાં સુસંગતતા નથી એમ જણાવતાં તેમજ નીચે મુજબનું સૂચન મૂકવા બાબતના ડૉ. આર. એલ. દુધિયા તરફથી આવેલ પત્ર.

"There should be seperate minimum remuneration of Rs. 100/- in Theory and practical examinations. Also the Convener should be given special allowance as he holds the responsible post and as he is responsible for submitting the theory manuscripts and mark-sheet in theory. Also if he is a convener in practical examination as well, he is responsible for submitting the mark-sheets daily to the University office which causes extra-travelling expenses to the convener.

Besides the above duties, the Convener has to treat the examiner colleagues in practical examination with break-fast, lunch and sometimes dinner. This is the extra expense to the convener.

In short, if one looks at the remuneration which the Convener receives is much less than his colleagues who get the new minimum of Rs. 100/-.

So I think, you should reconsider the rules regarding the payment to the convener in Theory and Practical examinations and increase the remuneration looking to his responsibilities and duties."

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૫૫. માર્ચ–એપ્રિલ ૧૯૫૬ ની પરીક્ષા દરમ્યાન જુદી જુદી બાબતો પૈકી પરીક્ષકોની મહેનતાણા અંગે નીચેના સૂચનો ઉપર વિચારણા કરવા બાબત.

૧. પ્રશ્નપત્ર કાઢનારને મિટીંગો માટેનું ટી.એ. મળે છે તેમ પરીક્ષકોને પણ બધી મિટીંગો માટે ટી.એ. તાત્કાલિક મળવું જોઇએ.

૨. બી.એસસી. માં પરીક્ષકોને હોલ્ટીંગ માટે પ્રબંધ કરવો જરૂરી છે. અને રુકેલ ઘટાડવાથી અગાઉ મળતી રકમ કરતાં ઓછી રકમ મળે છે.

૩. પ્રેકટીકલ માટે જે દરો રાખ્યા છે (per candidate) તેમાં ચૂલાજી માટેના દર ઘણા ઓછા છે. માટે તે actual આપવો એમ ઠરાવવું.

૪. એમ.ડી. ના જુદા જુદા પ્રેકટીકલોના વિદ્યાર્થી દીઠ દર ગણવા જોઇએ. નહિ કે બધાને એક જ ગણી તે પ્રેકટીકલનો.

૫. મેડિકલમાં થિયરી અને પ્રેકટીકલની પરીક્ષામાં convener common હોય પણ બીજા પરીક્ષકો જુદા જુદા હોય તો તેમને પણ કન્વીનર તરીકે મહેનતાણું મળવું જોઇએ.

૬. પરીક્ષકોને યુનિવર્સિટીએ પારસલો જ્યાં જ્યાં Home delivery ની પ્રથા હોય ત્યાં Home delivery મોકલવી.

૭. ઈન્ટરની પરીક્ષામાં જો ફસ કરતાં વધારે પરીક્ષકો હોય તો ચેરમેનને તેના રેમ્યુનરેશનની રકમ વધારે આપવી.

૮. એમ.એસસી. માં ચેરમેનને રેમ્યુનરેશન થિયરી અને પ્રેકટીકલનું જુદું મળવું જોઇએ એવી માગણી છે.

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબત વિચારણા મોકૂફ રાખવી.

૫૬. પરીક્ષકોને અપાતી સૂચનાઓની પુસ્તિકામાં ઈન્ટર સાયન્સ તથા બી.એસસી. ની પ્રેકટીકલ પરીક્ષાઓના પેપર કાઢવાના દરમાં જે પરીક્ષક દીઠ મહેનતાણું છે તેને બદલે વિષય દીઠ મહેનતાણું આપવા નક્કી કરવા બાબત અને તે પ્રમાણે પુસ્તિકામાં સુધારો કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૫૭. ગુજરાત યુનિવર્સિટીની પરીક્ષાઓના પરિણામો જે તારીખે અને સમયે જાહેર થવાના હોય તે અગાઉ બાર કલાક પહેલાં પરીક્ષાઓના પરિણામો વર્તમાનપત્રોને આપવા

બાબતનો ઇન્ડિયન લેન્ગ્વેજીઝ ન્યૂઝ પેપર્સ એસોસિએશન, મુંબઈના ઑફિસ સેક્રેટરી તરફથી આવેલ પત્ર.

(નોંધઃ– આ બાબતમાં અગાઉ પણ મજકૂર એસોસિએશનના જનરલ સેક્રેટરી તરફથી પત્ર આવ્યો હતો અને સિન્ડિકેટ સમક્ષ મૂકવામાં આવ્યો હતો, પરંતુ જે દિવસે પરિણામ બહાર પડતું તે જ દિવસે સિનિયર એકઝામિનર્સની ફાઇનલ મિટીંગ મળતી હતી તેથી સિન્ડિકેટે તે સૂચન નામંજૂર કર્યું હતું પરંતુ હવે મજકૂર મિટીંગ મળતી ન હોવાથી આ બાબત પુનર્વિચારણા માટે મૂકી છે. મજકૂર એસોસિએશનના ઑફિસ સેક્રેટરીએ, જો પરિણામો બાર કલાક અગાઉ મોકલવામાં આવશે તો પરિણામ જાહેર થતાં પહેલાં જાહેર કરવામાં આવશે નહિ તેમ જણાવ્યું છે.)

આથી ઠરાવવામાં આવે છે કે ઇન્ડિયન લેન્ગ્વેજીઝ ન્યૂસ પેપર્સ એસોસિએશનની વિનંતી માન્ય કરવી નહિ.

૫૯. ૧૯૫૭ ની સાલમાં લેવાનારી પરીક્ષાઓ માટે પરીક્ષકોની નિમણૂક માટેની ભલામણ કરવા માટેની "પરીક્ષા સમિતિ" માં સિન્ડિકેટ તરફથી દરેક ફૅકલ્ટી માંથી કમિટીમાં બબ્બે સભ્યો નીમવા બાબત.

(નોંધઃ- ૧૯૫૬ની પરીક્ષાઓ માટેની કમિટિઓમાં સિન્ડિકેટ તરફથી નીચે જણાવેલ સભ્યો હતાઃ

આર્ટ્સ ફૅકલ્ટી	૧. પ્રિન્સિ. એ. કે. ત્રિવેદી
	૨. શ્રી. એસ. એમ. શાહ
સાયન્સ ફૅકલ્ટી	૧. પ્રિન્સિ. ડૉ. કે. જી. નાયક
	૨. પ્રિન્સિ. ડૉ. આર. પી. પટેલ
એન્જિનિયરીંગ ફૅકલ્ટી	૧ પ્રિન્સિ. જી. એસ. દેસાઇ
	૨. ખાલી
એગ્રિકલ્ચર ફૅકલ્ટી	૧. પ્રિન્સિ. ડૉ. કે. જી. નાયક
	૨. ખાલી
લૉ ફૅકલ્ટી	૧. પ્રિન્સિ. એ. કે. ત્રિવેદી
	૨. ખાલી
મેડિકલ ફૅકલ્ટી	૧. પ્રિન્સિ. ડૉ. આર. પી. પટેલ
	૨. ડૉ. ભાસ્કર આર. પટેલ

કૉમર્સ ફૅકલ્ટી	૧. શેઠ નવનીતલાલ શોધન
	૨. ખાલી.
આયુર્વેદ ફૅકલ્ટી	આ ફૅકલ્ટીમાં પ્રથમવાર જ સભ્યો નીમવાના છે.))

આથી ઠરાવવામાં આવે છે કે ૧૯૫૭ ની સાલમાં લેવાનાર પરીક્ષાઓ માટે પરીક્ષકોની નિમણુક માટેની ભલામણો કરવા માટેની પરીક્ષાસમિતિઓ પર સિન્ડિકેટ તરફથી નીચેના સભ્યોને નીમવા.

આર્ટ્સ ફૅકલ્ટી	૧. શ્રી. એસ. એમ. શાહ
	૨. શ્રી. ઉમાશંકર જોષી
સાયન્સ ફૅકલ્ટી	૧. પ્રિંસિપલ ડૉ. કે. જી. નાયક
	૨. શ્રી. એસ. એમ. શાહ
ફૅકલ્ટી ઑફ ટેકનોલૉજી ઇન્કલૂડીંગ ઍન્જિનિયરીંગ	૧. પ્રિન્સિપલ ડૉ. કે. જી. નાયક
એગ્રિકલ્ચર ફૅકલ્ટી	૧. પ્રિન્સિપલ ડૉ. કે. જી. નાયક
લૉ ફૅકલ્ટી	૧. પ્રિન્સિપલ એમ. એમ. ઠાકોર
	૨. શ્રી. બિહારીલાલ પો. શાહ
મેડિકલ ફૅકલ્ટી	૧. ડૉ. ભાસ્કર આર. પટેલ
	૨. ડૉ. એમ. ડી. પટેલ
કૉમર્સ ફૅકલ્ટી	૧. શ્રી. નવનીતલાલ એસ. શોધન
	૨. શ્રી. ડી. જે. જોષી
ફૅકલ્ટી ઑફ આયુર્વેદિક મેડિસિન	૧. ડૉ. એમ. ડી. પટેલ
	૨. ડૉ. નાનુભાઈ આર. દેસાઈ.

૫૯. ઑક્ટોબર-નવેમ્બર ૧૯૫૬ માં લેવાનારી પરીક્ષાઓ દરમ્યાન ૧. જે વિદ્યાર્થીઓ ગેરવ્યાજબી ઇલાજોનો ઉપયોગ કરે, તથા ૨. જે પ્રાધ્યાપકો, પરીક્ષકો, સુપરવાઇઝરો વગેરે જે ભૂલો કરે તેમના કેસો તપાસી સિન્ડિકેટને રિપોર્ટ કરવા માટેની કમિટીની નિમણુક કરવા બાબત.

(નોંધ:- ૧૯૫૬ના પ્રથમ છ માસ દરમ્યાન લેવાએલી પરીક્ષાઓ માટેની આવી કમિટીમાં નીચે મુજબ સભ્યો હતા.

૧. શ્રી. વાઇસ-ચાન્સેલર
૨. શ્રી. બટુભાઇ એચ. દેસાઇ

૩. પ્રિન્સિ ડૉ. આર. પી. પટેલ

૪. શ્રી. એચ. પી. શુકલ.

આથી ઠરાવવામાં આવે કે મજકૂર સમિતિમાં નીચે પ્રમાણે સભ્યોને નીમવા:

૧. શ્રી. વાઇસ-ચાન્સેલર,

૨. શ્રી. બટુભાઇ હ. દેસાઇ

૩. શ્રી. હિંમતલાલ પી શુકલ

૪. શ્રી. એસ. એમ. શાહ.

૬૦. ચાલુ વર્ષે ડિસેમ્બરની તા. ૧૫ મીથી યુનિવર્સિટી સપ્તાહ ઉજવવા તથા તે અંગે જરૂરી ખર્ચ મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ચાલુ વર્ષે યુનિવર્સિટી સપ્તાહ ઉજવવા માટે રૂા. ૨૦૦૦-૦-૦ સુધીના ખર્ચ મંજૂર કરવો.

૬૧ શ્રી. રજિસ્ટ્રારના બંગલાના ભાડા અંગે સિન્ડિકેટના ઠરાવ અનુસાર સ્ટેટ યુનિવર્સિટીઓને પૂછાવતાં તેમના તરફથી આવેલા નીચે જણાવ્યા પ્રમાણેના જવાબો:

નામ:	જવાબ:
૧. મુંબઈ યુનિવર્સિટી	રજિસ્ટ્રાર માટે યુનિવર્સિટી તરફથી રહેઠાણની જોગવાઈ કરવામાં આવેલ નથી.
૨. એસ. એન. ડી. ટી. યુનિ.	.....ઉપર પ્રમાણે.....
૩. બરોડા યુનિવર્સિટી.	રજિસ્ટ્રાર માટે સ્વતંત્ર બંગલામાં રહેઠાણની જોગવાઈ કરવામાં આવેલ છે જેનું ભાડુ વગેરે નીચે પ્રમાણે છે. રૂા. ૭૫ ભાડુ રૂા. ૬ વોટર ચાર્જીંગ-ઉપરાંત વપરાશ પ્રમાણે ઇલેકટ્રીક ચાર્જીઝ લેવામાં આવે છે.
પૂના યુનિવર્સિટી.	રજિસ્ટ્રાર માટે ફરનિચર અને ભાડા વિના રહેઠાણની જોગવાઇ કરવામાં આવેલ છે.
૫. કર્ણાટક યુનિવર્સિટી.	યુનિવર્સિટીએ હાલના રજિસ્ટ્રાર સાથે કરેલ કોન્ટ્રાકટ પ્રમાણે તેઓને રેન્ટ ફ્રી કવાર્ટર્સ આપવામાં આવેલ છે.
૬. સરદાર વલ્લભભાઇ યુનિ.	રજિસ્ટ્રાર માટે ભાડા વિના રહેઠાણની જોગવાઈ કરવામાં આવેલ છે.

આથી ઠરાવવામાં આવે છે કે રજિસ્ટ્રાર શ્રી. કે. સી. પરીખને રેન્ટ-ફ્રી બંગલો આપવો પરંતુ ૧. વપરાશ પ્રમાણે વીજળીનું બિલ અને ૨. એ બંગલા માટે પ્રોપર્ટી ટેક્ષ તથા નોન એગ્રિકલ્ચરલ લેન્ડ એસસમેન્ટ ટેકસ સિવાયના બીજા કર તેમની પાસેથી લેવા.

૬૨. યુનિવર્સિટી ઑફિસના ચાલુ પગારના સ્કેલ રિવાઇઝ કરવા અંગે યુનિવર્સિટી ઑફિસના હેડ કલાર્કો અને સ્ટાફના બીજા સભ્યો તરફથી આવેલી અરજીઓ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૬૩. પે સ્કેલના રિવિઝન અંગે સ્ટેનોગ્રાફર શ્રી. બી. એમ. વૈશ્ય અને શ્રી. કે. જી. શાહ તરફથી આવેલી અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબતની વિચારણા મો

૬૪. ગુજરાતી સ્ટેનોગ્રાફી માટે માસિક રૂા. ૧૫ નું એલાવન્સ આપવા બાબતની સ્ટેનોગ્રાફર શ્રી. કે. જી. શાહની અરજી.

(નોંધ:- શ્રી. બી. એમ. વૈશ્યને ગુજરાતીમાં સ્ટેનોગ્રાફી માટે રૂા. ૧૫ માસિક એલાવન્સ આપવાનું સિન્ડિકેટે તેની તા. ૧-૧૦-૫૫ ની બેઠકમાં ઠરાવ્યું છે. શ્રી. બી. એમ. વૈશ્ય જેવા બીજા દાખલાઓમાં પણ રૂા. ૧૫-૦-૦ એલાવન્સ આપવું તેવા આ બાબતમાં નીમાયેલી કમિટીના સૂચન અંગે સિન્ડિકેટે એવો ઠરાવ કર્યો હતો કે ગુજરાતી તથા અંગ્રેજી સ્ટેનોગ્રાફી માટે શ્રી. વૈશ્ય સિવાયના સ્ટાફના બીજા કોઇ સભ્યને એલાવન્સ આપવાનો પ્રશ્ન અત્યારે ઉપસ્થિત થતો નથી.)

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૬૫. પરિભાષાના ટાઇપિંગ કામ માટે સિન્ડિકેટે દરેક નાના સ્ટેન્સીલના આઠ આના અને મોટા સ્ટેન્સીલના બાર આના લેખે મહેનતાણું આપવા ઠરાવ્યું છે. પરંતુ કાર્ડઝ તેમજ અંગ્રેજી કોલમવાળા ડીક્ષનેરીમાંથી જોઇ જોઇને ટાઇપ કરેલા સાત સાત નકલોવાળા પાનાં માટે શું મહેનતાણું આપવું તે નક્કી કર્યું નથી. તો તે માટે તેઓને દરેક ૨૦ કાર્ડ દીઠ આઠ આના અને દરેક પાના દીઠ આઠ આના લેખે મહેનતાણું આપવા બાબતની ટાઇપિસ્ટોની અરજી.

(નોંધ:- સિન્ડિકેટે બે કોલમ અંગ્રેજી અને બે કોલમ ગુજરાતીવાળા સ્ટેન્સીલ અંગે ઠરાવ્યું છે. પરંતુ કેટલાંક સ્ટેન્સીલોમાં એક અંગ્રેજી અને આઠ ગુજરાતી એમ મળી નવ કોલમ થાય છે અને દરેક ગુજરાતી શબ્દ સામે ત્રણ ચાર પર્યાઓ પણ છે તે પણ ધ્યાનમાં લેવા અરજીમાં વિનંતી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૭૨. તા. ૬-૮-૧૯૫૬ ના રોજ મળેલા લાયબ્રેરી કમિટીની સત્તરમી સભામાં પસાર થયેલ નીચેના ઠરાવ નં. ૨૫૪ ઉપર વિચારણા કરવા બાબત.

ઠરાવ નં. ૨૫૪.

"પેટા સમિતિની ભલામણો નીચેના ફેરફાર સાથે મંજૂર રાખવામાં આવે છેઃ-

અ. Illustrated London News મંગાવવું નહિ.

બ. હિન્દી સામાયિકોમાં "દક્ષિણ ભારત" ચાલુ રાખવું.

ક. Collier's Weekly બંધાવવું નહિ.

અને લાયબ્રેરીના બજેટમાં ૧૯૫૬-૫૭ના વર્ષ માટે સામાયિકોના ખર્ચ માટે રૂા. ૧૦,૦૦૭. મંજૂર કરવામાં આવેલા છે. તેમાં રૂા. ૫,૦૦૦ ની રકમ જોટલો વધારો કરી રૂા. ૧૫,૦૦૦ ની રકમ મંજૂર કરવા માટે સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે."

આથી ઠરાવવામાં આવે છે કે તા. ૬-૮-૧૯૫૬ના રોજ મળેલી લાયબ્રેરી કમિટીની સભામાં પસાર થયેલો ઉપરનો ઠરાવ નં. ૨૫૪ મંજૂર કરવો.

૮૩. સિન્ડિકેટના ઠરાવ અનુસાર જૂન ૧૯૫૭ થી શરૂ કરવાના લેબર વેલ્ફેરના અભ્યાસક્રમોની માન્યતા અંગે મુંબઇ સરકાર, હિંદ સરકાર અને સૌરાષ્ટ્ર સરકારને લખતાં તેમના તરફથી આવેલા પત્રો.

(નોંધઃ- મુંબઇ સરકાર પત્રમાં ડિપ્લોમાં કોર્સ દાખલ કર્યા પછી માન્ય થશે એમ જણાવ્યું છે અને સર્ટિફીકેટ કોર્સ અંગે નીચે પ્રમાણે લખાણ છે.

"That the certificate in Labour Welfare of the Gujarat University cannot be recognised for purpose of rule 4 (1) (a) of the Welfare Officers (Recruitment and condition of Service) Rules, 1952."

હિંદ સરકારનો જવાબ છે કે કાયદાની રૂએ સ્થપાયેલી યુનિવર્સિટીઓની ડિગ્રીઓ અને ડિપ્લોમા આપોઆપ જ માન્ય થાય છે. તેથી આ ડિપ્લોમાને બાસ રેકગ્નીશન આપવાનો સવાલ ઉપસ્થિત થતો નથી.

૧. સૌરાષ્ટ્ર સરકારનો જવાબ પણ ઉપરના હિંદ સરકારના જવાબ જેવો જ છે.

૨. મુંબઇ સરકારનો જવાબ છે કે યોજનામાં આ બાબત સમાવેલી નહિ હોવાથી ગ્રાન્ટ આપવાનો સવાલ ઉપસ્થિત થતો નથી.

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર બાબતની નોંધ લેવી.

૭૬. દિલ્હીના ઑલ ઇન્ડિયા રેડિયો સ્ટુડિઓમાં ગુમ થઇ ગયેલી ઇફેકટ રેકૉર્ડઝ ગુજરાત કૉલેજના પ્રિન્સિપલને પ્રોફેસર એસ. આર ભટ્ટના જવાબ અનુસાર આની કિંમત યુનિવર્સિટી આપશે નહિ તેવું લખતાં આને માટે આ બાબતમાં જવાબદાર માણસની તપાસ કરીને બોટ ભરપાઇ કરવા બાબતનો મજકૂર કૉલેજોના પ્રિન્સિપલનો પત્ર.

(નોંધઃ– આ પ્રશ્ન સિન્ડિકેટ સમક્ષ હતો. જેના ઠરાવ અનુસાર આ બાબતમાં પ્રોફેસર એસ. આર ભટ્ટને આ બાબતમાં કોણે કિંમત ચૂકવવી તે બાબતમાં તેમનો અભિપ્રાય માગ્યો હતો. તેમના જવાબ અનુસાર યુનિવર્સિટી તેની કિંમત આપશે નહિ તેમજ મજકૂર કૉલેજના પ્રિન્સિપલને લખતાં તેઓ જણાવે છે કે યુનિવર્સિટી ટીમના હસ્તક આ બોટ ગઇ છે. યુનિવર્સિટી જવાબદાર હોવી જોઇએ અથવા જવાબદાર માણસની તપાસ કરીને તેની બોટ ભરપાઇ કરવા જણાવે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર "ઇફેકટ રેકોડર્ઝ" ની કિંમત રૂા. ૪૩–૮–૦ યુનિવર્સિટીએ ભરપાઇ કરવી.

૮૧. નીચે જણાવેલ સંસ્થા ખાતાના મકાન, વ. ના ખર્ચ અંગે યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશનના એજ્યુકેશનલ ઑફિસર ડૉ. એસ. ભટ્ટાચાર્ય સાથે શ્રી. વાઇસ–ચાન્સેલર અને શ્રી. રજિસ્ટ્રારની થયેલી વાત અને ચર્ચા પછી ડૉ. ભટ્ટાચાર્યે કરેલા રિપોર્ટને આખરી સ્વરૂપ આપી મંજૂર કરવા બાબત.

૧. ગુજરાત યુનિવર્સિટી લાયબ્રેરી
૨. સ્કૂલ ઑફ સોશિયલ સાયન્સીઝ
૩. સ્કૂલ ઑફ ગુજરાતી લેન્ગ્વેજ ઍન્ડ લિટરેચર
૪. ડિપાર્ટમેન્ટ ઑફ સાયકોલૉજી.

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર રિપોર્ટ મંજૂર કરવો. (રિપોર્ટની નકલ પરિશિષ્ટ "ગ" તરીકે સામેલ છે.)

૮૨. ગુજરાત યુનિવર્સિટી લાયબ્રેરી માટે ઇકોનોમિકસ, સોશિયોલૉજી અને પોલિટિકસ ફ્રી એન્ટરપ્રાઇઝ અને લીબરલ પોલિટિકસને લગતી ચોપડીઓને પહેલી પસંદગી આપવી. જેના પુસ્તકો ખરીદવા રૂા. ૧૫૦૦ ની રકમની સખાવત આર. એલ. ફાઉન્ડેશને આપવા બાબત તેમના પ્રમુખ શ્રી. લોઢવાલા તરફથી આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આર. એલ. ફાઉન્ડેશન તરફથી ગુજરાત યુનિવર્સિટી લાયબ્રેરી માટે ઇકોનોમિકસ, સોશિયોલૉજી અને પૉલિટિકસના વિષયો પર પુસ્તકો ખરીદવા માટે રૂા. ૧૫૦૦ ની સખાવતનો સાભાર સ્વીકાર કરવો.

૮૬. વાદીમાં જણાવેલ સામયિકો અને પુસ્તકો યુનિવર્સિટીને ફેણગીમાં આપવા બાબત શ્રી. વી. એચ. વહોરા તરફથી આવેલ પત્ર.

નોંધઃ– આ અંગેનો શ્રી. લાયબ્રેરિયનનો અભિપ્રાય નીચે પ્રમાણે છે

"પુસ્તકો તથા સામાયિકોના પાછલા અંકો લેવા જેવા છે. એની કિંમત આશરે રૂા. ૧૬૦૦. જેટલી થાય છે.)

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર સામાયિકો અને પુસ્તકોનો સાભાર સ્વીકાર કરવો.

૮૭. શ્રી. વાઇસ-ચાન્સેલરના અંગત મદદનીશ શ્રો. આર. વી. દેસાઇને ભાડા ભથ્થાં અંગે વધારે આપવામાં આવેલા રૂા. ૨૯-૧-૦ પરત લેવા અંગે લોકલ ફંડ એકાઉન્ટસ, મુંબઇના તપાસનીશ તરફથી આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત

(નોંધઃ– મુંબઇ સરકારે જી. આર. એફ. ડી. નં. ૧૯૨૨-૩૩ તા. ૨૬-૫-૫૩ થી મુસાફરી ભથ્થા ઉપર ૧૦ ટકાનો કાપ મૂકયો છે. યુનિવર્સિટી મુંબઇ સરકારના ધોરણે સ્ટાફના સભ્યોને મુસાફરી ભથ્થું આપતી હોઇ આ બાબતમાં શું કરવું તે માટે સિન્ડિકેટમાં કામકાજ મૂકવામાં આવ્યું છે જે ઉપર સિન્ડિકેટે તેની તા. ૩-૪-૫૬ ની સભામાં આ કાપ સ્ટાફને લાગુ ન કરવો એવો ઠરાવ કર્યો જેથી શ્રી. આર. વી. દેસાઇને કાપ સિવાય મુસાફરી ભથ્થુ આપવામાં આવેલું હતું. તે સામે સરકારી ઑડિટરોએ વાંધો લીધો અને જણાવ્યું કે તેઓની પાસેથી રૂા. ૨૯-૧-૦ વચગાળાના સમય માટેના નિયમ કરતાં વધારે અપાયેલા ભથ્થાની રકમ પાછી લેવી. આ કામકાજ સિન્ડિકેટમાં નિકાલ માટે મૂકવામાં આવેલું અને સિન્ડિકેટે ઠરાવ્યું કે આ કામનો અમલ કરેલો નથી તે બરાબર છે. જેના જવાબમાં ઉપર પ્રમાણે ઑડિટરનો પત્ર આવેલ છે. તો હવે આ બાબતમાં શું કરવું તે નક્કી કરવાનું છે.)

આથી ઠરાવવામાં આવે છે કે ઉપકુલપતિશ્રીના અંગત મદદનીશ શ્રી આર. વી. દેસાઇની પાસેથી ભાડાંભથ્થાં અંગે વધારે આપવામાં આવેલી રૂા. ૨૯-૧-૦ ની રકમ પરત લેવા.

૮૭. મેસર્સ. શાહુ એન્ડ પટવા તરફથી તેઓએ યુનિવર્સિટી સ્કૂલ ઑફ સોશિયલ સાયન્સીઝના મકાનના બાંધકામના કોન્ટ્રેક્ટ સામે આપેલી રૂા. ૪,૦૦૦ ની ડિપોઝીટ તેમની વતી આપણે ગવર્મેન્ટ સિકયુરિટીમાં રોકવી એવી તેમની આવેલી વિનંતી ઉપર વિચારણા કરવા બાબત.

(**નોંધઃ**–આ અંગે સરકારમાં શું પ્રથા છે તે બાબત જાહેર બાંધકામ ખાતાની સ્થાનિક ઑફિસે પૂછાવતાં તેમના તરફથી નીચે પ્રમાણે જવાબ આવેલો છેઃ

"The security deposits received from contractors are invested in Post Office Saving Bank, National Savings Certificate, Bank fixed deposit and G.P. Notes according to the intention of the contractors. This security deposits is pledged to the Executive

Engineer, when the security deposit becomes refundable, the pledge will be released and the contractor gets the security deposit amount together with the interest thereon.")

આથી ઠરાવવામાં આવે છે કે મેસર્સ. શાહ ઍન્ડ પટવા તરફથી તેઓએ યુનિવર્સિટી સ્કૂલ ઑફ સોશિયલ સાયન્સીઝના મકાનના બાંધકામના કોન્ટ્રેકટ સામે આપેલી રૂા. ૪,૦૦૦-૦-૦ની ડિપોઝીટ ગવર્મેન્ટ સિકયૂરિટીઝમાં રોકવી તથા તે પરનું વ્યાજ તેમના ખાતે જમા કરવું.

૯૧. ગ્રાન્ટ્સ કમિશન તરફથી આવેલ પત્ર અંગેના સિન્ડિકેટની તા. ૧૪-૭-૫૬ ની સભાના ઠરાવ અનુસાર યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને નોકરી મેળવવા અંગે સિન્ડિકેટની સૂચનાથી શ્રી. રજિસ્ટ્રારે તૈયાર કરેલ યોજનાના મુસદ્દા ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ:-યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી પત્ર આવ્યો હતો કે તા. ૩૦-૧૧-૫૬ સુધીમાં જો યુનિવર્સિટી તરફથી કોઈપણ જાતની યોજના નહિ મળે તો યુનિવર્સિટીને આ બાબતમાં રસ નથી એમ માની લેવામાં આવશે. આથી સિન્ડિકેટની મંજૂરીની અપેક્ષાએ ઉપકુલપતિશ્રીના હુકમથી રજિસ્ટ્રારે ઘડેલી યોજના મોકલી આપવામાં આવી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર બાબત અંગે શ્રી. રજિસ્ટ્રારે ઘડેલી યોજના મંજૂર કરવી. (યોજનાનો મુસદ્દો પરિશિષ્ટ "ઘ" તરીકે સામેલ છે.)

૯૨. જૂન ૧૯૫૬ માં મળેલી સેનેટની વાર્ષિક સભામાં થયેલી ચર્ચા ઉપરથી ઉપસ્થિત થતા નીચેના મુદ્દા અંગેનાં સભ્યોનાં સૂચનો ઉપર વિચારણા કરવા બાબત.

૧. શિક્ષણના ધોરણમાં સુધારા,
૨. પરીક્ષા,
૩. પાઠ્યપુસ્તકો, પરીભાષા, પ્રેસ અને પ્રકાશનો,
૪. શારીરિક તપાસ,
૫. અભ્યાસેત્તર પ્રવૃત્તિઓ,
૬. પ્રકીર્ણ.

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૯૩. સેન્ટ્રલ વર્કશોપ માટે રૂા. ૨૦,૦૦૦ ની ગ્રાન્ટ પત્રમાં જણાવેલી શરતોએ આપવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના સેક્રેટરી તરફથી આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ:-૧. આપણે ત્યાં આવી કોઈ વર્કશોપ નથી. શરત નં. ૫ પ્રમાણે ગ્રાન્ટના ૫૦ ટકા એટલે રૂા. ૧૦,૦૦૦ જેટલી રકમ યુનિવર્સિટીએ અને/અથવા સ્ટેટ ગવર્મેન્ટ

તરફથી કોન્ટ્રીબ્યૂટ થવી જોઈએ. ગ્રાન્ટનો ઉપયોગ ચાલુ નાણાંકિય વર્ષમાં થવો જોઈએ.

૨. આ અંગે ફૅકલ્ટી ઑફ ટેકનોલૉજી ઇન્કલુડિંગ ઍન્જિનિયરીંગના ડીનનો અભિપ્રાય અને સૂચનો નીચે મુજબ છે:

"It appears the University Grants Commission has sanctioned a sum of Rs. 20,000/- for building workshop to assist your Science Department. Since the University has no Science Department of its own, I think, it may be very appropriate that the University place this money at the disposal of a constituent College for seeting up a Workshop for doing the jobs required for Science Department. In this connection, it may be most useful to explore the poosibilities of utilising this sum by setting up a Workshop for purpose of University in the Physical Research Laboratory or in the M.G. Science Institute or in the Gujarat College. The first is the most appropriate. However, should the authorities wish to utilise the sum by adding to my own Workshop and making its facilities available for the Science Department of the University, I will certainly take up the matter with Government and apprise you of their decision. I may point out in this connection that the Workshop contemplated in the latter reference should most appropriately find its place in an Institution doing post-graduate teaching and research in Physics, Chemistry, etc.')

આથી ઠરાવવામાં આવે છે કે એલ. ડી. કૉલેજ ઑફ ઍન્જિનિયરીંગ, અમદાવાદની સેન્ટ્રલ વર્કશોપ વિસ્તારવા માટે રાજ્યની સરકાર એ વિસ્તારવાનો જે ખર્ચ થાય તેના ફાળા પેટે રૂા. ૧૦,૦૦૦ થી વધુ નહિ તેવો ૫૦ ટકા જેટલો ખર્ચ આપે તથા બાકીનો ૫૦ ટકા ખર્ચ યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન આપે તે શરતે એલ. ડી. કૉલેજ ઑફ ઍન્જિનિયરીંગમાં સેન્ટ્રલ વર્કશોપ વિસ્તારવાનું મંજૂર કરવું તથા તે અંગે જરૂરી યોજના મજકૂર કૉલેજના પ્રિન્સિપલ પાસેથી મંગાવીને રાજ્ય સરકાર તથા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનને મોકલી આપવી.

૯૬. **"Introduction of General Education Courses in Indian Universities" વિષય ઉપર હિંદ સરકારના કેળવણી ખાતાના ડેપ્યુટી સેક્રેટરી તરફથી આવેલ પત્રમાં જણાવ્યા પ્રમાણે આ અંગેના રિપોર્ટ ઉપર અભિપ્રાય મોકલી આપવા બાબત.**

(નોંધ:– યુ. એસ. એ. / યુ. કે. માં જે આઠ નામાંકિત શિક્ષકોની ટીમ "જનરલ એજ્યુકેશન કોર્સીઝ" નો અભ્યાસ કરવા અને હિંદની યુનિવર્સિટીઓને "મોડેલ કોર્સીઝ" અપનાવવાનું સૂચવવા ગઇ હતી તેના રિપોર્ટમાંની ભલામણો ઉપર વિભાગીય પરિષદો બોલાવવા અંગે છે. ત્રિગતવાર પ્રોગ્રામ આપેલો છે જેમાં ૧. વડોદરા, ૨. ગુજરાત અને ૩. સરદાર વિદ્યાપીઠની પરિષદ વડોદરા મુકામે બોલાવવા અંગે છે. ડૉ. શેઠના વડોદરા યુનિ. ના સભ્ય છે.)

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર પરિષદમાં શ્રી. ઉમાશંકર જોષી, પ્રિન્સિપલ એલ. આર. દેસાઇ તથા ડૉ. વાય. જી. નાયકને આ યુનિવર્સિટીના પ્રતિનિધિઓ તરીકે મોકલવા.

૯૭. ઓપન એર થિયેટરના બાંધકામ અંગે રૂા. ૧૦,૦૦૦ ના વધુ અંદાજ ખર્ચ ૧૯૫૬-૫૭ ના વર્ષ માટે મંજૂર કરવા બાબત.

(નોંધ:- આ અંગે ૧૯૫૫-૫૬ ના બજેટમાં કુલ રૂા. ૨૫૦૦૦ નું રિવાઇઝડ પ્રોવિઝન કરવામાં આવેલું હતું. આ અંગે રૂા. ૧૫,૦૦૦ ની ગ્રાન્ટ હિંદ સરકાર તરફથી મળેલી હતી. ૧૯૫૫-૫૬ ના વર્ષ દરમ્યાન આ માટે કુલ ખર્ચ રૂા. ૧૭૪૧૭-૧૦-૦ થયું છે. રૂા. ૧૦,૦૦૦ રિવાઇઝડ અંદાજમાં મંજૂર કરવાના છે.)

આથી ઠરાવવામાં આવે છે કે ઑપન એર થિયેટરના બાંધકામ અંગે રૂા. ૧૦,૦૦૦ સુધીનો વધારાનો ખર્ચ મંજૂર કરવો.

૯૮. વલ્લાપુર ગ્રામ પંચાયત તરફથી ગુજરાત યુનિવર્સિટીના મકાનની ઘરવેરાની રૂા. ૨૮૧૨-૮-૦ ની થયેલી આકારણી અંગે યુનિવર્સિટીએ નોંધાવેલ અપીલની જાણ થવા બાબત.

(નોંધ:- યુનિવર્સિટી કેળવણી વિષયક સંસ્થા હોઇ તેમજ કાયદા પ્રમાણે સ્ટેટ્યુટરી સંસ્થા હોઇ ઘરવેરામાંથી માફી આપવા ડીસ્ટ્રીકટ લોકલ બૉર્ડને અપીલ કરી છે, પણ હજુ તેનો જવાબ નથી)

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર બાબતની નોંધ લેવી.

૧૦૦. યુનિવર્સિટી સ્કૂલ ઑફ સોશિયલ સાયન્સીઝના પોલિટિકસના રીડર શ્રી. ડી. એન. પાઠકની નિમણૂક અંગેનો પ્રોબેશનનો બે વર્ષનો સમય તા. ૧-૧૦-૫૬ ના રોજ પૂરો થતો હોવાથી તેમને તે તારીખથી તેમની જગ્યાએ કાયમ કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી સ્કૂલ ઑફ સોશિયલ સાયન્સીઝના પોલિટિકસ ના રીડર શ્રી. ડી. એન. પાઠકને તા. ૧-૧૦-૧૯૫૬ થી તેમની તે જગાએ કાયમ કરવા.

૧૦૧. યુનિવર્સિટીનું મકાન, લાયબ્રેરી, હોસ્ટેલ્સ, ઓપન-એર થિયેટર, બંગલા અને હજુ ભવિષ્યમાં ઉભી થનાર અન્ય ઇમારતોની વધતી જતી સંખ્યા જોતાં પાર્ટ-ટાઇમ વાયરમેનની નિમણૂક કરવા વિચારણા કરવા બાબત.

(નોંધ:- વાર્ષિક મહેનતાણું રૂા. ૨૦૦ થી વધુ આવવા સંભવ નથી.)

આથી ઠરાવવામાં આવે છે કે ઉપર જણાવ્યા પ્રમાણે પાર્ટ-ટાઇમ વાયરમેનની નિમણૂક કરવી તથા તેમના મહેનતાણા પેટે વાર્ષિક રૂા. ૨૦૦ સુધીનો ખર્ચ મંજૂર કરવો.

૧૦૩. પઠારાળા તરીકે કામ કરતા શ્રી ગોવિંદજીની ડ્રાઇવર તરીકે નિમણૂક થઇ છે અને તેમાં પ્રોવિડન્ટ ફંડ કપાતું નથી. આથી તેઓ તેમના ખાતે જમા થયેલી પ્રોવિડન્ટ ફંડની રકમ પાછી માગે છે તો તે આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ડ્રાઈવર શ્રી. ગોવિંદજી પરમારને તેમના ખાતે જમા થયેલી પ્રોવિડન્ટ ફંડની બધી રકમ પરત કરવી.

૧૦૪. ઓપન એર થિયેટરનું રીમુવલ સ્ટેજ બાંધવા માટે મેસર્સ. ગેનન ડંકરલીએ આપેલા એસ્ટીમેટસ મંજૂર કર્યાના ઉપકુલપતિશ્રીના કાર્યને બહાલી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપકુલપતિશ્રીના કાર્યને બહાલી આપવી.

૧૦૫. ચોકીદાર શ્રી. શાર્દુલસિંહને તેમની પુત્રની બીમારી અંગેની દવાઓના પૈસા અને ડૉક્ટરની ફીના પૈસા આપવાના હોવાથી તેમના પ્રોવિડન્ટ ફંડના ફાળામાંથી રૂા. ૧૨૫ની લોન મંજૂર કર્યાના ઉપકુલપતિશ્રીના કાર્યને બહાલી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપકુલપતિશ્રીના કાર્યને બહાલી આપવી

૧૦૬. પરીક્ષાની એન્સરબુકસ તૈયાર કરવા જાહેરખબર આપી ટેન્ડરો મંગાવેલાં આ અંગે આવેલાં બધા ટેન્ડરોમાંથી મેસર્સ. કલપના પ્રિન્ટરીના ભાવ સૌથી ઓછા હોવાથી તે ટેન્ડર સ્વીકારી તેમની પાસેથી તૈયાર કરાવી લેવા બાબત ઉપકુલપતિશ્રીએ કરેલા હુકમને બહાલી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપકુલપતિશ્રીના કાર્યને બહાલી આપવી.

૧૦૭. ૧૯૫૭ના વર્ષની રજાઓ નિયત કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કાર્યાલયે સૂચવેલી રજાઓની યાદી મંજૂર કરવી.

(રજાઓની યાદી પરિશિષ્ટ "ચ" તરીકે સામેલ છે.)

૧૦૮. શ્રી. ચાન્સેલરના પત્રમાં નીચે જણાવ્યા પ્રમાણે સ્ટે. ૧૭૩ સુધારવાનો હોવાથી સ્ટે. ૧૭૩ને સંમતિ આપવાની મોકૂફ રાખવામાં આવી છે તે ઉપર વિચારણા કરવા બાબત.

"With regard to the amendment to Statute 173 mentioned in your letter under reference I am to State that in the revised scheme for the S.S.C. Examination sanctioned in Government Resolution, Education Department, No. SSC 1853, dated February 8, 1955, under the subjects mentioned in Group 1 (c) option has been given to the technical High school students to offer "Physics and Chemistry" in lieu of "General Science" Similarly, according to the amendment 1 (ii) to the Government Resolution, Education Department, No. SSC. 1855, dated October 31, 1955, the technical high

school students have to offer "Geometrical and Mechine Drawing" instead of "Elementary Mathematics" No provision has been made in the amended Statute 173 for offering these important subjects of technical high schools and students from these schools will, therefore, experience serious difficulties in the absence of this provision. The above provision should, therefore, be made in the Statute under I : (3) and (4).

You will also notice that according to the amendment 1 (iv) (b) to the Government Resolution, Education Department, No. SSC 1855, dated October 31, 1955 one additional technical subject viz. "Elements of Mechnical and Electrical Engineering" has been introduced for the students appearing for the S.S.C. Examination from the technical high schools. This subject may, therefore, be included in the amended Statute 173 under I (6) and (7).

For the above reasons, the Chancellor is pleased to withhold his assent to the amendment to Statute 173 as passed by the Senate. It is suggested that the Statute may be amended in due course in the light of the above observations."

આથી ફરાવવામાં આવે છે કે આ બાબત જરૂરી વિચારણા માટે ઍકેડેમિક કાઉન્સિલ તરફ મોકલી આપવી.

૧૧૩. યુનિવર્સિટી તરફથી ચાલતા અનુસ્નાતક શિક્ષક કેન્દ્રો માટે કરેલા નિયમો મુજબ એમ.એ. માં મેથેમેટિક્સ લેનારને રૂા. ૭૫ સત્ર ફી ભરવી પડે છે જ્યારે એમ.એસસી. માં મેથેમેટિક્સ લેનારને રૂા. ૧૨૫ સત્ર ફી ભરવી પડે છે. બંનેને એકજ સાથે અને એકજ પ્રકારનું શિક્ષણ અપાતું હોવાથી બંનેની ફી સરખી રાખવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ– યુનિવર્સિટી સ્કૂલ ઑફ સોશિયલ સાયન્સીઝમાં એમ.એસસી. માં મેથેમેટિકસ લે તેને સત્ર ફી રૂા. ૭૫ ભરવી પડે છે. આમ એક પ્રકારની અસમાનતા છે અને આ વિષયમાં પ્રાયોગિક કામ કરવાનું ન હોવાથી લેબોરેટરી ફી ન જોઈએ અને તેથી એમ.એ. જેટલી જ એટલે કે રૂા. ૭૫ની સત્ર ફી રાખવી જોઈએ. મુંબઇ યુનિવર્સિટીમાં નીચે જણાવ્યા મુજબ ફી લેવાય છે.

Under the new schemes, all post-graduate students are required to pay tuition fees fixed by the University to colleges, and colleges pay to the University its share of fees received from students. The fees fixed for registration and tuition are as given below:–

For the Master's and Ph.D. degrees in Arts.....
For the Master's degree in Science (In Mathematics)
For the Master's and Ph.D. degree in Commerce
For the LL.M. degree.
} Rs. 80/– per term for tuition and/or guidance.

For the Master's and Ph.D. degrees in Science...Rs. 150/– per term for tuition and/or guidance.)

આથી ઠરાવવામાં આવે છે કે એમ.એસસી. માં મેથેમેટિકસ લેનાર વિદ્યાર્થીઓ પાસેથી સત્રની ફી રૂા. ૭૫–૦–૦ લેખે લેવી તથા આ ઠરાવને ચાલુ સત્રથી અમલમાં આવેલો ગણવો.

૧૧૪. ઑર્ડ. ૩૧૨ નીચે ગુજરાત યુનિવર્સિટીની એમ.કૉમ. ની પરીક્ષામાં બેસવા દેવા બાબત સર કે પી. કૉલેજ ઑફ કૉમર્સ, સુરતના પ્રોફેસર શ્રી. ટી. એમ. વકીલ તરફથી આવેલ પત્ર.

(નોંધ:– પ્રો. વકીલે તેમની બી.કૉમ. ડીગ્રીની પરીક્ષા "એડવાન્સ્ડ સ્ટેટિસ્ટીકસ" ના વૈકલ્પિક વિષય સાથે પહેલા વર્ગમાં ગુજરાત યુનિવર્સિટીમાંથી ૧૯૫૩ માં પસાર કરી છે. ૧૯૫૩-૫૪ ના વર્ષમાં તેમણે ગુજરાત યુનિવર્સિટીમાં એમ.કૉમ. ની બે ટર્મ્સ રાખી છે. ગુજરાત યુનિવર્સિટીમાં "એડવાન્સ્ડ સ્ટેટિસ્ટીકસ" વિષય માટે શિક્ષણનો પ્રબંધ નહિ હોવાથી તેઓ ૧૯૫૪ ની સાલમાં મુંબઈ યુનિવર્સિટીમાં એમ.કૉમ માટે રજિસ્ટર થયા. ૧૯૫૪–૫૬ દરમિયાન જરૂરી ચાર ટર્મ ભરીને મુંબઇ યુનિ. ની એમ.કૉમ. ની પરીક્ષામાં બેઠા પણ નિષ્ફળ ગયા. તે પછી તેઓ સુરત કૉમર્સ કૉલેજમાં લેકચરર તરીકે જોડાયા. હવે તેઓ ૧૯૫૭ ની ગુજરાત યુનિ. ની એમ.કૉમ. ની પરીક્ષામાં બેસવા ઇચ્છે છે. અને તે માટે તેઓ ઑર્ડિ. ૩૧૨ નો આશ્રય લે છે. આપણી યુનિવર્સિટીના ઑર્ડિ. ૩૧૨ અને ૭૧ અનુક્રમે નીચે આપેલા છે. ઑ. ૩૧૨ છેક ૧૯૫૦ ની સાલથી અમલમાં છે જ્યારે ઑ. ૭૧ તા. ૨૮–૬–૧૯૫૨ થી અમલમાં આવેલ છે. ઑ. ૩૧૨ અનુસાર ૧૯૫૨ પહેલાં જ જેઓએ પરીક્ષા આપી હોય તેઓને જ આ ઑર્ડિનન્સનો લાભ આપી શકાય એમ મંતવ્ય છે.

O. 312. Any person who has taken the Degree of Bachelor of Commerce of this University or of any other University recognised by this University as equivalent thereto may, after he has worked under the guidance of a recognised University teacher for at least two years subsequent to his passing the Bachelor of Commerce Examination, be admitted to the Examination, be admitted to the examination for the degree of Master of Commerce in accordance with the relevant Regulations.

Candidates who have kept terms for the M.Com. examination under the rules of Bombay University and who have not appeared or have appeared and failed shall be permitted to appear for the examination under these rules from the year 1952 onwards without being required to keep fresh terms.

O. 71. The term or terms kept by any student migrating from the Bombay, Poona, Karnatak, and Baroda Universities in the State of Bombay shall be recognised up to 31st May 1957 for the purposes of keeping terms for appearing at any examination of this University provided that the student keeps at least one term immediately preceding the examination in this University and provided further that the students has not utilised the terms kept by him at any of the Universities mentioned above for appearing at the examination of any of the said Universities and has become an ex-student of any such University. This benefit shall not apply to a student migrating from any of

the above mentioned Universities which does not grant the same previlege to a student of this University.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. ટી. એમ. વકીલની વિનંતી મંજૂર કરવી નહિ તથા ઑર્ડિનન્સ ૩૧૨ માં જરૂરી સુધારા કરવા વિચારણા માટે આ બાબત ઍકેડેમિક કાઉન્સિલ તરફ મોકલી આપવી.

૧૧૫. પોસ્ટ-ગ્રેજ્યુએટ રજિસ્ટ્રેશનને લગતો નિયમ નં. ૧૫ નીચે મુજબ સુધારવા વિચારણા કરવા બાબત:

"Rule 15: Candidates who register their names as post-graduate students for the LL.M. Examination by papers in specialised branches will be permitted, subject to the approval of their teachers to change the branch of their study, at the end of the second term, and before the commencement of the third term at the latest."

(નોંધ:- ઐચ્છિક વિષયો બદલવા અંગે હાલ નીચેના બે નિયમ નં. ૭ અને ૧૫ છે. આ બંને નિયમ વચ્ચેની અસંબદ્ધતા દૂર કરવા માટે નિયમ નં. ૧૫ માંથી "and M.Com. Examinations" એ શબ્દો કાઢી નાખી "Examination" શબ્દ મૂકવાનો છે. ગ્રુપ બદલવા અંગેનો પ્રબંધ નિયમ નં. ૭ માં જળવાઈ રહે છે.)

R. 7. A change in the sub-groups, under Group B at the M.Com. Examination may be permitted only if applications therefor are received by the Registrar before the commencement of the second term.

R. 15. Candidates who register their names as post-graduate students for the LL.M. and M.Com. Examinations by papers in specified branches will be permitted, subject to the approval of their teachers, to change the branch of their study, at the end of the second term, and before the commencement of the third term at the latest.)

આથી ઠરાવવામાં આવે છે કે પોસ્ટગ્રેજ્યુએટ રજિસ્ટ્રેશનને લગતા નિયમમાંથી "and M.Com. Examination" શબ્દો કાઢી નાખીને "Examination" એ શબ્દ મૂકી સુધારેલો નિયમ નં. ૧૫ મંજૂર કરવો તથા આ નિયમને તાત્કાલિક અમલમાં આવેલો ગણવો.

સુધારેલો નિયમ નં. ૧૫ નીચે મુજબ વંચાશે:

Rule. 15 Candidates who register their names as post-graduate students for the LL.M. Examination by Papers in specific branches will be permitted, subject to the approval of their teachers to change the branch of their study, at the end of the second term, and before the commencement of third at the latest."

૧૧૬. "Proposed introduction of a scheme to promote the study of selected regional languages at Indian Universities" એ વિષય અંગે યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશનનો આવેલ પત્ર સિન્ડિકેટના ઠરાવ અનુસાર ગુજરાતી ભાષા–સાહિત્ય ભવનના અધ્યક્ષને વિચારણા માટે મોકલી આપ્યો હતો તે અંગે આવેલો તેમનો નીચે જણાવેલ અભિપ્રાય:

"પત્ર અંગે જણાવવાનું કે ઉપરના વિષયની હરિફાઈમાં ગુજરાતી ભાષા–સાહિત્ય ભવનના વિદ્યાર્થીઓ તો તેમની ઉંમર વધુંમાં વધું ૨૦ ઉપરની હોઈ ભાગ લઇ શકે એવો સંભવ ઓછો છે. પરંતુ ગુજરાત યુનિવર્સિટીની કૉલેજોમાં આ અંગે પ્રચાર કરીને હરિફાઈને નક્કર રૂપ આપી શકાય તો સારૂ એમ મારો અભિપ્રાય છે. ખાસ કરીને અમદાવાદમાં દ્રવિડિયન માતૃભાષા ધરાવતા વિદ્યાર્થીઓ હોવાનો સંભવ છે. તેઓ ગુજરાતી અથવા હિંદી દ્વારા હરિફાઇમાં ભાગ લઇ શકે. ઉપરાંત ગુજરાતી માતૃભાષાવાળા વિદ્યાર્થીઓ દક્ષિણ હિંદમાં ઉછર્યા હોય અને ત્યાંની કોઇ ભાષાથી વાકેફ હોય તો તેઓ પણ આ હરીફાઇમાં ભાગ લેવા પ્રેરાય એવો સંભવ છે. તે સિવાય પણ ગુજરાતી માતૃભાષા ધરાવનાર વિદ્યાર્થીઓ નવેસરથી પણ આ દિશામાં પ્રયત્નશીલ થાય તે ઇચ્છવા જેવું હોવાથી તે કારણે પણ આ હરિફાઇને અમલમાં મૂકવા વિચારવું જોઇએ."

(નોંધ:– હિંદના બીજા ભાગોમાં બોલાતી ભાષાઓના અભ્યાસને હિંદની યુનિવર્સિટીઓમાં પ્રોત્સાહન આપવાના ઇરાદાથી યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને એક યોજના વિચારી છે જે નીચે ૧. સંસ્કૃત ગ્રુપ અને ૨. દ્રવિડિયન ગ્રુપની અંદર આવતી ભાષાઓમાં અમુક રીતે હરિફાઈ ગોઠવતાં તેમાં વિજયી નીવડનાર ઉમેદવારોને રૂા. ૫૦૦ અને રૂા. ૨૦૦ નાં એમ બે ઈનામ આપવાં. ઉપરાંત વિજયી ઉમેદવારને ભાષાના વિકાસ અંગે દૂરમાં ફરવાના ટ્રાવેલીંગ અને સબ્સીસ્ટન્સ એલાવન્સના રૂા. ૫૦૦ અથવા વિકલ્પે રૂા. ૨૫૦ નાં પુસ્તકો આપવાં. ૨૦ વર્ષથી ઉપરના નહિ એવા વિદ્યાર્થીઓ એમાં ભાગ લઇ શકે. કમિશનના સેક્રેટરી જણાવે છે કે જો આ યોજના યુનિવર્સિટીને માફક આવે તો તે અંગેની જરૂરી વિગત અને હરિફાઇ અંગેના નિયમો યુનિવર્સિટીએ ઘડી ગ્રાન્ટ્સ કમિશનને મોકલી આપવાના છે. આ યોજના સિન્ડિકેટના તા. ૧૪–૧૧–૫૬ ના ઠરાવ અનુસાર ગુજરાતી ભાષા–સાહિત્ય ભવનના અધ્યક્ષને મોકલતાં ઉપર જણાવ્યા પ્રમાણે અભિપ્રાય મોકલાવ્યો છે.)

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર બાબત અંગે ગુજરાતી ભાષા–સાહિત્ય ભવનના અધ્યક્ષ શ્રી. ઉમાશંકર જોષીનો અભિપ્રાય માન્ય કરવો તથા તે અંગે જરૂરી યોજના ઘડવા તેઓશ્રીને વિનંતી કરવી.

૧૧૭. ડૉ. એંકલેસરીયાના આવેલ પત્ર ઉપરથી ૧૯૫૭ ના જૂનથી મેડિકલ ફૅકલ્ટીમાં શિક્ષણ અને પરીક્ષણનું માધ્યમ ગુજરાતી આવે છે તેથી મેડિકલ કાઉન્સિલ ઑફ ઇન્ડિયાને

કંઇ વાંધો છે કે કેમ અને ગુજરાત યુનિવર્સિટીની મેડિકલ ડીગ્રીને, મેડિકલ કાઉન્સિલ માન્યતા આપવામાં અસર કરશે કે કેમ તે અંગે પૂછાવતાં મજકૂર કાઉન્સિલના સેક્રેટરી તરફથી આવેલો પત્ર.

(નોંધઃ– મેડિકલ કાઉન્સિલે સ્વીકારેલી એકઝીકયૂટીવ કમીટીની નીચેની ભલામણ સેક્રેટરીએ મોકલી આપી છેઃ

"The Executive Committee have noted that it bas recently been decided at the meeting of the Education Ministens tbat in all Technical and Scientific subjects, English must continue as medium of instruction, and the Committee endorse this view.")

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર બાબત ફૅકલ્ટી ઑફ સાયન્સ. ફૅકલ્ટી ઑફ મેડિસિન તથા ફૅકલ્ટી ઑફ ટેકનોલૉજી ઇન્કલૂડીંગ ઍન્જિનિયરીંગને વિચારણા માટે મોકલી આપવી.

૧૧૮. ૧૯૫૬–૫૭ માં લેવાનારી કેટલીક પરીક્ષાઓમાં બેસનાર મોટા ભાગના વિદ્યાર્થીઓનું પરીક્ષણનું માધ્યમ ગુજરાતી હશે તેથી પરીક્ષકો નીમતી કમિટીઓને એવી જાતની સૂચનાઓ આપવી કે જેથી તેઓ ગુજરાતી જેની માતૃભાષા હોય અને જેમને ગુજરાતી ભાષા ઉપર સંપૂર્ણ કાબુ હોય તેવા માણસને (જે જે પરીક્ષાઓમાં પરીક્ષણનું માધ્યમ ખાસ કરીને ગુજરાતી હોય ત્યાં) નીમવા એમ સૂચવતા પ્રિન્સિપલ એલ. આર. દેસાઇના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે પ્રિન્સિપલ એલ. આર. દેસાઇનું સૂચન એકઝામિનેશન કમિટીઝને ધ્યાનમાં લેવા માટે મોકલી આપવું.

૧૨૦. યુનિવર્સિટી લાયબ્રેરીમાં એક વધુ ટાઇપિસ્ટની જગા ઉભી કરવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધઃ– વધેલા કામને પહોંચી વળવા માટે એક ટાઇપિસ્ટ પુરતા નથી એમ શ્રી. લાયબ્રેરિયનનું કહેવું છે. સૌરાષ્ટ્ર સરકારની રૂા. ૧ લાખની ગ્રાન્ટ અને યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની રૂા. ૩૦,૦૦૦ ની પુસ્તકો ખરીદવા અંગેની ગ્રાન્ટ મળતાં લાયબ્રેરીનું કામ સારા પ્રમાણમાં વધ્યું છે.)

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી લાયબ્રેરીમાં ટાઇપિસ્ટની એક વધારાની કાયમી જગા જુનિયર કલાર્કના ગ્રેડમાં મંજૂર કરવી.

૧૨૨. ૧૯૫૫–૫૬ ના વાર્ષિક હિસાબમાં નીચે જણાવ્યા પ્રમાણેની બાબતમાં એકસ્ચ્યુઅલ ખર્ચ નિવાદઝડ અંદાજ કરતાં વધુ થયેલ છે તો તે મંજૂર કરવા બાબત.

ગુજરાત યુનિ. જનરલ ફંડ એકાઉન્ટ

પરીક્ષા ખર્ચ :
પરીક્ષકોના
મહેનતાણા
ખર્ચ :

	રિવાઇઝડ અંદાજ	એકચ્યુઅલ	વધારો	ખુલાસો
આર્ટ્સ પરીક્ષા	૭૦,૦૦૦	૮૧,૪૪૪-૧૩—૨	૧૧,૪૪૪-૧૩—૨	તે મુખ્યત્વે કરીને પોસ્ટ-ગ્રેજ્યુએટ પરીક્ષાઓના જવાબપત્રોમાં ડબલ એસેસમેન્ટ પદ્ધતિ રાખી તેના લીધે છે. આ પેટા મથાળે ખર્ચનો વધારો છે, પણ 'પરીક્ષા ખર્ચ" અંગેના મુખ્ય મથાળે રૂ. ૫૩૭૪૨૦ ના રિવાઇઝડ અંદાજ સામે એકચ્યુઅલ ખર્ચ ફક્ત રૂ. ૫૧૮૩૨૭-૧૪-૯નો છે. એ મુજબ એકંદર ખર્ચમાં વધારો નથી.
સાયન્સ પરીક્ષા	૫૬,૦૦૦	૫૮,૧૯૪—૩-૧૦	૨,૧૯૪—૩-૧૦	રિવાઇઝડ અંદાજ કરતાં એકચ્યુઅલ ખર્ચ વધુ છે પણ રૂ. ૬૫,૦૦૦ ના મૂળ અંદાજ કરતાં ઓછો છે. પોસ્ટ-ગ્રેજ્યુએટ પરીક્ષાના જવાબપત્રોના ડબલ એસેસમેન્ટના ખર્ચના લીધે ખાસ કરીને છે.
એગ્રિકલ્ચર પરીક્ષા	૧૦,૦૦૦	૧૦,૧૨૯-૧૧—૦	૧૨૯—૧૧—૦	ના વધારાના ખર્ચ સામે એગ્રિકલ્ચર પરીક્ષા ફીની આવકમાં પણ રૂ. ૧૨૮૦ ના વધારો થયો છે.

	રિવાઇઝ્ડ અંદાજ	એક્ચ્યુઅલ	વધારો	ખુલાસો
				કુલ ૧૯ પેટા મથાળામાંથી ઉપરના ત્રણ પેટા મથાળે ખર્ચનો વધારો છે પણ "પરીક્ષા ખર્ચ" ના મુખ્ય મથાળે એકંદર ખર્ચમાં રૂ. ૧૯૦૯૨ ની બચત છે જ્યારે "પરીક્ષા ફી" ના મુખ્ય મથાળે ફીની આવકમાં એકંદર રૂ ૩૨૯૫૦ નો વધારો છે.
મુસાફરી ભથ્થાં :				
સેનેટની સભાઓ માટે.	૯,૦૦૦	૧૦,૩૫૫—૯—૦	૧,૩૫૫—૯—૦	તા. ૨૬-૬-૫૬ ની સેનેટની ખાસ રેકવીઝીશન સભા રાખવામાં આવેલ તેથી આ પેટા મથાળે ખર્ચમાં વધારો થવા પામ્યો છે. તેમ છતાં મુસાફરી ભથ્થાંના મુખ્ય મથાળે એકંદર રિવાઇઝ્ડ અંદાજ કરતાં એક્ચ્યુઅલ ખર્ચ ઓછું થયેલ છે.
છપામણી સ્ટેશનરી, તથા ટપાલ ખર્ચ :				
સિલેબસ વિ. ની છપામણી.	૩,૦૦૦	૩,૦૭૮-૧૨-૬	૭૮-૧૨-૬	આ પેટા મથાળે ખર્ચનો વધારો સામન્ય છે. મુખ્ય મથાળે ખર્ચની બચત છે.
		ગુજરાત યુનિ. લાયબ્રેરી એકાઉન્ટસ		
સામયિક લવાજમ.	૧૨,૦૦૦	૧૩,૩૮૯—૧૦—૦	૧,૩૮૯—૧૦—૦	સામયિક લવાજમના ખર્ચમાં રૂ. ૧,૩૮૯—૧૦—૦ નો વધારો છે પણ લાયબ્રેરીના કુલ ખર્ચમાં રિવાઇઝ્ડ એસ્ટીમેટસ કરતાં વધુ ખર્ચ નથી.

	રિવાઇઝ્ડ અંદાજ	એક્ચ્યુઅલ	વધારો	ખુલાસો
ટપાલ ખર્ચ	૪૦૦	૪૧૬—૧–૦	૧૬—૧–૦	આ બંને મથાળે ખર્ચનો વધારો સામાન્ય છે.
કન્ટીજન્સી	૫૦૦	૫૫૧–૧૩–૩	૫૧–૧૩–૦	
ફરનીચર	૧૫,૦૦૦	૧૫,૧૫૪–૧૧–૩	૧૫૪–૧૧–૩	સેલ્સટેકસ, જનરલ ટેકસ વિ. ની ગણત્રીના ફેરના લીધે રૂ. ૧૫,૦૦૦ ના ફરનીચર ખરીદમાં એકંદર રૂ. ૧૫૪–૧૧–૩ નો ખર્ચ વધુ થવા પામ્યો છે.
				લાયબ્રેરી એકાઉન્ટસમાં એકંદર રૂ. ૧,૪૧,૭૫૦ ના રિવાઇઝ્ડ અંદાજ સામે ફક્ત રૂ. ૧,૨૩,૪૦૮–૩–૦ નો ખર્ચ થયો છે.

ગુજરાતી ભાષા-સાહિત્ય ભવન એકાઉન્ટસ

બિલ્ડીંગ પ્રોફેસરોને લેકચર્સ અંગેના ઓનોરેરીયમ તથા મુસાફરી ખર્ચનાં	૧,૫૦૦	૧,૯૯૫—૦–૦	૪૯૫—૦–૦	રિડરની જગાઓ મંજૂર થયેલ પણ નિમણૂકો વર્ષ દરમ્યાન થયેલ ન હોવાને લીધે બિલ્ડીંગ પ્રોફેસરોને લેકચરો અંગે વધુ આપવાના થયા તેથી એકંદર કુલ ખર્ચમાં વધારો નથી.
ફ્રી સ્ટુડન્ટશિપ્સ તથા મેરિટ સ્કોલરશિપ્સ	૧,૫૦૦	૧,૬૫૦—૦–૦	૧૫૦—૦–૦	શ્રી. એન. એમ. વાળંદને બાસ કેઇસ તરીકે સિન્ડિકેટે તેઓ દક્ષિણા ફેલો હોવાથી ફ્રી સ્ટુડન્ટશીપ રૂા. ૧૫૦ ની આપી તેથી.

ગુજરાત યુનિ. બિલ્ડીંગ એકાઉન્ટસ

પમ્પરૂમ અને સ્ટાફ કવાર્ટર્સ	—	૨,૮૭૦—૮–૦	૨,૮૭૦–૮–૦	પમ્પરૂમ અને સ્ટાફ કવાર્ટર્સના કોન્ટ્રાકટરના બીલો ૧૯૫૪–૫૫ના વર્ષમાં

રિવાઈઝડ એકચ્યુઅલ અંદાજ	વધારો	ખુલાસો
		ચૂકવાયેલા પણ તેમના ફાઇનલ મેઝરમેન્ટ સાથેના ફાઇનલ બીલો ચાલુ વર્ષ ૧૯૫૫-૫૬ માં આવ્યા અને તે પ્રમાણે રૂા. ૨,૮૭૦-૮-૦ આપવાના થયા તેથી.

આથી ઠરાવવામાં આવે છે કે સને ૧૯૫૫-૫૬ માં ઉપર મુજબ થયેલો વધારાનો ખર્ચ મંજૂર કરવો.

૧૨૩. મીસ અંજની દેસાઇ કે જેમણે પટણા યુનિવર્સિટીની ઇન્ટર આર્ટ્સની પરીક્ષા માર્ચ ૧૯૫૬ માં પસાર કરી છે તેમણે બિહાર યુનિ. માં જમશેદપુર કોઓપરેટિવ કૉલેજમાં જુનિયર બી.એ. માં એક ટર્મ ભર્યા પછી હવે તેમના પિતાશ્રીની સૂરત ખાતે બદલી થતાં તેમને આ યુનિવર્સિટીની સૂરત ખાતેની કૉલેજમાં જુનિયર બી.એ. ના બીજા સત્રમાં દાખલ કરવા પરવાનગી આપવા બાબત.

(નોંધ– શ્રીમતી દેસાઈ પટણા યુનિ. ની ઈન્ટર આર્ટ્સની પરીક્ષા પસાર કરી છે જે રેગ્યુ. ૭ મુજબ માન્ય કરેલી છે. તેમના પિતા ઈન્સ્યુરન્સ કું. માં કામ કરતા હતા. શ્રીમતી દેસાઈએ એક ટર્મ બિહાર યુનિ. માં રાખી છે. તેમના પિતા સુરત ડિવિઝન ઑફિસર તરીકે ટ્રાન્સફર થયા છે.

યુનિવર્સિટીના નિયમ મુજબ સ્ટેટ યુનિવર્સિટીઓમાંની એક યા બીજી યુનિવર્સિટીમાં રાખેલી ટર્મ ઉપરના કારણોસર માન્ય કરી શકાય છે. તેથી તેમની વિનંતી માન્ય કરી શકાય તેમ નથી એમ જવાબ આપતાં તે ઉપર પુનર્વિચારણા કરવા વિનંતી છે.

આવા કેસો વારંવાર ઉભા થતા હોવાથી આ અંગેના નિયમો ફરીથી વિચારવા જરૂરી છે એમ ઉપકુલપતિશ્રીનો અભિપ્રાય છે.)

આથી ઠરાવવામાં આવે છે કે મિસ અંજની દેસાઈને ખાસ કેસ તરીકે જુનિયર બી.એ. ના સત્રમાં દાખલ કરવા પરવાનગી આપવી.

૧૨૪. બી.ફાર્મ. નો નવો અભ્યાસક્રમ અમલમાં આવેલો હોવાથી અને તે અનુસાર ૧૯૫૭ ના માર્ચથી તેની પરીક્ષાઓ લેવાની હોવાથી તે અંગે પ્રિન્સિ. ડૉ. આર. પી. પટેલના નીચેના સૂચનો ઉપર વિચારણા કરવા બાબત.

१. The Examination Fee of the 1st, 2nd and Final B.Pharm. Examination be fixed at Rs. 75/- each.

For Diploma in Pharmacy Examination it is Rs. 50/- and for 1st year Pharmacy Examination it is Rs. 40/-.

2. The cost of materials per candidate to be supplied by the College at the practical examination may be as under for various examinations:-

B.Pharm. Examinations...Rs. 30/- per candidate.

Diploma in Pharmacy Examinations...Rs. 20/- per candidate.

First Year Pharmacy Examinations...Rs. 10/- per candidate.

3. The remuneration for practicals for all B.Pharm. Examinations may be Rs. 2/- per candidate for a practical of 3 hours and Rs. 3-8-0 for a practical of 6 hours.

On this basis, the remuneration chart for all Pharmacy Examinations may be tabulated as under:

THEORY EXAMINATION

FIRST YEAR PHARMACY EXAMINATION

1.	Drawing up a question paper of three hours... ...	Rs.	60—0-0
2.	Drawing up a question paper of two hours	Rs.	40—0-0
3.	Examining an answer paper of three hours	Rs.	1—0-0
4.	Examining an answer paper of less than three hours ...	Rs.	0-1-0

DIPLOMA IN PHARMACY EXAMINATION

1.	Drawing up a paper of three hours...	Rs.	60-0-0
2.	Drawing up a paper of two hours	Rs.	40-0-0
3.	Examining an answer paper of two hours	Rs.	1-0-0

FIRST, SECOND AND FINAL B.PHARM. EXAMINATIONS

1.	Drawing up a paper of four hours	Rs.	75-0-0
2.	Drawing up a paper of three hours	Rs.	60-0-0
3.	Drawing up a paper of two hours	Rs.	40-0-0
4.	Examining an answer paper of two, three or fours hours	Rs.	1-0-0

M.PHARM. EXAMINATIONS

1.	Drawing up a question paper	Rs.	75-0-0
2.	Examining an answer book	Rs.	2-0-0
3.	Examining a Thesis	Rs.	25-0-0

PRACTICALS AND ORALS — Per candidate

FIRST YEAR PHARMACY

In each practical of three hours ... ... Rs. 1-0-0

DIPLOMA IN PHARMACY

In each practical of three hours ... ... Rs. 1-8-0

FIRST, SECOND AND FINAL B.PHARM EXAMINATION

For a Practical of three or four hours ... ... Rs. 2-0-0

For a Practical of six hours ... ... Rs. 3-8-0

M.PHARM. EXAMINATION

For each practical of six hours ... ... Rs. 5-0-0

The table on page 25, may be revised as under:-

VIII FIRST YEAR IN PHARMACY

Subject	Days of Preparation	Days for cleaning	Expert Assistant	Laboratory Asstt.	Machine Minder	Hamals	Maximum No. of students per batch.
Chemistry	2	1	2	1	-	4	30
Physics	2	1	2	1	-	2	30
Botany Zoology	2	1	2	1	-	2	30
Anatomy, Physiology Hygiene	2	1	2	1	-	2	30

(One storekeeper for the actual days of examination only)

IX DIPLOMA IN PHARMACY EXAMINATION

General Pharmacy	2	1	3	1	1	3	18
Dispensing Pharmacy	2	1	3	1	1	3	18
Pharmaceutical Chemistry	2	1	3	1	-	3	18
Pharmacognosy	2	1	2	1	-	3	18

(One storekeeper for the actual days of examination only)

X B.PHARM. EXAMINATIONS

Subject	Days of Preparation	Days for cleaning	Expert Assistant	Laboratory Asstt.	Machine Minder	Hamals	Maximum No. of students per batch.
Pharmaceutics, General Pharmacy, Dispensing Pharmacy, Manufacturing Pharmacy & Microbiology, Pharmaceutical Technology, Pharmaceutical Microbiology	3	1	3	1	1	3	18
Pharmaceutical Chemistry	3	1	3	1	–	3	18
Pharmacognosy	3	1	2	1	–	3	18
Physiology, Biochemistry & Hygiene	2	1	2	1	–	3	18
Pharmacology and Bioassay	2	1	2	1	–	3	18

(One storekeeper for the actual days of examination only)

XI M.PHARM. EXAMINATION

Pharmaceutical Technology	2	1	2	1	1	2	6
Pharmaceutics	2	1	2	1	1	2	6
Pharmaceutical Chemistry	2	1	2	1	–	2	6
Pharmacognosy	2	1	2	1	–	2	6
Pharmacology	2	1	2	1	–	2	6

(One storekeeper for the actual days of examination only)

આથી ઠરાવવામાં આવે છે કે પ્રિન્સિપલ ડૉ. આર. પી. પટેલની ઉપરની સૂચના મંજૂર કરવી.

૧૨૬. નીચેની બાબત ઉપરના સિન્ડિકેટના તા. ૭-૧૦-૫૬ ની બેઠકમાં થયેલા ઠરાવ ઉપર પુનર્વિચારણા કરવા બાબત પ્રિન્સિ. અ. ક. ત્રિવેદીનો પત્ર:

"સામળદાસ કૉલેજ, ભાવનગર અને પેટલાદ કૉલેજ, પેટલાદમાંથી અનુક્રમે શ્રી. એસ. બી. દવે અને શ્રી. એસ. એ. પટેલ ૧૯૫૬માં ફર્સ્ટ ઇયર સાયન્સની પરીક્ષા પસાર કરી ભવાન્સ કૉલેજ, મુંબઈમાં ઇન્ટર સાયન્સના વર્ગમાં જોડાયેલા પણ તેઓએ એસ.એસ.સી. ની પરીક્ષા સાત વિષયો સાથે પસાર કરેલી હોવાથી મુંબઇ યુનિવર્સિટીએ ઍલિજિબિલિટી સર્ટિફીકેટ ન આપતાં તેઓને તા. ૫-૯-૫૬ થી ગાર્ડા કૉલેજ, નવસારીમાં ઇન્ટર સાયન્સના વર્ગમાં કામચલાઉ દાખલ કર્યા છે તો આ "લેઇટ એડમિશન" માફ કરવા અને તેઓએ ભવાન્સ કૉલેજ, મુંબઇમાં રાખેલી ૫૮ દિવસની હાજરી સુદ્ધાં ૧૯૫૬-૫૭ ની બે ટર્મની કુલ હાજરી યોગ્ય સમયે ભેગી ગણી વિચારવા અને માફ કરવા બાબત ગાર્ડા કૉલેજના પ્રિન્સિપલ તરફથી આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

સિન્ડિકેટનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. એસ. બી. દવે અને શ્રી. એસ. એ. પટેલને દાખલ થવા માટે પરવાનગી આપવી નહિ."

(નોંધ:- પ્રિન્સિ. ત્રિવેદી પોતાના પત્રમાં ૧૯૫૪-૫૫ માં શ્રી. ભટ્ટના આવાજ કેસમાં ટર્મ્સ મંજૂર કરી હતી તે વિષે વિગતવાર સમજાવે છે અને સિન્ડિકેટે શ્રી. ભટ્ટના અને ઉપરના શ્રી. પટેલ અને શ્રી. દવેના કેસોમાં લાંબેલા અસંબદ્ધ ઠરાવ અંગે સમજાવી આ બાબતમાં તેમના પત્રમાં જણાવેલ મુદ્દાઓ ધ્યાનમાં લઈ પુનર્વિચારણા કરવા વિનંતી કરે છે.)

આથી બહુમતે ઠરાવવામાં આવે છે કે બંને સત્રોની કુલ હાજરી ઓછામાં ઓછા ૧૦૦ દિવસની થાય તો જ શ્રી. એસ. બી. દવે અને શ્રી. એસ. એ. પટેલને ઇન્ટર સાયન્સની પરીક્ષામાં બેસવા દેવા તે શરતે આ બંને વિદ્યાર્થીઓને દાખલ કરવા માટે એસ. બી. ગાર્ડા કૉલેજ અને બી. પી. બારિયા સાયન્સ ઇન્સ્ટિટ્યુટ, નવસારીના પ્રિન્સિપલને પરવાનગી આપવી.

૧૨૭. એમ. પી. શાહ મેડિકલ કૉલેજ, જામનગરની પહેલી એમ.બી.બી.એસ. પરીક્ષા માટેના અભ્યાસક્રમના થાલુ જોડાણ અને બીજી અને ત્રીજી એમ.બી.બી.એસ. પરીક્ષાના અભ્યાસક્રમને માટે તા. ૨૭-૬-૫૭ થી જોડાણ આપવા અંગેની અરજી અંગે સ્થાનિક તપાસ સમિતિના સભ્યોની નીચેની વિચારણા કરવા બાબત.

૧. ડૉ. એમ. ડી. પટેલ નીચે પ્રમાણે લખે છે:

"As there is no teacher appointed for clinical teaching, I think the arrangement may be made for it somewhere."

૨. ડૉ. એન. આર. દેસાઇ ફોન ઉપર નીચે પ્રમાણે જણાવે છે:

"The college authorities may be informed that the students for clinical subjects may be asked tc go at other colleges."

(નોંધઃ– ૧. પહેલી એમ.બી.બી.એસ. પરીક્ષા સુધીના અભ્યાસક્રમો માટે કૉલેજને તા. ૧૯–૬–૫૭ સુધી જોડાણ મળેલું છે. ઉપર જણાવ્યા પ્રમાણે જોડાણ ચાલુ રાખવા અને જોડાણનો વધારો તા. ૨૦–૬–૫૭ થી આપવા અંગે આવેલી અરજી ઉપર નીમેલી સ્થાનિક તપાસ સમિતિના સભ્યોએ કૉલેજની મુલાકાત લીધા પછી ઉપર મુજબ પરિસ્થિતિ માલુમ પડી છે. સ્થાનિક તપાસ સમિતિનો રિપોર્ટ ઍકેડેમિક કાઉન્સિલ અને સિન્ડિકેટ સમક્ષ હજુ આવવાનો બાકી છે. દરમિયાન શું પગલાં લેવાં તે અંગે વિચારણા કરવાની છે.

૨. ઑકટોબરમાં લેવાયેલી પહેલી એમ.બી.બી.એસ. પરીક્ષા પસાર કરી બીજી એમ.બી.બી.એસ.માં આવનાર ૧૩ વિદ્યાર્થીઓ છે અને પ્રિન્સિપલના જણાવ્યા પ્રમાણે ૧૯૫૭ના એપ્રિલમા લેવાનારી પહેલી એમ.બી.બી એસ.ની પરીક્ષામાં ૪૬ વિદ્યાર્થીઓ બેસશે.)

આથી ઠરાવવામાં આવે છે કે સ્થાનિક તપાસ સમિતિના સભ્યો ડૉ. એમ. ડી. પટેલ અને ડૉ. એન આર. દેસાઈના અભિપ્રાય મુજબ કિલનિકલ વિષયોના વિદ્યાર્થીઓને માન્ય થયેલી બીજી તબીબી કૉલેજોમાં દાખલ થવાની સૂચના આપવા માટે એમ. પી. શાહ મેડિકલ કૉલેજ, જામનગરના પ્રિન્સિપલને ખબર આપવી.

૧૨૮. પોતાના પિતાશ્રીની માંદગી અંગે દાકતરની દવા વગેરે બીલોના પૈસા આપવાના હોવાથી તે અંગે શ્રી આર. કે યાજ્ઞિકના તેમના પ્રોવિડંટ ફંડના ફાળામાંથી રૂા. ૧૦૦ ની લોન મંજૂર કર્યાના ઉપકુલપતિશ્રીના કાર્યને બહાલી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપકુલપતિશ્રીના કાર્યને બહાલી આપવી.

૧૨૯. યુનિવર્સિટી ટાવરમાંના ઇલેકટ્રીક કામ અંગે આવેલા ટેન્ડરોમાંથી મેસર્સ. સ્મીથ ઇલેકટ્રીક વર્કસના દર નીચા હોવાથી તે કામ તેમને આપવા વિચારણા કરવા બાબત.

(નોંધઃ– આ અંગે બે ટેન્ડરો મેસર્સ. સ્મીથ ઇલેકટ્રીક વર્કસ તથા મેસર્સ. ગુજરાત ઇલેકટ્રીક કું. લીમીટેડના અનુક્રમે રૂા. ૫૬૩૦–૪–૦ અને રૂા. ૮૦૧૨–૦–૦ (સેલ્સ ટેક્ષ અલગ તથા પાલખનો કોઇ ખર્ચ તેઓ આપશે નહિ.) ના આવેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી ટાવરના ઇલેકટ્રીક કામ અંગે મેસર્સ. સ્મિથ ઇલેકટ્રીક વર્કસનું ટેન્ડર સ્વીકારવું.

૧૩૦. યુનિવર્સિટી ટાવર માટે ક્લોક ખરીદવા બાબત.

(નોંધઃ– છાપામાં જાહેરખબર આપી આ માટે ટેન્ડરો મંગાવેલાં પરંતુ તે માટે ફક્ત મેસર્સ. સ્વદેશી ઇલેકટ્રીક ક્લોક મેન્યુ. કું. લી. નું જ ફક્ત એક ટેન્ડર રૂા. ૧૨૫૦૦ નું આવેલું

હતું તે પછી મેસર્સ. ઈસ્ટર્ન ઇલેકટ્રીક ઍન્ડ ઍન્જિનિયરીંગ કું.નું ઈંગ્લીશ બનાવટનું રૂા ૨૧૦૦નું ટેન્ડર આવેલું છે.)

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી ટાવર માટે કલોક ખરીદવા માટે મેસર્સ. સ્વદેશી ઇલેકટ્રીક કલોક મેન્યુફેકચરીંગ કંપની લિમિટેડનું રૂા. ૧૨૫૦૦ નું ટેન્ડર સ્વીકારવું.

૧૩૧. ડી. જી. મહાવિદ્યાલય, અલિયાબાડાના જુનિયર બી.એ. ના વર્ગમાં દાખલ થયેલ શ્રી. ડી. પી. જાડેજાને ઍલિજિબિલિટી સર્ટિફીકેટ આપવા બાબત.

(નોંધ:– શ્રી. જાડેજાએ સેન્ટ્રલ બોર્ડ ઑફ એજ્યુકેશન, અજમેરની ઇન્ટરમિડિયેટ આર્ટ્સની પરીક્ષા પ્રાઈવેટ કેન્ડીડેટ તરીકે પાસ કરી છે. આ પરીક્ષાને આપણી યુનિવર્સિટીની ઇન્ટર આર્ટ્સની પરીક્ષાની સમકક્ષ ગણી હોઇ જુનિયર બી.એ. ના વર્ગમાં નિયમિત વિદ્યાર્થી તરીકે દાખલ કરી શકાય છે. તે પ્રમાણે અલિયાબાડાની કૉલેજમાં શ્રી. જાડેજાને દાખલ કરેલા પણ કૉલેજની ઑફિસ સ્ટાફની ગેરસમજણથી શ્રી. જાડેજાની અરજી વખતસર મોકલાવેલી નહિ હવે તે પ્રિન્સિપલની ધ્યાનમાં આવતાં મોકલાવે છે અને વિદ્યાર્થીની ઍલિજિબિલિટી સર્ટિફીકેટ માટેની અરજી અંગે સહાનુભૂતિપૂર્વક વિચારણા કરી સ્વીકારવા વિનંતી કરે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે દરબાર ગોપાળદાસ મહાવિદ્યાલય, અલિયાબાડાના જુનિયર બી.એ. ના વિદ્યાર્થી શ્રી. ડી. પી. જાડેજાને ઍલિજિબિલિટી સર્ટિફીકેટ આપવું.

૧૩૨. ૧૯૫૬ના પ્રથમ છ માસ દરમ્યાન લેવાયેલી પરીક્ષાઓમાં જે વિદ્યાર્થીઓએ ગેરવ્યાજબી ફલાજો લીધા હોય તથા જે પરીક્ષકો વગેરેએ ભૂલો કરી હોય તેવા વંચારાના કેસો બાબતમાં તે માટે નીમાયેલી કમિટીઓના હેવાલો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર કમિટીઓના હેવાલો મંજૂર કરવા.

(હેવાલોની નકલ પરિશિષ્ટ "છ" તરીકે સામેલ છે.)

૧૩૩. સિન્ડિકેટની નીચેની બાબતો ઉપરના ઠરાવો ઉપર પુનર્વિચારણા કરવા બાબત.

અ. આર. આર. લાલન કૉલેજ, ભૂજનું બી.એ. (જનરલ) સાયકોલૉજીનું તેમજ બી.એસસી. (ફિઝિકસ) કેમિસ્ટ્રી અને (સબ્સિડિયરી) ફિઝિકસ અને મૅાટાનીના અભ્યાસક્રમો માટેનું તા. ૨૦મી જુન ૧૯૫૬ થી જોડાણ ચાલુ રાખવા બાબતની અરજી.

સિન્ડિકેટનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર કૉલેજનું ઇન્ટર આર્ટ્સ, સાયન્સ તથા બી.એ. ના અભ્યાસક્રમો માટેનું જોડાણ ચાલુ રાખવા માટે

સેનેટે મૂકેલી શરતોનું યથાર્થ પાલન કરવા જણાવવું તથા તે કૉલેજની જોડાણ અંગેની અરજી ઉપર વિચારણા કરવાનું હાલ મોકૂફ રાખવું."

બ. આર. આર લાલન કૉલેજ, ભૂજને ટી. ડી. ના અભ્યાસક્રમો માટે જોડાણ આપવા બાબતની અરજી.

સિન્ડિકેટનો ઠરાવ

ઉપર "અ" માં જણાવેલા સિન્ડિકેટનાં ઠરાવ પ્રમાણે અક્ષરશઃ છે.

(નોંધઃ- ઉપર "અ" અને "બ" માં સિન્ડિકેટના ઠરાવમાં જણાવેલી બાબતો અંગે હિંદીના લેકચરર નીમવા અંગેની શરતનું પાલન કરવાનું બાકી છે એટલે આ બાબત મુંબઇ સરકારને રિપોર્ટ કરવા બાબત છે અને કૉલેજની આવેલી બંને અરજીઓ ઉપર સ્થાનિક તપાસ સમિતિઓ નીમવાનો પ્રશ્ન છે.)

આથી ઠરાવવામાં આવે છે કે આર. આર. લાલન કૉલેજ, ભૂજને હિન્દીના લેકચરરની નિમણૂક કરવા માટે તાકીદ કરવી તથા મજકૂર બાબત અંગે સ્થાનિક તપાસ સમિતિ નીમવા માટે ઉપકુલપતિશ્રીને સત્તા આપવી.

૧૩૪. તા. ૩૦-૧૨-૫૬ થી તા. ૧-૧-૫૭ સુધી બિહાર યુનિવર્સિટીના આશ્રયે રાંચી ખાતે મળનારી દશમી ઑલ ઇન્ડિયા કૉમર્સ કોન્ફરન્સમાં ભાગ લેવા આ યુનિવર્સિટીના પ્રતિનિધિનું નામ તા. ૩૦-૧૧-૫૬ સુધીમાં મોકલી આપવા બાબત મજકૂર કોન્ફરન્સના મંત્રી તરફથી આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર કોન્ફરન્સમાં આ યુનિવર્સિટીનો કોઇ પ્રતિનિધિ મોકલવો નહિ.

૧૩૫. ઉત્તર ગુજરાત તરફ વસી આવતા કચ્છના રણને રોકવા, તેમજ સદરહુ પ્રદેશમાં વરસાદનો વધારો થાય એ અંગે યોગ્ય પગલાં લેવા બાબત નીમાયેલી સમિતિનું કામકાજ આગળ ચાલુ રાખવા અંગે ડૉ. એ એમ. ત્રિવેદીના આવેલાં નીચેનાં સૂચનો ઉપર વિચારણા કરવા બાબત.

૧. આ કામ અંગે ઓછામાં ઓછી રૂા. ૨૦૦૦ ની ટ્રાવેલીંગ ગ્રાન્ટ અથવા એક વર્ષના રૂા. ૧૦૦૦ પ્રમાણે આપવા.

૨. હવે પછીની યોજના માટે રિસર્ચ વર્કર્સને ત્રણ સેકન્ડ કલાસ ટી. એ. અને ૧ દિવસના રૂા. ૫ લેખે હોલ્ટીંગ એલાવન્સ આપવું. કેમિસ્ટ્રીના પ્રોફેસર અથવા ડૉ. રામનાથનને યુનિવર્સિટીના નિયમો પ્રમાણે ટી. એ. આપવું.

૩. આ બાબત બહુજ વ્યવહારિક ઉપયોગની હોવાથી આ બાબત અંગેના શ્રી આર. કે શાહે લખેલા મહાનિબંધની ટુંકી રૂપરેખા યુનિવર્સિટીએ પ્રસિદ્ધ કરાવવી.

(નોંધઃ- ડૉ. ત્રિવેદી જણાવે છે કે "અલ્કલી સોઇલ" ના અભ્યાસ અંગેની બાબતો જુદી જુદી ત્રણ જગ્યાએ છપાઇ છે. ડૉ. ત્રિવેદી વધુમાં જણાવે છે કે તેમણે સેન્ટ્રલ બૉર્ડ ઑફ જીઓ ફિઝિકસને મોકલાવેલી યોજના બૉર્ડે આર્થિક મદદ માટે ભલામણ કરીને કાઉન્સિલ ઑફ સાયન્ટિફીક ઍન્ડ ઇન્ડસ્ટ્રીઅલ રિસર્ચને મોકલી આપી છે પણ કંઈ જવાબ નથી. આ સંસ્થાઓ સમક્ષ ફરીથી ગુજરાત યુનિવર્સિટી મારફતે યોજના મોકલાવી છે જો આ યોજના મધ્યસ્થ સરકાર સ્વીકારશે તો યુનિવર્સિટી પાસેથી લીધેલી અને ખર્ચેલી રકમ રીફન્ડ કરવામાં આવશે. ડૉ. ત્રિવેદીએ આ અંગેનો પત્રવ્યવહાર પણ આ સાથે મોકલાવ્યો છે)

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૩૬. તા. ૨૮મી થી ૩૦ મી ડિસેમ્બર ૧૯૫૬ દરમિયાન વારાણસી ખાતે મળનાર ભારતીય હિંદી પરિષદની વાર્ષિક બેઠકમાં ભાગ લેવા આ યુનિવર્સિટીનો એક પ્રતિનિધિ મોકલી આપવા મજકૂર પરિષદના વ્યવસ્થાપક મંત્રી તરફથી આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર પરિષદમાં ભાગ લેવા માટે આ યુનિવર્સિટીનો કોઇ પ્રતિનિધિ મોકલવો નહિ.

૧૩૭. પોતાના ભાઇના લગ્ન પ્રસંગે પૈસાની ખાસ જરૂર હોવાથી પટાવાળા શ્રી. એ. વી. ઝાલાને તેમના પ્રોવિડન્ટ ફંડના ફાળામાંથી રૂા. ૧૦૦ ની લોન મંજૂર કર્યાના ઉપકુલપતિશ્રીના કાર્યને બહાલી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપકુલપતિશ્રીના કાર્યને બહાલી આપવી.

બાકીની બાબતો સમયને અભાવે હાથ ધરી શકાઈ ન હતી.

નં. સિં. ૮૬૧૧૬-૩૮-૧૯૫૬,
ગુજરાત યુનિવર્સિટી ઑફિસ,
અમદાવાદ-૯, તા. ૮-૧૨-૧૯૫૬.

કું. ચં. પરીખ
રજિસ્ટ્રાર

પરિશિષ્ટ "ફ"

કામકાજ નં ૬

The Second meeting of the Standing Committee on Triennial Inspection appointed by the Syndicate was held on 7-9-56, Friday at 12-0 noon for consideration of reports of the Triennial Inspection Committees and the remarks of the respective Principals in respect of the following colleges :-

1. M. N. College, Visnagar (Arts side)

2. 1. The Samaldas College Bhavnagar. (Science side)
   2. The Bahauddin College, Junagadh (Science side)

3. 1. The V. P. Mahavidyalaya Vallabhvidyanagar (Arts & Science Side)
   2. The S. B. Garda & B. P. Baria Science Institute (Arts & Science)

4. Sir K. P. College of Commerce, Surat.

5. The Sarvajanik Law College, Surat.

The attendance was as under :-

1.	Prin Dr. K. G. Naik	P.
2.	Dr. Motibhai D. Patel	A.
3.	Shri. Batubhai H. Desai.	A.
4.	Shri. Bhailal D. Patel	A.
5.	Prin. A. K. Trivedi.	P.
6.	Shri, Navnitlal Sakarlal Sodhan,	P.

Principal Dr. K. G. Naik presided.

The Committee resolved that the following recommendations be made to the Syndicate:

1. M. N. College, Visnagar (Arts side)

1. That the scales and grades of the pay particularly of the Lecturers are not in accordance with the minimum scales and grades of pay laid down by the Univerity. The Syndicate is requested to insist on the College authorities to give the University scales and grades of pay particularly to Lecturers:

2. The use of the Library Hall as the Reading Room should be avoided.

2. (1) The Samaldas College and Sir P. P. Institute of Science Bhavnagar. (Science side).

1. That an inquiry be made whether the members of the staff, new entrants as old ones are given revised scales of pay as fixed by the University.

2. It is essential that the Principal be given rent-free residential quarters, as is the case at other colleges.

(2) The Bahauddin College, Junagadh (Science side)

1. That an inquiry be made whether the members of the staff, new entrants as well as old ones, are given revised scales of pay as fixed by the University.

2. The New Science building be completed **at the earliest,** by putting up a floor on the top of the ground floor already constructed in the New Science building so that the remaining half of the Physics department and the whole of the Biology department with their Laboratories, can be shifted to the New Science Building.

3. It is essential that the Principal be given rent-free residential quarters, as is the case at other colleges.

3. (1) The V. P. Mahavidyalaya, Vallabhvidyanagar (Arts & Science Side)

No recommendations to be made.

(2) The S. B. Garda College and B.P. Baria Science Institute, Navsari. Navsari. (Art & Science side).

No recommendations to be made.

4. Sir K. P College of Commerce, Surat:

1. That the system of holding tutorials by assembling the entire class is not desirable and should be replaced by appropriate smaller tutorial classes;

2. That additional appointments be made of two lecturers in Commerce subjects;

3. If the number of students has gone up, it is necessary to appoint an additional full time or part-time P.E. Instructor, as per requirements laid down by the University.

4. That a sum of Rs. 10,000/- be set apart towards capital expenditure on Library, over the next year or two;

5. That the college should construct four **more** rooms in the building.

5. The Sarvajanik Law College, Surat:

1. It appears that the present Principal is given the Professor's grade. It is for the Syndicate to determine whether the present Principal's grade be revised.

2. That one full time professor be appointed.

3. That a Separate Librarian be appointed.

Sd/- **K. G. Naik**
Chairman.

પરિશિષ્ટ "ખ"

કામકાજ નં. ૪૨

બિલ્ડીંગ કમિટીની એક ખાસ સભા સોમવાર તા. ૧-૧૦-૫૬ના રોજ સાંજના ૬-૦ કલાકે યુનિવર્સિટી ઑફિસમાં મળી હતી જેમાં હાજરી નીચે પ્રમાણે હતી:

૧.	શ્રી. વાઇસ-ચાન્સેલર	હાજર,
૨.	શ્રી. બી. ડી. પટેલ	ગેરહાજર,
૩.	શ્રી. જી. એસ. દેસાઇ	હાજર,
૪.	શ્રી. કસ્તુરભાઈ લાલભાઇ	હાજર,
૫.	શ્રી. બી. કે. મુઝમદાર	ગેરહાજર,
૬.	ધી ચીફ ઍન્જિનિયર ટુ ધી ગવર્મેન્ટ ઑફ બૉમ્બે	ગેરહાજર.

૧. તા. ૨-૪-૧૯૫૬ની આ કમિટીની મિટીંગની નોંધને બહાલી આપવા બાબત.

તા. ૨-૪-૧૯૫૬ ની આ કમિટીની મિટીંગની નોંધને બહાલી આપવામાં આવી હતી અને શ્રી. વાઇસ-ચાન્સેલર સાહેબે તેના ઉપર સહી કરી હતી.

૨. ગુજરાતી ભાષા-સાહિત્ય ભવનના પ્લાન્સ અને એસ્ટીમેટ્સ મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સભા દરમ્યાન થયેલી ચર્ચા ધ્યાનમાં લઈ ગુજરાતી ભાષા-સાહિત્ય ભવન માટે પ્લાન્સ તથા એસ્ટીમેટ્સ રિવાઇઝ કરવા.

૩. સમાજ વિદ્યા ભવન અને ગુજરાતી ભાષા-સાહિત્ય ભવનના ડાયરેક્ટરોના મકાનોના પ્લાન્સ તથા એસ્ટીમેટ્સ મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે બંને ડાયરેક્ટરોના મકાનોના પ્લાન્સ તથા એસ્ટીમેટ્સ રૂા. ૫૦,૦૦૦ દરેક માટે મંજૂર કરવા.

૪. સેનેટ હૉલનું બાંધકામ શરૂ કરવા બાબત.

(નોંધ:- યુનિવર્સિટીના આર્કિટેક્ટ શ્રી. આત્મારામ એમ. ગજજરનો આ સંબંધનો અભિપ્રાય નીચે પ્રમાણે છે:

"As you may be aware, the Senate Hall is a huge one and we have spent considerable time in getting it designed without any pillars. Our Engineer Mr. Sabnis, who is a specialist, has designed the gallary and the roof with the R.C.C. and Steel construction. It is however, found that not only it will cost very much more, but the

steel to be used will be a very heavy one. Besides, the expansion and construction of steel, due to the climatic conditions, will create problems. I, therefore, strongly recommend that the gallary beams and the roof covering be constructed of pre-stressed R.C.C. This will reduce the cost as also the construction will be a lighter one. In order that the job may be done to entire satisfaction, we must approach experienced foreign consultant. whose fees will be between Rs. 30,000/- to Rs. 40,000/-. This may look a big sum, but the saving which is likely to occur by this construction, will more than compensate for the expense and fees. I, therefore, submit that the Syndicate may be pleased to authorise the Building Committee to incur this expenditure and engage competent Architects specialised in pre-stressed construction."

આથી ઠરાવવામાં આવે છે કે સેનેટ હૉલના ગેલેરી તથા વાળાના આર. સી. સી. કૉઈપણ ફૉરેન સ્પેશ્યાલીસ્ટ મારફતે કરાવવા અને તે માટે રૂા. ૪૦,૦૦૦ સુધીનું ખર્ચ મંજૂર કરવું.

૫. ટાવર ક્લોક ખરીદવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે મીકેનીકલ ટાઈપનું ક્લોક ખરીદવું અને આ કામ વધુ વિચારણા માટે આવતી સભા સમક્ષ મૂકવું.

૬. ટાવર લાઇટીંગ બાબત ગુજરાત ઇલેકટ્રીક કું.ના તા. ૨૦-૯-૫૬ના કાગળ ઉપર વિચારણા કરવા બાબત

આથી ઠરાવવામાં આવે છે કે ટાવર માટેના ઇલેકટ્રીક લાઇટીંગ માટેના રૂા. ૮,૦૦૦ ના એસ્ટીમેટ્સને મંજૂર કરવા અને તે માટે ટેન્ડરો મંગાવવા.

૭. સાયકલ સ્ટેન્ડ બાંધવાનું નક્કી કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સભામાં થયેલી ચર્ચા ધ્યાનમાં લઇને સાયકલ સ્ટેન્ડ માટેના પ્લાન્સ (લે આઉટ પ્લાન્સ સાથે) તથા અંદાજ ફરીથી તૈયાર કરી, સભ્યોને સરકયુલેટ કરી મંજૂર કરાવી કામકાજ શરૂ કરવું.

૮. લાયબ્રેરી વીંગના સેકન્ડમાં વેન્ટીલેશન ઉપર શટર્સ મુકાવવા બાબત અને લાયબ્રેરીયન જ્યાં બેસે છે ત્યાં તે રૂમમાં પાછળના બારણાને ઉપરથી અડધું ઉઘાડી શકાય તેવો ફેરફાર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ બંને કામ મંજૂર કરવા અને તે બંને કામ માટે રૂા. ૮૩૪ મંજૂર કરવા.

૯. લાયબ્રેરી વીંગના ઇલેકટ્રીક ફીટીંગ્સના કેટલાક વધારાના આઇટેમ્સના ખર્ચને અને શ્રી. વાઇસ-ચાન્સેલરના મકાનના ઓવર-હેડ ટેન્કના વધારાના ખર્ચના આઇટેમને શ્રી. વાઇસ-ચાન્સેલરે મંજૂરી આપી તેને બહાલી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવી.

ત્યારબાદ સભા બરખાસ્ત થઈ હતી.

Sd/- ભ. મ. પટેલ
for રજિસ્ટ્રાર

પરિશિષ્ટ "ગ"

કામકાજ નં. ૮૧

1. School of Social Sciences
2. School of Gujarati Language } six lakhs for building.
3. Department of Psychology
4. **Library Building.**

The present Library wing which was constructed specially for library purposes may serve the needs of the University for the next 20 years. In the meantine the University Grants Commission and the University may make adequate provision for books so as to make the Library worthy of a central University. The present stock of books is about 25,000. With the help of the University Grants Commission and grant (ad hoc) received from Saurashtra Government the Library will soon be better equipped with books (the Saurashtra Government Grant has been earmaked for books for the School of Social Sciences.) A separate Library building for the University may be dropped for the present.

2. The University Grants Commission accepted in principle a scheme of Rs. 6,00 lakhs for the School of Gujarati Language. But this amount of Rs. 6,00 lakhs was the estimate of the Bombay Government for this building of both the School of Gujarati Language and Literature and School of Social Sciences. The sum of Rs. 6,00 lakhs is thus to be used for the buildings of both these schools.

3. The Department of Psychology now proposed to be estabilshed can be accommodated in the School of Social Sciences with necessary expansion and adjustment in the building. This may cost 1.50 lakh of rupees more than the present estimates of the building of the School of Social Sciences.

(d) it must not refer to the character, competence or conduct of any person except in his official capacity;

(e) it must not refer to a matter which is of a confidential nature;

(f) it must not contain any name or statement not strictly necessary to make the question intelligible;

(g) It must not involve the preparation of elaborate statements or statistic or expenditure of an excessive amount of time and labour.

(h) It must not be such as cannot be answered consistently with the interests of the University.

(ii) The Vice-Chancellor shall decide on the admissibility of a question. He may disallow any question which, in his opinion, contravenes the above rules and his decision shall be final.

(iii) All questions together with such answers as are ready shall be issued to the members with the revised agenda.

(iv) Any member may put a supplementary question for the purpose of elucidating any fact regarding which an answer has been given. The

Chairman for the meeting may disallow any supplementary question if in his opinion, it infringes the rules relating to questions and his decision shall be final.

(v) The Vice-Chancellor may ask for notice of a supplementary question which he is not prepared to answer.

(vi) The answers to the questions or supplementary questions may be given by the Vice-Chancellor or any member of the Syndicate nominated by the Vice-Chancellor for the purpose or by the Registrar.

(vii) No member shall ask more than two supplementary questions to a main questions.

(6) The affiliation, renewal of affiliation and the extension of affiliation of College;

(7) The consideration of the Annual Report, Annual Accounts and financial estimates and resolutions thereon, when they are part of the business to be entertained at the meeting;

(8) The consideration of Ordinance, motions for making, amending and repealing Statutes, and proposal recommending amendments in the Act;

(9) Any motion for a change in the order of business, provided that such motions shall not affect the order hereinabove indicated or give priority to any item of business over the items mentioned in (1) to (8) above, or any of them;

(10) Any business and motions of which due notice has been given, in the order which such business and motions are entered in the Statement of business, and motions to be brought forward subject to the provisions of this Statute and Statute 38."

(નોંધઃ– સ્ટે. ૩૧માં પ્રિન્સિપલ શુકલે નીચે પ્રમાણે સુધારા સૂચવ્યા હતાઃ

"૧. Statute 31 માંની કલમ (૫) ની પેટા–કલમ (૨) રદ કરવી.

૨. Statute 31 માંની કલમ (૫) ની પેટા–કલમ (૩) માંથી (i) (g) રદ કરવી.

૩. Statute 31 ની કલમ (૫) માંની પેટા–કલમ (૩) માંથી (i) (h) રદ કરવી.

૪. Statute 31 માંની કલમ (૫) ની પેટા–કલમ (૩) માંની (vii) રદ કરવી.")

આથી ઠરાવવામાં આવે છે કે રિફર બેક થયેલા સ્ટે. ૩૧ ના મુસદ્દામાં નીચે પ્રમાણે ફેર-ફાર કરીને મંજૂર કરવા માટે સેનેટને ભલામણ કરવી:

૧. કલમ પાંચની પેટા–કલમ ૧ માં "The first forty–five minutes at a meeting of the Senate shall be set apart" એ શબ્દોને બદલે "Not more than

the first sixty minutes on the first day of the meeting of the Senate may be set apart" એ શબ્દો મૂકવા.

૨. કલમ પાંચની પેટા-કલમ ૨ રદ કરવી:, અને

૩. કલમ પાંચની પેટા-કલમ ૩ માં "asked" શબ્દને બદલે "admitted" શબ્દ મૂકવો.

(નોંધ:- કલમ પાંચની પેટા-કલમ (3)(i)(g) પરત્વે સેનેટને તબકકે પોતાની અસંમતિ દર્શાવવાનો શ્રી. ડી. જે. જોષીનો હક્ક અનામત રાખવામાં આવ્યો હતો.)

(સુધારેલા સ્ટે. ૩૧ ની નકલ આ સાથે પરિશિષ્ટ "ખ" તરીકે સામેલ છે.)

૩૮. આ યુનિવર્સિટીમાં ટેકસેશન ઍન્ડ પ્રેકટીસ અને લેબર લૉઝના ડિપ્લોમા ઇન્સ્ટીટ્યૂટ કરવા અંગે સેનેટે નીચેનો ઠરાવ પસાર કર્યો છે તે અંગે આગળનાં ઘટતાં પગલાં લેવા બાબત.

સેનેટનો ઠરાવ

"સેનેટની આ સભા આથી ઠરાવે છે કે ટેકસેશન ઍન્ડ પ્રેકટીસ અને લેબર લૉઝના ડિપ્લોમા ઇન્સ્ટીટ્યૂટ કરવા અંગેની ફેકલ્ટી ઑફ લૉ, ઍકેડેમિક કાઉન્સિલ અને સિન્ડિકેટની ભલામણો મંજૂર કરવી અને મજકૂર બાબતમાં આગળનાં ઘટતાં પગલાં લેવા સિન્ડિકેટને ભલામણ કરવી."

(નોંધ:- લૉની અભ્યાસસમિતિ, ફેકલ્ટી ઑફ લૉ, ઍકેડેમિક કાઉન્સિલ તથા સિન્ડિકેટની ભલામણો નીચે મુજબ છે:

લૉની અભ્યાસસમિતિની ભલામણ

"Resolved to recommend to the Syndicate to institute the Diploma in Labour Laws and Practice which will be open to Graduates in Law only. The course should be of one year's duration of two terms. The above diploma will be granted after passing in the examination to be held by the University annually.

Resolved further that it be recommended to the Syndicate to institute a Diploma in: Taxation Laws and Practice in this University which may be open to Graduates in Commerce and Law only.

The course will be of one year's duration of two terms. The diploma may be granted after passing the examination to be held by the University annually."

ફૅકલ્ટી ઑફ લૉની ભલામણ

"Resolved to recommend to the Syndicate to institute the Diploma in Labour Laws and Practice which will be open to Graduates in Law only. The course should be of one year's duration and of two terms. The above Diploma will be granted after passing in the examination to be held by the University annually.

Resolved further that it be recommended to the Syndicate to instieute a Diploma in Taxation Laws and Practice in the University which will be open to graduates in Commerce and Law only. The course will be of one year of two terms. The Diploma may be granted after passing the examination to be held by the University annually."

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર અભ્યાસક્રમ દાખલ કરવા માટે સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી."

સિન્ડિકેટની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ માન્ય કરવી તથા ફૅકલ્ટી ઑફ લૉની ભલામણ મુજબ મજકૂર અભ્યાસક્રમ દાખલ કરવા માટે સેનેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર બાબત લૉની અભ્યાસસમિતિ પર વિચારણા માટે મોકલી આપવી.

૩૯. આપણા સ્ટેટ્યુટ નં. ૨૩ મુંબઇ યુનિવર્સિટીના સ્ટેટ્યુટ ૫ અને ૭ મુજબ સુધારવા વિચારણા કરવા બાબત.

(નોંધ:– સ્ટે. ૨૩ નીચે મુજબ છે:

"S. 23. The Registrar shall give notice of the likely date of the meeting of the Senate six weeks before such date. A member of the Senate who intends to move a resolution or resolutions shall give notice thereof to the Registrar within 10 days of the date of the notice given by the Registrar."

મુંબઇ યુનિવર્સિટીના સ્ટેટ્યુટ ૫ અને ૭ નીચે મુજબ છે:

'S 5: No proposal, save as provided in S. 7 shall be entertained by the Senate that has not, in the first instance been considered by the Syndicate, or submitted for a period of at least 3 months for consideration by the Syndicate; provided

that when any proposal has been duly brought before the Senate, it shall be competent to the Senate to deal with all amendments or modifications thereof which it is otherwise competent to the Senate to entertain."

"S. 7: A meeting of the Senate shall be convened on the requisition of at least twenty members to the Vice-Chancellor. Any proposal, other than a proposal on which the Syndicate are required to take the opinion of the Academic Council or any other statutory body, brought before the Senate at such meeting may be enterained by the Senate, provided that notice of the same has been given to the Syndicate, notwithstanding that it has not been considered by the Syndicate, or submitted for a period of at least three months for consideration by the Syndicate as contemplated by S. 5."

આથી ઠરાવવામાં આવે છે કે મુંબઇ યુનિવર્સિટીના સ્ટેટ્યુટ ૫ અને ૭ આ યુનિવર્સિટીના સ્ટેટ્યુટ ૨૩–એ. અને ૨૩–બી તરીકે સ્વીકારવા માટે સેનેટને ભલામણ કરવી.

(સ્ટે. ૨૩–એ. અને ૨૩–બી. ની નકલ આ સાથે પરિશિષ્ટ "અ" તરીકે સામેલ છે.)

૪૦. સ્ટાફના સભ્યોને પ્રોવિડંટ ફંડમાંથી લોન આપવાની સત્તા હાલ સિન્ડિકેટની છે, તો વહીવટી સરળતા માટે તે સત્તા શ્રી. વાઇસ-ચાન્સેલરને આપવા અને તે પ્રમાણે સ્ટે. ૧૮૮ સુધારી નીચે પ્રમાણે રાખવા બાબત.

Loans to Subscribers

"S. 188: Advances from the amount standing to the credit of a subscriber on account of his own subscription may, at the discretion of the Vice-Chancellor, be granted to him in the case of the illness of the subscriber or of members of his family or for any other reason deemed sufficient by the Vice-Chancellor. Such loans shall be repaid at a rate of interest and in such number of instatments as may be fixed by the Vice-Chancellor in each case."

(નોંધ:– કર્ણાટક યુનિવર્સિટીએ તેમનો આ અંગેનો સ્ટેટ્યુટ ૧૫૭ ઉપર પ્રમાણે સુધારી શ્રી. વાઇસ-ચાન્સેલરને સત્તા આપી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે ઉપર પ્રમાણે સુધારેલો સ્ટે. ૧૮૮ મંજૂર કરવા સેનેટને ભલામણ કરવી.

૪૧. અભ્યાસક્રમમાં વારંવાર થતા ફેરફારને લીધે ઑર્ડિનન્સ અને રેગ્યુલેશન્સ ઇત્યાદિ વારંવાર ફેરવવા પડે છે અને તેથી હેન્ડબુક અપટુડેટ રહી શકતી નથી તેથી કોઇ પણ ઑથોરિટી પોતાના વિભાગના અભ્યાસક્રમમાં ફેરફાર કરે તો તે ૧૯૫૫ના જુન પહેલાં અમલી ન બને એવી રીતે ફેરફાર કરે એમ ઠરાવ કરવા વિચારણા કરવા બાબત.

(નોંધ:– છેલ્લાં બે વર્ષોથી કેટલીક બૉર્ડ્ઝ ઑફ સ્ટડીઝ અભ્યાસક્રમો બદલે છે અને તે બદલેલા અભ્યાસક્રમો નિયમ મુજબ જુદી જુદી ફૅકલ્ટી કે ઍકેડેમિક કાઉન્સિલ કે સિન્ડિકેટ સમક્ષ જાય અને પસાર થાય તે પહેલાં શરૂ કરવાનું સૂચન કરે છે અને તે પ્રમાણે કેટલાક કેસોમાં આવતું હોવાથી—

૧. કૉલેજમાં કયો અભ્યાસક્રમ આ વર્ષે ચલાવવાનો છે તે કેટલીકવાર સ્પષ્ટ હોતું નથી.

૨. બદલેલા અભ્યાસક્રમને લીધે કયા પાઠ્યપુસ્તકો કરવાનાં છે તેમાં પણ ગુંચવાડો ઉભો થાય છે અને પ્રશ્નપત્ર કાઢતી વખતે મુશ્કેલ પરિસ્થિતિ ઉભી થાય છે.

૩. આર્ટ્સ ફૅકલ્ટીમાં જેઓ બી.એ. માં એકસ્ટર્નલ તરીકે બેસવા ઇચ્છતા હોય છે તેમને ઇન્ટર થયા પછી ત્રણ વર્ષે પરીક્ષામાં બેસવા દેવામાં આવે છે. આવા વિદ્યાર્થીઓ જે વર્ષે ઇન્ટર થાય તે પછી ત્રીજે વર્ષે લેવાનારી પરીક્ષા માટેના અભ્યાસક્રમ પ્રમાણે તૈયારી કરવા માંડે છે અને તેઓ આવી તૈયારી કરે ત્યારબાદ અધવચથી કોર્સ ફેરવાય – દા.ત. પોલિટિકલ સાયન્સનો – ત્યારે તેઓ મુશ્કેલીમાં મુકાય છે એટલું જ નહિ પરંતુ જે વિદ્યાર્થીઓએ અભ્યાસક્રમ પૂછાવ્યો હોય છે તેઓને જે જવાબો આપેલા હોય છે તે જવાબો – અભ્યાસક્રમ બદલાય તો – બેરરસ્તે દોરવનારા નીવડે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સામાન્ય રીતે ૧૯૫૯ ના જૂન પહેલાં અભ્યાસક્રમમાં બનતા સુધી કશા ફેરફાર કરવા નહિ એમ ઍકેડેમિક કાઉન્સિલને જણાવવું.

૪૨. બનારસ-યુનિવર્સિટી ઍક્ટ ઑફ ઇન્ડિયાની વોલ્ટેર ખાતે જાન્યુઆરી ૧૯૫૩ માં મળેલી બેઠકનો ઠરાવ નં. XI (1) સિન્ડિકેટના ઠરાવ અનુસાર બી. જે. મેડિકલ કૉલેજ તથા વી. એસ. જનરલ હૉસ્પિટલ તરફ ઘટતાં પગલાં લેવા માટે મોકલવામાં આવેલો તેના જવાબમાં બી. જે. મેડિકલ કૉલેજના પ્રિન્સિપલ તરફથી આવેલ પત્ર:

(નોંધ:–૧. વી. એસ. જનરલ હૉસ્પિટલમાંથી આવેલો તા. ૧૬ ડિસેમ્બર ૧૯૫૩ નો જવાબ નીચે મુજબ છે:

"I have to inform you that the suggestions have been noted and will be put into force as per instructions."

૨. બી. જે. મેડિકલ કૉલેજ અંગે જવાબનો ટૂંક ભાગ નીચે આપ્યો છે:

"Proposal.....is approved subject to the conditions (1) screening is done not in all.....but in case of only those who are not well-to-do. (2) Prescribed fee is recovered from latter type of patients. Regarding screening of all students the proposal is approved.")

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર બાબતની નોંધ લેવી.

૪૩. જાન્યુઆરી ૧૯૫૬ માં અલીગઢ ખાતે ભરાયેલી ઇન્ટર-યુનિવર્સિટી બૉર્ડ ઑફ ઇન્ડિયાની ૩૧મી વાર્ષિક બેઠકમાં થયેલા ઠરાવ નં. II (7), VI (3), VII (2), XI (3) and XII (1) (b) ઉપર આ યુનિવર્સિટીએ ઘટતાં પગલાં લેવા બાબતના મજકૂર બૉર્ડના સેક્રેટરી તરફથી આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ:- ઠરાવ II (7) યુનિવર્સિટીના એન્થ્રોપોલૉજીના અભ્યાસના કોઑર્ડિનેશન અંગેનો અને જરૂર જણાય ત્યાં રિસર્ચનાં સ્થળોએ એન્થ્રોપોલૉજીમાં Symposia ભરવા અંગેનો છે. આપણે ત્યાં યુનિવર્સિટી લેવલે એન્થ્રોપોલૉજીના અભ્યાસ માટે સગવડ નથી.

ઠરાવ VI (3) ટ્રાન્સફર સર્ટિફીકેટ કાઢી આપવાની જરૂરિયાતો પૂરી પાડવા અને એટેન્ડન્સ સર્ટિફીકેટ માગવા અંગેનો શિરસ્તો કાઢી નાખવા અંગેનો છે.

ઠરાવ VII (2) યુનિવર્સિટીમાંથી બીજી યુનિવર્સિટીમાં જતા વિદ્યાર્થીઓને માઇગ્રેશન સર્ટિફીકેટ પહેલા સત્રના અંત પહેલાં આપવા અંગે છે.

ઠરાવ XI (3) પરીક્ષાનાં પરિણામો અંગે ડિવિઝનના વિભાગીકરણ અંગે છે. આ ઠરાવ અંગે ઍકેડેમિક કાઉન્સિલે ઠરાવ્યું છે કે આ બાબતમાં યુનિવર્સિટીને લાગેવળગે છે ત્યાં સુધી હાલને તબક્કે કશો ફેરફાર કરવાની જરૂર જણાતી નથી એમ સિન્ડિકેટને રિપોર્ટ કરવો.

ઠરાવ XI (1) (b) યુનિવર્સિટીઓમાંની ઓરિએન્ટલ લર્નિંગને લગતી ફૅકલ્ટી વડે ઓરિએન્ટલ સ્ટડીઝના શિક્ષણનું નિયમન કરવા તેમ જ આવી ફૅકલ્ટી જે યુનિવર્સિટીમાં ન હોય ત્યાં તે ખોલવા અંગેનો છે. આપણે ત્યાં આવી ફૅકલ્ટી નથી.

આથી ઠરાવવામાં આવે છે કે ઇન્ટર-યુનિવર્સિટી બૉર્ડને નીચે પ્રમાણે જણાવવું:

૧. ઠરાવ II (7) : આ યુનિવર્સિટીમાં એન્થ્રોપોલૉજી શીખવવાનો પ્રબંધ નહિ હોવાથી હાલને તબક્કે આ બાબતમાં કશું થઇ શકે તેમ નથી.

૨. અને ૩. ઠરાવ VI (3) અને ઠરાવ VII (2) :

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબત પરત્વે આપણા નવા ઘડેલા ઑર્ડિનન્સની નકલ ઇન્ટર-યુનિવર્સિટી બૉર્ડને જાણ સારૂ મોકલી આપવી.

૪. ઠરાવ XI (3) : આ યુનિવર્સિટીને લાગેવળગે છે ત્યાં સુધી પરીક્ષાના વિભાગીકરણની હાલની પદ્ધતિમાં કશો ફેરફાર કરવાની જરૂર જણાતી નથી.

૫. ઠરાવ XI (1)(b) : ઓરિએન્ટલ લર્નિંગને લગતી નવી અલગ ફૅકલ્ટી રચવાનું શકય નથી.

૪૪. "Teaching of Anthropology in Universities" અંગે ઇન્ટર-યુનિવર્સિટી બૉર્ડ ઑફ ઇન્ડિયા તરફથી આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ:- એન્થ્રોપોલૉજીના શિક્ષણનું ધોરણ સુધારવા અંગે આ યુનિવર્સિટીના વિચારો અને કોઈ યોજના વિચારાઈ હોય તેા તે મોકલી આપવા અંગે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે એન્થ્રોપોલૉજીના શિક્ષણ અંગે આ યુનિવર્સિટીમાં કશો પ્રબંધ ન હોવાથી આ બાબતમાં આપણે કશું કરવાપણું રહેતું નથી એમ ઇન્ટર-યુનિવર્સિટી બૉર્ડને જણાવવું.

૪૫. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન, ન્યૂ દિલ્હી તરફથી "Measures for promoting discipline amongst students" એ વિષે આવેલા પત્ર બાબત સિન્ડિકેટે નીચે પ્રમાણે ઠરાવ કર્યો છે તે અંગે યોજના રજૂ કરવા વિષે.

સિન્ડિકેટનેા ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે વિદ્યાર્થીઓની શિસ્ત અંગે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને કરેલાં સૂચનોનેા સૈદ્ધાંતિક સ્વીકાર કરવેા."

આથી ઠરાવવામાં આવે છે કે વિદ્યાર્થીઓમાં શિસ્તની ભાવનાના વિકાસ માટે વિગતવાર યેાજના ઘડીને સુપ્રત કરવા માટે નીચેના સભ્યેાની સમિતિ રચવી તથા તે સમિતિને પેાતાનેા હેવાલ જેમ બને તેમ જલ્દીથી સુપ્રત કરવા જણાવવું:

૧. પ્રિન્સિપલ એસ. વી. દેસાઈ
૨. પ્રિન્સિપલ એલ. આર. દેસાઈ
૩. શ્રી. બિહારીલાલ પેા. શાહ
૪. ડૉ. વામ. જી. નાયક
૫. શ્રી. ડી. જે. જોષી
૬. પ્રિન્સિપલ કે એલ. દેસાઇ
૭. પ્રિન્સિપલ જે બી. સાંણ્ડિલ
૮. શ્રી. રણજિતરાય શાસ્ત્રી.

૪૬. "Setting up the Hobby Workshop in the Universities" બાબત અંગે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી આવેલો પત્ર કૉલેજોને પરિપત્રિત કરતાં આવેલા જવાબો તપાસી જઇ યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનને મોકલવા યોગ્ય યોજના રજૂ કરવા માટે સિન્ડિકેટે નીમેલા પ્રિન્સિપલ જી. એસ. દેસાઇ અને પ્રિન્સિપલ અઈયાની બનેલી સમિતિનો રિપોર્ટ.

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર બાબત સિન્ડિકેટની હવે પછીની સભામાં વિચારણા માટે રજૂ કરવી.

(નોંધ:- દરમિયાન પ્રિન્સિપલ એલ. આર. દેસાઇને સમિતિના હવાલનો અભ્યાસ કરવા માટે જરૂરી કાગળો કાર્યાલયે મોકલી આપવાના છે.)

૪૭. હિંદ સરકારે બેઝીક એજ્યુકેશન અંગે નીમેલી એસેસમેન્ટ કમિટીના રિપોર્ટમાંની નીચેની ભલામણો નં. ૩૪, ૩૫ અને ૩૬ ઉપર આ યુનિવર્સિટીનો અભિપ્રાય મોકલી આપવા અંગે મુંબઇ સરકારના ડાયરેક્ટર ઑફ એજ્યુકેશન તરફથી આવેલ પત્ર.

34. At a time when the Central and State Governments intend to go a head with Basic Education, it would not do for our Universities to stand aloof. So far the Universities have not taken kindly to Basic Education. But at the four important points of Assessment, teachers' training, dovetailing of Basic Education with higher Education and Research, the Universities can make a valuable contribution. Centr. I and State Governments must, therefore, take up the matter with the Universities to help at these points and particularly in regard to the establishment and recognition of Postgraduate Basic Teachers' Training Colleges.

35. It will presently become necessary for Universities to recognise Post-Ba ic Education for purposes of admitting pupils passing out of Post-Basic Schools into Colleges.

36. Provision will have to be made for the affiliation of Postgraduate Basic Training Colleges to Universities.

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર બાબત પ્રિન્સિપલ એલ. આર. દેસાઈ તથા શ્રી. ઝીણાભાઇ દેસાઇના અભિપ્રાય સાથે ફરીથી રજૂ કરવી.

૪૮. જુન ૧૯૫૬ માં ભરાયેલી સેનેટની વાર્ષિક સભામાં થયેલી ચર્ચા ઉપરથી ઉપસ્થિત થતા નીચેના મુદ્દા અંગેનાં સભ્યોનાં સૂચનો ઉપર વિચારણા કરવા બાબત.

૧. શિક્ષણના ધોરણમાં સુધારા

૨. પરીક્ષા

૩. વાક્યપુરસ્તકો, પરિભાષા, પ્રેસ અને પ્રકાશનો

૪. શારીરિક તપાસ

૫. અભ્યાસેતર પ્રવૃત્તિઓ

૬. પ્રકીર્ણ.

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર પ્રશ્નો પરત્વે જરૂરી ભલામણો કરવા માટે નીચે જણાવેલા સભ્યોની એક સમિતિ નીમવીઃ

અધ્યક્ષ ફૅકલ્ટીઓના ડીન

ડૉ. એમ. ડી. પટેલ

પ્રિન્સિપલ એસ. આર. ભટ્ટ

શ્રી. પી. જી. શાહ

ડૉ. એ. એમ. ત્રિવેદી

૪૯. ઉત્તર ગુજરાત તરફ વસી આવતા કચ્છના રણને રોકવા તેમ જ સદરહુ પ્રદેશમાં વરસાદનો વધારો થાય એ અંગે યોગ્ય પગલાં લેવા બાબત નિમાયેલી સમિતિનું કામકાજ આગળ ચાલુ રાખવા અંગે ડૉ. એ. એમ. ત્રિવેદીનાં આવેલાં નીચેનાં સૂચનો ઉપર વિચારણા કરવા બાબત.

૧. આ કામ અંગે ઓછામાં ઓછી રૂા. ૨,૦૦૦ ની ટ્રાવેલિંગ ગ્રાન્ટ અથવા એક વર્ષના રૂા. ૧,૭૦૦ પ્રમાણે આપવા.

૨. હવે પછીની યોજના માટે રિસર્ચ વર્કર્સને ત્રણ સેકન્ડ ક્લાસ ટી.એ. અને ૧ દિવસના રૂા. ૫ લેખે હૉલ્ટીંગ એલાવન્સ આપવું. કેમિસ્ટ્રીના પ્રોફેસર અથવા ડૉ. રામનાથનને યુનિવર્સિટીના નિયમો પ્રમાણે ટી.એ. આપવું.

૩. આ બાબત બહુ જ વ્યવહારિક ઉપયોગની હોવાથી આ બાબત અંગેના શ્રી. આર. કે. શાહે લખેલા મહાનિબંધની ૬૦૦ જેટલી કૉપીઓ યુનિવર્સિટીએ પ્રસિદ્ધ કરાવવી.

(નોંધઃ– ડૉ. ત્રિવેદી જણાવે છે કે "અલ્કલી સોઇલ" ના અભ્યાસ અંગેની બાબતો જુદી જુદી ત્રણ જગ્યાએ છપાઇ છે. ડૉ. ત્રિવેદી વધુમાં જણાવે છે કે તેમણે સેન્ટ્રલ બૉર્ડ ઑફ જીયો-ફિઝિકસને મોકલાવેલી યોજના બૉર્ડે આર્થિક મદદ માટે સલાહ કરીને કાઉન્સિલ ઑફ સાયન્ટીફિક ઍન્ડ ઇન્ડસ્ટ્રીયલ રિસર્ચને મોકલી આપી છે પણ કાંઇ જવાબ નથી. આ સંસ્થાઓ સમક્ષ ફરીથી ગુજરાત યુનિવર્સિટી મારફતે યોજના મોકલાવી છે. જો આ યોજના મધ્યસ્થ સરકાર સ્વીકારશે તો યુનિવર્સિટી પાસેથી લીધેલી અને ખર્ચેલી રકમ રિફન્ડ કરવામાં આવશે. ડૉ. ત્રિવેદીએ આ અંગેનો પત્રવ્યવહાર પણ આ સાથે મોકલાવ્યો છે.)

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૫૦. નવી સેનેટ હયાતિમાં આવી ત્યાર પછી તેના સભ્યોમાં થયેલા ફેરફાર કયી કયી ચોક્કસ તારીખોથી અમલમાં આવ્યા તે અંગે અને સેનેટના સભ્યોને તે ફરીથી પરિપત્રિત કરવાના સૂચન અંગે શ્રી. એ. એમ. નાયક તરફથી આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સેનેટના સભ્યોની યાદીમાં ફેરફાર થયાની કાર્યાલયને જાણ થઇ એટલે બનતી ત્વરાએ કાર્યાલયે આ બાબત સેનેટના સૌ સભ્યોને પરિપત્રિત કરવી.

૫૧. યુનિવર્સિટી ક્રેસ્ટ અંગે કોઇ નોંધ હોય તો મોકલવા બાબતનો હિંદ સરકારના કેળવણી ખાતાના સેક્રેટરી તરફથી આવેલો પત્ર.

(નોંધ:- આપણી યુનિવર્સિટીના "ક્રેસ્ટ" અંગે શ્રી. રજિસ્ટ્રારે નીચે મુજબ નોંધનો મુસદ્દો તૈયાર કર્યો છે:

A Note on the Crest of the University

The Crest of the Gujarat University prepared after thoughtful consideration by the University symbolically represents both the cultural heritage of Gujarat and the characteristics and aspirations of her people. The most prominent symbols are the dancing peacock and the sculptural arch resting on two pillars and a lamp suspended from its centre. The dancing peacock, besides representing her rider Saraswati, the Goddess of Learning in Indian Mythology symbolises Gujarat's love for art and her dignified aesthetic taste. The arch represents the most characteristics feature of Gujarat's sculpture and is eloquent of her rich heritage; while the two pillars symbolise the solid foundation on which this heritage rests. The lamp suspended from the centre of the arch is a symbol of learning that dispels the darkness of ignorance and enlightens everything that it encompasses. The lightning at the top of the rectangle and the atomic circles below it symbolise at once the flash of genius and the scientific progress and proclaim the avowed ambition of the University to build and maintain a balanced outlook towards Arts and Sciences as indeed towards the life in general.

The motto योगः कर्मसु कौशलम् is a wellknown quotation from the Bhagwad Geeta and enjoins on the teachers and the students of the University work, more work and intelligent work, for that alone leads to efficiency and progress.)

આથી ઠરાવવામાં આવે છે કે "prepared after thoughtful consideration by the University" એ શબ્દો કાઢી નાખીને શ્રી. રજિસ્ટ્રારે તૈયાર કરેલી નોંધ મંજૂર કરવી.

૫૨. એનેરોબીનું પુસ્તક ગુજરાતીમાં લખવા માટે ડૉ. પી. એમ. મહેતા, મુંબઇને ચીફ એડિટર તરીકે નીમ્યા છે અને તેમણે ડૉ. કે. કે. ભટ્ટ તથા ડૉ. એચ. જે. મહેતાની

મદદથી અને પ્રિન્સિપલ જી. વી. અર્વે તથા જામનગર મેડિકલ કૉલેજના એનેટોમીના પ્રોફેસરોનાં સલાહસૂચનો લઇ કામ કરવાનું છે. તો સિન્ડિકેટે આ અંગે જે મહેનતાણું ઠરાવ્યું છે તેની વહેંચણી કેવી રીતે કરવી તે તથા કરારની શરતો નક્કી કરવા બાબત.

નોંધ:- ૧૬ પેજી ક્રાઉન સાઇઝ પુસ્તક માટે પાનાદીઠ રૂા. ૧૦નું મહેનતાણું સિન્ડિકેટે ઠરાવ્યું છે. મહેનતાણાનો પ્રશ્ન એનેટોમી સિવાય બીજાં પુસ્તકો અંગે પણ વિચારવાનો છે.

નોંધ ૨:- આના સંદર્ભમાં ડૉ. પી. એમ. મહેતાનો પત્ર આવેલો છે, જેમાં નીચે પ્રમાણેના મુદ્દા સ્પષ્ટ કરવા વિનંતી કરે છે:

"I request you to make all following points clear:

1. We want main substance of Gray's Anatomy or exact Gujarati translation. In the latter case, we shall have to obtain permission of the publishers of Gray's Anatomy.

2. There are 1235 figures and 32 X-Ray plates in Gray's Anatomy. There are 1532 pages in it. If we write exact translation, there may be few more pages. If we write main substance, there may be less pages.

3. We are 3 editors and we have to work under the guidance of 2 Professors, and we study in different places. It will be better if you arrange for all of us (five) to meet for about 3 to 4 hours in Ahmedabad on one particular day to settle the whole programme.

4. If the book is to be printed in Bombay, Karnatak Press will be better as they have few blocks for Anatomy. Few more blocks, we may get from the Registrar of Nursing Council of Bombay. I got these blocks when I published a book in Anatomy in Gujarati language in June 1940.")

અને

૫૩. સિન્ડિકેટના ઠરાવ અનુસાર ડૉ. કે. કે. ભટ્ટ અને ડૉ. એચ. જે. મહેતાની મદદ વડે ગુજરાતીમાં એનેટોમી ઉપર પાઠ્યપુસ્તક લખવા માટે કામ કરવા ડૉ. પી. એમ. મહેતાને ચીફ એડિટર તરીકે નીમ્યા છે, પરંતુ આ બાબતમાં ચીફ એડિટર નીમવા બાબતમાં પોઝીશન, ક્વોલિફિકેશન્સ અને એનેટોમીના શિક્ષણના પ્રવાહોમાં પરદેશી તેમજ આપણી વિદ્યાપીઠોના અનુભવને ભૂલી જવામાં આવ્યો છે, તેથી પોતાના કરતાં ઓછી લાયકાતવાળા માણસ સાથે કામ કરવા અશક્ત છે એમ જણાવીને આ બાબત ઉપર પુનર્વિચારણા કરવા માટે શ્રી. કે. કે. ભટ્ટ તરફથી આવેલ પત્ર.

(નોંધ:- શ્રી. કે. કે. ભટ્ટ તેમના પત્રમાં જણાવે છે કે જ્યાં સુધી આ બાબતમાં પુનર્વિચારણા ન થાય ત્યાં સુધી પોતે આ કામ હાથમાં લઈ શકે તેમ નથી.)

આથી ઠરાવવામાં આવે છે કે એનેટોમીનું પુસ્તક તૈયાર કરવાનો વિચાર માંડી વાળવો

૫૪. યુનિવર્સિટી પ્રેસ અંગેના અંદાજી ખર્ચ નક્કી કરવા બાબત.

(નોંધ:- મજકૂર આઇટેમ તા. ૨૬-૧૧-૧૯૫૫ના રોજ મળેલી સિન્ડિકેટની સમક્ષ મૂકવામાં આવી હતી, જેમાં આ બાબત અગ્રોક્રમ મુદ્દત સુધી મુલતવી રાખવી એમ ઠરાવવામાં આવ્યું હતું.)

આથી ઠરાવવામાં આવે છે કે આ યુનિવર્સિટી પોતાનું છાપખાનું સ્થાપવા ઇચ્છા ધરાવે છે અને તે માટે કાર્યાલયે જેમ બને તેમ જલ્દી પગલાં લેવાં.

૫૫. શ્રી. વાડીલાલ લલ્લુભાઇ તરફથી 'શેઠ ચિનુભાઇ લલ્લુભાઇ મહેતા ગોલ્ડ મેડલ ફોર સ્ટુડન્ટ્સ" એ નામનો સુવર્ણચંદ્રક આપવા અંગે રૂા. ૧૦,૦૦૧ની સખાવતનો સિન્ડિકેટે સ્વીકાર કરેલો હોવાથી તેને કેવી રીતે આપવો તે રોટેશન (rotation) નક્કી કરવા બાબત.

(નોંધ:- તા. ૧૪-૭-૧૯૫૬ની સભામાં સિન્ડિકેટે આ દેણગીનો સ્વીકાર કર્યો છે. આ દેણગીની શરત એવી છે કે એમ.એ. ના રોટેશન પ્રમાણે નિયત કરેલા વિષયમાં ૬૨ સાલ સુવર્ણચંદ્રક આપવો.)

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબત કાર્યાલયની નોંધ સાથે ફરીથી રજૂ કરવી.

૫૬. સિન્ડિકેટે મંજૂર કરેલી નીચેની ત્રણ સખાવતો અંગેના આખરી નિયમોનો ખરડો મંજૂર કરવા બાબત.

૧. "સ્વ. ગજેન્દ્ર કનૈયાલાલ દેસાઇ સુવર્ણચંદ્રક" સખાવત

૨. "શ્રીમતી વિદ્યાગૌરી નીલકંઠ સુવર્ણચંદ્રક" સખાવત

૩. "ડૉ. મોતીભાઇ ડી. પટેલ સુવર્ણચંદ્રક" સખાવત.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરની ત્રણે સખાવતોના કાર્યાલયે ઘડેલા નિયમો મંજૂર કરવા.

(નિયમોની નકલ પરિશિષ્ટ "ઘ" તરીકે સામેલ છે.)

૫૭. યુનિવર્સિટી સ્કૂલ ઑફ સોશિયલ સાયન્સીઝ, અમદાવાદના ટીચીંગ સ્ટાફની બાકી નોન-ટીચીંગ સ્ટાફના સભ્યોને પણ કેઝ્યુઅલ રજા શૈક્ષણિક વર્ષ પ્રમાણે એટલે તા. ૧લી જુલાઇથી બીજા વર્ષની ૩૦મી જુન સુધીનું એક વર્ષ ગણી આપવા વિચારણા કરવા બાબત.

(નોંધ:- યુનિવર્સિટીની બંને સ્કૂલોમાં એકસરખા નિયમો લાગુ પાડવા ઇચ્છનીય છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સમાજવિદ્યાભવનના ડિરેક્ટરની મજકૂર વિનંતી માન્ય કરવી નહિ.

૫૮ સિન્ડિકેટે યુનિવર્સિટી ટીચીંગ સ્ટાફ અંગેના રજાના નિયમો મંજૂર કરેલા છે, પરંતુ તે રજાઓ કોણ મંજૂર કરે તેનો કોઇ ઉલ્લેખ નિયમોમાં નથી, તો તે નક્કી કરવા બાબત.

(નોંધઃ- આ અંગે કાર્યાલયનું સૂચન નીચે પ્રમાણે છેઃ

"રીડર્સ, લેકચરર્સ, ડેમોન્સ્ટ્રેટર્સ, વગેરેની કેઝ્યુઅલ તથા સિક લીવ મંજૂર કરવાની સત્તા ડાયરેકટરોને આપવી તથા તમામ પ્રકારની ડાયરેકટરોની લીવ તથા તમામ કક્ષાના શિક્ષકોની સ્ટડી લીવ મંજૂર કરવાની સત્તા ઉપકુલપતિશ્રીની રહે.")

આથી ઠરાવવામાં આવે છે કે ટીચીંગ સ્ટાફને રજા આપવા માટે નીચે પ્રમાણે વ્યવસ્થા કરવીઃ

૧. રીડર્સ, લેકચરર્સ, ડેમોન્સ્ટ્રેટર્સ, વગેરે સ્ટાફની આકસ્મિક તથા માંદગીની રજા મંજૂર કરવાની સત્તા જે તે સ્કૂલના ડિરેકટરને આપવી;

૨. ડિરેકટરોની આકસ્મિક તથા માંદગીની રજા મંજૂર કરવાની સત્તા ઉપકુલપતિશ્રીને આપવી; અને

૩. તમામ કક્ષાના સભ્યોની અભ્યાસ માટેની રજા (Study Leave) મંજૂર કરવાની સત્તા સિન્ડિકેટની રહેશે.

૫૯. નીચે જણાવેલ સ્ટાફના સભ્યનાં નામ સામે જણાવેલ તારીખે તેમનું નોકરીનું એક વર્ષ પૂરૂં થયેલું હોવાથી તેમને તે તારીખથી કાયમ કરવા બાબત.

	નામ	તારીખ
૧.	શ્રીમતી બી. એસ. દેસાઈ	તા. ૧૭-૧૦-૧૯૫૬
૨.	શ્રી. ડી. એન. પંચાસરા	તા. ૧-૧૧-૧૯૫૬
૩.	શ્રી. વી. બી. શાહ	તા. ૧-૧૧-૧૯૫૬
૪.	શ્રી. કે. પી. પટેલ	તા. ૧-૧૧-૧૯૫૬
૫.	શ્રી. ટી. સી. દેસાઈ	તા. ૧૭-૧૧-૧૯૫૬

આથી ઠરાવવામાં આવે છે કે હવેથી કાર્યાલયના સભ્યોને કાયમ કરવા માટેના પ્રસ્તાવ શ્રી. રજિસ્ટ્રારની લેખિત ખાનગી ભલામણ સાથે રજૂ કરવા તથા એ ભલામણ કરવા માટે જે કેસોમાં જરૂર જણાય તે કેસોમાં લાગતાવળગતા ઉપરીઅધિકારીનો લેખિત રિપોર્ટ શ્રી. રજિસ્ટ્રારે મંગાવવો તથા આ ઠરાવમાં નિર્દેશેલી પદ્ધતિ અનુસાર લેખિત ભલામણો સાથે આ બાબત ફરીથી રજૂ કરવી.

(નોંધઃ- શ્રી. રજિસ્ટ્રારની લેખિત ભલામણ કાર્યસૂચિ કે કાર્યનોંધમાં સામેલ કરવી નહિ.)

૬૦. ગુજરાતી ભાષા-સાહિત્યભવનમાં પટાવાળા તરીકે નોકરી કરતા શ્રી. એચ. જે. ભટ્ટ નોકરીમાંથી રાજીનામું આપી છૂટા થયેલા હોવાથી તેમને ખાતે જમા થયેલ તેમની પ્રોવિડંટ ફંડના ફાળાની રકમ પરત કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. એચ. જે. ભટ્ટને તેમના ખાતે જમા થયેલ પ્રોવિડંટ ફંડની રકમ પરત કરવી.

૬૧. પોતાનાં ઘરડાં માની માંદગી અંગે દવા વગેરેના ખર્ચને પહોંચી વળવા પટાવાળા શ્રી. વિઠ્ઠલદાસ એસ. પટેલને તેમના ખાતે જમા થયેલ પ્રોવિડંટ ફંડના ફાળામાંથી રૂા. ૫૭૫ની લોન ઉપકુલપતિશ્રીની ગેરહાજરીમાં આપવામાં આવેલી સત્તાની રૂએ સિન્ડિકેટની બહાલીની અપેક્ષાએ શ્રી. રજિસ્ટ્રારે મંજૂર કર્યાના કાર્યને બહાલી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. રજિસ્ટ્રારના કાર્યને બહાલી આપવી.

૬૨. માર્ચ-એપ્રિલ ૧૯૫૬ના વર્ષમાં લેવાયેલી મેથેમેટિકસની જુદી જુદી પરીક્ષાના પરીક્ષકો તરફથી આવેલા રિપોર્ટો ઉપર વિચારણા કરતી વખતે મેથેમેટિકસની અભ્યાસ-સમિતિએ પસાર કરેલા નીચેના ઠરાવ ઉપર વિચારણા કરવા બાબત.

ઠરાવ

"Arising from the discussions regarding errors found in the B.Sc. Maths. papers for the last few years, the Board feels that this happens because the paper-setters coming from outside are in a hurry to return and as such the required attention to accuracy of details is sometimes not possible specially when something like 80-90 manuscripts are to be submitted. The Board recommends that in such cases it is desirable that paper-setters be paid halting allowance at Rs. 7/8/- a day in those cases where more than 50 manuscripts have to be submitted for a particular examination."

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર બાબત પરીક્ષા અંગેની સ્થાયી સમિતિને વિચારણા માટે મોકલી આપવી.

૬૩. ઇકોનોમિકસની અભ્યાસસમિતિએ પસાર કરેલા નીચેના ઠરાવ ઉપર વિચારણા કરવા બાબત.

'Resolved that the members of the Board of Studies in Economics do not appreciate the present practice of the University Office circulating the list of the members of this Board to various publishers and request the Syndicate to discontinue this practice forthwith."

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર અભ્યાસસમિતિની વિનંતી માન્ય કરવી.

૬૪. ફોરેન યુનિવર્સિટીઝ ઇન્ફર્મેશન બ્યુરોની મુદત પૂરી થતી હોવાથી મજકૂર બ્યુરો ઉપર સભ્યો નીમવા બાબત.

(નોંધ:– આ અંગેના ઑર્ડિનન્સ નં. ૪૧ અને ૪૨ નીચે મુજબ છે:

O. 41 : "The Bureau shall consist of the Vice-Chancellor, the Rector, if any, and other members appointed by the Syndicate at the rate of one to represent each Faculty. The Vice-Chancellor, or in his absence the Rector shall be the Chairman of the Bureau."

O. 42 : "The term of office of a member of the Bureau shall be three years, and the Syndicate shall have the power to make appointments to fill up temporary vacancies caused by death, resignation or from other cause whatsoever. A member on retirement shall be eligible for reappointment.")

હાલમાં મજકૂર બ્યુરો ઉપર નીચેના સભ્યો છે:

ફૅકલ્ટી

૧. શ્રી. વાઇસ-ચાન્સેલર
૨. પ્રિન્સિપલ કે. એલ. દેસાઇ આર્ટ્સ ઇન્કલ્યુડીંગ એજ્યુકેશન
૩. પ્રિન્સિપલ ડૉ. કે. જી. નાયક સાયન્સ
૪. ખાલી ટેકનોલૉજી ઇન્કલ્યુડીંગ ઍન્જિનિયરીંગ
૫. પ્રિન્સિપલ ડૉ. એમ. ડી. પટેલ એગ્રિકલ્ચર
૬. શ્રી. એચ પી. શુકલ લૉ
૭. પ્રિન્સિ. ડૉ. આર. પી. પટેલ મેડિસિન
૮. પ્રિન્સિપલ એસ. વી દેસાઇ કૉમર્સ
૯. પ્રિન્સિપલ વી. વી વૈદ્ય આયુર્વેદિક મેડિસિન)

આથી ઠરાવવામાં આવે છે કે ફોરેન યુનિવર્સિટીઝ ઇન્ફર્મેશન બ્યુરો પર નીચે પ્રમાણે સભ્યોની નિમણૂક કરવી:

૧. શ્રી. વાઇસ-ચાન્સેલર
૨. પ્રિન્સિપલ એસ. આર. ભટ્ટ
૩. ડૉ. એ. એમ. ત્રિવેદી
૪. પ્રિન્સિપલ ચંદ્રશેખર અઈયા
૫. શ્રી હિંમતલાલ પી. શુકલ
૬. પ્રિન્સિપલ ડૉ. જી. વી. ખર્વે

૭. પ્રિન્સિપલ એસ. વી. દેસાઇ

૮. શ્રી. વલ્લભરામ વૈદ્ય.

(નોંધઃ- બ્યૂરોના હાલના સભ્યોની મુદત તા. ૪-૩-૧૯૫૭ના રોજ પૂરી થાય છે.)

૬૫. ઉપકુલપતિશ્રીનો બંગલો જુન માસમાં તૈયાર થઇ જશે તેવી ધારણાથી તેમનાં માટેના મકાનભાડા વગેરે અર્થે માટેની ૧૯૫૬-૫૭ના અંદાજપત્રકમાં જોગવાઇ રાખવામાં આવી હતી, પરંતુ બંગલો હુમણાં જ તૈયાર થયો હોઇ છ માસના ભાડા વગેરેના અર્થના રૂા. ૨,૦૦૦ની આ પરત્વે જોગવાઇ કરવા ઠરાવ કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપકુલપતિશ્રીના બંગલાના ભાડા માટે રૂા. ૨,૦૦૦ ના અર્થને મંજૂર કરવો.

૬૬. પરીક્ષાઓના જવાબપત્રોની છપામણી માટે ૧૯૫૬-૫૭ના વર્ષ દરમિયાન રૂા. ૧૬,૦૦૦ની તે વર્ષ માટેના અંદાજપત્રકમાં જોગવાઇ છે, પરંતુ એકસ્ટર્નલ વિદ્યાર્થીઓની સંખ્યા વધી હોઇ તથા ઇન્ટર આર્ટ્સ, સાયન્સ અને કૉમર્સની પરીક્ષાઓ ઑકટોબરમાં લેવાનું થવાથી આ બાબત વધુ ખર્ચ થાય તેમ છે તો તે માટે કુલ રૂા. ૨૧,૦૦૦ એટલે કે રૂા. ૪,૦૦૦ વધુની જોગવાઇ કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે પરીક્ષાઓના ઉત્તરપત્રોની છપામણી માટે રૂા. ૪,૦૦૦ ના વધારાનો ખર્ચ મંજૂર કરવો.

૬૭. જુની સિન્ડિકેટના ત્રણ સભ્યોઃ ૧. શ્રી. એમ. પી. દેસાઇ, ૨. શ્રી. બી આર. શેનોય અને ૩. પ્રિન્સિપલ ડૉ. આર. પી. પટેલ જેઓને ચેકો ઉપર સહીઓ કરવાની સત્તા અપાયેલી હતી તેઓ નવી સિન્ડિકેટના સભ્યો ન હોવાથી તેઓની જગ્યાએ બીજા ત્રણ સભ્યોની નિમણૂક કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે પ્રિન્સિપલ ડા. આર. પી. પટેલ, શ્રી. બી. આર. શેનોય અને શ્રી. મગનભાઇ પ્ર. દેસાઇ સિન્ડિકેટના સભ્યો તરીકે ચાલુ ન રહેવાને લીધે તેમની જગાએ અનુક્રમે શ્રી. ઉમાશંકર જે. જોષી, ૨. શ્રી. એલ. આર. દેસાઈ અને શ્રી. એસ. વી. દેસાઇને સ્ટેટ બેન્ક ઑફ ઇન્ડિયા સાથેના નીચેનાં ચાલુ ખાતાંઓના ચેકસ ઉપર સહી કરવા માટેની સત્તા આપવી અને આ અંગેની બેન્કને જાણ કરવીઃ

૧. ગુજરાત યુનિવર્સિટી ફંડ એકાઉન્ટ

૨. ગુજરાત યુનિવર્સિટી બિલ્ડીંગ એકાઉન્ટ

૩. ગુજરાત યુનિવર્સિટી ઇયર માર્કડ ફંડ એકાઉન્ટ.

૬૮. અનુસ્નાતક શિક્ષણ માટેનાં ઘણાં કેન્દ્રો તરફથી કોઑર્ડિનેશન સ્કીમના જુના નિયમો પ્રમાણેના શિક્ષકોને ઓનોરેરિયમ આપવાનાં બિલો આવેલાં હોવાથી તે અંગેનું પેમેન્ટ પહેલા સત્ર માટે કરવા બાબત વિચારણા કરવા બાબત.

(નોંધ:- અનુસ્નાતક શિક્ષણના કોઓર્ડિનેશનની મૂળ યોજના મુજબ યુનિવર્સિટીએ અનુસ્નાતક શિક્ષણ માટેનાં કેન્દ્રને માન્ય શિક્ષક માટે રૂા. ૧૫-૦-૦ વ્યાખ્યાન મુજબ અને સહાયકને રૂા. ૧૦-૦-૦ વ્યાખ્યાન મુજબ સબ્સીડી આપવાની જોગવાઈ હતી. ઉપરાંત આ રકમમાંથી દરેક કેન્દ્રે એક વ્યાખ્યાનકર્તાને રૂા. ૧૫-૦-૦ દરેક સત્રદીઠ વધુમાં વધુ આપવા એમ ઠરાવેલું હતું. ત્યારબાદ સિન્ડિકેટે તેની તા. ૭-૧૦-૧૯૫૬ની સભામાં ઠરાવ્યું છે કે કેન્દ્રને પોતાની ફી વગેરેની આવકમાંથી નિયમ પ્રમાણેનો ખર્ચ કરતાં ખોટ આવે તો જ યુનિવર્સિટીએ નિયમ મુજબ સબ્સીડી આપવી. ઉપરનાં બિલો ખોટ આવેલી છે કે નહિ તેની ચકાસણી કર્યા સિવાય આવેલાં છે.)

આથી ઠરાવવામાં આવે છે કે અનુસ્નાતક શિક્ષણ માટે પહેલી ટર્મ માટે અપાયેલાં વ્યાખ્યાનો માટે દરેક અનુસ્નાતક કેન્દ્રને નીચેના ધોરણે સહાય આપવી:

૧. માન્ય શિક્ષકના વ્યાખ્યાનદીઠ રૂા. ૧૫-૦-૦

૨. મદદનીશ માન્ય શિક્ષકના વ્યાખ્યાનદીઠ રૂા. ૧૦-૦-૦

૬૯. બી. એમ. શાહ ઈન્ટરમિડિયેટ આર્ટ્સ કૉલેજ, ભાવનગરમાં ઇકોનોમિક્સ, સિવિક્સ અને સોશિયોલૉજીના વિષયો માટે શ્રી. પી. બી. ઝાલા, એમ.એ. સેકન્ડ ક્લાસ ગ્રુપ્સ "એ" ઍન્ડ "સી" ની નિમણૂક કરી છે તેમજ વર્લ્ડ હિસ્ટરી અને ઇન્ડિયન એડમિનિસ્ટ્રેશન માટે શ્રી. ડી. વી. ભટ્ટ, એમ.એ. સેકન્ડ ક્લાસ ગ્રુપ્સ "એ" ઍન્ડ "બી" ની નિમણૂક કરી છે. સદરહુ વિષય માટે લાયક વ્યક્તિ નહિ મળવાથી ઉપર મુજબની કામચલાઉ વ્યવસ્થા ચાલુ સત્ર માટે મંજૂર કરવા ડાયરેક્ટર ઑફ એજ્યુકેશન, પૂના તરફથી આવેલા પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ડાયરેક્ટર ઑફ એજ્યુકેશન, પૂનાની વિનંતી ખાસ કેસ તરીકે ફકત ચાલુ સત્ર પૂરતી જ માન્ય કરવી.

૭૦. સર કે. પી. કૉલેજ ઑફ કૉમર્સ, સૂરતને એમ.કૉમ. ના વિષયો માટે અનુસ્નાતક કેન્દ્ર આપેલું છે તેના સને ૧૯૫૬-૫૭ના રિવાઇઝ્ડ અંદાજપત્રકમાં જણાવેલી કેન્દ્રની બચતમાંથી કૉલેજના પુસ્તકાલયમાં અનુસ્નાતક શિક્ષણ અંગેના પુસ્તકો અને જર્નલો માટે રૂા. ૨,૦૦૦ ની રકમ ખર્ચવા અંગે મંજૂરી આપવા બાબતના મજકૂર કૉલેજના પ્રિન્સિપલ તરફથી આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ:- અનુસ્નાતક શિક્ષણ અંગેના પેમ્ફલેટ નં. ૧ ના પાના ૮ ઉપરના નિયમ ૧૭(૪) પ્રમાણે કેન્દ્રની વધારાની રકમ સિન્ડિકેટની મંજૂરીથી કેન્દ્ર ઉપયોગ કરી શકે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર કેન્દ્રને રૂા ૨,૦૦૦ સુધીનાં પુસ્તકો અને જર્નલો ખરીદવા મંજૂરી આપવી, તથા આ પુસ્તકોનો હિસાબ તથા યાદી જુદી રાખવા જણાવવું.

૭૧. એચ. એલ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદને અનુસ્નાતક કેન્દ્ર આપેલું છે તેના સને ૧૯૫૬-૫૭ ના અંદાજપત્રકમાંથી લગભગ રૂા. ૬,૦૦૦ ની બચતમાંથી

રૂા. ૨,૮૦૦ નો લાયબ્રેરીનાં પુસ્તકો અને ફરનિચર માટે કેપિટલ ખર્ચ કરવા અંગે મંજૂરી આપવા મજકૂર કૉલેજના પ્રિન્સિપલ તરફથી આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર કેન્દ્રને લાયબ્રેરીનાં પુસ્તકો તથા ફરનિચર માટે રૂા. ૨,૮૦૦ સુધી ખર્ચ કરવા મંજૂરી આપવી, તથા આ પુસ્તકો અને ફરનીચરનો હિસાબ તથા યાદી જુદી રાખવા જણાવવું.

૭૩. યુનિયન પબ્લિક સર્વિસ કમિશન તરફથી લેવાતી આઇ.એ.એસ. વગેરે પરીક્ષા માટે આ યુનિવર્સિટી તરફથી ચલાવાતા વર્ગોમાં પ્રથમ શ્રેણીના વિદ્યાર્થીઓને આકર્ષવા માટે આવતા જૂનથી દર મહિને રૂા. ૫૦ ની એક એવી ત્રણ શિષ્યવૃત્તિઓ કાઢવા માટે અને તે અંગેના વાર્ષિક રૂા. ૧,૮૦૦ ના ખર્ચની મંજૂરી આપવા શ્રી વાઇસ-ચાન્સેલર અને વર્ગના કન્વીનરોની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર બાબત ઍકેડેમિક કાઉન્સિલ તરફ વિચારણા માટે મોકલી આપવી.

૭૪. એલ. ડી. કૉલેજ ઑફ ઍન્જિનિયરીંગ, અમદાવાદમાં મિકેનીકલ ઍન્જિનિયરીંગમાં લેક્ચરીંગ સ્ટાફની અછતને લઇને એપ્રિલ ૧૯૫૪ માં લેવાયેલી આ યુનિવર્સિટીની બી.ઇ. મિકેનીકલ પરીક્ષામાં પ્રથમ વર્ગમાં પ્રથમ આવનાર શ્રી. પી કે. પટેલને મિકેનીકલ ઍન્જિનિયરીંગના લેક્ચરર તરીકે નીમી ખાસ કેસ તરીકે કામચલાઉ ડિગ્રી વર્ગના લેક્ચર્સ આપવા દેવા મંજૂરી આપવા બાબતનો મજકૂર કૉલેજના પ્રિન્સિપલનો પત્ર.

(નોંધ:- પ્રિન્સિપલ તેમના પત્રમાં જણાવે છે કે યોગ્ય લાયકાત ધરાવતા માણસોની અછતને લઇને તેમના કૉલેજ સ્ટાફ ઉપર ઘણી જ ખોટી જગ્યાઓ છે. છતાં પણ કૉલેજને ચાલુ રાખવા કંઇક કરવું પડે છે. જો ઉપર પ્રમાણેની વ્યવસ્થાને મંજૂર કરવામાં નહિ આવે તો વિદ્યાર્થીઓ લેક્ચર્સ વગરના રહી જવા સંભવ છે. શ્રી. પી. કે. પટેલને લગભગ એક વર્ષનો શૈક્ષણિક અનુભવ અને એક વર્ષનો પ્રેકટીકલ અનુભવ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે એલ. ડી. કૉલેજ ઑફ ઍન્જિનિયરીંગના પ્રિન્સિપલની વિનંતી માન્ય કરવી નહિ.

૭૫. અનુસ્નાતક યોજના અંગેના વર્ષારાના પેમ્ફલેટના નિયમ નં. ૭ અનુસાર અનુસ્નાતક કેન્દ્રોને સંશોધન માટે નોંધાયેલા વિદ્યાર્થીઓને સાધનો વગેરેના ઉપયોગ અંગે વિજ્ઞાનની જે મદદ સબ્સીડી આપવા ઠરેલું છે તે બાબત અગાઉથી મદદની રકમ આપવા અંગે ગુજરાત કૉલેજના પ્રિન્સિપલ તરફથી પત્ર આવેલ તે અંગે તેમનું ધ્યાન પ્રસ્તુત નિયમ પરત્વે એંચતાં સંશોધનને અંગેની ફી પણ કેન્દ્ર પાસે રહેવી જોઇએ, વગેરે સૂચનો દર્શાવતા મજકૂર પ્રિન્સિપલ તરફથી આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

(નોંધઃ- મદદ આપવા અંગેનો નિયમ ૭ નીચે મુજબ છેઃ

"Where a centre for a subject under the Science Faculty is instituted, the centre will be entitled to the financial assistance according to the following hoc basis in respect of the expenditure on Chemicals and other substances and services incurred by the centre:

Chemistry per student per year...	...	...	Rs. 300/-
For all other subjects under the Science Faculty except Chemistry and Mathematics		...	Rs. 150/-.

These rates will be applicable in case of students working for M.Sc. Degree by Papers or Research from this year.

This subsidy shall be paid at the end of the year by the University on receipt of a certified statement from the Professor-in-charge that the students concerned have worked satisfactorily during the year under payment.")

આથી ઠરાવવામાં આવે છે કે હાલના નિયમો પ્રમાણે પ્રિન્સિપલની વિનંતી માન્ય કરી શકાય એમ નથી એમ તેમને જણાવવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે આ બાબત પરત્વે નિયમમાં સુધારો કરવો કે નહિ તે વિચારણા માટે આ બાબત સિન્ડિકેટ સમક્ષ નવેસરથી રજૂ કરવી.

૭૬. લખધીરજી ઍન્જિનિયરીંગ કૉલેજ, મોરબીના એફ.ઈ. ના વર્ગમાં દાખલ થયેલા શ્રી એ. એસ. તિવારીને ઍલિજિબિલિટી સર્ટિફિકેટ કાઢી આપવા બાબત.

(નોંધઃ- મજકૂર વિદ્યાર્થીની અરજી તા. ૧૯-૬-૧૯૫૬ના રોજ આવેલી છે. ઍલિજિબિલિટી સર્ટિફિકેટ સિવાય કેમ દાખલ કર્યા તે અંગે પૂછાવતાં પ્રિન્સિપલ જણાવે છે કે તેઓને પ્રોવીઝનલી દાખલ કર્યા હતા. અરજી મોડી મોકલવાના કારણમાં વિદ્યાર્થી જણાવે છે કે કેટલાક આકસ્મિક સંજોગોને લીધે કૉલેજમાં મોડા દાખલ થયા અને માઇગ્રેશન અને બીજા સર્ટિફિકેટો માટે રાહ જોઇ. ઓછી હાજરીના કારણમાં પ્રિન્સિપલ જણાવે છે કે મજકૂર વિદ્યાર્થી અનિયમિત હતો.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. એ. એસ. તિવારીને ઍલિજિબિલિટી સર્ટિફીકેટ કાઢી આપવું તથા તેમની હાજરીનો પ્રશ્ન જ્યારે ઉભો થાય ત્યારે તેના ગુણદોષ પર વિચારણા કરીને નિર્ણય કરવો.

૭૭. ઇન્ડિયન સાયન્સ કૉન્ગ્રેસની કલકત્તા ખાતે જાન્યુઆરી તા. ૧૪ થી ૨૦ સુધી મળનાર આગામી બેઠકમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા બાબતના જનરલ સેક્રેટરી તરફથી આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે પ્રિન્સિપલ ડૉ. કે. જી. નાયકને આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે મોકલવા તથા તેમને મજકૂર કૉન્ગ્રેસના અધિવેશનની કાર્યવાહી પર હેવાલ રજૂ કરવા તથા તેમાં સક્રિય ભાગ લેવા જણાવવું.

૭૮. આન્ધ્ર યુનિવર્સિટીના આશ્રય હેઠળ મળનારી ઇન્ડિયન પૉલિટિકસ સાયન્સ એસોસિએશનની વોલ્ટેર ખાતે તા. ૩૦-૩૧ ડિસેમ્બર તથા ૧લી જાન્યુઆરીના રોજ મળનારી ઓગણીસમી વાર્ષિક સભામાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા બાબતના લોકલ સેક્રેટરી તરફથી આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આ બાબત પરત્વે અગાઉ નિર્ણય થઈ ગયો હોવાથી તે પરત્વે કશું કરવાપણું રહેતું નથી એમ શ્રી. રજિસ્ટ્રારે ખુલાસો કર્યો.

૭૯. આસિસ્ટન્ટ લાયબ્રેરિયનની જગા માટે આવેલી અરજીઓની સિનોપ્સિસ તથા આ અંગે ગુજરાત યુનિવર્સિટી એમ્પ્લોયીઝ યુનિયનના માનદ્ મંત્રી તરફથી આવેલા પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે શ્રી. એ. આર. દેસાઇને તેમની જગાએ ફરીથી લેવાની (reinstate કરવાની) યુનિયનની વિનંતિ માન્ય કરવી નહિ તથા શ્રી. એ. આર. દેસાઇને એસિસ્ટન્ટ લાયબ્રેરિયનની જગા માટે ઈન્ટરવ્યૂ માટે બોલાવવા નહિ.

૮૦. ગુજરાત યુનિવર્સિટી ટ્રસ્ટની મિલ્કતો બાબતના "ટ્રાન્સફર ડીડ" ના મુસદ્દા ઉપર વિચારણા કરવા બાબત તથા તે અંગે જરૂરી પગલાં લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે "ટ્રાન્સફર ડીડ" ના મુસદ્દો મંજૂર કરવો તથા ટ્રસ્ટની મિલ્કતો યુનિવર્સિટીને ટ્રાન્સફર કરવા સંબંધી ઘટતાં પગલાં લેવાં તથા યુનિવર્સિટી તરફથી દસ્તાવેજમાં સહી કરવા ઉપકુલપતિશ્રીને સત્તા આપવી.

("ટ્રાન્સફર ડીડ" ના મુસદ્દાની નકલ આ સાથે પરિશિષ્ટ "ચ" તરીકે સામેલ છે.)

૮૧. ગુજરાત લૉ સોસાયટી કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદને બી.કૉમ. માં ૧. એકાઉન્ટન્સી ઍન્ડ ઑડિટીંગ, ૨. બેન્કીંગ, ૩. ઇકોનોમિકસ ઑફ કોટન, ૪. ટ્રાન્સપોર્ટ અને ૫. કોઓપરેશનના અભ્યાસક્રમો માટે તા. ૨૦મી જૂન ૧૯૫૭ થી વધારાનું જોડાણ આપવા બાબતની ગુજરાત લૉ સોસાયટીના માનદ્ મંત્રી તરફથી આવેલી અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર બાબત માટે નીચે જણાવેલ સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નીમવી:

૧. પ્રિન્સિપલ ડી. આર. સામન્ત, કે. પી. કૉમર્સ કૉલેજ, સૂરત.

૨. પ્રિન્સિપલ ધોન્ડે, સિડનહામ કૉલેજ ઑફ કૉમર્સ, મુંબઈ

૩. પ્રિન્સિપલ બી. વાય. કોલ્હાટકર, વડોદરા.

૮૨. સેન્ટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદને ગુજરાતી વિષયમાં બી.એ. (સ્પેશિયલ) ના અભ્યાસક્રમો માટે તા. ૨૦મી જૂન ૧૯૫૭થી વધારાનું જોડાણ આપવા બાબતની મજકૂર કૉલેજના પ્રિન્સિપલ તરફથી આવેલી અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર બાબત માટે નીચે જણાવેલ સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નીમવીઃ

૧. પ્રોફેસર વી. આર. ત્રિવેદી

૨. પ્રોફેસર અનંતરામ એમ. રાવળ

૮૩. આર. આર. લાલન કૉલેજના હિન્દીના લેક્ચરર શ્રી. એસ. પી પટેલની નિમણૂક ખાસ કેસ તરીકે ચાલુ શૈક્ષણિક વર્ષના અંત સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવા અને કૉલેજનું જોડાણ કામચલાઉ ચાલુ રાખવા મુંબઇ સરકારના કેળવણી ખાતાના ડાયરેક્ટર તરફથી આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધઃ- મજકૂર કૉલેજના ઇન્ટર આર્ટ્સ, ઇન્ટર સાયન્સ અને અમુક વિષયોમાં બી.એ. (સ્પેશિયલ અને જનરલ) ના અભ્યાસક્રમોનું જોડાણ તા. ૨૦-૬-૧૯૫૬ થી ચાલુ રાખવા અંગે સેનેટે નક્કી કરેલી શરતોનું પાલન થાય નહિ ત્યાં સુધી ૧. સાયકૉલૉજીમાં બી.એ. (જનરલ) અને કેમિસ્ટ્રી (પ્રિન્સિપલ), ફિઝિકસ (સબ્સિડિયરી), બૉટાની (સબ્સિડિયરી), બી.એસસી. ના અભ્યાસક્રમો માટે તા. ૨૦-૬-૧૯૫૭ થી ચાલુ જોડાણ અને ૨. ટી.ડી ના અભ્યાસક્રમો માટે વધારાનું જોડાણ તા. ૨૦-૬-૧૯૫૭ થી આપવા બાબતની નવી આવેલી અરજીઓ અંગે સ્થાનિક તપાસસમિતિઓ નીમવી નહિ એમ સિન્ડિકેટની તા. ૪-૮-૧૯૫૬ ની સભામાં ઠરાવ્યું હતું. તે પછી સ્થાનિક તપાસસમિતિઓ નીમવા આ પ્રશ્ન ફરીથી સિન્ડિકેટની તા. ૨૦/૨૧-૧૧-૧૯૫૬ ની સભામાં મૂકવામાં આવ્યો હતો, પણ આગળ ઉપર જણાવ્યા પ્રમાણે તા. ૨૦-૬-૧૯૫૬ થી જોડાણ ચાલુ રાખવાની પહેલી અરજી બાબતમાં સેનેટે નક્કી કરેલી શરતોમાંથી હિન્દીના લેકચરર નીમવાની બાકી રહેલી ફક્ત એક જ શરત પૂરી થયેલી નહિ હોવાથી સિન્ડિકેટે નીચે પ્રમાણે ઠરાવ્યું હતું:

સિન્ડિકેટનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે હિન્દીના લેકચરર તાત્કાલિક નીમવા માટે કૉલેજ સત્તાવાળાઓને ખબર આપવી અને આ બાબતમાં સ્થાનિક તપાસસમિતિઓ નીમવા શ્રી. વાઇસ-ચાન્સેલરને સત્તા આપવી."

હિન્દીના લેકચરર નીમવા અંગે સિન્ડિકેટના ઠરાવ અનુસાર લખતાં ઉપર બાબતમાં જણાવ્યા પ્રમાણે વિનંતી ડાયરેકટર તરફથી આવેલ છે તો તે અંગે તેમ જ સ્થાનિક તપાસ-સમિતિઓ નીમવા અંગે હવે શું કરવું તે પ્રશ્ન છે.)

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર કૉલેજે માગેલા જોડાણ માટે સ્થાનિક તપાસ-સમિતિને તપાસ માટે મોકલવી.

(નોંધ:- આ તપાસસમિતિપર સભ્યો નીમવાની સત્તા અગાઉ ઉપકુલપતિશ્રીને સિન્ડિકેટે આપેલી છે.)

૮૪. ફ્રાયેનિયલ ઇન્સ્પેકશન અંગેની સ્ટેન્ડીંગ કમિટીની નોંધ તા. ૨૦/૨૧-૧૧-૧૯૫૬ની સિન્ડિકેટની સભામાં મંજૂર કરવામાં આવી છે તેમાં બાબત નં. ૫ માં સાર્વજનિક લૉ કૉલેજ, સૂરત અંગેની નીચેની ભલામણ અંગે વિચારણા કરવા બાબત.

"It appears that the present Principal is given the Professor's grade. **It is for the Syndicate to determine whether the present Prancipal's grade be revised.**"

(નોંધ:- હાલ મજકૂર કૉલેજના પ્રિન્સિપલના પગારનું ધોરણ રૂા. ૩૦૦-૧૫-૪૦૦ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર કૉલેજના પ્રિન્સિપલના પગાર ધોરણની બાબતમાં કશું થઇ શકે તેમ નથી.

૮૫. પોતાના સદ્‌ગત પુત્ર પૃથ્વીશના નામે "પૃથ્વીશ સુવર્ણચંદ્રક" એમ.બી., બી.એસ. ની માર્ચ-એપ્રિલમાં લેવાતી પરીક્ષામાં પ્રથમ નંબરે પાસ થનાર વિદ્યાર્થી / વિદ્યાર્થીનીને પત્રમાં લખેલી શરતો અનુસાર આપવા શ્રી. કૃષ્ણલાલ કૂલશંકર દેસાઇ તરફથી રૂા. ૫,૦૧૦ ની સખાવત આપવા અંગે આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ:- એપ્રિલ ૧૯૫૭માં સુવર્ણચંદ્રક આપવા અંગે દાતાએ રૂા. ૧૬૦ ની અલગ રકમ આપેલી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર સખાવતનો સાભાર સ્વીકાર કરવો તથા આ સુવર્ણચંદ્રક એપ્રિલ ૧૯૫૭ માં લેવાનારી એમ.બી.,બી.એસ. ની પરીક્ષામાં પ્રથમ આવનાર વિદ્યાર્થી/વિદ્યાર્થીનીને આપવા માટે દાતાએ આપેલી રૂા. ૧૬૦ ની જુદી રકમનો પણ સાભાર સ્વીકાર કરવો.

૮૬. ઇન્ટર આર્ટ્સ, ઇન્ટર સાયન્સ, ઇન્ટર કૉમર્સ, એફ.ઇ. અને એસ.ઇ. ની પરીક્ષાઓ માટે વલ્લભવિદ્યાનગરને કેન્દ્ર તરીકે ચાલુ રાખવું કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ:- ચાલુ વર્ષે વલ્લભવિદ્યાનગરમાં સરદાર વલ્લભભાઇ વિદ્યાપીઠ તરફથી પણ ઇન્ટર આર્ટ્સ, ઇન્ટર સાયન્સ, ઇન્ટર કૉમર્સ, તથા એફ.ઇ.,એસ.ઇ., ની પરીક્ષાઓ લેવાની હોવાથી

આપણી તે તે પરીક્ષાઓ માટે જો વિદ્યાર્થીઓ આવે તો તેમની પરીક્ષા લેવા માટે વલ્લભવિદ્યાનગર કેન્દ્ર રાખવું કે કેમ તે પ્રશ્ન વિચારવાનો છે.)

આથી ઠરાવવામાં આવે છે કે માર્ચ–એપ્રિલ ૧૯૫૭ ની પરીક્ષાઓ માટે વલ્લભવિદ્યાનગર–આણંદ કેન્દ્રને પૂર્વવત્ ચાલુ રાખવું.

૮૭. સરદાર વલ્લભભાઇ વિદ્યાપીઠ, વિદ્યાનગરના વિસ્તારમાં આવેલી કૉલેજોના વિદ્યાર્થીઓને ૧૯૫૭ ના વર્ષના પહેલા છ માસમાં લેવાનારી ગુજરાત યુનિવર્સિટીની પરીક્ષાઓમાં બેસવા માટે "ઓપ્શન" (option) આપ્યાના ઉપકુલપતિશ્રીના કાર્યને બહાલી આપવા બાબત.

(નોંધ:– માર્ચ–એપ્રિલ ૧૯૫૭ માં સરદાર વલ્લભભાઈ વિદ્યાપીઠ નીચેની પરીક્ષાઓ લેશે એમ ત્યાંના રજિસ્ટ્રાર જણાવે છે:

૧. ઇન્ટરમિડિયેટ આર્ટ્સ
૨. ઇન્ટરમિડિયેટ સાયન્સ
૩. ઇન્ટરમિડિયેટ કૉમર્સ
૪. ઇન્ટરમિડિયેટ એકઝામિનેશન્સ ઇન સાયન્સ (એગ્રિકલ્ચર) ફર્સ્ટ ઇયર અને સેકન્ડ ઇયર કોર્સની બંને પરીક્ષાઓ
૫. સેકન્ડ ઇયર ઇન સાયન્સ (એગ્રિકલ્ચર)
૬. ફર્સ્ટ ઍન્જિનિયરીંગ
૭. સેકન્ડ ઍન્જિનિયરીંગ
૮. બી.એસસી. સપ્લીડિયરી.)

આથી ઠરાવવામાં આવે છે ઉપકુલપતિશ્રીના કાર્યને બહાલી આપવી.

૮૮. એસ.એસ.સી. પરીક્ષા પસાર કર્યા પછી ગુજરાત યુનિવર્સિટી સાથે જોડાયેલી કૉલેજોમાં એફ.વાય. સાયન્સ, આર્ટ્સ અને કૉમર્સના વર્ગોમાં દાખલ થયેલ વિદ્યાર્થી / વિદ્યાર્થીનીઓને આપવામાં આવેલ પ્રોવિઝનલ એનરોલમેન્ટ સર્ટિફીકેટને ફાઇનલ એનરોલમેન્ટ સર્ટિફીકેટ તરીકે ગણી લેવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ ૧:– ઉપર જણાવેલા વર્ગોમાં દાખલ થનાર વિદ્યાર્થીઓને ચાલુ સાલે લગભગ ૮,૦૦૦ એનરોલમેન્ટ સર્ટિફીકેટ આપવામાં આવ્યાં છે. તેવી જ રીતે એકસ્ટર્નલ વિદ્યાર્થીઓને સુમારે ૨,૦૦૦ એનરોલમેન્ટ સર્ટિફીકેટ આપવામાં આવેલાં છે. ઉપરના પ્રોવિઝનલ એનરોલમેન્ટના ફાઇનલ એનરોલમેન્ટ લખવા માટે તમામ વિદ્યાર્થીઓ પાસેથી એસ.એસ.સી. પાસીંગ સર્ટિફીકેટ વગેરે મેળું કરવું પડે. તે શકય નહિ હોવાથી પ્રત્યેક સાલની માફક ઉપરનાં પ્રોવિઝનલ એનરોલમેન્ટ સર્ટિફીકેટને ફાઇનલ એનરોલમેન્ટ સર્ટિફીકેટ ગણી લેવા બાબત પ્રશ્ન છે.

નોંધ ૨:- શૈક્ષણિક વર્ષ ૫૧-૫૨, ૫૨-૫૩, ૫૩-૫૪, ૫૪-૫૫ ને ૫૫-૫૬ માં આપેલાં પ્રોવિઝનલ એનરોલમેન્ટને સિન્ડિકેટના ઠરાવ અનુસાર ફાઈનલ એનરોલમેન્ટ ગણી લેવામાં આવ્યાં હતાં.)

આથી ઠરાવવામાં આવે છે કે એસ.એસ.સી. પરીક્ષા પસાર કર્યા પછી આ યુનિવર્સિટી સાથે જોડાયેલી કૉલેજોમાં એફ.વાય. આર્ટ્સ, સાયન્સ અને કૉમર્સ, વગેરેમાં દાખલ થયેલા વિદ્યાર્થીઓને આપવામાં આવેલ પ્રોવિઝનલ એનરોલમેન્ટ સર્ટિફીકેટને ફાઈનલ એનરોલમેન્ટ સર્ટિફીકેટ ગણી લેવાં.

૮૯. એમ. એન. કૉલેજ, વીસનગરમાં જુનિયર એમ.એ. ના વર્ગમાં દાખલ થનાર શ્રી. એચ. ડી. દવેની પ્રોવિઝનલ એલિજિબિલિટી સર્ટિફીકેટ કાઢી આપવા અંગે મજકૂર કૉલેજના પ્રિન્સિપલ મારફતે આવેલી અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ:- શ્રી. દવેની અરજી પહેલું સત્ર પૂરૂં થાય તેના થોડાક દિવસ અગાઉ એટલે તા. ૬-૧૦-૧૯૫૬ ના રોજ આવેલી છે. પ્રિન્સિપલ તેમના પત્રમાં નીચે પ્રમાણે જણાવે છે:

"Shri H. D. Dave was admitted here with the understanding that he was advised by your office to apply for obtaining provisional eligibility certificate through the Principal of the College after being admitted."

ઉપર પ્રિન્સિપલના જણાવ્યા પ્રમાણે યુનિવર્સિટી ઑફિસે સલાહ આપી નથી અને તે મુજબ પ્રિન્સિપલને પત્ર લખ્યો છે.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. એચ. ડી. દવેને પ્રોવિઝનલ એલિજિબિલિટી સર્ટિફીકેટ કાઢી આપવું.

૯૦. લખતરીજી એન્જિનિયરીંગ કૉલેજ, મોરબીના એફ.ઇ. ના વર્ગમાં દાખલ થયેલા શ્રી. ઠાકુરદાસ સીડવાણીની એલિજિબિલિટી સર્ટિફીકેટ આપવા અંગેની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ:- શ્રી. સીડવાણીએ એલિજિબિલિટી સર્ટિફીકેટ માટે તા. ૨૭-૧૧-૧૯૫૬ ના રોજ એટલે છેક બીજા સત્રની શરૂઆતમાં અરજી કરેલી છે ઑર્ડિનન્સ ૭૦ પ્રમાણે પહેલા સત્રના અંત પહેલાં પ્રોવિઝનલ એલિજિબિલિટી સર્ટિફીકેટ કઢાવી લેવું જોઇએ. વિદ્યાર્થી તેની અરજીમાં જણાવે છે કે તેણે ૧૯૪૭ માં ભાગલા વખતે પશ્ચિમ પાકિસ્તાનમાં તેનાં માબાપ ગુમાવ્યાં છે અને મધ્યસ્થ સરકાર તેને અનાથ તરીકે રજિસ્ટર કરી તેને ખર્ચે ત્યાં અભ્યાસ કરવા મોકલ્યો હોવાથી તેને મધ્યસ્થ સરકાર મારફતે એલિજિબિલિટી સર્ટિફીકેટ માટે અરજી કરેલી કારણ કે તે માટેની જરૂરી ફી ભરી શકે તેમ ન હતો. ત્યાંથી કાંઈ જવાબ ન આવવાથી તેણે હવે અહીં અરજી કરી છે. પ્રિન્સિપલ તેમના આ અંગે આવેલા પત્રમાં નીચે પ્રમાણે જણાવે છે:

I have to inform you that he was admitted on 16-6-56 He was admitted subject to his producing the Eli. Certi. of the Gujarat University. It is regretted that the provisional eligibility certificate was not insisted upon, through oversight, from him prior to accepting his fees.')

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. ઠાકુરદાસ સીડવાણીને પ્રોવિઝનલ એલિજિબિલિટી સર્ટિફીકેટ કાઢી આપવું.

૯૧. ઇન્ટરમિડિયેટ આર્ટ્સની ઑક્ટોબર ૧૯૫૬ માં લેવાયેલી પરીક્ષામાં એક્સ્ટર્નલ વિદ્યાર્થી તરીકે બેસી નાપાસ જાહેર થયેલા શ્રી. બી. વી. દવેની પોતાને પાસ જાહેર કરવા અંગે સહાનુભૂતિપૂર્વક વિચારણા કરવા અંગે આવેલી અરજી.

(નોંધ:- શ્રી. દવે "વર્લ્ડ હિસ્ટરી" ના વિષયના પેપરમાં ગેરહાજર રહેલા છે, તે સિવાય બીજા વિષયોમાં પરીક્ષામાં બેઠેલા છે અને તેમાં દરેકમાં પાસ થાય છે. શ્રી. દવેનું કહેવું એમ છે કે તેઓ અગાઉ ઇન્ટર આર્ટ્સની પરીક્ષામાં બેઠેલા અને "વર્લ્ડ હિસ્ટરી" ના પેપરમાં એક્ઝમ્પશન મેળવેલું એટલે તેઓ એ વિષયની પરીક્ષામાં બેઠેલા નથી. તેઓના પરીક્ષા-ફોર્મમાં તેમણે આ વિષયમાં એક્ઝમ્પશન ક્લેઇમ કરેલું નથી. આના કારણમાં તેઓ જણાવે છે કે અમદાવાદમાંની તે વખતની (ફોર્મ ભરવા વખતની) પરિસ્થિતિ બહુ જ અશાંત હોવાથી ઉતાવળમાં ફોર્મમાં એક્ઝમ્પશન ભરવાનું કદાચ રહી ગયું હશે. બાકી તેમને એક્ઝમ્પશન મળેલું છે અને તેઓ તે રાખવા માગી ઇન્ટર આર્ટ્સની પરીક્ષામાં પાસ થયેલા જાહેર કરવા વિનંતી કરે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. બી. વી. દવેને ઇન્ટર આર્ટ્સની ઑક્ટોબર ૧૯૫૬ માં લેવાયેલ પરીક્ષામાં પસાર થયેલા જાહેર કરવા.

